श्री

આનંદઘન પદ્ય રત્નાવળી

(પ્રથમ વિભાગ)

પચાસ પદનો શબ્દાર્થ, ભાવાર્થ અને તેપર વિસ્તારથી વિવેચન

તૈયાર કરનાર

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ,

બી. એ; એલ્ એલ્. બી. સોલીસિટર.

હાઈકોર્ટ એસ્પ્લેનેડ રોડ-કોટ મુંબઈ.

'અધ્યાત્મ કલ્પદ્રુમ'ના વિવેચન કર્તા

योगः सर्वविपद्वल्ली, विताने परशुः शितः;
अमूलमंत्रतंत्रं च, कार्मणं निर्वृतिश्रियः

श्री हेमचंद्राचार्य

પ્રસિદ્ધ કર્તા

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર.

સંવત ૧૯૭૪ સને ૧૯૧૮

કિંમત ત્રણ રૂપીઆ

"ગુજરાતી" પ્રિંટિંગ પ્રેસમાં મણિલાલ ઈચ્છારામ દેસાઈએ
છાપી. કોટ, સર્કલ, સાસુન બિલ્ડીંગ-મુંબઈ.

શ્રી જૈ. ધ. પ્ર. સભાએ ભાવનગરમાં બહાર પાડી.





વંછે મોક્ષ કરે નહિ કરની, ડોલત મમતા વાઉમેં;
ચહે અંધ જ્યું જલનિધિ તરવો, બેઠો કાણી નાઉમેં.
જઉ લાગ રહ્યો પરભાવમેં.

ગ્રંથાર્પણ.

અનેક ગુણગણાલંકૃત શ્રીમન્મુનિરાજ પંન્યાસ ગંભીરવિજય-
ગણિ—જેઓએ વિશિષ્ટ ચારિત્ર પાળી અનેક પ્રાણીને બોધ આપી
જૈન પ્રજાપર ખાસ ઉપકાર કર્યો, જેઓએ આ પદોનો યથાર્થ
ભાવ સમજાવી આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનું ખાસ સાધન
યોજી આપ્યું અને જેઓનો આગમબોધ અતિ વિશિષ્ટ
હોઈ ભવ્ય પ્રાણીવર્ગને આનંદજનક અને બોધક
હતો તે મહાપુરૂષના નામ સાથે આ ગ્રંથ
જોડી મા. આત્માને કેટલેક અંશે
પવિત્ર કરાવે અને અનાણ્
વંદે મનુ ક

મૌક્તિક.



સારંગ.

કત બીનુ કહો કૌન ગતિ નારી


સુમતી સખી જબ વેગી મનાવો, કહે ચેતન સુન પ્યારી. કંત૦ ૧
ધન કન કંચન મહેલ માળીએ, પિયુ બિન સબહી ઉજારી;
નિદ્રા એમ ભઈ સુખ નાહી, પિયુ વિયોગ તનુ જારી. કંત૦ ૨
તોરે પીત પરાઈ દુરિજન, અછત દોષ પુકારી;
ઘરભંજન કે કહન ન કીજે, કીજે કાજ વિચારી. કંત૦ ૩
વિભ્રમ મોહ મહા મદ બિજુરી, માયા રૈન અંધારી;
ગર્જિત અરતિ લવે રતિ દાદુર, કામકી ભઈ અસવારી. કંત૦ ૪
પિઉ મિલવેકું મુજ મન તલફે, મેં પિઉ ખિજમતગારી;
ભુરકી દેઈ ગયે પિઉ મુજકું, ન લહે પીર પીયારી. કંત૦ ૫
સંદેશ સુની આયે પિઉ ઉત્તમ, ભઈ બહુત મનુહારી;
ચિદાનંદઘન સુજસ વિનોદે, રમે રંગ અનુસારી. કંત૦ ૬

યશોવિજય.

પદ અનુક્રમણિકા.



પ્રસ્તાવના.



આનંદઘનજી મહારાજનાં પદો તરફ બહુ જ માનની લાગણીથી જોવામાં આવે છે. જૈન અને જૈનેતરો તેને બહુ આનંદથી ગાય છે અને તે પદો ગાતી વખત અપૂર્વ માનસિક સુખ અનુભવે છે તે અનેક પ્રસંગે જોવામાં આવ્યું હતું. આ પદો જિનમંદિરમાં તથા અન્ય ધાર્મિક પ્રસંગે ગવાતાં સાંભળ્યાં હતાં, પરંતુ એક પ્રસંગે તે વાંચવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં જણાયું કે તે પદો સામાન્ય રીતે સમજી શકાય તેવાં નથી. તે સમજવા માટે શાસ્ત્રશૈલીનું ઘણું સ્પષ્ટ જ્ઞાન હોય અને શ્રી આનંદઘનજીની ભાષા સમજતા હોય તેવા સાક્ષરની મદદની ખાસ આવશ્યકતા છે એમ સમજાયું. અધ્યાત્મ કલ્પદ્રુમનું મૂળ સંસ્કૃતમાં છે તેનો લાભ લેનારા કરતાં પણ આવાં પદોનો શ્રવણ મનન દ્વારા લાભ લેનારા વિશેષ મળવા સંભવિત ધારી તેની અર્થ-ગવેષણા કરવા માંડી. દરમ્યાન સંવત્ ૧૯૬૭ ના ચૈત્ર-વૈશાખની ઉનાળાની રજાના વખતમાં શ્રી ભાવનગર જવાનું થતાં ત્યાં શાંતમૂર્ત્તિ શ્રીમદ્ વૃદ્ધિચંદજી મહારાજના શિષ્ય પંન્યાસજી શ્રી ગંભીરવિજય-ગણિ જેઓનું આગમનું જ્ઞાન અનુભવસિદ્ધ અનેક પ્રસંગે થયું હતું તેઓને આ પદના અર્થો સંભળાવવાની વિજ્ઞપ્તિ કરી, તેઓએ જરા ઇચ્છા બતાવી તેથી બીજે દિવસે છાપેલ પુસ્તકની બે કોપી લઈ તેઓ પાસે ગયો. તેઓએ પ્રથમ ત્રણ પદ સમજાવ્યાં તેમાં બહુ જ આનંદ થયો. શાસ્ત્રશૈલીના જ્ઞાન સાથે વાત ઉપરથી જણાયું કે આનંદઘનજી મહારાજે જે દેશમાં બોલાતી ભાષા વાપરી છે તે દેશના પોતે પણ સંસારીપણામાં વતની હતા; એ હકીકતથી અને ખુલાસા સંતોષકારક થતા હોવાથી બીજા દિવસે સવારનો ટાઇમ મુકરર કરી પદપરનું વિવેચન આગળ ચલાવવા વિજ્ઞપ્તિ કરી જે તેઓએ બહુ કૃપા કરી સ્વીકારી. તેનો લાભ લેવામાં મારી સાથે મારા મિત્રો અને સ્નેહીઓ જોડાયા અને લગભગ પંદર જિજ્ઞાસુઓનો નિયમિત વર્ગ ત્રીજા દિવસથી શરૂ થઈ ગયો. મહારાજશ્રી જેટલું બોલતા હતા તે સર્વ ત્યાં જ લખી લેવાનો મેં નિયમ રાખ્યો હતો અને ઘરે જઈ

ગાળ્યું હતું, જેમનો શાસ્ત્રબોધ આ કાળમાં એકમતે અતિ ઉચ્ચ મનાતો હતો અને જેઓનું ચારિત્ર વિશુદ્ધ અને ક્રિયાજ્ઞાનયુક્ત મનાતું હતું તેઓના એક એક શબ્દ મહા અર્થઘટના યુક્ત નીકળે એ સહજ સમજી શકાય તેવી હકીકત છે.

સંવત્ ૧૯૬૭ ના ગરમીના સમય પછી મુંબઈ આવી પદના અર્થ વિવેચનપર વધારે વિસ્તારથી વિવેચન લખી રાખવા ઇચ્છા થઈ. આવા મહાન્ અર્થગૌરવવાળાં પદો ઉપર વિવેચન કરવા માટે યોગ અને અધ્યાત્મ સંબંધી બહુ વિશાળ અભ્યાસ કરવાની આવશ્યકતા લાગી તેથી એક બાજુએ વાંચન અને બીજી બાજુએ મનન કરવાનું શરૂ કર્યું. અર્થવિચારણા કરવા સાથે શ્રી હેમચંદ્રાચાર્યનું યોગશાસ્ત્ર, શુભચંદ્રાચાર્યનો જ્ઞાનાર્ણવ, પાતંજલનું યોગદર્શન, વિવેકાનંદનો રાજયોગ, ઉપાધ્યાયજીની દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા, હરિભદ્રસૂરિનાં યોગદૃષ્ટિસમુચ્ચય અને યોગબિન્દુ વિગેરે યોગ અધ્યાત્મનાં પુસ્તકો જે પૂર્વે સામાન્ય રીતે જોયાં હતાં તેનું સવિશેષ અવલોકન કર્યું, તેપર વિચાર કર્યો, જૈનયોગ અને અન્ય યોગની તુલના કરી, ઉપરોક્ત યોગદૃષ્ટિસમુચ્ચયાદિ ગ્રન્થ તથા તેને અનુસારે લખાયલી યોગદૃષ્ટિની સઝાય વિગેરે જોયાં અને વચ્ચે વચ્ચે પદોનું અર્થચિંતવન કરી કાંઇક લેખનની પ્રવૃત્તિ ચાલુ રાખી. અકેક પદપર બની શકતો વિચાર કરી તેને માટે ગ્રન્થો વાંચવાયોગ્ય લાગે તે વાંચી જ્યારે મનમા સંતોષ થાય ત્યારે જ વિવેચન લખવાનું કાર્ય કરવાની ધારણાને બનતે અંશે આખા પુસ્તકલેખન દરમ્યાન સ્વીકારી છે અને તેમાં અસવ્યસ્ત વિચારોને બનતા સુધી આ પુસ્તકવિવેચનમાં સ્થાન આપ્યું નથી.

આવી રીતે જેટલું બની શકે તેટલું ઉપયોગી વિવેચન કરવાની ઇચ્છા રાખી હતી, જેને પાર પાડવા બનતી કોશીશ કરવામાં આવી છે. તૈયાર કરેલ છેવટનું વિવેચન તપાસી જોવા માટે મારા કાકા શ્રીયુત કુંવરજી આણંદજીને સોંપવામા આવતું હતું. તેઓ શાસ્ત્રશૈલી તથા ભાષાના જાણકાર હોવાથી વિવેચનવિભાગમાં મોટો ફેરફાર સૂચવતા હતા. તેવી રીતે તૈયાર થયેલ કોપી પન્યાસજી શ્રીમદ્ આનંદસાગરજીને તેઓ જ્યાં સ્થિત હોય ત્યા પોસ્ટદ્વારા મોકલવામા

ખુદ આનંદઘનજીની કૃતિ, ગાન, પદનો ઉચ્ચ આશય વિગેરે મૂળ પુસ્તકને અંગે પ્રાપ્ત થતી હકીકતપર ઉપોદ્ઘાતમાં વિવેચન કરવામાં આવ્યું છે તેથી અત્ર તેપર ઉલ્લેખ કરવાની જરૂર રહેતી નથી. વિવેચનને અંગે મને જે મદદ મળી છે તેમાં બે ટબાવાળી પ્રતો છે. એક પ્રતમાં પચીશ પદનો ટબો લખેલો છે જેમાંનાં આ પચાસ પદમાંથી *સત્તર પદ આવેલાં છે. આ પ્રત બહુ શુદ્ધ છે. જો કે તેની ભાષા મારવાડીને મળતી છે પણ પ્રયાસ કરવાથી સમજી શકાય તેવી છે. ટબો લખનાર કોણ છે તે સમજાતું નથી, કારણ કે ટબાકારનું નામ પ્રાપ્ત થતું નથી અને મારી પાસે જે પ્રત આવી તેમાં માત્ર ૧૭ પાનાં હતાં અને પ્રત અપૂર્ણ હતી. કદાચ પ્રતના છેવટના ભાગમાં ટબો કરનારનું નામ આપવામાં આવ્યું હોય તો મને માલૂમ નથી. જે જે પદોપર ટબો આપવામાં આવ્યો છે ત્યાં તેની મદદ સંપૂર્ણ રીતે લીધી છે અને ટબાકારનો આશય વિવેચનમાં સર્વ જગોપર બનતી રીતે બતાવવામાં આવ્યો છે. બાકીનાં પદોપરના ટબાની કોપી પણ કરાવી રાખી છે જે હવે પછી આ પુસ્તકના દ્વિતીય વિભાગમાં ઉપયોગમાં લેવામાં આવશે. બીજી ટબાવાળી પ્રત સંપૂર્ણ છે. એમાં આ પચાસ પદોમાંથી માત્ર ૯, ૧૭, ૩૨ અને ૫૦ મા પદપરજ ટબો છે. એ પ્રતનો ટબો લખનાર અને પ્રથમ જણાવેલી પ્રતનો ટબો લખનાર એકજ પુરૂષ જણાય છે, કારણ કે અર્થવિવરણમાં જે જે શબ્દો વપરાયા છે તે લગભગ સરખા છે, છતાં આ પ્રત વિશેષ શુદ્ધ અને કાંઇક વધારે વિસ્તારવાળી છે. આ પ્રતની પણ કોપી કરાવી રાખી છે. પ્રથમ પ્રતમાંહેના બાકીનાં આઠ પદોનો ઉપયોગ પુસ્તકના દ્વિતીય વિભાગમાં થશે. ભાવના અને શૈલીના જાણનાર કોઈ મહાત્માએ આ ટબો લખેલો છે તેથી તે બહુ ઉપયોગી છે. ટબાકારને પણ કોઈ કોઈ જગ્યાએ લખવું પડ્યું છે કે 'આનંદઘન મહારાજનો આશય [illegible] સમજી શક્યા નથી.'

વિવેચનને અંગે આ ઉપરાંત સદરહુ ટબા અનુસારે લગભગ [illegible] પદોનું વિવેચન લખેલું [illegible] આવ્યું હતું

* [illegible] ૧૭, [illegible], ૨૭, [illegible], ૪૧, ૪૬, [illegible]
[illegible] પદપર ટબા [illegible]

નથી; છતાં ગુરૂમહારાજે કૃપા કરી જે અર્થવિચારણા બતાવી છે તે અતિ ઉપયોગી જણાયાથી અને જાહેર પ્રજાને તેનો લાભ મળે તો પ્રયાસનું એક રીતે પણ સાર્થક્ય છે એમ ધારી આ પદ-પર વિવેચન ગુરૂદર્શિત માર્ગપર કરવા પ્રયત્ન કર્યો છે અને તેને જાહેરમાં મૂકવાની લાલચ સ્વ પર લાભના હેતુએ કરી છે. એમાં જે જે સ્ખલનાઓ થઈ હોય તેને માટે જવાબદારી મારી પોતાની છે, કારણ કે નયગર્ભિત વચનને એકાંતમાં ખેંચી જવાના પ્રસંગો બહુ આવે છે. સામાન્ય રીતે આ પદોમાંનું કોઈ પણ વચન લેતાં તે વાત જણાઈ આવે તેમ છે. વળી એવી સ્ખલનાઓ થવી પણ સંભવિત છે. કોઈ વખત આનંદઘનજી મહારાજના આશયને બતાવવાનો પ્રયત્ન કરવા જતાં તેમના અંગિત વિચારોથી તદ્દન ઉલટી બાજુએ પણ ચાલ્યા જવાનું બને; પરંતુ એમ ન બને તેટલા માટે ઉપરોક્ત સ્વીકારાયલા વિદ્વાનોને આ વિવેચન બતાવી બનતી સ્ખલનાઓ દૂર કરવા તત્પરતા રાખી છે, છતાં આશય સમજવાની અસમર્થતાને લીધે અને વિષય ગળકાવવાની અશક્તિને લીધે પ્રમાદ થયો હોય તો તે ક્ષન્તવ્ય ગણવા અત્ર વિજ્ઞપ્તિ છે.

વિવેચન સંપૂર્ણ હોવાનો દાવો તો કોઈ રીતે થઈ શકે તેમ છે જ નહિ, કારણ કે આવા મહાન્ પુરૂષોના એકેક વાક્યના ગર્ભમાં બહુ હકીકત સમાયલી હોય છે. સામાન્ય અને વિશિષ્ટ લેખકો વચ્ચે તફાવત મુખ્યત્વે કરીને એ જ હોય છે કે જ્યારે સામાન્ય લેખકો એકને એક વાતનું પીંજણ નકામું કર્યા કરે છે અને ત્યારે તેના [illegible] પચીશ પાનાં લખીને કે બે કલાકના ભાષણનો [illegible] કરે ત્યારે તે માત્ર એક કે બે પંક્તિમાં સમર્થ [illegible] એક કે બે [illegible] વધારે વખત [illegible] હોવા [illegible] વિશિષ્ટ લેખક [illegible] એક વાક્યમાં એટલું બધું [illegible] અને [illegible] કે તે સામાન્ય દ્રષ્ટિએ [illegible] વાક્ય જેવું [illegible] જેમ જેમ વધારે [illegible] તેમ તેમ અનેક નવીન [illegible] અને તે [illegible] વખતને [illegible] પડે [illegible] પદોની વિચારણા [illegible] વાક્યોને [illegible] છે તેથી તેવી કોઈ નહી

સ્ફુરણા થાય તો તે મને જણાવવા કૃપા કરવી. આયંદે તેનો ઉપયોગ કરવાની સાવધાનતા રાખવામાં આવશે.

દરરોજ સવારના સામાયિક કરવાના નિયમનું આ પરિણામ છે, મારા અતિ વ્યવસાયી ધંધામાં મને તે ઉપરાંત પદપર વિવેચન લખવાનો કે તેપર વિચાર કરવાનો અવકાશ બહુધા મળ્યો નથી. તે ઉપરાંત પદને અંગે મારે ઘણાં પુસ્તકોનો નિયમસર અભ્યાસ કરવાની જરૂર પડી છે અને તેથી મને લાભ ઘણો થયો છે, પણ પદને બહાર પાડવાનું જાહેર કર્યા પછી વખત તે જ કારણથી વિશેષ થયો છે.

યોગના વિષયનો હું અધિકારી નથી, અભ્યાસી પણ નથી, યોગપ્રક્રિયા કરી જાણતો પણ નથી અને યોગને અંગે પુરાણાં પુસ્તકોમાંથી હકીકત મેળવવા ઉપરાંત સીધી રીતે હું કાંઈ પણ પ્રકાશ પાડી શકું એવો મારો દાવો પણ નથી. આ પદો બહુધા યોગનાંજ છે અને તેથી મહાત્મા પુરૂષોએ બનાવેલ યોગના વિષયપર અભ્યાસ કરી પ્રકાશ પાડવા યત્ન કર્યો છે. તેના અભ્યાસી મને વિશેષ માલૂમ ન પડવાથી બહુ સંતોષકારક રીતે લેખ લખી શકાણો નથી. છતાં જે કાંઈ પ્રયત્ન થયો છે તે જાહેર પ્રજા સન્મુખ રજુ કરવા ધૃષ્ટતા કરૂં છું એમ જ્ઞાનસારજીના સહરહુ શબ્દોમાં કહી શકાય તેમ છે.

આ પદો સંગીતના શોખીનને અતિ ઉપયોગી છે. પ્રભાત કે રાત્રીનો શાંત સમય હોય તે વખતે આ પદોને મનનપૂર્વક ગાવાથી બહુ આનંદ થાય તેમ છે. એ પદના અર્થગૌરવ અને પદલાલિત્યપર જેમ જેમ વિચારણા કરવામાં આવશે તેમ તેમ પદની અંદર રહેલ આત્માનુભવ પ્રકટ થશે. એને વારંવાર પુનરાવર્તન કરી વાંચવાની, મનન કરવાની જરૂર છે. વાર્તાના પુસ્તક અથવા વર્તમાન સમાચારના લેખો પેઠે ઉપર ઉપરથી વાંચી જવાથી કાંઈ લાભ પ્રાપ્ત થયો નલ-વિત નથી એમ તો કહી શકાય નહિ પણ જે મહાન્ લાભ તેના ગર્ભમાં રહ્યો છે તેનો અંશ પણ મળશે નહિ એમ કહેવું યથાર્થ છે. ગાન ગાતી વખતે પણ તેની યોગ્ય સામગ્રી સાથે હોય તો બહુ આનંદ થાય તેમ છે. શાસ્ત્રકાર દ્રવ્યપૂજાના અધિકારીને ગીત વાજિંત્રમાં અનંતગણું પુણ્ય કહે છે તેનું કારણ એમ જણાય છે કે તે વખતે આત્મધ્યાનમાં એકતા અને આગળ વધતાં લય થવા સંભવ

છે. આવા હેતુથી આ પદના દરેક લયનાં નોટેશન સાથે આપવા ઇચ્છા હતી અને તે માટે કુશળ ગાયકો સાથે ગોઠવણ કરી હતી, પરંતુ કેટલાક સંયોગોને લઇને એ ઇચ્છા પાર પડી નથી. લગભગ મોટા ભાગનાં પદો અસલ રાગ અને રાગિણીમાં હોવાથી સંગીત-શાસ્ત્રના અભ્યાસીને તેમાં બહુ આનંદ આવે તેમ છે. એની સાથે જ્યારે અર્થવિચારણા કરવાનું સાધન પ્રાપ્ત થયું હોય ત્યારે ગાન વખતે અપૂર્વ લય થવા સંભવ છે. ગાન ગાતી વખત તો અર્થ વાંચવાનું બને નહિ પણ એક વાર અર્થવિચારણા કરી ગાન સંગીતના સાજ સાથે ગાવાનો પ્રબંધ કરવામાં આવશે તો આનંદઘનજીનાં પદોમાં એવું શ્રુતિપટુત્વ છે કે તે શબ્દોનો ધ્વનિ કર્ણમાં નિરંતર થયા કરશે. આ ક્રમ પ્રમાણે અર્થવિચારણા અને સંગીતનો ઉપયોગ કરી એક વખત પદપર અવગાહના કરી જવા ખાસ વિજ્ઞપ્તિ છે. આ પદોમાં એવો ચમત્કાર છે કે એપર વિચાર કરવામાં આવશે તો આત્માનુભવથી જ એની મહત્તા સમજાઈ જશે. આ વિષયપર વિશેષ વિવેચના ઉપોદ્ઘાતમાં કરવામાં આવી છે અને પદોમાં પણ વિવેચનપ્રસંગે અવારનવાર એના ચમત્કારનું દર્શન કરાવવામાં આવ્યું છે. વળી પદને મથાળે બતાવેલા રાગ ઉપરાંત ઉસ્તાદ ગાયનકુશળ મનુષ્યો તેને બીજા અનેક લયોમાં ગાય શકે છે તેથી નોટેશન બહુ ઉપયોગી થઈ શકશે નહિ એમ સૂચના થવાથી તેપર વિશેષ લક્ષ અપાયું નથી.

આ પદના ગૌરવને સમજાવવા માટે પંન્યાસજી શ્રીમદ્ ગંભીરવિજયજી મહારાજે જો પ્રયાસ લીધો ન હોત તો આ પદો સમજી શકાય તેવી સ્થિતિ નહોતી, કારણ કે આનંદઘનજી મહારાજની ભાષાના જાણનાર મને હજુ સુધી કોઈ મળી શક્યા નથી. આવા ઉપકારી મહાત્માનો ફોટોગ્રાફ આ પુસ્તકની શરૂઆતમાં આપ્યો છે. તેઓશ્રીની હયાતીમાં આ પુસ્તક બહાર પાડી શકાયું નહિ એટલો ખેદ થાય છે. આનંદઘનજી મહારાજનો ફોટોગ્રાફ લભ્ય થઈ શક્યો હોત તો તે પ્રથમ દાખલ કરવો યોગ્ય હતો, પરંતુ જે દશામાં તેઓએ જીવન ગાળ્યું છે અને જેપર હવે પછી વિવેચન કરવાનું છે તે દશામાં તેમ જ ફોટોગ્રાફની પ્રસિદ્ધિના કાળમાં તેઓશ્રીનું જીવન ન હોવાથી તેઓનો ફોટો લભ્ય થઈ શકે એ અસંભવિત છે તેથી તેને માટે ખેદ બતાવી

રાગ-લયાનુસાર પદની અનુક્રમણિકા.

શ્રીમદ્ આનંદઘનજી અને તેનો સમય.

અતિહાસિક વિષયમાં આપણી સ્થિતિ.

ઐતિહાસિક વિષયમાં સમસ્ત ભારતવર્ષની સ્થિતિ અનેક કારણોને લઇને બહુ વિચારણીય છે એમ અનેક પ્રસંગે જણાવવામાં આવ્યું છે. મહાન્ આચાર્યો, ગ્રંથકર્ત્તાઓ અને બીજા સ્મરણીય પુરૂષો નામકીર્તનની અપેક્ષા કરતાં આત્મોન્નતિ તરફ વિશેષ લક્ષ આપતા હોવાથી, નામની ચિરસ્મરણીયતા રહેવી અશક્ય છે એ રહસ્ય તેઓને સમજાઈ ગયેલ હોવાથી, તેમ જ ધર્મ કે દેશના સમષ્ટિ ઉદ્ભવ ઉપર તેમનું વિશેષ લક્ષ્ય હોવાથી અને તેમાં વ્યક્તિનિમજ્જન થઈ જવાનો આશય હોવાથી અથવા એવાં એવાં એક કે અનેક કારણોને લઇને આર્યાવર્તમાં મહાત્મા પુરૂષોના ઇતિહાસનો લગભગ અભાવ છે એમ કહેવામાં આવે તો તે બહુધા ખોટું નથી. અન્ય પ્રસંગે કહેવામાં આવ્યું છે તેમ આર્યાવર્તને માટે આ હકીકત સત્ય છે પરંતુ જૈન કોમના ઇતિહાસને માટે સ્થિતિ સરખામણીમાં કાંઇક સંતોષકારક છે. આ પ્રમાણે હકીકત છે છતાં તેમાં પણ આ વિષયમાં જૈન ગ્રંથોમાંથી જે હકીકત મળી આવે છે તે વસ્તુતઃ ઘણી અપૂર્ણ હોય છે અને ખાસ કરીને જેને વિજ્ઞાનની દૃષ્ટિથી ઇતિહાસ તપાસવો હોય અને માત્ર શાસ્ત્રવારી લખી જવાનો અથવા બનાવોના નામનિર્દેશ કરી જવાનો જ આશય ન હોય તેમને નિર્ણય કરવા માટે જોઇએ તેવા સાધનો પૂરતાં તેવી હોતી નથી. અત્યાર સુધી કેટલાક રચનાઓની તથા મુખ્ય પાટે થયેલ આચાર્યો સંબંધી કેટલીએક માહિતી આપનારી ઐતિહાસિક હકીકત મળી આવે છે અને આ સ્થિતિ પણ સ્તવત્ એક હજાર પછીની માટે છે એમ કહીએ તો ચાલી શકે તે પહેલાનો ઇતિહાસ વિશેષ અંધકારમાં છે. ઐતિહાસિક વિષયપર પ્રકાશ નાખે તેવી દૃષ્ટિથી હસ્ત વાચન કરનાર અને શોધખોળ કરનાર ખાતેના જૈનો એ છે કે પુસ્તકોના નગણ.ચરણ તથા અંતિમ પ્રશસ્તિ ઉપરથી, તામ્રપત્ર ઉપરથી, સિક્કાઓ ઉપરથી, પુરાણા લેખો ઉપરથી તેમજ તત્સમયન બીજા લેખો ઉપરથી ઐતિહાસિક બાબતમાં શોધખોળ કરવા માટે

સારી રીતે કામ કરનારની હજુ ઘણીજ આવશ્યકતા છે અને એવી રીતે જો કાર્ય કરવામાં આવે તો ઐતિહાસિક દૃષ્ટિએ ઉપયોગી થઇ શકે એવાં અનેક સાધનો લભ્ય છે. મારવાડ-મેવાડનાં પ્રાચીન તીર્થોમાં અનેક લેખો છે, તાડપત્રની અનેક પ્રતો હજુ મોજુદ છે અને સાંપ્રદાયિક જ્ઞાનવાળા વિદ્વાનો પાસે અનેક દંતકથાઓ છે-તે સર્વનો સારી રીતે અભ્યાસ કરી ઉપયોગ કરવામાં આવે તો વિક્રમ સંવત્ હજાર પછી લગભગ નિયમસર ઇતિહાસ મળી શકે તેમ છે એમ કહેવાય છે અને તત્પૂર્વના ઇતિહાસપર પણ ઘણો પ્રકાશ નાખી શકાય તેમ પણ સૂચનાય છે. અર્થ અને પરિણામ વગરના ઝઘડાઓમાં જીવનશક્તિ અને ધનનો મોટો વ્યય કરવા કરતાં આવી દિશાઓમાં શક્તિને વખતસર દોરવવાથી બહુ લાભ થાય તેમ છે અને ખાસ કરીને અનેક પ્રાપ્ય સાધનોનો નાશ થાય તે પહેલાં તેનો ઉપયોગ કરી લેવાની ખાસ જરૂર છે.



ઇતિહાસની આવશ્યકતા.

વિજ્ઞાનની દૃષ્ટિથી જ્યારે ઇતિહાસને તપાસવામાં આવે ત્યારે બહુજ લાભ થાય છે. સામાન્ય રીતે હકીકતો કહી જવી, બનાવો નોંધી જવા અથવા વર્ણનો આપવાં અને વિજ્ઞાનની નજરથી તે સર્વનું પૃથક્કરણ કરી તેમાંનાં સારભૂત રહસ્યો ખુલવવાં એ વચ્ચે બહુ મોટો અંતર છે. અમુક કવિના સમયમાં સમાજનું બંધારણ કેવા પ્રકારનું હતું, રાજ્યસ્થિતિ, રાજ્યનીતિ અને રાજ્યક્રાન્તિ કેવા પ્રકારની હતી, લોકસ્થિતિ કેવી હતી, સાધુ અને ગૃહસ્થવર્ગ વચ્ચે સંબંધ કેવા પ્રકારનો હતો વિગેરે વિગેરે હકીકત જણાયા પછી અમુક ગ્રંથકર્તાનો ગ્રંથ વાંચવામાં આવે અને તેપર વિચાર કરવામાં આવે તો તે ગ્રંથનો લગભગ દરેક વિભાગ શા આશયથી અને કોને ઉદ્દેશીને લખવામાં આવ્યો છે તે સારી રીતે સમજાઈ જવાનો સંભવ છે. સ્યાદ્વાદ શૈલીની એક ખાસ ઉત્તમતા એ છે કે તત્ત્વજ્ઞાનને અનુસરીને દરેક જમાનાને અનુસરતો જરૂરનો બોધ કરવા માટે આચાર્યો ઉદ્યત રહેતા અને તદનુસાર તેઓની ઉપદેશધારા ચાલતી; તેથી અમુક સમાજની સમયસ્થિતિ ગ્રંથકર્તાનો આશય સમજવા માટે બહુ ઉપયોગી છે. આવી દૃષ્ટિથી ગ્રંથો સમજવા માટે જે ઇતિહાસના જ્ઞાનની આવશ્યકતા છે તેવો ઇતિહાસ

તૈયાર કરવાને હજુ આપણે જરા પણ પ્રયાસ કર્યો હોય એમ જણાતું નથી. જૈન કોમને માથે અનેક પ્રકારની ખાસ જવાબદારીઓ છે અને તે જવાબદારીઓ પૂરી પાડવા માટે ભગીરથ પ્રયત્ન કરવાની જરૂર છે એમ સ્પષ્ટ સમજાયા છતાં આવા અગત્યના વિષયમાં હજુ ધ્યાન અપાયું નથી તે અતિ ખેદનો વિષય છે. એથી પણ વધારે ખેદનો વિષય એ છે કે જે અનેક બાબતોની જવાબદારી છે તે સ્વીકારવા અને તેને માટે પ્રયત્ન કરવા જેટલી શક્તિ ધરાવનાર, પ્રકાશ નાખનાર અને વિચારની આપ લે કરે તેવી ઐતિહાસિક કે સાહિત્યના વિષયની એક પણ મંડળી હજુ હસ્તી ધરાવતી નથી. એક બાજુએ પાશ્ચાત્ય વિચાર જોસથી ફેલાય, બીજી બાજુએ કોમને માથે અનેક તીર્થોની જવાબદારી હોય, અનેક મંદિરો જાળવવાનાં હોય, અનેક પુસ્તકોના ઉદ્ધાર કરવાના હોય અને સાથે અનેક ભેદ વિભેદ અને તેના ભેદો અને તે ભેદના પણ ભેદોમાં રહી તદ્દન નાના વર્તુલમાં કામ કરવાનું હોય, સાથે નકામો શક્તિ, ધન અને મગજનો ક્ષય કરનાર કલેશોનો પ્રવાહ ચાલ્યા કરતો હોય અને તેવા અગત્યના પ્રસંગને પહોંચી વળે અને પોતાને અનુસરનાર સમુદાયને સામુદાયિક શક્તિવડે ખરા ઉપયોગી માર્ગે દોરનાર મજબૂત વિચારશક્તિનું બળ ધરાવનાર એક વા અનેક પુરૂષો કોમમાં ન હોય—ત્યારે કોમની શી સ્થિતિ થાય તે વિચારી લેવા યોગ્ય છે. અહીં મૂળ વિષયથી કાંઈક આપણે વિશેષ દૂર થતા જઇએ છીએ તેથી તે બાબતમાં માત્ર દિગ્દર્શન કરી જવાબદાર પુરૂષોનું તે તરફ ધ્યાન ખેંચી મૂળ વિષય ઉપર આવતાં એટલું જણાવી દેવાની જરૂર છે કે ઇતિહાસની બાબતમાં આપણે બહુ પછાત છીએ અને જે સાધનો આપણને ઉપલબ્ધ છે તેનો પણ પૂરતો લાભ લેતા નથી. કેળવણીની બાબતમાં આપણી કોમ ઘણી પછાત હોવાને લીધે, શોધખોળ કરનારને ઉત્તેજનનો અભાવ હોવાને લીધે, સાધારણ દ્રવ્ય અલ્પ હોવાને લીધે, નકામાં ખરચોમાં ઘસડાઈ જઈ જરૂરી ઉદ્ધારનાં ધર્મકૃત્યો કે કોમસેવાનાં કાર્યોમાં કૃપણતા હોવાને લીધે, તેવાં વિશિષ્ટ કાર્યોમાં ધનવ્યય કરવાની ફરજના જ્ઞાનના અલ્પ ભાવને લીધે, જ્ઞાનદ્રવ્યના આશય, અર્થ અને લક્ષણનિદર્શનમાં અતિ સંકુચિત દૃષ્ટિ હોવાને લીધે,

કેળવાયલા વર્ગને યોગ્ય સાહાય્ય મળતી ન હોવાને લીધે અને તે વર્ગ ઉપર ઉપરના કામમાં લાગી ગયેલ હોવાને લીધે ભય રહે છે કે ઇતિહાસના અતિ અગત્યના વિષયમાં પ્રગતિ કરતાં હજુ ઘણો વખત લાગશે અને દરમ્યાન કોમની સ્થિતિ કેવા પ્રકારની રહેશે તે કહી શકાય નહિ તેમજ લભ્ય સાધનો ત્યાંસુધી જળવાઈ રહેશે કે નહિ તે પણ કહી શકાય નહિ. ઇતિહાસ સંબંધમાં આવી સ્થિતિ હોવાને લીધે કોઈ પણ ગ્રંથ સમજવા માટે જે ખાસ ઉપયોગી સાધન છે તેનાં દ્વાર હજુ આપણે માટે લગભગ બંધ છે એમ કહી શકાય. સામાન્ય દૃષ્ટિથી અમુક શબ્દોના અર્થ તેજ ગ્રંથનું રહસ્ય સમજનાર આ ઐતિહાસિક દૃષ્ટિની અગત્ય સમજી ન શકે અને તેથી કદાચ ઉપરની સર્વ હકીકત અપ્રાસંગિક ગણી નાખે એવો સકારણ ભય રહે છે, પરંતુ તેઓને આ હકીકત જણાવવાની જરૂર લાગે છે કે અમુક ગ્રંથ સમજવા માટે તે ગ્રંથના શબ્દાર્થની જેટલી જરૂરીઆત છે તેટલીજ જરૂરીઆત તે ગ્રંથકર્ત્તા સંબંધી અને તેના વખતના બીજા મહા પુરૂષો સંબંધી, સમાજ સંબંધી અને રાજ્ય સંબંધી હકીકતો જાણવાની તથા બીજી તેને લગતી ઉપલબ્ધ હકીકતો જાણી લેવાની છે અને એક રીતે જોઈએ તો આ બાબત વિશેષ અગત્યની છે, કારણ કે ગ્રંથનો અર્થ સમજવામાં તે ઉપયોગી થાય છે અને બહુ પ્રકાશ પાડે છે. જે ગ્રંથનાં અર્થ વિવેચન આ નિયમાનુસાર લખાયલા હોય તે વાંચવામાં કેટલો આનંદ આવે છે તે અનુભવ્યથી ઉપર જણાવેલી હકીકતનું [illegible] આવશે

ચરિત્રનાયકના ઇતિહાસની સ્થિતિ.

[illegible] આનંદઘનજીના ઇતિહાસની શોધ [illegible] તે વાચનારને અતિ ખેદ કરાવે તેવી છે. [illegible] તેઓના ગુરૂ કોણ હતા, તેઓએ [illegible] જન્મ લીધો, ક્યારે તેમનો દેહોત્સર્ગ થયો અને તેઓએ [illegible] દીક્ષા ગ્રહણ કરી, અભ્યાસ ક્યાં [illegible] એક પણ [illegible] હકીકત [illegible] શકી નથી. [illegible] અતિ પ્રગતિ

પામેલા અને જૈન અને જૈનેતરમાં એકંદરે એક સરખી રીતે અતિ માન પામેલા તથા ઉપાધ્યાયજી શ્રીમદ્યશોવિજયજી જેવા સમર્થ પુરુષથી સ્તવના પામેલા મહાત્માના સંબંધમાં આવી સ્થિતિ પ્રાપ્ત થાય તે અતિ ખેદનો વિષય છે, પરંતુ જેઓ આ શરીરને સાધન માત્ર ગણે છે, નામને અર્થ વગરનું ગણે છે, અને માન મતંગજપર તેને હાથમાં લેવા સારૂ સ્વારી કરે છે, તેઓને આ બાબતમાં ઘણી દરકાર રહેતી નથી. આથી આનંદઘનજી પોતે પોતાનું ચરિત્ર લખે એ તો બનવા જોગ જ હતું નહિ અને અન્ય કોઈએ લખવા પ્રયત્ન કર્યો નહિ હોય અથવા તે સંબંધમાં કાંઈ લખાયું હશે તો હજુ તે પ્રાપ્ત થયું નથી; પરિણામે જેમ દરેક મહા પુરૂષના નામ ફરતી અનેક દંતકથાઓ જોડાઇ જાય છે તેમ આ મહાત્માના સંબંધમાં પણ બન્યું છે. તેઓના સંબંધમાં બહુ વાતો સંપ્રદાયથી ચાલ્યા કરે છે અને તેમાંની ઘણીખરી એવા પ્રકારની છે કે તેમાંથી સત્ય હકીકતને શોધી કાઢવી તે પણ મુશ્કેલ પડે તેમ છે. અનેક દંતકથાઓ અને વાર્તાઓ જે નામની આસપાસ ફરી વળે અને જનહૃદયમાં ઘર કરે તે વાતમાં મોટે ભાગે અતિશયોક્તિ અથવા કલ્પનાનો અંશ ભળવો સ્વાભાવિક ધારી શકાય, પણ એટલું તો એ સાથે એકઅવાજે કહી શકાય કે જે નામની ફરતી અનેક દંતકથાઓ ચાલતી હોય અને જે વાતને ... [illegible]

[illegible]

વિક્રમનો સત્તરમો સૈકો

[illegible]

વરસ થયાં સ્થિર બેસવાનો સમય આવ્યો નહોતો. સત્તરમાં સૈકામાં મુગલાઇ રાજ્યમાં કાંઇક સારી સ્થિતિ રહી, છત્રપતિ શિવાજીની આણા પ્રવર્તી અને જનસમાજમાં એક પ્રકારની સામાન્ય શાંતિનો પ્રવાહ પ્રસર્યો. આ પહેલાંના સોળમા સૈકામાં વિચારશીલ જૈનોને એમ સ્ફુરણા થઈ હોય એમ જણાય છે કે ખરા વિદ્વાનો અને ધુરંધર શાસનપ્રેમીઓ ઉત્પન્ન કરવા માટે સારાં સાધનો તૈયાર કરવાની જરૂર છે અને તેટલા માટે તેઓએ ઘણા ગ્રંથોની શુદ્ધ પ્રતો લખાવી તેને માટે મોટા ભંડારો (લાઇબ્રેરી) સ્થાપિત કર્યા. અત્યારે મોટે ભાગે ગ્રંથ મેળવવા હોય તો કાગળ ઉપર લખાયલા સારા ગ્રંથોની નકલ સંવત્ ૧૫૦૦ થી ૧૭૫૦ સુધીની મળી આવે છે તેમાં પણ સોળમા સૈકાએ મોટો અગત્યનો ભાગ બજાવ્યો છે. આવી રીતે સાધનો તૈયાર થયાં એટલે એનો લાભ લેનાર સત્તરમા સૈકાના ઉત્તરાર્ધમાં અને અઢારમાની શરૂઆતમાં ઘણા શાસનરક્ષકો નીકળી આવ્યા અને એમ કહેવાય છે કે સત્તરમાં સૈકામાં બાવન પંડિતો જૈનમાં થયા અને તેઓ લગભગ એક સાથે થયેલા જણાય છે. આ સંબંધી વિશેષ હકીકત આગળ વિચારવામાં આવશે; અત્ર કહેવાનું તાત્પર્ય એ છે કે વિક્રમના સત્તરમો સૈકો જૈન કોમને માટે તેની પૂર્વનાં ૪૦૦ વરસના પ્રમાણમાં બહુ સારો થયો. આપણા ચરિત્રનાયક એ જ સમયમાં થયા છે એમ જ્યારે હવે પછીની હકીકતપરથી જણાશે ત્યારે આનંદ થાય તેવી બીજી ઘણી હકીકત તેમાંથી મળી આવશે. આ બાવન પંડિતોનાં નામમાંથી કેટલાકની હકીકત કાંઈ કાંઈ મળી આવે છે. તે સમયમાં ઘણા બનાવો બન્યા છે જે જૈન કોમે નોંધી રાખ્યા છે. આથી આપણા ચરિત્રનાયકના સમયનો ઇતિહાસ જાણવાની કેટલીક જિજ્ઞાસા તૃપ્ત થવાનો સંભવ છે. અહીં ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં જે હકીકત કહી તેપરથી એક રહસ્ય પણ પ્રાપ્ત થાય છે અને તે એ છે કે અત્યારે સારાં સાધનો તૈયાર કરાવ્યાં હોય તો ભવિષ્યમાં તેનો લાભ લેનારા જરૂર નીકળી આવશે એમ ઇતિહાસ સાબિત કરે છે. અત્યારે સુંદર છપાતાં પુસ્તકો વાંચનાર ન હોય તો તેથી ખેદ પામવાનું નથી, એવાં અનેક સાધનો તૈયાર કરી ભવિષ્યની પ્રજાને સાધનો યોજી આપવાની આપણી ફરજ છે, એનો લાભ લેનારા જરૂર નીકળશે એમ પૂર્વનો ઇતિહાસ સૂચવે છે.

આનંદઘનજીનો સમય.

આપણા ચરિત્રનાયક શ્રીમદ્ આનંદઘનજીના સંબંધમાં પ્રશ્ન જે વાતો મળે છે તેપર વિચાર કરીએ તે પહેલાં તેમનો સમય નિર્ણય કરવાનાં સાધનો આપણે ઐતિહાસિક દૃષ્ટિથી વિચારીએ. તેઓનાં માતપિતા કોણ હતાં, તેઓ કયા શહેરમાં રહેનારા હતા, તેમણે ક્યારે દીક્ષા લીધી, તેઓનો ક્યારે દેહોત્સર્ગ થયો, વિગેરે સંબંધી કાંઈ આધારભૂત હકીકત મળતી નથી તેથી આપણે સંયોગો વિચારીને તેઓના જન્મસ્થાન અને સમય સંબંધી વિચાર કરીએ. આવા વિચારો નિર્ણયાત્મક તો કદાપિ હોઈ શકે જ નહિ, કારણ કે અનુમાનના આધારપર જ રહેવાનું જ્યાં હોય છે ત્યાં વિશેષ સાધન મળતાં અનુમાન કરવાનાં કારણો ફરી જાય છે અને કેટલીકવાર પૃથક્કરણ કરવાની જૂદી જૂદી પદ્ધતિથી એક જ બાબતો જૂદાં જૂદાં અનુમાનપર લાવી મૂકે છે. આવાં અનુમાનોને નિર્ણયાત્મક માની લેવાની અને તેને સિદ્ધાન્ત તરીકે જણાવી દેવાની સ્ખલના ઘણા લખનારાઓ કરી નાખે છે તે સંબંધમાં વિશેષ સંભાળપૂર્વક રીતે કામ લેવાની જરૂરીઆત અનેક કારણોને લઈને જણાય છે. આનંદઘનજીનો સમય વિચારતાં નીચેની હકીકતો ખાસ ધ્યાન ખેંચનારી જણાય છે.

આપણા ચરિત્રનાયક શ્રી આનંદઘનજીનો સમય શોધવાનાં સાધનોમાં સૌથી અગત્યનું લેખિત સાધન શ્રીમદ્યશોવિજયજીએ રચેલી અષ્ટપદી છે. એ અષ્ટપદીપરથી જણાશે કે તે સદરહુ ઉપાધ્યાયજીએ આનંદઘનજીના મેળાપસમયે કરેલી સ્તુતિરૂપ છે. એમાં વપરાયલી ભાષા અને માનના શબ્દોથી અનુમાન કરવા યોગ્ય ઘણી સીધી હકીકત પ્રાપ્ત થાય છે. ઉક્ત ઉપાધ્યાયજી અને આનંદઘનજીનો સંબંધ વિચારતાં આ અષ્ટપદીપર આપણે ફરીવાર વિવેચન કરવું પડશે, પરંતુ અત્ર પ્રસંગોપાત્ત તે વિચારી લઈએ. એ નૂતન પ્રકારની ઉપાધ્યાયજીની કૃતિ બહુ વિચારીને સમજવા યોગ્ય છે. સદરહુ અષ્ટપદી આ પ્રમાણે છે. (શ્રી યશોવિજયજીનાં સજ્ઝાયપદ સ્તવન સંગ્રહ-પ્રકાશક શેઠ વીરચંદ દીપચંદ સી. આઈ. ઈ. પૃષ્ઠ ૨૮૯ દ્વિતીય વિભાગ).

૧ (રાગ કાનડો)

મારગ ચલત ચલત ગાત, આનંદઘન પ્યારે, રહત આનંદ ભરપૂર. મા.
તાકો સરૂપ ભૂપ, ત્રિહું લોકથેં ન્યારો, બરખત મુખપર નૂર. મા. ૧
સુમતિ સખીકે સંગ, નિત નિત દોરત, કબહુ ન હોતહી દૂર;
જસવિજય કહે સુનોહી આનન્દઘન, હમ તુમ મિલે હજુર. મા. ૨

૨

આનંદઘનકો આનંદ, સુજસહી ગાવત, રહત આનંદ સુમતા સંગ. આ.
સુમતિ સખી ઔર નવલ આનન્દઘન, મિલ રહે ગંગ તરંગ. આ. ૧
મનમંજન કરકે નિર્મળ કિયો હે ચિત્ત, તાપર લગાયો હે અવિહડ રંગ;
જસવિજય કહે સુનતહી દેખો, સુખ પાયો હે બોત અભંગ. આ. ૨

૩ (નાયકી, તાલ ચંપક)

આનન્દ કોઉ નહીં પાવે, જોઈ પાવે સોઈ આનન્દઘન ધ્યાવે; આ.
આનન્દ કોનરૂપ કોન આનન્દઘન, આનન્દ ગુણ કોન લખાવે. આ. ૧
સહજ સંતોષ આનન્દ ગુણ પ્રગટત, સબ દુવિધા મિટ જાવે;
જસ કહે સોહી આનન્દઘન પાવત, અંતર જ્યોત જગાવે. આ. ૨

૪ (રાગ તાલ ચંપક)

આનંદ ઠોર ઠોર નહીં પાયા, આનંદ આનંદમ સમાયા; આ.
રતિ અરતિ દોઉ સંગ લીય વરજિત, અરથને હાથ તપાયા. આ. ૧
કોઉ આનન્દઘન છિદ્ર હી પેખત, જસ રાય સંગ ચડી આયા;
આનંદઘન આનન્દ રસ ઝીલત, દેખતહી જસ ગુણ ગાયા. આ ૨

૫ (રાગ નાયકી)

આનન્દ કોઉ હમ દેખલાવો આ.
કહા ઢૂંઢત તું મુરખ પંછી, આનન્દ હાટ ન બેકાવો. આ ૧
એસી દશા આનન્દ સમ પ્રગટત, તા સુખ અલગ લખાવો;
જોઈ પાવે સોઈ કછુ ન કહાવત, સુજસ ગાવત તાકો વધાવો. આ ૨

૬ (રાગ કાનડો—તાલ રૂપક)

આનન્દકી ગત આનન્દઘન જાણે. આ
વાઇ સુખ સહજ અચલ અલખપદ, વા સુખ સુજસ વખાણે. આ. ૧
સુજન વિલાસ જબ પ્રગટે આનન્દરસ, આનન્દ અક્ષય ખજાને;
એસી દશા જબ પ્રગટે ચિત્ત અંતર, સોહિ આનન્દઘન પિછાને. આ. ૨

૭

એરી આજ આનંદ ભયો મેરે તેરો મુખ નિરખ,
નિરખ રોમ રોમ શીતલ ભયો અંગો અંગ. એ.
શુદ્ધ સમજણ સમતા રસ ઝીલત, આનન્દ ભયો અનન્ત રંગ. એ. ૧
ઐસી આનન્દ દશા પ્રગટી ચિત્ત અંતર, તાકો પ્રભાવ ચલત નિર્મળ ગંગ;
વાહી ગંગ સમતા દોઉ મિલ રહે, જસવિજય ઝીલત તાકે સંગ. એ. ૨

૮ (રાગ કાનરો)

આનન્દઘનકે સંગ સુજસ હી મિલે જબ, તબ આનંદ સમ ભયો સુજસ;
પારસ સંગ લોહા જો ફરસત, કંચન હોત હી તાકે કસ. આ. ૧
ખીર નીર જો મીલ રહે આનન્દ, જસ સુમતિ સખીકે સંગ ભયો હે એકરસ;
ભવ ખપાઈ સુજસ વિલાસ, ભયે સિદ્ધ સ્વરૂપ લીયે ધસમસ. આ. ૨

આનંદઘનજીનો સમય નિર્ણય કરવા માટે આ અષ્ટપદી એક અગત્યનું સાધન છે. એ અષ્ટપદી બહુ જ ઉપયોગી હોવાથી તે આખી અત્ર ઉતારવામાં આવી છે, તેની ઉપયોગિતા હવે પછી જણાશે. આ ઉપરાંત દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા નામનું યોગ વિગેરે વિષયનું પુસ્તક શ્રીમદ્ યશોવિજયજીએ બનાવ્યું છે તેને સાદી ભાષામાં કહીએ તો બત્રીશ વિષયો પૈકી પ્રત્યેકપર બત્રીશ શ્લોકની રચના કરીને એવી બત્રીશ બત્રીશીઓ બનાવી છે. એ મૂળ ગ્રંથ ટીકા સાથે છપાવીને શ્રી જૈ. ધ. પ્ર. સભાએ બહાર પાડ્યો છે. એનો વિષય યોગનો હોવાથી એને 'યોગ બત્રીશી' પણ કહેવામાં આવે છે. એની પ્રત્યેક બત્રીશીની છેવટે કર્તાએ 'પરમાનંદ' શબ્દ વાપર્યો છે જે આનંદઘનજીનો અને યશોવિજયજીનો સબધ બનાવવા વાપર્યો હોય એમ સભવે છે અને તે પોતા ઉપર આનંદઘનજીનો ઉપકારસૂચક હોય એમ લાગે છે. વળી જ્ઞાનસારની પ્રશસ્તિમા પૂર્ણાનન્દઘન ગુર પ્રતિભાતિ આવું વાક્ય છે તે આનદઘનજી અને યશોવિજયજીનો અત્યન્ત સ્પષ્ટ રીત ગાઢ સબધ સૂચવે છે. આ હકીકતપરથી એટલું સ્પષ્ટ થાય છે કે આ બન્ને મહાત્માઓ એક કાળે સાથે પૃથ્વીતળને પાવન કરતા હતા. આનદઘનજીની યોગમા પ્રવૃત્તિ અને અધ્યાત્મરસિકતા સવિશેષ હતાં એમ યશોવિજયજીએ અષ્ટપદીમા વાપરેલ પ્રત્યેક શબ્દ બતાવી આપે છે. આથી આનદઘનજીનો સમય યશોવિજયજી કરતા જરાક પૂર્વનો હોવાનો સભવ છે. યોગપ્રવૃત્તિમા સ્થિર થવુ, તે માટે

બનાવ્યો છે તેમાં તે માટેનો લેખ છે. તે પ્રમાણે તેઓ સંવત ૧૭૫૬ ના પોસ સુદિ ૧૨ શનિવારે કાળધર્મ પામ્યા એમ જણાય છે. (જૈન રાસમાળા-પ્રથમ ભાગ પૃષ્ઠ. ૧૧૯). ઉપરાંત જો કે વિજયસિંહસૂરિએ સત્યવિજયને ક્રિયાઉદ્ધાર કરવાની આજ્ઞા આપી હતી એમ તેજ રાસપરથી જણાય છે; પરંતુ ક્રિયાઉદ્ધારની આજ્ઞા થયા પછી થોડાં વરસ રહીને તે કર્યો જણાય છે. સત્યવિજયજીએ પોતે સૂરિ-આચાર્યની પાટ ન સ્વીકારતાં શ્રીવિજયસિંહસૂરિની પાટપર શ્રીવિજયપ્રભસૂરિની સ્થાપના કરી અને તેમની આજ્ઞામાં પોતે રહી સંવત ૧૭-૨૯ માં તેમની પાસે પંન્યાસપદવી સોજત ગામમાં લીધી (પૃષ્ઠ ૧૧૪ સંદરહુ રાસ). પંન્યાસપદ લીધા પછી ક્રિયાઉદ્ધાર કર્યો હોય એમ મારૂં માનવું છે. આ સંબંધમાં વિશેષ હકીકતનો હવે પછી વિચાર કરવામાં આવશે. અત્ર આટલી હકીકતપરથી શ્રીમદ્યશોવિજયજી તથા સત્યવિજયનો સમય નિર્ણીત કરવાની જરૂર હતી તે સંબંધી મળી શકતી હકીકતોપરથી કાંઇક પ્રકાશ પડ્યો છે. ઉપાધ્યાયજી જેવા સમર્થ વિદ્વાન્ આનંદઘનજીને અતિ મહત્ત્વપૂર્ણ માન આપે તેથી એમ અનુમાન સહજ કરી શકાય છે કે તેઓનો સમય અને વય ઉપાધ્યાયજીના સહકાળ હોવા સાથે કાંઇક પૂર્વ પણ હોવો જોઇએ તથા તેઓના અલૌકિક વૃત્તિ, વિશિષ્ટ વર્તન અને યોગાભ્યાસ વગેરે તથા તેઓના [illegible] ચાલતી હકીકતોપર વિચાર કરતાં તેઓ સંવત ૧૬૬૦ લગભગ જન્મ્યા હોય અને તેઓને [illegible] સં. ૧૭૩૦ સુધીમાં થયો હોય એમ મનાય [illegible]

[illegible]

પછી આનંદઘનજીનો દેહોત્સર્ગકાળ ૧૭૩૦ ને બદલે ૧૭૩૫ લગભગમાં મૂકવાની જરૂર પડે છે. આટલી હકીકત ઉપરથી એમ અનુમાન થાય છે કે આનંદઘનજીનો સમય સંવત્ ૧૬૬૦ અને ૧૭૩૦ લગભગમાં હતો અને તેમાં આ બાજુએ કે બીજી બાજુએ પાંચદશ વરસથી વધારે ફેર પડવાનો સંભવ નથી. આથી તેઓશ્રી ઇસ્વીસન ૧૬૦૬ થી ૧૬૭૪ સુધીમાં થયા હતા એવા અનુમાનપર આવવાનું થાય છે. મહકારી ઐતિહાસિક બનાવ સમજવા માટે આ ઇસ્વીસનનો કાળ પણ બહુ ઉપયોગી છે તે હવે પછી જાણવામાં આવશે.

જન્મભૂમિ વિગેરે.

શ્રી આનંદઘનજીની જન્મભૂમિ કયા દેશમાં હતી, તેઓ સંસારી અવસ્થામાં કોના પુત્ર હતા, કઈ જ્ઞાતિના હતા, કઈ ઉમરે તેઓએ દીક્ષા અંગીકાર કરી, કોની પાસે અંગીકાર કરી, કેવી સ્થિતિમાં અને વેશમાં તેઓ રહેતા હતા તે સંબંધી કાંઈ પણ સીધી હકીકત પ્રાપ્ત થઈ શકતી નથી. આપણા ચરિત્રનાયક સંબંધી હકીકત રાસરૂપે કે ચરિત્રરૂપે કોઇએ લખી નથી તેથી આ સબંધી ઘણુંખરૂં અંધારામાં જ રહેવાનું થાય છે. તેઓના સબંધમાં લોકોમાં અનેક વાતો ચાલે છે તે પણ એટલી બધી અવ્યવસ્થિત આકારમાં મળે છે, અને તેની સાથે વાતો હેમચંદ્રાચાર્ય તથા બીજા સમર્થ વિદ્વાનોના સંબંધમાં પણ કહેવામાં આવતી હોવાથી તે અવ્યવસ્થિત વાતોમાં પણ સત્ય કેટલું છે અને અતિશયોક્તિનું અને અસત્યારોપનું મિશ્રણ કેટલું છે તે તપાસી કાઢવું લગભગ અશક્ય જેવું થઈ પડે છે. ચરિત્ર સંબંધમાં આ મુશ્કેલી તો કાયમ છે અને તેને માટે શરૂઆતમાં જ ફરિયાદ કરવાની જરૂર પડી છે. આ મહાત્મા સબંધી જે હકીકત મળી આવી છે તેમાંની કેટલીક અતિ આધારભૂત હકીકત વિચારીએ તો એટલું જણાય છે કે તેઓશ્રીનું સાધુઅવસ્થામાં નામ લાભાનંદજી હતું. જેમ કર્પૂરવિજયજીએ સર્વ પદોમાં પોતાનો લેખ દર્શિત કરવા 'ચિદાનંદ' એવું ઉપનામ ધારણ કર્યું છે તેમ આ મહાત્માએ 'આનંદઘન' એવું ઉપનામ ધારણ કર્યું જણાય છે. તેઓનો વિહાર મેડતા શહેરમાં અને તેની આસપાસ વિશેષ હતો. મેડતા મોટી મારવાડમાં એક જુદાતાનું શહેર છે. હાલ તો તે જોધપુર તાબે છે, પરંતુ અસલ ત્યાંના રાજા

હતા અને અત્યારે તે શહેરનાં જીર્ણ દુર્ગ અને ખંડેરો જોતાં તે પૂર્વે બહુ મોટું શહેર હશે એમ જણાય છે. અત્યારે પણ ત્યાં ૧૬ જૈન પ્રાસાદ છે. લગભગ સર્વે પ્રાસાદ મોટા છે. ગામમાં વચ્ચે એક વિશાળ જૈન મંદિર છે. ગામની બહાર એક ચૈત્ય છે. બીજી બાજુએ એક પડી ગયેલ ખંડેરના વિભાગને આનંદઘનજીનો ઉપાશ્રય કહેવામાં આવે છે. જેમ ગંધારમાં હીરવિજયસૂરિનો ઉપાશ્રય બતાવવામાં આવે છે તેમ અહીં શ્રી આનંદઘનજીનો ઉપાશ્રય બતાવવામાં આવે છે અને પાટણમાં શ્રીમદ્‌હેમચંદ્રાચાર્યનો ઉપાશ્રય અને મશીકુંડ બતાવવામાં આવે છે. આવા મહાત્માઓ એક સ્થાનકે રહે અને અમુક ઉપાશ્રય તેઓનો કહેવાય એમ તો જૈન આમ્નાય પ્રમાણે બને નહિ, પરંતુ આટલી હકીકત જ્યારે હજુ સુધી તત્રત્ય લોકો ચીવટથી જાળવી રાખી શક્યા છે અને હોંશથી બહારના આવનારને સંભારીને જણાવે છે ત્યારે તે ઉપરથી એક અનુમાન થઈ શકે તેવું છે અને તે એ કે એ મહાત્માઓ ઉપરોક્ત ગામોમાં અવારનવાર સવિશેષપણે આવેલા હોવા જોઈએ અને તે ગામના લોકોપર તેનો ખાસ ઉપકાર હોવો જોઈએ. આ ઉપરાંત મેડતામાં આનંદઘનજીનો સ્તૂપ (દેરી) પણ હતો, પરંતુ હાલ તેની નિશાની મળતી નથી એમ ત્યાંના લોકો કહે છે. મેડતા પૂર્ણ જાહોજલાલીવાળું શહેર તે કાળમાં હતું અને ત્યાંના લોકો બહુ ધર્મિષ્ઠ, ધનવાન્ અને ઉત્સાહી હતા એમ તે વખતની હકીકત વાંચતા બહુ જગોએ મળી આવે છે. મેડતામાં અનેક મહાત્માઓનો દેહોત્સર્ગ થયો છે, ઘણા આચાર્યો અને ઉપાધ્યાયોને પદવીદાન થયું છે અને ત્યાં વિહાર પણ ઘણા આચાર્યોએ કર્યો હોય એમ નોંધાયું છે. આટલા ઉપરથી મારવાડના અગત્યના એક શહેરના સંબંધમાં આપણા ચરિત્રનાયક વિશેષ આવ્યા હોય એમ અનુમાન થાય છે.

પૂજ્યપાદ પંન્યાસ શ્રી ગંભીરવિજયજીએ મને આનંદઘનજીના સંબંધમાં કેટલીક વાતો કહી હતી. તેમણે સંપ્રદાયથી સાંભળેલી હકીકત પ્રમાણે આનંદઘનજીનું સાધુઅવસ્થામાં 'લાભાનંદ' નામ હતું. તેમની દીક્ષા તપગચ્છમાં થઈ હતી,* તેમનો જન્મ બુંદેલખંડના એક શહેરમાં થયો

* કેટલાક તેમને ખરતરગચ્છમાં થયેલ હોવાનું જણાવે છે અને તેના કેટલાક (યતિજીઓ) દાવો કરે છે એમ કહે છે. તપગચ્છમાં આ મહાત્મા થયેલા હોવાના પુરાવો જણાય છે તે આગળ આપ્યાં છે, ખરતરગચ્છ સંબંધી આધારભૂત હકી-

દૃષ્ટિબિન્દુ: આ નિઃસ્પૃહી મહાત્માનું જીવન વિચારતાં પ્રથમ. એક
ખાસ હકીકતપર અહીં વિચાર કરવો પ્રાસંગિક જણાય છે. એક
મહાત્મા સંબંધી હકીકત વિચારતાં કેવળ પોતાને અનુકૂળ આવે
તેટલી અથવા તેવા આકારવાળી હકીકત બનાવવાની લાલચમાં પડી
જવામાં ન આવે એ પ્રામાણિક લેખકની ખાસ ફરજ છે. ઘણી વખત
પોતાને અનુકૂળ આકારમાં વાતને જોડી દેવાની ટેવ લેખકને પડી જાય
છે ત્યારે તે વાસ્તવિક સ્વરૂપ બતાવવામાં પાછો પડી જાય છે અને
આવા પૂર્વ-ગ્રહગ્રહિત લેખકનાં અનુમાનો પણ એવાં વિચિત્ર અપૂર્ણ
અને આડે માર્ગે દોરનારાં હોય છે કે તે સંબંધમાં વાંચનારાઓએ
બહુ સંભાળ રાખી તેનો સ્વીકાર કરવાની જરૂર પડે છે. આવી સ્થિતિ
ઘણી વખત થઈ ગયેલી જોવામાં આવે છે તે ઐતિહાસિક અને પાર-
માર્થિક દૃષ્ટિએ બહુ હાનિ કરનાર થઈ પડે છે. આનંદઘનજી મહા-
રાજના જીવનચરિત્રને આપણે બરાબર પૃથક્કરણ કરીને સમજવાની
અને જોવાની બહુ જરૂર છે, કારણ કે એથી વ્યવહારના બહુ અગ-
ત્યના કેટલાક સવાલોનો નિર્ણય થઈ શકે તેમ છે. અતિ વિશુદ્ધ
જીવન વહન કરનાર, નિઃસ્પૃહી, આશાનો ત્યાગ કરી ઉદાસીન ભાવે
વર્તનાર, જનસમાજમાં એકી વખતે માન અપમાન પામનાર અને
બન્નેમાંથી એકની પણ દરકાર ન કરનાર મહાત્માનું લેખિત જીવન
તે કાળના લેખકથી લખાયલું જો પ્રાપ્ત થઈ શક્યું હોત, ચરિત્રનો
વિભાગ આધારભૂત સ્થાનકેથી મળી આવ્યો હોત તો બહુ ઉપયોગી
થઈ પડત એ ખરી વાત છે, પણ તેમ ન હોવાથી સમ્પ્રદાયથી જે
હકીકત મળે છે તેને બરાબર ચાળવવી એ આપણું ખાસ કર્તવ્ય છે
અને એના સાચા અને ખરા રહસ્યને વિચારી તદનુસાર આપણી
ભાવના કરવી અથવા તેને માટે ખાસ નિર્ણયો કરવા એ વિચારણાનો
સાર છે. ઐતિહાસિક અને પારમાર્થિક દૃષ્ટિથી આપણા ગ્રંથકર્તાના
સમય, વિહાર, વર્તન અને લેખોપર વિચાર કરવો અતિ આવશ્યક
છે. વિશુદ્ધ દૃષ્ટિથી શોધખોળ કરવાના ઇરાદાથી અને રહસ્ય પ્રાપ્ત
કરવાની પ્રબળ સાત્ત્વિક ઇચ્છાથી ચરિત્રનાયકના વર્તનપર વિચારણા
ચલાવવામાં આવે એ ખાસ ઇષ્ટ છે, તેને બદલે પોતાના પૂર્વબદ્ધ

વિચાર અનુસાર ચરિત્રને ખેંચી લેવામાં આવે અથવા તેવા પ્રયત્નો કરવામાં આવે તો તે બહુ રીતે નુકશાન કરનાર થાય છે. પ્રામાણિક લેખકે જે હકીકતો મુદ્દાસર મળી હોય તે વાસ્તવિક આકારમાં રજુ કરી દેવી જોઇએ એવી તેની ખાસ ફરજ છે. આ બાબતમાં બહુ પ્રમાદ જોવામાં આવે છે અને તેને પરિણામે કેટલીકવાર અજાણપણે મહાપુરૂષોને અને ઐતિહાસિક દૃષ્ટિથી તેમજ પારમાર્થિક દૃષ્ટિથી વાચનારાઓને મોટો અન્યાય થાય છે એમ જોવામાં આવ્યું છે. આ નિયમ ખાસ ધ્યાનમાં રાખી નીચેની હકીકત લખવા વિચાર કર્યો છે છતાં પણ કોઈ વખત દોરવાઈ જવાનો પ્રસંગ બની આવે તો વિદ્વાન્ વાચકે પ્રયત્ન કરી તેને શોધી કાઢવો અને તત્ત્વરૂપે તેને સમજી લેવો.

આનંદઘનજીની દીક્ષા-ગચ્છ: શ્રી આનંદઘનજી મહારાજના સંબંધમાં મને જે હકીકત મળી આવી છે તેપર વિચાર કરતાં તેઓએ દીક્ષા તપગચ્છમાં લીધી હોય એમ જણાય છે, તેમનાં કોઈ કોઈ પદોપર જ્ઞાનસાર નામના એક વૈરાગ્યવાસિત યતિએ ટબો પૂર્યો છે. તે ટબામાં લખે છે કે 'આનંદઘનજી સાધુવેશે રહેતા હતા.' સંપ્રદાયમાં ચાલી આવતી હકીકત પણ એ વાતની સાક્ષી પૂરે છે. તેઓએ દીક્ષા તપગચ્છમાં લીધી હતી એમ માનવાને ઘણાં કારણો મળી આવે છે. તેઓનો યશોવિજય ઉપાધ્યાયજી તથા સત્યવિજય પંન્યાસ સાથે સંબંધ અને તે કાળમાં તપગચ્છનું ખાસ કરીને મારવાડ તથા ગુજરાતમાં અસાધારણ પ્રબળ જોતાં આનંદઘનજી જેવા ખપી જીવ તેનો આશ્રય લે એમ ધારવું યોગ્ય છે. આ સત્તરમો સૈકો અનેક વિદ્વાનોથી ભરપૂર છે અને તે વિદ્વાનોની કૃતિઓ આનંદ આપે તેવી હાલ પણ મોજુદ છે. ગચ્છપરંપરાને અંગે શ્રી યશોવિજયજીના વિચારો અને સત્યવિજય પંન્યાસનો ક્રિયાઉદ્ધાર, તેઓનો આનંદઘનજી સાથેનો સંબંધ, ખાસ કરીને અષ્ટપદીમાં બતાવેલા અદ્‌ભુત વિચારો અને તેમનું ગુણાનુરાગીપણું એ સર્વ આનદઘનજીનો તપગચ્છ તરફ આદર સૂચવે છે. સંપ્રદાયને સવિશેષપણે માન આપનાર, વ્યવહારના બાહ્યાકારની પણ અતિ આવશ્યકતા સમજનાર અને નિયંત્રણા માર્ગની ઉપયોગિતા સમજીને અન્યને સમજાવનાર યશોવિજય ઉપાધ્યાય જેવા પ્રખર વક્તા અને સ્થિર લેખક તેમજ વિચારક

વિશુદ્ધ મહાત્મા આનંદઘનજીને જે અસાધારણ માન આપે છે
તેમ આનંદઘનજીનો અસાધારણ માનસિક અને આધ્યાત્મિક યોગ
બનાવે છે તેમ તેઓમાં રહેલ વિશુદ્ધ વર્તનનો અને વ્યવહારને
એકત્રિત યોગ પણ બતાવે છે. વ્યવહાર અને નિશ્ચયમાં સપાટી
ઉપરથી દેખાતા ભેદના હાર્દમાં રહેલ અભેદ જે સાધારણ રીતે
સમજી શકાય તેવો નથી તેના ખાસ સારભૂત રહસ્યને સમજનાર
ઉપાધ્યાયજી જેવા વિદ્વાનો આનંદઘનજીને માન આપતાં પહેલાં બહુ
પ્રકારે વિચાર કરે એમાં નવાઈ નથી. વ્યવહારનો લોપ ન થાય એ
જેવાની ખાસ કાળજી તેઓને હોવી જોઈએ એમ માનવામાં જરા
પણ આંચકો લાગતો નથી અને ખાસ કરીને પૂર્વ વયમાં જ્યારે
વ્યવહાર માટે બહુ મક્કમ વિચારો શ્રી યશોવિજયજીના હતા અને
હોવા જોઈએ તે પ્રસંગે તેઓ આનંદઘનજીને અત્યંત માન આપે એ
બતાવી આપે છે કે આનંદઘનજીએ વ્યાવહારિક રીતે તપગચ્છમાં
દીક્ષા લીધી હોવી જોઈએ. ઉપાધ્યાયજીનાં સવાસો તથા સાડાત્રણસેં
ગાથાનાં સ્તવનો પૂર્વ વયમાં રચવામાં આવ્યા હોવાનો આંતરિક પૂરાવો
જણાઈ આવે છે અને તેઓનો આનંદઘનજી સાથે મેળાપ પણ પૂર્વ
વયમાં થયો સંભવિત લાગે છે. આટલું છતાં આનંદઘનજીના વિચારો
જેતા તેઓને ગચ્છનો મોહ હોય એમ તો લાગતું નથી. ચૌદમા શ્રી
અનંતનાથજીના સ્તવનમાં તેઓ લખે છે કેઃ-

ગચ્છના ભેદ બહુ નયણ નીહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં મોહ નડીઆ કળી કાલ રાજે

[illegible] પદના 'રામ ભણી રહેમાન ભણાવી, અરિહત પાઠ પઢાઈ;
ઘર ઘરને હું ધંધે વિલગી, અલગી જીવ સગાઈ

આવા દૃઢ વિચાર જણાવનાર પોતે અમુક ગચ્છના મોહમાં
[illegible] જઈ અન્યને તિરસ્કાર કરે એ તો સમીચીન લાગતું નથી,
[illegible] તેઓ. એટલે જ મક્કમપણે શ્રીનેમિનાથ સ્તવનમાં
જણાવે છે કે -

ચૂરણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ વૃત્તિ પરંપર અનુભવ રે,
સમયપુરુષનાં અંગ કહ્યાં એ, જે છેદે તે દુર્ભવ રે

અહીં સૂત્રનાં-સમયપુરુષનાં અંગની વિચારણામાં પૂર્વધરકૃત છુટક પદવ્યાખ્યા તે નિર્યુક્તિ, તત્ર તથા સૂત્ર ઉક્ત અર્થ તે ભાષ્ય, સૂત્ર પોતે, માગધીમાં પૂર્વધરકૃત સૂત્રની ટીકા તે ચૂર્ણિ અને સંસ્કૃત ટીકા તે વૃત્તિ-એ સમય પુરુષનાં પાંચ અંગ ઉપરાંત તેઓ પરંપરા અનુભવને-સંપ્રદાયાગત જ્ઞાનને પણ એટલીજ અગત્ય આપે છે. આ ઘણી અર્થસૂચક વાત છે. તેઓ આમાંનાં એક પણ અંગને ઓછું કરનાર-તેને નહિ માનનાર અથવા તદનુસાર ન વર્તનારને દૂરભવ્ય કહે છે એ હકીકત ખાસ ધ્યાન ખેંચનારી છે. ગચ્છવિચારણાને અંગે તેવા કથનથી અહીં સ્વાભાવિક રીતે એમ લાગે છે કે તેઓએ એકલા નિશ્ચય કે એકલા વ્યવહાર ઉપર વિચાર રાખ્યો નહિ હોય. તેઓ અનંતનાથજીના સ્તવનમાં જણાવે છે કેઃ-

વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ, સાંભળી આદરી કાંઈ રાચો.

આવી રીતે એક બાજુએ સંપ્રદાયને અને પરંપરાને અતિ માન આપનાર મહાત્મા પુરુષ અપેક્ષા વગરનાં વ્યવહારવચનની દરકાર કરનાર ન હોય અને તેવાં વચનને સંસારવૃદ્ધિનું કારણ ગણતા હોય અને તેનો આદર કરવાની ના કહેતા હોય તો તેના પરિણામે બહુ સુંદર એકત્રકરણ થઈ જાય છે. એને પરિણામે ઉપરનાં છોતરાં ક્યાં છે અને અંદરનું તત્ત્વ શું છે તે પૃથક્કરણ કરવાની વિશુદ્ધ બુદ્ધિ જાગ્રત થતાં પરંપરાને યોગ્ય રીતે સમજી તેની અપેક્ષા વિચારી યથાઘટિત વર્તન કરતા હોય એમ વિચારતાં તેઓએ ગચ્છની તદ્દન ઉપેક્ષા કરી હોય એમ માની શકાતું નથી. પરંપરાએ એથી બહુ હાનિ થાય, મધ્યમ ઉત્ક્રાન્તિના જીવોપર એથી બહુ નુકશાનકારક અસર થાય અને માર્ગમાં અનેક પ્રત્યવાયો આવે એવું વિચારનાર મહાત્મા ગચ્છના મોહમાં ન પડે એ જેટલું સ્વાભાવિક છે તેટલુંજ સાધુવેશધારણ વિગેરે ક્રિયાકલાપની જરૂરીઆત સ્વીકારે એમ માનવું તે પણ સ્વાભાવિક છે. વ્યવહારનો લોપ કર્યા વગર અને તેની અણઘટતી વિગતમાં ઉતર્યા વગર વિશુદ્ધ માર્ગપર ચાલવાના નિર્ણયપર તેઓ આવ્યા હોય એમ ધારી શકાય છે. ચાલી આવતી વાતો પ્રમાણે તેઓ સાધુ હતા, દીક્ષિત હતા એમજ જણાય છે, સંભળાય છે; પરંતુ કોઈવાર કલ્પની પહે-

રીને પણ નીકળી પડતા એવી વાતો ચાલે છે. આટલા ઉપરથી એ
જણાય છે કે તેઓ ગચ્છની તકરારમાં ઉતર્યા નહિ હોય, પણ દીક્ષિત જ
હતા અને સાધુનો વેશ ધારણ કરતા. સંપ્રદાયમોહમાં ઉતર્યા વગ
વ્યવહાર અને નિશ્ચયને એકત્રપણે ગોઠવી વિશુદ્ધ વર્તન કરી સા
જીવન ગાળી શકાય છે એવો દાખલો તેઓએ બેસાડ્યો હો
એમ જણાય છે.

આનંદઘનજી સંબંધી કેટલીક વાતોઃ આનંદઘનજી સંબં
કેટલીક વાતો બહુ સંક્ષેપમાં અત્ર બતાવી દઇએ. તેમાં પ
જે માનવા લાયક વાતો ન હોય તેને લખીને લોકપ્રવાહમાં ચ
કરવી એ એકંદરે બહુ નુકશાન કરનાર છે. વળી કેટલીક વાતો દ
મોટા માણસના સંબંધમાં કહેવામાં આવે છે તેથી તેને કબૂલ કર
પહેલાં ઘણો વિચાર કરવો પડે છે અને સ્વીકારતાં આંચકો આ
છે. રાજાના મેળાપ પ્રસંગે તાવને કપડામાં ઉતારી બાજુપર મૂકવા
અને કપડો ધ્રુજતો દેખી એ સંબંધમાં રાજા તરફથી થતી પૃચ્
સંબંધી વાત શ્રીમાન્ હેમચંદ્રાચાર્યના સંબંધમાં તેમજ હરિભદ્રસ
અને હીરવિજયસૂરિના સંબંધમાં પણ કહેવામાં આવે છે. આ
વાતને કોઈ પણ મહાત્માની સાથે જોડી દેવાનો વિચાર સ્વાભાવિક
તેથી એવી વાત સ્વીકારતાં પહેલાં યોગ્ય વિચાર કરવો જોઇએ. કે
લીક વાતો લોકવિચારની તે વખતની સ્થિતિ બતાવી આપે છે અ
કેટલીક વાત વિશિષ્ટ સ્થિતિનું યૌગિક રહસ્ય સમજવાની લોકો
અશક્તિ બતાવી આપે છે. તેથી પ્રથમ કેટલીક આધારવાળી અ
વજુદવાળા માણસો પાસેથી સાંભળેલી હકીકતો સંક્ષેપમાં વિચા
જઇએ. પં. ગંભીરવિજયજીએ તપાસ કરીને એકઠી કરેલી અને મ
જાતે કહેલી વાતને અહીં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

મેડતા શહેર અને આનંદઘનજીઃ લાભાનંદ અથવા લાભાનંદી જેમ
આપણે આ પ્રસંગમાં આનંદઘનજીના નામથી ઓળખશું તેઓના સં
ધમાં ઘણીખરી વાતો મેડતા શહેરને અંગે આવે છે. મેડતાનો પ્રાચીન ઇ
હાસ વિચારતાં તે એક બહુ મોટું શહેર હોવું જોઇએ એમ જણાય
ત્યાં અનેક લડાઇઓ થઇ છે. ત્યાંના રાજા જોધપુર રાજ્યથી સ્વતં
રજપૂત હતા એમ મારવાડનો પૂર્વ ઇતિહાસ તપાસતાં જણાય છે.

શહેરનાં અત્યારનાં ખંડેરો જોતાં અને જીર્ણ દુર્ગની સ્થિતિ વિચારતાં જણાય છે કે અગાઉ જણાવ્યું તે પ્રમાણે પ્રાચીન કાળમાં એ ઘણું મોટું શહેર હશે. આ શહેરમાં એક બહુ મોટી મસજીદ છે જેના બુરજ દૂરથી દેખાય છે તેપરથી જણાય છે કે મુસલમાન પાદશાહના વખતમાં એ શહેરપર ઘણા હલ્લાઓ થયા હશે. જોધપુરના પુરાણા રજપૂત રાજ્યના તાબામાં તે બહુ થોડા વખત પહેલાં આવી પડ્યું હોય એમ જણાય છે. આ શહેર અત્યારે તો ભીસ્માર હાલતમાં છે તોપણ હાલ ત્યાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોના ત્રણસેં ઉપર ઘર છે અને ત્યાંના શ્રાવકો પાસેના ફલોધિ તીર્થની દેખરેખ રાખે છે અને પોષ દશમ જેવા માંગલિક પ્રસંગે શ્રીફલોધિ તીર્થમાં દર્શન પૂજા કરવા માટે મોટી સંખ્યામાં ઉતરી પડે છે. ફલોધિ તીર્થને મેડતા રોડ (Merta Road) સ્ટેશનના નામથી ઓળખવામાં આવે છે જ્યાંથી એક ટ્રેન મેડતા માટે ખાસ જાય છે. પોષ દશમને દિવસે થતી પૂજાનો મહોત્સવ જોવાનો પ્રસંગ મને મળ્યો હતો, તે વખતે મેડતાનો હાકેમ પણ ફલોધિ આવે છે. આ મેડતા શહેરની પૂર્વની જાહોજલાલી જાણીતા અને જૈનોની આધુનિક અને પ્રાચીન સ્થિતિની સરખામણી કરતાં બહુ ખેદ થાય છે. મેડતા શહેરમાં પૂર્વે સેંકડો લક્ષાધિપતિ જૈનો હતા, કેટલાક કોટિધ્વજો પણ હતા, અનેક આચાર્યોનો ત્યાં વિહાર થયો હતો, અનેક પ્રકારના મહોત્સવો વારંવાર ત્યાં થતા હતા, ત્યાં ઘણા જ્ઞાનભંડારો હતા અને હાલ જે દેરાસરો મોજુદ છે તે પૂર્વકાળની જૈન જાહોજલાલીનો ખ્યાલ સંપૂર્ણ કરાવે તેવા છે. સ્થિતિ એવી છે કે અત્યારે ત્યાં સર્વ દેરાસરોમાં પૂજા કરનાર જૈન હાજર નથી અને પરિણામે વંશપરંપરાના પુજારીઓપર આધાર રાખવો પડે છે. આ મેડતા શહેરમાં ખાસ ઉદ્યોગ કોઈ [illegible] નથી, [illegible] ત્યાં કેટલીક દુકાનો [illegible] [illegible] જોવામાં આવે છે. તે શહેરની [illegible] [illegible] એક [illegible] [illegible] [illegible] [illegible] [illegible] એમ સહજ અનુમાન થાય છે. આ શહેરમાં [illegible] [illegible] [illegible] છે, પૂજા [illegible] છે, [illegible] [illegible] છે અને [illegible] [illegible] [illegible] [illegible] થયેલ છે એમ અનેક વર્ષોની ઘણી [illegible] [illegible] [illegible] છે. આ શહેર માટે આનંદઘનજી મહારાજનો સમય

વિશેષ હોય એમ ત્યાં ચાલતી દંતકથાપરથી જણાય છે. તેમનો દેહોત્સર્ગ પણ અહીં જ થયો છે એમ ત્યાંના લોકો કહે છે.

પ્રતિબન્ધ ત્યાગવૃત્તિ: નિઃસ્પૃહતાનું દૃષ્ટાંત: એ મેડતા શહેરમાં એક શેઠ હતા જેઓ આનંદઘનજી મહારાજને અતિ આગ્રહ કરીને ચોમાસું કરવા લઈ આવ્યા હતા અને શરૂઆતથી પોતે જાતે મહારાજશ્રીની સેવામાં હાજર રહેતા હતા. અનેક પ્રકારે આનંદઘનજીની સેવા ચાકરી કરવા ઉપરાંત તે મહારાજશ્રીને પોતાને ઘેર આહાર વહોરાવવા લઈ જતા, કપડાં વહોરાવતા અને વારંવાર મહારાજશ્રીની પાસે હાજર રહેતા હતા. પર્યુષણનાં વ્યાખ્યાનો સંપૂર્ણ સાંભળવાની ઇચ્છા સ્વાભાવિક રીતે વધારે હોય છે અને બની શકે તો કલ્પસૂત્ર અવિચ્છિન્ન સાંભળવાની ઇચ્છા શ્રદ્ધાળુ જૈનોને વધારે રહે છે. એ ગામનો રિવાજ પણ કાંઈક એવો હતો કે શેઠ આવ્યા પછી જ ચાતુર્માસસ્થિત સાધુ વ્યાખ્યાન વાંચવાનું શરૂ કરે. નિઃસ્પૃહી આનંદઘનજીને તો કોઈની દરકાર નહોતી અને એ શેઠ ઉપર કાંઈ ખાસ રાગ પણ નહોતો. અગાઉથી મુકરર કરેલા વખતે તેઓએ વ્યાખ્યાન શરૂ કરવાની તજવીજ કરી ત્યારે કોઈ શ્રાવકોએ જણાવ્યું કે 'અમુક શેઠ પૂજામાં છે તે જલદી આવી પહોંચશે માટે ત્યાંસુધી રાહ જોવી યોગ્ય છે.' આ પ્રમાણે રાહ જોવા માટે કહેલી હકીકતપર લક્ષ ન આપી આનંદઘનજી મહારાજે વ્યાખ્યાન વાચવાનું શરૂ કર્યું. શેઠ [illegible] વખત પછી આવી પહોંચ્યા, પણ નારાજ થયા. [illegible] વ્યાખ્યાનકારની [illegible] કરવા [illegible] વ્યાખ્યાન પૂરું [illegible] અને પ્રસંગે બોલ્યા કે [illegible]

[illegible]

શ્રય પણ શેઠનો હતો તેથી તેનો પણ ત્યાગ કરી દીધો. આ પ્રમાણે વાત ચાલે છે એમ મને પં. ગંભીરવિજયજીએ કહ્યું હતું અને મેડતામાં પણ આને મળતી વાત અત:પર્યંત ચાલતી જણાય છે. આ વાત સત્ય હોય તો તેપરથી બહુ બોધ મળે તેમ છે. અપ્રમત્ત અવસ્થાના ખપી સર્વવિરતિ ધારણ કરનાર મુનિ અમુક શ્રાવકના રાગી થઈને પોતાની જે સ્થિતિ નીપજાવે છે તેનો જેને અનુભવ થયો છે તે આ વાતમાં બતાવેલી નમુનેદાર નિઃસ્પૃહતાની વાસ્તવિક કિંમત બહુ સારી રીતે સમજી શકશે. સાધુજીવન ગાળવાનો નિયમ કરનાર મુનિ ગૃહસ્થના સંયોગોમાં આવી કેવા કેવા પ્રતિબંધમાં પડી જાય છે તે વર્તમાન દુર્દશા જોનારને સમજી શકાય તેમ છે, તેનું અવલોકન કરનારને નવીન જાણવાનું રહેતું નથી અને ખાસ કરીને આગેવાન શેઠ અને ઉપાશ્રયના માલેક માટે સહજ વાત જેવી એ સાધારણ રીતે જોતાં સામાન્ય છે છતાં એવી બાબતમાં પણ દરકાર ન કરનાર, સાધ્ય સિવાય અન્ય બાબતમાં જરા પણ વિચાર કરવાની જરૂરીઆત પણ ન સ્વીકારનાર નિઃસ્પૃહી મહાપુરૂષના વિશુદ્ધ વર્તનપર આપણને સહજ આકર્ષણ થઈ આવે છે અને આપણા મનમાં તેમને માટે પૂજ્ય ભાવ ઉત્પન્ન થાય છે. પર્યુષણમાં શહેર છોડી ચાલ્યા ગયા હશે અને જે અવસ્થા આનંદઘનજીએ ધારણ કરી હશે એ વાતમાં કદાચ સંપ્રદાયથી શંકા આવે તેવું રહે છે, પણ ઊંચી હદના પુરૂષો પોતાને યોગ્ય વર્તન શું છે તે બહુ સારી રીતે વિચારી શકે છે અને તેમનું વર્તન પ્રસંગાનુસાર, આત્માને ઉન્નત કરનાર અને સાધ્ય તરફ પ્રયાણ કરાવનાર જ હોય છે. વાત કેમ બની હશે અને તેમાં સત્યના અંશો કેટલા હશે તે કહેવું લગભગ અશક્ય જેવું છે, પણ એક વાત જે એમાંથી તારવી શકાય તેવી છે તે એ છે કે આપણા ચરિત્રનાયક તદ્દન નિઃસ્પૃહી હતા, પારકી આશા કરનાર કે અન્યથી દબાઈને કે તેની શરમથી વર્તન કરનાર નહોતા. આવી વૃત્તિ થવી એ આત્માની અતિ ઉદાત્ત દશા સૂચવે છે.

નિઃસ્પૃહતાનું એક વિશેષ દૃષ્ટાન્તઃ નિઃસ્પૃહદશા બતાવનારી એક બીજી પણ વાત સંપ્રદાયથી આનંદઘનજીના સંબંધમાં ચાલી આવે છે એમ મને પં. ગંભીરવિજયજીએ કહ્યું હતું. વાત એમ બની કહેવાય છે કે મેડતા શહેરમાં એક વખત આનંદઘનજી ચતુર્માસ સ્થિત થયેલ.

હતા તેવામાં ત્યાંના રાજાની એક અણમાનીતી રાણીએ આનંદઘનજીની યોગી અવધૂત જેવી અવસ્થાનો હેવાલ સાંભળી તેમના તરફ આકર્ષણ પામી અને ગુરૂમહારાજ પાસે આવી. સુખશાતા પૂછયા પછી તેણે આનંદઘનજી મહારાજને બહુ સંક્ષેપમાં જણાવી દીધું કે પોતે ત્યાંના રાજાની રાણી છે અને હાલ અણમાનીતી થઈ પડી છે અને કોઈ ઉપાયે રાજા તેને વશ થાય એવું ગુરૂકૃપાથી થવું જોઈએ. ગુરૂમહારાજની જગજાહેર નિઃસ્પૃહ વૃત્તિને લઈને આટલી વાત બહુ સંક્ષેપમાં પણ મુદ્દાસર રીતે રાણીએ કહી. તેને પ્રેરનાર યોગીઓ પાસે હોતી સિદ્ધિઓ હોવી જોઈએ એમ અનુમાન થાય છે. તે વાત સાંભળતી વખતે આનંદઘનજી કાંઈ લહેરમાં હતા તેથી એક કાગળનો ટુકડો લઈ તેપર કાંઈ લખ્યું અને રાણીને કાંઈ પણ બોલ્યા વગર તે કાગળ આપ્યો. રાણી સમજી કે ગુરૂમહારાજે કાંઈ યંત્ર (જંતર) કરી આપ્યું છે અને તે વાંચવાની સ્વાભાવિક રીતે જ મના હોય છે તેથી તેણે એક સોનાનું તાવીજ તુરત બનાવી તેમાં પેલો કાગળ મૂકી પોતાને હાથે તેને રક્ષાબંધન તરીકે બાંધ્યું. અકસ્માત્ સંયોગ એવો બન્યો કે પાંચ કે સાત દિવસમાં રાજા તે અણમાનીતી રાણીને વશ થઈ ગયો, તેના તરફ અપૂર્વ પ્રેમ બતાવવા લાગ્યો અને તેને મંદિરે આવવા લાગ્યો. થોડા દિવસ પછી તે માનીતી થયેલી રાણી હર્ષમાં આવી રાજા પાસે પેલી વાત બોલી ગઈ તેથી અથવા બીજી પદચ્યુત થઈ ગયેલી રાણીઓના જણાવવાથી રાજાને ખબર પડી કે પોતામાં જે ફેરફાર થયો છે તેનુ કારણ લોકચર્ચા પ્રમાણે આનંદઘનજીનો મંત્રપ્રયોગ છે. રાજા આ વાત સાંભળી આનંદઘનજી પાસે આવી તેને કહેવા લાગ્યો કે 'તમે આવા વશીકરણનાં કામ કરો છો તે સાધુ તરીકે કઈ રીતે ઉચિત ગણાય?' સાધારણ રીતે આવા ઉદ્ધત સવાલનો જવાબ આપે એવી તેઓશ્રીની પદ્ધતિ નહોતી, પણ તે દિવસે કાંઈ તેઓ ફરીવાર લહેરમા હતા તેથી રાજાને કહ્યુ કે રાણીને બોલાવી જેને યત્ર કહેવામા આવે છે તે ઉઘાડી વાચી જુઓ. રાજાએ તુરત તેમ કર્યુ. રાણીને બોલાવી, સુવર્ણતાવીજ ખોલ્યુ અને અદર રહેલ ચીઠ્ઠી વાચતા તેમા લખેલુ માલુમ પડ્યું કે:-

'રાજા પતિ વશ હોવે ઉસમે આનન્દઘનકુ ક્યા
રાજા પતિ વશ ન હોવે ઉસમે આનન્દઘનકુ ક્યા

આ શબ્દો વાંચતાં રાજા દિગ્મૂઢ થઈ ગયો અને ગુરૂચરણે નમી પડ્યો. આનંદઘનજી અથવા લાભાનંદનું વર્તન એવા પ્રકારનું હતું કે એને રાજા નમી પડે કે એના ઉપર રૂષ્ટમાન થાય તેની તેમને દરકાર હતી જ નહિ. એમના મનમા આ બન્નેમાંના એક પણ બનાવથી કાંઈ પણ અસર થઈ નહીં. એવી ઊંચી હદ સુધી વધેલા મહાત્માના સંબંધમાં બનેલી આવી વાતો લોકોનાં હૃદયમાં કોરાઈ રહે એ તદ્દન સ્વાભાવિક છે. જનસમૂહનો મોટો ભાગ મધ્યમ પ્રવાહપર હોય છે, પરંતુ તેઓને વિશિષ્ટ પ્રવાહપર પ્રગતિ કરનાર માટે હૃદયમાં માન બહુ હોય છે અને તેવા પ્રસંગો જ્યારે જ્યારે બને છે ત્યારે ત્યારે તે તેને જાળવી રાખે છે, નોંધી રાખે છે અથવા તે સંબંધી બહુ હોંશથી વાતો કરે છે. આનંદઘનજીએ લખી આપેલ મંત્રનો વિશિષ્ટ આધ્યાત્મિક ભાવ પણ વિચારવા યોગ્ય છે અને કદાચ અણુમાનીતી અને માનીતીનો પ્રસંગ સુમતિ અને કુમતિનો અથવા શ્રદ્ધા અને માયામમતાનો અલંકારિક ભાષામાં થયો હોય તોપણ ઘટતી વાત છે.

આનંદઘનજીનાં પદોમાં આવા પ્રસગો બહુ આવે છે તે વાત અહીં સામાન્ય રીતે લક્ષ્યપર આવે છે અને તેનો પ્રતિભાસ અત્ર બહુ આનંદકારક રીતે થાય છે. આઠમા પદમાં 'અનુભવ નાથકું કયું ન જગાવે,' દશમા પદમાં 'ચેતન ચાલ ચલન ન એને,' તેરમા પદમા 'અનુભવ હમ તો રાવરી દાસી,' સોળમા પદમાં 'નિશદિન જોઉં તારી વાટડી, ઘરે આવોને ઢોલા,' અઢારમા પદમા 'રિસાની આપ મનાવો રે,' પચીશમા પદમાં 'ક્યારે મુને મિલશ્યે માહરો સંત સનેહી,' તેત્રીશમા પદમાં 'મિલાપી આન મિલાવો રે, મેરે અનુભવ મીઠડે મિત્ત' વિગેરે જે વિચારો બતાવ્યા છે તેમા સુમતિની વિરહદશા અને માયામમતાને વિવશ પતિ વિભાવમાં રમણ કરતા બતાવ્યા છે. એ ચેતનપતિની વર્તમાન દશા અતિ ખેદ કરાવનાર છે, બહુ વિચાર કરવાને યોગ્ય છે અને તેમા ઘટતો ફેરફાર અનુભવ દ્વારા કરાવવાની આવશ્યકતા છે, એવું રહસ્ય બતાવનાર બહુ પદો આ વિભાગમાં આવે છે. એને માટે ખાસ વિવેચન દરેક પદમાં કરેલું છે, પણ એ સર્વ પદોમાથી જે ખાસ ધ્વનિ કેંદ્રસ્થ રહેલ જણાઈ આવે છે તે બહુ વિચાર કરવા યોગ્ય છે. એનું લક્ષ્ય એ છે કે માયામમતાને પરવશ પડી આત્મધન ગુમાવનાર અને

સંસારમાં રખડનાર ચેતનજીની અસ્તવ્યસ્ત સ્થિતિપર ખાસ વિચા-
રણા કરી એનો સુમતિ સાથે સંયોગ કરાવી આપી એને માર્ગપર
લઈ આવવા અને એની ઉત્ક્રાન્તિ બહુ સારી રીતે થાય, એની પ્રગ-
તિમાં બહુ વધારો થાય અને વિભાવદશા દુર્લક્ષ્ય પામી સ્વભાવ તરફ
એનું સાધ્ય થાય એવી તેની સ્થિતિ કરાવી આપવી. એ માટે અનેક
પ્રકારે સુમતિનું સ્વરૂપ અને માયામમતાનું સ્વરૂપ બતાવવામાં આવ્યું
છે, સુમતિને બોલતી કરી તેની મારફત, અનુભવ દ્વારા અને કોઈવાર
રૂબરૂ સંદેશા મોકલ્યા છે, આપ્યા છે અને અનેક વિરહાલાપ કરાવ્યા છે,
તેમ જ તે દ્વારા પતિને વશ કરવાની રીત અને જરૂરીઆત સ્પષ્ટ રીતે
બતાવી આપી છે. આ વિષય પદોની ભાષારચના તથા વિષયને અંગે
ફરીવાર પણ વિચારાશે, પણ અહીં વક્તવ્ય એ છે કે આનંદઘનજી મહા-
રાજે રાત્રીને જે વિચાર લખી આપ્યા તેમાં પદોમાં બતાવેલા વિચા-
રોથી પણ વિશિષ્ટ યોગની વાસ આવે છે. સુમતિનો માર્ગ લઈ
સ્વભાવરમણતા થવા માંડ્યા પછી એવી વિશિષ્ટ સ્થિતિ પ્રાપ્ત થાય
છે કે જેમાં કોઈ પણ પૌદ્ગલિક વસ્તુઓપર પ્રેમ રહેતો નથી, એને
પ્રાપ્ત કરવાની ઇચ્છા રહેતી નથી અને એ પ્રાપ્ત થવાથી કોઈ પણ
પ્રકારનો સંતોષ થતો નથી. આવો ઇચ્છારોધ થયા પછી તેથી આગળ
વધતાં એને મુક્તિ અને સંસાર સરખાં લાગે છે, વિશિષ્ટ ગુણો એની
મેળે સ્વતઃ આવી જાય એવી તેની દશા થયેલી હોય છે અને તેથી
મોક્ષ પ્રાપ્ત કરવાની ઇચ્છા પણ તેને રહેતી નથી અને પરિણામે
મોક્ષને અને સંસારને પણ સરખાં ગણે છે. મુક્તિ અને સંસારને
સરખા ગણે છે એટલે બન્ને વચ્ચે ગુણસદ્ભાવ અને તત્પ્રાપ્તિનભા-
વનામાં સ્પષ્ટ રહેતો તફાવત તેના લક્ષ્ય બહાર જાય છે અથવા નહિ
કે એમ તો કદિ બનતું જ નથી, પણ એને જે ઇચ્છારોધ થાય છે
[illegible] પૌદ્ગલિક વસ્તુને [illegible] ઉપરાંત [illegible] પ્રકારે [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે, ઈસ્યો હોય તું જાણ રે. શાંતિ

કાર્યો એવાં પણ કરે છે કે જેનો ખુલાસો સામાન્ય જનકલ્પનામાં કેટલીકવાર આવી શકે નહિ. આવાં કારણોથી અસાધારણ સત્ત્વોના સંબંધમાં બહુ બારીકીથી અભ્યાસ કરવાની અને તેની જીવનચર્યાને પૃથક્કરણ કરીને બરાબર સમજવાની ખાસ આવશ્યકતા રહે છે. તાવી. જમાં લખેલા અક્ષરો કોઈ ખાસ આધ્યાત્મિક ભાવ બતાવે છે તેનું અત્ર ઝાંખું દર્શન થયું હશે.

આદિનાથ સ્તવનરચના: 'આશા ઓરનકી ક્યા કીજે' એ પ્રથમ પદ રચના કરવાના પ્રસંગને અંગે ચાલતી વાત ઉપર જણાવી, તેવીજ રીતે ચોવીશી પૈકી બાવીશ સ્તવનો શ્રીઆનંદઘનજીએ બનાવેલાં કહેવાય છે તેમાં પ્રથમ સ્તવનને અંગે એક એવી વાત ચાલે છે કે તેઓ એક વખત મેડતાની પાસેના જંગલમાં ફરવા હતા ત્યાં એક શેઠની છોકરી જે તરતમાં વિધવા થઈ હતી તેને અગ્નિમાં બળી મરી સતી થવાને ઉદ્યુક્ત થયેલી જોઈ. આ પ્રસંગે તે સ્ત્રીને ઉદ્દેશીને આત્માનો ખરો પતિ કોણ છે, પ્રીતિનું વાસ્તવિક લક્ષણ શું છે તે બતાવતાં આનંદઘનજીએ ઉપદેશ આપ્યો એમ સંભળાય છે. તેઓએ તે સ્ત્રીને સમજાવ્યું કે સાંસારિક પ્રાણીઓ જે પ્રીતિ કરે છે તે વાસ્તવિક પ્રીતિ નથી, કારણ કે એ પ્રીતિ લાંબો વખત ટકતી નથી અને પ્રીતિને અંગે પાછો જ્યારે વિરહ થાય છે ત્યારે મનમાં અતિ ખેદ થાય છે, માટે પ્રીતિ કરવી હોય તો એવી કરવી કે અનંતકાળ સુધી પ્રીતિના પાત્ર સાથે કદિ વિરહ થાય નહિ અને પ્રીતિ ચાલતી હોય તે દરમ્યાન કોઈ પણ પ્રકારની ઉપાધિ થાય નહિ. [illegible] પ્રીતિમાં આ વાતની ગંધ પણ હોતી નથી. એ ચાલતી હોય ત્યારે અનેક પ્રકારની ઉપાધિ કરાવે છે, અંતે વિરહદુઃખ આપે છે અને મનને શોકાતુર કર્યા કરે છે અને છેવટે એનો નાશ થઈ જાય છે. એવા [illegible] ની પ્રીતિ કરવી એ કોઈ પણ રીતે ઇષ્ટ ગણી શકાય નહિ. [illegible] સ્ત્રીઓ પતિને વશ કરવા અથવા તેની પ્રીતિ સંપાદન કરવા [illegible] કરે છે. કોઈ જાતના [illegible] પતિને [illegible] સંસાર- [illegible] થી [illegible] પડે છે [illegible] પણ [illegible] પ્રાપ્ત [illegible] કોઈ [illegible] પ્રીતિમાં [illegible] હશે અને [illegible] સ્વકર્માનુસાર પોત [illegible] તેની [illegible] ખબર હોતી નથી. [illegible] રીતે [illegible]

માટે અનેક ઉપાધિ વહોરવી અને મરણાંત કષ્ટ સહન કરવું એ કોઈ પણ રીતે કર્તવ્ય નથી, પરિણામ વગરનું છે અને અતિ દારૂણ ફળ આપનારૂં છે. આ પ્રમાણે હકીકત હોવાથી પતિ ખરેખરા કોણ છે તે વિચારવું, પ્રીતિનું સ્વરૂપ સમજવું, તે કેવી રીતે ઠરવી ઉચિત ગણાય તેની વિચારણા કરવી અને તે કરીને શું મેળવવું છે તેનું ખાસ લક્ષ્ય રાખવું. આવી રીતે નિર્ણય કરતાં અથવા નિર્ણય કરવા માટેના વિચાર કરતાં સ્થૂળ દશામાં થતી સાંસારિક પ્રીતિનું સ્વરૂપ સમજાશે કે ખરી પ્રીતિ તો વિશુદ્ધ આત્મા સાથે જ ઠરવા યોગ્ય છે કે જે ઠરવાથી પોતામાં વિશુદ્ધ ગુણ પ્રગટી આવે અને ભવાંતરમાં થતી પીડાઓ અટકી સર્વથા નિવૃત્તિસ્થાન આનંદ સાથે પ્રાપ્ત થાય. પરમાત્મદશા પ્રાપ્ત થયેલ શ્રી જિનેશ્વર દેવને પતિ તરીકે કલ્પી તેઓની અનન્ય ભાવથી પૂજા કરતાં પૂજામાં ચિત્તની અતિ પ્રસન્નતા થાય એવી અખંડિતપણે તે પૂજા કરતા અને તેમાં વળી દંભ રહિત આત્મઅર્પણા થઈ જાય એવી રીતે પૂજા કરતાં ચિદ્ઘનાનંદ સ્વરૂપ પ્રાપ્ત થાય છે, વસ્તુવિવેક પ્રાપ્ત થાય છે અને એવા પતિને પ્રાપ્ત કરવાના પ્રયાસમાં સ્વયં પતિરૂપ થઈ જવાય છે, પતિ જેવા થઈ જવાય છે અને પતિ સાથે થયેલો મેળાપ કદિ પણ છૂટતો નથી, વિરહકાળ પ્રાપ્ત થતો નથી અને આનંદદશામાં ફેરફાર થતો નથી. આવા પતિને પ્રાપ્ત કરવા માટે પ્રયાસ કરવો ઉચિત છે. આવી અર્થસૂચક વાત સાંભળી તે શેઠની છોડી સતી થતી અટકી વિશુદ્ધ માર્ગપર જોડાઈ, તેણે સર્વવિરતિ માર્ગ આદર્યો અને નિજ અંતરમાં રહેલ પતિને સંતોષ આપી, પ્રસન્ન કરી તેને વશ કરવાના માર્ગમાં લાગી ગઈ.

આ પ્રસંગે તે સતીને બોધ આપવા માટે 'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;' એ સ્તવનની રચના આનંદઘનજીએ કરી, એ સ્તવનની અર્થવિચારણા કરતાં ઉપરોક્ત શેઠપુત્રીની ભ્રાંતિ ટળી ગઈ અને તે માર્ગપર આવી ગઈ, આ પ્રમાણે વાત ચાલે છે. હવે અહીં એકાદ ગંભીર પ્રશ્નપર વિચારણા થઈ આવે છે. હાલમાં ઘણા લેખકો ખ્રીસ્તી ધર્મનો પાયો પ્રેમ (Love) ઉપર થયેલો કહે છે તેને અને આ પ્રીતિને કોઈ જાતનો સંબંધ છે કે નહિ તે બરાબર વિચારીએ તો તે વિષયપર આખો લેખ થઈ જાય, જેમ કરવું

અત્ર સ્થળસંકોચથી બની શકે તેમ નથી, પણ ખ્રીસ્તી પ્રજાનો પ્રેમનો સિદ્ધાન્ત બહુ ઊંચી હદે લેતાં પણ મનુષ્યથી તો આગળ વધી શકતો જ નથી, જૈનની દયા-પતિ પ્રસન્ન કરવાની કુંચી પ્રેમ-પ્રીતિ પશુ પક્ષી જળચર અને કીડી માંકડ સુધી જવા ઉપરાંત વન-સ્પતિ અને જળ કે અગ્નિ સુધી પણ આગળ વધે છે: બીજું આ પ્રેમના તત્ત્વમાં સ્વાર્થનો અંશ પણ નથી અને ત્રીજું પરમાત્મભાવ પ્રાપ્ત કરી અવ્યાબાધપણે જે સાધ્ય પ્રાપ્ત કરવાની તેના અંતરમાં ભાવના રહેલી છે તેની ગંધ પણ ખ્રીસ્તી પ્રેમના તત્ત્વમાં નથી. બીજી વિચારણા 'ચિત્તપ્રસન્ને રે પૂજાનું ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ; કપટ રહિત થઈ આતમ અરપણા રે, આનંદઘનપદ રેહ.' ને અંગે થાય છે. એમાં જે પ્રકારની પૂજા કરવાની ભાવના બતાવવામાં આવી છે તે બહુ વિચારીને ધ્યાનમાં લેવા યોગ્ય છે. આખી જીંદગી સુધી પૂજા કરવામાં આવે, પણ જો ચિત્તપ્રસન્નતા થાય નહિ તો હજુ પોતે એકડા જ ઘુંટે છે એમ સમજવું. જેમ સાંસારિક કાર્યો કરવામાં રસ આવે છે, સગાંઓના વેધ અને મિત્રોનો વિવેક જાળવવામાં ચીવટ રાખવામાં આવે છે, સ્ત્રી પુત્રને સારૂ કપડાં ઘરેણાં લાવવામાં આનંદ આવે છે, તેવા પ્રકારની આંતર વૃત્તિથી પ્રભુપર ચિત્તની પ્રસન્નતા ન થાય, તેમાં એકાંત આનંદ ન આવે અને ત્યાં સ્થિરતા ન થાય ત્યાં-સુધી વિશિષ્ટ પ્રકારની પૂજા થતી નથી એમ ખાસ ધ્યાનમાં રહેવું જોઈએ, એ સ્થિતિએ પહોંચવાનું લક્ષ્ય હોવું જોઈએ એટલે પછી કારણ-કાર્યભાવમાં વિપર્યાસ ન થઈ જાય. એ સ્થિતિએ પહોંચવામાં અડચણ પડતી હોય તો તે દૂર કરવા માટે પ્રયાસ કરવો, પરંતુ વસ્તુસ્વરૂપ બરાબર ઓળખી રાખવું એટલે તત્ત્વનું અને ઉપરના છોલનું ભાન રહે, જેથી વિવેકભ્રષ્ટ ન થવાય. સતી થવાના પ્રસંગને અંગે આટલી વાત કહી દીધી તે આપણા ચરિત્રનાયકનો ખાસ વિષય હોવાથી જણા-વવા લાયક ગણવામાં આવી છે. તે બન્ને વાતને અંગે ઘણો ગૂંચ-વારો ખ્યાલ હાલ જોવામાં આવે છે. કેટલાક વિદ્વાનો એમ માને છે-માનવે છે કે ખ્રીસ્તી ધર્મનો પ્રેમનો વિષય અન્યત્ર ચર્ચાયેલો જ નથી અથવા તેવા આકારમાં કોઈએ બતાવ્યો જ નથી. જૈનની દયા, તેનું સ્વરૂપ, તેના ભેદો અને તેમાં રહેલ ભાવ વિચારવામાં આવે તો આ

ભૂલભરેલા વિચારો તુરત દૂર થઈ જાય તેમ છે. તેવી જ રીતે દ્રવ્યક્રિયાના મોહમાં પડી જઈ જેઓ તેમાં સંપૂર્ણતા માને છે અને જેઓ દ્રવ્યક્રિયાની આવશ્યકતા જ માનતા નથી એ બન્ને ભૂલ કરે છે. પ્રથમ પંક્તિના પ્રાણીઓ કારણને કાર્ય સમજે છે, બીજી પંક્તિવાળા પગથિયાં છોડી દઈ દાદરને મથાળે ઠેકડો મારી ચઢી જવા ઇચ્છે છે. આનંદઘનજી મહારાજ એ બન્ને વાતનો પ્રથમ સ્તવનમાં જ ખુલાસો બહુ સૂક્ષ્મ રીતે આપી દે છે અને તેપર જેમ જેમ વિચારણા થાય છે તેમ તેમ એમાં રહેલ વિશિષ્ટ ભાવનો અર્થ ખ્યાલમાં આવે છે.

શ્રી યશોવિજયજી સાથે પ્રસંગઃ ઉપર જે વાતો લખી છે તે સર્વ મેડતા શહેરમાં અથવા તેની નજીકના જંગલમાં બની કહેવાય છે, તે ઉપરાંત આનંદઘનજીનો શ્રીયશોવિજયજી ઉપાધ્યાય સાથે પ્રસંગ થયો અને તે વખતે ઉપાધ્યાયજીએ અષ્ટપદી બનાવી તે મેળાપ પણ સાંપ્રદાયિક વાતો પ્રમાણે મેડતા શહેરમાં થયાનું કહેવામાં આવે છે. કોઈ આ મેળાપ આબુ પર્વતપર થયો એમ પણ કહે છે. મેળાપ થયાની વાતમાં મતભેદ નથી પણ સ્થાન માટે એક નિર્ણય નથી. ઉપાધ્યાયજી સાથે થયેલા પ્રસંગને અંગે બે ત્રણ વાતો અત્ર જરા વક્તવ્ય છે તે પણ વિચારી લેઇએ, કારણ કે તે પણ સંપ્રદાયથી ચાલી આવે છે. બનારસમાં વિકટ સંયોગોમાં અભ્યાસ કરી ન્યાયના વિષયમાં ખાસ નિષ્ણાત (specialist) થવાને લીધે 'ન્યાય વિશારદ અને ન્યાયાચાર્ય'નું બિરૂદ મેળવનાર આ મહાત્માનો પ્રસંગ શ્રી આનંદઘનજીનો સમય નિર્ણય કરતી વખતે સહજ વિચારી ગયા છીએ. જૈન કોમના આ છેલ્લા સમર્થ વિદ્વાન્ મહાત્મા અને આપણા ચરિત્રનાયકના સંબંધમાં આગળ પણ કેટલીક વાત આવશે. ચરિત્રપ્રસંગે તેઓના અને આનંદઘનજીના મેળાપની વાતો કરવાની છે. ત્યાં કેટલાકના કહેવા પ્રમાણે આનંદઘનજીનો અને તેમનો મેળાપ શ્રી મેડતા શહેરમાં થયો હતો અને પ્રથમ મેળાપ વખતે જ યશોવિજયજીએ અષ્ટપદી બનાવી હતી. કેટલાકના કહેવા પ્રમાણે આ મેળાપ મેડતાની બાજુના જંગલોમાં થયો હતો અને રસ્તે ચાલતાં ચાલતાં ઉપાધ્યાયજીએ અષ્ટપદી તાત્કાળિક ઉદ્‌ગારરૂપે બનાવી હતી. ત્રીજી વાત એમ છે કે આબુ ઉપર ગુફામાં આનંદઘનજી યોગસાધના

કરવા હતા તે પ્રસંગે યશોવિજયજી તેમને શોધવા શોધતા ત્યાં ગયા
હતા અને ત્યાં મેળાપ થયો હતો. આ સર્વમાં મને મેડતા શહેરમાં
મેળાપ થયેલો હોવાનું વધારે બંધબેસતું લાગે છે. જૈનપુરી તરીકે
સુવિખ્યાત થયેલા મેડતામાં આનંદઘનજીના અનેક પ્રસંગો થયેલા
છે અને તેઓ ત્યાં જીવનનો મોટો ભાગ રહ્યા હોય એમ ત્યાં ચાલતી
વાતોપરથી પણ જણાય છે, અને વ્યાખ્યાન પ્રસંગે બન્ને મહાત્માઓ
મળ્યા એમ જે વાત ચાલે છે તે જોતાં તે મેડતા શહેરમાં બનેલ હોય
એમ સંભવિત વધારે લાગે છે. એ હકીકત એમ છે કે આનંદઘનજીએ
એક વખત મેડતા શહેરમાં ઉપાધ્યાયજી વ્યાખ્યાન બહુ ઊંચા પ્રકારનું
ભાવાત્મક વાંચે છે એમ હકીકત સાંભળી હતી તે વાત પ્રત્યક્ષ જોવા
તથા સાંભળવા ઉપાધ્યાયજીના વ્યાખ્યાન વખતે તેઓ ઉપાશ્રયમાં
ગયા અને ઉપાધ્યાયજીની વ્યાખ્યાનકળા જોઈ બહુ રાજી થયા.
પછી ઉપાધ્યાયજીની વિજ્ઞપ્તિ ઉપરથી પોતે પણ યોગના વિષયપર
સારી રીતે બોલ્યા (વ્યાખ્યાન આપ્યું) તે અનુભવયુક્ત વચન હોવાથી
શ્રોતાપર સારી અસર કરનારૂં થયું. ઉપાધ્યાયજીનો અને તેમનો
મેળાપ બહુ સારો હતો, ખાસ વ્યાખ્યાનશૈલી, તેમાં મધુરતા અને
વક્તૃત્વ આવવું એ અભ્યાસથી અલગ વિષય છે. ખુદ યશોવિજયજી
અને રામવિજયજીના પ્રસંગ માટે પણ એવું કહેવાય છે કે ઉપા-
ધ્યાયજી જેવા સમર્થ વક્તાની સભા કરતાં રામવિજયના વ્યાખ્યાનમાં
બહુ શ્રોતાઓની હાજરી રહેતી અને તેનું કારણ તપાસવા યશો-
વિજયજી એક વખત જાતે ગયા હતા. શિષ્ટાચાર પ્રમાણે રામવિજયજીએ
ઊભા થઈ તેઓને દક્ષિણ આસન આપ્યું અને વ્યાખ્યાન ચલાવવા
વિજ્ઞપ્તિ કરી, પણ ઉપાધ્યાયજીના અતિ આગ્રહથી જ્યારે રામવિજય-
જીએ વ્યાખ્યાન વાંચ્યું ત્યારે તેમની દૃષ્ટાંત આપવાની ઢબ, કહેવાની
શૈલી અને વાક્યરચના તથા શબ્દોનું રહસ્ય સાંભળતાં રામવિજયજીની
વક્તૃત્વકળાનો વિશિષ્ટ ખ્યાલ ઉપાધ્યાયજીને પણ થઈ ગયો. આ પ્રસંગ
ઉપરથી ઉપાધ્યાયજીનો કર્મયોગ અને આનંદઘનજીની યોગપ્રક્રિયા
કેટલાં આગળ વધેલાં હતાં તે જણાય છે. આટલા ઉપરથી બન્ને મહા-
ત્માઓનો મેળાપ મેડતા શહેરમાં થયેલો વધારે સંભવિત લાગે છે. આ
સિવાય એક વાત એવી કહેવામાં આવે છે કે જેવી રીતે ઉપાધ્યાય-

જીએ આનંદઘનજીની સ્તુતિરૂપ અષ્ટપદી બનાવી છે તેવી અષ્ટપદી આનંદઘનજીએ ઉપાધ્યાયજીની સ્તુતિરૂપ બનાવી છે. આ બાબતનો કાંઈ પણ પૂરાવો ન મળવાથી એ વાત કોઈએ પોતાના મગજમાંથી બહાર પાડી હોય એમ મને લાગે છે અને એમ બનવાનાં ઘણાં કારણો છે. આનંદઘનજી સંબંધી કલ્પિત વાતો બહાર પાડવાનું અને તેમને અવનવા ખ્યાલી આકારમાં ચિતરવાનું કેટલાકને પસંદ આવે છે તેઓની આ કલ્પના હોવાનો સંભવ છે, કારણ કે પૂજ્ય કદિ પૂજક હોઇ શકે નહિ, સ્થિત્યંતર એવા રૂપમાં સંપ્રદાયથી કે શિષ્ટાચાર પ્રમાણે સંભવે નહિ અને આનંદઘનજી અને ઉપાધ્યાયજીની વય વિચારતાં અને યોગવિષયમાં આનંદઘનજીના પ્રક્રિયા અને અભ્યાસ તથા વર્તના લક્ષ્યમાં લેતાં એ હકીકત અસંભવિત માનવામાં આવે છે; તે છતાં કદાચ કોઇએ એવી અષ્ટપદી જોઈ હોય તો તે દ્રવ્યાનુયોગ આદિના વિશિષ્ટ જ્ઞાનને અંગે ઉપાધ્યાયજીની પ્રશંસારૂપ હોવાનો સંભવ વધારે છે. મેં એવી અષ્ટપદી સંબંધી બહુ બારીક તપાસ ચલાવી છે, પરંતુ પ્રેમાનંદનાં નાટકો પેઠે હજુ સુધી તો તે સંબંધી પત્તો લાગ્યો નથી અને કોઇએ તે વાંચી કે સાંભળી હોય એમ કહેનાર પણ મને મળ્યું નથી. આયદે પણ જો તે સંબંધી વધારે હકીકત પ્રાપ્ત થશે તો તેપર ખુલ્લા મનથી વિચારણા કરવાનો પ્રસંગ લેવામાં આવશે. આવી અષ્ટપદી જો ઉપાધ્યાયજીને પોતાના પૂજ્ય તરીકે ગણીને કરેલી હોય તો તેથી આનંદઘનજીના ચરિત્રને અંગે મોટા ફેરફાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તેવું હોવાથી એ સંબંધી ખાસ ઊહાપોહ કરવાની જરૂર અહીં જણાઇ છે. મારો પોતાનો અભિપ્રાય આવી અષ્ટપદી હોઇ શકે નહિ એમ છે અને તેવી અષ્ટપદીની હયાતી માટે પણ એક બે માણસનાં મોઢાનાં વચન સિવાય અન્ય આધારભૂત કાંઇ પૂરાવો મળી શકયો નથી. ગુજરાતી રાસોમાં પ્રવીણ ઘણા વાંચનવાળા જૈન વિદ્વાનોને પૂછતાં તેવી અષ્ટપદી કોઈએ જોઈ હોય એમ જણાતું નથી. સીધો પૂરાવો અને આધારભૂત હકીકત ન મળે ત્યાંસુધી આવી અષ્ટપદીની હકીકત સ્વીકારવા યોગ્ય મને લાગતી નથી.

ઉપાધ્યાયજી યશોવિજયજી સાથે એક વધારે પ્રસંગ થયાની

વાત પણ સંપ્રદાયથી ચાલ્યા કરે છે. હકીકત એમ બની કહેવાય છે કે આનંદઘનજી મહારાજે પોતાનો દેહવિલયકાળ નજીક જાણી યશોવિજયજીને કેટલીક હકીકત કહેવા સારૂ પોતાની પાસે બોલાવ્યા, ઉપાધ્યાયજી આવ્યા, તેમને આવી ગયાને બે પાંચ દિવસો થઈ ગયાં છતાં આનંદઘનજી કાંઇ બોલ્યા નહિ. આથી યશોવિજયજીના મનમાં એમ સહજ શંકા થઇ કે કદાચ આનંદઘનજી પોતાને બોલાવવાની વાત કદાચ ભૂલી ગયા હશે તેથી એક દિવસ સવારમાં વિજ્ઞપ્તિ કરી પોતાને તેડાવવાની વાતની યાદ આપી. આનંદઘનજીએ એના જવાબમાં કહ્યું કે "હવે કાંઇ કહેવાનું રહ્યું નથી. મને ખેદ એટલો થાય છે કે તમારામાં હજુ જોઇએ તેટલી સ્થિરતા આવી નથી. તમારે એટલું અવશ્ય વિચારવું હતું કે જેણે તમને ખાસ તેડાવેલ છે તેને અધિકાર પ્રમાણે અવસર જોઇ કાંઈ આપવું જ હશે અને તે યથાયોગ્ય વખતે આપત જ, પણ જ્યાંસુધી જોઇએ તેવી સ્થિરતા અને ધૈર્ય આવ્યાં ન હોય ત્યાંસુધી હું યોગનાં મહાન્ તત્ત્વો બતાવવાનો પ્રસંગ જોતો નથી અને તમને તેના અધિકારી સમજતો નથી. યોગની વિશિષ્ટ વાતો અને પ્રક્રિયાઓ હાલ તો મારી સાથે જ કાળધર્મ પામી જશે." આવી મતલબનો જવાબ મળ્યો, ત્યાર પછી યોગ્ય પરિચર્યા કરી ઉપાધ્યાયજી ત્યાંથી વિદાય થયા. એમ કહેવાય છે કે આ બનાવ બન્યા પછી ઉપાધ્યાયજીના મનપર બહુ અસર થઈ, તેઓમાં બહુ સ્થિરતા આવી ગઈ અને તેઓના ગ્રંથના વિષયો અને તેની શૈલીમાં પણ તેથી મોટો ફેરફાર થઇ ગયો. જ્ઞાનસારના જેવા અમૃતમહોદધિમાંથી સાર તત્ત્વનું પાન કરાવનાર ગ્રંથ ત્યાર પછીની વયમાં બનાવેલ હોય અને જસવિલાસની આધ્યાત્મિક વાણી પણ ત્યાર પછી નીકળી હોય એમ ઘણા વિદ્વાનોનું માનવું છે. પ્રત્યેકનું જીવન વિચારતાં આવો બનાવ બનવો મને તદ્દન અસંભવિત લાગે છે; પરંતુ આનંદઘનજીનો પ્રસંગ શ્રી યશોવિજયજીને ચારી રીતે હોવો જોઇએ એમ માનવાને તો ઘણા પ્રબળ પૂરાવા મળી આવે છે. બત્રીશ બત્રીશીમાં દરેક પ્રકરણને છેડે ઇરાદાપૂર્વક 'પરમાનંદ' શબ્દ વાપરવામાં આવ્યો છે તે ખાસ અર્થસૂચક છે અને અષ્ટપદીની રચના બનાવ તેજ બાબત સવિશેષપણે બતાવે છે. આ ઉપરાંત આનંદઘનજી પર ઉપાધ્યાયજી સુવર્ણસિદ્ધિ દેવ.

ગયા અને આનંદઘનજીએ તે તેમને આપી નહિ, કારણ કે તેમની યોગ્યતા ન જોઈ એ વાતને જો કે શાસનઅભ્યુદયના મહાન્ હેતુથી બચાવી લેવાનો અથવા નરમ પાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે પણ મને તે વાત બન્ને મહાત્માઓનાં પ્રસંગ, વય, સ્થાન અને વર્તનને જોઈને તદ્દન કલ્પિત લાગે છે. યોગસિદ્ધિ જાણતા હોય અથવા યોગબળથી તે પ્રાપ્ત થઈ ગઈ હોય તો તેનો ઉપયોગ આરંભ પરિગ્રહ દ્વારાએ કરવો એ પ્રમાદ છે અને તેથી જ નિધાન બતાવવાનો શ્રીસ્થૂલભદ્રનો અભિપ્રાય શાસ્ત્રદૃષ્ટિએ નિંદેલો હોય એમ મને જણાય છે, તેથી યોગભ્રષ્ટ થઈ જવાય છે અને તેમાં સાચી જાઉં એ પૈદ્ગલિક હોવાથી તે માર્ગને અયોગ્ય ગણ્યો છે. આપણે યોગના ખાસ વિષયમાં આ બાબત સારી રીતે વિચારશું. આ ઉપરાંત ઉપાધ્યાયજી જેવા સ્થિતપ્રજ્ઞ મહા પુરૂષ તેની અથવા કોઈ વસ્તુની પ્રબળપણે ઇચ્છા કરે એ પણ બનવા જોગ નથી. એકંદરે આ સુવર્ણસિદ્ધિની વાત કોઈના મગજમાંથી નીકળી હોય એમ ધારવું વિશેષ યોગ્ય લાગે છે.

આનંદઘનજીનો દેહોત્સર્ગ: હાલ મેડતામાં આનંદઘનજીનો સ્તૂપ છે તે ઉપરથી અને તે શહેરમાં તેમના સંબંધી ચાલતી વાતો ઉપરથી આ મહાત્માનો દેહવિલય મેડતામાં થયો હોય એમ જણાય છે. દેહોત્સર્ગનો કાળ સંવત્ ૧૭૩૦ ની આસપાસ જણાય છે. મરણ પહેલાં તેમને શ્રી સત્યવિજય પંન્યાસ સાથે પ્રસંગ થયો હોય એમ પણ વાતો ચાલે છે. સત્યવિજયજીએ કેટલોક સમય તેમની સાથે જંગલમાં કાઢ્યો એમ આત્મારામજી મહારાજ શ્રીજૈન તત્ત્વાદર્શ ગ્રંથમાં કહે છે. આ ઉપરાંત આનંદઘનજીના સંબંધમાં કેટલીક બીજી વાતો ચાલે છે તેને બીલકુલ આધાર વગર ચાલુ કરવી એમાં બહુ જોખમ છે. કેટલીક વાર મહાત્મા પુરૂષોને એથી અન્યાય આપવા જેવું થાય છે, કોઈ કોઈ વાતો જોડી કાઢી પરમ મહાપુરૂષોને હાસ્યસ્પદ બનાવાય છે અને કેટલીકવાર તેમનું મહત્ત્વ હોય તે કરતાં અલ્પત્વનું વધારી દેવાય છે. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે ચાલી આવતી વાતોમાં આધારભૂત અથવા વજનદાર માલુમો પામેલી જે વાત જણાતી હોય અને તેને બહુ જનોએથી ટેકો મળતો હોય તે જ વાત યોગ્ય શબ્દોમાં પૃથક્કરણ કરીને અને તે ઉપર ચાલુ

અભિપ્રાય બન્ને બાજુના બતાવીને દાખલ કરવાની અને તેના સ
સત્ય નિર્ણય માટે યોગ્ય દલીલો સંભવાસંભવ માટે બતાવવાની
કની ફરજ છે. અવ્યવસ્થિતપણે અરસ્પરસ વિરોધ આવે તેવી
દાખલ કરવામાં કોઈ પણ પ્રકારનો લાભ હોય એમ મને લા
નથી. મને બહુ વિગતથી તપાસ કરતાં જેટલી વાતો લભ્ય
છે તેમાંથી આધારભૂત વાતો જ અહીં દાખલ કરી છે અ
તેપર વિવેચક દૃષ્ટિએ વિચાર કર્યો છે. આ ઉપરાંત ખાસ મહત્ત્વન
બાબતો હજુ પ્રાપ્ત થશે તો ઉપરની બાબતોમાં ફેરફાર અથવા વધારો
કરવામાં આવશે. ઇતિહાસની બાબતમાં આપણે હજુ એટલી પછાત
સ્થિતિમાં છીએ કે આવી બાબતમાં વારંવાર ફેરફાર થયા કરે એમાં
નવાઈ જેવું નથી અને એ નિયમ મારે મુનિસુંદરસૂરિના સંબંધમાં
અન્યત્ર પણ જાળવવો પડ્યો છે. ઇતિહાસમાં અભ્યાસીએ આગ્રહી
પ્રવૃત્તિ ન રાખતાં જેમ બને તેમ ખુલ્લા દિલથી કામ લેવું, કોઈ
વાતને પોતાના પક્ષ, મત કે સંપ્રદાયમાં ખેંચી જવા પ્રયત્ન કરવો
નહિ અને વધારે આધારભૂત હકીકત પ્રાપ્ત થતાં પોતાની વાતને
સુધારણા માટે ખુલ્લી રાખવી આવા નિયમથી ઐતિહાસિક બાબ-
તમાં શોધખોળ ચલાવવામાં આવે તો. એટલે સારશોધી બુદ્ધિવાળા
માણસે બહુ કામ કર્યો ઘણો નવીન પ્રકાશ નાખી શકે એમ મારું માનવું
છે અને તે નિયમ વિસારી દેવાથી ઐતિહાસિક ચર્ચામાં બહુ ગુ
ચવણ થઈ છે અને આવું પણ થશે એવો ભય રહે છે. અત્યારે
[illegible] આનંદઘનજીના [illegible] જાણવા [illegible]
[illegible] પ્રયત્ન ગુણ
[illegible] કેમનનાએ
[illegible]
[illegible] આનંદઘનજી કેવા
[illegible] પણ ઠું છે અને
[illegible] વખતે હાજર
[illegible] નજરે જોઈ
[illegible] કરવાની તેમને
[illegible] પરોક્ષપણે [illegible] થઈ નહિ
[illegible] પદ્ધતિને અહીં

જરા વિશેષ સંભાળ ભરી તપાસ ચલાવવામાં આવી હોત અને વ્યવસ્થાસર હકીકત દાખલ થઇ હોત તથા તેમાંથી આધારભૂત અને આધાર વગરની તેમ જ પ્રશંસાસ્પદ કે નિંદાસ્થાનીય હકીકતનો વિવેક કરવામાં આવ્યો હોત તો તેમણે જે પ્રયત્ન કર્યો છે તે વિશેષ ઉપયોગી બની શકત એમ મને લાગે છે. બધી કિંવદંતીઓને અવ્યવસ્થિતપણે પ્રસાર કરવામાં સમાયલું જોખમ બહુ વિચારવા યોગ્ય છે અને ખાસ કરીને આનંદઘનજી જેવા મહાત્મા પુરુષના સંબંધમાં વિચાર કરવા માટે જેમ સાધનો પૂરાં પાડવાની જરૂર છે તેમ તેપર કાં તો વ્યવસ્થાસર વિચારો બતાવવા જોઇએ અથવા વાતો નોંધી લેવી જ જોઈએ. દરેક હકીકતપર વિચારો બતાવવા જતાં ખરા ખોટાનું પૃથક્કરણ કરવાની બહુ જરૂર છે અને એ વાત ખાસ લક્ષ્યમાં ન રહે તો તેનો ગેરલાભ લેનારા બહુ નીકળી આવે છે. બનતાં સુધી આ નિયમ સાચવવા અત્ર યત્ન કર્યો છે અને ખાસ કરીને અમુક સંપ્રદાય કે પક્ષ તરફના વાજિત્ર તરીકે આનંદઘનજીના વિશુદ્ધ જીવનનો ઉપયોગ ન થાય એ જોવા ખાસ સંભાળ રાખી છે. એ મહાત્માના શિક્ષણપર હવે પછી વિચારણા થશે ત્યારે પણ આ નિયમ ઉપર લક્ષ્ય રહેશે.

મેડતાઃ આનંદઘનજી મહારાજના પ્રસંગો ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે તેઓનો વિહાર મેડતા અને તેની આજુબાજુમાં વધારે થયો હોય એમ જણાય છે. સંપ્રદાય પ્રમાણે તેઓ મારવાડમાં બહુ વિચર્યા જણાય છે અને જીંદગીનો કેટલોક કાળ તેઓએ પાલણપુર તરફનાં ગામોમાં ગાળ્યો જણાય છે. મેડતાની આજુબાજુનાં મોટાં જંગલોમાં અને આબુ ઉપરની ગુફામાં તેઓ વિશેષ રહ્યા હોય એમ જણાય છે અને શ્રી સિદ્ધાચળને ભેટવા માટે કાઠિયાવાડમાં આવી ગયા હોય એ સંભવિત છે. તેઓશ્રીનો જન્મ બુદેલખંડમાં થયો હોય એમ તેઓની ભાષા અને તે સંબંધી ચાલતી દંતકથા ઉપરથી જણાય છે. તેઓની ભાષાપર હવે વિચાર કરવા માટે એ અગત્યના વિષયની વિચારણા કરવાનાં સાધનોપર આપણે લક્ષ્ય આપીએ. તેઓના સબંધમાં ચાલતી સાંપ્રદાયિક વાતો, દંતકથાઓ અને હકીકતો એક સરખી રીતે તેઓનો મારવાડમાં વિહાર બતાવી

આપે છે. આપણે ગુજરાતના હોઇએ તેથી તેમને ગુજરાતી કાઠિયાવાડી હોઇએ તેથી કાઠિયાવાડી બતાવવા પ્રયાસ કરવો બંગાળી હોઇએ તો બંગાળી બતાવવા યત્ન કરવો એમ કરવા જવાય તેવું છે; પરંતુ વાસ્તવિક રીતે એ વસ્તુસ્વરૂપપર ખેંચવાનો અથવા ખેંચાવવાનો પ્રયત્ન છે. આથી આ આનંદઘનજીની ભાષાપર વિચાર કરીએ.

આનંદઘનજીની ભાષા: સાંપ્રદાયિક હકીકત એ બહારને (extrinsic evidence) છે. આનંદઘનજીના ચરિત્રને અંગે સહજ ઊહાપોહ તે રીતે કરી ગયા. હવે આપણે ગ્રંથકર્તા ધમાં અને ખાસ કરીને તેમની ભાષાના સંબંધમાં તેઓની કૃતિઓમાંથી શું હકીકત પ્રાપ્ત થાય છે તેપર વિચાર કરી આંતરિક પુરાવો (intrinsic evidence) જેમ એક રીતે જન્મ વિહાર આદિનો નિર્ણય કરવામાં ઉપયોગી જણાય છે તે સંયોગોના પુરૂષો માટે તેનો બહુ ઉપયોગ કરવામાં આવે રસ્તે પણ દોરી જાય છે. શેક્સપિયર જેવા એક સ્થાનકે ર પૂરું કરનારના જન્મ અને વ્યવહારના નિર્ણયમાં અમુક અંશે તેન વપરાયલી ભાષા બહુ ઉપયોગી ગણાય, પરંતુ એક સ્થાનકે સ્થાન કે વિહાર કરનાર સાધુઓના સંબંધમાં એ જ ભાષાવિચાર ખોટા અનુમાનનું કારણ થઇ પડે તો તે તદ્દન સંભવિત છે. રીતે તો અમુક ભાષા ઉપરથી કોઇ પણ નિર્ણય ઉપર અમુક સંબંધમાં આવવું અથવા તેપરથી તેમનો જન્મ વ્યવહા કરવો એ ઘણું જોખમભરેલું છે તેનું કારણ એ છે કે પોતાની ભાષા સંયોગ પ્રમાણે ફેરવી શકે છે. સ્વામી વિ દર્શિત ભાષાપરનો કાંઇ વિચારતાં તેમને બ્રહ્મભૂમિથી જન્મેલા ધારવામાં આવાં અનુમાનો કેવી રીતે ઉપયોગી થાય સ્વા જેવું છે. કાઠિયાવાડમાં જન્મેલ અને પૂર્ણ અવસ્થામાં ગુ તાલીમ લેખ લખેલ માણસ દક્ષિણના પ્રદેશોમાં વિચરે સ્તાની ભાષાપર અસાધારણ કાબુ ધરાવે એવા દાખલા મારવાડના જન્મેલ અને કાઠિયાવાડમાં વિચરેલા સંઘની

જન્મેલા છતાં થોડો વખત પંજાબમાં ફરેલા શુદ્ધ ગુજરાતી લખે અને હિંદુસ્તાનીમાં ભાષણ કરે તથા ગુજરાતી ભાષા બોલતાં પણ ન આવડે એવા દાખલા આપણે હાલ નજરે જોઈએ છીએ. એથી ભાષાને અંગે અમુક પ્રદેશમાં વધારે વિહાર હતો અથવા પરિચય વિશેષ હતો અથવા જન્મ તે પ્રદેશમાં હતો એમ ચોક્કસ ધારી લેવું તે ખાસ કરીને સાધુઓના સંબંધમાં બહુ જોખમ ભરેલું છે અને સાધારણ રીતે એવા અસ્થિર પાયા ઉપર કોઈ પણ લેખક કે ગ્રંથકારના સંબંધમાં ઈમારત ચણવી તે જરૂર બહુ અચોક્કસ અવસ્થામાં રહે છે. મી૰ મનસુખલાલ રવજીભાઈ મહેતા જૈન કાવ્યદોહન પ્રથમ ભાગના ઉપોદ્ઘાતમાં જે અનુમાનો ઉપર આનંદઘનજીના સંબંધમાં દોરવાઈ ગયા છે તે બંધબેસતાં નથી. તેનાં કારણોમાં પ્રથમ અગત્યનું કારણ એ છે કે સંપ્રદાયથી તેઓનાં અનુમાનો અસત્ય માલૂમ પડે છે અને તેઓ જે ભાષાને વિશેષ કાઠિયાવાડી સંસ્કારવાળી કહે છે અને મુનિ બુદ્ધિસાગર જેને ગુજરાતી કહે છે તે બન્ને વાત બહારના તેમજ અંદરના પૂરાવાથી પણ ખોટી માલૂમ પડી આવે છે. અગાઉ જણાવ્યું છે તેમ આ સંબંધમાં માત્ર ભાષા ઉપર આધાર રાખવો પડ્યો હોત તો એકાંત અનુમાન ઉપર આવવું લગભગ અશક્ય જેવું જ હતું, પણ તે સાથે મેડતામાં ચાલતી વાતો, સંપ્રદાયથી ચાલી આવેલી હકીકતો, મેડતામાં ઉપાશ્રયના ખંડેરો અને તે સર્વની સાથે આનંદઘનજીની ભાષાને વિચારતા આપણે આનંદઘનજીના જન્મ અને વિહાર વિશેષે કરીને મેડતા તરફના પ્રદેશમાં એટલે મારવાડમાં હતો એમ બતાવવા પ્રયત્ન કરશું. સંપ્રદાયથી ચાલી આવતી વાતો ઉપર જણાવી છે અને તે વાતને પં. ગંભીરવિજયજી જેઓનો જન્મ પણ બુંદેલખંડમાં હતો તેઓએ તેઓના જીવનનો પ્રથમ ભાગ યતિપણે મારવાડમાં ગાળ્યો હતો તે વખત દરમ્યાન આનંદઘનજી સંબંધી ઘણી હકીકત મેળવી હતી તેમણે ટેકો આપ્યો છે તેથી હવે આપણે આનંદઘનજીની ભાષામાં વિશેષ વલણ કઈ ભાષાનું આવે છે તે વિચારીએ. ત્યાં ભાષાવિચારણાને અંગે એક વાત ખાસ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે અને તે એ છે કે અમુક લેખક ગુજરાતીમાં લખે છતાં પણ જો તેનો મૂળ પ્રદેશ મારવાડ હોય તો તે અવારનવાર

મારવાડી શબ્દો તથા વાક્યોનો ઉપયોગ કરી નાખે છે તેથી ગુજરાતી ભાષાના બહારના શણગારમાં બીજી કઈ કઈ ભાષાનો સંયોગ અથવા સહયોગ થયો છે એપર બરાબર વિચાર ચલાવવામાં આવે તો ગ્રંથકર્તાના સંબંધમાં આંતરિક હકીકત વધારે ચોક્કસ આકારમાં મળે એમ સંભવ રહે છે. દાખલા તરીકે આપણે આનંદઘનજીના સંબંધમાં જો એમ બતાવી શકીએ કે તેઓની ગુજરાતી લાગતી ભાષામાં પણ મારવાડી શબ્દો વિશેષ આવે છે તો જેમ આપણે તેમનું મૂળ સ્થાન મારવાડની ભૂમિ બતાવી શકીએ, તેમજ જો તેનામાં અવારનવાર મારવાડીના પ્રયોગો બતાવી શકીએ તોપણ એ જ વાત બીજા આકારમાં પણ તેજ રૂપે બતાવી શકીએ. આ વાત લક્ષ્યમાં રાખી આપણે પ્રથમ પદોની ભાષાપર વિચાર કરીએ. પદમાં મારવાડી (અથવા ગુજરાતી નહિ એવા) પ્રયોગો કેટલી છુટથી થયા છે તે બહુ થોડાં પદમાં આવેલા શબ્દોના ઉપરથી જણાશે. નીચે લખેલા શબ્દોમાંથી એક પણ શબ્દ અહીં વપરાયો છે તે રૂપમાં અથવા અર્થમાં ગુજરાતી ભાષામાં વપરાતો નથી અને તેમાંના કેટલાક શબ્દો તો ગુજરાતી ભાષામાં વપરાતા જ નથી.

પ્રથમ પદ-ક્યા, સોવે, બાઉરે, જ્યું, ઘટત હૈ, દેત, ઘરિય,
રાઉ, પાયંક, ભાઉ, નાઉ, કહા, અબ, ધ્યાઉ.
તીય પદ-બાઉરે, મત, રીર, કયા, ખજાવે (ગુજરાતી=વગાડે)
કહે, વૈ, ઘટમેં, સુજ, ભાવે, પાએ, આવે, પાવે.
દ ત્રીજું-જીય, મેરી, માતો, બિસરી, સુપનકો, સાથ, માચત,
રાહત, છાંહ, બદરી, આઈ, મહેગો, જ્યું, નાહર,
અજહુ, કપુ, નાંહિ, હારિલ, લકરી, છાંરત, કરી.
ચોથું-નિન્દ, અગ્યાનકી, મિટ ગઇ, નિજ, દીપક કીયો, સરૂપ,
આપુહી, ઠાનત, કહા, દિખાઉં, ઔરકું, સોર, પ્રેમકા,
સો, હોર, આપકું, જિને, લોપ, અકથ, કહાની, કોય.
પાંચમું-અવધુ, નટનાગરકી, બાંભણ, સમયમેં, ઠાને, બિણસેં, તબહી,
ઉલટપલટ, થા, હમ, સુની, કબહી, કુની, સુભાવે,
તાહી, સમાવે, હૈ નાંહિ, લખે, ક્યા, સર્વમયી, સરવંગી,
ન્યારી, ભાવે, સો પાવે.
છઠ્ઠું-રસિકડો, સુન્યો, વિરતંત, ઘરવાસી, મધી, પૂરી,
બળાસી, અભ્યાસી, સમાસી, ચારી, જયકારી (જ્યારસી),
અનુકારી, વિમાસી, સીઝે, સમાસી,

પદ સાતમું-જંજીરથી, મોર, ઝકર્યો, ધાવત, જગતમેં, ઈક, ઠોર, કપા,
મડમેં, વિલોકન, ઘટમેં, મડકી, પરતીત, કીજૈ, હહિ, હલચલ,
મેટિ, ધટકી, ચિહ્ને, જલમેં, પંચ ભૂતકા, વાસા, સાસા,
ખવીસા, છિન છિન, તાહી, છલનકું, ઔરા, સીસા, ઘટમેં,
સૂછમ, તખે, મૂકી, તારી, આશા મારી, આસન ધરી, પાવે.
પદ આઠમું-કુલકી, નવલી, કોઉ, પકરે વાસના, ગહે પરતીત, નાથકું,
કપું, રો પાય, થનતેં, દુહાવે, મૈરે, કહેતે, ઐસીહી, દિખાવે,
બહોત, કહેતે, ઐસી, દિખાવે, ઔરનકે, કહાવે.
પદ નવમું-નિહારો, આપમતાસી, સંચકસી, ખોટો ખાતો, ખતાસી,
ત્રિગુંણ, જગકી, સિયાનપ, બતાસી, કૌણ, ઐસા, જૈસા, દૂધ
પતાસી, અહિતકરી, હરવિધિ, સંતાસી, હિતુ, ઔર, સમતાસી.

આવી રીતે લખવા જઈએ તો લગભગ દરેક પદના ઘણા શબ્દો લખવા પડે, કારણ કે સામાન્ય ગુજરાતી બોધ હોય તે પણ કહી શકે તેમ છે કે આ પદોની એકદમ ગુજરાતી ભાષા કહેવી એ અયોગ્ય છે. એ દરેક પદોમાંથી એકાદ શબ્દ ગુજરાતીમાં પણ વપરાતો હોય તેને તેવા આકારમાં બતાવી તેપરથી પદની ભાષા ગુજરાતી કહેવી એ તાણીને પોતાના વિચાર પ્રમાણે શબ્દોને લઇ આવવા જેવો પ્રયત્ન લાગે છે. આવી રીતે સર્વ પદોમાંથી લગભગ મારવાડી અને હિંદુ-સ્તાનીના પ્રયોગો વિચારતા પદની ભાષા ગુજરાતી અથવા ગુજરાત અને કાઠિયાવાડમા બોલાતી મિશ્ર ગુજરાતી ભાષા કહેવી એ ઘટતું નથી. આને માટે આપણે બીજી રીને કેટલાક ખાસ શબ્દ પ્રયોગો વિચારીએ તો તેથી પણ એ વાત સ્પષ્ટ થશે. પદોમાં અવારનવાર ગુજરાતી ભાષાના સંસ્કાર છે પણ વિશેષ સસ્કાર તો ઉત્તર હિંદ અને મારવાડના છે એમ વધારે વિચારણાપૂર્વક નિરીક્ષણ કરવાથી જણાશે. ગુજરાતી ભાષામા નીચેના પ્રયોગો કદિ કોઇએ વાપર્યા હોય એવું વાંચવામાં કે સાભળવામાં આવ્યું નથી. તે દરેક પ્રયોગો વિચારવાં યોગ્ય છે. નમુના સારૂ ખાસ ચુંટણી કરીને એવા થોડા જ પ્રયોગો અહીં બતાવવામાં આવ્યા છે.

'ખોટો ખાતો ખતાસી' (પદ-૯). ગુજરાતી ગમે ત્યાં બોલાતી હશે ત્યાં 'ખોટું ખાતું' એવો પ્રયોગ જ વપરાશે, પરંતુ એક મારવાડીને તમે બોલતો સાંભળશો તો તે 'ખાતો' બોલશે, કારણ કે લિંગવ્યત્યય

મારવાડીમાં બહુ થઈ ગયા છે અને તે દક્ષિણી અથવા મારવાડી શબ્દપ્રયોગમાં અથવા વાક્યપ્રયોગમાં વારંવાર જોવામાં આવશે.

'જાયે કાટયા રેણુ' (પદ-૧૭) આ આખો વાક્યપ્રયોગ ખાસ મારવાડી ભાષાનો છે. એવો પ્રયોગ ગુજરાતીમાં થતો નથી. ટબાકાર વિગેરેએ કરેલા તેના અર્થ માટે વિવેચન જુઓ (પૃષ્ઠ ૧૫૪ અને ૧૫૮). એવો વાક્યપ્રયોગ મારવાડી સિવાય બીજી કોઈ ભાષામાં આવતો નથી.

એ જ પદમાં 'લેઈ લકુટિયા ચાલણ લાગ્યો,' 'સુધા વેણ,' 'જનમ જનમકે સેણ,' 'કુટા છે નેણ,' 'મરણ સિરાણે સુતો,' 'રોટી દેસી કોણ' એ સર્વ પ્રયોગ વિચારવાથી જણાશે કે ગુજરાતીમાં એવો અથવા એવા આકારવાળો એક પણ પ્રયોગ હજુ સુધી જોવામાં આવ્યો નથી. આવા એકદમ સમજી પણ ન શકાય એવા પદમાં કોણ, વેણ અને બોલે છે એવા શબ્દો આવે છે તેને ગુજરાતી કહેવા એ તદ્દન બેહુદુ છે અને પછી તે ઉપરથી અનુમાન કાઢવું કે આનંદઘનજીની ભાષા ગુજરાતી છે એ ઠીક નથી, કારણ કે એ ત્રણે શબ્દો એ જ આકારમાં મારવાડી ભાષામાં વપરાય છે, માત્ર હિંદુસ્થાનીમાં 'બોલે છે' ને બદલે 'બોલતે હૈ' એમ વપરાય છે. આ આખું પદ આનંદઘનજીની પદની ભાષા સવિશેષપણે ગુજરાતી કરતાં મારવાડીના સંસ્કારવાળી અને મારવાડી તથા હિંદુસ્થાનીના મિશ્રણ-વાળી વધારે હોય એમ સ્પષ્ટ બતાવે છે. આવા શબ્દ તથા વાક્ય-પ્રયોગવાળી ભાષા હાલ પણ બુંદેલખંડમાં વપરાય છે એમ તપાસ કરવાથી જણાયું છે.

'એક દેઢ દીન પેરી' (પદ ૨૩) નો વાક્યપ્રયોગ idiomatic
તેવા અર્થમાં એક દોઢ દિવસ એમ ગુજરાતીમાં રૂઢિ બોલાતું
હોતું. પણ 'એક બે' દિવસ એ બોલાતું હતું અને તેવો જ પ્રયોગ
લ પણ થાય છે. સોળમા પદમાં 'ઢોલા' શબ્દનો પ્રયોગ બરાબર
ર્થસૂચક છે. ઢોલા શબ્દ પતિના અર્થમાં અત્યાર સુધી કોઈ પણ
ોએ કોઈ ગુજરાતી કવિએ વાપર્યો હોય એમ જોવામાં આવ્યું
. આ સોળમા પદમાં 'જીસકે પતર કો નહિ, ઉસકા ક્યા મોલ.'
વાક્યપ્રયોગ જેમ અલંકારિક રીતે હિંદુસ્થાની ભાષા બતાવી

આપે છે તેવી જ રીતે 'સેજડી રંગ રોલા' એ વાકયનો પ્રયોગ પણ મારવાડી ભાષાને ઉદ્દેશે છે. મારા કહેવાની મતલબ અહીં વિશેષ સ્પષ્ટ રીતે કહેવાની જરૂર છે. એ આખું પદ તો હિંદી ભાષામાં જ છે અને કોઇ કોઇ જગ્યાએ મારવાડીની તેમાં વાસ આવે છે એ જણાઇ આવે તેવું છે, પરંતુ તેની સાથે એમાં વાકયોના જે પ્રયોગો કરવામાં આવ્યા છે અને તેને જે અલંકારિક અર્થમાં વાપરવામાં આવ્યા છે તે બરાબર મારવાડી છે. 'તેરે સુખ દીઠે ટલે, મેરે મનકા ચોલા,' અથવા 'સેજડી રંગ રોલા'ના જેવા પ્રયોગો ગુજરાતીમાં થતા નથી અને મારવાડીમાં બહુ સાધારણ છે. આવા શબ્દ અને વાક્યપ્રયોગ ઉપરથી જ્યારે એક ગ્રંથકર્તા કે કવિના સમય અથવા વિહારક્ષેત્રપર વિચાર કરવાનો હોય ત્યારે તે પ્રદેશના ખાસ સંબંધમાં આવવાની જરૂર રહે છે અને તે સમયના કવિઓના લેખો વાંચી જવાની જરૂર છે અને તેમ કરવાનું અને તે પ્રમાણે જેમણે કર્યું હોય તેમના વિચારો અને પ્રયોગ જાણવા સાંભળવાનું મને બનેલું હોવાથી અને તે પ્રદેશમાં જઈ કેટલીક તપાસ જાતે કરેલી હોવાથી એ સંબંધમાં આ પ્રમાણે થયેલો મારો નિર્ણય જાહેરના હિત ખાતર પ્રકટ કરવાની આવશ્યકતા ધારવામાં આવી છે. સવિશેષ આધારભૂત હકીકત પ્રાપ્ત થતાં મારા અભિપ્રાય માટે મને આગ્રહ નથી એ ઉપર જણાવ્યું છે અને ફરી પણ જણાવવાની રજા લઉં છું.

આ ઉપરાંત બીજા પણ અનેક પ્રયોગો આવી રીતે બતાવી શકાશે. તેનો ઉપયોગ મારવાડ અને ઉત્તર હિંદુસ્તાનને સ્પષ્ટ બતાવી આપે છે તે તરફ આંખ મીંચામણી કરવી એ તદ્દન બનવું અશકય છે. 'તૃષ્ણા રાંડ ભાંડકી જાઈ' (પદ ૧૪) એમાં ભાંડની દીકરીને બદલે ગુજરાતી પ્રયોગ થયો હોત તો ઢેઢની દીકરી એવો જ પ્રયોગ થઈ શકત, તેમ જ તે જ પદમાં પૃષ્ઠ ૧૩૯ માં 'વાજે જીત નગારા' એ વાક્યપ્રયોગને બદલે ગુજરાતીમાં 'વિજય ડંકો' એવો શબ્દસમૂહ વપરાત. અહીં જે પ્રયોગ કરવામાં આવ્યા છે તે ખાસ માતૃભાષાને અનુલક્ષીને અને અલકારિક રીતે થયા છે એ ખાસ લક્ષ્યમાં રાખવાનું છે. એક સમર્થ અભ્યાસી લેખક પોતાના લેખો ગુજરાતી આદિ ઘણી ભાષામાં લખી શકે એ સ્પષ્ટ સમજાય તેવી હકીકત છે, પરંતુ

જ્યારે ભાષાના ઉપયોગને અંગે idioms ખાસ વાક્યપ્રયોગો વાપરવાના પ્રસંગો આવે ત્યારે માતૃભાષામાં અથવા દેશી ભાષામાં જેવી ફુટથી તેનો ઉપયોગ થાય છે તેવો અને તેટલો ઉપયોગ અન્ય ભાષામાં થતો નથી અને આ મોટો તફાવત પદની અને ચોવીશીની ભાષામાં ખાસ લક્ષ્યમાં રાખવાની જરૂર છે. ચોવીશી પૈકીનાં ૨૨ સ્તવનો* આનંદઘનજીનાં બનાવેલાં છે તેની ભાષા પ્રૌઢ છે, છતાં જે ફુટ અને સ્પષ્ટતાથી ખાસ વાક્યપ્રયોગો અને અલંકારો પદમાં વપરાયા છે તેટલી ફુટ અને સ્પષ્ટતા સ્તવનોમાં જોવામાં આવશે નહિ. આ મુદ્દાપર આપણે ખાસ વિચાર કરવા યોગ્ય છે. તેને માટે સૂક્ષ્મ અવલોકનદૃષ્ટિથી પદની અને સ્તવનોની ભાષા વિચારવા વિજ્ઞપ્તિ છે. સ્તવનોના વિચારો વધારે ઉચ્ચ છતાં અલંકાર અને વાક્યપ્રયોગો પદમાં વિશેષ દૃઢ રીતે વપરાયલા જોવામાં આવશે.

ગમે તે પદ વાંચવાથી અને ખાસ કરીને તેના પ્રયોગોપર વિચાર કરવાથી આનંદઘનજી મહારાજની ભાષામાં દૃઢ સંસ્કાર ઉત્તર હિંદુસ્તાન અને મધ્ય પ્રદેશ વચ્ચે બુંદેલખંડમાં વપરાતી મિશ્ર મારવાડી-હિંદુસ્તાનીના જણાઇ આવે તેવું છે. આપણે એવા પ્રયોગો-પર જરા વધારે વિચાર કરીએ. દાખલા તરીકે 'કબ મિલશે મન-મેલુ' (પદ ૨૪-પૃ. ૨૧૯) ત્યાર પછીની ગાથામાં 'લેલૂ' શબ્દ-પ્રયોગ અને ખાસ કરીને 'કો નવિ વિલગે ચેલુ.' એવો એજ પદમાં જે શબ્દ અને વાક્યપ્રયોગ કર્યો છે તે આ પદોના બનાવનારનું વિહારક્ષેત્ર સ્પષ્ટપણે મારવાડ તરફ બતાવે છે. લેલૂનો અર્થ મારવાડીમાં પથ્થરનો કટકો અથવા નાનો પથ્થર થાય છે અને 'ચેલુ વિલગે' એટલે ચેલો ગુરૂ મહારાજ સાથે રહેવાને લલચાય એજ અર્થમાં હાલ પણ તે વાક્યપ્રયોગ મારવાડી ભાષામાં થાય છે અને કોઇ મારવાડી સાથે વાત કરવાથી પણ એ હકીકત જણાઈ આવે તેમ છે. 'આપ મિસ્યાથી અંતર રાખે' એને મળતો ગુજરાતીમાં પણ પ્રયોગ થાય છે પરંતુ એમાં પણ

* મારા વિચાર પ્રમાણે ૨૧ તેમનાં બનાવેલાં છે જેપર વિચારણા હવે પછી કરવામાં આવી છે. ચાલુ માન્યતા પ્રમાણે ૨૨ સ્તવન (૧ થી ૨૨) તેમનાં બનાવેલાં કહેવાય છે. ગિ. ક.

'મિલ્યાથી' શબ્દ એવી રીતે વપરાયો છે કે એ મારવાડી તરફ આખા પ્રયોગને ખેંચી જાય છે. 'આપણા મળે ત્યારે આંતરો રાખે તે ગાંડો સમજવો' એમ ગુજરાતીમાં પ્રયોગ થાય છે પણ 'મિલ્યાથી' એવો ભાષાપ્રયોગ કે વાક્યરચના ગુજરાતીમાં કદિ જોવામાં આવતા નથી. આ એક વાક્ય જ મિશ્ર મારવાડી–હિંદુસ્તાનીના પ્રયોગોનો જે છુટથી અહીં ઉપયોગ થયો છે તે બતાવી આપે છે અને ભાષાના નિર્ણયને અંગે બહુ મદદ કરે અને ઉપયોગી થાય તેવો આંતરિક પૂરાવો રજુ કરે છે.

આવા ખાસ વાક્યપ્રયોગના થોડાક દાખલા રજુ કરીએ. ત્રેવીશમાં પદમાં (પૃ. ૨૧૧) 'દે ઢવકાય નવા ગર્મે' એ ખાસ મિશ્ર પ્રયોગ છે અને એના જેવો પ્રયોગ ગુજરાતીમાં જોવામાં આવતો નથી. છવીશમા પદમાં વેદ સાથે 'કિતાબ' શબ્દ વાપર્યો છે તેનો ત્યાં અર્થ વિચારતાં તે કુરાનના અર્થમાં સમજાય છે ત્યારે તે જ શબ્દ પાછો ચુમાલીશમા પદમાં કુરાન સાથે વાપર્યો છે ત્યાં તે મહમદ પેગંબર પછીના ગ્રંથકારોએ બનાવેલ મુસલમાની ધર્મપુસ્તકો બતાવે છે. એવો તે શબ્દનો પ્રયોગ ગુજરાતીમાં કદિ થતો નથી, જ્યારે તે અર્થમાં સદરહુ શબ્દ હિંદુસ્તાનીમાં છુટથી વપરાતો હતો અને અત્યારે પણ વપરાય છે. ચુમાળીશમા પદમાં 'કરવત કાશી જાઇ ગ્રહુંરી' (પૃ. ૪૬૮) એ ખાસ મારડી વાક્યપ્રયોગ બતાવે છે. ગુજરાતીમાં તેને બદલે 'કાશીએ જઇને કરવત મૂકાવું' એવો પ્રયોગ થઈ શકત. 'કરવત ગ્રહું' એવો વાક્યપ્રયોગ ગુજરાતીમાં કદિ થતો નથી. બેંતાળીશમા પદમાં 'અપની ગતિ પકરેંગે' (પૃ. ૪૪૯) એ વાક્યપ્રયોગ શુદ્ધ હિંદુસ્તાની છે, એનો એ જ વિચાર ગુજરાતીમાં ખાસ પ્રયોગથી બતાવવો હોય તો 'મારો રસ્તો લઈ લઇશ' એમ વપરાય છે, પરંતુ 'પકડ' ધાતુ ગતિ સાથે કદિ વપરાતો નથી. આડત્રીશમા પદમાં 'વાત કરત હૈ ભોરી' (પૃ. ૩૬૮) એમાં વાતની સાથે ભોરી વિશેષણ લગાડ્યુ છે તે ગુજરાતીમાં કદિ વપરાતું નથી. આ સર્વ દાખલાઓ આડાઅવળા લઇને બતાવ્યા છે. એ વિષય ઉપર ખાસ લેખ લખવો હોય કે ચર્ચા કરવી હોય તો તેપર પાનાંઓ ભરાય તેમ છે, પરંતુ એવા મોટા ઉલ્લેખ માટે ઉપોદ્ઘાતમાં અવકાશ નથી. ખાસ વિચાર કરીને જરા નિર્ણય કરવામાં આવશે તો

એકદમ સમજી શકાય તેવું છે કે પદમાં જે ભાષા વપરાણી છે તેમ
મિશ્ર મારવાડી-હિંદુસ્તાનીના સંસ્કારો વિશેષ છે અને તેમાં ગુજ-
રાતી ભાષાનો પ્રયોગ ક્વચિત્ થયો છે ત્યાં પણ હિંદુસ્તાની સંસ્કારો
અને તેના વાક્યપ્રયોગોનો સારી રીતે ઉપયોગ થયો છે. ગુજ-
રાતનો પરિચય હોવાથી ગુજરાતીની છાયા પદમાં પણ અવારનવાર
જોવામાં આવે છે, છતાં પદની ભાષામાં મોટો ભાગ મારવાડી-હિંદુ-
સ્તાનીના સંસ્કારવાળો છે અને ગુજરાતી પ્રયોગો કોઈ કોઈ થયા હોય
ત્યાં પણ અસલ ભાષાના સંસ્કારો સ્પષ્ટ જણાઈ આવે તેમ છે.

હવે આ સંબંધમાં એક બીજી વાત પણ વિચારી લઈએ. ચોપ-
નમા પદમાં 'માણેકચોક' શબ્દ આવે છે અને ત્યાં હાટડું માંડવાની
વાત કરી છે તેપરથી આનંદઘનજીનો અમદાવાદમાં વિહાર હતો એમ
કેટલાક માનવા લલચાઈ જાય તો તે સંબંધમાં બે અનુમાન છે: મોટે
તો ઉત્તર હિંદુસ્તાનનાં ઘણાં શહેરોમાં વ્યાપારના કેન્દ્રસ્થાનને માણેક-
ચોક કહેવાનો રિવાજ છે એટલે શહેરના મધ્યભાગમાં જ્યાં સર્વ
વસ્તુ મળી શકતી હોય અને ચોક જેવો આકાર હોય તેને 'માણેક-
ચોક' કહેવાનો રિવાજ છે. અમદાવાદમાં તેને માણેકચોક કહેવામાં
આવે છે તેથી ગુજરાતની છાયા પદોમાં પાડી દેવાનું કારણ નથી.
દિલ્હીમાં ચાંદની ચોક છે તેવી રીતે બીજાં ઘણાં મારવાડ અને ઉત્તર
હિંદુસ્તાનનાં શહેરોમાં માણેકચોક હાલ પણ છે. મારી યાદ પ્રમાણે
ખુદ મેડતામાં મધ્ય ચોકને માણેકચોક કહેવામાં આવે છે. ચોપનમા
પદની ભાષામાં ગુજરાતીને મળતા કોઈ કોઈ પ્રયોગો છે તેથી એ પદ
ગુજરાત તરફના વિહાર દરમ્યાન લખાયેલ હોય તો તેમ બનવા
અસંભવ નથી, પણ એ ઉપરથી પદોની ભાષા ગુજરાતી કહી શકાય
નહિ. મુનિ બુદ્ધિસાગર પદોમાં જે ગુજરાતી શબ્દો હોવાનું લીસ્ટ
આપે છે તે લગભગ તેઓ બતાવવા માગે છે તેથી ઉલટી વાત સાબીત
કરે છે. ઘણાખરા ગુજરાતી પ્રયોગો તેઓ કહે છે તેમ વપરાયા જ
નથી. આપેલું તેમનું લીસ્ટ પ્રથમ તપાસી જઈએ. છઠ્ઠા પદમાં 'નાહરે.'
અને 'બહુરે' એ બન્ને શબ્દો બરાબર હિંદુસ્તાનીના પ્રયોગો છે. [illegible]
પદમાં 'પ્રભુ' શબ્દ હિંદુસ્તાની છે અને જે અર્થમાં તે ત્યાં વપરાયો
છે તે ગુજરાતીને બદલે હિંદુસ્તાની અર્થ ખાસ બતાવે છે. તેજ

૫

પદમાં 'આવશે' શબ્દ જે રીતે ત્યાં વપરાયો છે તેજ પ્રમાણે માર-
વાડી ભાષામાં હાલ પણ વપરાય છે, તે કોઈ ભણેલા મારવાડીને પૂછ-
વાથી પણ જણાઈ આવશે. સત્તરમા પદમાં 'કોણ, વેણ, બોલે છે'
એ ત્રણે શબ્દો મારવાડી પ્રયોગો બતાવે છે અને ખાસ કરીને વેણ
શબ્દ તો ત્યાં એટલો બધો ઘરગથ્થુ છે કે તેને ગુજરાતી કહેવો
એ તદ્દન ભૂલભરેલું છે. 'કોય, હોય' (૧૮) બન્ને મારવાડી પ્રયોગ છે
અને તે બરાબર સાબીત થઈ શકે તેમ છે. જ્યાં તે વપરાયા છે ત્યાં
જરા વાંચવાથી પણ સમજાય તેવું છે (જુઓ પૃષ્ઠ ૧૬૧). 'સનાતન
ન્તે કર્હુ રે' એ ખાસ હિંદુસ્તાની પ્રયોગ છે, સનાતન શબ્દનો ઉપયોગ
ગુજરાતી ભાષામાં હજુ હાલમાં જ થવા લાગ્યો છે. તે શબ્દનો ઇતિહાસ
વિચારવા યોગ્ય છે. આનંદઘનજીના વખતમાં એ શબ્દ ઉત્તર હિંદમાં બહુ
વપરાતો હતો અને હાલ પણ તેનો બહોળો ઉપયોગ ત્યાં જ થાય છે.
'અંતરગતની, વાતલડી' (પદ-૨૫) એ પ્રયોગ મારવાડી છે. ગુજરાતીમાં
'વાતડી' પ્રયોગ થાય છે, કોઇ પણ કેવળ ગુજરાતી કવિ કે ગ્રંથકારે
ગુજરાતીમાં 'વાતલડી' શબ્દ વાપર્યો હોય એવું બતાવવામાં ન આવે ત્યાં-
સુધી આ વાત સાબીત થઈ શકે તેમ નથી. પંડિત વીરવિજયજીએ એક
જગોએ વાતલડી શબ્દપ્રયોગ કર્યો છે, પરંતુ ત્યાં તે કેવળ ગુજરાતી
પ્રયોગ નથી, 'વાત' અક્ષરનું એ પ્રેમદર્શક નાનું રૂપ છે અને તે
કદાચ ગુજરાતીમાં વપરાતું હોય તો તેજ અર્થમાં તે મારવાડીમાં
વપરાય છે એમ ધ્યાનમાં રહેવું જોઈએ. એવા બન્ને ભાષાને સાધા-
રણ પ્રયોગો એક એકાંત હકીકત સિદ્ધ કરી શકતા નથી. 'રહું'
(પદ-૩૩) એ જ રીતે મારવાડી પ્રયોગ છે અને તે તેની પછીનો 'ફિરૂં'
શબ્દ બતાવી આપે છે. અડતાળીશમા પદમાં, 'એક પખો મેં કોઈ
ન દેખ્યો, કોઈનુ, જો જો કીધું જો જો કરાવ્યું' એ સર્વ મારવાડી
પ્રયોગ છે એ સામાન્ય રીતે પણ સમજી શકાય તેવું છે. આવી રીતે
પ્રયોગો માટે બતાવી શકાય તેમ છે. સ્થલસંકોચથી વધારે લખવાની
જરૂર લાગતી નથી, પણ મારા ધારવા પ્રમાણે મારે જે વાત કહે-
વાની છે તે મેં બની શકતી રીતે સ્પષ્ટ કરી છે. અહીં મારે એટલું
બતાવવાની જરૂર છે કે મેં પચાસ પદની ભાષાપર વિશેષ ઊહાપોહ
કર્યો છે, કારણ કે ત્યાંસુધીનાં પદો બહુ વાર વાંચવાની મને જરૂર

પડી છે. ભાષાવિચારને અંગે આ જ પુસ્તકના બીજા ભાગમાં વિ
કરવાનું કારણ રહેશે અથવા અભિપ્રાય ફેરફાર કરવાનો પ્રસંગ પ્ર
થશે તો ખુલ્લા દિલથી તે વિષયને ફરીવાર હાથ ધરવામાં આવ.
કોઇ પણ લેખકે પોતાના નિર્ણયાત્મક વિચારો આવી બાબતમાં જાહે
કરવાની કે અન્યપર ઠસાવવાની ધૃષ્ટતા કરવા વિચાર કરવો તે અયોગ્ય
છે. માત્ર વિચાર કરનારને વિચાર કરવાનાં સાધનો યોગ્ય આપ
પોતે પોતાના અભિપ્રાય બતાવવા સાથે તટસ્થ રહેવું એ જ ઉચિત
માર્ગ છે અને તે સાથે પોતે જે નિર્ણયપર આવેલ હોય તે માર્ગ-
દર્શક તરીકે બતાવવો અને તેને માટે યોગ્ય ભાષા વાપરવી. આક્ષેપક
અથવા નિર્ણયાત્મક શૈલી આવી બાબતમાં લેખક અને વાંચનાર
બન્નેને લાભ કરનાર થતી નથી. આવા ભાષાશૈલી વિગેરેના ખાસ
વિષયોમાં પ્રતિપાદક શૈલી યોગ્ય ભાષામાં જાળવી રાખવાની બહુ
જરૂર છે. પાછા આપણા મુદ્દાપર આવતાં આપણે હવે આનંદઘનજીનાં
સ્તવનોની ભાષા પણ વિચારી લઇએ.

આનંદઘનજી મહારાજે ચોવીશી પૈકી બાવીશ સ્તવનો બનાવ્યા
એમ કહેવાય છે. બાકીના બે સ્તવનો બનાવવા એ જુદા જુદા પ્રયાસ
થયા. [illegible] આનંદઘનજીની ભાષા કે રહસ્યની [illegible]
[illegible] નથી. આનંદઘનજીના સ્તવનોની ભાષા [illegible]

[illegible]

લઈ બંનેની ભાષાપર વિચાર કરવાથી આ વાતનું મારૂં વક્તવ્ય બરાબર સમજાઈ જશે. સાથે એટલું પણ યાદ આપવાની જરૂર જણાય છે કે સ્તવનોનું મહત્ત્વ ભાષાપ્રયોગને લઈને નથી, પણ નૈસર્ગિક ઉચ્ચ વિચારો, આદર્શમય જીવનના ઊંડા હૃદયપ્રદેશમાંથી નીકળેલ ભાવ અને વ્યવહાર નિશ્ચયને એક સરખી રીતે પોષક તત્ત્વ આપનાર સ્તવનો બહુ અલ્પ હોવાથી આનંદઘનજીનાં સ્તવનોનું બહુ મહત્ત્વ છે; બાકી વાક્યપ્રયોગના સંસ્કારીપણાને અંગે, વસ્તુગ્રહણ અને નિદર્શનની દૃઢતાને અંગે અને કાવ્યમાધુર્યને અંગે પદોની ભાષાશૈલી સ્તવનના કરતાં ઘણી ચડે તેમ છે. જે ઉચ્ચ આશય જાળવી રાખીને મહાન્ સત્યો સ્તવનોમાં પ્રગટ કરે છે તેની આથી ઓછી કિમત થતી નથી. વક્તવ્ય એટલું છે કે ગુજરાતી ભાષાનો છુટથી ઉપયોગ કરવા જતાં પદો જેવી વિશિષ્ટ ભાષા સ્તવનોમાં આવી શકી નથી. કાવ્યરસિકતા પણ પદોમાં સ્પષ્ટ માલૂમ પડે છે અને સરખામણીમાં તે વધારે ભાવાત્મક છે એમ જણાઈ આવે છે. આ એક જૂદી હકીકત છે. ભાષાને અંગે વિચારણા કરતાં અહીં કહેવાની એક બીજી વાત એ પ્રાપ્ત થાય છે કે સ્તવનોની ગુજરાતી ભાષામાં પણ ઉત્તર હિંદુસ્તાનના સંસ્કારો બહુ દૃઢ રહી ગયા છે. આપણે કેટલાક દાખલા આ સંબંધમાં બતાવી આપણા ચરિત્રનાયકનાં સ્તવનોની ભાષાવિચારણા કરીએ.

'સમજે ન માહરો સાલો.' (સ્તવન ૧૭-૬) અહીં માહરો સાલો એ શબ્દોનો પ્રયોગ કાઠિયાવાડી છે એમ બતાવવા પ્રયત્ન થયો છે. એ પ્રયોગ કાઠિયાવાડ કરતાં સુરતમાં વધારે થાય છે અને તેથી વધારે મારવાડમાં થાય છે. એ ઉપરાંત એમાં ખાસ લક્ષ્યમાં લેવા જેવું તો લિંગવ્યત્યયનું સ્વરૂપ છે. એ કુંથુનાથજીના સ્તવનમાં મનની વાત ચાલે છે અને કોઈ પણ સાધારણ ગુજરાતી બોલનાર મનને 'સાળો' કહે નહીં પણ 'સાળું' કહે એ ભાષાપરિચયથી જણાય તેવું છે. 'મન' નાન્યતર જાતિનો શબ્દ હોવાથી સાળા શબ્દનું વિકારી રૂપ તત્પ્રાયોગ્ય નાન્યતર વિકાર ગ્રહણ કરે છે. મારવાડના લોકો ઉપર બતાવ્યું તેમ 'ખોટો ખાતો' શબ્દ બોલે છે તેમ મન માટે પુલ્લિંગ વાપરે છે. પદ ૯ અને તેપર ભાષાવિચારણા ઉપર થઈ છે તે અત્ર પ્રસ્તુત છે. આવી રીતે લિંગવ્યત્યય મારવાડીમાં બહુ થયા કરે છે. આવો જ

લિંગવ્યત્યય 'મુજ મન તુજ પદપંકજે રે, લીનો ગુણ મકરંદ' (૧૩-૩) વાળા વાક્યમાં થયો છે. મન અને મકરંદ બન્નેને માટે 'લીનો' શબ્દ લાગુ પડે તેમ નથી, કારણ કે મન નાન્યતર લિંગે છે અને મકરંદ પુલ્લિંગે છે, છતાં લિંગ સંબંધી ફેરફાર મારવાડમાં અગત્યનો નથી અને મનને તો બહુ વાર નરજાતિમાં વાપરમાં આવે છે તેથી 'સમજે ન માહરો સાલો' એવા ઉપરોક્ત પ્રયોગ પેઠે જ આ પ્રયોગ થયો છે. જે સ્તવનની ભૂમિકા મારવાડી-હિંદુસ્તાનીમાં બતાવે છે, તેનાં ફળ ફૂલને ગુજરાતીમાં કહેવાઈ શકાશે, પણ વેલો તાણતાં તે થડ તરફ જ જશે એવું સ્વરૂપ સ્તવનોમાં બહુવાર જોવામાં આવશે.

આ લિંગવ્યત્યયના બીજા પણ ઘણા દાખલાઓ છે. જેમકે 'પાપ નહિ કોઈ ઉત્સૂત્રભાષણ જિસ્યો, ધર્મ નહિ કોઈ જગ સૂત્ર સરિખો' એ ચતુર્દશ પ્રભુના એકદમ ગુજરાતી લાગતા સ્તવનમાં પાપ અને ધર્મ શબ્દ નરજાતિમાં વાપર્યા છે તેવા પ્રયોગ ગુજરાતી ભાષાના સાક્ષરને તદ્દન ન સમજાય તેવા લાગે છે જ્યારે મારવાડીમાં તેમ થવું તે દરરોજનો બનાવ છે.

અઢારમાં અરનાથજીના સ્તવનમાં 'કનક' માટે ચોથી ગાથામાં વાત ચાલી છે ત્યાં તેને માટે 'ભારી, પીલો અને ચીકણો' એવાં વિશેષણ મૂક્યાં છે એ ત્રણેમાં અને ખાસ કરીને છેલ્લા એમ. સ્પષ્ટ રીતે લિંગવ્યત્યય થયો છે. તમે કોઈ મારવાડીને ગુજરાતી બોલતા સાંભળશો તો તે બરાબર આવી જ રીતે ગુજરાતી ભાષાના વિશેષણોનો ઉપયોગ કરશે વળી આવા લિંગવ્યત્યયો અજાણતા થઈ ગયા છે એમ પણ નથી, કારણ કે કુંથુનાથજીના સ્તવનની છઠ્ઠી ગાથામાં મનને સાલો અને કાળો કહીને તુરત જ કહે છે કે 'મેં જાણ્યું એ લિંગ નપુંસક' વિગેરે. એટલા ઉપરથી મનનું નપુંસકલિંગત્વ સિદ્ધ થયેલું જણાવામાં છે છતાં તેને માટે નરજાતિના વિશેષણ અને ઉપનામ વાપરવા તે સ્પષ્ટ રીતે મારવાડી ભાષાના પ્રયોગ બતાવી આપે છે. આવી રીતે પ્રેમકલ્પતરુ છેદીઆરે (૨૨-૫)ના 'તરુ' શબ્દને જ નરજાતિમાં વાપરેલ છે તે સંસ્કૃતને અનુરૂપ છે, પણ ગુજરાતીમાં તે શબ્દ નપુંસકલિંગમાં જ વપરાય છે. મારવાડીમાં તો ઝાડને પણ નરજાતિમાં જ વાપરવામાં આવે છે તેથી આ પ્રયોગ તે ભાષાને અનુરૂપ છે.

સત્તરમાં સ્તવનમાં 'સાપ ખાય ને મુખડું થોથું' એ ઉખાણું આપ્યું છે તે મારવાડ દેશની પ્રચલિત જાણીતી કહેવત છે, જ્યારે ગુજરાતમાં તેવું કોઈ ઉખાણું હોય એમ જણાતું નથી; આ ઉપરાંત 'વ્યાલ તણી પરે વાંકું' તેને કહેવું, 'સઠળ મરદને ઠેલે' એવો વાક્યપ્રયોગ કરવો અને 'એ કહિ વાત છે મોટી' એમાં 'કહિ' શબ્દનો ખાસ વાક્યપ્રયોગ કરવો એ સર્વ અર્થસૂચક છે. એમાં 'કહિ' શબ્દનો અર્થ 'કાંઈ' એમ થાય છે. 'એ તો કાંઈ બહુ મોટી વાત કરી' એવા અર્થમાં 'કહિ' શબ્દ ગુજરાતીમાં વપરાતો નથી, પણ બરાબર તેજ અર્થમાં હાલ પણ મારવાડી ભાષામાં તે શબ્દ વપરાય છે.

સુમતિનાથના સ્તવનમાં 'તીસરો' (૫-૨) એ ત્રીજાના અર્થમાં વપરાયેલ શબ્દ હિંદુસ્તાની જાણનાર ગુજરાતી બોલનારના જેવી જ ભાષા બતાવે છે. ગુજરાતીમાં તો 'તીસરો' શબ્દ જ વપરાતો નથી એ કહેવાની જરૂર નથી. આદીશ્વર ભગવાનના સ્તવનમાં 'ઔર' શબ્દ બીજાના અર્થમાં વપરાયેલ છે તે શુદ્ધ હિંદુસ્તાની શબ્દપ્રયોગ છે અને તે સામાન્ય ભાષાબોધથી પણ ગ્રાહ્ય થાય તેમ છે. એ ઉપરાંત નીચેના શબ્દપ્રયોગો આનંદઘનજી મહારાજની સ્તવનની ભાષામાં મિશ્ર મારવાડ તથા ઉત્તર હિંદની ભાષાનું તત્ત્વ બતાવે છે તે વિચારવા યોગ્ય છે.

સેગૂ (૩-૪)	પીજે (૨૧-૪)	બોધા (૧૯-૬)
ધુરે (૩-૧)	ગતિજાતી (૧૯-૫)	મહિર નજર (૧૯-૧૧)
ધુરિ (૫-૨)	ભાવા (૧૯-૧૦)	ફિર (૨૦-૯)
,, (૯-૨)	પાવે (૧૯-૧૧)	ધીઠાઈ (૪-૪)
દોય (૯-૪)	કહિયો (૨૦-૧)	પિપાસા ભાજે (૪-૫)
,, (૨૧-૩)	લહિયો (,,)	દાર (૫-૫)
પગૂ (૯-૩)	ચાવે (૨૦-૯)	સપજે (૫-૬)
દૂંમદ (૧૨-૨)	કીજે (૨૧-૪)	પાવરો (૬ ૬)
દુવિધા (૧૮-૭)	વંચીજે (૨૧-૯)	દેખણ દે (૮-૧)
ટલિત (૯-૭)	ફેરો (૨૨-૨)	નિ.કામીરં (૧૧-૨)
,, (૧૯-૩)	ભેલિયો (૨૨-૫)	માતા (૧૯-૮)
ધારો પદ સેવ (૭-૨)	બધસી (૨૨-૬)	ધનનામી (૧૨-૧)
વેધ (૧૩-૫)	રેહ (૧-૬)	,, (૧૫-૮)
અરદાસ (૧૫-૮)	અંબ (૨-૬)	થોયું (૧૭-૨)
સેતુ (૭-૧)	વાદ (૩-૫)	ઉખાણો (૧૭-૨)

અવારા (૧૬-૨)	ઉન્માદ (૩-૫)	પરપાસી (૧૯-૭)
પ્રતિભાસ (૧૬-૨)	રેલી થાયના (૩-૬)	ઓલમના (૯-૨)
સહેલિરી સાથ (૧૬-૫)	પ્રમુદિતા (૮-૩)	મારી સગાઈ (૧૯-૪)
ઉબાસી (૧૧-૧)	રઢ મેરો (૧૧-૪)	કરસાણી (૧૯-૫)
રોટલ (૯-૧)	ગોઢે ઉંદિમો (૧૫-૫)	પેલ (૨૨-૯)
ચૂંધુ (૭-૪)	સંધિ (૧૧-૬)	પરિકર (૧૬-૧૧)
નિદાન (૧૧-૮)	સુચિ (૯-૨)	સાજન (૨૨-૨)
નયણુ (૨-૨)	માનુ (૧૯-૨)	ઉદ્વિગમી (૧૧-૨)
,, (૨-૫)	બાઝુ (૧૭-૪)	મૂર (૧૯-૧)
,, (૧૪-૩)	કીસડી (૨૨-૬)	સઢી (૨૦-૬)
અમ (૧૫-૧)	ઢંગો (૧૧-૯)	મનાવાવડા (૨૨-૧)
ફેગુ (૨૦-૨)	નિશપતિ (૨૨-૮)	ભારી (૧૮-૪)
ફેકુ (૨૨-૪)	નાખો (૧૩-૨)	મતવાલો (૧૧-૬)
વરે પરે (૧૫-૫)	ધીંગ (૧૩-૧)	ચતુરાબરો (૨૨-૫)
મુકે (૧૬-૧૦)	સીઝે (૧૦-૩)	ડીંસગુના (૧૦-૧)
નિસ્તર્યો (૧૬-૧૧)	દીરે (૧૫-૬)	પરભાવ (૧૬-૧)
નમો મુજ (૧૬-૧૩)	લઘુદિદા (૮-૩)	પરગટી છાંડી (૧૮-૨)
ભાવે (૧૭-૧)	ચિત્તમેં (૧૪-૭)	રહ્યું (૨૦-૨)
ઘરું (૧૭-૪)	રંધાણું (૧૫-૧)	તાસ (૪-૧)
જૈરે (૧૭-૭)	જેની (૧૫-૪)	ઉંકેરું (૨-૧)
જેટે (૧૭-૭)	અવરે પાસે (૧૩-૩)	
પીટ્ટચે (૧૮-૫)	અગ (૧૯-૧)	

અહીં ધુર, ટુ, પણ–શબ્દોનો અર્થ વિચારવામાં આવશે અથવા બીજા શબ્દોનો ઉપયોગ અથવા અર્થ કે પ્રત્યયો વિચારવામાં આવશે તો તેઓનું મૂળ મારવાડ અથવા ખાસ કરીને બુંદેલખંડ અને ઉત્તર હિંદમાં જતું જણાઈ આવશે. મેગૃ કે પહુદિદા, ધીંગ કે પેટ, લગાસી કે રઢ એવા શબ્દોને ગુજરાતી બોલતા કોઈ પણ વિભાગના કહી શકાય, કોઈ પ્રાંતને તે ઉદ્દેશી શકાય એમ મને લાગતું નથી. ઉપરના દરેક શબ્દપર વિસ્તારપૂર્વક ટીકા કરી નથી, પણ સુજ્ઞ વાચકો તે વિચારી લેશે અને કોઈ શબ્દનો અર્થ ન સમજાય તો ટબા સાથે વિચારશે તો જે વિચાર હું અહીં બતાવવા માગું છું તે જણાઈ આવશે.

હવે સ્તવનોમાં આપણે કેટલાક વાક્યપ્રયોગો વિચારીએ જે પણ એ જ હકીકતને વધારે સ્પષ્ટ પ્રકારમાં બતાવવા ઉપયોગી થાય છે.

'પ્રીત સગાઇ રે નિરૂપાધિક કહી રે, સોપાધિક ધન ખોય' (૧-૨) એમાં વાક્યપ્રયોગ અને શબ્દરચના બરાબર હિંદી છે તે ત્રેવીશમા પદની ત્રીજી ગાથામાં 'કેવળ અચળ અનાદિ અબાધિત, શિવશંકરકા ભેટા' (પૃ-૨૧૩) બતાવેલા ભાવ સાથે વિચારવાથી સહજ માલૂમ પડે તેમ છે. એમાં 'સગાઈ' શબ્દ કાઠિયાવાડમાં વધારે વપરાય છે એમ ધારી લેવું બરાબર નથી. કાઠિયાવાડમાં સગાઈ કરતાં 'સગપણ' શબ્દ જ વધારે વપરાય છે અને તે વાત કાઠિયાવાડના પરિચયથી જણાય તેવી છે. સગાઈ શબ્દ મારવાડી ભાષામાં બહુ છુટથી વપરાય છે, અને તે જે અર્થમાં આનંદઘનજીએ વાપર્યો છે તે જ અર્થમાં વપરાય છે. આથી બન્ને રીતે 'સગાઇ' શબ્દપર બાંધેલ રચના તૂટી પડે છે અને તેથી તો ઉલટું હિંદુસ્તાની-મારવાડીના મિશ્ર પ્રયોગોનો ઉપયોગ સ્તવનમાં પણ વિશેષ થયો છે એ વાત સાબીત થાય છે.

'અલખ' શબ્દનો ઉપયોગ (૧-૫) જેવો આદીશ્વર ભગવાનના સ્તવનમાં થયો છે તેવો જ મિશ્ર મારવાડીના પ્રયોગવાળા ત્રેવીશમા પદની છેલ્લી ગાથામાં થયો છે. (પૃ-૨૧૬) અલખ શબ્દનો ઉપયોગ ગુજરાતીમાં કદાચ થતો તો બહુ જવલ્લે જ થતો, પણ હિંદીમાં અવારનવાર બહુ સારી રીતે થયા કરે છે અને અગાઉ પણ થતો હતો તે વ્રજવાસી કવિઓનાં પદો તથા કબીરના પદો વાચવાથી જણાય તેવું છે.

આવી જ રીતે 'વસ્તુવિચારે દિવ્ય નયણ તણો વિરહ પડ્યો' એવા પદચ્છેદવાળી વાક્યરચના (૨-૫), એમા તથા બીજી ગાથામાં 'નયણ' શબ્દનો આંખના અર્થમા ઉપયોગ-એ સર્વ ઉત્તર હિંદના સસ્કારો મજબૂતપણે બતાવે છે એમ મને લાગે છે. એવી જ રીતે 'લખ પૂરે મન આશ' (૧-૫) અને 'અંધો અંધ પુલાય' (૨-૩) ના અર્થ વિચારતાં તુરત વાક્યરચનાનુ મૂળ ઉત્તર હિંદમાં જણાઈ આવે તેવું છે. આવી જાતના અનેક વાક્યપ્રયોગો બતાવી શકાય તેવું છે અને એ બાબત ઉપર ઘણી ગેરસમજુતી થયેલી છે તેથી આપણે તે મુદ્દો જરા વધારે સ્પષ્ટ કરવો પડશે. બાકી તો ગમે તે વાક્યપ્રયોગ વિચારણાપૂર્વક નિષ્પક્ષપણે લક્ષ્યમાં લેવામા આવશે તો તેની રચના હિંદુ-

સ્તાનના ઉત્તર વિભાગ તરફ જ જશે. આવી બાબતમાં ઉપર
રથી વાંચી અભિપ્રાય આપી જનારના અદ્ધર વિચારો ઉપર અ
બાંધી શકાય તેમ નથી. આપણે આ જ સુધી સાબીત કરનાર બે
ખાસ પ્રયોગો હજુ પણ વિચારીએ.

'ચરણ ધરણ નહિ હાય' (૨-૩) એ હિંદીનો ખાસ પ્રયો
છે. ગુજરાતીમાં એને માટે 'પગ મૂકવાનું પણ ઠેકાણું નથી' એ
પ્રયોગ થાત. 'પંથ નિહાલશું' (૨-૬) એવો વાક્યપ્રયોગ અહીં ઠ
છે તે સોળમા પદની ત્રીજી ગાથામાં 'પંથ નિહારત લોયણે, દગ લાગી
અડોલા' એ વાક્યપ્રયોગ સાથે બરાબર મળતો આવે છે. રસ્તા-
પર નજર કરીને બેસવું એને માટે પંથ નિહારવો અથવા નિહા-
ળવો એ વાક્યપ્રયોગ મારવાડી અને હિંદીમાં થાય છે. એમાં ભાષા-
સંસ્કારમાં નિહારવાને બદલે સ્તવનમાં નિહાલવો એમ પ્રયોગ થયો
છે તે ખાસ વિચારવા યોગ્ય છે. એ મારવાડમાંથી ગુજરાત તરફ પ્રયાણ
સૂચવે છે પણ વાક્યપ્રયોગ ગુજરાતમાં રહેવા છતાં તેનું મૂળ ઉત્તર
હિંદ તરફ બતાવે છે.

હવે આપણે લિખ્ ધાતુના પ્રયોગપર જરા વિચાર કરીએ તો
ઉત્તર હિંદની ભાષાનો સ્તવનમાં ઉપયોગ વધારે સ્પષ્ટ રીતે જણાશે.
સ્તવનમાં 'દોષ અબોધ લખાવ' (૬-૨) ત્યાં લખાવ એટલે લખવું તે
એટલે માલુમ પડવાના જણાવવાના અર્થમાં ન ધાતુ વપરાયો છે.
[illegible]

ત્યાં પણ એ રૂપ વાપરેલ છે. 'વિરલા અલખ લખાવે' (૨૭-૧) અહીં લખાવે શબ્દ જાણવાના અર્થમાં બરાબર વપરાયેલ છે. [પૃષ્ઠ ૨૩૮-૫૨ છાપવામાં 'લગાવે' છપાયું છે તે પ્રેસની ભૂલ છે જે તે જ પૃષ્ઠપરની નોટ જોવાથી જણાશે. ત્યાં લખાવે શબ્દનો જ અર્થ આપવામાં આવ્યો છે.] આ લિખ્ ધાતુના શબ્દપ્રયોગ અને તેને જે અર્થમાં વાપરવામાં આવ્યો છે તે મારવાડી અને હિંદુસ્તાનીના થયેલા અનેક પ્રયોગોને એકદમ સ્પષ્ટ રીતે બતાવી આપનાર હોય એમ મને લાગે છે. અત્યાર સુધીના જૈનના રાસો અને અન્ય કેવળ ગુજરાતી કવિઓએ બનાવેલા પદ્ય ગદ્ય ગ્રંથોમાં લિખ્ અથવા 'લખ્' ધાતુનો આવો ઉપયોગ થયેલો મારા વાંચવામાં આવ્યો નથી.

અગ્યારમા સ્તવનની ત્રીજી ગાથામાં 'સાધે' ક્રિયાપદ બે વખત વાપરેલ છે; 'નિજ સ્વરૂપ જે કિરિયા સાધે' અને 'જે કિરિયા કરી ચઉ ગતિ સાધે' અહીં સાધે ક્રિયાપદના અર્થ અને કર્મ વિચારતાં તેના બન્ને અર્થો બહુ જ વિચારણીય છે. પ્રથમ ક્રિયાપદનું કર્મ કિરિયા છે જ્યારે બીજી વાર ચઉ ગતિ છે. એ બન્ને જગોએ તેનો અર્થ અને પ્રયોગ ઉત્તર હિંદુસ્તાનનો 'સાધ્' ધાતુનો પ્રયોગ બતાવે છે. સાધ્ ધાતુ ગુજરાતીમાં વપરાય છે ત્યાં તેનો અર્થ મેળવવું થાય છે તેનાથી આ તદ્દન જુદો જ અર્થ છે. આની સાથે વળી ૨૧ મા પ્રભુની સ્તવનામાં સાધે શબ્દ 'ન્યાસ ષડંગ જો સાધે રે' એમ પ્રથમ ગાથામાં વાપરેલ છે તેનો અર્થ વિચારવામાં આવશે તો તે તદ્દન નવીન અર્થ બતાવશે. એ અર્થમાં પણ ગુજરાતીમાં સાધ્ ધાતુનો ઉપયોગ થતો નથી.

વિમળનાથજીના સ્તવનમાં આતમચો આધાર (ગાથા ૪ થી) અને પાંચમી ગાથામાં 'દરિશણ દીઠે જીન તણો રે' એમાં દરિશણ શબ્દનો નરજાતિમાં પ્રયોગ, વેધ શબ્દનો ગુજરાતીમાં ઉપયોગ, દિનકર-સૂર્ય સાથે 'કરભર' એટલે કિરણસમૂહનો પ્રયોગ અને પસરતા શબ્દનો ઉગવાનો અર્થ એ સર્વ એક જ વાત બતાવી આપે છે અને ધાર તરવારવાળા ચૌદમા અનંતનાથજીના ઉપર ઉપરથી ગુજરાતી દેખાતા સ્તવનની છઠ્ઠી ગાથામાં પાપ અને ધર્મનો નરજાતિમાં લિંગવ્યત્યય, 'આણો' શબ્દનો અવધારણ કરવાના અર્થમાં ઉપયોગ અને લીપણને બદલે 'લીપણો' એવો જે અસલ પ્રયોગ પ્રતોમાં દેખાય છે તે જરા વિવેચક દૃષ્ટિએ વિચારવાથી આ વાત હસ્તામલકવત્ જણાય તેવી છે. એ જ સ્તવનની

સાતમી ગાથામાં ઉપદેશનો સાર એમ છાપેલી બુકોમાં છાપેલ છે ત્યાં 'ઉપદેશનું સાર' એમ પ્રતમાં લખેલ છે. એ સર્વ લિંગવ્યત્યયો અને શબ્દપ્રયોગ આવા શુદ્ધ ગુજરાતી લાગતા સ્તવનમાં જોવા પછી કોઈ વિદ્વાન્ માણસ કાઠિયાવાડી અથવા ગુજરાતીના શબ્દ કે અર્ધપ્રયોગો સ્તવનમાં મુખ્યતાએ થયા છે એમ કહેવાની બાબતમાં લલચાઈ જાય અથવા તે સિદ્ધાંત (Theory) માં મક્કમ રહી શકે એમ જણાતું નથી. 'સેવના ધારપર રહે ન દેવા' એ પ્રયોગ ચૌદમા સ્તવનની પ્રથમ ગાથામાં છે અને 'અંધોઅંધ પુલાય' (૧૫-૬) એ બન્ને પ્રયોગો શું બતાવે છે? એવા ગુજરાતી પ્રયોગો કદિ જાણવામાં, સાંભળવામાં કે વાંચવામાં આવ્યા નથી. એનો અન્વય કરવાથી આ બાબત સ્પષ્ટ થઈ જાય તેવી છે. આ આંતરિક પૂરાવો ઘણો સ્પષ્ટ અને વિચારણીય છે એમ મારા કહેવાની મતલબ છે. આ વિષયપર હજુ ઘણાં વધારે દૃષ્ટાંતો સ્તવનોમાંથી આપી સ્તવનની રચના ગુજરાતી હોવા છતાં તેની ભૂમિકા ઉત્તર હિંદમાં છે એમ બતાવી શકાય તેવું છે, પરંતુ આટલાં દૃષ્ટાંતો મારા ધારવા પ્રમાણે પૂરતાં છે. સોળમા શાંતિનાથના અતિ ઉદાત્ત લાંબા સ્તવનની દરેક વાક્યરચના મારવાડ તરફની છે એમ બતાવાય તેવું છે 'સકળ નયવાદ વ્યાપી રહ્યો,' (ગાથા ૬) 'શિવસાધન સંધિ રે' (એ જ ગાથા) 'ભાવ .. તે તેમ અવિતથ્ય સદ્દહે' (ગાથા ૩) 'તામસી વૃત્તિ પરિહરી ભજે સાત્વિકી' (ગાથા ૫) વિગેરે શબ્દ તથા વાક્યપ્રયોગ સર્વ એક સરખી રીતે મારવાડીના પ્રયોગ બતાવે છે અને મારવાડ કરતા પણ ઉત્તર હિંદના સંસ્કારોનું ગુજરાતી સાથે સંમિશ્રણ તત્ત્વ બતાવે છે. આવા બીજા દૃષ્ટાંતો આપી હું હવે આ વિષય લંબાવવા ઇચ્છતો નથી. સ્થળના પ્રમાણમાં ઘણું લખાઈ ગયું છે. તે છતાં ખાસ જરૂર જણાશે તો એ જ પુસ્તકના બીજા ભાગમાં આ વિષયને ફુટી-વા.. [illegible] કરવામાં આવશે.

સ્તવનના ઉપરથી ભાવપર કેટલોક ઊહાપોહ કરી તેમના [illegible] મોહતા આનંદઘનજી વિશેષ કયા પ્રદેશમાં રહ્યા હોવા જોઈએ એપર કેટલાક નિશ્ચયે બતાવવા તરફ દોરવાયા છે તેમના નિર્ણય બહુ અદ્ધર અને [illegible] વિચારણાને અંગે અચોક્કસ હોય તેમ [illegible] તેઓના પોતાના ઉલ્લેખપરથી પણ જણાય છે. પ્રસ્તાવના [illegible]

રાતીના ઉચ્ચાર બરાબર આ બાબતમાં કાઠિયાવાડમાં થાય છે અને તે મી૦ મેહતાના સાંભળવામાં આવ્યા નથી એ ખાસ નવાઈ જેવું લાગે છે. કદાચ દંત્ય સને બદલે ગ્રામ્ય કાઠિયાવાડી પ્રયોગમાં હ વપરાય છે એમ બતાવ્યું હોત તો કાઠિયાવાડી ભાષાપ્રયોગને અનુરૂપ થઈ શકત. 'દરસણ' એવો પ્રયોગ કોઈ પ્રતમાં નથી તેથી તેપરથી બતાવેલો નિર્ણય આડે માર્ગે દોરનાર છે. મલ્લિનાથજીના સ્તવનની ચોથી ગાથામાંના 'ગાદી' અને 'કાદી' શબ્દોપર ચર્ચા કરી તેઓએ પદના અર્થની સમજણમાં જવાને પણ તસ્દી લીધી નથી એમ બતાવી આપ્યું છે. 'ગાદી' એ ક્રિયાપદ નથી પણ વિશેષણ છે અને તે તો સ્પષ્ટ મારવાડી શબ્દ છે તેને બદલે 'ગાહાદી' જેવું રૂપ આપવાનું બતાવી તેપર વિવેચન કરવું એ વાસ્તવિક નથી. 'કાહાદી' એવો પ્રયોગ કોઈ જગેએ જોવામાં આવતો નથી. 'રિસાણી' શબ્દને કાઠિયાવાડી કહેવા પહેલાં અઢારમા પદનો પ્રથમ શબ્દ 'રિસાણી આપ મનાવો રે' જોઈ લેવાની જરૂર હતી. આ ઉપરાંત 'સગાઈ' શબ્દ ઝાલાવાડમાં વપરાય છે એમ ધારી લેવામાં તેઓએ સજ્જડ થાપ ખાધી છે. ઝાલાવાડમાં વેશવાળ માટે 'સગપણ' શબ્દ જ વપરાય છે, સગાઈ શબ્દ મારવાડનો છે. એને માટે ઝાલાવાડની જ્ઞાતિના બંધારણના કાયદાઓ છપાઈ ગયા છે તે જોવાથી કે વાંચવાથી અથવા કોઈ પણ ઝાલાવાડના રહેવાશી સાથે વાત કરવાથી 'સગપણ' શબ્દના પ્રયોગ બરાબર સમજાય તેમ છે. આવી રીતે બે ચાર શબ્દો અહીં તહીંથી કાઠિયાવાડના બનાવવા તેઓએ પ્રયત્ન કર્યા છે તે બુદ્ધમરેલો જણાય છે અને તે પરિણામ વગરનો હોઈ આડે રસ્તે દોરવનારો છે 'મારો સાલો' એ પ્રયોગ કાઠિયાવાડી નથી એમ કાઠિયાવાડના રહેનારને સમજાય તેવું છે, ત્યાં આવા શબ્દને માટે 'સસરા' શબ્દનો વિશેષ ઉપયોગ થાય છે અને મનને 'મારો સાળો' એમ નરજાતિમા બોલાવવામાં આવે અને તેને માટે ઉપર 'કાલો' એવું વિશેષણ વાપરવામાં આવે છતાં તેને કાઠિયાવાડી અથવા ગુજરાતી પ્રયોગ કહેવો, એ જમે તે વાતને પોતાના આગ્રહ પ્રમાણે ખેંચી જવાના પ્રયત્ન જેવું લાગે છે. 'ફીપી'ના પ્રયોગમાં તેમને જે મુંઝવણ પડી છે તે એ મારવાડી પ્રયોગ તેમણે વિચારવા તસ્દી લીધી હોત તો જણાયણ રહેત નહિ.

આટલા ઉપરથી ગુજરાતી સ્તવનોમાં કાઠિયાવાડી તત્ત્વ વિશેષ છે એમ બતાવવા તેઓએ પ્રયત્ન કર્યો છે તે બરાબર નથી એમ જણાયું હશે અને એ મૂળ પાયો કાચો પડવાથી આનંદઘનજીનો વિહાર કાઠિયાવાડમાં વધારે હશે એમ જે અનુમાન કરવા તેઓ લલચાઈ ગયા છે એ પણ અયોગ્ય જણાશે. હવે એ સંબંધમાં આપણે વિશેષ ચર્ચા કરવા જેવું રહ્યું જણાતું નથી, ખાસ કારણ ઉપસ્થિત થશે તો આ પુસ્તકના બીજા ભાગમાં આ વિષયને હજુ પણ વધારે વિસ્તારથી ચર્ચવામાં આવશે. ભાષાપ્રયોગના વિષયપર અભ્યાસ કરી ચર્ચા કરવામાં આવે અને તેમાં પણ પોતાનો કોઈ ગુપ્ત ઉદ્દેશ ન રાખતાં શુદ્ધ ભાષાબોધ અને ભાષાસેવા અથવા સાહિત્યસેવાની શુદ્ધ દૃષ્ટિથી એ વિષયને હાથ ધરવામાં આવે તો તેથી સ્વને અને જાહેર પ્રજાને ઘણો લાભ થાય એમ મારૂં માનવું છે. નહિ તો 'થાંશું પ્રેમ બન્યો છે રાજ' (૧૫-૧) એવો એકાદ વાક્યપ્રયોગ બતાવી યશોવિજયજી મારવાડી હતા અથવા પંચકલ્યાણકની પૂજામાં 'સોના રૂપાકે સોગઠે સૈંયા ખેલત બાજી' અથવા ધમ્મિલ રાસના બીજા ખંડની ચોથી ઢાળ વાંચીને તેના લેખક વીરવિજયજી હિંદુસ્તાની હતા અથવા તે બન્નેનો વિહાર અનુક્રમે મારવાડ કે ઉત્તર હિંદમાં વિશેષ હતો એમ કહેવાને પણ શું કોઈ લલચાઈ નહિ જાય? જે વાત ઐતિહાસિક રીતે સાચી નથી એમ આપણે જાણીએ છીએ, છતાં મરડીને દલીલ કરનાર એવી રીતે દોરવવા યત્ન કરી શકે. લોકોમાં ચાલતી વાતો, ચરિત્રનાયકના રહેલા અવશેષો, સ્તૂપો, આંતરિક પૂરાવા અને ભાષાપ્રયોગો એ સર્વ બરાબર વિચારવા, તેમની તુલના કરવી અને તેનું પૃથક્કરણ નિષ્પક્ષપાતપણે કરવું. આ નિયમ ધ્યાનમાં રાખી આનંદઘનજીનાં સ્તવનોને પદોપર વિચાર કરવામાં આવશે તો તેઓનું કેંદ્ર મધ્ય હિંદ સિવાય અન્યત્ર આવવું મુશ્કેલ છે. ઉપરઉપરનો વિચાર કરનારને જે સ્પષ્ટ ગુજરાતી લાગે તેવા સ્તવન કે પદમાં ઉત્તર હિંદની ભાષાના પ્રયોગો ભરપૂરપણે બતાવી શકાય તેમ છે. શબ્દોની રચના, શબ્દોના ભાવાર્થ, શબ્દોની વિભક્તિ, શબ્દોની જોડણી, વાક્યમાં સકર પ્રયોગ, પ્રયોગમાં ખાસ પ્રયોગ, અર્થમાં શબ્દનું સ્થાન અને તેની સાથે કવિઓનું નિરંકુશત્વ આ સર્વ વાત ધ્યાનમાં રાખી જોવામાં આવશે તો ઉપર

પરંતુ જે મુદ્દો મેં ઉપર જણાવ્યો છે તે માટે ચર્ચા ચલાવવી હોય તો આનંદઘનજીની ભાષા સંબંધમાં તેઓનાં પદ અને સ્તવનોમાંથી હજુ ઘણા આંતરિક પૂરાવા આપી શકાય તેમ છે અને તેમ કરીને તેઓની ભાષાનું બંધારણ મિશ્ર મારવાડી-હિંદી છે એમ અનેક રીતે સિદ્ધ કરી શકાય તેમ છે. હજુ વિશેષ પૂરાવાની આવશ્યકતા રહેશે તો ભવિષ્યમાં એ વિષયપર વિચારણા કરવાના પ્રસંગ જરૂર હાથ ધરવામાં આવશે.

આનંદઘનજીનો વિહાર વિગેરેઃ આનંદઘનજી મહારાજે જે ભાષા પદોમાં વાપરી છે તેપરથી તેઓનો મૂળ પ્રદેશ અને વિશેષ વિહાર ઉત્તર હિંદમાં હોય એમ જણાય છે. તેઓ બુંદેલખંડમાં જન્મ્યા હતા એમ બતાવવા માટે નીચેના મુદ્દાઓ આપણે હવે સંગ્રહિત કરી શકીએ.

૧ મારવાડમાં તેઓથી સંબંધી ચાલતી દંતકથાઓ.

૨ મેડતામાં તેઓના ઉપાશ્રયના નામથી ઓળખાતું ખંડિયર.

૩ પદોની ક્વચિત્ શુદ્ધ હિન્દુસ્તાની અને ક્વચિત્ મિશ્ર હિન્દી ભાષા.

૪ સ્તવનોની ભાષામાં અનેક મારવાડી-હિન્દુસ્તાની શબ્દોનો છુટથી ઉપયોગ.

૫ પદની ભાષામાં સાહજિક રૂપ, વિષયનું પ્રૌઢ દર્શન અને મજબૂત રીતે નિરૂપણ.

૬ સ્તવનોમાં મિશ્ર પ્રયોગ અને ખાસ વાક્યપ્રયોગો.

૭ વાક્યાન્વય કરતાં મારવાડ અને ઉત્તર હિંદ તરફ થતું સ્તવન-ભાષાનું મંડાણ.

૮ ઉખાણાં તથા ઘરગથ્થુ શબ્દોનો સ્તવનોમાં અલ્પ ઉપયોગ અને તેનું જ પદોમાં થયેલું સવિશેષ પ્રાકટ્ય.

૯ સ્તવનોની ગુજરાતી ભાષામાં થયેલ અનેક લિંગવ્યત્યયો.

બતાવેલો નિર્ણય લગભગ શંકા વગર સ્વીકારવામાં અડચણ નહિ આવે એમ મારી માન્યતા છે. અત્ર આ વિષયપર વિશેષ વિસ્તાર કરવાનું બની શકે તેમ નથી, કારણ ગ્રંથગૌરવ થઈ જાય તેમ છે, પરંતુ જે મુદ્દો મેં ઉપર જણાવ્યો છે તે માટે ચર્ચા ચલાવવી હોય તો આનંદઘનજીની ભાષા સંબંધમાં તેઓનાં પદ અને સ્તવનોમાંથી હજુ ઘણા આંતરિક પૂરાવા આપી શકાય તેમ છે અને તેમ કરીને તેઓની ભાષાનું બંધારણ મિશ્ર મારવાડી-હિંદી છે એમ અનેક રીતે સિદ્ધ કરી શકાય તેમ છે. હજુ વિશેષ પૂરાવાની આવશ્યકતા રહેશે તો ભવિષ્યમાં એ વિષયપર વિચારણા કરવાના પ્રસંગ જરૂર હાથ ધરવામાં આવશે.

આનંદઘનજીનો વિહાર વિગેરે: આનંદઘનજી મહારાજે જે ભાષા પદોમાં વાપરી છે તેપરથી તેઓનો મૂળ પ્રદેશ અને વિશેષ વિહાર ઉત્તર હિંદમાં હોય એમ જણાય છે. તેઓ બુંદેલખંડમાં જન્મ્યા હતા એમ બતાવવા માટે નીચેના મુદ્દાઓ આપી હવે સંકેલન કરી શકીએ.

૧ મારવાડમાં તેઓથી સંબંધી ચાલતી દંતકથાઓ.

૨ મેડતામાં તેઓના ઉપાશ્રયના નામથી ઓળખાતું મકાન.

૩ પદોની ક્વચિત્ શુદ્ધ હિંદુસ્તાની અને ક્વચિત્ મિશ્ર હિંદી ભાષા.

૪ સ્તવનોની ભાષામાં અનેક મારવાડી-હિંદુસ્તાની શબ્દોનો ગુજરાતી ઉપયોગ.

૫ પદની ભાષામાં સાહિત્ય રૂપ, વિષયનું મંડન દર્શન અને મજબૂત રીતે નિરૂપણ.

૬ સ્તવનોમાં મિશ્ર પ્રયોગ અને ખાસ વાક્યરચના.

૭ [illegible] અને ઉત્તર હિંદ તરફ ઘણું સ્થાન [illegible]

૮ ઉપર જણાવેલ [illegible] શબ્દોનો સ્તવનોમાં [illegible] ઉપયોગ અને તેનું જ પ્રાધાન્ય [illegible]

૯ સ્તવનોની ગુજરાતી ભાષા કરતાં અનેક [illegible]

બહારનાં ઘણાં કારણો છે. જૈન કોમમાં તે વખતે સાધુઅવસ્થાની સ્થિતિ જે થઈ રહી હતી, જેને માટે મુનિસુંદરસૂરિ મહારાજ બસો વરસ પહેલાં આગાહી કરી ગયા હતા અને જેને માટે સત્યવિજય પંન્યાસને ક્રિયાઉદ્ધાર કરવો પડ્યો અને શ્રીમદ્ યશોવિજયજીને સીમંધર સ્વામીની વિજ્ઞપ્તિરૂપ સ્તવના કરવી પડી-એવા સડામાંથી નીકળી જવા માટે, અથવા તે સર્વ હૃદયપર અસર ન કરે અને સાધુજીવનનો તેના લોકમાન્યતાવાળા નહિ પણ આત્મહિતકારક માર્ગે ઉપયોગ થઈ શકે તે માટે બહારની ખુલ્લી હવાની જરૂર હતી અને તેનો લાભ ગુજરાતની બહાર મળે તેવું હતું. એ વખતની શાસનની સ્થિતિપર આગળ વિચાર કરવામાં આવશે, પરંતુ જે હૃદયવિશાળતા તેઓમાં હતી તે ઉત્તર હિંદના જન્મ, વસવાટ અને વિહારને લઈને હતી એવા સહજ અનુમાનપર ઘણે ભાગે આવી જવાય છે. આ ઉપરાંત આબુ તરફનો આનંદઘનજીનો વિહાર, ત્યાં અમુક જગાને આનંદઘનજીની ગુફા તરીકે બતાવવામાં લેવાતી હોંશ અને તેઓનો અને યશોવિજયજીનો કહેવાતો આબુપર મેળાપ એ સર્વ એકંદર રીતે આનંદઘનજીનો જન્મ ઉત્તર હિંદ તરફ અને તેઓનો વિશેષ વિહાર પણ એ પ્રદેશ તરફ બતાવે છે એમ મારું માનવું છે અને તે હકીકતના પૂરાવા માટે ઉપર બહુ મુદ્દાઓપર લક્ષ્ય ખેંચવામાં આવ્યું છે તે ખાસ વિચારણીય છે.

આનંદઘનજીની કૃતિ-૧ બહોંતેરીઃ આ મહાત્મા યોગીની કૃતિઓમાં હાલ આપણને પદસંગ્રહ અને સ્તવનો મળી આવે છે. પદને વધારે સારી રીતે લોકો આનંદઘનજીની બહોંતેરીના નામથી ઓળખે છે. બહોંતેરીમાં મૂળ આશયે તો બહોંતેર પદો હોવાં જોઇએ, પણ ભર્તૃહરિ શતકમાં જેમ દરેક શતકમાં સોને બદલે સવાસોથી પણ વધારે શ્લોકો જણાય છે તેમ અહીં પણ થયું છે. એમ થવાનાં કારણોમાં એમ જણાવવામાં આવે છે કે કોઈ કોઇ પદો પાછળના કવિઓએ બનાવ્યાં હોય છતાં તેમાં આનંદઘનજીનું નામ દાખલ કર્યું હોય એમ બનવાજોગ છે. આ વાતમાં રહેલું સત્ય શોધવામાં મુશ્કેલી ઘણી છે, પરંતુ યોગ અને આત્મજ્ઞાનમાં તેઓશ્રી એટલા આગળ વધી ગયેલા હતા અને તેઓ ખાસ કરીને પદમાં ભાષાને એટલી મજબૂત

આ મુદ્દાઓપર વિચાર કરવાથી જણાશે કે જ્યાં જ્યાં ગુજરાતીની છાયા પદોમાં કે સ્તવનોમાં આવે છે ત્યાં પણ ઉત્તર દિશા બતાવનાર આંતરિક પુરાવા મોજુદ છે. આટલા ઉપરથી અને ચાલી આવતી દંતકથા, લોકકથા અને કિંવદંતીપરથી તેઓનો જન્મ બુંદેલખંડમાં થયો હોય એમ અનુમાન થાય છે. ઘણાં વરસ સુધી આત્મધ્યાનમાં મસ્ત થઈ, સંસારથી ઉદ્વિગ્ન દશામાં ફરતા તેઓ અવારનવાર પદો બનાવતા હોવા જોઈએ અને તે પદ તે વખતે પણ બહુ લોકપ્રિય હોવાં જોઈએ એમ સહજ અનુમાન થાય છે. આગળ વધતાં તેઓ શત્રુંજયયાત્રાનિમિત્ત એકાદ વખત ગુજરાતમાં આવ્યા હોય એમ વાત ચાલે છે. પાલણપુરમાં બે અથવા તેથી વધારે ચાતુર્માસ કરવાની વાતો ત્યાં પણ ચાલે છે. આવે પ્રસંગે જીવનના છેવટના ભાગમાં ચોવીશી પૈકીનાં બાવીશ સ્તવનો બનાવ્યાં હોય એમ જણાય છે. (એકવીશ સ્તવન તેઓનાં બનાવેલાં જણાય છે. બાવીશમાની ભાષા અને તેનું વિષયનિરૂપણ અને તેના વાક્યપ્રયોગો જોતાં તે આનંદઘનજીનું બનાવેલ હોય એમ મને લાગતું નથી.) શરૂઆતમાં સ્તવનો બનાવ્યા હોય એમ ધારવું એ તો તદ્દન બેહુદું છે, કારણ કે સ્તવનોમાં વિચારની પ્રૌઢતા અતિ વિકસ્વર થયેલી સ્પષ્ટ જણાઈ આવે છે અને બાવીશ સ્તવનો બનાવી બાકીના બે સ્તવનો બનાવવા રહી [illegible] નથી. ગમે તે કારણથી છેવટનાં બે સ્તવન [illegible] પછી બે કાવ્યોએ તે [illegible] પ્રયત્ન [illegible], પણ જે આધ્યાત્મિક [illegible] વિચારની [illegible] માર્ગે [illegible] સ્તવનોમાં લાવી શક્યા [illegible] બે સ્તવનમાં લાવી શકી નથી. પ્રભુ [illegible] પ્રીતિને પાવન કરનાર અને હૃદયગાનથી અન્યના [illegible] હૃદયને અસર કરનાર અધ્યાત્મરસિક મહા[illegible] જીવન અપૂર્વ સ્થિતિમાં રહેતા હશે [illegible] દૃષ્ટાંત [illegible] બતાવી આપે છે. તેઓથી [illegible] ગુજરાતના [illegible] હોય એમ બતાવનારો [illegible] કે [illegible] પુરાવો ખાત્રીલાયક મળ્યો નથી. [illegible] અમુક રાતદિન ગમ કરે એવા એ અનુમાનપર [illegible] નથી. [illegible] પ્રદેશ ઉત્તર હિંદમાં હોવાના બીજા

બહારનાં ઘણાં કારણો છે. જૈન કોમમાં તે વખતે સાધુઅવસ્થાની સ્થિતિ જે થઈ રહી હતી, જેને માટે મુનિસુંદરસૂરિ મહારાજ બસો વરસ પહેલાં આગાહી કરી ગયા હતા અને જેને માટે સત્યવિજય પંન્યાસને ક્રિયાઉદ્ધાર કરવો પડ્યો અને શ્રીમદ્ યશોવિજયજીને સીમંધર સ્વામીની વિજ્ઞપ્તિરૂપ સ્તવના કરવી પડી–એવા સડામાંથી નીકળી જવા માટે, અથવા તે સર્વ હૃદયપર અસર ન કરે અને સાધુજીવનનો તેના લોકમાન્યતાવાળા નહિ પણ આત્મહિતકારક માર્ગે ઉપયોગ થઈ શકે તે માટે બહારની ખુલ્લી હવાની જરૂર હતી અને તેનો લાભ ગુજરાતની બહાર મળે તેવું હતું. એ વખતની શાસનની સ્થિતિપર આગળ વિચાર કરવામાં આવશે, પરંતુ જે હૃદયવિશાળતા તેઓમાં હતી તે ઉત્તર હિંદના જન્મ, વસવાટ અને વિહારને લઈને હતી એવા સહજ અનુમાનપર ઘણે ભાગે આવી જવાય છે. આ ઉપરાંત આબુ તરફનો આનંદઘનજીનો વિહાર, ત્યાં અમુક જમાને આનંદઘનજીની ગુફા તરીકે બતાવવામાં લેવાતી હોય અને તેઓનો અને યશોવિજયજીનો કહેવાતો આબુપર મેળાપ એ સર્વ એકંદર રીતે આનંદઘનજીનો જન્મ ઉત્તર હિંદ તરફ અને તેઓનો વિશેષ વિહાર પણ એ પ્રદેશ તરફ બતાવે છે એમ મારુ માનવું છે અને તે હકીકતના પૂરાવા માટે ઉપર બહુ મુદ્દાઓપર લક્ષ્ય ખેંચવામાં આવ્યું છે તે ખાસ વિચારણીય છે.

આનંદઘનજીની કૃતિ–૧ બહોંતેરીઃ આ મહાત્મા યોગીની કૃતિઓમાં હાલ આપણને પદસંગ્રહ અને સ્તવનો મળી આવે છે. પદને વધારે સારી રીતે લોકો આનંદઘનજીની બહોંતેરીના નામથી ઓળખે છે. બહોંતેરીમાં મૂળ આશયે તો બહોંતેર પદો હોવા જોઇએ, પણ ભર્તૃહરિ શતકમાં જેમ દરેક શતકમાં સોને બદલે સવાસોથી પણ વધારે શ્લોકો જણાય છે તેમ અહીં પણ થયું છે. એમ થવાનાં કારણોમાં એમ જણાવવામાં આવે છે કે કોઇ કોઇ પદો પછવાડેના કવિઓએ બનાવ્યાં હોય છતાં તેમાં આનંદઘનજીનું નામ દાખલ કર્યુ હોય એમ બનવાજોગ છે. આ વાતમાં રહેલું સત્ય શોધવામાં મુશ્કેલી ઘણી છે, પરંતુ યોગ અને આત્મજ્ઞાનમાં તેઓથી એટલા આગળ વધી ગયેલા હતા અને તેઓ ખાસ કરીને પદમાં ભાષાને એટલી મજબૂત

૧૦ સ્વાનુભવદર્શક પદો.

૧૧ પરમત સહિષ્ણુતા વિચારદર્શક પદો.

આવી રીતે વિષય અને ઉક્તિને અંગે પદોના ભેદો પાડવા હોય તો પડી શકે તેમ છે, પરંતુ અનુક્રમે પદો આવ્યાં કરે તોપણ તેમાં વિષય ફરતા રહેવાથી વાંચવામાં આનંદ આવે છે. મુખ્ય ત્રણ વિભાગ પદોના પાડવા યોગ્ય છે: આધ્યાત્મિક, યોગવિષયક અને વૈરાગ્યને લગતા. આવા વિભાગો પાડી જૂદા જૂદા વિષયના રસિક અથવા ખપી જીવોને ઉપયોગી થાય તેમ પદોનું પૃથક્કરણ કરવાની જરૂર છે તે હવે પછી બનશે. અહીં તો ક્રમ એક સરખો છાપેલી બુક પ્રમાણે રાખ્યો છે જેથી અરસ્પરસ સરખામણી, અર્થ-વિચારણા અને વિવેચન માટે ઉપયોગી થઈ પડે. પદનો ક્રમ અરસ્પરસ સંબંધવાળો છે અને જ્યારે લખાયાં હશે, સંગ્રહિત થયાં હશે અથવા ગોઠવાયાં હશે ત્યારે તેમાં કાંઈ ધોરણ હોવાનો સંભવ રહે છે. આવો સંબંધ બતાવવા પદોના વિવેચનપ્રસંગે પ્રયાસ કર્યો છે અને તેવો પ્રયાસ ખાસ કરવા યોગ્ય છે એમ બતાવવાની જરૂર રહેતી નથી. પદો એકી વખતે લખાયાં હોય એમ તો ધારી શકાય તેમ છે જ નહિ, પરંતુ જ્યારે લખાયાં હશે અથવા સંગ્રહિત થયાં હશે ત્યારે તેના મુદ્દાસર વિષયપર વિચાર થયો જ હોવો જોઈએ અને તે તત્ત્વ શોધી કાઢવા પ્રયાસ કરવો બહુ રીતે ઉપયોગી ગણાય એમા નવાઈ નથી.

૨. ચોવીશી: આનંદઘનજીની બીજી કૃતિ સ્તવનોની છે. એમણે 'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો' ત્યાંથી શરૂ કરી બાવીશમા નેમનાથ સુધી પ્રત્યેક તીર્થંકરનાં સ્તવનો બનાવી તે દ્વારા તત્ત્વજ્ઞાન, વૈરાગ્ય અને યોગના વિષયને સારી રીતે પોષણ આપી છે. એમના સ્તવનોની ગોઠવણ તપાસવામાં આવશે તો ત્યાં પણ જણાશે કે પ્રથમ પરમાત્મસ્વરૂપ પતિને પોતાના તરીકે આદરવા વિચાર કરે છે અને તે માટે બીજા સ્તવનમાં તેનો પંથડો નીહાળે છે—માર્ગ નિરીક્ષણ કરે છે અને સત્ય પ્રભુદશા-ઉન્નત પરમાત્મભાવ શોધવા અને તપાસવા વિચાર કરે છે. ત્યાર પછી ત્રીજા સ્તવનમાં જ્યારે પરમાત્મદશાનો નિર્ણય થાય છે ત્યારે વિચાર બતાવે છે કે પ્રભુની સેવના કરવા માટે પ્રથમ

કરી પરમાત્મભાવ વિચારવા, તેની સન્મુખ જવા, તેને આદરવા અને પરંપરાએ તેથી થતી સાધ્યપ્રાપ્તિ તરફ લક્ષ્ય રાખવાની સૂચના કરી પછી પ્રભુ સન્મુખ થયેલ ચેતનજી દશમા સ્તવનમાં કેટલીક ત્રીભંગીઓ વિચારે છે. અહીં તાત્ત્વિક દૃષ્ટિ કરતાં ધાર્મિક દૃષ્ટિએ વિચારણા થાય છે તે ખાસ લક્ષ્યમાં લેવા યોગ્ય છે. અહીં સુધી બાહ્ય વિચારણા કરી હવે અંતરાત્મદશાએ, વસ્તુગત સ્વરૂપે, અધ્યાત્મ ભવની દૃષ્ટિએ પરમાત્મભાવની વિચારણા કરે છે ત્યારે તેમને બારમા સ્તવનમાં પરમાત્મદશાનાં ઘણાં નામો પ્રાપ્ત થાય છે તેમાંથી કેટલાંકપર વિચાર કરી આત્મજ્ઞાનનું અને દ્રવ્યલિંગનું લક્ષણ બાંધી પ્રભુની ભેટ કરે છે, મતલબ પરમાત્મભાવનું સ્વરૂપ અહીં કાંઈક સાક્ષાત્કાર રૂપે થાય છે. તેના જવાબમાં તેરમા સ્તવનમાં આનંદમાં આવી હવે પોતાનાં સ્થૂળ દુઃખો દૂર ગયાં એમ બતાવી પ્રભુસ્વરૂપની સ્તુતિ કરે છે, તેમના નામનું રટણ કરે છે, તેમની પ્રતિમાના શાંત ભાવની વિચારણા કરે છે અને તેની સાથે જ ચૌદમા સ્તવનમાં એ પરમાત્મભાવની સેવાનાની મુશ્કેલીઓ પોતાના લક્ષ્યમાં છે એમ બતાવી આપે છે, કારણ કે પંદરમા સ્તવનમાં તુરત જ જણાવે છે કે પ્રભુને ગાઉં છું, પણ હજુ ધર્મનો–પરમાત્મભાવનો મર્મ પામી શકાણો હોય એમ જણાતું નથી અને તે સ્પષ્ટ કરવા ઘણા વિસ્તારથી શાંતિ સ્વરૂપ સોળમા સ્તવનમાં વર્ણવે છે અને ત્યાર પછી સત્તરમા સ્તવનમાં જણાવે છે કે આટલી વાત કરતાં છતાં, આવા ઉચ્ચ આધ્યાત્મિક પ્રદેશમાં ઉડ્ડયન કરવાના વિચારો છતાં મન હજુ સ્થિર રહેતું નથી, તે જ્યાં ત્યાં રખડ્યા કરે છે. મનપર અંકુશ પ્રાપ્ત થયો તે યોગમાં અતિ આગળ વધ્યા પછી બનવાજોગ છે એમ જણાવી પરમાત્મભાવનો ધર્મ–તેની ફરજો અને જવાબદારીઓ અને તેને અંગે પર્યાયદૃષ્ટિ તથા સ્વપર સમયની વિચારણા અનુભવ દ્વારા અઢારમા સ્તવનમાં કરી ખાસ પરમાત્મભાવ સમજાવવા માટે ઓગણીશમા સ્તવનમાં અઢાર દૂષણપર વિસ્તારથી ઉલ્લેખ કરી વીશમા સ્તવનમા આત્મતત્ત્વની વિચારણા અને એકવીશમા સ્તવનમાં ષટ્ દર્શનોનું અન્યોન્યપરસ સ્થાન કર્યુ છે અને તેનાં કારણો કેવાં છે તે બહુ સ્પષ્ટ રીતે બતાવે છે. આવી રીતે એકવીશ સ્તવનમાં આત્માની ઉત્ક્રાંતિ બતાવનાર યોગી-

રાજે જો બાકીનાં સ્તવનો લખ્યાં હોત તો અતિ વિશુદ્ધ આત્મદશાના ભાવ બતાવનાર અને ખાસ કરીને યોગની અતિ ઉત્કૃષ્ટ દશા સૂચવનાર ભાવનો પ્રકાશ તેઓ કરી આપત. બાવીશમું સ્તવન તેઓનું બનાવેલું કહેવાય છે તેની વસ્તુરચના, ભાષા અને વિષય એવા જૂદા પડી જાય છે કે તેટલા ઉપરથી જ જો અનુમાન કરી શકાતું હોય તો મારા વિચાર પ્રમાણે એ સ્તવન આનંદઘનજીનું બનાવેલું હોય એમ સંભવતું નથી. એકવીશ સ્તવન સુધી જે લય ચાલ્યો આવે છે તેનો ત્યાં એકદમ ભંગ થઈ જાય છે અને તેમાં લીધેલ વિષય સામાન્ય કવિને શોભે તેવો જ છે. બાકીનાં સ્તવનો પૂર્ણ કરવા અન્ય કવિએ પ્રયાસ કર્યો છે તે આનંદઘનજીનાં સ્તવનો પાસે તદ્દન સામાન્ય અને પરખાઈ આવે તેવો જણાય છે. એમાં વસ્તુસ્થાપન અને ભાષાગૌરવ એટલાં ફેરફાર પામી જાય છે કે એ સ્તવનો જ બાકીના ઉપરોક્ત સ્તવનની વિશાળતા, મહત્તા અને વિશેષતા બતાવવા માટે બસ થશે.

કૃતિનો ક્રમઃ પદ અને સ્તવનો બનાવવામાં ક્રમ શું જળવાયો હશે એટલે કે પ્રથમ પદ બનાવ્યાં હશે કે સ્તવનો? એ સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય એવો પ્રશ્ન છે. મારા વિચાર પ્રમાણે પ્રથમ પદો બનેલાં હોવાં જોઈએ અને તે સર્વ એકી વખતે નહિ પણ અવારનવાર બનેલાં હોવાં જોઈએ. તેનાં કારણો નીચે મુજબ છે.

૧. પદની ભાષામાં કેટલીક જગોએ મારવાડીનો, કેટલીક જગોએ હિંદીનો અને કોઈ કોઈમાં ગુજરાતીનો રંગ અવારનવાર જણાય છે તે જૂદા જૂદા વખતની અસર બતાવે છે.

૨. પદોની ગોઠવણ સ્તવન પેઠે એક સરખી નથી, ક્રમ ખાસ લીધેલો જણાતો નથી તે સમય જૂદો જૂદો બતાવે છે.

૩. સ્તવનની પેઠે એક વિચારને ક્રમસર વિકસ્વર કર્યો હોય એવો એક નિયમ પદોમાંથી મળી આવતો નથી.

૪. વૈરાગ્ય અને યોગનાં પદો અવારનવાર ક્રમ વગર આવ્યા કરે છે તેમ જ વચ્ચે આલાપ સંલાપનાં પદો આવે છે અને આગળ વધતાં દરિયાળી આવે છે તે વિયુક્ત અસંગો સ્પષ્ટ બતાવી આપે છે.

૫. જે વિચારપરિપક્વતા સ્તવનોમાં છે તે તેની ઉત્કૃષ્ટ સ્થિતિએ

છે અને સ્તવનમાં ખાસ કરીને પરંપરાને—વ્યવહારને જે સ્થાન આપવામાં આવ્યું છે તે અનુભવનું પરિણામ હોવું જોઈએ એવું સહજ અનુમાન કરાવે છે.

સ્તવનોનો સમય વિચારતાં નીચેની ખાસ બાબતો ઉપર ધ્યાન ખેંચાય છે.

૧. એમાં ગુજરાતી ભાષાનું તત્ત્વ પદોના પ્રમાણમાં સવિશેષ છે.

૨. એમાં વિષય અતિ ઉદાત્ત હોવા છતાં ભાષાપર જે કાબુ પદોમાં છે તેવો અત્ર નથી તે બાબત ખાસ વિચારીને સમજવા યોગ્ય છે.

૩. વિષય પ્રતિપાદન કરવાની વિશિષ્ટ શૈલી અહીં સ્પષ્ટ દેખાય છે પણ તદ્યોગ્ય ભાષાની ઉત્તમતા સ્તવનો કરતાં પદોમાં વિશેષ આવે છે.

૪. ખાસ કરીને ખાસ વાક્યપ્રયોગો અને શબ્દરચના ઘરની ભાષા તરીકે પદોમાં જે ભાવ ઉત્પન્ન કરે છે તે સ્તવનોમાં આવી શકી નથી.

૫. સ્તવનની મહત્તા તેના વિષયનિરૂપણને અંગે રહેલી છે જ્યારે પદની ભાષાશૈલી અતિ વિશાળ આકર્ષક અને ઉન્નત છે તે બારીકીથી જોવાથી જણાઈ આવે તેમ છે.

૬. સ્તવનો અધુરાં રહી ગયાં છે જેને માટે અવકાશ મળ્યો હોત તો આનંદઘનજી જરૂર પૂરાં કરત અને તેથી તે તેમની ઉત્તરાવસ્થામાં—લગભગ જીવનના છેવટના ભાગમાં બનેલાં હોય એમ બતાવે છે.

આટલા ઉપરથી પદોની રચના જીવનના પહેલા ભાગમાં થઈ હોય એમ જણાય છે. તેઓનું ચરિત્ર, તેઓનો વિહાર અને તેઓનાં પ્રસંગ ઘણે ભાગે ઉત્તર હિન્દુસ્તાન અને મારવાડમાં હોવાથી ઘણાં ખરાં પદો તરત વિહારમાં બનેલાં હોય અને કોઈ કોઈ જીવનના પાછવાડેના ભાગમાં ગુજરાતના પરિચય વખતે લખ્યા હોય એમ બનવાજોગ લાગે છે અને પાલણપુર તરફના વિહાર પ્રસંગે તથા શત્રુંજયઆગમન પ્રસંગે જીવનના છેવટના ભાગમાં સ્તવનો બનાવ્યાં હોય અને ત્યાર પછી વિહાર કરી મેડતા જતાં દેહવિલય અથવા મહાત્માનો થઈ જતાં બાકીનાં બે અથવા વધુ સ્તવનો બનાવવાં રહી

સામાન્ય પંક્તિના પ્રાણીઓ કાળબળથી દબાઇ જાય છે ત્યારે પ્રભાવશાળી પુરુષો તેને પોતાના અંકુશમાં અમુક દરજ્જે રાખી શકે છે છતાં પણ તેની અસર થયા વગર રહી શકતી નથી. આથી અમુક મહાત્મા કે કવિના ગ્રંથનો સમય અને તે સમયનો ઇતિહાસ જો ઉપલબ્ધ થઈ શકતો હોય તો તે ગ્રન્થની સમજણ માટે પ્રથમ સન્મુખ રાખવા યોગ્ય છે. એથી ગ્રન્થના અર્થ સમજવામાં અને ખાસ કરીને કર્તાનો ઊંડો આશય સમજવામાં બહુ ઉપયોગી મદદ મળે તેમ છે; તેથી આપણે વિક્રમના સત્તરમા શતકનો અંત અને અઢારમાની શરૂઆતનો ભાગ અથવા ઇસ્વીના સત્તરમા શતકનો જૈનેતર અને જૈન ઇતિહાસ તપાસી જઇએ જેથી તેની છાયા પદોમાં કેટલી આવી છે તે વારંવાર પદોમાં વિચારવાની આવશ્યકતા ન રહે.

દેશ સ્થિતિ: સત્તરમા ખ્રીસ્તી પ્રજાના સૈકાની આખરમાં અથવા વિશેષ સ્પષ્ટ રીતે બોલીએ તો તેના ઉત્તરાર્ધમાં કુટુંબકલહ કરી ઔરંગઝેબ ગાદીપર આવેલ હતો, તેણે ધર્માંધપણે રાજ્યશાસન ચલાવી અનેક લડાઇઓ લડી હિંદુઓને પરાઙ્મુખ કરવા સાથે મુગલાઇને હચમચાવી દીધી અને તેના વખતમાં જે સડો દાખલ થયો તેના પરિણામે મુગલાઈ સત્તાનો થોડા વખતમાં નાશ થયો. નામની સત્તા થોડાં વરસો સુધી ચાલી, પણ રાજ્તેજ ચાલ્યુ ગયુ અને તેના ધર્માંધપણાના પરિણામે રામદાસ સ્વામીના ઉપદેશથી છત્રપતિ શિવાજીએ હિંદુઓનો મુરો ઉચકી દક્ષિણમાં ઔરંગજેબ સામે અનેક રીતે લડાઇઓ જારી રાખી, નિઝામુલમુલ્ક જેવા સરદારો સ્વતંત્ર થઈ ગયા અને આખા દેશમાં અનેક લડાઇઓ જાગી, સર્વત્ર દાવાનળ ઉઠયો અને જાનમાલની અને આબરૂની અસ્થિરતા ઉઘાડી રીતે જણાઈ આવી. આવી રીતે દેશની સ્થિતિ ચાલતી હતી, અવારનવાર રજપૂતો લાગ મળે મુગલાઈ દોર સામે માથુ ઉચકતા હતા અને કોઈ વાર શરણે જઈ પુત્રીના લગ્ન પણ મુસલમાન સાથે કરી આપતા હતા. મરાઠા રાજ્ય સાથે પેશ્વાઈનો પગપેસારો પણ આ જ સમયમાં શરૂ થઈ ગયો અને આંગ્લ પ્રજા પોતાના ભવિષ્યના રાજ્ય માટે પાદપ્રવેશ કરવાની શરૂઆત આ જ સમયમા કરી ચૂકી. ઇતિહાસના અનેક પ્રસંગોથી ભરપૂર આ સમયના સંબધમાં હજારો



ધાર્મિક બાબતમાં આ સમય ખાસ વિચારવા લાયક સ્થિતિમાં હતો. હમેશાં આઘાત પ્રમાણે પ્રત્યાઘાત થાય છે એવો સામાન્ય નિયમ છે, તે પ્રમાણે ઔરંગઝેબની ધર્માંધ લાગણીએ જ્યારે અનેક હિંદુઓને મુસલમાન બનાવવાની અને તેઓનાં પૂજ્ય સ્થાનો પાડી નાખવાની પ્રેરણા કરી ત્યારે તેટલા જ જોરથી સંરક્ષણવૃત્તિ હિંદુઓમાં આવી અને તેઓએ ગમે તેટલા ભોગે પોતાની પૂર્વ કાળની જાહોજલાલી જાળવી રાખવા મહા પ્રયત્ન કર્યો. અહીં જે વાત હિંદુઓને લાગુ પડે છે તે તેટલે જ અંશે જૈનોને લાગુ પડે છે. તેઓએ પણ પોતાનાં પૂજ્ય મંદિરો અને જ્ઞાનભંડારો જાળવી રાખવા અને એમ કરી ધર્મનાં મુખ્ય બાહ્ય સ્વરૂપો જાળવી રાખવા અલ્લાઉદ્દીનના સમયથી જે પ્રશસ્ય પ્રયાસ શરૂ કર્યો હતો તે ચાલુ રાખ્યો.

આ પ્રમાણે જનસ્થિતિ વિક્રમના સત્તરમા શતકની હતી તે વખતે ધાર્મિક સ્થિતિ કેવી હતી તે તપાસવા માટે બહુ સાધનો મળી શકે છે. તે વખતના આચાર્યોનાં ચરિત્રો વાંચતા શ્રાવકોની ગુરૂભક્તિ બહુ સારી જણાઈ આવે છે. લોકો ગુરૂની ખાતર ગમે તેટલાં કષ્ટ વેઠી તેઓની આજ્ઞાને અનુસરતા હતા એમ જણાઈ આવે છે. બીજી ખાસ અગત્યની વાત તે સમયમાં એ બની કે સોળમા વિક્રમ શતકમાં જૈન ગ્રંથોના ભંડાર કરી શુદ્ધ પ્રતો કરવાની અને તેને ભંડારોમાં ગોઠવવાની વિશિષ્ટ વૃત્તિ જાગ્રત થઈ હોય એમ જણાય છે અને તેને પરિણામે અત્યારે પણ શુદ્ધ ગ્રંથ સંવત્ ૧૫૫૦ લગભગના બહુ મોટી સંખ્યામાં મળી આવે છે. આવી પુસ્તક ભંડારોની કરી આપેલી અનુકૂળતાનો લાભ લેનારા અનેક વિદ્વાનો સત્તરમા વિક્રમ શતકમાં બહાર આવ્યા અને તેથી સત્તરમો શતક જૈન કોમના ઇતિહાસમાં એક અતિ અગત્યનો સમય ગણાય છે. તે સમયમાં જૈન કોમમાં એટલા સારા વિદ્વાનો ઉત્પન્ન થયા છે કે અત્યારે તેઓનાં સર્વનાં નામો પણ મેળવવાં મુશ્કેલ પડે છે. એમ કહેવાય છે કે આ સત્તરમા સૈકામાં એકલા તપગચ્છમાં બાવન પંડિતો થયા. આમાંના કોઈ કોઈના સંબંધમાં નીચે હકીકત વિચારવામાં આવશે તેપરથી જણાશે કે આ શતક જૈન કોમ માટે જેમ અનેક પ્રકારની રાજકીય અગવડ ઉત્પન્ન કરનાર થયો તેમ અનેક રીતે આધ્યાત્મિક અને શાસ્ત્રીય દૃષ્ટિએ ધ્યાન ખેંચનાર થયો.

ગ્યું કે તત્ત્વ ક્રિયા કે બીજી કોઈ બાબતમાં જરા પણ ફેરફાર
હોવા છતાં શિષ્યપરંપરામાં બે વિભાગ એક તપગચ્છમાં તે વખ-
ત થઈ ગયા અને એક શાખા જ્યારે 'દેવસુર' નામથી ઓળખાવા
ી ત્યારે બીજી શાખા 'અણસુર' નામથી આગળ ચાલી અને હજુ
ો પણ એ અર્થ વગરના તફાવતો ચાલ્યા કરે છે. આ જ સમયમાં
જ્યસિંહસૂરિના શિષ્ય શ્રીમદ્ સત્યવિજયજીના ક્રિયાઉદ્ધારની વાત
પહેલ્ સાંભળીએ છીએ તેને માટે આપણે હવે પછી વિચાર કરશું.
ધાર્મિક સ્થિતિનો ઇતિહાસ-ક્રિયાઉદ્ધારની આવશ્યકતાઃ
ર્મિક સ્થિતિ આ સમયની તપાસવા માટે ખાસ વિગત પૂરી પાડે
ી રીતે શ્રીમદ્ યશોવિજયજીએ ભાષામાં ૩૫૦ ગાથાનું શ્રીસીમંધર
ામીની વિજ્ઞપ્તિરૂપ અને ૧૨૫ ગાથાનું પણ તેવા જ આકારનું
વન તેમ જ બત્રીશ બત્રીશીની કેટલીક બત્રીશીઓ અને ગુરૂતત્ત્વ
ર્ણય વગેરે પ્રૌઢ ગ્રંથો બનાવીને તેમાં અનેક વાતોનો સમાવેશ કર્યો છે.
માંની કેટલીક વાતો કદાચ ભવિષ્યની પ્રજાને શુદ્ધ માર્ગે ગમન
ાવવા માટે લખાયલી હોય એમ લાગે છે તોપણ એટલું તો તે
ાવનો ઉપરથી સ્પષ્ટ જણાય છે કે તત્કાલીન સાધુઓમાં કેટલોક
ટો સખ્ત રીતે પેસી ગયો હતો અને ક્રિયાશિથિળપણું સાધારણું થઈ
ગ્યું હતું. ઉપર જણાવેલાં બે સ્તવનો વિગેરેની અદ્ભુત રચના અને
માં બતાવેલા લગભગ દરેક વિચારોનું શબ્દપ્રમાણ બહુ ધ્યાન
ંચનારૂં છે, એ સ્તવનોમાં તત્સમયના શિથિળાચારપર વિચાર
ાવવા ચાલુ પ્રવાહ કેટલો બૂલભરેલો છે તે શાસ્ત્રના પ્રબળ આધારથી
ાવી આપ્યું છે. બન્ને સ્તવનો શ્રી સીમંધર સ્વામીની વિજ્ઞપ્તિ-
પે ભરતક્ષેત્રની તે કાળની ધાર્મિક સ્થિતિ બતાવવા બનાવેલાં છે અને
[illegible] સર્વ વિદ્વાન શ્રી પદ્મવિજયજીએ પૂરીને બહુ
[illegible] કર્યો છે. ભરતક્ષેત્રની (તત્કાલીન) વર્તમાન સ્થિતિ બતાવતાં
[illegible] પ્રાણીઓ ખોટાં આલંબનો આગળ લાવીને કેવી રીતે કુમાર્ગ
[illegible] છે તે બતાવવાં મુખ્ય શી વાત બતાવી છે તે આપણે
[illegible]

[illegible] (૧. ૫.)

આવ્યું કે તત્ત્વ ક્રિયા કે બીજી કોઈ બાબતમાં જરા પણ ફેરફાર ન હોવા છતાં શિષ્યપરંપરામાં બે વિભાગ એક તપગચ્છમાં તે વખતથી થઈ ગયા અને એક શાખા જ્યારે 'દેવસુર' નામથી ઓળખાવા લાગી ત્યારે બીજી શાખા 'અણસુર' નામથી આગળ ચાલી અને હજુ સુધી પણ એ અર્થ વગરના તફાવતો ચાલ્યા કરે છે. આ જ સમયમાં વિજયસિંહસૂરિના શિષ્ય શ્રીમદ્ સત્યવિજયજીના ક્રિયાઉદ્ધારની વાત આપણે સાંભળીએ છીએ તેને માટે આપણે હવે પછી વિચાર કરશું.

ધાર્મિક સ્થિતિનો ઇતિહાસ-ક્રિયાઉદ્ધારની આવશ્યકતાઃ ધાર્મિક સ્થિતિ આ સમયની તપાસવા માટે ખાસ વિગત પૂરી પાડે તેવી રીતે શ્રીમદ્ યશોવિજયજીએ ભાષામાં ૩૫૦ ગાથાનું શ્રીસીમંધર સ્વામીની વિજ્ઞપ્તિરૂપ અને ૧૨૫ ગાથાનું પણ તેવા જ આકારનું સ્તવન તેમ જ બત્રીશ બત્રીશીની કેટલીક બત્રીશીઓ અને ગુરુતત્ત્વ નિર્ણય વગેરે પ્રૌઢ ગ્રંથો બનાવીને તેમાં અનેક વાતોનો સમાવેશ કર્યો છે. તેમાંની કેટલીક વાતો કદાચ ભવિષ્યની પ્રજાને શુદ્ધ માર્ગે ગમન કરાવવા માટે લખાયલી હોય એમ લાગે છે તોપણ એટલું તો તે સ્તવનો ઉપરથી સ્પષ્ટ જણાય છે કે તત્કાલીન સાધુઓમાં કેટલોક સડો સખ્ત રીતે પેસી ગયો હતો અને ક્રિયાશિથિળપણું સાધારણ થઈ પડ્યું હતું ઉપર જણાવેલાં બે સ્તવનો વિગેરેની અદ્ભુત રચના અને તેમાં બતાવેલા લગભગ દરેક વિચારોનું શબ્દપ્રમાણ બહુ ધ્યાન ખેંચનાર છે, એ સ્તવનોમાં તત્સમયના શિથિળાચારપર વિચાર બતાવતા ચાલુ પ્રવાહ કેટલો ભૂલભરેલો છે તે શાસ્ત્રના પ્રબળ આધારથી બતાવી આપ્યું છે બન્ને સ્તવનો શ્રી સીમંધર સ્વામીની વિજ્ઞપ્તિરૂપે ભરતક્ષેત્રની - કાળની ધાર્મિક સ્થિતિ બતાવવા બનાવેલાં છે અને તેનાપર બાળાવબોધ સમર્થ વિદ્વાન્ શ્રી પદ્મવિજયજીએ પૂરીને બહુ ઉપકાર કર્યો છે. ભરતક્ષેત્રની (તત્કાલીન) વર્તમાન સ્થિતિ બતાવતાં કેટલાક પ્રાણીઓ ખોટા અવલંબનો આદરી પ્રાણીને કેવી રીતે કુમાર્ગે ઉપર લઇ જાય છે તે બતાવતા મુખ્ય બે વાત બતાવી છે તે આપણે તારવી જોઇએ.

> કામ કુંભાદિક અધિકનું, ધર્મનું કો નવિ મૂલ રે;
> દોકડે કુગુરુ તે દાખવે, શું થયું એહ જગ શૂલ રે. (૨. ૫)

• • • •

તપગચ્છનાયક શ્રી વિજયપ્રભસૂરિની તેઓએ આજ્ઞા મેળવી હતી અને તેમને તત્સંબંધી પ્રેરણા કરનાર અને સાથે રહેનાર શ્રી યશોવિજયજી ઉપાધ્યાય હતા. ક્રિયાઉદ્ધાર કરવા માટે આજ્ઞા આપવા છતાં છેવટે વિજયપ્રભસૂરિ સાથે જોડાયા નહિ, તેથી તફાવત પાડવા માટે સાધુનાં વસ્રનો રંગ ફેરવવાની જરૂર જણાઇ. આ સર્વ બાબતમાં યશોવિજયજી સાથે હતા એમ અત્યાર સુધી ચાલી આવતી કિંવદંતીપરથી જણાય છે. વીરવિજય કવિ ધીધમ્મિલના રાસની પ્રશસ્તિમાં જણાવે છે કે વિજયસિંહસૂરિના શિષ્ય લક્ષણ લક્ષિત દેહવાળા સત્યવિજયે ગુરૂ સૂરિપદવી આપતા હતા છતાં તે લેવા ના કહી, ક્રિયાઉદ્ધાર કરવાનું જણાવ્યું અને ગુરૂમહારાજે તેમ કરવા હા પાડી, ત્યાર પછી સંઘને એ વાત જણાવી અને ગચ્છનો ભાર તેમના માથાપર રાખી ગુરૂમહારાજ સ્વર્ગે સિધાવ્યા. સંઘ સાથે રહીને તેમની પાટે વિજયપ્રભસૂરિની સ્થાપના કરી તે આચાર્ય વિગેરે સર્વ આ ઉગ્ર વિહારીની સમક્ષ ઊભા રહેતા હતા અને ક્રિયાઉદ્ધારમાં 'વાચક જસ તસ પક્ષીજી' એમ કહ્યું છે તેથી તે *અર્થ બતાવી આપે છે કે

* આ મહત્તા ભાગો વિચારમાં લેવા લાયક છે. ચાલુ હકીકતને ઉપયોગી ન ર નીચે પ્રમાણે છે

> તપગચ્છ કાનન કલ્પતરૂ સમ, વિજયદેવ સૂરિરાયાજી,
> નામ દશોદિશ જેહનું ચાવું ગુણીજન વૃંદ ગવાયાજી;
> વિજયસિંહસૂરિ તાસ પટધર, કુમતિ મતંગજ સિંહોજી,
> નામ શિષ્ય સુરિપદવી લાયક, લક્ષણ લક્ષિત દેહોજી. ૧
> સંઘ ચતુર્વિધ દેશ વિદેશી મળિયા તિહાં સહેનજી,
> વિવિધ મહોત્સવ કરતાં દેખી નિજ સુરિ પદને હેતજી;
> સાધુ શિથિલપણું બહુ દેખી ચિત્ત વૈરાગે વાસીજી,
> સૂરિવર આગે વિનય વિરાગે મનની વાત પ્રકાશીજી. ૨
> 'નહિ પદવી નવી લેવી સ્વામી, કરશું કિરિયા ઉદ્ધારજી,'
> કે, સુરિ 'આ મારી છે તુમ શિર, તુમ વસો સહુ અણગારજી;'
> એમ કહી સ્વર્ગ સીધાવ્યા સુરિવર સંઘને વાત સુણાવીજી,
> સત્યવિજય પન્યાસની આણા મુનિ મનમાં વરતાવીજી ૩
> સઘળી સાખે તેણે નિજ હાથે, વિજયપ્રભસૂરિ થાપીજી,
> ગચ્છ નિશ્રાએ ઉગ્ર વિહારી, સંવેગતા ગુણ વ્યાપીજી;
> દેખિત મેરૂ તણી પરે થિર, ધૈર્ય ધરમેં ઉલ્લાસજી,
> સૂરિ પાસ રહે સન્મુખ ઊભા, વાચક જસ તસ પક્ષીજી. ૪

ા સ્તવનના ટબામાં પ્રશસ્તિપર વિવેચન કરતાં શ્રી પદ્મવિજય
૧૮૩૦ માં આ વાતને મજબૂત કરે છે. (જુઓ સત્તરમી
। દશમી ગાથાનો બાલાવબોધ.) ત્યાં જણાવે છે કે–'સંવેગ
તેમણે વિજયસિંહસૂરિની હિતશિક્ષાનુસાર આદર્યો' એનો
ાં એમ થાય છે કે 'શ્રીયશોવિજયજી ઉપાધ્યાયે પણ તેઓની
પામીને ક્રિયાઉદ્ધાર કર્યો.' આ સર્વ શબ્દો ઉક્ત પદ્મ-
જીના છે. આવી રીતે ક્રિયાઉદ્ધાર કરી વિશુદ્ધ માર્ગપર દૃષ્ટિ
ના માટે બાહ્ય વેશના રંગમાં પણ ફેરફાર કરવો પડ્યો એ
ા પદવીઓના ક્રમમાં પણ ફેરફાર થયો અને તેથી લગભગ
બાબતો ક્રિયાને લાગતી ફેરવવી પડી છે એમ સાંભળ્યું છે. એ
ાનુ લીન્ક મને મળી શક્યું નથી, તેને માટે હાલ તપાસ ચાલે
[illegible] સ્યાદ્વાદ શૈલીએ ચાલતા શાસ-
[illegible] કે એના વિચારશીલ આગે-
[illegible] વખતો વખત કરી શકે
[illegible] થયા છે.

[illegible] ક્રિયાઉદ્ધાર જેમ
[illegible] તેમ બીજી
[illegible] દર્શનનો
[illegible] અત્રેથી કે
[illegible] નાબંધમાં
[illegible] વિશ
[illegible] કર્યું છે
[illegible] કરી હાનિ
[illegible] ગાનમાર્ગે દૂર
[illegible] રાશિ
[illegible] જણાય છે
[illegible] નહિ હોય, તેથી જુદ
[illegible] નહિ હોય અને તેથી
[illegible] ફેરફાર સંભળાય

મોટી ભેદની મળતી હશે. આ પ્રમાણે થવું એ દર્શનકાળમાં તદ્દન બનવા જોગ છે. ગૃહસ્થ અને સાધુવર્ગની આ કાળમાં આવી દશા હતી એમ સામાન્ય રીતે કહી શકાય; વધારે વિસ્તારથી તેનો ખ્યાલ કરવા માટે સદરહુ બન્ને સ્તવનો વાંચવા ભલામણ છે. એમાં સાધુવેશધારીઓ લોકોને કેવી રીતે છેતરતા હતા, કેવો મૃષા ઉપદેશ આપતા હતા, કેવી રીતે પોતાનાં માન પૂજા વધારતા હતા, અને તેને લઈને શાસનની કેવી દશા થઈ હતી તેનું તાદૃશ ચિત્ર આપવામાં આવ્યું છે. આવી સ્થિતિ જ્યારે સામાન્ય જનસમૂહની હતી ત્યારે સાથેજ અસાધારણ જ્ઞાનબળ ધરાવનાર અનેક મહાત્માની રત્નાવળી હયાત હતી અને વિશિષ્ટ તત્ત્વજ્ઞાન, ન્યાય અને ક્રિયાકાંડના અંગનો નિષ્કર્ષ કાઢી તેનું સ્વરૂપ લક્ષ્યમાં લઈ તે પ્રમાણે જનસમૂહને દોરવી શકે એવી અસાધારણ શક્તિવાળા મહા પુરૂષો તે વખતે પૃથ્વીતળને પાવન કરતા હતા. આ કાળમાં ઉત્તમ વૈરાગ્યવાળા પુરૂષો જૈન અને જૈનેતરમાં બહુ મોટી સંખ્યામાં થયા હતા અને તેઓ પ્રબળ શક્તિવાળા અને જનસમૂહની પ્રકૃતિ અને પ્રવૃત્તિમા મોટો ફેરફાર કરાવી શકે તેવા હતા તે હવે પછી જોવામા આવશે બાકી સામાન્ય રીતે* તો 'કલહકારી કદાગ્રહ ભર્યા, થાપતા આપણા બોલ રે, જિનવચન અન્યથા દાખવે આજ તો વાજતે ઢોલ રે. સ્વામી સીમંધરા વિનતિ.' આવી ગુરુઓની [illegible] થઈ પડી હતી અને તેથી ઉપાધ્યાયજીને એવા શબ્દો કહેવા પડ્યા હતા કે—

> જ્ઞાન દર્શન ચરણ ગુણ વિના, જે કરાવે કુલાચાર રે
> લૂંટે તેણે જન દેખતાં, કિહાં કરે લોક પોકાર રે
>
> સ્વામી સીમંધરા વિનતિ*

[illegible] અનેક [illegible] મન- [illegible] ચારી થઈ ગયા [illegible] આસક્ત [illegible] અને તેમને જ્ઞાનની મહત્તા શું છે તેની સારી રીતે [illegible] ની જરૂર હતી [illegible] કરી આત્મિક દૃષ્ટિ

* [illegible]

* [illegible]

નિરૂપણ કરવામાં આવ્યું છે તે ખાસ વાંચીને વિચારવા યોગ્ય છે. આ હકીકતનું રહસ્ય સમજવા માટે ઉક્ત બન્ને સ્તવનો સમજીને વાંચવા વિજ્ઞપ્તિ છે. આખા ક્રિયાઉદ્ધારમાં અને તત્કાલીન શિક્ષણમાં જે ખાસ મુદ્દો સમાયલો હતો તે ૩૫૦ ગાથાના સ્તવનની નીચેની ગાથાપરથી સ્પષ્ટ જણાય છે.

કોઈ કહે મુક્તિ છે વીણતાં ચીંથરાં,
કોઈ કહે સહજ જમતાં ઘર દહીંથરાં;
મૂઢ એ દોય તસ ભેદ જાણે નહી,
જ્ઞાન યોગે ક્રિયા સાધતાં તે સહી. (૧૬-૨૪)

અહીં ચીંથરાં વીણવાં તે પડિલેહણાદિક બાહ્ય ક્રિયા સમજવી અને દહીંથરાં જમવાં તે જ્ઞાનમાં મસ્તતા બતાવી પુદ્ગલોનો આનંદ કરવાની વાત સમજવી. તાત્પર્ય એ છે કે એકાંત જ્ઞાન પંગુ છે અને એકલી ક્રિયા અંધ છે. આ મુખ્ય તત્ત્વનો ઉપદેશ ક્રિયાઉદ્ધાર વખતે ખાસ કરવામાં આવ્યો હતો અને જ્યારે જ્યારે શિથિળાચાર વધી જાય છે, ગુરૂઓનું ગેરવાજબી દબાણ કોમપર કે દર્શનપર અસર કરનાર દેખાઈ આવે છે અને અધિકાર વગર ક્રિયા કે અધ્યાત્મની વાતો કરવા મંડી જવાય છે ત્યારે આવા ઉપદેશની અને એવા ઉપદેશનો નિર્વાહ કરી-કરાવી શકે એવા પ્રબળ પુરૂષાર્થશાળી પુરૂષોની આવશ્યકતા રહે છે. આ કાળમાં જૈન કોમમાં પ્રબળ શક્તિવાળા પુરૂષો થયા તેથી શાસનને માર્ગપર લઈ આવ્યા હતા અને 'કુગુરૂની વાસના પાસમાં' જે લોકો પડી ગયા હતા તેઓને વાસ્તવિક રીતે સુમાર્ગપર લઈ આવ્યા હતા.* આ વખતે થયેલા કેટલાક મહા પુરૂષો સંબંધી હકીકત આપણે હવે સંક્ષેપમાં વિચારી જઈએ.

યશોવિજય ઉપાધ્યાયઃ આ સમયના જૈન કોમના સમકાલીન વિદ્વાનોમાં સર્વથી વધારે ધ્યાન ખેંચી રહેનાર પ્રબળ પુરૂષાર્થશાળી, વિશિષ્ટ જ્ઞાની, દીર્ઘદર્શી, મહાત્મા શ્રીયશોવિજયજી ઉપાધ્યાય છે.

* વર્તમાન કાળમાં સાધુવર્ગનું જૈન કોમ સાથે વર્તન કેવા પ્રકારનું છે, તેમાં ફેરફારની જરૂર છે કે નહિ અને કોઈ પ્રબળ શક્તિવાળા મહાત્માની જરૂર છે કે નહિ એ સર્વ સવાલો વિચારણીય છે અને તેવા વિચારમાં મદદ મળી શકે એવું ઘણું વાંચન આ વિભાગમાં થયું છે તેપર ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

તેઓનો જન્મકાળ નિર્ણીત નથી પણ સંવત્ ૧૬૭૦ થી ૮૦ સુધીમાં હોવો જોઈએ. તેઓશ્રીનો દેહવિલય સંવત્ ૧૭૪૬ ના માગશર સુદિ ૧૧ ડભોઈમાં થયો હતો. આ મહાત્મા કાશીમાં બાર વરસ અભ્યાસ કરી ન્યાયના ૧૦૦ ગ્રંથો બનાવી ન્યાયાચાર્યનું બિરૂદ યથાર્થપણે મેળવી ગુજરાતમાં આવ્યા ત્યારે અને ત્યાર પછી જૈન ધર્મની વિજયપતાકા ફેલાવવામાં અતિ ઉપયોગી થયા અને તે માટે અનેક માર્ગ તેઓએ લીધા. ન્યાયના અતિ અગમ્ય પ્રદેશમાં વિહાર કરનાર, પરમ પુરૂષાર્થશીળ, અતિ વિશાળ દીર્ઘ દૃષ્ટિવાળા, યાદશક્તિપર અસાધારણ કાબુ ધરાવનાર, આ મહાત્મા પુરૂષે જૈન ધર્મ સંબંધી ઘણું વાંચ્યું, ઘણું લખ્યું, ઘણું વિચાર્યું અને ઘણું કર્યું. ન્યાયનાં સો પુસ્તકો તેઓએ કાશીમાં લખ્યાં છે તેમ જ 'રહસ્ય' પદઅંકિત ૧૦૮ ગ્રંથો, મગળવાદ વિગેરે ગ્રંથો લખ્યા છે તેમાંથી બહુ થોડાજ હાલ લભ્ય છે, કારણ કે તેમના સમયમાં અને ત્યાર પછી જેમ જૈનેતરને તેમના તરફ દ્વેષ હતો તેમ જૈન કોમમાં* પણ તેમની વિરૂદ્ધ કામ કરનારા ઘણા ઉત્પન્ન થયેલા હતા, કારણ સત્ય હકીકત બતાવનાર તરફ ટુંકા નજરવાળાઓના અણગમો રહે છે અને તેવા માણસો વધારે સંખ્યામાં દરેક કાળમાં હોય છે. ઉપાધ્યાયજીના વચનની મહત્તા એટલી બધી જણાય છે કે કોઈ પણ વાત તેમણે કહી છે એમ બતાવવામાં આવતાં તેમના વચનને પૂરાવરને યોગ્ય માન મળે છે. આવા ટંકશાળી વચનો બોલનાર અસાધારણ માન પ્રાપ્ત કરનાર મહાત્માના વિષયપ્રવેશ વિચારતાં અમ ઘણાનું પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થાય છે. તેમણે ન્યાયખંડન ખાદ્ય અને અષ્ટસહસ્રી તથા શાસ્ત્રવાર્તા સમુચ્ચય વિગેરે ટીકામાં ન્યાયનું અસાધારણ જ્ઞાન બતાવ્યું છે અને તે વિષયપરના તેઓનો કાબુ વિચારતાં મનમાં સાનંદાશ્ચર્ય થાય છે. એ ઉપરાંત જૈન તર્કભાષા, નયપ્રદીપ, નયોપદેશ, નયરહસ્ય વિગેરે અનેક ન્યાયના

* [illegible] નહિ સ્વીકારનાર [illegible] તેમના મોટા ભાગ અને [illegible] ની મહત્તા ન ખમી શકનાર તેમના ગચ્છવાળાના કેટલાક [illegible] હતા અને તેમના સમયના તેમની લેખની તેટલી [illegible] ઉપાધ્યાયજી તરફ દ્વેષ રાખનારે [illegible] હતો [illegible] વિચારવાથી સમજી શકાય તેમ છે.

ગ્રંથો તેઓએ બનાવ્યા છે તે અત્યારે લભ્ય છે. અધ્યાત્મ અં
યોગના વિષયનાં પણ અલૌકિક પુસ્તકો તેઓએ લખી વત્કાલી
અને ભવિષ્યત્ જૈન પ્રજાપર મોટો ઉપકાર કર્યો છે. તેઓ
'વૈરાગ્ય કલ્પલતા', 'અધ્યાત્મ સાર' અને સર્વ શિરોમણિ 'જ્ઞાનબિ
જેવા ગ્રંથો વાંચતાં કર્ત્તાની અસાધારણ વિષયગ્રહણ અને રજ
કરવાની શક્તિ ઉપર ખ્યાલ થવા સા- વયવ સ્પષ્ટ થઈ જાય છે
એ ઉપરાંત 'બત્રીશ બત્રીશીઓ' લખી યોગના વિષયના ઘણા પૂર્વ
રચિત વિષયને એકત્ર કર્યો છે અને તે જ યોગના વિષયપર 'આ
દૃષ્ટિની સજ્ઝાયો' ગુજરાતીમાં બનાવી છે. ચાલુ ઉપયોગમાં 'ગુરૂતત્ત
નિર્ણય' અને 'ભાષા રહસ્ય' બનાવી બહુ લાભ કર્યો છે અને અન
પક્ષ સંબંધમાં 'પ્રતિમાશતક', 'દેવ ધર્મ પરીક્ષા' અને 'અધ્યાત્મમ
ખંડન' જેવાં પુસ્તકો લખ્યાં છે જે તેઓની વિવિધતા બતાવે છે
વળી એક 'સિદ્ધાન્ત તર્ક પરિષ્કાર' નામનો ગ્રંથ લખી તેમાં સિદ્ધાન
સંબંધી લોકોના મનમાં શંકા આવે તેવા પ્રસંગોનો નિર્ણય અસ
ધારણ રીતે કરી આપ્યો જણાય છે. સમયાન્તર જ્ઞાનદર્શનના ઉપ
યોગ સંબંધી સિદ્ધાન્તિક મત અને ન્યાય કુલગૃહ શ્રીસિદ્ધસેન દિવ
કરના અભિપ્રાય ઉપર જે અસાધારણ યુક્તિવડે દલીલપુરઃસ
વિચારો બતાવી નિર્ણય કર્યો છે તે વાંચતાં તેઓશ્રીના અદ્ભુ
જ્ઞાનનો ખ્યાલ આવે તેમ છે. સંસ્કૃતમાં અનેક ગ્રંથો બનાવવા ઉપ
રાંત અતિ વિશિષ્ટ શબ્દભંડોળ સાથે ગુજરાતીમાં સમકિતના દ
બોલની સજ્ઝાય, અઢાર પાપસ્થાનકની અઢાર સજ્ઝાય, એકાદશી
ગરણાં, જંબૂસ્વામીનો રાસ, ૪૨, ૧૨૫, ૧૫૦ અને ૩૫૦ ગાથા
સ્તવનો, ચોવિશીઓ વિગેરે અનેક પદ્યરચના કરી છે, 'યશવિલાસ'
નામથી ઓળખાતો પદનો સંગ્રહ બનાવ્યો છે અને તે પ્રત્યેક
ગુજરાતી ભાષા ઉપર અસાધારણ કાબુ બતાવ્યો છે. ગુજરાતી
કૃતિમાં તેઓએ જ્યાં જ્યાં સંસ્કૃત શ્લોકોનાં ભાષાંતરો મૂક્યાં
ત્યાં બરાબર શબ્દરચના કરી સમાન ભાવાર્થથી સરળપણે સંસ્કૃ
માંથી ગુજરાતીમાં ઉલ્લેખ કરવાની અસાધારણ અવતરણશક્તિ
બતાવી છે. આવી સુંદર રીતે સંસ્કૃતને ગુજરાતી પદ્યમાં બતાવ
શકનાર મારા વાંચવામાં કોઈ વિદ્વાન્—જૈન અથવા જૈનેતર આવ્યા નથ

પોતાનો અને તેમનો સંબંધ બતાવવા સારૂ યશોવિજયજી કહે છે કેઃ-

> તાસ વિશ્વાસ ભાજન તસ પૂરણ, પ્રેમ પવિત્ર કહાયાજી;
> શ્રી નયવિજય વિબુધ પય સેવક, સુજસવિજય ઉવઝાયાજી.
> ભાગ થાકે તો પૂરણ કીધો, તાસ વચન સંકેતેજી;
> તિણે વળી સમકિતદ્રષ્ટિ જે નર, તેહ તણે હિત હેતેજી.

મતલબ પોતે બાકીનો રાસ પૂર્ણ કર્યો. તેમાં વિનયવિજયજી માટે કેટલું માન અને તેમનો અરસપરસ કેટલો સંબંધ હતો તે સમજવા યોગ્ય છે. પદવીધરો એક બીજાને જોઈ દાંત કચકચાવતા નહોતા એ આટલા ઉપરથી સ્પષ્ટ થાય છે અને તે ખાસ વિચારણીય અને અનુકરણીય બાબત છે. આ મહાત્માના ગ્રંથો વારંવાર એવા પ્રસંગે ઉપયોગમાં આવે છે, પર્યુષણમાં તેમની કલ્પસૂત્ર ટીકા અને અંત્યેષ્ટી સંસ્કારમાં પુણ્યપ્રકાશનું સ્તવન એવા રસથી વંચાય છે કે તેઓનું નામ એક વિદ્વાન અનુભવી તરીકે ઘણાં વર્સો સુધી જ્વલંત રહેશે.

વિજયદેવસૂરિઃ તપગચ્છગગનમાં દિનમણિ તુલ્ય અકબર બાદશાહ પાસે ધર્મચર્ચા કરી જૈનો માટે અનેક પ્રકારના હકો મેળવનાર શ્રી હીરવિજયસૂરિ સુધર્માસ્વામીની ૫૮મી પાટે થયા, તેમની પાટપર વિજયસેન સૂરિ થયા, તેઓની પાટે આ મહાત્મા ૬૦ મી પાટે થયા. સંવત્ ૧૬૪૩ માં જન્મ, સૂરિપદ ૧૬૫૬. આ મહાત્માને જહાંગીર પાદશાહે મહાતપાનું બિરૂદ આપ્યું હતું. તેમણે પોતાની હયાતીમાં વિજયસિંહસૂરિને પટ્ટધર નીમ્યા હતા, પરંતુ તેમનો દેહવિલય સંવત્ ૧૭૧૦ માં થવાથી તેમના પછી વિજયપ્રભસૂરિની સ્થાપના કરી પોતે સંવત્ ૧૭૧૨માં ઉના ગામમાં સ્વર્ગ સોધાવ્યા. એમના વખતમાં જૈન શાસનની જાહોજલાલી એટલી બધી હતી કે તેઓ પાસે પાઠકપદ ધરાવનાર પચીશ શિષ્યો અને ૩૦૫ પંડિતપદ ધરાવનાર શિષ્યો હતા. તેઓના વખતમાં શિથિલાચારને દાબવા માટે અનેક પ્રયત્નો થયા, તેઓએ કાઢેલા હુકમો હજુ પણ મળી શકે છે, પરંતુ તે સર્વથા પ્રતિકાર ન થવાથી અંતે ક્રિયોદ્ધારની જરૂરીઆત પડી હતી. તેઓએ કાઢેલ હુકમોની નકલ મારી પાસે છે જે દરેક સાધુએ ખાસ વિચારવા યોગ્ય છે.

વિજયાનંદ સૂરિઃ વિજયદેવસૂરિના આ સમકાલીન ગચ્છાધિપતિ

હતા. ગમે તે કારણથી વિજયસેનસૂરિના શિષ્ય વિજયતિલકસૂરિએ શિરોહી નગરમાં સંવત્ ૧૬૭૬માં તેમને સૂરિપદવી આપી અને તે વખતથી તપગચ્છમાં એક સાથે બે ગચ્છાધિપતિ થયા. વિજય-દેવસૂરિના સંતાનીય 'દેવસૂર' ગચ્છના કહેવાયા ત્યારે આ સૂરિના શિષ્ય 'આણસૂર'ના નામથી ઓળખાયા. આ વખતે તપગચ્છમાં બે મોટા ફાટા પડી ગયા તે માત્ર આચાર્યને અંગે હતા, એમની ક્રિયા કે નિયત્રણામાં વ્યક્તિને અંગે કાંઈ ફેરફાર હોય તો ભલે, બાકી તાત્ત્વિક તફાવત શરૂઆતમાં કાંઈ હતો નહિ અને ત્યાર પછી પણ કાંઈ થઈ શક્યો હોય એમ મારા સમજવામાં આવ્યું નથી. ગમે તેમ હોય પણ આવા અંગત કારણોને લીધે વિભાગ પડવાથી જૈન શાસનનું જોર નરમ પડતું ગયું અને પરિણામે અત્યારે આપણે જે સ્થિતિ જોઈએ છીએ તેની શરૂઆત આ સમયમાં થઈ ગઈ અને અજ્ઞાનના અનેક નાશક તત્ત્વોના સામે થવામાં શક્તિનો વ્યય કર-વાની જરૂરીઆત ઉપરાંત અંદરની બાબતોમાં ઘણું ધ્યાન આપવાની અને તેના [illegible] ઘણું કામ વિચારી લેવાની જરૂર પડી. [illegible] ત્યાર પછીથી [illegible] સમય વ્યતીત [illegible] બાજુએ મૂકતાં [illegible] ફેરફાર [illegible] થોડા [illegible] નથી.

[illegible] થયા [illegible] ૧૬૭૩ [illegible] થયું. [illegible] સ્થાપના કરી. [illegible]

વિજયપ્રભસૂરિ: ઉપરોક્ત રીતે તપગચ્છના ૬૧ મા ગચ્છાધિપતિ તેઓના ગુરૂ વિજયદેવસૂરિના વખતમાં કાળધર્મ પામ્યા હોવાથી કેટલાક વિજયપ્રભસૂરિને ૬૧મી પાટે ગણે છે અને પ્રશસ્તિમાં પરંપરા જણાવતાં ઉપાધ્યાયજી ઉપરોક્ત ટાંચણમાં જોયો તો દેવસૂરિ પછી વિજયપ્રભસૂરિને જ મૂકે છે. તેઓનો જન્મ કચ્છમાં હતો, દીક્ષા સં. ૧૬૮૬માં, પંન્યાસપદ ૧૭૦૧માં, ગંધાર નગરમાં સૂરિપદ સં. ૧૭૧૦ માં અને સ્વર્ગગમન સં. ૧૭૪૯માં થયું. આ બન્ને ગચ્છાધિપતિ જબરજસ્ત હતા, તેમણે સત્યવિજય પંન્યાસને ક્રિયાઉદ્ધાર કરવાની રજા આપી હતી, પરંતુ વિજયપ્રભસૂરિ અંતે તે માર્ગ આદરી શક્યા નહિ. આ તેઓમાં કાંઈક નબળાઈનું રૂપ બતાવે છે. ક્રિયાઉદ્ધાર સબંધી હકીકત કાંઈક ઉપર લખી છે, વિશેષ હવે પછી પણ આવશે.

સત્યવિજય પંન્યાસ: સમકાલીન મહાત્મા પુરૂષોમાં સત્યવિજય પન્યાસનું નામ ખાસ ધ્યાન ખેંચે છે. બાલવયમાં આચાર્ય વિજય-સિંહસૂરિ પાસે દીક્ષા લઈ તેમણે શાસ્ત્રાભ્યાસ કર્યો. તેમણે વર્ત-

સૂરિની પટ્ટધર તરીકે સ્થાપના કરાવી, ત્યાર પછી ક્રિયાઉદ્ધાર કરી પોતે વસ્ત્રમાં ફેરફાર કર્યો અને ક્રિયાની બાબતમાં શિથિળતા દૂર કરી અનેક નાની મોટી બાબતમાં ફેરફાર કરી સંવેગ પક્ષની સ્થાપના કરી. તેઓની શિષ્યપરંપરા બહુ સારી રીતે ચાલી. અહીં જરા વિષયાંતર થાય છે પણ આ ઉપયોગી હકીકતને અંગે તેઓની સંતાનીય શિષ્યપરંપરાનું લીસ્ટ પણ અહીં આપી દઈએ.

સત્યવિજય પંન્યાસ.
સં. ૧૭૫૬

કર્પૂરવિજય
| સં. ૧૭૭૫
ક્ષમાવિજય
સં. ૧૭૮૬

જિનવિજય — [illegible]
સં. ૧૭૯૯
ઉત્તમવિજય — શુભવિજય
| સં. ૧૮૨૭
પદ્મવિજય. — વીરવિજય પંડિત
| સં. ૧૮૬૨
રૂપવિજય
|
[illegible]વિજય

[illegible]

[illegible]

[illegible]

[illegible]

આ પટના બધી સમજણ માટે પં. [illegible]વિજયજીની પરંપરા આ ઉપરથી સમજાઈ ગઈ હશે. સત્યવિજય પંન્યાસ સંવત્ ૧૭૫૬ માં સ્વર્ગગમન પામ્યા. આ મહા પુરુષ અતિ ત્યાગી હતા, મહા પ્રભાવશાળી

હતા અને તેથી જ તેઓના ઉપર ગચ્છનો ભાર તેમના ગુરૂએ મૂક્યો હતો. વળી ગચ્છમાં શિથિળતા જોઈ તે ચલાવી લે તેવી તેમની સાધારણ રીતે પ્રકૃતિ ન હોવાથી અને સત્ય બોલવામાં તથા તે પ્રમાણે વર્તવામાં નીડર હોવાથી તુરત જ તેઓ શુદ્ધ માર્ગપર આવી ગયા અને તેનો ઉપદેશ મુક્તકંઠે કરી અસાધારણ મનોબળ બતાવી સંવેગ પક્ષનો આદર કર્યો. ઘણી વખત વર્તમાન સ્થિતિમાં અસંતોષ થાય એવા પ્રસંગો બને છે, અને તેથી સત્યવિજય જેવા અસાધારણ ત્યાગ વૈરાગ્ય અને મનોબળવાળા મહા પુરૂષોના જન્મની અથવા પ્રાદુર્ભાવની રાહ જોવાય છે. જમાનાને અંગે ઘટતા ફેરફાર થવા સાથે હવે ક્રિયાઉદ્ધારની નહીં પણ માનસિક દશાની સુધારણા અને ખાસ કરીને કષાયવિજયની આવશ્યકતા બહુ રહે છે. દાખલ થયેલા સડાને વૃદ્ધિ પામવા દેવાથી તે ઘર કરી મૂકે છે અને તે બાબત દીર્ઘ દૃષ્ટિવાળા ગીતાર્થ અને ગચ્છનાયકોએ વિચારી વર્તમાન સમયમાં પણ સત્યવિજયનું સ્વરૂપ ધારણ કરવાની આવશ્યકતા છે એમ કેટલોક વર્તમાન ઇતિહાસ જોવાથી અથવા તેપર ઐતિહાસિક નિષ્પક્ષ દૃષ્ટિએ વિચારવાથી જણાઇ આવે તેવુ છે, પરંતુ અહીં વિષયાંતર થઈ જાય છે તેથી વધારે લખવુ યોગ્ય લાગતું નથી. સત્યવિજય પંન્યાસે પોતાની ત્યાગદશાને અંગે આનંદઘનજીના પ્રસંગ [illegible] એમ એમના [illegible] કરવાથી જણાય છે અને તે તેમના વિશિષ્ટ ત્યાગને અને દશાપણને [illegible].

માનવિજય ઉપાધ્યાય [illegible] ના શિષ્ય શાંતિવિજય [illegible] થયા તેમણે [illegible] સંવત ૧૭૩૮ માં રચ્યો [illegible] સમર્થ [illegible] શ્રી યશોવિજયજીએ તે [illegible] પ્રશસ્તિ ઉપરથી જણાઈ આવે છે. [illegible] નવન [illegible] સમર્થ વિદ્વાન પાસે અંકિત કરાવે એ ખાસ જરૂરનું છે એ પ્રમાણે કરવાથી ભૂલો રહેવાનો સંભવ બહુ ઓછો થઈ જાય છે આ માનવિજય ઉપાધ્યાયે ચોવીશી પણ બહુ સુંદર ગુજરાતી ભાષામાં બનાવી છે. 'ઋષભ જિણંદા ઋષભ

જિણંદા' એ આદિનાથનું તેઓનું કરેલું પ્રથમ સ્તવન છે. એમનાં સ્તવનોમાં 'નિરખી નિરખી તુજ બિંબને' એ સુપાર્શ્વનાથનું સ્તવન અતિ સુંદર છે, રૂપસ્થ ધ્યાન ઉપર દોરી જનાર છે અને મૂર્તિપૂજાને તેના અત્યુત્તમ આકારમાં દર્શાવનાર છે. માનવિજયના બનાવેલ રાસમાં ગજસિંહકુમારનો રાસ અને નયવિચારનો રાસ પ્રસિદ્ધ છે. એકમાં [illegible] એમ નામ લખ્યું છે તે આ માનવિજય છે એમ જણાય છે.

રામવિજય: આ જ સમયમાં અતિ મિષ્ટ ભાષામાં ચોવીશી તે સ્તવનાદિ લખનાર રામવિજયજી થયા. શ્રી શાંતિનાથજીનો રાસ તેમણે રચેલો છે જે બહુ જ સુંદર છે; તેમ જ તેમણે તેજપાળ રાસ બનાવ્યો છે તે પણ ખાસ વાંચવા યોગ્ય છે. તેઓની આખી ચોવીશીના [illegible] ભાવના ભક્તિ અને જ્ઞાન તથા કોઈ કોઈ [illegible] છે. તેમાંનુ પદ્મલાલિત્ય પંચકલ્યાણકના સ્તવનાદિકના [illegible] આવે છે તેઓએ સાત નય ઉપર [illegible] ખાસ અભ્યાસ કરવા યોગ્ય છે. [illegible] વ્યાખ્યાનશૈલી એવી લોકપ્રિય હતી કે [illegible] શ્રીવિજયપ્રભસૂરિ... [illegible] શ્રીવિજયજીના વ્યાખ્યાનમાં [illegible] વ્યાખ્યાનમાં સર્વ લોકો [illegible] પોતાને એમની [illegible] વ્યાખ્યાનમાં એક વાર [illegible] તેમની [illegible] મિષ્ટ [illegible] હતા. આ [illegible]

[illegible] આનંદઘનજી [illegible] તેમની [illegible] ઉપર તેમણે [illegible] 'સ્તવનાવલી' ઉપર [illegible]

દો લખ્યાં છે તે પણ છપાઈ ગયાં છે. યશોવિજય ઉપાધ્યાયના ૫૦ ગાથાના સ્તવન ઉપર તેમણે ટબો પૂર્યો છે. ત્રેવીશમા અને ચોવીશમા તીર્થંકરનાં સ્તવનો આનંદઘનજીની ચોવીશી પૂર્ણ કરવા માટે તેમણે બનાવ્યાં છે જે સુંદર છે, છતાં આનંદઘનજીની શૈલીથી જુદાં પડી જાય છે. આ બાબતપર અગાઉ વિવેચન થઈ ગયું છે.

ધર્મસાગર ઉપાધ્યાય: આ ધર્મસાગરજી જેમણે કલ્પકિરણાવળી નામની કલ્પસૂત્રની ટીકા બનાવી છે અને જેઓની બુદ્ધિ જૈનના મુદ્દાઓ ઉડાવવામાં તીવ્ર જણાય છે તે પણ આ જ સમયમાં થયા છે. તેઓને તત્કાલીન વિદ્વાનો સાથે સારી રીતે બનાવ નહોતો એમ હકીકત સંભળાય છે. આ વિદ્વાન ઉપાધ્યાયની ઉપરોક્ત ટીકાપર 'સુબોધિકા' ટીકામાં વિનયવિજયજીએ કેટલેક ઠેકાણે આક્ષેપો કર્યા છે તેનું યોગ્યાયોગ્યપણું વિચારવા યોગ્ય છે. સંસારીપણામાં તેઓ વિજયદેવસૂરિના સગા થતા હતા અને ગચ્છાધિપતિ ત્રીજા નીમવાનું તે પણ એક કારણ હતું એમ સાંભળવામાં આવ્યું છે. એમણે ઘણી મોટી ઘણી રચનાઓ કરી છે. તેઓ તપગચ્છનો ઝુંડો ઉડાવનાર અને શૂરવીર હતા, શાસ્ત્રઅનુસારે દરેક કુમતનું ખંડન કરવું અને કોઈથી કોઈ પણ પ્રકારે દબવું નહિ એ તેમનો મુદ્રાલેખ હતો.

આ ઉપરાંત તે સમયના [illegible] જેમણે અનેક [illegible] [illegible] બનાવી છે, ધર્મમંદિર ગણિ, સમયસુંદર અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કરી [illegible] [illegible] પડી છે [illegible] [illegible] પડી શકે.

બનારસીદાસ [illegible] [illegible] છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] રૂપે રચ્યુ

સોરહસે તીરાનવે બીતે, આસુમાસ સિત પક્ષ વિતીતે;
તિથિ તેરસી રવિવાર પ્રવીના, તા દિન ગ્રંથ સમાપત કીના. ૭૨૪

દોહરા. સુખ નિધાન સકબંધ નર, સાહિબ સાહી કિરાન;
સહસ સાહિ શિર મુકુટ મનિ, સાહજહાં સુલતાન, ૭૨૫

જાકે રાજ સુચેનસોં, કીનો આગમ સાર;
ઈતિ ભીતિ વ્યાપિ નહિ, યહ ઉનકો ઉપગાર. ૭૨૬.*

આવા બનારસીદાસ જેવા જીવો જેમના સંબંધમાં અનેક લોકકથા ચાલે છે તે પણ બરાબર આનંદઘનજીના સમયમાં જ થયા છે, તે શાહજહાંન રાજાના સુખશાંતિના અમલનાં વખાણ કરે છે અને તેનો સ્પષ્ટ રીતે ઉપકાર માને છે એ આ સમયની ઉપયોગિતા બરાબર રીતે દસાવે છે. આવા સમયમાં આનંદઘન જેવા યોગીઓ પૃથ્વીતળને પાવન કરે એ સ્વાભાવિક જેવું લાગે છે. વળી એ સમયમાં જૈનેતર વિદ્વાનો કેવા થયા છે તે જરા વિચારવાથી એ સમયની મહત્તા બહુ સારી રીતે જણાઈ આવશે. એ સમયસાર નાટકનો કોઈ પણ વિભાગ વાંચવાથી એ સમયના જ્ઞાનરસિક જીવોના વિલાસસ્થાનની, વૈરાગ્યવાસનાની અને જીવનઉત્ક્રાન્તિની વિશિષ્ટ સ્થિતિના વિચારોનો કાંઈક ખ્યાલ આવશે. અધ્યાત્મપરીક્ષામાં દિગંબરો સંબંધી યશોવિજયજીએ ઉલ્લેખ કર્યો છે તેપરથી એમ સહજ અનુમાન થાય છે કે દિગંબરો જેટલા વિચારમાં આગળ વધેલા હતા તેટલા ક્રિયામાં વધેલા નહિ હોય, કારણ કે ઉપાધ્યાયજી તેમને દ્રવ્ય અધ્યાત્મી તરીકે જણાવે છે.

રામદાસ: 'શિવાજી ન હોત તો સુનત હોત સબકી' એ પ્રસિદ્ધ વાકયના અધિષ્ઠાયક આ રામદાસ શિવાજીના ગુરૂ હતા. તેઓ શિવાજીને ધર્મનો બોધ આપનાર, હિંદુ ધર્મનું રહસ્ય સમજાવનાર, જુદી જુદી જાતિઓ અને વિચિત્ર પંથોના ઉપર ઉપરના મતભેદની અંદર રહેલી એકતા સમજાવનાર અને ધર્માભિધાનના અંકુરો શિવાજીમાં વાવનાર, વૃદ્ધિ કરનાર અને એનાં ફળનું સાધ્ય બરાબર લક્ષ્યમાં રાખનાર, દાસબોધ ગ્રન્થના કર્તા, તુકારામને પગલે ચાલનાર અને દક્ષિણના

* પ્રકરણ રત્નાકર ભાગ બીજે પૃષ્ઠ-૫૭૧ ઉપર આ સમયસાર નાટકની પ્રતિ છાપેલી છે ત્યાંથી આ ઉતારો કર્યો છે.

અનેક વિભાગોને નવીન જુસ્સાથી જાગ્રત કરનાર હતા. તેઓએ 'દાસબોધ' ગ્રંથમાં જે નવીન શૈલીનો ઉપયોગ કર્યો છે તે એકદમ આકર્ષણીય અને વિચારમાં પાડી નાખે તેવી હોવા સાથે પ્રાણીને પોતાનું ઐશ્વર્ય સૂચવનાર અને ખાસ મનન કરવા યોગ્ય છે. સંવત્ ૧૬૬૪ માં એનો જન્મ દક્ષિણના એક જાંબવ ગામમાં ગોદાવરી કાંઠે થયો હતો. શિવાજીનો આ મહા પુરૂષ સાથે પ્રથમ પ્રસંગ સંવત્ ૧૭૧૫ માં થયો હોય એમ તત્સમયના ઇતિહાસપરથી જણાય છે, પરંતુ એ સમાગમ પછી શિવાજીએ જે અનેક સંકટો સામે યુદ્ધ કર્યું, અસાધારણ શૌર્ય બતાવી આર્યત્વની વિશિષ્ટતા બતાવી આપી અને રાજ્યમાં તેમ જ રણક્ષેત્રમાં જે ધીરતા બતાવી આપી તે સર્વના પ્રેરક આ રામદાસ હતા. જાતે રામના ભક્ત હોઈ તેની ઉપાસના કરતા હતા અને તે માટે બોધ આપતા હતા. તેઓનો ઉપદેશ જડ અથવા અક્રિયાવાદી નહોતો, પણ અધિકાર પ્રમાણે પ્રેરક અને સગર્ભ હતો. વિશાળદૃષ્ટિવાળા અને વૈરાગ્યનો યોગ્ય ઉપદેશ આપનાર આ રામદાસ શિવાજી પછી બીજે વરસે એટલે સંવત્ ૧૭૩૭ માં ૭૩ વરસની વયે દેહ છોડી ગયા. આ શૌર્યનો સમય એક બાજુએ ઔરંગજેબને અને બીજી બાજુએ શિવાજીને બતાવી પ્રેરણા કરે છે, તે જ વખતે રામદાસ જેવા પુરૂષો પણ થયા છે તે બતાવી સમયસ્વરૂપ માટે ખાસ ધ્યાન આપવા યોગ્ય હકીકત પૂરી પાડે છે.

તુકારામઃ આ જ સમયમાં વીઠોબાના ભક્ત વૈશ્ય જાતીય તુકારામ દક્ષિણમાં-મહારાષ્ટ્રમાં થયા, જેના ભક્તિનાં પદો સારી રીતે જાણીતાં છે. એમનો સમય સંવત્ ૧૬૬૪ થી ૧૭૦૫ છે અને તે પણ આ જ સમયના ભક્તશિરોમણિ તરીકે ઓળખાય છે.

ગુજરાતના ત્રણ કવિઓ પ્રેમાનંદ, સામળ ભટ્ટ અને અખો કવિ આ જ સમય પછી તુરતમાં જ થઈ ગયા છે. પ્રેમાનંદનો સમય માટે મતભેદ છે, પરન્તુ સામાન્ય રીતે વધારે આધારભૂત લેખકોના મત પ્રમાણે એનો સમય વિક્રમ સંવત્ ૧૬૯૨ થી ૧૭૬૦ સુધીનો છે. ગુર્જર ભાષાનો આ મધ્યમ કાળ છે. એમાં કવિના ભક્તિનાં અંકુરો રૂપાન્તર પામતાં વધી નવીન સુંદર માર્ગોમાં ગમન કરે છે અને તેમાં આ કાળના કવિઓ બહુ સારો ભાગ ભજવે છે.

પ્રેમાનંદની કવિતા જેના વાંચવામાં આવી છે તેને જો કે તેના યોજેલા શૃંગાર રસ તરફ પ્રથમ ધ્યાન ખેંચનાર થઈ પડી છે, પરંતુ કવિ તરીકે જે કવનો તેણે કાઢ્યાં છે તેની અસર ગુજરાતી ભાષામાં બહુ દીર્ઘ સમય સુધી જરૂર રહેશે એ વાતમાં સંદેહ લાગતો નથી. દુનિયાની વિચિત્ર ભાવનાનો અનુભવ કર્યા પછી જે હજારો છપ્પાઓ સામળભટ્ટે બનાવ્યા છે તે પણ અનેક રીતે આકર્ષણ કરે તેવા અને તેનું દુનિયાદારીનું જ્ઞાનભંડોળ બતાવવા માટે પૂરતા છે. તેના છપ્પાઓમાં સામાન્ય ધર્મભાવના ને નીતિભાવના ખાસ અસર કરનારી અને મોટા વિસ્તારમાં આવી રહેલી સ્પષ્ટ જણાઈ આવે છે. વ્યવહારજ્ઞાન તેણે બહુ ઉપયોગી આપ્યું છે. અખા કવિનો અનુભવ પણ તેવો જ અસરકારક છે. તે પ્રેમાનંદથી વિલક્ષણ-દુનિયાની સ્પૃહા વિનાના-ખાસ વૈરાગી હતા. આ ત્રણે કવિઓ સાંસારિક દૃષ્ટિએ બહુ ઉપયોગી કામ કરી ગયા છે અને તેમાંના છેલ્લા બે ધર્મભાવનાથી વિમુખ નહોતા એમ તેઓના ગ્રંથો વાંચવાથી જણાઈ આવે છે.

તુલસીદાસ: ઉત્તર હિંદુસ્તાનમાં આજ સમયમાં તુલસીદાસ થયા છે. એનો સમય અત્યાર સુધીની મારી જાણ પ્રમાણે સંવત ૧૭૨૩ થી ૧૭૫૯ સુધીનો છે. એમણે અનેક અનુભવનાં કવનો ગાઈ બતાવ્યા છે અને તેને પરિણામે તુલસીદાસની 'ચોપાઇઓ' ખાસ વખણાય છે. એક પ્રસિદ્ધ ઉક્તિમાં કહેવામાં આવે છે કે 'ચન્દ છંદ, પદ સૂરકે, કવિત કેશવદાસ; ચોપાઈ તુલસીદાસકી, દુહા બિહારીદાસ.' [illegible]વી રીતે ચન્દ કવિના છંદ, સૂરદાસના પદો, બિહારીદાસના દુહા [illegible] તુલસીદાસની ચોપાઈઓ વખણાય છે. એમાં સર્વશાસ્ત્ર સમ્મત વ[illegible]ન્યલવનાનું સારી રીતે પોષણ થયેલું છે. આ તુલસીદાસ રામના [illegible] અને તેમની ખાસ વિભૂતિ તેમના બનાવેલા 'રામાયણ'થી [illegible] મિશ્ર હિંદી ભાષાનો ગ્રંથ અત્યારે પણ સર્વત્ર બહુ રસથી [illegible] એ રામની ભક્તિમાં બહુ ઉતરી ગયા હતા એમ તેઓના [illegible]ના ચાલતી હકીકતોપરથી જણાય છે. તેઓ આનંદઘનજીના [illegible]થી જરા દૂર છે એટલે લગભગ પચ્ચાશેના વખતમાં થયા છે, પરંતુ આ સમયની તેમના લેખો ઉપર પણ સારી રીતે અસર થઈ છે

એ તેઓના ગ્રંથો વાંચવાથી જણાઈ આવે છે. આનંદઘનની અને તુલસીદાસની ભાષા સરખાવવા યોગ્ય છે.

ગુરૂ ગોવિંદસિંહ: શિખ પંથના આ દશમા મહાન્ ગુરૂના નામથી કોઈ પણ ઇતિહાસનો વાંચનાર અજાણ્યો નહિ હશે. એમનો સમય સંવત ૧૭૩૨ થી ૧૭૬૪ સુધીનો હોવાથી એ આનંદઘનજીના સમયથી જરા દૂર જાય છે, પણ એના પિતા તેગબહાદુર જે શિખના નાનક ગુરૂની નવમી પાટપર હતા અને જેમણે મુસલમાન ધર્મ સ્વીકારવાને બદલે ઔરંગઝેબના હાથથી મરણ સ્વીકાર્યું હતું તેનું શૌર્ય આ ગોવિંદસિંહમાં પણ હતું. એના વખતમાં શિખ લોકો જે અત્યાર સુધી ધાર્મિક બાબતોમાં ભાગ લેતા હતા તે હવે લશ્કરી બાબતમાં ભાગ લઈ રાજ્યદ્વારી વિષયમાં ભાગ લેતા થયા અને તેવી રીતે જમાનાની અસર તેમનાપર તદ્દન જુદા પ્રકારની થઈ. તેનું કારણ ઔરંગઝેબ બાદશાહની ધર્માંધતા સિવાય બીજું કાંઈ નહોતું.

આ રીતે આ વખતમાં સદી ઉત્તરમાં તુલસીદાસ અને તેગ-બહાદુર, દક્ષિણમાં તુકારામ અને રામદાસ, ઉત્તર હિંદમાં બનારસી-દાસ અને આનંદઘનજી, ગુજરાતમાં યશોવિજયજી અને વિનય-વિજયજી અને [illegible] રામાનંદ અને સામળભટ્ટ ખાસ વિદ્વાનો, [illegible] રામભક્ત [illegible] અને મહાત્માઓ ઉત્પન્ન કરી અનેક પ્રકારે [illegible] અસર [illegible] મૂકી ગયા છે. આવા અનેક પ્રકારના રત્નથી [illegible] બનવામાં [illegible] થયા છે. એમની અન્ય [illegible] અસર થઈ [illegible] વખતમાં અને ત્યાર [illegible] આકારમાં મૂકી [illegible] ખાસ [illegible]

આનંદઘન. [illegible] શાહજહાન [illegible] સમય ઔરંગઝેબ [illegible] સંબંધ [illegible] [illegible] કરી [illegible] શાહજહાંને [illegible] [illegible] થતી [illegible]

ભૂત થઈ હતી અને તેથી દેશમાં આબાદી પણ ઘણી થઈ હતી. એવા શાંતિના વખતમાં દેશમાં ઉત્તમ પુરૂષોનો જન્મ થાય અને તેઓ પોતાના સંદેશા જગતને શાંત પણ સ્પષ્ટ રીતે કહે તે સ્વાભાવિક હતું. કુટુંબકલહ કરી ઔરંગઝેબે મુગલાઈને હચમચાવી દીધી, જઝીઆ વેરો નાખી હિંદુઓનાં મન દુઃખાવ્યાં અને વિશ્વાસના હોદ્દાપરથી હિંદુઓને દૂર કર્યા તેથી જે પરિણામ આવ્યું તેની અસર તેની પછીની સદીમાં ઘણી થઈ, પરંતુ એના પોતાના સમયમાં જાહોજલાલી સારી હતી. આવા સમયમાં આપણા મહાન્ યોગી શ્રી આનંદઘનજી જન્મ્યા હતા, તેમની આજુબાજુનું વાતાવરણ તેમના વિચારોને પુષ્ટિ આપે તેવું હતું, લગભગ દરેક વિભાગમાં અવિચળ કીર્તિ સ્થાપન કરી ગયેલા વિદ્વાનો અથવા કવિઓ થયા હતા અને એ સમયના લોકો પણ યોગ અથવા વૈરાગ્યના વિષયને ગ્રહણ કરવા કાંઈક અંશે તૈયાર હતા એમ જણાય છે. અકબરના વખતમાં કબીરે જે નવીન માર્ગ ચલાવી હિંદુ મુસલમાનનું ઐક્ય કરવાના વિચારો બતાવ્યા અને તેને અમલમાં મૂકી શકે એવી સારી સંખ્યાની એક ટોળી ઉત્પન્ન કરી અને અકબરે સર્વધર્મસમ્મત 'તોહીદ-ઈ-ઇલાહી' માર્ગ ચલાવવા યત્ન કર્યો જે તેની દેહાંતી બાદ ચાલી શક્યો નહિ તે બન્ને જે સદીના ઐતિહાસિક બનાવો આપણે વિચારીએ છીએ તેની આગલી સદીમાં બન્યા, તેની મજબૂત અસર આ સદીમાં થયા વગર રહી નહિ. આ સમયના ઇતિહાસનું વધારે બારિકીથી અવલોકન કરતાં એટલું તો જણાય છે કે સામાન્ય લોકોની વૃત્તિ એશઆરામ તરફ વધારે વળેલી હતી અને તેઓ ધાર્મિક બાબતમાં બહુધા બાહ્યાડંબર તરફ વધારે વળેલા હતા. એવા જ કારણથી એ સમયના વર્ણનોમાં બાહ્ય ધનધમ નજરી હકીકતો વધારે આવે છે અને આનંદઘન શિક્ષ-પ્રમાણે તેની સામે પોતાનો મજબૂત પોકાર [illegible] વખતમાં [illegible]

આનંદઘનજીનું શિક્ષણ: આનંદઘનજીના લગભગ દરેક પદમાં નૂતન શિક્ષણ આપવામાં આવી છે, તો પ્રત્યેક આપણે દરેક પદમાં રહેલ રહસ્ય અને આ ઉપદેશનાં હેતુના ભાગમાં તેના મુખ્ય તત્ત્વ પર વિચાર ચલાવશું, પરંતુ આપણે અહીં તેમના પદોમાં જે

નિશ્ચયમતાવલંબી છે એમ કહી જાણે વ્યવહાર અને નિશ્ચયનો મોટો વિરોધ જૈન શાસ્ત્રમાં હોય અને નિશ્ચયના ઉપદેશ કરનાર મોટી ભૂલ કરતા હોય એવું બતાવવાનો પ્રયત્ન કરે છે. જરા વિશાળ દૃષ્ટિએ શાસ્ત્રનાં દૃષ્ટિબિંદુઓ સમજવાની જેઓને દરકાર છે તેઓ સમજી શકશે કે આવા સંકુચિત પ્રવાહવાળા પ્રાણીઓ બહુધા રહસ્યને સમજ્યા વગર બન્ને વાત ખોટી દૃષ્ટિથી જુએ છે; વ્યવહાર નિશ્ચયની સપાટી ઉપર રહેલ ભેદની અંતર્ગત રહેલી એકતા અને તેમાં પણ વસ્તુતત્ત્વનું આદરપણું કેટલું ઉપયોગી છે તેનું આંતર રહસ્ય સમજનાર આવી ખોટી ટીકા કરનારના ઉપલકીઆ જ્ઞાન માટે મનમાં હસે અથવા તેઓ માટે દયા ખાય તો તેમાં નવાઈ નથી. ઘણુંખરા પ્રાણીઓના સંબંધમાં અત્યંત દીલગીરી સાથે એમ કહેવાની જરૂર પડે તેવું છે કે તેઓએ કોઇ પણ વિરૂદ્ધ પૂરાવા વગર વ્યવસ્થા વગરની કિંવદન્તીઓને આધારે જ આનંદઘનજી જેવા મહાત્મા યોગીના સંબંધમાં ટીકા કરવા જેવા વિચારો જાહેર કરવાની ઉતાવળ કરી છે અને તેમ કરવાની પોતાની યોગ્યતા કેટલી છે અથવા છે કે નહિ તેનો પણ કદિ વિચાર કર્યો નથી. જો તેઓ વિચાર કરે તો જણાઈ આવે કે એમના સંબંધમાં અભિપ્રાય બતાવવા પહેલાં હજુ ઘણું સમજવાની-વિચારવાની-પોતાની પરીક્ષા કરવાની જરૂર છે અને એમ થાય ત્યારે જ પોતામાં આવા પ્રકારની ટીકા કરવાની યોગ્યતા આવે તેમ છે.

આનંદઘનજી મહારાજના સંદેશાઃ થોડાં પદોમાં અને બહુ થોડા સ્તવનોમાં આનંદઘનજીએ જે મુદ્દાનું શિક્ષણ આપ્યું છે તે આપણે સંક્ષેપમાં વિચારી જઈએ. કેટલાક મહત્ત્વના વિચારો તેમણે બતાવ્યા છે તે પૈકી પાંચ સાત અગત્યના વિચારો પર જ આપણે અત્ર વિવેચન કરી શકશું. બાકી તેના અભ્યાસ માટે તો પદોની વિચારણા કરવાની અને સ્તવનોનું મનન કરવાની જરૂર છે.

પ્રસંગ માટે માત્ર આનંદઘનજીના વ્યવહાર અને નિશ્ચયને અંગે વિચારો કેવા સ્પષ્ટ હતા તે તેઓના સંબંધમાં કેટલાક જનોની ગેરસમજુતી દૂર કરવા માટે જરા સારી રીતે વિચારવાની આવશ્યકતા છે. આની ખાત્રી માટે અઢારમા પ્રભુના સ્તવનની આઠમી ગાથા વિચારવા યોગ્ય છે. સદરહુ ગાથા આ પ્રમાણે છેઃ—

ચૂરણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે;
સમયપુરૂષનાં અંગ કહ્યાં એ, જે છેદે તે દુરભવ રે.

અહીં ઉત્તમાંગ શ્રી જિનેશ્વર દર્શનનાં અંગ બતાવતાં ચૂર્ણિ આદિ સુપ્રસિદ્ધ પાંચ અંગની સાથે પરંપરાનો અનુભવ એટલે ગુરૂ સંપ્રદાયથી ચાલ્યું આવતું જ્ઞાન મૂકવામાં આવેલ છે. પરંપરાનો છેદ કરવો, તેની દરકાર ન કરવી અને પોતાના છંદ પ્રમાણે ચાલવું એવો [illegible] બોધ વ્યવહાર ન સમજનારનો હોય છે. આવી વાત તેઓના [illegible] ઉપરથી જણાઈ આવે છે. આથી પણ વધારે સ્પષ્ટ રીતે તેઓ અનંતનાથજીના સ્તવનમાં કહે છે કે:-

વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસારફળ, સાંભળી આદરી કાંઈ રાચો.

અહીં તેઓએ અપેક્ષા વગરના વ્યવહારને અનુસરવાનું સંસારફળ થાય છે એમ બતાવી તેની વિરૂદ્ધ વિચારો બતાવ્યા છે, પણ [illegible] વ્યવહાર માટે સ્પષ્ટ રીતે તેને 'સાચો' કહી તેના લાભમાં વિચારો બતાવ્યા છે. અહીં તેઓએ જે યોગ્ય રીતે પૃથક્કરણ કરી [illegible] અને [illegible] દૃષ્ટિબિંદુનો તફાવત બતાવ્યો છે તે ખાસ [illegible] તેઓ પોતે સારી રીતે સમજે [illegible] ચાલવાનું થશે તો જૈન શાસનમાં [illegible] તેઓ કાળસ્થિતિ પ્રમાણે વ્યવ[illegible] [illegible] પૃથક્ થતા છે તેનો અંત [illegible] ત્રીજા સ્તવનમાં કહે છે કે:-

[illegible] અનુભવ [illegible] અંધ પુલાય;
[illegible] પરિભ્રમણ નહિ કાય
[illegible] જિન [illegible] ૨-૩.

[illegible] માં [illegible] કરીને [illegible]
[illegible] કરવાં [illegible]
[illegible] વિચાર કરવા
[illegible] સમજવાની [illegible] કાળમાં [illegible]
[illegible] પરંપરા [illegible]

રાખી અન્ય બાબતોપર અને ખાસ કરીને વર્તમાન જમાનાની પ્રગતિ-પર લક્ષ્ય રાખવામાં ન આવે તો માર ખાવામાં અથવા કોમને અને શાસનને પાછા પાડવામાં જ તેનું પરિણામ આવે એમ લાગે છે. સંકુચિત દૃષ્ટિને પરિણામે અત્યાર સુધી કેટલેક અંશે એવું પરિ-ણામ આવ્યું છે એમ અવલોકન કરવાથી જણાઈ આવશે. આટલા ઉપરથી આનંદઘનજીના શિક્ષણમાં જે ઉન્નત ભાવ છે તે જણાયો હશે.

પેટા વિભાગોઃ આ પ્રસંગ વિચારીએ છીએ ત્યારે આનંદઘન-જીના વિચારો પેટા વિભાગને અંગે કેવા પ્રકારના છે તે પણ જોઈ જવું પ્રાસંગિક થઈ પડશે. તેઓએ અનંતનાથજીના સ્તવનમાં સ્પષ્ટ રીતે કહ્યું છે કે–

ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડીઆં કલિકાલ રાજે. (૧૪-૩)

* * * *

પાપ નહિ કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો, ધર્મ નહિ કોઈ જગ સૂત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરિખો (૧૪-૫)

* * * *

અન્યત્ર પણ કહ્યું છે કે–

જોગીએ મિલીને જોગણ કીધી, જતીએ કીધી જતણીઃ
ભગતે પકડી ભગતાણી કીધી, મતવાસી કીધી મતણી માયડી મુને
(પદ ૯૮-૨-પૃ પર૬)

આવા જુદા જુદા વાક્યો ઉપરથી તેઓશ્રીના સૂત્રવિરુદ્ધ [illegible] વર્તન ચલાવનારાઓ પર કેવા વિચાર હતા તથા તેઓને શુદ્ધ [illegible] લાવવા કેવા ઉપાયોની જરૂર છે તે જણાઈ આવે છે. વળી [illegible] ગચ્છ અનુસાર ક્રિયા કરવાની કેવી રૂચિ હતી તે પણ એ [illegible] ઉપરથી સમજાઈ જાય છે. આ પેરા તેમના સમયનો ઇતિ[illegible] ઉપર જોઈએ તો [illegible] એક તપગચ્છમાં કેટલા ભેદ [illegible] તે જોવું હોય તો તે વખતે અનેક ગચ્છો ચાલતા હતા, એક [illegible] પણ [illegible] વિભાગો બહુ થઈ ગયા હતા અને બહુધા [illegible] પેટા વિભાગો તો માત્ર માન કીર્તિ કે મહત્ત્વની ઇચ્છાને અંગે

અને નિયંત્રણાને અંગે થયેલા હતા છતાં અરસપરસ એવો ભાવ રહેતો હતો કે આવી સંકુચિત દૃષ્ટિના માણસોનાં મુખમાં તત્ત્વની વાત શોભતી નથી એમ આનંદઘનજી જેવા શુદ્ધ ખપી જીવો ધારે અથવા તેવો ઉદ્દેશ રાખી ઉપદેશ આપે તો તેમાં નવાઈ જેવું નથી. અર્થ વગરના તફાવતો અને તેમાં મસ્ત રહી પોતાની યોગ્યતા બતાવવા જતાં અન્યને અયોગ્ય બતાવવાની લાલચ એવી અનિવાર્ય છે કે તેને પરિણામે આત્મ અવનતિ થયા વગર રહેતી નથી. પરંપરાનો શુદ્ધ ઉપયોગ અનુભવજ્ઞાન લેવામાં, સાંપ્રદાયિક શિક્ષા લેવામાં અને વસ્તુસ્વરૂપ પુસ્તક દ્વારા બુદ્ધિપૂર્વક લેવામાં આવતી અગવડ દૂર કરવામાં થવાને બદલે શાસ્ત્રવિરુદ્ધ કેવળ મહત્ત્વ માટે દૃષ્ટિમર્યાદા પરિમિત કરી દેવામાં થાય તો તે બહુ આડે માર્ગે ઉતારનાર થાય છે તે જરા ઇતિહાસ તપાસવાથી અને વર્તમાન સ્થિતિનો રંગ સમજવાથી જણાઈ આવે તેવું છે. આવા પ્રકારના સંપ્રદાયમોહમાં આસક્ત હોઈ તેવી જ વાતો કરનારાને પેટભરા કહ્યા છે તે સંબંધમાં જરા પણ શંકા જેવું લાગતું હોય તો ઉપાધ્યાયજીનું સાડા ત્રણસો ગાથાનું સ્તવન અને મુનિસુંદરસૂરિ મહારાજના અધ્યાત્મ કલ્પદ્રુમમાંથી યતિશિક્ષા અધિકાર ઊંડા ઉતરીને વિચારવા. તેઓશ્રીએ આ કરતાં પણ વધારે આકરા શબ્દોમાં સ્પષ્ટ વાત બતાવી છે. આટલા ઉપરથી વસ્તુસ્વરૂપ અને તત્કાલીન ઇતિહાસથી અજાણ્યા માણસ આનંદઘનજીને બરાબર સમજ્યા વગર તેમના સંબંધમાં અભિપ્રાય આપવા નીકળી આવે અને પછી તેમને નિશ્ચયવાદી કહી નિંદાના સ્વરૂપમાં ઉતરી જાય તો તે કેટલું ખેદ કરે છે તે સમજવા યોગ્ય છે ત્યારે વ્યવહાર અને નિશ્ચયનો અરસપરસ યોગ કેવા પ્રકારનો છે, તેનો ઐકાંતે વિરોધ કેવી રીતે ખુલાસાપૂર્વક સમજી શકાય અને ઘટાવી શકાય તે, [illegible] અને તે બંનેનું રહસ્ય સમજી બંનેમાંથી એકને પણ બાદ કરવું ઉચિત નથી એમ જ્યારે સમજાશે ત્યારે તો અમુક મહાત્માને અનર્થકારી કેવળ નિશ્ચયનયી કહેવા એ [illegible] [illegible] નથી [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], પરંતુ [illegible] [illegible] [illegible] રહેવાની [illegible] [illegible] છે કે [illegible] [illegible] અથવા [illegible] [illegible] [illegible]

બેડીમાં સેંકડો વરસથી પડવું પડ્યું છે તે આ સંકુચિત દૃષ્ટિનું પરિણામ છે, પેટા વિભાગોનું પરિણામ છે અને તેમાં રહેલી ટુંકી દૃષ્ટિને પરંપરાથી બચાવ કરવાની રૂઢિને લીધે છે. અહીં ઈતિહાસના એક બીજા વિષયપર ઉતરવા જેવું થાય છે અને તેમ કરવા જતાં વિષયાંતર થઈ જાય છે તેથી તે વાતને હવે બાજુપર રાખી આપણે સહૃદય મનુષ્યને એટલું કહી શકીએ કે વર્તમાન મહાન્ બ્રિટીશ સામ્રાજ્યનો પ્રભાવ ઐતિહાસિક દૃષ્ટિએ વિચારી આપણા ધાર્મિક સામ્રાજ્યમાં પણ પ્રબળ વીર્યસ્ફુરણા કરી આંતર ભેદોની તકરારમાં વ્યર્થ વીર્યવ્યય થતો અટકાવી એકંદરે જૈનશાસનની પ્રગતિ કેમ થાય, વીર પ્રભુના મહાન્ સંદેશા જગત્ આગળ કેવી રીતે સત્ય અને સારા આકારમાં સમજાવાય, અનેક પ્રાણીઓ તેને વિવેકબુદ્ધિથી કેવી રીતે આદરે, દુનિયામાં અહિંસાના નૃત્ય સાથે આત્મોન્નતિનું લક્ષ્યસ્થાન કેવી રીતે થાય તે એક સાથે એકત્ર થઈ વિચારવાની જરૂર છે. વીર પરમાત્માનો એ જ માર્ગ છે, એ જ ઉપદેશ છે, એ જ શિક્ષા છે. અતિ સંકુચિત દૃષ્ટિના પ્રવાહમાં ઘસડાઈ જઈ વીર પરમાત્માનું મુખ્ય શિક્ષણ આપણે વિસરી ગયા છીએ, વિશાળ ધર્મના ત્રિકાળ શુદ્ધ સત્ય સનાતન તત્ત્વોને આપણે ભંડારમાં ગોંધી રાખ્યાં છે, ઉપાશ્રયમાં સાચવી રાખ્યાં છે અને તેથી વિશેષ તેનામાં સત્તા હોય એમ બતાવવાનો વિચાર કર્યો નથી. આ મહા આત્મક્ષતિ કરનાર ટૂંકી દૃષ્ટિના વિચારો એટલું પ્રાબલ્ય ભોગવે છે કે વિશેષ લાભ કરનાર વીરના સત્ય રહસ્યો હોય એમ સમજાવનારને પણ આપણે હસીએ છીએ એ ખરેખર આપણી મૂર્ખતા છે, અયોગ્યતા છે, પછાતપણું છે. અહો! સારી રીતે વિચાર કરી સંકુચિત દૃષ્ટિ દૂર કરી વિશાળ હૃદયથી વીર પરમાત્માના સંદેશા જગતને કહેવાની જરૂર છે. અને એ બાબત [illegible] રાખીને તપાસવાનું, ખાતરી કરવાનું છે કે તેના અવાંતર ભેદો વિભેદો અને તેના ઉપભેદોનો વિચાર પણ કરવો ઉચિત નથી. એવા પેટા ભેદોએ કેટલા મુખ્ય સિદ્ધાંતને આ સમયમાં તો ઘણું જ નુકસાન કર્યું. પૂર્વ કાળમાં સ્વાત્મજીવન માટે અથવા પરંપરાની જાળવણી માટે કદાચ તેનો સહજ પણ ઉપયોગ હોય, પરંતુ હાલ તો તે પ્રગતિમાં વિઘ્ન કરનાર, સાધુ જેવા વિશાળ દૃષ્ટિમાન્ મહાત્માઓને પણ અતિ

સંકુચિત કરનાર અને દૃષ્ટિબિન્દુના રહસ્યને અતિ દૂર રાખનાર છે. એનો જેમ બને તેમ ત્યાગ કરવામાં અથવા એની અગત્ય ઓછી કરવામાં જૈન કોમનું શ્રેય છે એમ ઇતિહાસ બતાવે છે, મુનિસુંદરસૂરિ સાક્ષી પૂરે છે અને આનંદઘનજી મહારાજ વારંવાર જણાવે છે. આવા વિશાળ વિચાર બતાવવા માટે આનંદઘનજી મહારાજના આપણે ખરેખરા ઋણી છીએ.

વિશાળ તત્ત્વજ્ઞાન અને વિશાળ આંતર રહસ્યઃ આનંદઘનજીની ચોવીશી અથવા પદો વાંચતાં જે એક બાબત આપણને ખાસ લક્ષ્યમાં લેવા લાયક જણાય છે તે તેઓની શાસ્ત્રરહસ્ય બહુ ઓછા શબ્દોમાં સમજાવવાની શક્તિ છે. તેઓના વિશાળ જ્ઞાન સંબંધમાં તો બે મત પડી શકે નહિ, પરંતુ એક લેખક અથવા કવિ તરીકે તેઓમાં ખાસ વિશિષ્ટતા એટલી જોવામાં આવે છે કે તેઓ પોતાના પુષ્કળ વિશાળ સગર્ભ વિચારોને બહુ થોડા શબ્દોમાં બતાવી શક્યા છે. લેખકો પૈકી કેટલાક એવી શૈલી આદરનારા હોય છે કે જેઓ બહુ લખે ત્યારે થોડું રહસ્ય સમજાય, ત્યારે કોઈ અપૂર્વ લેખક સૂત્ર જેવા નાના વાક્યોમાં એવું સુંદર રહસ્ય લાવી શકે છે કે તેમાંથી ઘણા ભાવો નીકળી શકે અને જ્યારે જ્યારે તે વાક્યો વંચાય ત્યારે ત્યારે અભિનવ આનંદ આપ્યા કરે. આવા રહસ્યાત્મક લેખ ભાષામાં લખનાર બહુ ઓછા વિદ્વાનો જોવામાં આવે છે તેથી એક લેખક તરીકે એમની બહુ ઉચ્ચ પ્રકારની ગણના થાય છે. સ્તવનોમાં આવા [illegible] તેમાંનો વિશિષ્ટ [illegible] નમૂના તરીકે જુઓ:

ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ
કપટ રહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ. (૧-૬)
સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ (૩-૧)
મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ (૪-૧)
આતમ અરપણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિ દોષ. (૫-૬)
પાપ નહિ કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો, ધર્મ નહિ કોઈ
જગ સૂત્ર સરીખો (૧૪-૬)
ધરમ ધરમ કરતા જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ (૧૫-૨)

આપણો આતમભાવ જે, એક ચેતનાધાર રે;
અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર ધાર રે. (૧૬-૧૪)
મન સાધ્યું તેણે સઘળું સાધ્યું. (૧૭-૮)
પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે. (૧૮-૧)

વિગેરે વિગેરે અનેક વિચારો સૂત્ર જેવાં છે અને તે પ્રત્યેક વિચારોને આપણે વધારે વિસ્તારથી તપાસવા ઇચ્છીએ તો પ્રત્યેકપર જૂદો ગ્રંથ લખી શકાય તેમ છે. આ તો થોડાં વાક્યો નમુનારૂપે બતાવ્યાં છે, પરંતુ આપણે તેવી રીતે આવાં બીજાં અનેક વાક્યોને બતાવી શકીએ. એવાં થોડાંક દૃષ્ટાંતો પદમાંથી પણ જોઇએ.

છઠ્ઠા, સાતમા તથા આઠમા પદની શરૂઆતમાં સાખીઓ આપી છે તે આનું ખાસ દૃષ્ટાંત છે (જુઓ પૃ. ૬૧-૬૮ અને ૮૨).

મમતા સંગ સો પાય અજાગલ, થનતેં દૂધ દુહાવે. (૮-૧)
ઔર ન હિતુ સમતાસી. (૯-૩)
અબ હમ અમર ભયે ન મરેંગે. (૪૨-૧)
મીઠો લાગે કેતડો, ને ખાટો લાગે લોક. (૪૦-૧)
શાશ્વત ભાવ વિચારતે પ્યારે, ખેલો અનાદિ અનંત. (૨૨-૫)
અનુભવ રસમેં રોગ ન સોગા, લોકવાદ સબ મેટા;
કેવલ અચલ અનાદિ અબાધિત, શિવ શંકરકા ભેટા (૨૩-૩)
લોક લાજ નાહિ કાજ, કુલ મરજાદા છોરી;
લોક બટાઉ હસો બિરાનો, આપનો કહત ન કોરી (૩૮ ૨)
ઔર લરાઇ લરે સો બૌરા, સૂર પછારે ભાઉ અરીરી (૪૬-૬)

આવા આવા અનેક પ્રસંગો છે જે વખતે આનંદઘનજીએ પોતાના સૂત્ર જેવા વિચારો બતાવીને આપણને અનેક વિચારો કરવાનું સાધન આપ્યું છે. એ પદપર જ્યારે જ્યારે હું વિચાર કરતો હતો ત્યારે નવીન રહસ્યની સ્ફુરણા થતી હતી (વિચારમાં આવ્યું તેટલું લખી શકાતું નથી અને હજુ તેપર વધારે વિચારણા થશે તેમ વધારે વધારે સત્ય સમજાશે. ગૂઢ ભાવાર્થવાળા સગર્ભ લેખકની આ ખાસ વિશિષ્ટતા છે. આ પ્રત્યેક વાક્યમાં કેટલું રહસ્ય છે તે જાણવા જઇએ તો ઉપોદ્ઘાત એક ગ્રંથથી મોટો થઇ પડે ને તે સ્વયં વિચારવામાં આવશે ત્યારે તેની અંદર ગર્ભમાં રહેલ ગૂઢ આશયો માટે કેટલાક બતાવવાનો પ્રયત્ન કરવામાં આવશે અને તે આશયપૂર્વ

આ પુસ્તક પ્રગટ કરવાનો હેતુ રાખવામાં આવ્યો છે. એક મહાશયનું કહેવું એમ હતું કે આવા ગૂઢ અર્થવાળાં પદોપર વિવેચન કરવાથી તેનું રહસ્ય સંકુચિત થઈ જાય છે, માટે તેના શબ્દાર્થ લખી વિવેચન માટે દરેકને તેમના શક્તિ અને અધિકારપર છોડી દેવા. આ વિચાર સાથે હું મળતો થઈ શકતો નથી. આવા રહસ્યભૂત ગ્રંથોમાં ખાસ ગૂઢતા છે, એના અંતરમાં સ્પષ્ટ આશયો છે અને એના પ્રત્યેક વચનના ગર્ભમાં સાર રહસ્ય રહેલ છે એમ જ્યાંસુધી સ્પષ્ટ બતાવવામાં ન આવે ત્યાંસુધી મધ્યમ પ્રવાહના પ્રાણીઓ તે ગ્રંથોને વાંચવા વિચારવાની તસ્દી પણ ન લે અને વિચાર કરી શકે તેવા હોય તેમને પણ બહુ મહેનત પડે-આ બન્ને વર્ગને આવા વિવેચનથી ખાસ લાભ થવાનાં કારણો મને સ્પષ્ટ લાગવાથી વિશેષ વિચાર કરવાની પ્રેરણા-સૂચના સાથે આત્મસ્ફુરણા સ્વપર ઉપકાર માટે યોગ્ય અંકુશ તળે રહી બહાર પાડવી એ વાસ્તવિક ધારવામાં આવ્યું છે. જેઓ સ્વતંત્ર વિચાર કરી શકે તેટલી હદ સુધી આત્મવિચારણામાં ઉતરી ગયા હોય તેઓના વિચારો કદાચ તેઓ આ પુસ્તક વાંચે તોપણ સંકુચિત કે મર્યાદિત થઈ જાય એમ ધારવું તે તેઓની શક્તિની ઓછી કિંમત અંકાવે છે અને તેમ કરવાનો આપણને હક નથી; પરંતુ તેની સાથે ઘણા જીવોને વિચાર કરવા યોગ્ય પ્રબળ સાધનને આવા ક્ષુલ્લક કારણથી અટકાવી દેવું એ એક નિયમ તરીકે મને ઠીક લાગતું નથી. અહીં જરા અવાંતર અંગિત વાતપર ઉતરી જવાનુ થયું. આ પ્રાણીની એવી ટેવ પડી છે કે જ્યારે ત્યારે તે પોતાનો બચાવ કરવા એકદમ તૈયાર થઈ જાય છે. આ એક પ્રકારનો મનોવિકાર છે અને તે દૂર કરવા અથવા તેનાપર વિજય મેળવવાના પ્રસગો અને તેને પૃથક્કરણ કરી સમજવાની શક્તિ પણ આવા મહાત્માના ગ્રંથના વાચન મનનથી જ થાય તેમ લાગે છે. આનંદઘનજી મહારાજનું જ્ઞાનસામર્થ્ય અને ખાસ કરીને રહસ્ય સમજાવવામાં રહેલ અસાધારણ શક્તિપર આપણે વિચાર કરતા હતા. એ બાબતમાં ઘણા સાધારણ લેખકો કરતાં તેઓ બહુ આગળ વધી જાય છે એ બાબતમાં બે મત પડે તેમ લાગતું નથી. તેઓના સ્તવનના દરેક વાક્યની રચના સૂત્ર જેવી છે, તેમાંથી બહુ રહસ્ય નીકળે

તેવું છે અને વધારે વિચાર કરતાં તેમાંથી વધારે વધારે રહસ્ય પ્રાપ્ત થાય તેમ છે.

લેખક-કવિઃ આનંદઘનજી મહારાજનાં સ્તવનો અને પદો વાંચતાં બીજી એક વાત જણાઈ આવે છે તે તેઓએ બતાવેલા વિચારોની સ્પષ્ટતા છે. તેઓ પ્રખર ભાષામાં અને સ્પષ્ટ રીતે વિચારો બતાવી શક્યા છે અને જો કે તેઓનો આશય ઊંડો હોય છે તોપણ દરેક વાંચનાર તેઓના વિચારોમાંથી પોતાની શક્તિ પ્રમાણે કાંઇ કાંઈ સાર સમજી શકે છે. તેઓની ભાષા સ્પષ્ટ, તેઓનું વિષયસાહિત્ય મજબૂત અને પદલાલિત્ય અને અર્થ સુંદર તથા હૃદયને અને મગજને એક સરખી રીતે અસર કરનાર છે. તેઓએ કવિ તરીકે મોટાં મોટાં વર્ણનો આપ્યાં નથી, છતાં સુમતિ અને શુદ્ધચેતના જેવાં પાત્રોને બોલતા કરી મોહ રાજાની સાથે લડાઇ વિગેરેનાં જે વર્ણનો આપ્યાં છે તે ખાસ કવિ તરીકે તેઓની શોભા વધારનારાં થઈ પડ્યાં છે. આનંદઘનજીની એક કવિ તરીકે વિશિષ્ટતા એવા પ્રકારની છે કે જેની સરખામણી કરવી પણ મુશ્કેલ થઈ પડે તેવું છે, કારણ કે જ્યાંસુધી તેમના જેવા વિકસ્વર થયેલ આત્મજ્ઞાની એવા વિષયોપર વિચારો બતાવે તેની સાથે તેમની સરખામણી ન થાય ત્યાંસુધી તેઓના સંબંધમાં ખરો અભિપ્રાય આવી શકે નહિ. લડાઇ કે શૃંગારના કવિઓ સાથે તેમની સરખામણી કરવી એ બહુ રીતે અયોગ્ય છે, છતાં સામાન્ય રીતે પણ તેઓનાં સ્તવનો અને પદોમાં યોગ્ય વર્ણન સારી રીતે આવે છે અને તેઓનો વિષય યોગ અને અધ્યાત્મનો છે એટલું ધ્યાનમાં રહે તો લોકપ્રસિદ્ધ કવિને પણ જેબ આપે એવી તેની રચના છે. વૈરાગ્યના વિષયમાં જે જે કવિઓએ આવા પદો બનાવ્યા છે તેમા તેઓ બહુ આગળ પડતું સ્થાન લે છે. આ ઉપરથી એમ કહી શકાય કે એક લેખક અને કવિ તરીકે તેઓ ઘણા ફતેહમંદ થયા છે; એનું કારણ સ્પષ્ટ શૈલી અને સીધો ઉપદેશ અને તે પણ ખાસ કરીને હૃદયના ઊંડા ભાગમા ઉતરી જાય તેવા માર્મિક શબ્દોમાં કૌશલ્ય સાથે વિવેચન દર્શાવવાની તેઓની ખાસ રીતિનું પરિણામ છે. એક લેખક કોઈ ન સમજે તેવી ભાષામાં વિચારો બતાવે તો તે નકામા છે

તેમ જ તદ્દન સાદા વિચારો ગદ્યને બદલે પદ્યમાં મૂકે તો તેની કૃતિ તરીકે ગણના થતી નથી. આ બન્ને બાબતમાં આનંદઘનજી બહુ આગળ વધી જાય છે તે તેઓનાં સ્તવનો તથા પદો વાંચવાથી જણાશે. સ્તવનો એટલાં અસરકારક છે અને પદો એટલાં માર્મિક છે કે એના રહસ્યપર વિચાર કર્યા પછી એ ભૂલી શકાય તેવાં નથી. એક વખત એનું રહસ્ય સમજ્યા પછી કાનમાં અને મગજમાં તેનું ગાન ચાલે છે અને શાંત અવસ્થામાં તે વિચારવાથી એક એવા પ્રકારનો આનંદ આપે છે કે તેનો અનુભવ સામાન્ય રીતે થવો તદ્દન અસંભવિત છે. પદોનો તેમનો વિષય અતિ કઠિન છે અને તેથી તેના અધિકારીઓ સર્વ થઈ શકતા નથી તેથી કદાચ સામાન્ય વૈરાગ્યના વિષય-વાળાં પદો અથવા તેથી પણ વિશેષ શૃંગારના વિષયવાળાં કવનો જેટલાં એ પદો પ્રચલિત અથવા લોકપ્રિય ન થાય તો તેમાં કવિ તરીકેની તેમની મહત્તા ઓછી થતી નથી, પરંતુ પરીક્ષા કરનારના અધિકાર અથવા ઉત્ક્રાન્તિક્રમમાં રહેલી પ્રગતિની તે નોંધ બતાવે છે. શબ્દોની ઘટના અતિ સુંદર છે, યોગ્ય શબ્દો યોગ્ય પ્રસંગોપર યથાર્થ રીતે મૂકાયા છે અને તે અંતર્ગર્ભિત હોવા સાથે ખાસ છાપ પાડનાર હોય તેવા જ આવી ગયા છે, કારણ કે કવિઓ બહુધા હૃદયમાંથી ગાન કરે છે ત્યારે શબ્દો કોશમાંથી શોધી શોધીને લખતા નથી, પણ હૃદયનું ગાન તેમને એવા યોગ્ય શબ્દોમાં જ નિદર્શન કરાવે છે. આથી તેઓની કવિ તરીકે બહુ ઊંચી સ્થિતિ છે. આત્માને ઉદ્દેશીને તેને વસ્તુ [illegible] [illegible] [illegible] સમાવેલા પદરત્નો અને સ્તુતિ-[illegible] સ્તવન, [illegible] [illegible] [illegible] છે, યોગમાર્ગનાં [illegible] છે અને [illegible] ભાવના [illegible] છે અને વિશિષ્ટ પ્રેમનાં [illegible] [illegible] અને [illegible] છે.

આનંદઘનજીના વ્યવહારુ વિચારો. [illegible] સુવિહિત [illegible] [illegible] [illegible] [illegible] મુનિ [illegible] વિચારો [illegible] [illegible] [illegible] અને [illegible] સ્વરૂપ [illegible], [illegible] [illegible] અને [illegible] છે અને [illegible] [illegible] અધિકારીઓ [illegible] [illegible] છે. [illegible] વ્યવહારુ વિચારો કેટલા ઉપયોગી છે તે [illegible]

કરીને આનંદઘનજીની યોગ્ય સમજણ મેળવી ટીકા કરનારે
યોગ્ય છે. આવા જ ઉપયોગી વિચારો 'ચિત્ત પ્રસન્ને રે પૂજન
ફળ' એક વચનમાં સમાવી દીધા છે. પદોમાં પણ અનેક
વ્યવહારૂ અને ઉપયોગી વિચારો બતાવ્યા છે. બીજા પદમ
લોકને ઉદ્દેશીને સામાન્ય રીતે બહુ ઉપયોગી વાત કરી છે અ
રીતે ત્રીજા પદમા 'સુત વનિતા યૌવન ધન માતો, ગર્ભ ત
વિસરી' આવી આવી વાતો કરી છે: [illegible] રમત સ
ગતિના ગમનાગમનની વાતો બારમા પદમા કરી; એકત્
સંબંધમા આત્મિક વાતો સત્તરમા પદમા કરી; રીસાયલી
સ્વરવાના બહાના તળે શુદ્ધચેતનાની વાતો અઢારમા પ
વિરહી બાદ એની સખીના મુખમાંથી નીકળતા શબ્દોમા બે
બત્રીસમા તથા છત્રીસમા પદમા વર્ણવી અને
સામાન્ય પ્રસંગોને કેવી સારી રીતે દીપાવ્યા છે તે વાંચ
આવે, વિચારના બોધ થાય અને હૃદય સમજાય. તદનુસાર
અનુસરવા સાહજિક વૃત્તિ થાય અને પરિણામે ચેતનની
જરૂર પ્રગટ થાય.

યોગ થવો તે યોગાવંચકત્વ કહેવાય છે. એ ત્રણે અવંચક યોગ કઈ કઈ ભૂમિકાપર કેવી રીતે પ્રાપ્ત થાય છે તે સદરહુ વિષયમાં સારી રીતે ચર્ચાયલું જોવામાં આવશે. એ યોગના ખાસ વિષયને અહીં બહુ થોડા શબ્દોમાં સારી રીતે ખીલવ્યો છે તે આનંદઘનજીનું જ્ઞાનરહસ્ય બતાવવાનું કૌશલ્ય સૂચવે છે. આ વિષયપર વિશેષ વિવેચન 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથમાં જોવામાં આવશે. સુમતિનાથના સ્તવનમાં બહિરાત્મભાવ, અંતરાત્મભાવ અને પરમાત્મભાવપર યોગ-વિચારણા બહુ સુંદર રીતે કરવામાં આવી છે. એનું રહસ્ય છેવટે બતાવતાં કહે છે કેઃ-

બહિરાતમ તજી અંતરઆતમા, રૂપ થઇ થીર ભાવ; સુગ્યાની.
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અરપણ દાવ. સુગ્યાની. ૫
આતમ અરપણ વસ્તુ વિચારતાં, ભરમ ટલે મતિ દોષ; સુગ્યાની.
પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસ પોષ. સુગ્યાની. ૬

આ બહિરાત્મભાવ તજીને અંતરાત્મભાવમાં સ્થિર થવા સાથે આત્માનો પરમાત્મભાવ વિચારવો એ આત્મસમર્પણનો ઉપાય છે અને તેથી જ પરંપરાએ સર્વ બાહ્ય બંધનથી મુક્ત થઈ આત્મા પ્રગતિ કરીને છેવટે પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરે છે. આ 'ત્રિવિધ સકલ તનુધરગત આતમા'નુ સ્વરૂપ અન્યત્ર બહુ વિસ્તારથી બતાવ્યું છે, યોગના ગ્રંથોમાં તેપર મોટા ઉલ્લેખો કરવામા આવ્યા છે અને પદની વિચારણામા પણ તેપર વારવાર વિવેચન થયું છે તેપર ધ્યાન ખેંચી આનદઘનજીએ એ વિષયને કેવી સુદર રીતે સક્ષેપમા પણ સુદામ રીતે બતાવ્યો છે તેનુ નિદર્શન અત્ર કરવામા આવ્યું. આવીજ રીતે શાન્તિનાથના સ્તવનમા શાતિનુ સ્વરૂપ જે આશ્ચર્યકારક રીતે ચિતર્યું છે તે લગભગ આગમના સાર જેવુ છે. એ યોગનો અતિ ઉત્કૃષ્ટ વિષય છે અને તેમા 'અહો અહો હુ મુઝને કહુ, નમો મુઝ નમો મુઝ રે; અમિત ફલ દાન દાતારની, જેહની ભેટ થઈ તુજ રે. શાતિ જિન એક મુજ વિનતિ' એમ કહેવામા આવે છે ત્યા વિષય તેની ઉત્કૃષ્ટ હદપર-વિશિષ્ટ પ્રદેશની પર કક્ષાપર આવી જાય છે. અહીં યોગના વિષયને એવી સુદર શૈલીથી અને હૃદયને શાત કરી નાખે એવા ભાવાત્મક વાક્યોથી દર્શાવ્યો છે કે આનંદઘનજીના યોગજ્ઞાન

માટે અતિ આનંદ થયા વગર રહે નહિ. આથી પણ વિશેષ આનંદદાયક રીતે 'મનડું કીમહી ન બાજે હો કુંથુ જિન' એ સત્તરમાં સ્તવનમાં યોગના મધ્યબિંદુ જેવા કેંદ્રસ્થ ચિત્તદમનના વિષયને ચર્ચ્યો છે. ચિત્તદમનને અંગે તેઓ સ્પષ્ટ કહે છે કેઃ-

> મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે;
> બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન ઝેલે.
> હો કુંથુ જિન. ૭
>
> મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી;
> એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી.
> હો કુંથુ જિન. ૮
>
> મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું;
> આનંદઘન પ્રભુ માહરૂં આણો, તો સાચું કરી જાણું
> હો કુંથુ જિન. ૯

અહીં અનેક વાતો કરી દીધી છે. મન વશ આવી ગયું છે એમ કહેનારની આત્મવંચના અથવા પરવંચના, મન વશ કરવાની અતિ આવશ્યકતા અને તેનું મહત્ત્વ અને પરમાત્માને માર્ગે ચાલવાથી તેમાં થતો યોગ એ દરેક વાત બહુ યુક્તિસર પણ સ્પષ્ટ રીતે બતાવવામાં આવી છે. આવી રીતે બરાબર વિચારીએ તો સ્તવનોમાં યોગની વાત અનેક જગોપર બહુ સુંદર રીતે, યોગ્ય રીતે અને અસરકારક રીતે કહી છે. પદોમાંના ઘણાંખરા યોગજ્ઞાનથી ભરેલાં છે અને દરેક પ્રસંગે યથાજ્ઞાત વિવેચન તેપર કર્યું છે બહુ મુદ્દાનાં બે ચાર પદોપર અહીં નિદર્શન કરી યોગનો વિષય કેવો સુંદર રીતે તેઓશ્રીએ ઝળકાવ્યો છે તે તરફ લક્ષ્ય ખેંચીએ.

છઠ્ઠા પદમાં ઇડા, પિંગળા અને સુષુમ્ણા નાડીપર વિચાર બતાવ્યા, સાથે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિરૂપ યોગનાં આઠે અંગોપર ધ્યાન ખેંચ્યું, યમને અંગે મૂળ ઉત્તર ગુણોની રચના બતાવી, મુદ્રા અને આસનનો ઉપયોગ બતાવી રેચક, પૂરક અને કુંભક નાડીના પ્રયોગો અને સાથે મન અને ઇંદ્રિયનો સંયોગ સમજાવી તેનાપર વિજય મેળવવાની જરૂરીઆત બતાવી છેવટે બતાવ્યું કેઃ-

થિરતા સેજ જુગતિ અનુકારી, આપો આપ બિમાસી;
આતમ પરમાતમ અનુસારી, સીઝે કાજ સમાસી.
માહારો બાલુડો સંન્યાસી.

આવા એક નાના પદમાં કેટલી જાતની વાતો કરી છે અને યોગના અતિ મહત્ત્વના કેટલા વિષયો ચર્ચી નાખ્યા છે તે ખાસ વિચારવા યોગ્ય છે. યોગનાં એક તે પદમાં બતાવેલાં નામોપર સંપૂર્ણ વિવેચન કરવું હોય તો એક આખું મોટું પુસ્તક ભરાય. સાતમા પદમાં તનમઠત્યાગને અંગે જે આત્મજાગૃતિ બતાવી છે, તે બહુ અસરકારક છે. એમાં કેટલીક વાત તો એવી અદ્ભુત રીતે બતાવી છે કે પ્રયત્ન કરવા છતાં તે પદનો ભાવ સ્પષ્ટ ખીલવી શકવો મુશ્કેલ જણાયો છે. એ પદને અંતે યોગીરાજ જણાવે છે કેઃ—

સિર પર પંચ વસે પરમેસર, ઘટમેં સૂછમ બારી;
આપ અભ્યાસ લખે કોઈ વિરલા, નિરખે ધ્રુકી તારી. ૩
આશા મારી આસન ધરી ઘટમેં, અજપાજાપ જગાવે;
આનંદઘન ચેતનમય મૂરતિ, નાથ નિરંજન પાવે. ૪
અવધૂ ક્યા સોવે તનમઠમેં, જાગ વિલોકન ઘટમેં.

આવીજ રીતે પંદરમા પદમાં 'મેરે ઘટ જ્ઞાન ભાનુ ભયો ભોર', સત્તરમા પદમાં છોરાને મારવાના સંબંધમાં અને એકત્રીશમા પદમાં પ્રભુના અનાહત અંબાવર ઉપના સંબંધમાં યોગની બહુ બહુ રચના કરી છે. અન્યની આશા નહિ કરવા માટે અઠ્ઠાવીશમા પદમાં ચેતન અતિ અનાથના સ્વરૂપપર ઉપદેશ આપતાં તેઓ જણાવે છે :

મનસા પ્યાલા' પ્રેમ મસાલા' બ્રહ્મ આગ પરજાલી,
તનભાઠી અવટાઈ પીએ કસ જાગે અનુભવ લાલી. આશા૦ ૩
અગમ પીઆલા પીઓ મતવાલા ચિન્હે અધ્યાતમ વાસા,
આનંદઘન ચેતન વહે ખેલે દેખે લોક તમાસા. ૪
આશા ઓરનકી ક્યા કીજે.

[illegible] યોગને ઘટે [illegible] કરી છે. પૃ. ૧૫૧. તેની પછીના પદમાં

નામ નહિ રાખવાને અંગે યોગનું અદ્‌ભુત રહસ્ય બતાવ્યું છે અને એને મેળે જેવી ઉક્તિઓ બતાવી છેવટે કહ્યું છે કેઃ-

> ના હમ દરસન ના હમ પરસન, રસ ન ગંધ કછુ નાહિ;
> આનંદઘન ચેતનમય મૂરતિ, સેવક જન બલિ જાહિ.
>
> અવધૂ નામ હમારા રાખે. ૫.

સાડત્રીશમા પદમાં 'યોગ સિંહાસન' પર બેઠેલા ચેતનની આખી વાત સુંદર રીતે કરી છે. એમાં લંગોટી, ધુણી, ગુરૂના ચેલા વિગેરે સર્વ વાત યોગની કરી છે. આખા પદમાં યોગને અંગે એટલી વાતો કરી છે કે તે પદનું વિવેચન જોવાની ખાસ ભલામણ કરવામાં આવે છે. એમાં પદસ્થ ધ્યાન અને પરમાત્મતત્ત્વચિંતવન તેની ઉત્કૃષ્ટ હદે બતાવવામાં આવ્યાં છે. આવી રીતે લગભગ દરેકે દરેક પદમાં અથવા સમુચ્ચયે કહીએ તો દરેક પદમાં યોગની વાત તેના ઉત્કૃષ્ટ આકારમાં જૂદે જૂદે રૂપે બતાવી છે અને આવા પદના વિષયને સમજવા માટે યોગજ્ઞાન જૈનદૃષ્ટિએ કેવા પ્રકારનું છે તે જાણવાની જરૂર હોવાથી આ વિષયના ઉપોદ્ઘાત જેવો એક વિષય મેં જૂદો લખ્યો હતો જે બહાર પાડવામાં આવ્યો છે. પ્રથમ તો એ વિષયને આ ગ્રંથ સાથે છપાવવાનો હતો પણ પુસ્તકનું કદ મોટું થઈ જવાથી તેને જૂદે પાડી નાખવામાં આવ્યો છે. યોગજ્ઞાનને આનંદઘનજીએ [illegible] રીતે [illegible] છે. [illegible] અને એને. અનુભવ [illegible] સૂચન કરી [illegible] આનંદઘનજીને જૈનયોગમાં [illegible]
[illegible]

[illegible] અનુભવ [illegible]

સમાવેશ થાય છે. અનેક સ્થાને અનુભવની જરૂરીઆત જૂદી જૂદી રીતે બતાવવામાં આવી છે. આ નિજ સ્વરૂપજ્ઞાનનો મહિમા દરેક યોગગ્રંથકારે બહુ સારી રીતે બતાવ્યો છે અને આનંદઘનજીએ તો એના સંબંધમાં અનેક રીતે વાત કરી છે. બાહ્ય ક્રિયા ગમે તેટલી કરવામાં આવે પણ તેમાં જ્યાંસુધી આત્મદર્શન-સમ્યક્ત્વ કલ્યાણપ્રાપ્તિની આકાંક્ષાયુક્ત થાય નહિ ત્યાંસુધી આત્મગુણની વૃદ્ધિ ન થવાથી સર્વ નકામું છે એ વાત તો અનેક પ્રસંગે જણાઈ આવે તેવી છે, તેથી આગળ વધતાં અનુભવની બહુ જરૂરીઆત છે. અનુભવ સાક્ષાત્કાર કરાવે છે, અશુદ્ધ લિપ્ત આત્માને સાધ્ય સમીપ કરાવે છે અને પરભાવની બરાબર ઓળખાણ પાડી આપી વિવેકને એટલી સુંદર રીતે પુષ્ટિ આપે છે કે તેથી છેવટે વિવેકમયી દૃષ્ટિ પ્રગટ થાય છે. શરૂઆતના ચોથા પદમાં જ અનુભવપર સારો પ્રકાશ પાડવામાં આવ્યો છે.

સુહાગણ! જાગી અનુભવ પ્રીત.
નિન્દ અનાદિ અગ્યાંનકી, મિટ ગઈ નિજ રીત. સુહા. ૧
ઘટમંદિર દીપક કીયો, સહજ સુજ્યોતિ સરૂપ,
આપ પરાઈ આપુહી, ઠાનત વસ્તુ અનુપ. સુહા. ૨
કહા દિખાવું ઔરકું, કહાં સમજાઉં ભોર;
તીર અચુક હે પ્રેમકા, લાગે સો રહે ઠોર સુહા. ૩
નાદવિલુદ્ધો પ્રાણકું, ગિને ન તૃણ મૃગ લોય;
આનંદઘન પ્રભુ પ્રેમકી, અકથ કહાની કોય. સુહા. ૪

અનુભવની વાત એવી છે કે એને આનંદઘનજી પણ 'અકથ' કહે છે. જેઓ એના પ્રેમમાં પડ્યા હોય તે જ ખરેખરી રીતે તેનું સ્વરૂપ સમજે તેમ છે. નુરજહાનના પ્રેમમા પડેલ જહાંગીર-સલીમ જેમ તેને જ સર્વત્ર દેખે છે તેમ નાદ-યોગાનુભવના પ્રેમમાં પડેલ પ્રાણીને તેનુ તીર વાગે છે ત્યારે તે તેનાથી હત પ્રહત થઈ જાય છે. આવા અનુભવના વિષયપર બહુ પ્રકારના વિચારો બતાવ્યા છે. શુદ્ધચેતના અને સુમતિ ચેતનને સમજાવવા જ્યારે જ્યારે પ્રયત્ન કરે છે ત્યારે અનુભવની પાસે વાતો કરે છે, અનુભવને સમજાવે છે અને અનુભવની મદદથી પોતાનુ કાર્ય સિદ્ધ થશે એમ માને છે. અનુભવને તેથી કોઈ જગોપર દલાલનુ ઉપનામ આપવામા આવે છે. અનુભવના વિષય

ઉપર આઠમા પદમાં વિચાર બતાવ્યા છે ત્યાં ચેતનજીને જાગ્રત કરવા
કામ તેને જ સોંપ્યું છે, અનુભવની રીતિ પ્રાપ્ત થયા પછી ચેતન
મોહરાજાના લશ્કર સાથે કેવી રીતે યુદ્ધ કરે છે તે અગિયારમા પદ
બતાવ્યું છે, માયા મમતા માટે ફરિયાદ કરી તેઓનું સ્વરૂપ ચેતનજી
સમજાવવા તેરમા પદમાં અનુભવ મારફત વિચાર ચલાવે છે અ
એ જ સ્વરૂપ તે પછીના ચૌદમા પદમાં સ્પષ્ટ કરી તૃષ્ણાની સોબ
મૂકાવવા અનુભવ પાસે જ વિજ્ઞપ્તિ કરવામાં આવે છે. આનંદઘન
અલક્ષ્ય જ્યોતિના વિશાળ વિષયમાં અનુભવને પ્રાધાન્ય સ્થાન તેવ
શમા પદમાં આપવામાં આવ્યું છે અને અઠાવીશમા પદમાં આ
ઓરનકી ન કરવાના પરિણામમાં અનુભવલાલી જાગ્રત કરવાનો ઉપદે
આપ્યો છે. મિલાપીનો મેળાપ કરાવી આપવા તેત્રીશમા પદ
અનુભવને જ ઉદ્દેશીને કહેવામાં આવે છે અને આ વિભાગના છેલ
પચાસમા પદમાં પણ શુદ્ધચેતના અનુભવની સાથે મન મૂકીને પતિ
મનાવવાના માર્ગપર વિચારણા કરે છે. આવી રીતે આનંદઘનજી
યોગમાં અનુભવને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે એ ઘ
અગત્યની બાબત હોવાથી અને પદનો અર્થ-ભાવ સમજવામાં
ખાસ ચાવી હોવાથી અહીં તેપર ખાસ ધ્યાન ખેંચવામાં આવ્યું છે.
મહાત્માએ અનુભવ જેવા વિષયને આવા અનેક આકારમાં ચિત્રે
હશે તેની આત્મદશા કેવી સુંદર હશે તે ખાસ વિચારવા યોગ્ય છે
એવા મહા પુરૂષો જગતની જાળથી દૂર રહી, આત્મસ્વરૂપવિચા
દશામા સ્થિર રહી આત્મોન્નતિ કર્યાં જાય છે તેઓને દુનિયા 'ભેગ
જાર કે એવા ઉપનામ આપે તેની તેમને દરકાર હોતી નથી અને પોતા
[illegible] વધારો થયો. ન હોય તેવો વિશિષ્ટ આત્મભાવ પોતામાં છે એ
દેખાવ પણ તેઓ કદિ કરતા નથી. દુનિયા એને ગાંડા ગણે તો એ
નવરો નગા અને દુનિયા પોતાને માટે શું કહે છે તે જાણવાની અથ
જાણીને તેપર તુલના કરવાની આવી દશાવાળા પ્રાણીને અહંકારબુદ્ધિ
ને કોઈ અપેક્ષા હોતી જ નથી અને કદાચ તેઓના અભિપ્રાય
[illegible] તેને દુનિયા માટે દયા આવે છે, તેના મદમસ્તપણા ઉપ
[illegible] આવે છે અને તેની પતિત સ્થિતિમાંથી તેનો ઉદ્ધાર કરવા
કાયમા બનતું કરવા દયાભાવથી વિચારણા થાય છે. બાકી-

પણ આવી જ સ્થિતિ છે. આ બાબતપર જૂદો ઉલ્લેખ લખવાની જરૂર જણાતી નથી, કારણ કે તેમ કરવા જતાં લગભગ દરેક સ્તવનપર અને ઘણાં પદોપર વિવેચન કરવું પડે તેમ છે. સંક્ષેપમાં એમ કહી શકાય તેમ છે કે આનંદઘનજીનું જ્ઞાનસામર્થ્ય મજબૂત હોવા સાથે તેઓનો આગમબોધ બહુ ઊંચા પ્રકારનો હતો. ચોવીશીનું કોઇ પણ સ્તવન ઉપાડી મનન કરવાથી આ બાબત ખ્યાલમાં આવશે.

કબીર અને આનંદઘન: આનંદઘનજીનાં પદોના સંબંધમાં એવું ઘણી વખત સાંભળ્યું છે કે તેઓનાં પદો કબીરનાં પદો સાથે મળતાં છે અને કોઈ કોઈ કબીરનાં પદો આનંદઘનજીના નામ ઉપર માણસોએ ફેરવી નાખ્યાં છે. આપણે અગાઉ જોઈ ગયા છીએ કે પછવાડેની આ હકીકતમાં સચ્ચાઈ હોવાનો હજુ સુધી મને એક પણ પૂરાવો મળ્યો નથી (જુઓ ઉપોદ્ઘાત પૃ. ૮૧-૮૨). હવે કબીરના સંબંધમાં આપણે સહજ વિચાર કરીએ અને તેના કોઇ કોઇ પદોની સરખામણી આનંદઘનજીનાં પદો સાથે કરી આ જરા રસાળ વિષય ઉપર પ્રકાશ પાડવા પ્રયત્ન કરીએ. કબીરના દુહા તેમજ પદો વાંચતાં તે સર્વ મત મતાંતરોમાંથી સત્ય શોધી કાઢી તેને અનુસરવાનો ઉપદેશ આવે છે એમ જણાઈ આવે છે. પરમતસહિષ્ણુતાના સંબંધમાં આનંદઘનજીના વિચારો ઘણા ઉદાર હતા એ આપણે આ ઉપોદ્ઘાતમાં ઉપર જોઈ ગયા છીએ. કબીરનાં પદો વૈરાગ્યના વિષયને પોષનારાં અને મનુષ્યની વ્યવહારૂ વૃત્તિને અસર કરનારાં છે ત્યારે આનંદઘનજીનાં પદોમાં વૈરાગ્ય ઉંડાણમાં રહે છે ત્યારે યોગના વિષયને તેઓ વધારે પોષે છે અને આત્માની અંદર રહેલા ગુપ્ત ગુણોનો પ્રાદુર્ભાવ કરાવવા માટે તેઓ મોટો પ્રયાસ કરતા હોય એમ જણાઈ આવે છે. કબીરનાં ઘણાંખરાં પદોમાં વ્યવહારોપયોગી શિક્ષા આપવામાં આવેલી હોય છે ત્યારે આનંદઘનજી તેથી ઘણા આગળ વધી ગયેલા હોય તેવા ઉચ્ચ કોટિના વિષયો હાથમાં લે છે અને બહુ તેના અધિકારી સામાન્ય જનપ્રવાહથી જરા આગળ વધીને તેમને સાંભળવા તૈયાર થયેલા હોય એમ ધારીને ચાલે છે. આનદઘનજીના પદોમાં યોગ અને તત્ત્વજ્ઞાન ભરપૂર છે અને તેને અનેક રીતે ચર્ચી આ અતિ અટપટા વિષયને તેઓએ બહુ સુંદર રીતે ન્યાય આપ્યો છે ત્યારે કબીરનાં પદો ચાલુ ઉપદેશ આપનાર

છે. આનંદઘનજીનાં પદો વિશિષ્ટ અધિકારીને ઉદ્દેશીને બનાવેલાં છે ત્યારે કબીરનાં પદો પ્રાકૃત પ્રનાહના માણસોને ઉદ્દેશીને તેનાપર હિત કરવાની બુદ્ધિથી લખાયલાં છે. ભાષાશૈલી બન્નેની વિચારવામાં આવશે તો બન્નેએ જેમ બને તેમ હિંદુસ્તાની ભાષાનો સારી રીતે ઉપયોગ કર્યો છે અને તે ભાષામાં એવું સત્ત્વ રહેલું છે કે તે સમજ્યા પછી બહુ આનંદ આવે. આનંદઘનજીનાં કોઈ કોઈ પદોમાં ગુજરાતી ભાષાની અસર જોવામાં આવે છે તે કબીરનાં પદોમાં બીલકુલ જણાતી નથી. કબીરનો માર્ગ હિંદુ મુસલમાન સર્વ ધર્મને એક કરી નાખવાનો હતો, આનંદઘનજી એવા વિચારો બતાવે છે કે જેને પરિણામે ધર્મના ઉપર ઉપરના તફાવતોને લઈ અરસપરસ દ્વેષ રાખવો યુક્ત નથી અને વસ્તુતઃ તેમાં કાંઈ સાર નથી એમ જણાય અને સમદર્શિતા થતાં છેવટે શુદ્ધ અવબોધ વિચારણાને પરિણામે થાય. આ નિબંધનું લક્ષ્ય બિન્દુ છે. આપણે કબીરનાં પદો કેવા પ્રકારનાં છે તે વિચારવા માટે તેની જરા પર્યાલોચના કરીએ. સ્થળસંકોચથી વધારે પદોના ટાચણ થઈ શકશે નહિ પણ તેના નમુના અત્ર જરા બતાવીએ.

કૈસા જોગ કમાયા હે, યે ક્યા ઢોંગ સધાયા હે.
જટા બઢાઈ વિભૂત ચઢાઈ, જોગમ કહેતા સિદ્ધા
જિન્હકો તો આત ન આવ્યુ, યે તો કાલકા નાઘા. કૈસા. ૧
[illegible]
[illegible] કૈસા. ૨
[illegible]
[illegible] કૈસા. ૩
[illegible]
[illegible] કૈસા. ૪
[illegible]
[illegible] કૈસા. ૫
[illegible]
[illegible] કૈસા. ૬

[illegible]

અઠ્ઠાવીશમા પદના કર્તાના સંબંધમાં કોઈ જરા શંકા ઉઠાવે છે, તેથી તેને હાલ બાજુ ઉપર મૂકીએ તો સત્તાવીશમા પદમાં બતાવેલા વિચારો અને ખાસ કરીને સડસઠમા પદમાં 'રામ કહો રહેમાન કહો કોઉ' એમ કહીને જે વિચારો બતાવ્યા છે તે ભવ્ય છે, વિશાળ છે, ઉપદેશક છે, અસરકારક છે અને મહાન્ છે. ઉપદેશ દેવાની કબીરની પદ્ધતિ કેવી સારી હતી તે નીચેના પદપરથી જણાશે.

રામ નામ તું ભજ લે પ્યારે, કાયકૂં મસ્કરી કરતા હૈ;
કયે મદીરા બંગલા તેરા, પલ પલકમેં જલતા હૈ. રામ. ૧
બ્રાહ્મન હોકર પુરાન બાંચે, સ્નાન તર્પન કરતા હૈ;
સર્વ કાલ સુચિત રહતા હૈ, યોં ક્યા સાહિબ મિલતા હૈ. રામ. ૨
જોગી હોકર જટા બઢાવે, હાલ મસ્તમેં રહતા હૈ;
દોનોં હાથ શિર પર ધરતા, યોં ક્યા સાહિબ મિલતા હૈ. રામ. ૩
માનભાવ હોકર કપડે પેને, દાઢી મુછી મુંડતા હૈ;
ઉલટી લકડી હાથ પકડ કર, યોં ક્યા સાહેબ મિલતા હૈ. રામ. ૪
મુલ્લા હોકર બાંગ પુકારે, યોં ક્યા સાહિબ બહિરા હૈ;
*મુંગીકે પાવમેં ઘુંગુર બાજે, વો ભિ અલ્લા સુનતા હૈ. રામ. ૫
સંન્યાસ હોકર કિંગ બંધાવે, ઘર ઘર લેકર ફિરતા હૈ;
શંખ બજાકર ભિક્ષા માંગે, યોં ક્યા સાહેબ મિલતા હૈ. રામ. ૬
કહત કબીરા સુન ભાઈ સાધુ, મનકી માલા જપતા હૈ;
ભાવ ભગતસે ધ્યાન ધરત હૈ, ઉનકું સાહેબ મિલતા હૈ. રામ. ૭

કબીરના વિચારો બતાવવાની પદ્ધતિ કેવા પ્રકારની હતી તે બતાવવા માટે એક પદ હજુ પણ વધારે લખશું. (કબીરનાં પદો ગુજરાતી ભાષના વાંચનારાઓને લભ્ય નથી અને તે કારણથી તેને [illegible] ઉતારો કરી દેવાની જરૂર પડી છે)

દયા ધરમ નહિ મનમાં, મુખડા ક્યા દેખે દરપનમેં.
જબ તક દિલ રહે દગબાજી [illegible]
[illegible] ક્યા દેખે દરપનમેં. દયા ધ. ૧
[illegible]
[illegible] દયા ધ. ૨
[illegible]
[illegible] દયા ધ. ૩

* [illegible]

કવરી કવરી માયા જોરી, સુરત હરી નિજ ધનમોં;
દશ દરવાજે ઘેર લિયે જબ, રહિ ગયે મનકે મનમોં. દયા ધં. ૪
પગિયા બાંધે પગ સવારે, તે ઝુલા ઝુલપેમોં;
કહત કબીરા સુન ભાઇ સાધુ, યે કયા લડ રહે મનમોં દયા ધ. ૫

આનો ભાવ સમજાવવાની જરૂર પડે એવું બહુધા લાગતું નથી. કબીરની શૈલીમાં જે યુક્તિ અને વિચારણા છે તે આ ઉપરથી સમજાશે. એની ઉપદેશશૈલી ચિદાનંદજી અથવા કપુરચંદજીની શૈલી સાથે કેટલેક અંશે સરખાવવા યોગ્ય છે. બાકી ચિદાનંદજીની શૈલી પણ આથી તો ઉચ્ચ કોટીની છે. વૈરાગ્યના વિષયને માગણીના રૂપમાં આક્ષેપના રૂપમાં અને બીજી અનેક રીતે બતાવીને તેમણે તે વિષયની સારી પોષણા કરી છે. જૂદાં જૂદાં પદના લેખકો એકજ વિષયને કેવી રીતે બતાવે છે તે સમજવા માટે ચિત્તદમનના-મન વશ કરવાના વિષયને પદકારોએ કેવી કેવી રીતે ચર્ચ્યો છે તેનો જરા નમુનો જોઈએ જેથી તેની સરખામણી કરવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. મનને વશ કરવાના અને તેમાં સર્વસ્વ માનવાના વિષય ઉપર કબીર નીચે પ્રમાણે વિચારો બતાવે છે.-

હમારો તીરથ કોન કરે, ભટકત કોન ફિરે હમારો.
મનમોં ગંગા મનમોં કાશી, મનમોં સ્નાન જપ કરે. હમારો. ૧
મનમોં આસન મનમોં કહાસન, મનમોં ધૂળિ જલે. હમારો ૨
મનમોં મુદ્રા મનમેં માળા, મનમોં ધ્યાન ધરે. હમારો. ૩
કહત કબીરા સુન ભાઈ સાધુ, ભટકત કોન ફિરે. હમારો. ૪

આની સાથે સરખાવવા માટે આનંદઘનજીનું સુપ્રસિદ્ધ કુંથુનાથજીનું સ્તવન જેનાપર આ ઉપોદ્ઘાતમાં અવારનવાર વિવેચન થયું છે તેપર વિચાર કરી જઇએ.

કુંથુ જિન મનડું કિમહી ન બાજે-હો કુંથુ જિન.
જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અળગું ભાજે હો. કુંથુ. ૧
રજની, વાસર વસતી, ઉજડ ગયણ, પાયાલે જાય;
સાપ ખાય ને મુખડું થોથું એહ ઉખાણો ન્યાય હો કુંથુ. ૨
મુગતિ તણા અભિલાષી તપીઆ, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે. હો કુંથુ ૩

આગમ આગમધરને હાથે, નાવે કિણ વિધ આકું;
કિહાં કણે જો હઠ કરી હટકું, તો વ્યાલ તણીપરે વાંકું હો. કુંથુ. ૪
જો ઠગ કહું તો ઠગતો ન દેખું. શાહુકાર પણ નાહિ;
સર્વ માંહિ ને સહુથી અલગું, એ અચરિજ મન માંહિ હો. કુંથુ ૫
જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો;
સુર નર પંડિત જન સમજાવે, સમજે ન માહરો સાલો હો. કુંથુ. ૬
મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન ઝેલે હો. કુંથુ. ૭
મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી;
એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી હો. કુંથુ. ૮
મનડું દુરારાધ્ય તેં વસ આણ્યું, તે આગમથી મતિ જાણું;
આનંદઘન પ્રભુ માહરૂં આણો, તો સાચું કરી જાણું હો. કુંથુ. ૯

આવી સુંદર રીતે મનને વશ કરવાનું-ચિત્ત દમન કરવાનું આનંદઘનજી કહી ગયા છે અને તેમનો એ સંદેશો અત્યારે પણ બહુ આનંદથી વંચાય છે, ઉપયોગી ગણાય છે અને વસ્તુતઃ વિચારતાં તે ઘણી શિક્ષણીય રીતે લખાયેલ છે. શ્રીયશોવિજયજી ઉપાધ્યાય તે જ વિષય એક પદમાં કેવી રીતે ચર્ચે છે તે હવે સરખાવીએ.

જબ લગ આવે નહિ મન ઠામ જબ લગ.
તબ લગ કષ્ટ ક્રિયા સવિ નિષ્ફળ, જ્યોં ગગને ચિત્રામ જબ. ૧
કરની બીન તુ કરે રે મોટાઈ, બ્રહ્મવતી તું જ નામ;
આખર ફલ ન લહેગો જ્યોં જગ વ્યાપારી બિનુ દામ જબ. ૨
મુંડ મુંડાવત સબહી ગડરિયા, હરિણ રોઝ બન ધામ;
જટાધાર વટ ભસ્મ લગાવત, રાસભ સહતું હે ઘામ જબ. ૩
એતે પર નહિ યોગકી રચના જો નહિ મન વિશ્રામ;
ચિત્ત અંતર પર છલવેકું ચિંતવત કહા જપત મુખ રામ. જબ. ૪
બચન કાય ગોપ દ્દઢ ન ધરે ચિત્ત તુરંગ લગામ;
તામેં તું ન લહે શિવ સાધન, જિઉં કણુ સુને ગામ. જબ. ૫
પઢો જ્ઞાન ધરો સંજમ કિરિયા, ન ફિરાવો મન ઠામ;
ચિદાનન્દઘન સુજસ વિલાસી, પ્રગટે આતમરામ. જબ. ૬

આ-જ વિષયને ખીલવવા કેવી રીતે જુદા જુદા કવિઓ પોતાની શા. ને. ઉપયોગ કરે છે તે જોવામાં આ સરખામણીથી બહુ મદદ મળે. જેટલે પોતાનો આત્મા ઉન્નત થયો હોય છે તેને અનુરૂપ

વિષયપરનું એક પદ અહીં વિચારીએ. એનો લય કાફી અથવા વેલાવલ રાગમાં ચાલે છે.

જૌં લૌં તત્ત્વ ન સૂજ પડે રે. જૌં.
તૌં લૌં મૂઢ ભરમ વસ ભૂલ્યો, મત મમતા ગહી જગથી લડે રે. જૌં. ૧
અકર રોગ શુભ કંપ અશુભ લખ, ભવ સાયર ઈણ ભાંત રડે રે;
ધ્યાન(ધાન્ય) કાજ જિમ મૂરખ ખિત હડ, ઉખર ભૂમિકો ખેત ખડે રે. જૌં. ૨
ઉચિત રીત ઓળખ વિણ ચેતન, નિશ દિન ખોટો ઘાટ ઘડે રે;
મસ્તકમુકુટઉચિત મણિ અનુપમ, પગ ભૂષણ અજ્ઞાન જડે રે. જૌં. ૩
કુમતા વશ મન વક્ર તુરંગ જિમ, ગહિ વિકલ્પ મગ માંહિ અડે રે;
ચિદાનન્દ નિજ રૂપ મગન ભયા, તબ કુતર્ક તોહે નાહિ નડે રે. જૌં. ૪

લગભગ સરખા વિષયપર કવિઓ અને ખાસ કરીને વૈરાગ્યના વિષયના કવિઓ કેવી જૂદી જૂદી દૃષ્ટિથી ચર્ચા કરે છે તે આટલા ઉપરથી જણાયું હશે. આનંદઘનજીનો તે સર્વમાં જે વિશિષ્ટ ઉદ્દેશ છે તે ધ્યાનમાં લેવા યોગ્ય છે અને તેઓ કોઇ પણ વિષયને બહુ વિશાળતાથી, અન્વેષણદૃષ્ટિથી અને પૃથક્કરણપૂર્વક છણીને અસરકારક રીતે અવબોધે છે તેપર ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

આનંદઘનજી અને યશોવિજય ઉપાધ્યાયઃ આ બન્ને મહાત્માઓની સરખામણી કરવાનો પ્રયાસ ઘણીવાર કરવામાં આવે છે, પરન્તુ તેમાં યોગ્ય દૃષ્ટિબિન્દુ ન રખાય તો બહુ ગેરસમજુતી થવાનો અથવા તો બન્નેમાંથી એકને અન્યાય થવાનો પૂરતો સંભવ છે. બન્ને પુરૂષો અતિશય પ્રગત થયેલા હતા એમા શંકા જેવું નથી, અને બન્નેને માટે અભિપ્રાય ઉચ્ચારવા પહેલાં બહુ વિશાળ દૃષ્ટિથી તેઓની કૃતિ સમજવાની અને તેઓના વિકાસને આત્મિક ઉત્ક્રાન્તિક્રમમાં કયું સ્થાન પ્રાપ્તવ્ય છે તે ખ્યાલમાં લેવાની જરૂર છે. બહુ વિચાર કરતાં એમ જણાય છે કે આ બન્ને મહાત્માનાં કાર્યક્ષેત્ર લગભગ તદ્દન જૂદાં હતા. એક મહાત્મા આત્મિક ઉન્નતિનો વિચાર કરનારા હતા, એક પરોપકાર દ્વારા આત્માની પ્રગતિ સાધનારા હતા. એક યોગી હતા, એક કર્મ યોગી હતા. (અહીં કર્મ શબ્દ વિધિ વિધાનના અર્થમાં વપરાતો નથી પણ 'સેવા'ના અર્થમાં વપરાય છે). એકને દુનિયાની દરકાર નહોતી, એક કોમની, શાસનની અને ગચ્છની સ્થિતિને લક્ષ્યમા લઈ કામ કરનારા હતા. આવી અનેક રીતે બન્ને એક બીજાથી

તદ્દન જૂદી દિશાએ કામ કરનારા હતા અને પોતાના ક્ષેત્રમાં અતિશય આગળ વધેલા હતા. આનંદઘનજીનો યોગ અને અધ્યાત્મદશા દૃષ્ટાન્તરૂપ ગણાય છે અને યશોવિજય ઉપાધ્યાયની શાસનસેવા અનેક પ્રકારે ઉપકારી થઈ છે એટલું જ નહિ પણ તેમનાં વચન ઉપર મોટો આધાર રહી શકે છે એ તેઓનું અસાધારણ પાંડિત્ય અને તેનો ઉપયોગ બતાવે છે. અસાધારણ વિદ્વત્તા સાથે તેનો એવી સુંદર રીતે તેઓ ઉપયોગ કરી શકતા હતા કે અનેક પ્રકારની ચાલી આવતી શંકાઓનું તેઓ નિવારણ કરવાને શક્તિમાન થયા હતા, અધ્યાત્મના વિષય ઉપર તેઓ ઘણા સુંદર ગ્રંથો સંસ્કૃતમાં તેમ જ ગુજરાતીમાં લખી ગયા છે અને તત્ત્વજ્ઞાનના નમુનાઓ બતાવી વિદ્વાનોને પણ આશ્ચર્યમાં નાખી ગયા છે. યશોવિજયજી ઉપાધ્યાયની વિદ્વત્તાના સંબંધમાં બે મત પડે તેમ નથી, પરંતુ આનંદઘનજીની દશા તદ્દન જૂદાજ પ્રકારની હતી. તેઓએ પદોમાં અને ચોવીશીમાં અગાઉ જણાવ્યું છે તેમ સુંદર તત્ત્વજ્ઞાન બતાવવા ઉપરાંત પોતાનું વર્તન લગભગ એવું વૈરાગ્યમય કરી દીધેલું જણાય છે કે તેઓને વ્યવહાર દૃષ્ટિવાળા લોકો ભગડ જેવા કહેતા અને હજુ પણ તેઓના સંબંધમાં વિશાળ દૃષ્ટિવાળી સિદ્ધાન્તાનુયાયી સ્થિતિ સમજવાની શક્તિ પ્રાપ્ત ન થઈ હોય તેવા સામાન્ય પ્રવાહપર રહેલા પ્રાણીઓ તેમને નિશ્ચય નય શ્રી કહેવા લલચાઈ જાય છે. એવો અભિપ્રાય આપતી વખત નિશ્ચય અને વ્યવહારનું ખરૂં સ્વરૂપ સમજવાની અને તે બન્ને આત્મસાધન પરત્વે એક જ સાધ્યની સપાટી ઉપર છે અને વસ્તુતઃ તેમાં તેવો ફેર નથી એમ વિચારવાની તસ્દી તેઓ લઈ શકતા નથી. આ નિમિત્તે યશોવિજયજીએ સાડા ત્રણસો ગાથાના સ્તવનની બીજી ઢાળમાં એકાન્ત વ્યવહાર પક્ષ આદરનારને નકામા [illegible] અને [illegible] નિશ્ચયનું [illegible] તે રાખવા યોગ્ય જણાવી [illegible] સૂચના કરી છે તે સારી રીતે વિચારણીય [illegible] એક વાત બરાબર સ્પષ્ટ [illegible] કે વસ્તુતઃ શ્રી જિનેશ્વર મહારાજના દર્શનને અનુસરનાર નિશ્ચય અને વ્યવહારમાં કાંઈ વિરોધ નથી. આવી રીતે વિવેકપૂર્વક વિચાર કરતાં આનંદઘનજી જેઓના વર્તન સંબંધી ચાલી

આવતી વાતો સાંભળતાં અને પદરત્નો વાંચતાં તેઓનો આત્મા અતિ ઉન્નત થયેલો હોય એમ સ્પષ્ટ જણાય છે. તેઓ અનુભવપૂર્વક અમુક અંશે વ્યવહારપ્રવૃત્તિયુક્ત છતાં નિશ્ચયના અર્થી હતા, વ્યવહારથી વિમુખ નહોતા અને તેમના જેવા પ્રગત પુરૂષોને તે દશા એકંદર રીતે ઘણી લાભકર્તા હતી. એકાંત પક્ષ કરનારાપર આક્ષેપ કરતાં ઉપાધ્યાયજી ઉપરોક્ત સ્તવનમાં કહે છે કેઃ-

> કોઈ કહે મુક્તિ છે વીણતાં ચૌથરો,
> કોઈ કહે સહજ જમતાં ઘર દહિયરો;
> મૂઢ એ દોય તસ ભેદ જાણે નહીં,
> જ્ઞાન યોગે ક્રિયા સાધતાં તે સહીં. (૧૬-૨૪)

આનું ટાંચણ આજ ઉપોદ્‌ઘાતમાં અગાઉ અન્ય પ્રસંગે થઈ ગયું છે તે બતાવી આપે છે કે એકાંત દૃષ્ટિએ ખેંચાઈ જનારને ઉપાધ્યાયજી 'મૂઢ' કહે છે અને તેવા પ્રકારની ભૂલ સાધારણ રીતે થતી જોવામાં આવે છે તેથી આ મુદ્દા ઉપર અવારનવાર એકથી વધારે વખત આ ઉપોદ્‌ઘાતમાં તથા ગ્રંથમાં ધ્યાન ખેંચવામાં આવ્યું છે. હાલમાં એક છાપામાં આનંદઘનજીપર ટીકા કરતાં જાહેો તે સાધુ નામને પણ યોગ્ય ન હોય અને 'માર્ગલોપી-નિશ્ચયવાદી' એવાં વિશેષણોને યોગ્ય હોય એમ બતાવી આ મહાત્માને ઉતારી પાડવાનો પ્રયત્ન થયેલો વાંચ્યો ત્યારે લેખકની બાલિશતા ઉપર અનુકંપા આવી હતી. આવા મહા પુરૂષોને બરાબર સમજવા માટે પણ ઘણા વિશાળ હૃદયની, અભ્યાસની અને ગુરૂપરંપરાગત જ્ઞાનની જરૂર છે. સાધનને સાધન તરીકે નહિ સમજનાર, સમ્યગ્જ્ઞાન અને આત્મપરિણતિ વિના 'ચૌથરા વીણવામાં' મુક્તિ માનનાર એવા વિચાર કરે. જ્યારે ઉપાધ્યાયજીની અષ્ટપદી જ પહેલાં વાંચીએ છીએ ત્યારે આ મુદ્દો આપણને વધારે સ્પષ્ટ થાય છે. આ વિષયની શરૂઆતમાં અષ્ટપદી આપવામાં આવી છે તે ફરીવાર વાંચી જવા વિજ્ઞપ્તિ છે. એના લગભગ દરેક પદમાં અનુભવ જ્ઞાન ઉન્નત કરે છે, ચેતન સ્વરૂપ છે, આત્માનું ઉચ્ચ ગાન છે. 'આનંદ ઠોર ઠોર નાહિ પાયા, આનંદ આનંદમેં સમાયા' અહીં ઉપાધ્યાયજી શું કહે છે તે વિચારીએ. એ આનંદ શાન્ત નિર્મળ વૃત્તિનો પ્રવાહ, પરભાવ ત્યાગવૃત્તિ, સ્વાનુભવરમણતા જ્યાં ત્યાં મળતા નથી અને

તાવસ્થા સૂચવે છે અને જેનો ત્યાગ પાતંજલ જેવા પણ કહે છે અને જૈન યોગકારો તો શરૂઆતથી જ પરભાવરમણતા ત્યાગ કરવાનું શીખવે છે તેને માટે વિચાર પણ કરે તે મારા આશયમાં આવી શકતું નથી. એકંદરે એક મહાત્મા (યશોવિજયજી) અતિ પુરૂષાર્થ કરી શાસનને દીપાવનાર, અનેક શંકાઓ છેદનાર, અનેક કુતર્કોને કાપી નાખનાર, વિજયડંકો વગાડનાર, પોતાની તરફના તિરસ્કારની દરકાર નહિ કરનાર, શાસનની એક પણ બાબતમાં ઉપેક્ષા ન કરનાર આત્માર્થી પુરૂષ હતા, તેમનાં પુસ્તકો વાંચતાં આજ પણ અક્કલ કામ કરે તેમ નથી અને તેઓની સૂક્ષ્મ વિવેચક શૈલી સમજનાર પણ હજુ ઉત્પન્ન કરવા યોગ્ય છે, ત્યારે બીજા (આનંદઘન) આત્માનીજ દરકાર કરનાર, દુનિયાને અંધ સમજનાર, પોતાને 'બાવરા'* ગણાવનાર, અતિ નિઃસ્પૃહી,† પોતાના દૃષ્ટાન્તથી અનેક પ્રાણીને ધર્મની સન્મુખ કરી દેનાર, યોગમાં અતિ આગળ વધેલા અને સન્મુખ જીવ હતા. બન્ને મહાપુરૂષો હતા; એક યોગી હતા, બીજા કર્મયોગી હતા; અને બન્નેની સરખામણી કરવાના વિચારમાં એકનું સ્વરૂપ યાદ કરતાં તેને માટે અતિશય ખેંચાણ થાય અને બીજાનો વિચાર કરતાં વળી તેથી પણ વધારે આનંદદાયક સ્થિતિ થાય એવા અપૂર્વ ઓજસ્વી પુરૂષ બન્ને હતા. આવી રીતે આ બન્ને મહાપુરૂષોની સરખામણીનું પરિણામ બન્નેના લાભમાં ઉતરે છે અને ખાસ જરૂર જણાશે તો આ મુદ્દાના સમર્થનમાં સાધન અનેક પૂરાવા આ પુસ્ત- [illegible] આવૃત્તિ [illegible] દૃષ્ટિએ, નિષ્પક્ષપાત- [illegible] [illegible] છે.

[illegible] આનંદઘન અને ચિદાનંદ [illegible])
[illegible]

એક પ્રકારનો અભિનવ આહ્લાદ થાય છે, ચિત્તમાં એક પ્રકારની શાંતિ થાય છે, આત્મા જાણે કાંઈ વિશિષ્ટ ઉન્નત દશા અનુભવવાની સ્થિતિમાં પેસતો હોય એવું સહજ ભાન થાય છે. આનંદઘનજી ઉપર લોકોએ અનેક ત્રાસ વર્તાવ્યા છે અને તેઓની ઘણી જ ખોટી રીતે નિંદા કરી છે એમ આટપરી ઉપરથી જણાય છે છતાં તેઓનો એક રોમ પણ પરભાવપરિણતિવાળો ન થયો એ પ્રમાણે સાંભળવામાં આવે છે. તેઓ સંબંધી ઘણી વાતો ચલાવવામાં આવે છે અને તેઓ સામાન્ય પ્રવાહથી જરા અલગ ગયા છે એવી વાતને બાહ્યદૃષ્ટિ જીવો કેટલીક વાર જણાવે છે, પરંતુ એ સર્વ હકીકત બાજુ ઉપર મૂકતાં અને આવા મહાત્મા સંબંધી થતી અવ્યવસ્થિત ગેરસમજુતી બાદ કરતા એકંદરે જૈન સમાજનું તેમના ઉપર આકર્ષણ સ્પષ્ટ જણાય છે. જો તેઓ ઉપર આટલી વિશિષ્ટ દૃષ્ટિ ન હોત તો તેઓનો સમકાલીન કોઈ સમર્થ વિદ્વાન્ તેઓની જાહેર રીતે ટીકા જરૂર કરત અને ઉપાધ્યાયજી જેવા વ્યવહાર નિશ્ચયની બાજુને બરાબર ચક્ષુયુગલની માફક સાચવનાર સમર્થ વિદ્વાન્ તેઓની કદિ સ્તુતિ કરત નહિ અને જેમ અન્ય કુમાર્ગે વરફ દોરનારની ટીકા કરી છે તેમ તેઓના સંબંધમાં પણ કરત; કારણ કે સત્તરમી સદીમાં એવી ટીકાઓ અન્ય વિદ્વાનો માટે થયેલી છે અને તે માટેના ગ્રંથો હજુ પણ મોજુદ છે. જ્ઞાનવિમળસૂરિએ એમનાં સ્તવનોપર બાળાવબોધ લખ્યો તે તમના પોતાના સમયમાં તેમની લોકપ્રિયતા અને અધ્યાત્મ યોગદશાની ઝુઝ બતાવી આપે છે અને જ્ઞાનસારજીએ પણ વરસો વિચાર કરીને ચોવીશીપર ટબો લખ્યો અને કેટલાંક પદોપર પણ વિવેચન કર્યું તે બતાવી આપે છે કે તેમની લોકપ્રિયતા ચાલુ રહી હતી. અધ્યાત્મ દશા સન્મુખ થયા પછી 'લોક લાજનું નહિ કાજ' એમ આટલામા પદમા તેઓ કહે છે (જુઓ પૃ. ૩૬૩) તેવી દશા થઈ જાય છે અને પછી જણાવે છે તેમ 'લોક બટાઉ હસો વિરાનો, આપનો કહત ન કોરી' થઈ જાય છે. જ્યા આવી રીતે લોકરંજનના ઉપર ઉપરના નકામા રોગને ત્યાગ કરવાની વૃત્તિ થઈ જાય ત્યા પછી પાછી આત્મની આત્મસાધનમા પ્રવૃત્તિ થઈ કે અની અ વર્ના પુષ્ટિ નીકળી જાય છે, સાધ્યપ્રાપ્તિનો માર્ગ નજરે થઈ જાય છે અને તે મ ગ ર

એક પ્રકારનો અભિનવ આહ્લાદ થાય છે, ચિત્તમાં એક પ્રકારની શાંતિ થાય છે, આત્મા જાણે કાંઈ વિશિષ્ટ ઉન્નત દશા અનુભવવાની સ્થિતિમાં પેસતો હોય એવું સહજ ભાન થાય છે. આનંદઘનજી ઉપર લોકોએ અનેક ત્રાસ વર્તાવ્યા છે અને તેઓની ઘણી જ ખોટી રીતે નિંદા કરી છે એમ અષ્ટપદી ઉપરથી જણાય છે છતાં તેઓનો એક રોમ પણ પરભાવપરિણતિવાળો ન થયો એ પ્રમાણે સાંભળવામાં આવે છે. તેઓ સંબંધી ઘણી વાતો ચલાવવામાં આવે છે અને તેઓ સામાન્ય પ્રવાહથી જરા અલગ ગયા છે એવી વાતને બાહ્યદૃષ્ટિ જીવો કેટલીક-વાર જણાવે છે, પરંતુ એ સર્વ હકીકત બાજુ ઉપર મૂકતાં અને આવા મહાત્મા સંબંધી થતી અવ્યવસ્થિત ગેરસમજુતી બાદ કરતાં એકંદરે જૈન સમાજનું તેમના ઉપર આકર્ષણ સ્પષ્ટ જણાય છે. જો તેઓ ઉપર આટલી વિશિષ્ટ દૃષ્ટિ ન હોત તો તેઓનો સમકાલીન કોઈ સમર્થ વિદ્વાન્ તેઓની જાહેર રીતે ટીકા જરૂર કરત અને ઉપાધ્યાયજી જેવા વ્યવહાર નિશ્ચયની બાજુને બરાબર ચક્ષુયુગલની માફક સાચવનાર સમર્થ વિદ્વાન્ તેઓની કદિ સ્તુતિ કરત નહિ અને જેમ અન્ય કુમાર્ગ તરફ દોરનારની ટીકા કરી છે તેમ તેઓના સંબંધમાં પણ કરત; કારણ કે સત્તરમી સદીમાં એવી ટીકાઓ અન્ય વિદ્વાનો માટે થયેલી છે અને તે માટેના ગ્રંથો હજુ પણ મોજુદ છે. જ્ઞાનવિમળસૂરિએ એમનાં સ્તવનોપર બાળાવબોધ લખ્યો તે તેમના પોતાના સમયમાં તેમની લોકપ્રિયતા અને અધ્યાત્મ-યોગદશાની ખુબ બતાવી આપે છે અને જ્ઞાનસારજીએ ઘણાં વરસો વિચાર કરીને ચોવીશીપર ટબો લખ્યો અને કેટલાંક પદોપર પણ વિવેચન કર્યું તે બતાવી આપે છે કે તેમની લોકપ્રિયતા ચાલુ રહી હતી. આત્મિક દશા સન્મુખ થયા પછી 'લોક લાજસું નાહિ કાજ' એમ આડત્રીશમા પદમાં તેઓ કહે છે (જુઓ પૃ. ૩૯૩) તેવી દશા થઈ જાય છે અને પછી જણાવે છે તેમ 'લોક બટાઉ હસો વિરાનો, અપનો કહત ન કોરી' થઈ જાય છે. જ્યાં આવી રીતે લોકરંજનતાના ઉપર ઉપરના નકામા ડોળને ત્યાગ કરવાની વૃત્તિ થઈ જાય ત્યાં પછી ઘણી બાબતની આત્મસાધનમાં પ્રત્યવાય તરીકે આડી આવતી ઘુંચો નીકળી જાય છે, સાધ્યપ્રાપ્તિનો માર્ગ સરળ થઈ જાય છે અને તે માર્ગપર

એક પ્રકારનો અભિનવ આહ્લાદ થાય છે, ચિત્તમાં એક પ્રકારની શાંતિ થાય છે, આત્મા જાણે કાંઈ વિશિષ્ટ ઉન્નત દશા અનુભવવાની સ્થિતિમાં પેસતો હોય એવું સહજ ભાન થાય છે. આનંદઘનજી ઉપર લોકોએ અનેક ત્રાસ વર્તાવ્યા છે અને તેઓની ઘણીજ ખોટી રીતે નિંદા કરી છે એમ અષ્ટપદી ઉપરથી જણાય છે છતાં તેઓનો એક રોમ પણ પરભાવપરિણતિવાળો ન થયો એ પ્રમાણે સાંભળવામાં આવે છે. તેઓ સંબંધી ઘણી વાતો ચલાવવામાં આવે છે અને તેઓ સામાન્ય પ્રવાહથી જરા અલગ ગયા છે એવી વાતને બાહ્યદૃષ્ટિ જીવો કેટલીકવાર જણાવે છે, પરંતુ એ સર્વ હકીકત બાજુ ઉપર મૂકતાં અને આવા મહાત્મા સંબંધી થતી અવ્યવસ્થિત ગેરસમજુતી બાદ કરતાં એકંદરે જૈન સમાજનું તેમના ઉપર આકર્ષણ સ્પષ્ટ જણાય છે. જો તેઓ ઉપર આટલી વિશિષ્ટ દૃષ્ટિ ન હોત તો તેઓનો સમકાલીન કોઈ સમર્થ વિદ્વાન્ તેઓની જાહેર રીતે ટીકા જરૂર કરત અને ઉપાધ્યાયજી જેવા વ્યવહાર નિશ્ચયની બાજુને બરાબર ચલુયુગલની માફક સાચવનાર સમર્થ વિદ્વાન્ તેઓની કદિ સ્તુતિ કરત નહિ અને જેમ અન્ય કુમાર્ગ તરફ દોરનારની ટીકા કરી છે તેમ તેઓના સંબંધમાં પણ કરત; કારણ કે સત્તરમી સદીમાં એવી ટીકાઓ અન્ય વિદ્વાનો માટે થયેલી છે અને તે માટેના ગ્રંથો હજુ પણ મોજુદ છે. જ્ઞાનવિમળસૂરિએ એમનાં સ્તવનોપર બાળાવબોધ લખ્યો તે તેમના પોતાના સમયમાં તેમની લોકપ્રિયતા અને અધ્યાત્મ-યોગદશાની બુઝ બતાવી આપે છે અને જ્ઞાનસારજીએ ઘણાં વરસો વિચાર કરીને ચોવીશીપર ટબો લખ્યો અને કેટલાંક પદોપર પણ વિવેચન કર્યું તે બતાવી આપે છે કે તેમની લોકપ્રિયતા ચાલુ રહી હતી. આત્મિક દશા સન્મુખ થયા પછી 'લોક લાજસું નાહિ કાજ' એમ આડત્રીશમા પદમાં તેઓ કહે છે (જુઓ પૃ. ૩૬૩) તેવી દશા થઈ જાય છે અને પછી જણાવે છે તેમ 'લોક બટાઉ હસો વિરાનો, અપનો કહત ન કોરી' થઈ જાય છે. જ્યાં આવી રીતે લોકરંજનતાના ઉપર ઉપરના નકામા ઢોળનો ત્યાગ કરવાની વૃત્તિ થઈ જાય ત્યાં પછી ઘણી બાબતની આત્મસાધનમાં પ્રત્યવાય તરીકે આડી આવતી ઘુંચો નીકળી જાય છે, સાધ્યપ્રાપ્તિનો માર્ગ સરળ થઈ જાય છે અને તે માર્ગપર

ઓગણીશમી સદીમાં તેની કાંઈક વાનકી બતાવનારા હતા; પ્રથમના મહાપુરૂષનું નામ લાભાનંદ હોઈ તેમણે પદો વગેરે આનંદઘનના નામથી લખેલાં છે અને તે નામથી તે સુપ્રસિદ્ધ છે, દ્વિતીય મહાત્માનું નામ કર્પૂરવિજય હોઈ તેમણે પદો, પુદ્ગળગીતા અને સ્વરોદયજ્ઞાન તથા કેટલાક છુટક સવૈયાઓ વિગેરે ચિદાનંદજીના નામથી લખેલાં છે; પ્રથમ મહાત્મા વૃદ્ધ ઉમ્મર સુધી આદર્શ જીવન વહન કરી પૃથ્વીતળ પાવન કરતા હતા એમ લોકકથા ચાલે છે, દ્વિતીય જ્યારે ગિરનાર પર્વતપર છેલ્લા સંવત્ ૧૯૦૬ કે ૧૯૦૭માં દેખાયા ત્યારે તેમની વય ૩૨ વર્ષથી વધારે નહોતી. ચિદાનંદજીનાં પદોમાં વૈરાગ્યની પોષણા વિશેષ છે, આનંદઘનજીનાં પદોમાંથી યોગનો ઊંડો અભ્યાસ અને આત્મતત્ત્વચિંતવન બહાર આવે છે. આનંદઘનજીનો યોગાભ્યાસ ઘણો તીવ્ર અને હૃદયભાવના ઉચ્ચ જણાય છે ત્યારે તેના પ્રમાણમાં ચિદાનંદજીનું યોગરહસ્ય કાંઈક મંદ હશે એમ મને જણાય છે. બન્નેની દશા બહુ સુંદર હતી. કર્પૂરવિજયને જેમણે જોયા હતા તેમની પાસેથી તેઓશ્રીના સંબંધમાં ઘણી વાતો સાંભળી છે, ભાવનગરમાં તેઓ ચાતુર્માસ સ્થિત થયા હતા અને સંવત્ ૧૯૦૨માં ગોડી પાર્શ્વનાથનું પદ બનાવ્યું હતું એમ તેઓના નવમા પદ ઉપરથી જણાય છે, તે સર્વ હકીકત ઉપરથી તેઓની લઘુ વયમાં બહુ સારી દશા હતી એમ જણાય છે. તેઓના 'લઘુતા મેરે મન માની' 'કથની કથે સહુ કોઈ' વિગેરે ઘણાં પદો બહુ ઉચ્ચ બોધ અને રહસ્યજ્ઞાન આપે તેવાં છે અને તે બહુ માણસો હોંશથી ગાય છે, સાંભળે છે અને તેમ કરીને આત્માને પવિત્ર કરે છે. અત્ર તેમનાં પદો ટાંકવાનું સ્થળસંકોચથી બની શકે તેમ નથી. અવારનવાર આ પદોના વિવેચનમાં તેમનાં ટાંચણો આવશે.

આવી રીતે આનંદઘનજી મહારાજનું ચરિત્ર જુદી જુદી દૃષ્ટિથી વિચારવાનો પ્રસંગ આપણે પ્રાપ્ત કર્યો. આવા મહાત્માનું ચરિત્ર વંચાય, લખાય અથવા તેની યોજના કરવામાં સમય જાય તે સર્વ સુવ્યવસ્થિત અને ઉપયોગી બાબતમાં ગાળેલ વખત ગણવો. આનંદઘનજી મહારાજ એટલી ઉન્નત દશા પ્રાપ્ત કરી શક્યા હતા કે તેઓના સંબંધમાં જ્યારે જ્યારે વિચાર કરવામાં આવે છે ત્યારે ત્યારે મનમાં

એક પ્રકારનો અભિનવ આહ્લાદ થાય છે, ચિત્તમાં એક પ્રકારની શાંતિ થાય છે, આત્મા જાણે કાંઈ વિશિષ્ટ ઉન્નત દશા અનુભવવાની સ્થિતિમાં પેસતો હોય એવું સહજ ભાન થાય છે. આનંદઘનજી ઉપર લોકોએ અનેક ત્રાસ વર્તાવ્યા છે અને તેઓની ઘણી જ ખોટી રીતે નિંદા કરી છે એમ અષ્ટપદી ઉપરથી જણાય છે છતાં તેઓનો એક રોમ પણ પરભાવપરિણતિવાળો ન થયો એ પ્રમાણે સાંભળવામાં આવે છે. તેઓ સંબંધી ઘણી વાતો ચલાવવામાં આવે છે અને તેઓ સામાન્ય પ્રવાહથી જરા અલગ ગયા છે એવી વાતને બાહ્યદૃષ્ટિ જીવો કેટલીક વાર જણાવે છે, પરંતુ એ સર્વ હકીકત બાજુ ઉપર મૂકતાં અને આવા મહાત્મા સંબંધી થતી અવ્યવસ્થિત ગેરસમજુતી બાદ કરતાં એકંદરે જૈન સમાજનું તેમના ઉપર આકર્ષણ સ્પષ્ટ જણાય છે. જો તેઓ ઉપર આટલી વિશિષ્ટ દૃષ્ટિ ન હોત તો તેઓનો સમકાલીન કોઈ સમર્થ વિદ્વાન્ તેઓની જાહેર રીતે ટીકા જરૂર કરત અને ઉપાધ્યાયજી જેવા વ્યવહાર નિશ્ચયની બાજુને બરાબર ચક્ષુયુગલની માફક સાચવનાર સમર્થ વિદ્વાન્ તેઓની કદિ સ્તુતિ કરત નહિ અને જેમ અન્ય કુમાર્ગ તરફ દોરનારની ટીકા કરી છે તેમ તેઓના સંબંધમાં પણ કરત; કારણ કે સત્તરમી સદીમાં એવી ટીકાઓ અન્ય વિદ્વાનો માટે થયેલી છે અને તે માટેના ગ્રંથો હજુ પણ મોજુદ છે. જ્ઞાનવિમળસૂરિએ એમનાં સ્તવનોપર બાળાવબોધ લખ્યો તે તેમના પોતાના સમયમાં તેમની લોકપ્રિયતા અને અધ્યાત્મ-યોગદશાની બુઝ બતાવી આપે છે અને જ્ઞાનસારજીએ ઘણાં વરસો વિચાર કરીને ચોવીશીપર ટબો લખ્યો અને કેટલાંક પદોપર પણ વિવેચન કર્યું તે બતાવી આપે છે કે તેમની લોકપ્રિયતા ચાલુ રહી હતી. આત્મિક દશા સન્મુખ થયા પછી 'લોક લાજસું નાહિ કાજ' એમ આડત્રીશમા પદમા તેઓ કહે છે (જુઓ પૃ. ૩૬૩) તેવી દશા થઈ જાય છે અને પછી જણાવે છે તેમ 'લોક બટાઉ હમો વિરાનો, અપનો કહત ન કોઈ' થઈ જાય છે જ્યા આવી રીતે લોકરંજનતાના ઉપર ઉપેક્ષા નકામ ટોળાને ત્યગ ન કરવાની વૃત્તિ થઈ જાય ત્યાં પછી ઘણી બાબતની આત્મસાધનમા પ્રત્યવાય તરીકે આડી આવતી ધુંચો નીકળી જાય છે, સાધ્યપ્રાપ્તિનો માર્ગ સરળ થઈ જાય છે અને તે માર્ગપર

ઓગણીશમી સદીમાં તેની કાંઈક વાનકી બતાવનારા હતા; પ્રથમના મહાપુરૂષનું નામ લાભાનંદ હોઈ તેમણે પદો વગેરે આનંદઘનના નામથી લખેલાં છે અને તે નામથી તે સુપ્રસિદ્ધ છે, દ્વિતીય મહાત્માનું નામ કર્પૂરવિજય હોઈ તેમણે પદો, પુદ્ગળગીતા અને સ્વરોદયજ્ઞાન તથા કેટલાક છુટક સવૈયાઓ વિગેરે ચિદાનંદજીના નામથી લખેલાં છે; પ્રથમ મહાત્મા વૃદ્ધ ઉમ્મર સુધી આદર્શ જીવન વહન કરી પૃથ્વીતળ પાવન કરતા હતા એમ લોકકથા ચાલે છે, દ્વિતીય જ્યારે ગિરનાર પર્વતપર છેલ્લા સંવત્ ૧૯૦૬ કે ૧૯૦૭માં દેખાયા ત્યારે તેમની વય ૩૨ વર્ષથી વધારે નહોતી. ચિદાનંદજીનાં પદોમાં વૈરાગ્યની પોષણા વિશેષ છે, આનંદઘનજીનાં પદોમાંથી યોગનો ઊંડો અભ્યાસ અને આત્મતત્ત્વચિંતવન બહાર આવે છે. આનંદઘનજીનો યોગાભ્યાસ ઘણો તીવ્ર અને હૃદયભાવના ઉચ્ચ જણાય છે ત્યારે તેના પ્રમાણમાં ચિદાનંદજીનું યોગરહસ્ય કાંઈક મંદ હશે એમ મને જણાય છે. બન્નેની દશા બહુ સુંદર હતી. કર્પૂરવિજયને જેમણે જોયા હતા તેમની પાસેથી તેઓશ્રીના સંબંધમાં ઘણી વાતો સાંભળી છે, ભાવનગરમાં તેઓ ચાતુર્માસ સ્થિત થયા હતા અને સંવત્ ૧૯૦૨માં ગોડી પાર્શ્વનાથનું પદ બનાવ્યું હતું એમ તેઓના નવમા પદ ઉપરથી જણાય છે, તે સર્વ હકીકત ઉપરથી તેઓની લઘુ વયમાં બહુ સારી દશા હતી એમ જણાય છે. તેઓના 'લઘુતા મેરે મન માની' 'કથની કથે સહુ કોઈ' વિગેરે ઘણાં પદો બહુ ઉચ્ચ બોધ અને રહસ્યજ્ઞાન આપે તેવાં છે અને તે બહુ માણસો હોંશથી ગાય છે, સાંભળે છે અને તેમ કરીને આત્માને પવિત્ર કરે છે. અત્ર તેમનાં પદો ટાંકવાનું સ્થળસંકોચથી બની શકે તેમ નથી. અવારનવાર આ પદોના વિવેચનમાં તેમનાં દાખલા આવશે.

આવી રીતે આનંદઘનજી મહારાજનું ચરિત્ર જુદી જુદી દૃષ્ટિથી વિચારવાનો પ્રયત્ન આપણે આમ કર્યો. આવા મહાત્માનું ચરિત્ર વંચાય, લખાય અથવા તેની યોજના કરવામાં સમય જાય તે સર્વ સુવ્યવસ્થિત અને ઉપયોગી કામમાં ગાળેલ વખત ગણાય. આનંદઘનજી બહુ જ એટલી ઉત્તમ દશા પ્રાપ્ત કરી શક્યા હતા કે તેઓના જીવનમાં જ્યારે જ્યારે વિચાર કરવામાં આવે છે ત્યારે ત્યારે મનમાં

એક પ્રકારનો અભિનવ આહ્લાદ થાય છે, ચિત્તમાં એક પ્રકારની શાંતિ થાય છે, આત્મા જાણે કાંઈ વિશિષ્ટ ઉન્નત દશા અનુભવવાની સ્થિતિમાં પેસતો હોય એવું સહજ ભાન થાય છે. આનંદઘનજી ઉપર લોકોએ અનેક ત્રાસ વર્તાવ્યા છે અને તેઓની ઘણી જ ખોટી રીતે નિંદા કરી છે એમ અષ્ટપદી ઉપરથી જણાય છે છતાં તેઓનો એક રોમ પણ પરભાવપરિણતિવાળો ન થયો એ પ્રમાણે સાંભળવામાં આવે છે. તેઓ સંબંધી ઘણી વાતો ચલાવવામાં આવે છે અને તેઓ સામાન્ય પ્રવાહથી જરા અલગ ગયા છે એવી વાતને બાહ્યદૃષ્ટિ જીવો કેટલીકવાર જણાવે છે, પરંતુ એ સર્વ હકીકત બાજુ ઉપર મૂકતાં અને આવા મહાત્મા સંબંધી થતી અવ્યવસ્થિત ગેરસમજુતી બાદ કરતાં એકંદરે જૈન સમાજનું તેમના ઉપર આકર્ષણ સ્પષ્ટ જણાય છે. જો તેઓ ઉપર આટલી વિશિષ્ટ દૃષ્ટિ ન હોત તો તેઓનો સમકાલીન કોઈ સમર્થ વિદ્વાન્ તેઓની જાહેર રીતે ટીકા જરૂર કરત અને ઉપાધ્યાયજી જેવા વ્યવહાર નિશ્ચયની બાજુને બરાબર ચક્રયુગલની માફક સાચવનાર સમર્થ વિદ્વાન્ તેઓની કદિ સ્તુતિ કરત નહિ અને જેમ અન્ય કુમાર્ગ તરફ દોરનારની ટીકા કરી છે તેમ તેઓના સંબંધમાં પણ કરત; કારણ કે સત્તરમી સદીમાં એવી ટીકાઓ અન્ય વિદ્વાનો માટે થયેલી છે અને તે માટેના ગ્રંથો હજુ પણ મોજુદ છે. જ્ઞાનવિમળસૂરિએ એમનાં સ્તવનોપર બાળાવબોધ લખ્યો ને તેમના પોતાના સમયમાં તેમની લોકપ્રિયતા અને અધ્યાત્મ-યોગદશાની બુઝ બતાવી આપે છે અને જ્ઞાનસારજીએ ઘણાં વરસો વિચાર કરીને ચોવીશીપર ટબો લખ્યો અને કેટલાંક પદોપર પણ વિવેચન કર્યું તે બતાવી આપે છે કે તેમની લોકપ્રિયતા ચાલુ રહી હતી. આત્મિક દશા સન્મુખ થયા પછી 'લોક લાજસું નાહિ કાજ' એમ આડત્રીશમા પદમા તેઓ કહે છે (જુઓ પૃ. ૩૬૩) તેવી દશા થઈ જાય છે અને પછી જણાવે છે તેમ 'લોક બટાઉ હસો વિરાનો, અપનો કહત ન કોરી' થઈ જાય છે જ્યા આવી રીતે લોકરંજનતાના ઉપર ઉપરના નકામા ડોળને ત્યાગ કરવાની વૃત્તિ થઈ જાય ત્યા પછી ઘણી ઓ બાબતની આત્મસાધનમા પ્રત્યવાય તરીકે આડી આવતી ધુંચો નીકળી જાય છે, સાધ્યપ્રાપ્તિનો માર્ગ સરળ થઈ જાય છે અને તે માર્ગપર

ઓગણીશમી સદીમાં તેની કાંઈક વાનકી બતાવનારા હતા; પ્રથમના મહાપુરૂષનું નામ લાભાનંદ હોઈ તેમણે પદો વગેરે આનંદઘનના નામથી લખેલાં છે અને તે નામથી તે સુપ્રસિદ્ધ છે, દ્વિતીય મહાત્માનું નામ કર્પૂરવિજય હોઈ તેમણે પદો, પુદ્ગળગીતા અને સ્વરોદયજ્ઞાન તથા કેટલાક છુટક સવૈયાઓ વિગેરે ચિદાનંદજીના નામથી લખેલા છે; પ્રથમ મહાત્મા વૃદ્ધ ઉમ્મર સુધી આદર્શ જીવન વહન કરી પૃથ્વીતળ પાવન કરતા હતા એમ લોકકથા ચાલે છે, દ્વિતીય જ્યારે ગિરનાર પર્વતપર છેલ્લા સંવત્ ૧૯૦૬ કે ૧૯૦૭માં દેખાયા ત્યારે તેમની વય ૩૨ વર્ષથી વધારે નહોતી. ચિદાનંદજીનાં પદોમાં વૈરાગ્યની પોષણા વિશેષ છે, આનંદઘનજીનાં પદોમાંથી યોગનો ઊંડો અભ્યાસ અને આત્મતત્ત્વચિંતવન બહાર આવે છે. આનંદઘનજીનો યોગાભ્યાસ ઘણો તીવ્ર અને હૃદયભાવના ઉચ્ચ જણાય છે ત્યારે તેના પ્રમાણમાં ચિદાનંદજીનું યોગરહસ્ય કાંઈક મંદ હશે એમ મને જણાય છે. બન્નેની દશા બહુ સુંદર હતી. કર્પૂરવિજયને જેમણે જોયા હતા તેમની પાસેથી તેઓશ્રીના સંબંધમાં ઘણી વાતો સાંભળી છે, ભાવનગરમાં તેઓ ચાતુર્માસ સ્થિત થયા હતા અને સંવત્ ૧૯૦૨માં ગોડી પાર્શ્વનાથનું પદ બનાવ્યું હતું એમ તેઓના નવમા પદ ઉપરથી જણાય છે, તે સર્વ હકીકત ઉપરથી તેઓની લઘુ વયમાં બહુ સારી દશા હતી એમ જણાય છે. તેઓના 'લઘુતા મેરે મન માની' 'કથની કથે સહુ કોઈ' વિગેરે ઘણાં પદો બહુ ઉચ્ચ બોધ અને રહસ્યજ્ઞાન આપે તેવાં છે અને તે બહુ માલુમ હોવાથી ગાય છે, સાંભળે છે અને તેમ કરીને આત્માને પવિત્ર કરે છે. અત્ર તેમના પદો ટાંકવાનું સ્થળસંકોચથી બની શકે તેમ નથી. અવારનવાર આ પદોના વિવેચનમાં તેમનાં ટાંચણો આવશે.

આવી રીતે આનંદઘનજી મહારાજનું ચરિત્ર જૂદી જૂદી દૃષ્ટિથી વિચારસ્થાનો પ્રસંગ આપવો પ્રાપ્ત કર્યો. આવા મહાત્માનું ચરિત્ર વંચાય, લખાય અથવા તેની યોજના કરવામાં સમય જાય તે સર્વ સુવ્યવસ્થિત અને ઉપયોગી આત્મજાગૃતિના વખત ગણવો. આનંદઘનજી બહુ ગજબ એટલી ઉત્તમ દશા પ્રાપ્ત કરી શક્યા હતા કે તેઓના સંબંધમાં જ્યારે જ્યારે વિચાર કરવામાં આવે છે ત્યારે ત્યારે મનમાં

એક પ્રકારનો અભિનવ આહ્લાદ થાય છે, ચિત્તમાં એક પ્રકારની શાંતિ થાય છે, આત્મા જાણે કાંઈ વિશિષ્ટ ઉન્નત દશા અનુભવવાની સ્થિતિમાં પેસતો હોય એવું સહજ ભાન થાય છે. આનંદઘનજી ઉપર લોકોએ અનેક ત્રાસ વર્તાવ્યા છે અને તેઓની ઘણી જ ખોટી રીતે નિંદા કરી છે એમ અષ્ટપદી ઉપરથી જણાય છે છતાં તેઓનો એક રોમ પણ પરભાવપરિણતિવાળો ન થયો એ પ્રમાણે સાંભળવામાં આવે છે. તેઓ સંબંધી ઘણી વાતો ચલાવવામાં આવે છે અને તેઓ સામાન્ય પ્રવાહથી જરા અલગ ગયા છે એવી વાતને બાહ્યદૃષ્ટિ જીવો કેટલીક-વાર જણાવે છે, પરંતુ એ સર્વ હકીકત બાજુ ઉપર મૂકતાં અને આવા મહાત્મા સંબંધી થતી અવ્યવસ્થિત ગેરસમજુતી બાદ કરતાં એકંદરે જૈન સમાજનું તેમના ઉપર આકર્ષણ સ્પષ્ટ જણાય છે. જો તેઓ ઉપર આટલી વિશિષ્ટ દૃષ્ટિ ન હોત તો તેઓનો સમકાલીન કોઈ સમર્થ વિદ્વાન્ તેઓની જાહેર રીતે ટીકા જરૂર કરત અને ઉપાધ્યાયજી જેવા વ્યવહાર નિશ્ચયની બાજુને બરાબર ચક્ષુયુગુલની માફક સાચવનાર સમર્થ વિદ્વાન્ તેઓની કદિ સ્તુતિ કરત નહિ અને જેમ અન્ય કુમાર્ગ તરફ દોરનારની ટીકા કરી છે તેમ તેઓના સંબંધમાં પણ કરતા; કારણ કે સત્તરમી સદીમાં એવી ટીકાઓ અન્ય વિદ્વાનો માટે થયેલી છે અને તે માટેના ગ્રંથો હજુ પણ મોજુદ છે. જ્ઞાનવિમળસૂરિએ એમનાં સ્તવનોપર બાળાવબોધ લખ્યો તે તેમના પોતાના સમયમાં તેમની લોકપ્રિયતા અને અધ્યાત્મ-યોગદશાની બુઝ બતાવી આપે છે અને જ્ઞાનસારજીએ ઘણાં વરસો વિચાર કરીને ચોવીશીપર ટબો લખ્યો અને કેટલાક પદોપર પણ વિવેચન કર્યું તે બતાવી આપે છે કે તેમની લોકપ્રિયતા ચાલુ રહી હતી. આત્મિક દશા સન્મુખ થયા પછી 'લોક લાજસું નાહિ કાજ' એમ આક્રોશમા પદમા તેઓ કહે છે (જુઓ પૃ. ૩૬૩) તેવી દશા થઈ જાય છે અને પછી જણાવે છે તેમ 'લોક બટાઉ હસો વિરાનો, અપનો કહુત ન કોરી' થઈ જાય છે જ્યા આવી રીતે લોકરંજનતાના ઉપર ઉપન્ન નકામ રોગને ત્યાગ કરવાની વૃત્તિ થઈ જાય ત્યાં પછી ઘણી સાધનની આત્મસાધનમા પ્રત્યવાય તરીકે આડી આવતી ઘુંચો નીકળી જાય છે, નિષ્પ્રામિનો માર્ગ સરળ થઈ જાય છે અને તે માર્ગપર

ઓગણીશમી સદીમાં તેની કાંઈક વાનકી બતાવનારા હતા; પ્રથમના મહાપુરૂષનું નામ લાભાનંદ હોઈ તેમણે પદો વગેરે આનંદઘનના નામથી લખેલાં છે અને તે નામથી તે સુપ્રસિદ્ધ છે, દ્વિતીય મહાત્માનું નામ કર્પૂરવિજય હોઈ તેમણે પદો, પુદ્ગળગીતા અને સ્વરોદયજ્ઞાન તથા કેટલાક છુટક સવૈયાઓ વિગેરે ચિદાનંદજીના નામથી લખેલાં છે; પ્રથમ મહાત્મા વૃદ્ધ ઉમ્મર સુધી આદર્શ જીવન વહન કરી પૃથ્વીતળ પાવન કરતા હતા એમ લોકકથા ચાલે છે, દ્વિતીય જ્યારે ગિરનાર પર્વતપર છેલ્લા સંવત્ ૧૯૦૬ કે ૧૯૦૭માં દેખાયા ત્યારે તેમની વય ૩૨ વર્ષથી વધારે નહોતી. ચિદાનંદજીનાં પદોમાં વૈરાગ્યની પોષણા વિશેષ છે, આનંદઘનજીનાં પદોમાંથી યોગનો ઊંડો અભ્યાસ અને આત્મતત્ત્વચિંતવન બહાર આવે છે. આનંદઘનજીનો યોગાભ્યાસ ઘણો તીવ્ર અને હૃદયભાવના ઉચ્ચ જણાય છે ત્યારે તેના પ્રમાણમાં ચિદાનંદજીનું યોગરહસ્ય કાંઈક મંદ હશે એમ મને જણાય છે. બન્નેની દશા બહુ સુંદર હતી. કર્પૂરવિજયને જેમણે જોયા હતા તેમની પાસેથી તેઓશ્રીના સંબંધમાં ઘણી વાતો સાંભળી છે, ભાવનગરમાં તેઓ ચાતુર્માસ સ્થિત થયા હતા અને સંવત્ ૧૯૦૨માં ગોડી પાર્શ્વનાથનું પદ બનાવ્યું હતું એમ તેઓના નવમા પદ ઉપરથી જણાય છે, તે સર્વ હકીકત ઉપરથી તેઓની લઘુ વયમાં બહુ સારી દશા હતી એમ જણાય છે. તેઓના 'લઘુતા મેરે મન માની' 'કથની કથે સહુ કોઈ' વિગેરે ઘણાં પદો બહુ ઉચ્ચ બોધ અને રહસ્યજ્ઞાન આપે તેવાં છે અને તે બહુ માણસો હોંશથી ગાય છે, સાંભળે છે અને તેમ કરીને આત્માને પવિત્ર કરે છે. અત્ર તેમનાં પદો ટાંકવાનું સ્થળસંકોચથી બની શકે તેમ નથી. અવારનવાર આ પદોના વિવેચનમાં તેમનાં ટાંચણો આવશે.

આવી રીતે આનંદઘનજી મહારાજનું ચરિત્ર જૂદી જૂદી દૃષ્ટિથી વિચારવાનો પ્રસંગ આપણે પ્રાપ્ત કર્યો. આવા મહાત્માનું ચરિત્ર વંચાય, લખાય અથવા તેની યોજના કરવામાં સમય જાય તે સર્વ સુવ્યવસ્થિત અને ઉપયોગી બાબતમાં ગાળેલ વખત ગણવો. આનંદઘનજી મહારાજ એટલી ઉન્નત દશા પ્રાપ્ત કરી શક્યા હતા કે તેઓના સંબંધમાં જ્યારે જ્યારે વિચાર કરવામાં આવે છે ત્યારે ત્યારે મનમાં

અલેક જગાવવાનું સ્વરૂપ. મને જાગ્રત કરવાને બદલે શોક્રેને જગાડી. ૧૩ કોઇએ સુવાડી દીધી. ચેતના છે જ નહિ; ખાઓ, પીઓ, એવો ઉપદેશ આપ્યો. મારી વિરહ-વ્યથા કોઇએ મટાડી નહિ. ૧૪ કોઇએ સ્થાપી. વલ્લભ અને રામાનુજનો દ્વૈત. તેઓ કાંઇક ચેતનમા અને કાંઇક પ્રકૃતિમા ચેતના સ્વીકારે છે. ૧૫ કોઇએ ઉથાપી. ભૂતવાદીઓનો પચભૂતનો સયોગ. નેતિ નેતિ પદપર આધારવાળા અદ્વૈતવાદીઓ. બૌદ્ધ અને મીમાસકે પણ મને ઉડાવી. મારૂ વાસ્તવિક સ્વરૂપ બહાર પાડવાનો પ્રયાસ કર્યો નહિ. ૧૬ કોઇએ ચલાવી. સ્વીકારીને પ્રલય વખતે વિનાશ. કૃતનાશાદિ દૂષણો. ૧૭ કોઇએ રાખી. ઈશ્વરાંશ તરીકે કબૂલ રાખી. સ્થાપન કરનાર મતો અને ઉત્થાપન કરનાર મતો. વૈશિષિક મત અને ઈશ્વર. એક સરખા મતનો મારા સંબંધમાં અભાવ. મતની વ્યાખ્યા. સ્વમતસ્થાપનાનો આગ્રહ. કોઇનો કોઈ સાક્ષી મળે નહિ. સર્વગ્રાહી જૈનદર્શન અને શુદ્ધચેતનાની દશા. ધીંગો દુર્બળને હરાવે છે. ડીંગે ડીંગાની લડાઈ. મોહરાજા અને ચેતનની સરખામણી. પતિ જાગે તો તો લડાઈ જમાવે, બાકી હમણાં અમારી જેવી અબળાથી બોલાય તેવું પણ રહ્યુ નથી. પતિ મોહ સાથે લડવાને બદલે તેના સેવક થઈ બેઠા છે ત્યાર લડે કોણ? વળી પોતાનાં પરિવારનાં નામો પણ વિસરી ગયા છે શુદ્ધ સ્વરૂપે ચેતના. વિભાવમા ચેતન. ચેતનાની લજ્જા. પોતે શું કર્યું અને પોતાની પાસે શુ કરાવ્યુ તે કહેલા તાજ. ધર્મને નામે કામો. ધર્મની દુકાનો ચલાવી. ટુંકામાં કહું તો મારૂ ઘર સાજુ નથી. ઘર ચલાવવાના નિયમો. લડાઇની તૈયારી બરાબર નહિ. ધર્મમા તર્ક કરવાની મના કરનાર. હસ્તિ અને જૈન મંદિર. વાડા બાંધી લેનાર. આપવીતી કહેવાં રીસ આનદઘન સાથે ગાસે તો વિજય મળે. પતિનું આનંદ-સ્વરૂપ. હાથ પકડજો એ આખા પદની ચાવી છે નિશ્ચયપોષણ જોનારને જવાબ. ઉપસંહાર. બાહ્ય ક્રિયા અને ચેતન અન્ય લેખકાના આવા વિચારો ચિદાનદ. યશોવિજય-જસવિલાસ જ્ઞાનવિમળસુરિ–જ્ઞાનવિલાસ. પક્ષવ્યવતાત્યાગ. જૈન દર્શનની વિશાળતા. ન મે ભ્રાતા મહાવીરો. પૃ ૫૨૨ થી ૫૬૩.

ઓગણપચાસમું પદ–સોરઠી. કુંચનવરણો નાહ રે. (પતિમેળાપ માટે યાચના.) સમતાના મુખમાં પદ. સ્થૂળ ભાવ. પતિ વગર મને બજનાદિ શણગાર ગમતા નથી. વિક્રમોર્વશીયમા પુરૂરવ. આધ્યાત્મિક ભાવ સુવર્ણરૂપ પતિ. પતિવિરહના ઉપદેશમા આનંદની ગેરહાજરી. પતિવિરહે સ્નાન. સબ અપની અપની ગાવે. સ્વધર્મે નિધન અને પરધર્મે ભયાવહ. એનો રહસ્યાર્થ. ધર્મનો ભાવ. અરસપરસ સબધ રાખતા ધર્મો. ભરતચક્રી. મતનો આગ્રહ. વિશુદ્ધ માર્ગની શોધ. પ્રગતિનો આરાવ. વિરહપીડા સ્વજન જ જાણે. શિતમાં વાનર પેઠે શરીરે ધ્રુજ થાય છે. વસ્તુસ્વરૂપરહસ્યમાં ઉતરવાની જરૂર. બાહ્ય ભાવપર રાચનારા ઘણા. સયણના ત્રણ અર્થ. મિથ્યાત્વ દશા જોઈ ચેતનાને ધ્રુજ. પંચતંત્રમાં વાંદરો. વાંદરો અને સુઘરી સુઘરી જેવા ઉપદેશકો. ઉપદેશકપર આક્ષેપ. પતિ વગર ઘર શરીર કાંઈ ગમતાં નથી. પતિવિરહે શરીરપર પ્રેમ ચેત-

નાને ધરો નહી. ધર્મને નામે ચાલતી પેઢીઓની ધમાધમ. મિથ્યાત્વની ફુલ. તેમાં ચાચૂર રહેલાની દશા. આનંદઘન પ્રભુ હાથ પકડે, મિથ્યાત્વ દૂર કરે અને માયામમતાનો પ્રસંગ મૂકાવી દે તો મજા આવે. સાંસારિક દશા અને ધર્મભાવે. રસની જમાવટ અને ધર્મ. સહજ સુખરમણતા એ બાંધછોડણું. બાર બાર તણ નાથને મળવા પ્રયાણ. પૃ. ૫૬૩ થી ૫૭૫.

પચાસમું પદ-ધન્યાશ્રી. અનુભવ પ્રીતમ કૈસે મનાસી. (પતિમેળાપની સુરકેલી-અનુભવ તરફ ઉક્તિ.) સમતા અનુભવને પૂછે છે કે પ્રીતમને કેમ મનાવીશ? મિથ્યાત્વમાં ભૂલા પડેલા પતિ. તેની વિચિત્ર માન્યતા. વિચિત્ર રૂપ ધારણ કરનાર પતિ. ધનવાન અને નિર્ધન પતિ. નિર્મળ અને સમળ પતિ. ચેતનના વિચિત્ર રૂપો. છદ્મ અને છાશ-ચેતન. ચેતનનાં અનેક રૂપો. તો પછી ચેતન અવિનાશી કેવી રીતે? કર્મોનાં આરોપેલાં રૂપો. કર્મ અને ચેતન. તેનો નાશ કરનાર પણ ચેતન. ખોટાં ખાતાં ખતવવાની પદ્ધતિ. બાવાર્થનું વિશ્મવ. આત્માને હિતકારી આત્માએ કરવું. ધર્મદાસ અસ્તિ. વિવેચક દૃષ્ટિ લોકો અને ધર્મ. લોકો ઉપર મત રહે ત્યાંસુધી સુમતિમંદિર-પ્રવેશની શરૂઆત થઈ નથી એમ સમજવું. આપણો (સુમતિ અનુભવનો) અરસપરસ સંબંધ. મિત્રધર્મ. પતિનો મેળાપ કરાવી આપ; નહિ તો તું પણ ધનાશ્રી કર. અનુભવ. ચેતના અને સમતાનો સંબંધ. ગાનારી દેશીમાં 'ધનાશ્રી'ની સંજ્ઞા. અંતરાત્માને ઉપદેશ. અનુભવજ્ઞાનની મહત્તા. બનારસીદાસ. સમયસાર. અનુભવ અને ચિદાનંદજી. એનો ઝગઝગાટ કાયમ રહેવાની જરૂર. એમાં મીઠાશ. ધનાશ્રી કરવામાં પાછો અનેક ભવે પનો નહિ ખાય. ઉપસંહાર. વિજ્ઞપ્તિ. પ્રાર્થના. આનંદરસ. પૃ. ૫૭૬ થી ૫૮૯.

મૂળ પાઠે પચાસ પદ. પૃ. ૫૯૦ થી ૬૦૫.



शर्मान्ते केऽपि केचिद्दधति हृदि मिथो मत्सरं क्रोधदग्धाः,
युध्यन्ते केऽप्यरुद्धा धनयुवतियशोभूमिकादिहेतोः,
केचिल्लोभाल्लभन्ते विपदमनुपदं दूरदेशानटन्तः,
किं कुर्मः किं वदामो भृशमरतिशतैर्व्याकुलं विश्वमेतत्.

કેટલાક પ્રાણીઓ [illegible] થઈ કેટલાક [illegible] પરસ્પર મત્સર રાખે છે, કેટલાક ધન, સ્ત્રી, યશ, [illegible], નગર વિગેરે માટે [illegible] તેઓને વશ થઈ લડાઈ [illegible] કેટલાક [illegible] થઈ દૂર દેશમાં [illegible] પગલે પગલે અનેક [illegible] આ [illegible] શું કરીએ શું કહીએ આખું વિશ્વ સેંકડો અરતિ-પીડાઓથી બહુ આકુળ વ્યાકુળ થઈ ગયું છે

શાંત સુધારસ.

[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ॐ परमात्मने नमः

શ્રી આનંદઘનજીનાં પદો.

અર્થ વિવેચન સહિત.

પ્રથમ પદ–રાગ વેલાવલ.

क्या सोवे उठ जाग बाउरे. क्या० ए आंकणी.
अंजलि जल ज्युं आयु घटत है,
देत पहोरियां घरिय घाउ रे; क्या० १

"હે ગાંડા! તું શું સુઇ રહ્યો છે? ઉઠ, જાગ્રત થા. હાથના ખોબામાં રહેલા પાણીની પેઠે આયુષ્ય ઘટે છે; પહેરેગીર ઘડિયાળને ઘા મારે છે."

ભાવ–જ્ઞાની ગુરૂ મહારાજ આ જીવ વિષય કષાયમાં આસક્ત છે તેને બરાબર ઉપદેશ આપવા માટે અત્ર કહે છે. વિષય કષાય એ વિભાવ દશા છે, એમાં ગમે તેટલી પ્રવૃત્તિ કરવામાં આવે તોપણ તેમાં આત્મિક અવનતિ જ થાય છે અને તેથી તેમાં પ્રવૃત્તિ કરનાર જીવ આત્મિક દૃષ્ટિથી તો ઉંઘતો જ હોય એમ જણાય છે. તું ખાય છે, પીએ છે, ફરે છે, ધન કમાય છે, ઇંદ્રિયોના વિષયો સેવે છે, પણ એ સર્વ તને ઊંડા ખાડામાં ફેંકી દેનાર છે; તેથી હે ભોળા બંધુ! તું એ તારૂં ગાંડપણ છોડી દે, ઉઠ, જાગ્રત થા. તું જરા વિચાર કર; દરેક ક્ષણે, દરેક મિનિટે, દરેક કલાકે, દરેક દિવસે તારૂં આયુષ્ય ઘટતું જાય છે. તું સમજે છે કે વયમાં મોટો થયો, પણ તેટલું જીવન જો તેં વાસ્તવિક રીતે પસાર કર્યું નહિ હોય તો તે તારી ક્ષણો,

---

૧ ક્યાં=શું. સોવે=સુવે છે, ઉઠ=ઉઠ. બાઉરે=ગાંડા. અંજલિ=હાથનો ખોબો. જલ=પાણી. જ્યું=જેમ. આયુ=આયુષ્ય. ઘટત હે=ઘટે છે. દેત=મારે છે. પહોરીયાં=પહેરેદાર. ઘરિય=ઘડિયાળને. ઘાઉ=ઘા, પ્રહાર.

ભાવ-મોટા મોટા ઇંદ્ર, ચંદ્ર, નાગેંદ્ર અને તીર્થંકરો પણ આયુષ્ય પૂર્ણ થયું ત્યારે ચાલ્યા ગયા, તો પછી ચક્રવર્તી, શહેનશાહ કે રાજા-રાણા તે કઈ ગણતરીમાં છે? શ્રી વીર પરમાત્માને ઇંદ્ર મહારાજે એ ઘડિ આયુષ્ય વધારવાની વિજ્ઞપ્તિ પરોપકાર માટે કરી હતી ત્યારે શ્રી મહાવીરે ઉત્તર આપ્યો હતો કે તે કાર્ય કરવાને હે ઇંદ્ર! કોઈ પણ સમર્થ નથી. આવી રીતે આયુષ્ય પૂર્ણ થાય ત્યારે દેહ છોડવો એ તો સર્વને સામાન્ય છે અને ગમે તેટલો પ્રયાસ કરવા છતાં તેનો પ્રતિબંધ થઈ શકે તેમ નથી-એ સમર્થ પુરૂષોનાં દૃષ્ટાંતોથી જોયું તો પછી હે બંધુ! તારી શી ગણતરી! તું કોણ બિસાતમાં? આવી દુઃખદાયક સ્થિતિમાં-આ ભરદરિયે લાગેલા તોફાનમાંથી બચવાનો ઉપાય સારી નૌકાની પ્રાપ્તિ સિવાય અન્ય નથી, તેમ આ મહા ભયંકર સંસાર-સમુદ્રમાં તું આમથી તેમ અને તેમથી આમ જેમ પવન અને ઝકોળા આવે તેમ અટવાયા કરે છે, તેમાંથી તારો નિસ્તાર કરી સંસાર-સમુદ્રને કાંઠે લાવી મૂકે એવી આ સુંદર નૌકા, સ્ટીમર તને પ્રાપ્ત થઈ છે તેનો તું ઉપયોગ કર.

સામાન્ય ઋદ્ધિ, સંતતિ કે સ્ત્રીમાં આસક્ત થયેલા આ જીવને સમજાવે છે કે તારાથી પ્રબળ ઋદ્ધિવાળા પણ આખરે ચાલ્યા ગયા છે, તેઓને ના [illegible]

"(એ ઘડિયાળી તો) માત્ર બાહ્ય કાળ જણાવવા માટે પ્રયાસ કરે છે, પણ એને અંતરમાં રહેલી ન કળી શકાય તેવી બીજી કળાની પ્રાપ્તિ થતી નથી, એ અકળ કળાને બતાવનારી ઘડિ તો અંતરમાં જ રહેલી છે અને મને તો તેજ ઘડિ પસંદ આવે છે."

ભાવ-વિચારો પહેરેગીર ઘડિયાળી તો બાહ્ય ઘડિયાળ વગાડ્યા કરે છે, પણ આત્મિક અનંત શક્તિને બતાવનાર-સ્મરણ કરાવનાર ઘડિ તો અંદર રહેલી છે. આ બાહ્ય ઘડિ તો સ્થૂળ સમય બતાવી તે નકામો ન ગાળવા પ્રેરણા કરે છે, પણ અંતરંગમાં રહેલી ઘડિ અકળ છે, તેનાથી અનંત સુખ પ્રાપ્ત થાય તેમ છે અને તે પોતાની જ વસ્તુ છે. આ જીવ, સુખનું સ્વરૂપ સમજ્યા વગર જ્યાં ત્યાં તે મેળવવા દોડે છે: તેને સ્રીમાં શોધે છે, ધનમાં ગોતે છે, ભોગમાં ઝવેરે છે, પણ તે ત્યાં છેજ નહિ, તેથી છેવટે પાછો પડે છે. સુખ પોતાની પાસે છે, પોતાનામાંજ છે, પોતારૂપજ છે તેને બહાર શોધવા જવું એ વસ્તુસ્વરૂપની અજ્ઞતા બતાવે છે. નયણસુંદરીએ જ્યારે સત્ય સ્વરૂપ બતાવ્યું ત્યારે આખી સભા તેની મૂર્ખતા ધારી હસવા લાગી હતી અને [illegible] તેના પોતાના મનમાં સત્યની પ્રતીતિ ન હોત [illegible] જાત; પ્રાંતે નટીના વેશમાં સુરસુંદરીએ હાજર થઈ સત્ય સ્વરૂપ બતાવ્યું ત્યારેજ સર્વેનો ભ્રમ દૂર થયો. એટલો વખત ધીરજ રાખવી એમાં મનની મહત્ત્વતા, વિચારની દૃઢતા અને પરિણતિની નિર્મળતા રહેલી છે. જગતની ખોટી માન્યતાના અસત્ય નકાજુપર ન્યાયવાળી સ્થાનથી [illegible] થઈ ન જઈ અકળ કળા પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવો ઉચિત છે, અથવા વસ્તુતઃ તેમાં પ્રાપ્ત કરવાનું પણ કાંઈ નથી અંતરમાં તે કળા ભરેલીજ છે ત્યાંથી તેને પ્રગટ કરવાની છે. સુખનું સત્ય સ્વરૂપ સમજી અવ્યાબાધ સુખ પ્રાપ્ત થાય એને માટે સતત પ્રયાસ કરવો એ ઉચિત છે. આ અકળ કળાને બતાવનારી ઘડિ તાર. હૃદયમંદરમાં છે તેમાંથી તેને બહાર કાઢ, તારુ આત્મારામપણું તજી અંતરાત્મપણું આદર કર તો છેવટે પરમાત્મપણું પ્રગટ થશે. આ ઘડિ મને તો પસંદ આવે છે. મનુષ્ય આ ઘડિ બતાવનાર વચ્ચે માથે આવે તે, તેથી તેણે શું કરવું તેનો વિચાર કરવો જોઈએ, એવો વિચાર ન કરનાર ઘડિયાળીથી પણ મૂર્ખ ગણાય; જો કે ઘડિયાળીની ઘડિ પણ નકામી

છે. ખરી ઘડિ તો અકળ કળાને બતાવનાર ઘટમાં છે. તેને જાગ્રત કરી તેનાપર સમય સમય વગાડ, તેનાથી જાગૃતિ રાખ. જો તેમ નહિ કરે તો ઘડિયાળી જેટલી પણ તારામાં સમજણ નથી એમ માન્યતા થશે.

आतम अनुभव रस भरी, यामे ऑर न मावे;
आनंदघन अविचल कला, विरला कोई पावे. रे घरि. ३

"આત્મ અનુભવરૂપ રસથી ભરેલી ઘડિમાં બીજી કોઈ વસ્તુનો સમાવેશ થતો નથી અને તે આનંદમય અવિચળ કળા કોઈ ભાગ્યવાન્ પ્રાણી જ પ્રાપ્ત કરી શકે છે."

ભાવ-સ્વરૂપજ્ઞાનને અનુભવ કહેવામાં આવે છે. આત્મસ્વરૂપની વાતો કરવી તે વિદ્વત્તાનું કામ છે, પણ તેનો પ્રત્યક્ષ અનુભવ કરવો એ ચારિત્રનો વિષય છે. બન્નેને સંબંધ છે, પણ દરરોજ તે સંબંધ હોય એમ સમજવું નહિ. સ્વપરના વિવેચન સાથે હેય ઉપાદેયનો વિવેક થાય તેને અનુભવ કહેવામાં આવે છે. વાતો કરવામાં આનંદ માનનારને તે સ્થિતિ કદિ પણ પ્રાપ્ત થતી નથી, આત્મરમણતામાં જ તેનું ખરૂં રહસ્ય રહેલું છે અને તેને અનુભવજ્ઞાન કહેવામાં આવે છે. અનુભવજ્ઞાનને અંગે આગળ પદોમાં બહુ વિસ્તારથી ઉલ્લેખ કરવામાં આવનાર છે, તેથી અત્ર વિશેષ વિવેચન ન કરતાં એટલું જણાવીએ તો બસ થશે કે અનુભવીને સંસાર વિષ તુલ્ય લાગે છે, ધનસંપત્તિ આત્મસંપત્તિને ભૂલાવનાર લાગે છે, સ્ત્રી પુત્રાદિ પરિવાર સંસારને વધારનાર લાગે છે, દેહ ક્ષણિક લાગે છે, કીર્તિ અસ્થિર લાગે છે, સંબંધીઓનો સ્નેહ સ્વાર્થમય લાગે છે, મિત્રનો પ્રેમ સંસારના હેતુભૂત લાગે છે, પોતાનું એકત્વ અને પરભાવનું અન્યત્વ નજરે આવે છે અને શુદ્ધ આત્મસ્વરૂપ જ પ્રાપ્તવ્ય લાગે છે, સંસારસ્વરૂપ વિચારતાં વિષય કષાયપર ખેદ આવે છે, ચિત્તની નિર્મળતા થાય છે, મન શાંત થાય છે અને જ્યાં ત્યાં ભ્રમણ કરવાની વૃત્તિપર અંકુશ પડે છે, છેવટે મનમાં વિશ્રાંતિ આવી જાય છે અને આત્મઅનુભવ જ

૩ યામે=એમાં. માવે=સમાય. અવિચલ=ન ચળે તેવી. વિરલા=કોઈક જ. પાવે=પ્રાપ્ત કરે, મેળવે

કરવા યોગ્ય, ધ્યાવવા યોગ્ય, અનુભવવા યોગ્ય છે એમ નિશ્ચય થાય છે, અન્ય વિષયમાં આનંદ પડતો બંધ થાય છે, સંસાર વધારનાર મોહ મમત્વપર ત્યાજ્ય બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને સ્વગુણ પ્રગટ કરવાના માર્ગો સરળ દેખાય છે. આ સ્થિતિને અનુભવ કહેવામાં આવે છે.

તત્ત્વ પ્રીતિકર રસથી ભરપૂર આ ઘડિ છે તેમાં બીજી કોઈ વસ્તુનો સમાવેશ થઈ શકતો નથી, કોઈ પ્રકારની આશા નથી, ઇચ્છા નથી, શોક નથી, ભય નથી, ખેદ નથી, જુગુપ્સા નથી, નિંદા નથી; એમાં તો સ્વપર વિવેચનરૂપ અનુભવનો રસ જ એકલો ભરેલો છે. ઘડિયાળીની ઘડિમાં જે જળ ભર્યું છે તેમાં તો અનેક પ્રકારનો મેલ, કાદવ ભરેલો હોય છે. સૂક્ષ્મદર્શક યંત્ર મારફત જોવાથી તેમાં અનેક જીવો તથા રેસાઓ વિગેરે દેખાય છે, પણ આ ઘડિમાં તો આત્માનુભવનો જ રસ છે, એમાં અન્ય કાંઈ નથી. એને વધારે બારીકીથી તપાસવામાં આવશે તો તેમાંથી ઉલટો વધારે સુંદર રસ મળશે, રસની શુદ્ધતા વધારે સારા આકારમાં દેખાશે, પણ તેમાં કોઈ જાતનો પરભાવરૂપ કચરો ન હોવાથી તે અન્ય સ્વરૂપે કદિ દેખાશે નહિ.

ઘટમાં રહેલી આ ઘડિના રસનો જ્યાંસુધી સ્વાદ ન લેવાય ત્યાં સુધી તેનું જ્ઞાન થતું નથી, સત્ય સ્વરૂપ સમજવા ઉપર તેનાપર પ્રેમ થતો નથી, તે પ્રાપ્તવ્ય છે એમ દૃઢ નિશ્ચય [illegible] પ્રયાણ પણ થતું નથી. સાંસારિક ઇન્દ્રિય સુખ પણ માત્ર મનવાળાને જ છે, તેનાથી અનન્તગણું સુખ આ સ્થિતિમાં છે, કારણ એ સ્થિતિમાં કોઈ પણ પ્રકારની ઉપાધિ નથી. આ [illegible] સત્ય માને છે, ધન આદિને પોતાના માને છે, પચીશ પચાસ વર્ષ રહેવાના જુના ફરઆનાને ઘરનું ઘર માને છે, માની લીધેલી કીર્તિને [illegible] આપે છે, વાસ્તવિક વિચાર વિના કેવળ [illegible] રમત અહીં અટક્યા કરે છે, નેત્ર ચક્કર ફર્યા કરે છે અને નીચેથી ઉપર અને ઉપરથી નીચે આટા માર્યા કરે છે; પરન્તુ અધ્યાત્મ જ્ઞાન કોઈ ભાગ્યવાન્ પ્રાણી પ્રાપ્ત કરે છે. એ અધ્યાત્મ જ્ઞાનમાં નિરન્તર આનંદ છે, એકાંત સુખ છે, નિર્વિકારી પ્રેમ છે; જે અનુભવરસનું પાન કરે છે તેજ તેનો ભોક્તા બને છે, વાતો કરનારા જે વાતોમાં [illegible]

પૂર્ણતા માને છે તેને તે દ્રષ્ટિ પ્રાપ્ત થતી નથી, મહા ભાગ્યનો ઉદય થાય ત્યારે જ તે સ્થિતિ પ્રાપ્ત થાય છે. આ સ્થિતિપ્રાપ્તિનો માર્ગ આનંદમય છે, આકર્ષક છે, અનુકૂળ છે, પસંદ આવે તેવો છે; પણ તેને પ્રાપ્ત કરવાના રસ્તામાં અનેક ઠગો બેઠેલા છે, તેઓ આ જીવને લલચાવી રમતમાં રોકી દઈ તેનું આત્મિક જાગૃતિરૂપ ધન લુંટી લે છે. પછી આત્મપ્રકાશ વગર આ જીવ ગહન ભવાટવીમાં ભૂલો પડી જાય છે. જેઓ એને વશ થતા નથી તેઓ નિશ્ચયથી અવિચળ કળામય, મહા તેજોમય, અકળ પ્રકાશને પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે અને તેને તે જરૂર પ્રાપ્ત થાય છે, પરંતુ તેવું કરનારા વિરલા હોય છે.

આનંદઘનજી મહારાજ આ આખા પદમાં એજ ઉપદેશ આપે છે કે તારે દરેકે દરેક સેકન્ડનો ઉપયોગ કરવો, બાહ્ય વસ્તુપરની પ્રીતિ છોડી દેવી, અકળ કળા પ્રગટ કરવા નિશ્ચય કરવો, સુખદુઃખનું સ્વરૂપ સમજવું, સામાન્ય રીતિએ સમજવામાં આવે તેટલા માત્રથી પરિસમાપ્તિ ન માનવી, આત્મવિચારણા કરવી, આત્માનુભવ રસનું પાન કરવું અને તેની અવિચળ કળાને પ્રાપ્ત કરવાનો માર્ગ જોઈ, શોધી તે માર્ગે લાગી જવું.

પદ ત્રીજું. રાગ-વેલાવલ, તાલ-જાતી.

*जीव जाने मेरी सफल घरीरी; जीव०
सुत वनिता यौवन धन मातो,
गर्भ तणी वेदन विसरीरी. जीव० १

"પુત્ર, સ્ત્રી, જુવાની અને ધનમાં મસ્ત જીવ એના સંબંધમાં ગયેલી ઘડિઓને સફળ માને છે અને ગર્ભની વેદના ભૂલી જાય છે."

ભાવ-જ્યારે સ્ત્રીની પાસે આનંદ કરતો હોય, પુત્રને રમાડતો હોય, યૌવન વયના રસનું આસ્વાદન કરતો હોય અને પૈસા કમાતો હોય ત્યારે આ જીવ માને છે કે મારો વખત સફળ થયો, મારી જીન્દગી સફળ થઈ, હું ભાગ્યશાળી, હું મારા બાપનો કર્મી પુત્ર. એ

* જ્યારે જનત-પાઠાંતર. ૧ માતોન્મત, ચકચૂર. વિસરી-ભૂલી.

બિચારો ભૂલી જાય છે કે જ્યારે પોતે પોતાની માતાની કુક્ષિમાં હતો ત્યારે લગભગ બસે ને એંશી દિવસ સુધી ઊંધે મસ્તકે લટકયો હતો, સંકોચનું મહા દુઃખ પામ્યો હતો અને અંધાર કોટડીમાં ટળવળતો હતો; એને બદલે આજે જરા ગરમી લાગે તો હીલસ્ટેશને (હવા ખાવાના ઊંચાણ પ્રદેશોએ) ઉપડી જાય, પંખા, કોલ્ડ ડ્રીંક, ટટ્ટી વિગેરેનો જમાવ કરી દે, જરા ઠંડી લાગે તો ગરમ વસ્ત્રો કે પક્ષીનાં પીછાંઓનો ઉપચાર પહેરે; એને વાસ્તવિક સુખનો જરા પણ ખ્યાલ ન હોવાથી સુખ મેળવવા માટે ફાંફાં માર્યા કરે છે. સુંદર સ્ત્રી કે અનેક પુત્ર પુત્રીની વચ્ચે બેઠો હોય ત્યારે સ્વર્ગ સાથે પોતાનો મુકાબલો કરે છે; પણ પુત્રના શરીરાદિની ચિન્તા, અભ્યાસ, લગ્ન, પુત્રીના વિવાહ, વૈધવ્ય વિગેરેનો વિચાર કરે, સ્ત્રીના પ્રેમનો સ્વાર્થ વિચારે, યૌવનની અસ્થિરતા જાણે કે ધનના આય, રક્ષણ અને વ્યયની આપદાપર ધ્યાન આપે તો તેની આંખો ઉઘડી જાય તેમ છે. એ બાહ્ય સબંધીઓના અને વસ્તુઓના સુખ છેજ નહિ, જ્યાં સુધી ત્યાંથી મેળવવાની ઇચ્છા કરવાના [illegible] રેતીપર રચાયેલ સુખમંદિર આપોઆપ પડી જાય છે, વની જાય છે અથવા નમી જાય છે આગળ પાછળના દુનિયાના સબંધના અનુભવ કરવાથી આ માન્યતાના સુખમાં કાંઈ પણ વાસ્તવિકપણું નથી એ સ્પષ્ટ સમજાય [illegible] છે, પણ ઉપર ઉપરનો વિચાર કરવાવાળા [illegible] વાસ્તવિક આનંદ ભાગી આવે છે [illegible] પડેલી [illegible] ભૂલી જાય છે.

*सुपनको राज साच करी मानत,
राचत छांह गगन बदरीरी;
आइ अचानक काल तोपची,
गहेगो ज्युं नाहर बकरी रे. मीत० २

"સ્વપ્નના રાજ્યને સાચું માને છે અને [illegible]

* [illegible]

[illegible]

છાંયડીમાં આનંદે બેસે છે, (પણ) અચીંતિ કાળ તોપચી આવીને જેમ નાહર બકરીને પકડે છે તેમ તેને પકડી લેશે."

પોતે સખ્ત તડકામાં ચાલતો હોય છે તેમાં જરા વાદળાની છાંયડી જેમાં વાસ્તવિક રીતે તો ગરમી વધારે છે તેને પ્રાપ્ત કરીને તેની છાયામાં રાચે છે, પણ તેને થોડા જ વખતમાં પાછી તડકાની વેદના સહન કરવી પડે છે, કારણકે વાદળાની છાયા વધારે વખત રહેતી નથી. તત્ત્વ એ છે કે જે વસ્તુ સ્થિર નહોતી તેમાં આનંદ માન્યો હતો તે ખોટો જ હતો.

જંગલમાં નહાર નામનું ફાડી ખાનારૂં પ્રાણી બકરીને પકડીને તેનું પેટ ફાડી ખાય છે.

તોપ ફોડનાર તોપચી જ્યારે ગોળા ઉડાડે છે ત્યારે તેના સખ્ત મારામાંથી કોઈનો બચાવ થઈ શકતો નથી. અત્ર મરણરૂપ કાળ-તોપચીનો મારો સમજવો.

ભાવ-કુસુમપુર નગરના બહારના ઉદ્યાનના વૃક્ષ નીચે એક ભીખારી સૂવે છે. ખાસુમ. ભિક્ષાનું તુંબડું પડ્યું છે. ફાટી તૂટી ગોદડી ઓઢેલી છે. સ્વપ્નમાં તેને રાજ્ય મળ્યું, મહેલ મળ્યા, બે બાજુ ચામર [illegible]

છે કે આ (અજ્ઞાની) પ્રાણી હીરાને છોડી દઈને માયારૂપ કાંકરા ઉપર મોહ પામી ગયો છે."

હારિલ પક્ષી પંજરામાં હોય છે ત્યારે નીમની નામની લાકડીને પકડી રાખે છે, પછી પગ આઘા અથવા ચાલતાં લાકડી નમી જાય છે અને પછી ઊંધે માથે લટકી પડે છે ત્યારે ચીસો પાડે છે, પણ તેને છોડતો નથી–એપર અત્ર અલંકાર છે.

હાર એટલે જંગલ તેનું રહેવાશી વગડાઉ જનાવર અથવા એક જાતનું પક્ષી તે હારિલ.

'અજ હુ ચેત' ની જગોએ કોઇ સ્થાનકે 'અતિહિ અચેત' એવો પાઠ છે તેનો અર્થ આ જીવ ઘણો અચેતન જેવો થઇ ગયો છે એમ થાય. જો કે તેનામાં ચૈતન્ય ગુણ છે પણ તેનું વર્તન જોતાં જાણે તે તદ્દન અચેતન હોય તેવો દેખાય છે.

ભાવ–અંતે આ સર્વ વૈભવો છોડી ચાલ્યા જવાનું છે એ તારા જાણવામાં આવ્યું ત્યારે હવે તું ચેત, શામાટે પડી રહ્યો છે. ઝેરને ઝેર જાણ્યા પછી પણ તેને સેવનાર ડહાપણવાળો ન જ ગણાય એ તું સારી પેઠે જાણે છે, છતાં શામાટે સંસારમાં પડી રહ્યો છે. હારિલ પક્ષી ઝાડ-પર અથવા પાંજરામાં નીમનીપર લટકાય છે ત્યારે એમ જ માને છે કે મને લાકડીએ પકડી રાખ્યો છે. વાંદરાને જ્યારે પકડવો હોય છે ત્યારે ગાગરમાં બોર ભરે છે અને તે વાંદરો તેની પાસે આવે છે. પછી બોર દેખીને તે લેવા ગાગરમાં હાથ ઘાલી મોટો મુઠ્ઠો ભરનાર વાંદરો તેમાં સપડાઈ જાય છે, તેનો હાથ નીકળી શકતો નથી, તે તો એમ માને છે કે મને ગાગરે પકડી રાખ્યો છે; તે ભરેલો મુઠ્ઠો છોડતો નથી અને ખેંચતાણ કર્યાં કરે છે; એવી જ રીતે આ જીવ માને છે કે ધન, સ્ત્રી, પુત્ર વિગેરેએ તેને ઝાલી રાખ્યો છે તેથી તે સંસાર છોડી શકતો નથી, નિરૂપાય છે, પણ બિચારાને ખબર નથી કે પાંજ-રાનો માલિક આવી નીમની ખેંચી લેશે કે હારિલ નીચે પડશે, મદારી આવી ચાબખો લગાવશે કે મુઠ્ઠી છૂટી જશે, તેમ કાળ તોપચી આવી પોતાનો રોફ બજાવશે કે આ સર્વ માયા છૂટી જશે.

આવા ખોટા ખ્યાલમાં પડી જઇ આ પ્રાણી જ્ઞાન દર્શન ચારિત્ર-રૂપ રત્નત્રયીનો (હીરાનો) ત્યાગ કરી દે છે, તેના તરફ પ્રેમ રાખતો

નથી, તેને મેળવવા યત્ન કરતો નથી, તેની કિમતનો ખ્યાલ કરતો નથી અને સંસારબંધનની માયારૂપ પથરી ઉપર મોહ પામી તેમાં મસ્ત રહ્યા કરે છે, તેમાં આનંદ માને છે અને તેમાં સાતા માને છે. વસ્તુતઃ સંસારપરનો રાગ કિમત વગરનો છે, પથ્થર જેવો છે, જડ છે, અશાશ્વત છે, પણ મોહની મદિરા પીને ઉન્મત્ત થયેલો આ જીવ સારાસાર વિચાર કરતો નથી અને અક્ષય, અવિનાશી સુખ અપાવનાર જ્ઞાનાદિ રત્નત્રયની કિમત તેને આવતી નથી, તેને તજી દે છે, તેનાથી વિરૂદ્ધ વર્તન કરે છે અને સંસારમાં ઊંડા ઊંડા ઉતરતો જાય છે.

તેટલા માટે આનંદઘનજી મહારાજ ઉપદેશ આપે છે કે સુન વનિતા યૌવન ધન વિગેરેમાં રાચવામાચવાની તારી પ્રકૃતિ પડી છે અને સંસારને તું સુખનું સાધન-સુખરૂપ માને છે તેમાં તારી ભૂલ થાય છે, કાળનો સપાટો લાગશે ત્યારે એ સર્વ મૂકી ચાલ્યા જવું પડશે, વળી તું માયામાં લપટાઇ તારા શુદ્ધ સ્વરૂપનુ લક્ષ્ય પણ કરતો નથી એમાં તારી મોટી ભૂલ થાય છે, માટે હે ભાઇ! ચેત, આવા સારા વખતમાં ચેતીશ નહિ તો પછી પસ્તાવો થશે.

આખા પદનો આશય એ છે કે આ [illegible] વસ્તુને આ[illegible] ખતો નથી અને પરભાવમાં રાચ્યોમાચ્યો રહે છે. પર વસ્તુ પોતાની થવાની નથી, અને છોડી જવાની છે અને રહે છે તેટલો વખત પણ અનેક પ્રકારની શારીરિક અને માનસિક વ્યથા કરનારી છે. આ વસ્તુસ્વરૂપ ઓળખી પોતાના વર્તન શોધી કાઢ અને માયાનો ત્યાગ કરો.

પદ ચોથું રાગ વેલાવલ.

सुहागण! जागी अनुभव प्रीत. सुहा०
*निन्द अनादि अग्यानकी;
१मिट गई निज रीत. सुहा० १

---

* [illegible]
[illegible]
१ [illegible]

"હે સૌભાગ્યવતી! યથાર્થ સ્વરૂપજ્ઞાનરૂપ તારી સાથેની પ્રીતિ હવે જાગ્રત થઈ છે, અનાદિ કાળથી અજ્ઞાનને લીધે જે નિદ્રા આવી ગઇ હતી તે પોતાને સ્વભાવે જ મટી ગઈ છે."

સૌભાગ્યવતી કહીને અત્ર જીવ શુદ્ધ ચેતનાને ઉદ્દેશીને કહે છે. અથવા સુહાગણને પ્રીતિનું વિશેષણ લઈ શકાય. સુખ આપનાર પ્રીતિ હવે જાગ્રત થઈ છે.

બીજી પંક્તિમાં 'નિંદ અનાદિઆ પાનકી' અને ક્વચિત્ 'નિંદ અજ્ઞાન અનાદિકી' એવો પાઠ છે. અનાદિ કાળથી અજ્ઞાનરૂપ નિદ્રા આવેલી હતી તે હવે ખસી જઈ અનુભવજ્ઞાન પ્રગટ થયું છે એવો મૂળ પાઠનો અર્થ કરવો. મોહમદિરાનું પાન કરવાથી થયેલી નિદ્રા મટી ગઈ એવો પાઠાંતરનો અર્થ કરવો.

'નિજ રીત' પોતાની મેળે જ અથવા મારી એ રીતિ હતી એવો તેનો અર્થ થાય તે બન્ને અર્થ સમીચીન છે.

ભાવ-જ્યારે જીવ અપૂર્વકરણ કરી સાત ઘનઘાતી પ્રકૃતિનો ક્ષય ઉપશમ કે ક્ષયોપશમ કરે છે ત્યારે શુદ્ધ ચેતનાનો ઝાંખો પ્રકાશ થવા માંડે છે. શુદ્ધ ચેતના એટલે જ્ઞાન લક્ષણ ચૈતન્યની શુદ્ધતાવાળો આત્મા એના શુદ્ધ સ્વરૂપમાં ચેતના આવી જાય ત્યારે તો તેને અપૂર્વ આનંદ થાય છે, પણ તેનું અસ્ફુટ શુદ્ધપણું અંશે અંશે ચતુર્થ ગુણસ્થાનકથી થવા માંડે છે. પછી જેમ જેમ ઉત્ક્રાન્તિ થતી જાય છે તેમ તેમ શુદ્ધ ચેતના પ્રગટ થતી જાય છે. સામાન્ય બોધથી ચેતનાને શુદ્ધ સ્વરૂપમાં પ્રગટ થવાનું કારણ મળતું નથી, પણ જ્યારે સૂક્ષ્મ બોધ-વડે વસ્તુસ્વરૂપનું જ્ઞાન થાય છે એટલે કે તેને વાસ્તવિક રીતે હોવું છે, પોતાનું વાસ્તવિક સ્વરૂપ શું છે,—પોતાને ઉત્ક્રાન્તિ ક્યાં કઈ રીતે લેવી છે અને પોતાનો તેની સાથે સંબંધ શું છે એનું જ્ઞાન થાય છે, આત્મિક અને પૌદ્ગલિક પદાર્થનો તફાવત સમજાય છે, તેમાં મનને વિશ્રાંતિ મળે છે, અન્ય વસ્તુઓના જ્ઞાનથી પોતાનો તેની સાથેનો સંબંધ કેટલો અસ્થિર છે તે સમજાય છે અને તે જ્ઞાનરસના પાનમાં અપૂર્વ આનંદ થાય છે તેને અનુભવ કહેવામાં આવે છે. બનારસીદાસ પણ સમયસાર નાટકમાં કહે છે કેઃ-

નથી, તેને મેળવવા યત્ન કરતો નથી, તેની કિમતનો ખ્યાલ કરતો નથી અને સંસારબંધનની માયારૂપ પથરી ઉપર મોહ પામી તેમાં મસ્ત રહ્યા કરે છે, તેમાં આનંદ માને છે અને તેમાં સાતા માને છે. વસ્તુતઃ સંસારપરનો રાગ કિમત વગરનો છે, પથ્થર જેવો છે, જડ છે, અશાશ્વત છે, પણ મોહની મદિરા પીને ઉન્મત્ત થયેલો આ જીવ સારાસાર વિચાર કરતો નથી અને અક્ષય, અવિનાશી સુખ આપનાર જ્ઞાનાદિ રત્નત્રયની કિમત તેને આવતી નથી, તેને તજી દે છે, તેનાથી વિરૂદ્ધ વર્તન કરે છે અને સંસારમાં ઊંડો ઊંડો ઉતરતો જાય છે.

તેટલા માટે આનંદઘનજી મહારાજ ઉપદેશ આપે છે કે સુત વનિતા યૌવન ધન વિગેરેમાં રાચવામાચવાની તારી પ્રવૃત્તિ પડી છે અને સંસારને તું સુખનું સાધન-સુખરૂપ માને છે તેમાં તારી ભૂલ થાય છે, કાળનો સપાટો લાગશે ત્યારે એ સર્વ મૂકી ચાલ્યા જવું પડશે, વળી તું માયામાં લપટાઇ તારા શુદ્ધ સ્વરૂપનું લક્ષ્ય પણ કરતો નથી એમાં તારી મોટી ભૂલ થાય છે, માટે હે સાધુ! ચેત, આવા સારા વખતનો [illegible] નહિ તો પાછી પસ્તાવો થશે [illegible]

[illegible] આ [illegible] સ્વસ્વરૂપને ઓળખતો નથી અને [illegible] પર વસ્તુ પોતાની [illegible] નથી, [illegible] તેટલો વખત પણ [illegible] કરનારી છે. આ વસ્તુ-[illegible] ત્યાગ કરે.

–

પદ ચોથું રાગ વેલાઉલ.

सुहागण' जागी अनुभव प्रीत. सुहा०
'निन्द अज्ञान अनादिकी;
'मिट गई निज रीत. सुहा० १

[illegible]

[illegible]

[illegible]

"હે સૌભાગ્યવતી! યથાર્થ સ્વરૂપજ્ઞાનરૂપ તારી સાથેની પ્રીતિ હવે જાગ્રત થઈ છે, અનાદિ કાળથી અજ્ઞાનને લીધે જે નિદ્રા આવી ગઈ હતી તે પોતાને સ્વભાવે જ મટી ગઈ છે."

સૌભાગ્યવતી કહીને અત્ર જીવ શુદ્ધ ચેતનાને ઉદ્દેશીને કહે છે. અથવા સુહાગણને પ્રીતિનું વિશેષણ લઈ શકાય. સુખ આપનાર પ્રીતિ હવે જાગ્રત થઈ છે.

બીજી પંક્તિમાં 'નિંદ અનાદિઆ પાનકી' અને ક્વચિત્ 'નિંદ અજ્ઞાન અનાદિકી' એવો પાઠ છે. અનાદિ કાળથી અજ્ઞાનરૂપ નિદ્રા આવેલી હતી તે હવે ખસી જઈ અનુભવજ્ઞાન પ્રગટ થયું છે એવો મૂળ પાઠનો અર્થ કરવો. મોહમદિરાનું પાન કરવાથી થયેલી નિદ્રા મટી ગઈ એવો પાઠાંતરનો અર્થ કરવો.

'નિજ રીત' પોતાની મેળે જ અથવા મારી એ રીતિ હતી એવો તેનો અર્થ થાય તે બન્ને અર્થ સમીચીન છે.

ભાવ-જ્યારે જીવ અપૂર્વકરણ કરી સાત ઘનઘાતી પ્રકૃતિનો ક્ષય ઉપશમ કે ક્ષયોપશમ કરે છે ત્યારે શુદ્ધ ચેતનાનો ઝાંખો પ્રકાશ થવા માંડે છે. શુદ્ધ ચેતના એટલે જ્ઞાન લક્ષણ ચૈતન્યની શુદ્ધતાવાળો આત્મા. એના શુદ્ધ સ્વરૂપમાં ચેતના આવી જાય ત્યારે તો તેને અપૂર્વ આનંદ થાય છે, પણ તેનુ અસ્પુટ શુદ્ધપણું અંશે અંશે ચતુર્થ ગુણસ્થાનકથી થવા માંડે છે. પછી જેમ જેમ ઉત્ક્રાન્તિ થતી જાય છે તેમ તેમ શુદ્ધ ચેતના પ્રગટ થતી જાય છે. સામાન્ય બોધથી ચેતનાને શુદ્ધ સ્વરૂપમાં પ્રગટ થવાનુ કારણ મળતું નથી, પણ જ્યારે સૂક્ષ્મ બોધ-યથાર્થ વસ્તુસ્વરૂપનુ જ્ઞાન-થાય છે એટલે પોતે વાસ્તવિક રીતે કોણ છે, પોતાનું વાસ્તવિક સ્વરૂપ શું છે,-પોતાને ઉપાધિઓ કઈ કઈ લાગેલી છે અને પોતાનો તેની સાથે સંબંધ શું છે એનું જ્ઞાન થાય છે, આત્મિક અને પૌદ્ગલિક પદાર્થનો તફાવત સમજાય છે, તેમાં મનને વિશ્રાંતિ મળે છે, અન્ય વસ્તુઓના જ્ઞાનથી પોતાનો તેની સાથેનો સબંધ કેટલો અસ્થિર છે તે સમજાય છે અને તે જ્ઞાનરસના પાનમાં અપૂર્વ આનંદ થાય છે તેને અનુભવ કહેવામાં આવે છે. બનારસીદાસ પણ સમયસાર નાટકમાં કહે છે કેઃ-

અનુભવજ્ઞાન જાગ્રત થતાં જ મોહ ખસવા માંડે છે એ સમજવાની જરૂર પડે તેવું નથી. મોહનો સ્વભાવ સંસારમાં મુંઝવવાનો છે, જીવને ઘેનમાં પાડવાનો છે, જ્યારે અનુભવનો સ્વભાવ જીવને પોતાના સ્વરૂપનું ભાન કરાવવાનો છે. તે આ જીવને સમજાવે છે કે દારૂ પીનાર માણસ અસ્તવ્યસ્ત બોલે છે, ગટરમાં પડે છે અને અતિ નિંદ્ય આચરણો આચરે છે, તેમ તું મોહમદિરા પીને ક્રોધ કરે છે, અભિમાન કરે છે, કપટજાળ પાથરે છે, ધન મેળવે છે, હસે છે, રમે છે, રડે છે, છાતી કુટે છે, ભય પામે છે, મ્હોં મરડે છે કે સીસેવન કરે છે-એ સર્વ દારૂ પીનારનાં કૃત્યો છે, તારા જેવા શુદ્ધ સ્વરૂપવાળાને તે અઘટિત છે, માટે તું તારી જાતને ઓળખ અને મોહને તાબે થવાની તારી પદ્ધતિ છોડી દે. આવી રીતે અનુભવજ્ઞાન પ્રગટ થતાં અનાદિ કાળની નિદ્રા ઉડી જાય છે. એ અનુભવજ્ઞાન પ્રગટ થતાં વધારે શું થાય છે તે આગળ બતાવે છે.

घट मंदिर दीपक कीयो, सहज सुज्योति सरूप;
आप पराइ आपुही[1], ठानत वस्तु अनूप. सुहा० २

"(અનુભવજ્ઞાન-પ્રકાશથી) હૃદયમંદિરમાં કુદરતી પ્રકાશરૂપ દીપક પ્રગટ કર્યો, તેથી આપુહી અને પરાઈ વસ્તુને અનુપમ રીતે પોતે જ સ્થાપન કરી."

ભાવ-મોહની નિદ્રામાં આ જીવ પડેલો હતો ત્યાંસુધી ઘોર અંધકાર તેના હૃદયમાં હતો, તેને જરા પણ વિવેક નહોતો, પણ અનુભવજ્ઞાન જાગ્રત થવાથી હૃદયમંદિરમાં જે અંધકાર હતો તે દૂર થઈ ગયો અને પોતાનો કુદરતી પ્રકાશ હતો તે જાગ્રત થયો. અંધકારને લીધે આ જીવ ઉન્મત્ત થઈ કુમતિ સાથે ખેલ કરતો હતો, પણ હવે જ્યારે હૃદયમંદિરમાં જ્ઞાનજ્યોતિનો સ્વપ્રકાશ પ્રાપ્ત થયો ત્યારે શુદ્ધ ચેતના સાથેનું પોતાનું સગપણ તેને યાદ આવ્યું. વળી અત્યાર સુધી તેને સ્વપરનો વિવેક નહોતો, આત્મિક વસ્તુ શું છે અને પૌદ્ગલિક વસ્તુ શું છે તેનો તેને ખ્યાલ નહોતો, તેથી આ જીવ તે સર્વસ્વ માનતો હતો, ધનને પ્રાણ સમાન માનતો હતો, પૌદ્ગ-

[1] આપુહી-પોતે [illegible]

એને તે પોતારૂપ માનતો હતો, વ્યવહારનાં કૃત્યોને તે તાત્વિક માનતો હતો તેને બદલે હવે એ સર્વ ઉપાધિરૂપ છે, ચકભમણ કરાવનાર છે, અધઃપાત કરાવનાર છે એમ સમજવા લાગ્યું, અને સાથે સમજાયું કે જ્ઞાન, દર્શન, ચારિત્ર પોતાનો સ્વભાવ છે અને તેને પ્રકટ કરી આ સર્વ ઉપાધિ ત્યાગ કરવા યોગ્ય છે.

યોગના ગ્રંથોમાં સ્વપર વિવેચન કરવાની આવશ્યકતા વારંવાર બતાવવામાં આવે છે. જ્ઞાન અને વર્તન સર્વનો મુદ્દો એજ છે કે પરભાવનું સ્વરૂપ સમજી તેનો ત્યાગ કરી નિજ સ્વરૂપ ઓળખી તેને પ્રગટ કરવાનો દૃઢ નિશ્ચય કરવો એ ખાસ કર્તવ્ય છે. આ જીવ પૌદ્ગલિક વસ્તુઓમાં એટલો બધો આસક્ત રહે છે કે એની સાથે તે એક રસ થઈ જાય છે, એ સબંધમાં જે મોટી ભુલ થાય છે તે અનુભવજ્ઞાનથી મટે છે તેટલા માટે અત્ર કહ્યું છે કે પોતાની અને પારકી વસ્તુઓનો વિવેક અનુપમ રીતે પોતેજ કરી લે છે. અનુભવ તેને શીખવે છે-કે ધન અસ્થિર છે, પ્રેમ ખોટો છે, શરીર અસ્થિર પડવાનું છે, સ્ત્રી પુત્ર સ્વાર્થના સબંધી છે, સબંધ થોડા વખતનો છે, અનંત જ્ઞાન એ તારૂં સ્વરૂપ છે અને તેને પ્રગટ કરવા તારે પ્રબળ પુરૂષાર્થ કરવો ઉચિત છે. આ સ્વપર જ્ઞાનને બતાવનાર અનુભવપ્રાપ્તિ હવે જાગ્રત થઈ છે તેથી બહુ આનંદ આવી ગયો છે, તેનું વિશેષ વર્ણન કરતાં ચેતન શુદ્ધ ચેતનાને કહે છે.

> कहा दिखावुं औरकुं, कहा समजाउं भोर;
> तीर* अचूक है प्रेमका, लागे सो रहे ठोर. शुद्ध० २

"બીજાને તે હું કેવી રીતે દેખાડી શકું, ભોળા પ્રાણીને તેનું સ્વરૂપ હું કેમ સમજાવી શકું? પ્રેમનું તીર અમોઘ છે અને જેને તે લાગે છે તે નિશ્ચળ રહે છે."

ભાવ—જ્યારે અનુભવ ઘટમંદિરમાં દીપક કરનાર છે અને વસ્તુસ્થાપન બહુ ઉત્તમ રીતે કરે છે એમ આ જીવને કહેવામાં આવ્યું ત્યારે તેણે ચેતનને અનુભવજ્ઞાન બતાવવા વિજ્ઞપ્તિ કરી. તેને ચેતન જવાબ આપે છે કે—અનુભવજ્ઞાન એ કાંઈ પૌદ્ગલિક વસ્તુ નથી,

* તીર ન ચૂકે પ્રેમકા એવો પાઠાંતર છે

૧ [illegible]

હાથમાં લઈને પુસ્તક પેન્સીલની જેમ તે બતાવી શકાય તેમ નથી, તેથી
હું તમને તે કેવી રીતે બતાવી શકું? વળી મૂર્ખ–અજ્ઞાની જીવ જેને
સંસાર છોડ્યા વગર છોકરા સ્ત્રી સાથે મોક્ષમાં જવું છે તેને તેનું સ્વરૂપ
હું સમજાવું પણ શી રીતે? જ્યારે ચેતને કહ્યું કે બતાવી શકાય તેવું
અનુભવજ્ઞાનનું સ્વરૂપ નથી ત્યારે શિષ્યે સમજાવવાની માગણી કરી
તેને પણ ગુરૂ મહારાજ કહે છે કે તે સમજાવવાથી તારા આગ્રહમાં પણ
આવી શકે તેમ નથી, કારણકે તું હજુ આત્મિક જ્ઞાનમાં તદ્દન
પછાત પડી રહેલો છે. છતાં તારે તેનું સ્વરૂપ સમજવુંજ હોય તો
હું તેની એક નિશાની બતાવું છું તેથી તને તેનો કાંઈક ખ્યાલ આવશે
અને તેથી તું એ સ્વરૂપ સમજી લેજે. એ અનુભવનું તીર અમોઘ
છે, મૂક્યા પછી કામ સાધીને જ પાછું આવે છે, રામબાણ છે. રામ-
બાણ જેવું બાણ જે પશુને કે મનુષ્યને લાગે છે તે સ્થિર જ થઈ જાય
છે, હાલી ચાલી શકતું નથી. આ અનુભવનું બાણ જેને લાગ્યું હોય
છે તે તેમાં નિશ્ચળ રહે છે, સ્થિર રહે છે, સ્થાયી રહે છે. કામદેવનું
બાણ વાગે ત્યારે રતિપ્રેમી માણસ જેમ તેમાં લીન–સ્તબ્ધ થઈ જાય
છે તેમ અનુભવનું તીર વાગ્યા પછી એકદમ આ જીવ સ્થિર થઈ
જાય છે, પરિણામની ચંચળતા હોય તે મટી જાય છે. મનની અસ્ત-
વ્યસ્ત સ્થિતિ હોય છે તે દૂર થઈ જાય છે અને વૃથા દોડાદોડી બંધ થાય છે.

> દોડત દોડત દોડત દોડીઓ, જેતી મનનીરે દોડ–જિનેશ્વર,
> પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી, ગુરૂગમ લેજો રે જોડ જિનેશ્વર.

આ મહાત્માએ શ્રી ધર્મનાથના સ્તવનમાં ઉપર લખેલી ગાથામાં
કહ્યું છે તે ભાવ અત્ર આવે છે. દોડાદોડી મટી જઈ નજીકની પ્રીતિ
ઉત્પન્ન થાય છે અને સ્થિરતા જે ચારિત્રનો ગુણ છે તે પ્રગટ થાય
છે. તેટલા માટે હે શુદ્ધ ચેતના! આ તારી સાથે જે પ્રીતિ જાગ્રત
થઈ છે તે જો કે કોઈને બતાવી કે સમજાવી શકાય તેવી નથી, માત્ર
સ્થિરતાગુણથી સમજાય તેવી છે, તોપણ તેની એક નિશાની અચૂક
છે કે એક વખત તે જાગ્રત થયા પછી નિરંતર બની રહે છે.

> नादविलुद्धो प्राणकुं, गिने न तृण मृग लोय;
> आनंदघन प्रभु प्रेमकी, अकथ कहानी कोय. सुहा० ४

૪ નાદ=રાગ વિલુદ્ધો=વિલુબ્ધ, આસક્ત લોય=લોકમાં અકથ્ય=ન કહી શકાય
તેવી કોય=અપૂર્વ.

"લોકમાં પણ રાગમાં આસક્ત મૃગલો-હરિણ પોતાના પ્રાણની તરખલા જેટલી પણ કિંમત ગણતો નથી. આનંદના સમૂહ પ્રભુના પ્રેમની કથા અપૂર્વ અને ન કહી શકાય તેવી છે."

ભાવ-આ અનુભવના પ્રેમમાં જે પ્રાણી પડી જાય તેની સ્થિતિ કેવી હોય છે તે સબંધી સવાલ થતાં આનંદઘનજી મહારાજ કહે છે કે પ્રેમી જીવની વાત અપૂર્વ અને અકથ્ય છે, એ તો એક જુદી જ વાત છે, એ કહી શકાય તેવી વાત નથી. હરણ રાગ સાંભળવાની ઇચ્છાવાળો હોય છે તેવે પ્રસંગે તે પોતાના પ્રાણની પણ દરકાર કરતો નથી, તેને મારવા માટે ધનુષ્ય સજ્જ કરીને પારાધી બેઠો હોય તેને તે દેખે છતાં, પણ જ્યારે વીણા મૃદગ વાગવા માંડે છે ત્યારે રાગના આકર્ષણથી મૃગ ત્યાં ખેંચાઇ આવે છે, તે રાગ સાંભળવાની ઇચ્છા પાસે પ્રાણની દરકાર કરતો નથી, મોરલીના સ્વરથી જેમ સર્પ ખેંચાઇ આવે છે તેવી રીતે જેને અનુભવપ્રીતિ લાગી હોય તે કોઇની દરકાર કર્યા વગર, પોતાના પ્રાણની પણ દરકાર કર્યા વગર અનુભવના પ્રેમમાં ઉતરી જાય છે, તેને જ ચાહે છે અને તેના પ્રસંગ તરફ જ ખેંચાઇ જાય છે. આનંદઘનજી મહારાજ તેટલા માટે લખે છે કે -અનુભવપ્રેમની વાત શબ્દોમાં લખી શકાય તેવી નથી, મુખેથી બોલી શકાય તેવી નથી, તે તો કોઇ અપૂર્વ છે. આત્મસ્વરૂપના રંગી ચક્રવર્તી જેવી મોટી ઋદ્ધિ હોય તેને તૃણની પેઠે તજી દઇ પર્વત ગુફામાં એકાંતે આત્માને અનંત કાળે લેતા, તન્મયપણે રમતાં અને તલ્લીન થતાં દેશે ઉણી પૂર્વકોટિ જેટલો કાળ પસાર કરી નાખે એવી તેમની અપૂર્વ કહાણી છે.

નાદ શબ્દનો યૌગિક અર્થ અનાહત નાદ થાય છે યોગમાં ધીમે ધીમે વધારો કર્યા પછી જ્યારે સ્થિરતા થાય છે ત્યારે અતિ મધુર નાદ અન્તરાત્મામાંથી ઉઠે છે. જેના સ્વરની મીઠાશ વીણા, વેણુ, વાયોલીન કે પીયાનોના સ્વર કરતાં અનેક ગણી વધારે હોય છે. એના પર આસક્ત જીવ પોતાના શરીરની દરકાર કરતો નથી. નાદનો આ યૌગિક અર્થ સમજવો. આ પદમાં એક બીજુ વ્યંગ્ય છે તે પણ સમજવા જેવું છે. અનુભવની પ્રીતિ આત્મા પામી [illegible] [illegible] [illegible] રહે તે જનસાર કરતાં પણ વધારે અગમ્ય છે જે પ્રીતિ સાચી હોય તો પછી પ્રાણની પણ દરકાર રાખવી ઉચિત

નથી. એવું તો જનાવર પણ શીખવે છે, વ્યવહારમાં પણ આપણે અનેક રજપુતોને પ્રેમ ખાતર પ્રાણ આપતા જોઈએ છીએ, તો પછી સાચી પ્રીતિ હોય તો શ્વાનની જેમ જ્યાં ત્યાં રહેવું, ધાવવું ઉચિત નથી, પ્રીતિ યોગ્ય પદાર્થને મેળવવો અને તેના ઉપર પ્રાણ પાથરવા. આ હકીકતમાં બહુ ઊંડું રહસ્ય છે તે વિચારવા યોગ્ય છે.

યોગના પ્રેમમાં લાગેલા પ્રાણીઓ જગતથી તદ્દન બેદરકાર હોય છે એમ આ પદપરથી જણાય છે. દુનિયા તેમને માટે શું બોલે છે તે જાણવા તથા સાંભળવાની તેને ઇચ્છા પણ રહેતી નથી. પ્રેમથી તેઓ યોગમાર્ગને પકડે છે અને તેની ખાતર જ તેઓ તેને નભાવે છે. આનંદઘનજી મહારાજ પણ આવા બેદરકાર હતા, એ તેઓના ચરિત્રના સંબંધમાં મળતી હકીકતપરથી જણાય છે. પોતાના નાના કે મોટા કાર્યની દુનિયા શું તુલના કરશે એવો વિચાર કોઈ પણ કાર્ય કરતી વખતે જ્યાંસુધી રહે છે ત્યાંસુધી તે કાર્યમાં ખરી મધુરતા આવતી નથી, એ બાબતનો ખ્યાલ નિરાશી ભાવથી એકાદ કામ કરવા પછી જ આવે છે.

---

*પદ પાંચમું. રાગ—આશાવરી.

अवधु नट नागरकी बाजी, जाणै न बांभण काजी. अ०
थिरता एक समयमें ठानें, उपजें विणसें तबही;
उलट पलट ध्रुव सत्ता राखें, या हम सुनी न कबही. अ० १

* આ પદનો ભાવ સમજવો જરા મુશ્કેલ પડશે. કદાચ પ્રથમ વખત સમજાય નહિ તો આ પદ મૂકી દઈ આગળ ચલાવવું અને પછી ફરીને યોગ્ય વખતે આ પદ સમજવું. આ પદનું વિવેચન ન સમજાય તો નાસીપાસ ન થતાં આગળ ચલાવવું.

૧ અવધુ[illegible] [illegible] [illegible] ... [illegible]

"હે આત્મા! આ શહેરી નાટકીઆની રચેલી બાજી તે બ્રાહ્મણ કે કાજી (જેવા બુદ્ધિમાન્ પુરૂષો) જાણી શકતા નથી. (તે બાજી કેવી છે તે બતાવે છે.) એક સમયમાં જે સ્થાનકે (મોક્ષમાં) સ્થિરતા પામી જાય ત્યાં પણ ઉપજવા વિનાશ પામવારૂપ ધર્મ રહે છે, વળી તે ઉપજે છે, વિનાશ પામે છે અને છતાં ધ્રુવ (સ્થિર) સત્તા રાખે છે. આવી રમત અમે તો કોઈ જગોએ સાંભળી નથી."

ભાવ-ચોથા પદમાં છેવટે કહ્યું કે અનુભવની વાર્તા અકથ્ય અને અપૂર્વ છે તે અત્ર બહુ વિદ્વત્તાપૂર્વક બતાવે છે. આગમના ઊંડા અભ્યાસથી આ પદની રચના થઈ છે તેમાં જે અપૂર્વ રહસ્ય બતાવ્યું છે તે મનન કરીને સમજવા યોગ્ય છે.

અવધુ=અધ્રુ, અધ્રુવ. ધ્રુ એટલે ધ્રુજવું, ચાલવું, હાલે ચાલે નહિ તે સ્થિરતા ગુણવાળો આત્મા અથવા અવધૂત સંસારમાયાને કપાવીને નિર્મળ થયેલો આત્મા; તેને ઉદ્દેશીને કહે છે કે હે આત્મન્! ત જે બાજી માડી છે તે બહુ સાનદાશ્ચર્ય ઉપજાવે તેવી છે. તું ખરેખરો કળાબાજ નાગરિક નટ છે. શહેરના લોકો હમેશાં ગામડાના લોકો કરતાં વિશેષ કળાબાજ હોય છે. ગામડીઆ લોકો ભોળા, સાદા, નિખાલસ હોય છે, તેઓ બાજી માંડે તો તુરત કળાઇ જાય છે, પણ શહેરી માણસની બાજી એકદમ કળી શકાતી નથી. કળાબાજ મદારી જ્યારે એકના દશ કરે છે કે ચકલીઓ ઉડાવે છે ત્યારે તેની યુક્તિ સમજવી બહુ મુશ્કેલ પડે છે; તેવી રીતે હે ચેતન! તારી બાજી બહુ અજાયબ જેવી છે, તે બ્રાહ્મણ, કાજી જેવા બુદ્ધિમાન્ માણસો પણ સમજી શકતા નથી, કારણ તેઓમા એટલા ઊંડા ઉતરવાની શક્તિ હોતી નથી. બ્રાહ્મણ એટલે અભેદવાદી વેદાન્તીઓ તથા ઉપચારથી વૈશેષિક, નૈયાયિક, જૈમિની અને સાખ્ય સમજી લેવા અને કાજી શબ્દથી સર્વ પ્રકારના મુસલમાન અને ઉપચારથી પારસી, ક્રીશ્ચીયન અને જ્યુ વિગેરે સમજી લેવા. બ્રાહ્મણ અને કાજી તે બાજી જોવા બેઠેલાને ઉદ્દેશીને સમજવુ. નટ અને શહેરીની કોઈ એવી કળા હોવી જોઇએ કે તેથી બ્રાહ્મણ અને કાજી ઠગાયા હોય. આ સંબંધમાં કોઈ લોકપ્રચલિત વાર્તા હોવી જોઇએ જેની માહિતી નથી.

આટલી સામાન્ય પ્રસ્તાવના કર્યા પછી નટનાગરની બાજી કેવા પ્રકારની છે તે બતાવે છે. અત્ર શરીર છોડીને આત્મા નીકળે છે તે

એક જ સમયમાં મોક્ષમાં પહોંચી જાય છે, એટલે જે સમયે અહીંથી દેહનો ત્યાગ કરે છે તેજ સમયે સિદ્ધદશામાં ઉત્પન્ન થાય છે અને જો અન્ય ભવ કરવાનો હોય તો જે સમયે અહીં કાળ કરે છે તેને બીજે સમયે ઋજુ ગતિથી અન્ય ગતિમાં ઉપજી આહાર લે છે, અને જો વક્ર ગતિ કરે છે તો ત્રીજે, ચોથે, પાંચમે સમયે તેમ કરે છે, પરંતુ સિદ્ધાત્મા તો તેજ સમયમાં સ્વસ્થાનકે પહોંચી જાય છે. મોક્ષસ્થાનકને અજર અમર કહેવામાં આવે છે એટલે ત્યાં જન્મ જરા મૃત્યુ નથી છતાં આનંદઘનજી મહારાજ કહે છે કે એક જ સમયમાં મોક્ષમાં સ્થિરતા પામી જાય છતાં પણ ઉપજવું અને વિનાશ પામવું એ તો તેને રહ્યા જ કરે છે. સર્વ દ્રવ્યમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવપણું છે અને તેજ અમુક વસ્તુનું દ્રવ્યત્વ સિદ્ધ કરી આપે છે.

હવે આ ઉત્પાદ, વ્યય અને ધ્રુવપણાથી દ્રવ્યત્વ કેવી રીતે સિદ્ધ થાય છે તે બતાવવા સારૂ વિવેચન કરીએ. દરેક દ્રવ્યમાં છ સામાન્ય ગુણ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, સત્વ અને અગુરૂલઘુત્વ. સર્વ દ્રવ્ય પોતાના ગુણ પર્યાયથી હયાતિ ભોગવે છે તે અસ્તિત્વ, જેમાં ગુણ અને પર્યાયો રહે તે વસ્તુ-દ્રવ્ય, તે સર્વ દ્રવ્યો એકેક એક ક્ષેત્રમાં રહ્યાં છે તે વસ્તુત્વ, પ્રત્યેક દ્રવ્ય પોતપોતાના ગુણથી યુક્ત છે તે દ્રવ્યત્વ, પ્રત્યેક દ્રવ્ય અમુક પ્રમાણથી જાણી શકાય છે તે પ્રમેયત્વ, પ્રત્યેક દ્રવ્ય એક સમયમાં ઉપજે છે, વિણસે છે અને સ્થિર પણ છે તે સત્વ અને દરેક દ્રવ્ય ષટ્ગુણ હાનિ વૃદ્ધિ પામે છે તે પોતપોતાની અપેક્ષાએ ગુરૂ લઘુ નથી માટે અથવા તેવી જાતના અપૂર્વ ધર્મો તેમાં છે તે અગુરૂલઘુત્વ. દરેક દ્રવ્યના આ સામાન્ય ગુણો. પૈકી સત્વગુણ ઉપર અત્ર વિશેષ વિવેચન કરવું પ્રસ્તુત છે. તત્વાર્થમાં કહ્યું છે [illegible] એટલે ઉત્પત્તિ, વિનાશ અને સ્થિરતા. એ ત્રણ ગુણ કરી યુક્તપણું તેજ અમુક વસ્તુનું અસ્તિત્વ સિદ્ધ કરે છે. જેમ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ન હોય તે સત્ કહી શકાય નહિ. મૃત્તિકારૂપ દ્રવ્ય હોય તેનો ઘટ બનાવીએ ત્યારે તે ઘટની ઉત્પત્તિ થઈ કહેવાય છે, તેના ટુકડે ટુકડા થઈ કરે અથવા ઘડો ફૂટી જાય તે વ્યય છે પણ મૃત્તિકા નહીં અથવા પુદ્ગલ નહીં તે નિરંતર રહે છે એ ધ્રુવત્વ છે. ધર્માસ્તિકાય અરૂપી

સ્તિકાય દ્રવ્યમાં સ્વભાવે અગુરૂલઘુ પર્યાયની અને પરભાવે ગમન અને સ્થિતિ કરનારને અનુક્રમે સાહાય્ય દેવાની અપેક્ષાએ ઉત્પાદ, વ્યય અને ધ્રુવત્વ સિદ્ધ થઈ શકે છે. એવી રીતે આકાશ દ્રવ્ય પણ એક સમયે ત્રણે પરિણામે પરિણમે છે અને કાળ દ્રવ્ય તો વ્યવહારે ઉપચરિત દ્રવ્ય હોવાથી પુદ્ગલના ઉત્પાદાદિને આધારે તેના ઉત્પાદાદિ લેવા યોગ્ય છે. જીવ દ્રવ્યમાં કર્માવૃત સ્થિતિમાં તો અનેક પ્રકારની ગતિ આદિથી ઉત્પાદ વ્યય થયા કરે છે અને જીવત્વ-આત્મત્વ સ્થિર છે તે સમજાય તેવું છે. સિદ્ધદશામાં પણ ઉત્પાદાદિ થયા કરે છે તે હવે વિચારીએ. વસ્તુગતે મૂળપણે જ્ઞેયને પલટવે જ્ઞાનનું પણ તે ભાસનપણે પરિણમન થાય તે પૂર્વ પર્યાયના ભાસનનો વ્યય અને અભિનવ જ્ઞેય પર્યાયના ભાસનનો ઉત્પાદ તથા જ્ઞાનપણાનું ધ્રુવત્વ; એવી રીતે સર્વ ગુણના ધર્મની પ્રવૃત્તિરૂપ પર્યાયનો ઉત્પાદ વ્યય શ્રીસિદ્ધ ભગવતમાં પણ થઈ રહ્યો છે. એ હકીકતને હજુ વધારે સાદા આકારમાં રજુ કરીએ તો સ્પષ્ટ સમજાશે. સિદ્ધદશામાં એક સમયે વિશેષની મુખ્યતાવાળો ઉપયોગ અને બીજે સમયે સામાન્યની મુખ્યતાવાળો ઉપયોગ થાય છે. જ્યારે સામાન્યની મુખ્યતાવાળો ઉપયોગ હોય ત્યારે વિશેષવાળા ઉપયોગનો વ્યય થાય છે અને સામાન્યવાળા ઉપયોગનો ઉત્પાદ થાય છે, છતા ઉપયોગગુણ તો સ્થિર જ છે. સામાન્ય વિશેષવાળાની અપેક્ષાએ ઉત્પાદ વ્યય થયા કરે છે, તેથી સિદ્ધ મહાત્મા સ્થિર છે છતા પણ ઉપયોગની અપેક્ષાએ ઉપજે છે અને વિણસે છે. જે પર્યાયનુ ભાસન થયું તેરૂપ ઉત્પાદ અને તે પર્યાય પલટવાથી અન્ય પર્યાયનુ ભાસન થવુ ને પ્રથમ ભાસિત પર્યાયનો વ્યય-એ પ્રત્યેક સમયે સિદ્ધદશામા પણ થયા કરે છે.

આવી રીતે એક સમયમાં જીવ ઉપજવાને સ્થાને સ્થિર થઈ જાય છે છતા ત્યાં પણ તેના ઉત્પાદ અને વ્યય થયા કરે છે, સામાન્ય અને વિશેષ ઉપયોગરૂપે અવાંતર ઉત્પાદ અને વ્યય અનુક્રમે થયા કરે છે. આથી જેઓ આત્માને એકાન્ત નિત્ય માને છે તેઓના મનની સમીક્ષા થઈ ગઈ અને અત્ર સ્પષ્ટ રીતે બતાવ્યું કે સિદ્ધ-દશામાં ઉપજવા વિણસવાપણું નથી; ત્યાં પણ તેનો ઉત્પાદ અને વ્યય તો થયા કરે છે અને છતાં સિદ્ધત્વમાં સ્થિરતા છે અને તદ્રૂપ

ચારિત્ર તે દશામાં પણ બરાબર ઘટતી રીતે લભ્ય થઈ શકે છે. બૌદ્ધ આત્માને ક્ષણિક માને છે અને વેદાંત તેને એકાંત નિત્ય માને છે તે બંને વાત અસમીચીન છે તે અત્ર બતાવ્યું.

આવી નટનાગરની બાજી છે તે બ્રાહ્મણ કે કાજી કોઈ પણ જાણી શકતા નથી, પારખી શકતા નથી, સમજી શકતા નથી, અર્થાત્ વેદ પુરાણ કે કુરાનમાં આત્માનું એવું કથંચિત્ નિત્યાનિત્ય સ્વરૂપ જોવામાં આવતું નથી. એ સ્વરૂપમાં એવી ખૂબિ છે કે આત્મા એક સમયમાં સ્વસ્થાનકે ઉપજે, છતાં તેના ઉત્પાદ અને વ્યય થયા કરે અને તોપણ તે સ્થિર જ કહેવાય છે અને આવી રીતે તેમાં ઉલટ-પુલટ ભાવ થાય છે છતાં પણ તેનું આત્મત્વ તો સ્થિર છે, તેની ધ્રુવ સત્તા છે એ સંબંધી હકીકત અમે અન્યત્ર કોઈ જગોએ કદિ સાંભળી નથી. આવી રીતે એક જ વસ્તુ ઉપજે, વિણસે અને ધ્રુવ રહે એવું તેનું સ્વરૂપ અન્ય કોઈ વિશિષ્ટ સૂત્રકાર કે શાસ્ત્રકારે બતાવ્યું નથી અને દેખીતી રીતે તે ઉલટું સુલટું લાગે તેવું છે, નટની રમત જેવું છે અને તેને સમજનાર સમજાવનાર તો કોઈ મહા વિચક્ષણ હોય તે જ તે કળી શકે તેમ છે.

ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ ત્રણ મહા ચમત્કારી શબ્દો છે. તીર્થંકર મહારાજા ગણધરને ત્રિપદી આપે છે તેમાં કહે છે કે उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा; એ ત્રણ પદ ઉપરથી જ ગણધરો આખી દ્વાદશાંગીની રચના કરે છે. પ્રથમ તેઓ સર્વ વસ્તુની ઉત્પત્તિ દેખે છે, પછી તેને નાશ થતો દેખે છે અને તેની સાથે તેનું ધ્રુવત્વ દેખે છે. આ ત્રણ પદાર્થસ્વરૂપમાં આખું જૈનશાસ્ત્રનું રહસ્ય સમાયલું છે. [illegible] વિવેચન કરવા ધારીએ તો [illegible] થઈ શકે તેમ છે [illegible] શાસ્ત્રકારોએ અનેક જગોએ [illegible] લભ્ય [illegible] જૈન તત્ત્વજ્ઞાન [illegible] એ તત્ત્વમય જ [illegible] એમ કહી અને [illegible] અવક્તવ્ય. નિર્વાણ [illegible] વીએ છીએ [illegible] જૈન દર્શનને [illegible] વ્યયવડે [illegible] એક ચમત્કાર

ઉપજાવે તેવું સ્વરૂપ બતાવી તેની જૈનશાસ્ત્રાનુસાર વાનકી અત્ર બતાવી છે, સાથે ભલામણ કરવાની જરૂર છે કે એ સંબંધી વિશેષ જ્ઞાન સદ્‌ગુરૂ પાસેથી સમજી ખાસ વિચારવા યોગ્ય છે.

અહીં શરૂઆતમાં આત્માને અવધુ કહ્યો છે તેનો અર્થ અધ્રુ 'न ध्रूयतीति अध्रुः' જે ધ્રુજી ન જાય, સ્વગુણ પર્યાયમાં રમણ કરે તેવો શુદ્ધ, નિષ્પ્રકંપ આત્મા અવિનાશી, અજ, અજરામર, અક્ષય, અલઘુ-ગુરૂ પરિણામી સમજવો. અવધૂત એ શબ્દ ધૂ ધાતુ ને અવ ઉપસર્ગ લાગવાથી થયેલો છે અને તેનો અર્થ અવધૂત સંન્યાસી થાય છે એ શબ્દનો અપભ્રંશ હોય એમ માનવું વધારે ઠીક લાગે છે. એ શબ્દમાં આત્માનો સ્થિરતાગુણ પ્રાધાન્યપણે છે.

વળી આ નટનાગરની બાજી કેવી યુક્તિવાળી અને આશ્ચર્ય ઉપજાવનારી છે તે વિશેષ બતાવે છે.

एक अनेक अनेक एक फुनी, कुंडल कनक सुभावे;
जल तरंग घटमाटी रविकर, अगनित ताही समावे अवधु० २

"સુવર્ણના સ્વભાવે એક અને તે જ દ્રવ્ય કુંડળ વિગેરે સ્વભાવે અનેક થાય છે અને વળી અનેક એક થાય છે. જળના તરંગો, માટીના ઘટો અને સૂર્યના કિરણો અગણિત હોય તોપણ તે તેમાં પાછા સમાઈ જાય છે તે પ્રમાણે."

ભાવ-નાગરિક નટની કેવી બાજી છે તેનુ વિશેષ સ્વરૂપ બતાવતા કહે છે કે એકના અનેક થઈ જાય છે અને વળી તે અનેક એક જ હોય છે. જેમ સુવર્ણનાં કુંડળ, બાજુબંધ, ચંદનહાર, કડાં, બંગડી, રાવણમાળા વિગેરે અનેક રૂપ થાય છે તે દૃષ્ટાંતે સમજવું. ગુણ પર્યાયના ભાજનને દ્રવ્ય કહેવામાં આવે છે. અત્ર જીવ દ્રવ્ય સંબંધી વિવક્ષા કરતાં જણાવે છે કે જેમ તેના અનેક પર્યાયો પલટાતા જાય છે તેમ તેમાં અનેક રૂપ થાય છે, જીવ એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરેંદ્રિય થાય છે, નારક થાય છે, હાથી, ઘોડા, માછલાં

૨ [illegible] 'તાહીં'ને બદલે 'નાહીં' પાઠાંતર છે.

પદનો અર્થ કર્યો એટલે નૈગમનયવાળો પુસ્તક તૈયાર થઈ ગયું એમ સમજી લે છે. જીવના આઠ રૂચક પ્રદેશ નિરંતર સિદ્ધ સમાન ઉજ્જવળ રહે છે તે અંશને લઈને જીવ સિદ્ધ છે એમ તે માની બેસે છે. આ નય દ્રવ્યાર્થિક છે, એનો એક સરખો અભિપ્રાય હોતો નથી, એક ગમ-અભિપ્રાય નહિ જેમાં તે નૈગમ. એ કોઈ વખત દ્રવ્યારોપ કરે છે, કોઈ વખત ગુણારોપ કરે છે, કોઈ વખત કાળારોપ કરે છે અને કોઈ વખત કારણારોપ કરે છે. ગુણને દ્રવ્ય માને તે દ્રવ્યારોપ અને દ્રવ્યને ગુણ માને તે ગુણારોપ સમજવો. એ પ્રમાણે અન્યનું પણ સમજવું. આ પ્રમાણે અંશથી અને સંકલ્પથી પણ એક અભિપ્રાયને વળગવાપણું થાય તે સર્વ નૈગમનયાનુસાર સમજવું.

દ્રવ્યાર્થિક નયના વિભાગમાં બીજો 'સંગ્રહનય' આવે છે. સર્વ દ્રવ્યવ્યાપક જે ધર્મ સત્તાપણે હોય તેને નજરમાં લઈ જીવ વિગેરે દ્રવ્યના સંબંધમાં વાત કરવી તે સંગ્રહનય સમજવો. જીવદ્રવ્યની વાત થાય તો તેના અનેક ગુણ તથા પર્યાયો સાથે લઈ લેવા, બનતા સુધી જાતિ ઉપર વિશેષ ધ્યાન આપવું, વ્યક્તિ તરફ ઉપેક્ષા રાખવી એ આ નયનું લક્ષણ છે. નોકરને દાતણ લાવવાનું કહેતાં તે દાતણ, લોટો, જળ, પ્યાલો વિગેરે સર્વ લઈ આવે, એમ સામાન્યથી વિશેષ સંગ્રહ કરે તે સંગ્રહનય સમજવો. વિશ્વની સર્વ વસ્તુઓનો સંગ્રહ આ નયમાં થાય છે, કારણકે એના વિભાગનું વિવેચન નથી, જુદી વસ્તુઓ તરફ લક્ષ્ય નથી, વિભિન્ન બુદ્ધિની પ્રાધાન્યતા નથી.

ઉપર જણાવ્યું તેમ નૈગમનય એક અંશ લે છે અને સંગ્રહ સામાન્ય સંગ્રહ કરે છે ત્યારે ત્રીજો 'વ્યવહારનય' સર્વની વહેંચણ કરે છે, વિભાગ જુએ છે અને તે સર્વ બાહ્ય સ્વરૂપ દેખીને જ કરે છે. આ પણ દ્રવ્યાર્થિક નય છે. એ નયવાળો અન્તરંગ સત્તા માનતો નથી, બહારની ઉપર ઉપરની આચારક્રિયાને પ્રાધાન્ય આપે છે. એને લઈને એ શુદ્ધ અશુદ્ધ, શુભ અશુભ, ઉપચરિત અનુપચરિત, એવા પ્રકારની અનેક વહેંચણ કરે છે, પણ તે ઉપરાંત તે ઊંડો ઉતરતો નથી. ઉપયને સમજવાના સારૂ વિભાગ કરવામાં આવે તે શુદ્ધ વ્યવહાર, જેમાં રાગદ્વેષ કષાય લાગેલ છે તદનુસાર વહેંચણી થાય તે અશુદ્ધ વ્યવહાર; પુણ્યક્રિયા તે શુભ વ્યવહાર અને પાપક્રિયા તે અશુભ

થઈ શકતી હોય ત્યાં જ તે શબ્દની ઘટના સ્વીકારે તે શબ્દનય સમજવો. જેમ ઇન્દ્ર, શક્ર, પુરન્દર શબ્દો જૂદા જૂદા અર્થને કહેનાર છે. ઉપર સપ્તભંગીનું સ્વરૂપ બતાવ્યું તે શબ્દનયના વિશેષ તુલ્ય સમજવું.

છઠ્ઠો 'સમભિરૂઢનય' છે. શબ્દનયવાળો દરેક પર્યાયને જૂદું નામ આપે છે ત્યારે આ નયવાળો એક શબ્દ જાણી તેના અનેક પર્યાયોમાં એકતા અનુભવે છે. ઇન્દ્ર શબ્દ સાંભળી શક્ર, પુરંદર, શચીપતિ એ સર્વની એકતા તેને જણાય છે. દરેક ભિન્ન પર્યાયને અંગે જૂદાં જૂદાં નામ આપે તે શબ્દ અને એક સંજ્ઞામાં સર્વ કાળનો સમાવેશ કરી દે તે સમભિરૂઢ. ટુંકામાં કહીએ તો પર્યાયાંતરની અપેક્ષા ન રાખે તે સમભિરૂઢ. જેમ મેરૂ હતો છે થશે તેમ તે જૂદા છે.

છેલ્લો 'એવંભૂતનય' આ પ્રમાણે છે. શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય એ ત્રણે પર્યાયાર્થિક નયો છે. શબ્દનય એક પર્યાયને ગ્રહણ કરે છે પણ એના પર્યાયમાંથી એક પણ ઓછો હોય ત્યાંસુધી એવંભૂતનય વસ્તુને એ નામ આપે નહિ. સ્ત્રીના મસ્તક પર ચડેલ હોય, તેમાં જળ ભરેલું હોય તેને જ એ ઘટ માને છે. ઘટ ક્રિયા ન કરનાર ઘરમાં પડી રહેલ પાત્રને આ નયવાળો ઘટ માને નહિ. આ નયવાળો શબ્દમાં અર્થની અને અર્થમાં શબ્દની સ્થાપના કરે છે.

આ પ્રમાણે નયનું સ્વરૂપ સમજવું. એનો બહુ વિસ્તાર વિશેષાવશ્યક, નયચક્ર, સ્યાદ્વાદ રત્નાકર વિગેરે ગ્રંથોમાં છે. દરેક નયના ભેદ વિભેદ પાડી તેનું સૂક્ષ્મ સ્વરૂપ નિરૂપણ કરવામાં આવ્યું છે. એના ઉપર જેટલું વિવેચન કરવામાં આવે તેટલું થઈ શકે તેમ છે. અત્ર તો આ નટનાગરની બાજી કેવી અદ્ભુત છે તે બતાવવા માટે તેનું સૂક્ષ્મ સ્વરૂપ માત્ર જીવની અપેક્ષાએ કહીએ. નૈગમનયવાળો જીવને સિદ્ધ સમાન કહે અને વળી તેને શરીરયુક્ત પણ માને ત્યારે તેના ધર્માસ્તિકાય પુદ્ગલ વિગેરેનો પણ સમાવેશ કરી દે. એવી રીતે વ્યવહારનયવાળો બાહ્ય સ્વરૂપાનુસાર તેને વિષયકષાય યુક્ત માને અને ઋજુસૂત્ર તેનું વર્તમાન વર્તન જ ધ્યાનમાં લે. શબ્દનયવાળો તેનું વ્યુત્પત્તિ સ્વરૂપ જુએ, ત્યારે સમભિરૂઢ તેના આત્મા, ચેતન, જીવ વિગેરે શબ્દમાં કાલાદિ ભેદે એકતા ન જુએ, ત્યારે

એવંભૂતનયવાળો તો તેનામાં જ્યારે સર્વ ગુણો પ્રગટ થાય ત્યારે જ તેનામાં તે ગુણો માને. આવી નટનાગરની વિચિત્ર બાજી છે. એકને એક જીવને જૂદા જૂદા પ્રાણીઓ જૂદી જૂદી અપેક્ષાથી જૂદા જૂદા આકારમાં જુએ છે એથી એ બહુરૂપીનો વેશ ભજવી બતાવે છે એમ થયું.

જૈન શાસ્ત્રકાર પ્રમાણ બે બતાવે છે. પ્રત્યક્ષ અને પરોક્ષ. જીવ પોતાના સ્વતંત્ર ઉપયોગથી દ્રવ્યને જાણે તેને પ્રત્યક્ષ પ્રમાણ કહેવાય છે. અક્ષં પ્રતિગતં પ્રત્યક્ષં. અક્ષ એટલે આત્મા. જેમાં વચ્ચે અંતર ન હોય—અન્ય (ઇંદ્રિયો કે મન) દ્વારા જ્ઞાન થતું ન હોય તે પ્રત્યક્ષ. કેવળી ભગવાન્ જેમાં સર્વ પદાર્થો સ્વજ્ઞાનથી દેખે તે પ્રત્યક્ષ. મનઃપર્યવજ્ઞાની સ્વજ્ઞાનથી મનના વિચારો દેખે તે પ્રત્યક્ષ. અવધિજ્ઞાની સ્વજ્ઞાનથી પુદ્ગળ દ્રવ્ય દેખે તે પ્રત્યક્ષ. આંખ વિગેરે ઇંદ્રિય દ્વારા દેખાય તે પરોક્ષ જ્ઞાન કહેવાય છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો સમાવેશ પરોક્ષ જ્ઞાનમાં થાય છે. આ પરોક્ષ પ્રમાણના ત્રણ વિભેદ છે. ધુમાડાને દેખીને અગ્નિનું જ્ઞાન થાય તે અનુમાન પરોક્ષ, દૃષ્ટાંત આપી સાદૃશ્ય બનાવી જ્ઞાન કરાવાય તે ઉપમાન પરોક્ષ અને શાસ્ત્રાધારે નરક નિગોદનું સ્વરૂપ સમજાય તે આગમ પરોક્ષ. અન્યત્ર પરોક્ષ પ્રમાણના પાંચ ભેદ પણ કહ્યા છે. સ્મરણ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન ને આગમ. આ પ્રમાણજ્ઞાનમાં રહસ્ય એ છે કે અન્ય દર્શનકારો આંખે દેખાય તેને પ્રત્યક્ષ કહે છે, તેને જૈન શાસ્ત્રકાર પરોક્ષજ્ઞાન કહે છે. પ્રત્યક્ષ તો તેજ કહેવાય કે જેમાં અન્યની મદદની જરૂર પડતી નથી, પણ જે આત્માને પ્રત્યક્ષ દેખાય છે. અન્ય મતવાળા ઇશ્વરને પ્રત્યક્ષ જ્ઞાનચક્ષુ નથી છતાં માને છે તે સાક્ષાત્ આત્માને અંગે થાય છે તેથી જ પ્રત્યક્ષ કહેવાય છે.

આવી નટનાગરની અદ્ભુત બાજી છે. એને એક દૃષ્ટિથી જોઇએ તો સ્યાત્અસ્તિ લાગે છે, બીજી દૃષ્ટિથી જોઇએ તો તે સ્યાત્નાસ્તિ લાગે છે, વળી અવક્તવ્ય લાગે છે એમ અનેક રૂપે તે દેખાય છે, વળી સાતે નયો તેને જૂદા જૂદા આકારમાં બતાવે છે. આવું તેનું સ્વરૂપ તો કોઈ નિષ્પક્ષ થઇને જુએ તો જ દેખી શકે છે, જાણી શકે છે, સમજાવી શકે છે, ને તેવા તો જગત્માં વિરલા જ હોય છે;

એક વખત વિચારણામાં આવી જશે એટલે પછી તે સંબંધી વિ
ચર્વણ થતું જશે અને છેવટે ઉત્ક્રાન્તિમાં બહુ મોટો લાભ થશે. એ
ભાવને જાણવાનો પ્રયાસ થતાં બીજા સર્વ ભાવો સ્વાભાવિક રીતે
સમજાઇ જશે. એક જગોપર શાસ્ત્રકાર કહે છે કે—

> एको भावः सर्वभावस्वभावः, सर्वे भावाः एकभावस्वभावाः ।
> एको भावस्तत्त्वतो येन बुद्धः, सर्वे भावास्तत्त्वतस्तेन बुद्धाः ॥

આત્માનો એક જ્ઞાનભાવજ એટલો વિશાળ છે કે એનું યથાર્થ
જ્ઞાન થાય તો બીજા સર્વ ભાવો તેમાં પ્રતિબિંબિત થઈ જાય. એક
ભાવ સર્વ ભાવોના સ્વભાવરૂપ છે, અને સર્વ ભાવો એક ભાવના
સ્વભાવરૂપ છે, તેટલા માટે જે એક ભાવનો બરાબર અભ્યાસ કરે
છે તે સમસ્ત ભાવોને જાણે છે એમ સમજવું. આટલા માટે આત્મ-
જ્ઞાન અને ખાસ કરીને આત્માના જ્ઞાનગુણ જેવો એક ભાવ જો
બરાબર સમજવામાં આવે તો ઘણો લાભ થાય એ કહેવાની જરૂર
રહેતી નથી. આટલો સામાન્ય લેખ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા તરફ
પ્રેરણા કરે, તેને માટે તત્ત્વજિજ્ઞાસા ઉત્પન્ન કરે અને તે તરફ રૂચિ
પ્રગટાવે એ હેતુથી લખવામાં આવ્યો છે. વિષયની ગંભીરતા પ્રમાણે
તેનાપર એક આખો ગ્રંથ લખાય તોપણ તેમાં બહુ વક્તવ્યતા રહે
એ તો ઉપર ઉપરથી વાંચનાર પણ સમજી શકે તેમ છે.

પદ ૬ ઠું સાખી.

> *आतम अनुभव रसिक को, अजब सुन्यो विरतंत;
> निर्वेदी वेदन करे, वेदन करे अनंत.

"આત્મ સ્વરૂપના યથાર્થ જ્ઞાનના રસીઆ સંબંધી અમે આશ્ચર્ય
કારક [હેવાલ સાંભળ્યો] છે [illegible] [વેદ રહિત] કેવળી ભગવાન તેને વેદી-જાણી
શકે છે (અને વળી) તેઓ અનંતપણું જાણી શકે છે.

* [illegible] ... અનંતજ્ઞાનપણું ...

આ આનંદઘનજીના પદોમાં અવારનવાર જે સાખીઓ આવે છે તે બહુ [illegible] સૂક્ષ્મ અને ગંભીર આશયવાળી હોવા સાથે કવિત્વનો અપૂર્વ ભાસ કરાવનારી હોય છે. સર્વ મળીને ૭ સાખી પદોમાં આવે છે, [illegible] પદલાલિત્ય અને અર્થગૌરવ અતિ અસરકારક છે. તે પ્રત્યેક પ્રસંગે વિચારવાથી જણાશે. બહુધા દરેક સાખીમાં [illegible], વિરોધાભાસ અથવા [illegible] મૂકવામાં આવ્યા હોય છે.

અનુભવ એટલે યથાર્થ સ્વરૂપનો અવબોધ. એના સંબંધમાં આ પદમાં વિવેચન કરવામાં આવ્યું છે. જ્યાંસુધી અનુભવજ્ઞાન પ્રાપ્ત થતું નથી ત્યાંસુધી વસ્તુતત્ત્વે કોઈ પણ ધાર્મિક ક્રિયામાં કે કાર્યમાં રસ પડતો નથી. અનુભવજ્ઞાન યોગીનું કર્તવ્યક્ષેત્ર છે. વ્યવહારના નજીવા અને મોટા સર્વ પ્રસંગોમાં, વર્તનોમાં અને ચલનોમાં, તે એક અનેરા પ્રકારની સરખાઈ જુએ છે, અને એવો મહાન નિયમ જુએ છે કે એને દુઃખ કે શોકના પ્રસંગો અસર કરી શકતા નથી, એને અગવડની ઉપાધિ થતી નથી, એના મનની સ્થિતિસ્થાપકતા [illegible] છે. અનુભવના [illegible] અનાદિ [illegible] જુએ છે, એનું અન્તઃકરણ એટલું વિશાળ થઈ જાય છે કે એ પ્રત્યેક કાર્યમાં બહુ વિશાળ દૃષ્ટિથી જોઈ શકે છે. એને વિષયોનું વિરસપણું, કષાયોનું કલુષિતપણું, ઇંદ્રિયોનું પરવશપણું પ્રત્યક્ષ દેખાય છે અને ખાસ કરીને એને જીવના પુદ્ગલ સાથેના સંબંધ અને સંયોગ વિચિત્રતા એવી પ્રત્યક્ષ દેખાય છે કે ગમે તેવા [illegible] પ્રસંગમાં તે [illegible] થઈ જતો નથી. આવા અનુભવજ્ઞાનીઓ કોઈ ઉપર દ્વેષ કરતા નથી, પોતે અભિમાન, કપટ કે લોભ કરતા નથી. તેઓ સમજે છે કે અન્ય ઉપર દ્વેષ કરવાનું કારણ શું હોઈ શકે? આવી [illegible] પોતાના તથા અન્યના [illegible] અને પોતાના જુદા જુદા [illegible]. [illegible] જાણી જાય છે, એક [illegible] જાણી જાય છે, એક [illegible] જાય છે. [illegible]

જે વસ્તુવિચારણા કરતાં મનમાં સ્થિરતા થાય અને રસનું આસ્વાદન કરતાં સુખ ઉપજે તેનું નામ અનુભવ કહે છે. આવા અનુભવજ્ઞાનને પ્રાપ્ત કરવાની આવશ્યકતા અત્ર બતાવી તેની મહત્તા સમજાવી છે.

રાગ–રામગ્રી.

माहारो बालुडो संन्यासी,
देह देवल मठवासी. माहारो०
इडा पिंगला मारग तजी जोगी,
सुषमना घर वासी;
ब्रह्मरंध्र मधी आसन पूरी बाबु,
अनहद नाद* बजासी. माहारो० ॥ १ ॥

"મારો બાળભોળો આત્મા ત્યાગી થઈ ને દેહદેવળરૂપ મઠમાં રહે છે, ઈડા અને પિંગળા નાડીનો માર્ગ તજી દઈ સુષુમ્ણા નાડીના ઘરમાં વાસ કરે છે, (અને પછી) બ્રહ્મરંધ્રમાં આસનને પૂરીને (સ્થિરતાથી) અનાહત નાદ બજાવે છે વગાડે છે."

ભાવ—આ પદમાં પોતાની વાત બહુ વિનતાથી કહેલી છે તેથી તેપર કેટલુંક વિવેચન આપવા ને પ્રસંગને ધ્યાનમાં રાખવું. મારો બાળભોળો ચેતન સંન્યાસી ત્યાગી થઈ દેહદેવળરૂપ મઠમાં રહે છે. સંન્યાસી શબ્દ ખાસ વૈદિક ધર્મ માનનારા બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત એ ચાર આશ્રમ માને છે. ચોથા આશ્રમમાં ગૃહનો ત્યાગ કરી એકલું જીવન વહન કરવાની ફરમાશ છે. તે બ્રહ્મચર્ય આશ્રમમાં વિદ્યાભ્યાસ, ગૃહસ્થાશ્રમમાં ધનપ્રાપ્તિ અને પુત્ર

* [illegible]

१ [illegible]

પરિવારનું પોષણ, વાનપ્રસ્થમાં સપરિગ્રહત્યાગવૃત્તિ અને ચતુર્થ આશ્રમમાં નિઃસંગવૃત્તિનો અનુભવ કરવાનો ધર્મ બતાવ્યો છે. એ ચતુર્થ આશ્રમવાળાને સંન્યાસી કહેવામાં આવે છે. હાલમાં તો એ આશ્રમવાળાઓમાં અનેક પ્રકારની ખટપટ, ઇચ્છાઓ અને આશાઓ જોવામાં આવે છે, પરંતુ તેનો આદર્શ ત્યાગનો છે. તે આશ્રમમાં વર્તતા મનુષ્યો પોતાના ઘરનો ત્યાગ કરી મઠમાં રહે છે અને યોગમાર્ગની આરાધના કરે છે. અહીં આનંદઘન મહારાજ કહે છે કે મારો બાળોભોળો ચેતન ત્યાગનો રસ્તો કાંઇક જાણી સંન્યાસી થાય છે અને તે અવસ્થામાં જેમ સંન્યાસી શૃંગેરી શારદાપીઠ વિગેરે મઠમાં રહે છે તેમ મારો બાળોભોળો ચેતન દેહદેવળરૂપ મઠમાં રહે છે. દેહ એટલે શરીર એ આત્માને રહેવાનું સ્થાન છે અને તેનો સદુપયોગ થાય તો તે ધર્મસાધન-યોગમાર્ગમાં પ્રગતિ અને છેવટે મોક્ષપ્રાપ્તિનું ઉત્તમ કારણ છે તેથી તે જેમ સંસારની વૃદ્ધિ કરનાર છે તેમ દેવળનું પણ કામ બજાવે છે. એવા દેહદેવળમાં રહેલો શુદ્ધ દશા પ્રાપ્ત કરવા ઇચ્છા રાખતો બાળ ચેતન યોગસાધના કરે છે તે વખતે શું કરે છે તે બતાવે છે.

શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય યોગશાસ્ત્રના પંચમ પ્રકાશમાં અન્ય યોગગ્રંથકારોની અપેક્ષાએ યોગની પ્રક્રિયા જણાવતાં કહે છે કે જ્યાં મન છે ત્યાં પવન છે અને જ્યાં પવન છે ત્યાં મન છે અને એ બન્નેની ક્રિયા એક સરખી હોવાથી ક્ષીરનીરની પેઠે તેઓ જોડાઇને રહેલા છે. આમાંથી એકનો નાશ થયે બીજાનો નાશ થાય છે અને એક હોય તો બીજું પણ હોય જ છે.* આથી પવનના સંચાર અને તેના ભેદ વિભેદ સાથે તેનાપર જય કેવી રીતે મળી શકે તેનું સ્વરૂપ સમજવાની જરૂર છે; કારણ પવનનો જય થવાથી ઇંદ્રિયાદિનો જય થાય છે અને છેવટે મોક્ષ પણ તેથી થાય છે. એ પ્રાણને ઓળખવા માટે તેની નાડીઓનું સ્વરૂપ જાણવું જોઇએ. ડાબી બાજુની નાડીને ચંદ્ર નાડી અથવા ઇડા નાડી યોગમાર્ગમાં કહેવામાં આવે છે, જમણી બાજુની નાડીને સૂર્ય નાડી અથવા પિંગલા નાડી કહે છે અને બન્ને (ડાબી તથા જમણી) નાડી સાથે ચાલતી હોય તેને સુષુમ્ણા નાડી

* યોગશાસ્ત્ર પંચમ પ્રકાશ શ્લોક ૨-૩.

જે તત્ત્વવિચારણા કરતાં મનમાં સ્થિરતા થાય અને રસનું આસ્વાદન કરતાં સુખ ઉપજે તેનું નામ અનુભવ કહે છે. આવા અનુભવજ્ઞાનને પ્રાપ્ત કરવાની આવશ્યકતા અત્ર બતાવી તેની મહત્તા સમજાવી છે.

રાગ-રામગ્રી.

म्हारो बालुडो संन्यासी,
देह देवल मठवासी. म्हारो०
इडा पिंगला मारग तजी जोगी,
सुषमना घर वासी;
ब्रह्मरंध्र मधी आसन पूरी बाबु,
अनहद नाद बजासी. म्हारो० ॥१॥

[illegible]

[illegible]

[illegible]

કહે છે.* સર્વ ગાત્રોમાં અમૃત પેઠે આનંદ આપનાર ચંદ્ર નાડી શુ
સૂચવનાર છે અને સૂર્ય નાડી (જમણી બાજુનો પ્રવાહ) અનિ
સૂચવનાર છે. મહા સિદ્ધિ અને મોક્ષ આપનાર યોગમાર્ગમાં વધા
કરનાર અથવા કરવા ઇચ્છનારને સુષુમ્ણા નાડી બહુ હિત કરનાર
અભ્યુદય વિગેરે ઉત્તમ કાર્યોમાં ઇડા નાડી–ચંદ્ર સ્વર ઇષ્ટ છે અને યુ
આહાર, સંભોગાદિ દીસ કાર્યમાં પિંગળા નાડી ઇષ્ટ છે.† કયા દિવસે
નાડી પ્રશસ્ત અપ્રશસ્ત ગણાય, કયાં કાર્યો કરતી વખતે કઇ નાડી હો
જોઇએ અને અમુક લાંબા વખત સુધી એક જ નાડીનો પ્રવાહ ચાલ્યા ક
તો તેનું ફળ શું થાય અને છેવટે કાળજ્ઞાન, મૃત્યુસમયનો નિર્ણય પ
નાડી સંચારના જ્ઞાનથી કેવી રીતે થાય એ સંબંધી બહુ લંબાણ
ઉલ્લેખ યોગના વિશેષ ગ્રંથોમાં જોવામાં આવે છે. જેઓને એ વિષયન
અભ્યાસ કરવાની રૂચિ હોય તેમણે યોગશાસ્ત્રનો પાંચમો અધિકાર ૬
મા શ્લોકથી વાંચવો, તે જ હકીકત શુભચંદ્રાચાર્ય વિરચિત જ્ઞાનાર્ણ
ગ્રંથના ૨૯ મા પ્રકરણમાં પણ વિસ્તારથી બતાવી છે અને ચિદાનંદજ
મહારાજે તે વિષયપર 'સ્વરોદયજ્ઞાન'ના નામથી એક પદ્યબંધ લેખ
ભાષામાં લખ્યો છે.

અત્ર પ્રસ્તુત વિષયને અંગે આપણો ભોળોભોળો ચેતન ઇડ
અને પિંગલા નાડીનો માર્ગ તજી દઈ સુષુમ્ણા નામની બન્ને બાજુથી
ચાલતી નાડીપર પોતાના યોગમાર્ગનું ઘર બાંધે છે અને તેમાં તે વાસ
કરે છે. હકીકત એમ છે કે પ્રાણવાયુને તાલુરંધ્રથી ખેંચી અંદ
ભરે તેને પૂરક કહે છે, નાભીના મધ્ય ભાગમાં રોકે તેને કુંભક કહે
છે અને ભરેલા પવનને અતિ પ્રયાસથી ધીમે ધીમે બહાર કાઢે તેને
રેચક પ્રાણાયામ કહે છે. એક સ્થાનકેથી બીજા સ્થાનકપર-દાખલા
તરીકે નાભીથી હૃદયમાં–વાયુનું આકર્ષણ કરવાના કાર્યને પ્રત્યાહાર
કહેવામાં આવે છે અને એક સ્થાનપર ધારી રાખવાના કાર્યને ધારણા
કહે છે. અથવા ઇંદ્રિયોને વિષયોથી નિવર્તાવવી-ઇષ્ટ વિષયના સંગ
પ્રસંગે તેપર રાગ અને અનિષ્ટ વિષયના સંગપ્રસંગે તેપર દ્વેષ ન
કરવા દેવો તેને પણ પ્રત્યાહાર કહેવામાં આવે છે. ઉપરોક્ત પ્રાણ-
વાયુનાં સ્થાન, વર્ણ, ક્રિયા અને બીજ જાણવાલાયક છે. અપાનવાયુ

કહે છે.* સર્વ ગાત્રોમાં અમૃત પેઠે આનંદ આપનાર ચંદ્ર નાડી શુ
સૂચવનાર છે અને સૂર્ય નાડી (જમણી બાજુનો પ્રવાહ) અનિ
સૂચવનાર છે. મહા સિદ્ધિ અને મોક્ષ આપનાર યોગમાર્ગમાં વધા
કરનાર અથવા કરવા ઇચ્છનારને સુષુમ્ણા નાડી બહુ હિત કરનાર
અભ્યુદય વિગેરે ઉત્તમ કાર્યોમાં ઇડા નાડી-ચંદ્ર સ્વર ઇષ્ટ છે અને સુ
આહાર, સંભોગાદિ દીપ્ત કાર્યમાં પિંગળા નાડી ઇષ્ટ છે.† કયા દિવસે
નાડી પ્રશસ્ત અપ્રશસ્ત ગણાય, કયાં કાર્યો કરતી વખતે કઇ નાડી હો
જોઇએ અને અમુક લાંબા વખત સુધી એક જ નાડીનો પ્રવાહ ચાલ્યા ક
તો તેનું ફળ શું થાય અને છેવટે કાળજ્ઞાન, મૃત્યુસમયનો નિર્ણય પ
નાડી સંચારના જ્ઞાનથી કેવી રીતે થાય એ સંબંધી બહુ લંબાણ
ઉલ્લેખ યોગના વિશેષ ગ્રંથોમાં જોવામાં આવે છે. જેઓને એ વિષયને
અભ્યાસ કરવાની રૂચિ હોય તેમણે યોગશાસ્ત્રનો પાંચમો અધિકાર ૬
મા શ્લોકથી વાંચવો, તે જ હકીકત શુભચંદ્રાચાર્ય વિરચિત જ્ઞાનાર્ણ
ગ્રંથના ૨૯ મા પ્રકરણમાં પણ વિસ્તારથી બતાવી છે અને ચિદાનંદ
મહારાજે તે વિષયપર 'સ્વરોદયજ્ઞાન'ના નામથી એક પદ્યબંધ લે
ભાષામાં લખ્યો છે.

અત્ર પ્રસ્તુત વિષયને અંગે આપણો ભોળોભોળો ચેતન ઇડ
અને પિંગલા નાડીનો માર્ગ તજી દઇ સુષુમ્ણા નામની બન્ને બાજુથ
ચાલતી નાડીપર પોતાના યોગમાર્ગનું ઘર બાંધે છે અને તેમાં તે વાસ
કરે છે. હકીકત એમ છે કે પ્રાણવાયુને તાલુરંધ્રથી ખેંચી અંદ
ભરે તેને પૂરક કહે છે, નાભીના મધ્ય ભાગમાં રોકે તેને કુંભક કહે
છે અને ભરેલા પવનને અતિ પ્રયાસથી ધીમે ધીમે બહાર કાઢે તેને
રેચક પ્રાણાયામ કહે છે. એક સ્થાનકેથી બીજા સ્થાનકપર-દાખલા
તરીકે નાભીથી હૃદયમાં-વાયુનું આકર્ષણ કરવાના કાર્યને પ્રત્યાહાર
કહેવામાં આવે છે અને એક સ્થાનપર ધારી રાખવાના કાર્યને ધારણા
કહે છે. અથવા ઇંદ્રિયોને વિષયોથી નિવર્તાવવી-ઇષ્ટ વિષયના સંગ-
પ્રસંગે તેપર રાગ અને અનિષ્ટ વિષયના સંગપ્રસંગે તેપર દ્વેષ ન
થવા દેવો તેને પણ પ્રત્યાહાર કહેવામાં આવે છે. ઉપરોક્ત પ્રાણ-
વાયુના સ્થાન, વર્ણ, ક્રિયા અને બીજ જાણવાલાયક છે. અપાનવાયુ

યોગમાર્ગ પ્રમાણે આ ગાથાનો અર્થ કર્યો. હવે 'સહજસમાધિ'ના અર્થમાં આ ગાથાપર વિચાર કરીએ. 'ઇડા' એટલે ડાબો રસ્તો-રાગનો માર્ગ અને 'પિંગલા' તે જમણો રસ્તો-દ્વેષનો માર્ગ. આ રાગ દ્વેષના બન્ને માર્ગ તજી દઈને હે સંન્યાસી! તું સુષુમ્ણા એટલે મધ્યમ પ્રવાહે-મધ્યમ માર્ગે હવે વર્તીશ. અત્યાર સુધી રાગ દ્વેષના ભયંકર માર્ગપર વિચરીને તેં બહુ હાનિ કરી છે, એ માર્ગે જવાથી તેં બહુ દુઃખ સહન કર્યાં છે, મતલબ તે બન્ને આડાઅવળા માર્ગે હોવાથી ત્યાં તારૂં આત્મધન લુંટી જનારા અનેક ચોરો બેઠા છે તે તને સહીસલામત કદિ પણ પાછો આવવા દે તે સમજવું નહિ. તેથી એ કૂટ માર્ગો તજી દઈ સુષુમ્ણાનો મધ્ય માર્ગ-રાજ્યમાર્ગ ગ્રહણ કરીશ ત્યારે તને શું થશે તે કહે છે. 'બ્રહ્મરંધ્ર' એટલે બ્રહ્મસ્વરૂપનો રસ્તો, શુદ્ધ આત્મસ્વરૂપનો રસ્તો, એ રસ્તામાં આસનપૂરી એટલે સ્થિર થઈશ, મતલબ જ્યારે તને શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિરતા પ્રાપ્ત થશે તે વખતે તેમાં તને અપાર લય લાગશે અને તું તેમાં જ તરબોળ થઈ જઈશ. સહજસમાધિના અર્થમાં અક્ષરાર્થ નીચે પ્રમાણે સમજવો. ઇડા=રાગમાર્ગ. પિંગલા=દ્વેષમાર્ગ. સુષુમ્ણા=મધ્યમાર્ગ, રાગ દ્વેષ રહિત માર્ગ. ઘર=પરિણામ. બ્રહ્મરંધ્ર-આત્મસ્વરૂપજ્ઞાન. આસનપૂરી=સ્થિર થઈ. અનહદ=અપાર. તાન=લય. બાજસી=લાગશે. બાપુ=બંધુ. ભાઈ. અહીં શબ્દના મુખ્ય અને ગૌણ અર્થનો પ્રશ્ન થાય છે તેથી આ અર્થ વિચારવા યોગ્ય છે.

આ પ્રથમ ગાથામાં યોગને અંગે જે વિચારો બતાવ્યા છે તે બહુ વિચારવા યોગ્ય છે. યોગ સંબંધી હકીકતજ્ઞાન બહુ કમી થઈ ગયું છે તેથી વાચનના પરિણામે અને અન્ય તપાસ કરવાથી પ્રાપ્ત થયું છે તેનો આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે. યોગના વિષયનું પરિજ્ઞાન મેળવવામાં બહુ પ્રયાસ છે. હેતુથી જ્યાં સ્થળસંકોચ જણાય ત્યાં અલ્પ સંક્ષેપ વિવેચન કરવાનું જરૂર ધ્યાન ખેંચવા વિનંતિ છે. યોગજ્ઞાન સંબંધી હાલ કેવી પરિસ્થિતિ છે તેપર ઉપોદ્ઘાતમાં વિશેષ ઉલ્લેખ કર્યો છે તેપર ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

નથી ત્યાંસુધી અને ખાસ કરીને સંસારદશામાં હોય છે ત્યાંસુધી આર્ત્ત અને રૌદ્રધ્યાનની દશામાં વર્ત્યા કરે છે અને અનેક ક્લિષ્ટ કર્મો મનથીજ બાંધ્યા કરે છે.

ધર્મધ્યાનને માર્ગે ચઢનાર મુમુક્ષુ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ એ ચાર ભાવના નિરંતર ભાવી સ્વપર વિવેક કરે છે. ધર્મધ્યાનનો પ્રથમ વિભાગ આજ્ઞાવિચય (નિશ્ચય) છે. પ્રમાણનય નિક્ષેપથી સ્યાદ્વાદ વચનમાં સર્વજ્ઞ કથિતત્વનો અંશ કેવી રીતે આવી રહેલો છે તેની અત્ર વિચારણા તર્કન્યાયના વિચારપૂર્વક સમ્યગ્ રીત્યા ચાલે છે અને જ્યારે પૂર્વાપર અવિરોધીપણું તેને સમજાય છે ત્યારે તે તત્ત્વદર્શનમાં સર્વજ્ઞ કથિતતા અનુભવે છે. ભવચક્રની ચારે ગતિમાં ઇન્દ્રિયકષાય આદિથી અનેક પીડાઓ થાય છે તેને કેવી રીતે મટાડવી જોઇએ તદ્વિષયક ચિંતા અને તે પીડા મટાડવા યોગ્ય છે એવી દૃઢ ભાવનાને અપાયવિચય ધર્મધ્યાન કહે છે. કર્મ સંબંધી અને સ્વપીડાનો એક ભાવ તે એટલી સારી રીતે વિચારે છે કે એને વસ્તુસ્વરૂપનું જ્ઞાન ધીમે ધીમે આ વિભેદમાં થઈ જાય છે. પ્રાણીને જે સુખ દુઃખ થાય છે તે કર્મજનિત છે અને કર્મ સ્વજનિત છે એ વિચાર કરી કર્મની આઠ મૂળ પ્રકૃતિ અને ઉત્તર અનેક પ્રકૃતિપર વિચાર કરે તેને વિપાકવિચય ધર્મધ્યાન કહેવામાં આવે છે. આ ભેદમાં પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ એ ચાર પ્રકારના બધ તથા ઉદ્વર્તનાદિ આઠ પ્રકારનાં કરણોનો વિચાર બહુ સૂક્ષ્મતાથી કરવામાં આવે છે. દ્રવ્યાનુયોગની મિષ્ટતા કેટલી છે તે આ વિભાગપર વિચાર કરવાથી પ્રતીત થાય છે અને તથી શાસનપર દૃઢ પ્રતીતિ થાય છે. આ વિભાગમાં નવ તત્ત્વ પૈકી આશ્રવ, સવર, બંધ અને નિર્જરા તત્ત્વપર વિચારણા સૂક્ષ્મ રીતે ચાલે છે. લોકસ્વરૂપની વિચારણા, નરક, દેવસ્થાન, મનુષ્યલોકનું સ્વરૂપ, તે મધ્યે બાર દેવલોક, ગ્રૈવેયક આદિનાં સ્થાનો, આકાર વિગેરે ચૌદ રાજલોક અને સિદ્ધ સ્થાન એ ઉપર ધ્યાન કરવું એ ચોથા સંસ્થાનવિચય ધર્મધ્યાનનો વિષય છે. આ સંસ્થાનવિચય ધર્મધ્યાનમાં નારકીનાં કલેશ, ક્ષેત્ર અને અધમ અસુરકૃત દુઃખો અને દેવનાં વિમાન આદિનાં સુખોપર પુષ્કળ વિચારણા થાય છે અને પિંડસ્થ, પદસ્થ,

ધ્યાનના ચોથા પાયાને અંતે મોક્ષ થઈ જાય છે અને પાતંજલાદિ દર્શનકારો સમાધિની જે સ્થિતિ કહે છે તે તો સ્વરૂપ શૂન્ય દશા છે. તે દશા આત્માનું વ્યક્તિત્વ માનનાર દર્શનમાં સંભવે જ નહિ અને સમાધિ શબ્દનો અર્થ ધ્યાનની એકતા કરીએ તો તો તેવી સમાધિ ધર્મધ્યાનના પ્રથમ ભેદથી જ આવે છે. આ પ્રમાણે વિવેચનપૂર્વક જ્યારે તું યોગાંગમાં પ્રવેશ કરીશ ત્યારે તું ધ્યાનસમાધિમાં સમાઈ જઈશ, તારી અને ધ્યેય વિષયની એકતા થશે અને તું પરમાત્મ સ્વરૂપ પામી જઈશ. આ પ્રમાણે કરીશ ત્યારે તું ખરો યોગી થઈશ. અત્યારે તો હજુ બાળોભોળો સંન્યાસી છે.

मुल उत्तर गुण मुद्राधारी, पर्यंकासन चारी[1];
रेचक पूरक कुंभक सारी, मन इंद्री जयकारी[2]. माहारो ॥ ३ ॥

"મૂળગુણ અને ઉત્તરગુણોને તે ધારણ કરે છે અને મુદ્રા ધારણ કરે છે; પર્યંકાસને (બેસી યોગમાર્ગમાં) ગમત કરે છે અને રેચક, પૂરક, કુંભક (પ્રાણાયામ) વડે મન અને ઇંદ્રિયપર સંપૂર્ણ જય કરવાની ઇચ્છાવાળો (જય કરનારો) તે થાય છે."

ભાવ-યોગમાર્ગમાં પ્રવેશ કર્યા પછી તેમાં જેમ જેમ પ્રગતિ થતી જાય છે તેમ તેમ બાલુડા સંન્યાસીને શું શું થાય છે તે ઉપર બતાવ્યું. ત્યાં સ્વરોદયજ્ઞાન, અનાહત નાદનું શ્રવણ અને અષ્ટાંગ યોગની અનુક્રમે પ્રાપ્તિ થતી જાય છે એપર ઉપર વિવેચન કર્યું. એ અષ્ટાંગ યોગની હકીકત બહુ ઉપયોગી છે અને યોગગ્રંથોનો તે મુખ્ય વિષય છે. એમાં અધિકારીના ભેદ પ્રમાણે અનુષ્ઠાન થાય છે તે બાબત પણ ઉપર જણાવી અને તેમાંના ધ્યાન અંગને માટે જરા વિસ્તારથી

---

૧ ચારીને સ્થાને અન્ય પ્રતોમાં 'વારી' અને 'વાસી' એવો પણ પાઠ છે

૨ જયકારીને બદલે જયકાસી એવો પાઠ પણ લેવામાં આવે છે

૩ મૂળ=પાંચ યમ, મૂળગુણો ઉત્તરગુણ=નિયમ તથા અવાન્તર દોષત્યાગ (જેઓ મૂળગુણોને સાચવવા માટે હોય છે) મુદ્રા=શરીર આકૃતિ વિશેષ એ માટે વિવેચન જુઓ. પર્યંકાસન=એક પ્રકારનું આસન, વિવેચન જુઓ. ચારી=ગમત કરી. રેચક=શ્વાસને બહાર કાઢવો તે. પૂરક=શ્વાસને અંદર પૂરવો તે. કુંભક=શ્વાસને અંદર સ્થિર કરવો તે. સારી=સંપૂર્ણપણે, બધી જયકારી=જય મેળવવાની ઇચ્છાવાળો. જય કરનારો.

લેવી મૂકવી વખતે તે જીવ રહિત છે એમ બરાબર તપાસ કરીને
જીવોનો વિનાશ ન થાય તેવી રીતે પુંજી પ્રમાર્જીને પછી લે અથવા
નિર્જીવ સ્થાનકે મૂકે અને મનમાં વિચાર કરે કે નિરૂપણથી સૂક્ષ્મ
જીવનો પણ મારાથી અનુપયોગપણે નાશ થયો ન જોઇએ એ ચોથી
આદાનભંડમત્તનિક્ષેપણા સમિતિ. મળ, મૂત્ર, શ્લેષ્મ વગેરે
નાખતી વખતે પ્રથમ તે ભૂમિ શુદ્ધ-નિર્જીવ છે એમ તપાસ કરે એ પાંચમી
પારિષ્ઠાપનિકા સમિતિ. રાગ દ્વેષ કરાવનાર સકળ સંકલ્પ વિકલ્પને
રોકી મનને સ્વાધીન કરવું અને સમતા ભાવમાં સ્થિર કરવું તે મનો-
ગુપ્તિ. મૌનનું ધારણ કરવું તે વચનગુપ્તિ અને પરિષહ આવે તો
આગ્રપણે સહન કરવા તેમ જ શરીરને હલાવતી વખતે પણ પ્રતિ-
લેખવું એ કાયગુપ્તિ કહેવાય છે. આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ
પ્રવચન માતા કહેવાય છે, યોગમાર્ગમાં પ્રયાસ કરનારને તે ખાસ
જરૂરની છે અને ઉત્તરગુણમાં ખાસ ભાગ ભજવે છે. એનું અંતર
સ્વરૂપ તપાસતાં જણાશે કે એનો વિષય ખાસ કરીને અહિંસાના
રક્ષણ માટેનો જ છે, સત્ય બોલવાની વાત સ્પષ્ટ કહી છે તેનો
હેતુ પણ અહિંસાને અંગે જ છે, કારણ કે કોઇની લાગણી દુખવવી
એ પણ ભાવપ્રાણ હણવા જેવું છે. આવી રીતે સર્વ મૂળ તથા ઉત્તર-
ગુણ માટે સમજી લેવું. આ મૂળ તથા ઉત્તરગુણો જેમ જેમ
યોગમાર્ગમાં પ્રગતિ કરતો જાય છે તેમ તેમ અધિકાર પ્રમાણે વિશેષ
વિશેષપણે પ્રાપ્ત કરતો જાય છે અને તે ગુણપ્રાપ્તિથી [illegible]
[illegible] થાય અને આત્મિક ઉન્નતિ [illegible] થતી જાય છે.

આ. મૂળ અને ઉત્તરગુણરૂપ ગુણ [illegible]
નાર [illegible] મૂળ ઉત્તર-
ગુણ [illegible]
[illegible] જાય છે [illegible] છે
એમ [illegible] જાય છે, [illegible] જાય છે, [illegible]
[illegible] જાય છે. [illegible]
[illegible]
રીતે [illegible]
ગુણોમાં [illegible] થઈ જાય છે.



કુંભક અને પૂરક એમ ત્રણ ભેદ છે. બ્રહ્મરંધ્ર, નાસિકા અને મુખ
ઉદરમાંથી પવનને અતિ પ્રયત્નવડે બહાર કાઢવો તેને પ્રથમ રેચ
પ્રાણાયામ કહે છે, બહારના વાયુને આકર્ષીને અપાનદ્વાર સુધી ઉ
રમાં ભરવો તેને પૂરક પ્રાણાયામ કહે છે અને વાયુને નાભીકમળ
સ્થિર કરી રાખવો તેને કુંભક પ્રાણાયામ કહે છે. એ પવનની ગતિ
સ્થિતિ વિગેરે અનેક હકીકત યોગગ્રંથોમાંથી માલૂમ પડે છે
સંબંધમાં ઉપર વિવેચન થઈ ગયું છે. એના ઉપયોગથી શું ફળ થા
છે તે પણ અગાઉ આજ પદના અર્થમાં જોઈ ગયા છીએ. રેચકથ
શરીરની બહારના પ્રદેશમાં વાયુનો રોધ થાય છે, પૂરકથી અંદરન
પ્રદેશમાં અને કુંભકથી બંને પ્રદેશમાં રોધ થાય છે. રેચક પ્રાણાયા
બહુધા નાસિકાના અગ્રથી બાર આંગળ જેટલો કરવામાં આવે
અને તેટલે દૂર રૂ જેવો પદાર્થ મૂકયો હોય તો તે ઉડી જવાથી રેચ
કના બાહ્ય પ્રદેશનું પ્રમાણ તેટલા આંગળનું આવ્યું સમજવું. રેચ
પ્રાણાયામની ભૂમિકા બાહ્ય દેશથી આ પ્રમાણે નિશ્ચય કરાય છે. પૂર
કનું પ્રમાણ આભ્યંતર દેશથી નિશ્ચય કરાય છે. કંઠ, ઉદર વિગેરે જે
ભાગમાં વાયુ પૂરવામાં આવ્યો હોય તે ભાગમાં પિપીલિકા (કીડી)ન
સ્પર્શ જેવું ભાન થાય છે તેવો સ્પર્શ કંઠ વિગેરે જે પ્રદેશમાં લાગે
ત્યાંસુધી પૂરક પ્રાણાયામ થયો સમજવો. કુંભકનો નિર્ણય બાહ્ય અને
આભ્યંતર બન્ને પ્રદેશથી થાય છે, કારણકે તેમાં આંતર અને બાહ્ય
બન્ને વાયુનો રોધ થાય છે. પ્રાણાયામનો આવી રીતે દેશથી નિર્ણય
થાય છે. કાળથી થતો નિર્ણય તો સ્પષ્ટ છે, જેટલા ક્ષણ રેચક પૂર-
કાદિ થાય તેટલો તેનો કાળ સમજવો. સંખ્યાથી નિર્ણય કરવાના
ઘણા પ્રકાર છે પણ સામાન્ય રીતે એક માત્રાથી* પૂરક, ચાર માત્રાથી
કુંભક અને બે માત્રાથી રેચક પ્રાણાયામ કરવામાં આવે તે એકમાત્રિક
પ્રાણાયામ કહેવાય છે. સાધારણ નિયમ પ્રમાણે પૂરકથી ચાર ગણો
વખત કુંભકમાં અને બમણો વખત રેચકમાં લગાડવો જોઈએ અને
માત્રા જેમ વધારવામાં આવે તેમ દ્વિમાત્રિક વિગેરે સંખ્યા વધતી

* લગભગ એક સેકન્ડ જેટલા કાળને માત્રા કહેવામાં આવે છે. સાધારણ રીતથી ઢીંચણની આસપાસ હાથને પ્રદક્ષિણા કરાવીને એક ચપટી વગાડીએ એટલામાં જેટલો કાળ થાય તેટલો કાળ એક માત્રાનો છે.

જાય છે. પ્રાણાયામ સંબંધી વિશેષ હકીકત જાણવાની રૂચિવાળાઓએ યોગશાસ્ત્રનો પાંચમો પ્રકાશ વાંચવો. અત્ર કહેવાની મતલબ એ છે કે રેચક, પૂરક અને કુંભક પ્રાણાયામથી મન અને ઇંદ્રિયપર જય મેળવાય છે અને તેથી બાળોભોળો સંન્યાસી યોગમાર્ગમાં ગમન કરે છે.

પ્રાણાયામને અંગે બહુ હકીકત વિચારવા જેવી છે. એમાં કેટલીક વખત બહુ ભ્રાંતિ પડી જાય છે તેથી એક ખાસ નિયમ તરીકે સદ્ગુરૂના યોગ વગર કદિ પણ પ્રાણાયામનો પ્રયોગ કરવો નહિ. સદ્ગુરૂ પણ સામાન્ય પ્રકારના હોય તો આ વિષયમાં ચાલે નહિ. યોગના ખાસ અભ્યાસી હોય અને સંપ્રદાયથી ચાલતા આવતા યોગમાર્ગના જાણનારા હોય તો જ તેમને અનુસરવાથી લાભ થાય. જેમ પ્રાણાયામથી ઇંદ્રિયજય થઈ શકે છે તેમ તેથી કાળજ્ઞાન આદિ પણ થાય છે પણ જો બરાબર પ્રયોગ ન આવડે તો શરીરયાતના પણ તેથી થઈ જાય છે. આટલા માટે ગુરૂ વગર કદિ પણ એ પ્રયોગ કરવાનો વિચાર પણ કરવો નહિ. જૈન શાસ્ત્રકાર એથી ઇંદ્રિય અને મનોજયના લાભ બતાવે છે, શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય વિગેરે આચાર્યો તેને યોગાંગ ગણે છે છતાં છેવટે તેને હઠયોગના પ્રકારમાં લઇ જઇને સુસાધુને તેનો પ્રયોગ કરવા ના કહે છે તેનું કારણ એ જ છે. એક તો કાળજ્ઞાનાદિ આત્મિક વસ્તુ નથી અને તેને માટે જેટલો શક્તિનો વ્યય કરવામાં આવે છે તે નકામો જાય છે એટલું જ નહિ પણ તેટલા વખતમાં જો ધ્યાન યોગાંગને સાધવામાં આવે તો બહુ કર્મનો ક્ષય થઈ જાય. એ હકીકતપર ઉપોદ્ઘાતમાં પણ વિવેચન જોવામાં આવશે. અહીં યોગમાર્ગપર પ્રવેશ કરનાર બાળોભોળો સંન્યાસી મૂળ ઉત્તરગુણ ધારણ કરે છે, મુદ્રાદિકનું જ્ઞાન મેળવી યથાવસર તેમાંથી પ્રત્યેકને ધારણ કરે છે, આસન સિદ્ધ કરે છે અને રેચક, પૂરક અને કુંભક પ્રાણાયામ કરી મન અને ઇંદ્રિયોપર જય મેળવતો જાય છે. હવે એવી રીતે યોગમાર્ગે પ્રવૃત્તિ કરતાં બાળોભોળો આત્મા વિશેષ શું કરે છે તે અત્ર બતાવે છે.

સહજસમાધિના અર્થમાં રેચક એટલે હેય વસ્તુનો ત્યાગ કરવો, પૂરક એટલે ઉપાદેય વસ્તુને આદરવી અને કુંભક એટલે મધ્ય-



જાય છે. પ્રાણાયામ સંબંધી વિશેષ હકીકત જાણવાની રૂચિવાળાએએ યોગશાસ્ત્રનો પાંચમો પ્રકાશ વાંચવો. અત્ર કહેવાની મતલબ એ છે કે રેચક, પૂરક અને કુંભક પ્રાણાયામથી મન અને ઇંદ્રિયપર જય મેળવાય છે અને તેથી બાળોભોળો સંન્યાસી યોગમાર્ગમાં ગમન કરે છે.

પ્રાણાયામને અંગે બહુ હકીકત વિચારવા જેવી છે. એમાં કેટલીક વખત બહુ ભ્રાંતિ પડી જાય છે તેથી એક ખાસ નિયમ તરીકે સદ્‌ગુરૂના યોગ વગર કદિ પણ પ્રાણાયામનો પ્રયોગ કરવો નહિ. સદ્‌ગુરૂ પણ સામાન્ય પ્રકારના હોય તો આ વિષયમાં ચાલે નહિ. યોગના ખાસ અભ્યાસી હોય અને સંપ્રદાયથી ચાલતા આવતા યોગમાર્ગના જાણનારા હોય તો જ તેમને અનુસરવાથી લાભ થાય. જેમ પ્રાણાયામથી ઇંદ્રિયજય થઈ શકે છે તેમ તેથી કાળજ્ઞાન આદિ પણ થાય છે પણ જો બરાબર પ્રયોગ ન આવડે તો શરીરયાતના પણ તેથી થઈ જાય છે. આટલા માટે ગુરૂ વગર કદિ પણ એ પ્રયોગ કરવાનો વિચાર પણ કરવો નહિ. જૈન શાસ્ત્રકાર એથી ઇંદ્રિય અને મનોજયના લાભ બતાવે છે, શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય વિગેરે આચાર્યો તેને યોગાંગ ગણે છે. છતાં છેવટે તેને હઠયોગના પ્રકારમાં લઈ જઈને સુસાધુને તેનો પ્રયોગ કરવા ના કહે છે તેનું કારણ એ જ છે. એક તો કાળજ્ઞાનાદિ આત્મિક વસ્તુ નથી અને તેને માટે જેટલો શક્તિનો વ્યય કરવામાં આવે છે તે નકામો જાય છે એટલું જ નહિ પણ તેટલા વખતમાં જો ધ્યાન યોગાંગને સાધવામાં આવે તો બહુ કર્મનો ક્ષય થઈ જાય. એ હકીકતપર ઉપોદ્‌ઘાતમાં પણ વિવેચન જોવામાં આવશે. અહીં યોગમાર્ગપર પ્રવેશ કરનાર બાળોભોળો સંન્યાસી મૂળ ઉત્તરગુણ ધારણ કરે છે, મુદ્રાદિકનું જ્ઞાન મેળવી યથાવસર તેમાંથી પ્રત્યેકને ધારણ કરે છે, આસન સિદ્ધ કરે છે અને રેચક, પૂરક અને કુંભક પ્રાણાયામ કરી મન અને ઇંદ્રિયોપર જય મેળવતો જાય છે. હવે એવી રીતે યોગમાર્ગે પ્રવૃત્તિ કરતાં બાળોભોળો આત્મા વિશેષ શું કરે છે તે અત્ર બતાવે છે.

સહજસમાધિના અર્થમાં રેચક એટલે હેય વસ્તુનો ત્યાગ કરવો, પૂરક એટલે ઉપાદેય વસ્તુને આદરવી અને કુંભક એટલે મધ્ય-

જાય છે. પ્રાણાયામ સંબંધી વિશેષ હકીકત જાણવાની રૂચિવાળાઓએ યોગશાસ્ત્રનો પાંચમો પ્રકાશ વાંચવો. અત્ર કહેવાની મતલબ એ છે કે રેચક, પૂરક અને કુંભક પ્રાણાયામથી મન અને ઇંદ્રિયપર જય મેળવાય છે અને તેથી બાઉરો સંન્યાસી યોગમાર્ગમાં ગમન કરે છે.

પ્રાણાયામને અંગે બહુ હકીકત વિચારવા જેવી છે. એમાં કેટલીક વખત બહુ ભ્રાંતિ પડી જાય છે તેથી એક ખાસ નિયમ તરીકે સદ્ગુરૂના યોગ વગર કદિ પણ પ્રાણાયામનો પ્રયોગ કરવો નહિ. સદ્ગુરૂ પણ સામાન્ય પ્રકારના હોય તો આ વિષયમાં ચાલે નહિ. યોગના ખાસ અભ્યાસી હોય અને સંપ્રદાયથી ચાલતા આવતા યોગમાર્ગના જાણનારા હોય તો જ તેમને અનુસરવાથી લાભ થાય. જેમ પ્રાણાયામથી ઇંદ્રિયજય થઈ શકે છે તેમ તેથી કાળજ્ઞાન આદિ પણ થાય છે પણ જો બરાબર પ્રયોગ ન આવડે તો શરીરપાતના પણ તેથી થઈ જાય છે. આટલા માટે ગુરૂ વગર કદિ પણ એ પ્રયોગ કરવાનો વિચાર પણ કરવો નહિ. જૈન શાસ્ત્રકાર એથી ઇંદ્રિય અને મનોજયનો લાભ બતાવે છે, શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય વિગેરે આચાર્યો તેને યોગાંગ ગણે છે છતાં છેવટે તેને હઠયોગના પ્રકારમાં લઈ જઈને મુમુક્ષુને તેનો પ્રયોગ કરવા ના કહે છે તેનું કારણ એ જ છે. એક તો કાળજ્ઞાનાદિ આત્મિક વસ્તુ નથી અને તેને માટે એટલો શક્તિનો વ્યય કરવામાં આવે છે તે નકામો જાય છે એટલું જ નહિ પણ તેટલા વખતમાં જો ધ્યાન યોગાંગને સાધવામાં આવે તો બહુ કર્મનો ક્ષય થઈ જાય. એ હકીકતપર ઉપોદ્ઘાતમાં પણ વિવેચન કરવામાં આવશે. અહીં યોગમાર્ગપર પ્રવેશ કરનાર બાઉરો સંન્યાસી મુદ્રા ઉત્તરગુણ ધારણ કરે છે, મુદ્રાદિનું જ્ઞાન મેળવી વખતસર તેમાંથી પ્રયોજનને ધારણ કરે છે, આસન સિદ્ધ કરે છે અને રેચક, પૂરક અને કુંભક પ્રાણાયામ કરી મન અને ઇંદ્રિયોપર જય મેળવતો જાય છે. હવે એવી રીતે યોગમાર્ગે પ્રવૃત્તિ કરતો બાઉરો આત્મા વિશેષ શું કરે છે તે આગળ બતાવે છે.

સહજસમાધિના ભાવમાં રેચક એટલે હેય વસ્તુનો ત્યાગ કરવો, પૂરક એટલે ઉપાદેય વસ્તુને આદરવી અને કુંભક એટલે મધ્ય-

સ્થ ભાવમાં રહેવું. ઉપર જણાવ્યું તેવા આસનપર સ્થિર થતાં, યોગ-મુદ્રા ધારણ કરતાં અને યમ નિયમાદિ મૂળ ઉત્તરગુણો ધારણ કરતાં અને હેયને તજતાં, ઉપાદેયને આદરતાં અને મધ્યસ્થ ભાવ ભાવતાં મન અને ઇંદ્રિયોપર જય થાય છે, જયકાસીનો જીતવાનો કામી અથવા જીત પામેલો બન્ને અર્થ થાય છે.

थिरता जोग जुगति[1] अनुकारी, आपो आप विमासी;[2]
आतम परमातम अनुसारी, सीझे काज समासी.[3] माहारो ॥ ४ ॥

"સ્થિરતા અને યોગયુક્તિઓને કરતો (તેની અનુકૂળતાએ વર્તતો) આત્મા આત્મસ્વરૂપ વિચારી પરમાત્મપદને અનુસરે છે ત્યારે તેનું કામ ટુંકા વખતમાં સિદ્ધ થાય છે."

ભાવ-યોગમાર્ગે ગમન કરી જે સાધ્ય પ્રાપ્ત કરવાનું છે તેનો સમાવેશ એક સ્થિરતા શબ્દથી થઈ જાય છે. પ્રાણાયામને હઠયોગમાં ગણવામાં આવ્યો છે તેનું કારણ પણ તે સ્થિરતાનું કારણ હોઈ શકે એમ છતાં તેમાં ક્લેશ બહુ થાય છે અને ઘણીવાર તેને અંગે થતી સ્થૂળ સિદ્ધિપ્રાપ્તિ, કાળજ્ઞાન, શરીરસ્વાસ્થ્ય આદિથી મન સંસાર-રસિક થઈ ક્લેશમાં પડી જાય છે તે હોવું સંભવિત છે. યોગીનું સાધ્ય આ સર્વ ઉપાધિ દૂર કરી પોતાનું શુદ્ધ નિરંજન ચિદાનંદ સ્વરૂપ પ્રકટ કરવાનુ હોય છે અને તે સ્થિતિ મોક્ષમાં પ્રાપ્તવ્ય છે તેમ જ તે સ્થિતિ યોગના ફળ તરીકે નહિ પણ તેના અનિવાર્ય પરિણામ તરીકે પ્રાપ્ત કરવાની છે. મોક્ષમાં-પરમાત્મપદમાં પણ સ્થિરતા એ જ મોટો ગુણ છે. નિજ સ્વભાવમાં રમણ કરી ચિર સ્થિરતા રાખવારૂપ સિદ્ધ મહાત્માના ચારિત્ર ગુણમાં જે વિશિષ્ટતા

૪. થિરતા=સ્થિરતા. જોગજુગતિ=યોગયુક્તિ. અનુકારી=તેને કરતો, તેની અનુકૂળતાએ વર્તતો. આપો=સ્વત. આપ=આત્માને. વિમાસી=વિચારતો. અનુસારી=તે રસ્તે ચાલતો. સીઝે=સિદ્ધ થાય. કાજ=કાર્ય. સમાસી=(સ્વરૂપમાં) સમાઇ અથવા ટુંકા વખતમાં-એક માસમાં.

૧ 'જોગજુગતિ'ને બદલે 'જોગજુગતિ' અથવા 'જોગજુગાત' શબ્દ એક જ અર્થવાળા અન્યત્ર દેખાય છે

૨ 'વિમાસી'ને બદલે 'વિચારી' પાઠ કોઈ પ્રતમાં છે.

૩ 'સમાસી'ને બદલે 'સરાસી' પાઠાંતર કોઈ જગોપર છે.

છે તે અદ્ભુત છે અને છદ્મસ્થ તથા કૈવલ્યદશામાં જેમ જેમ આગળ વધારો થતો જાય છે તેમ તેમ તે મહાન્ ગુણની છાયા વધતી વધતી ચાલે છે.

જોગજુગતિ એટલે યોગયુક્તિ. યોગપ્રાપ્તિની યુક્તિઓ અથવા ઘટનાઓ. યોગમાર્ગમાં પ્રગતિ કેવી રીતે કરવી તેની યોગ્ય રચનાઓ, અભ્યાસ અને નિર્ણય. આ યોગયુક્તિ શબ્દનો અર્થ છે. જ્યાંસુધી યોગયુક્તિ જાણવામાં આવતી નથી ત્યાંસુધી ભ્રમ બહુ થાય છે. કેટલીકવાર સ્થૂળ સિદ્ધિમાં સંતોષ માનવામાં આવે છે, કેટલીકવાર અધિકારી ભેદે પ્રાપ્ત થવા યોગ્ય વિશિષ્ટ યોગનાં અંગને શરૂઆતમાં આદરવાનો પ્રયાસ કરી યોગનો ક્રમ ભૂલી જવામાં આવે છે અને તેથી પગથીએ પગથીએ યોગની સીઢી ચઢવાને બદલે કુદકો મારવા મન લલચાઈ જાય છે પણ તેથી અધઃપાત જ થાય છે, કેટલીકવાર દાખલા તરીકે સાલંબન ધ્યાનની સિદ્ધિ થયા વગર નિરાલંબનમાં પ્રવેશ કરવા ઇચ્છા થઈ જાય છે, કેટલીકવાર શરીરના સંઘયણાદિની વિચારણા વગર ધ્યાનના આગળના ભેદો તરફ આકર્ષણ થઈ જાય છે. આ સર્વ યોગયુક્તિનો અભાવ બતાવે છે, અને પછી ચિદાનંદજી મહારાજ એક પદમાં જણાવે છે તેમ થાય છે. તેઓથી કહે છે કેઃ–

જોગજુગતિ જાણ્યા વિના, કહા નામ ધરાવે;
રમાપતિ કહે રંકકું, ધન હાથ ન આવે. જોગ.
ભેખ ધરી માયા કરી, જગકું ભરમાવે;
પૂરણ પરમાનંદકી, સુધિ રંચ ન પાવે. જોગ.
મન મુંડયા વિન મુંડકું, અતિ ઘેટ મુંડાવે;
જટા જુટ શિર ધારકે, કોઉ કાન ફરાવે. જોગ.
ઊર્ધ્વ બાહુ અધો મુખે, તન તાપ તપાવે;
ચિદાનંદ સમજ્યા વિના, ગિણતી નહિ આવે. જોગ.

આ પ્રમાણે સ્થિતિ છે. જોગજુગતિ જાણ્યા વગર ભેખ ધારણ કરવામાં આવે કે મુંડ મુંડાવવામાં આવે તેથી યોગીનું નામ ધારણ કરાય છે, પણ તેથી યોગી થવાતું નથી, અને આ જોગજુગતિ સમજવામાં, જાણવામાં અને અમલમાં મૂકવામાં સદ્ગુરૂના યોગની ખાસ જરૂર રહે છે. એમના પ્રતાપથી યોગનાં અંગોમાં રહેલી વિશિષ્ટતા અને તેને અમલમાં મૂકવાનો સમય સમજાય છે અને નકામા કાળ-

છે તે અદ્ભુત છે અને છદ્મસ્થ તથા કૈવલ્યદશામાં જેમ જેમ આગળ વધારો થતો જાય છે તેમ તેમ તે મહાન્ ગુણની છાયા વધતી વધતી ચાલે છે.

જોગજુગતિ એટલે યોગયુક્તિ. યોગપ્રાપ્તિની યુક્તિઓ અથવા ઘટનાઓ. યોગમાર્ગમાં પ્રગતિ કેવી રીતે કરવી તેની યોગ્ય રચનાઓ, અભ્યાસ અને નિર્ણય. આ યોગયુક્તિ શબ્દનો અર્થ છે. જ્યાંસુધી યોગયુક્તિ જાણવામાં આવતી નથી ત્યાંસુધી ભ્રમ બહુ થાય છે. કેટલીકવાર સ્થૂળ સિદ્ધિમાં સંતોષ માનવામાં આવે છે, કેટલીકવાર અધિકારી ભેદે પ્રાપ્ત થવા યોગ્ય વિશિષ્ટ યોગનાં અંગને શરૂઆતમાં આદરવાનો પ્રયાસ કરી યોગનો ક્રમ ભૂલી જવામાં આવે છે અને તેથી પગથીએ પગથીએ યોગની સીડી ચઢવાને બદલે કુદકો મારવા મન લલચાઈ જાય છે પણ તેથી અધઃપાત જ થાય છે, કેટલીકવાર દાખલા તરીકે સાલંબન ધ્યાનની સિદ્ધિ થયા વગર નિરાલંબનમાં પ્રવેશ કરવા ઇચ્છા થઈ જાય છે, કેટલીકવાર શરીરના સંઘયણાદિની વિચારણા વગર ધ્યાનના આગળના ભેદો તરફ આકર્ષણ થઈ જાય છે. આ સર્વ યોગયુક્તિનો અભાવ બતાવે છે, અને પછી ચિદાનંદજી મહારાજ એક પદમાં જણાવે છે તેમ થાય છે. તેઓશ્રી કહે છે કેઃ—

> જોગજુગતિ જાણ્યા વિના, કહા નામ ધરાવે;
> રમાપતિ કહે રંકકું, ધન હાથ ન આવે. જોગ.
> ભેખ ધરી માયા કરી, જગકું ભરમાવે;
> પૂરણ પરમાનંદકી, સુધિ રંચ ન પાવે. જોગ.
> મન મુંડ્યા વિન મુંડકું, અતિ ઘેટ મુંડાવે;
> જટા જુટ શિર ધારકે, કોઉ કાન ફરાવે જોગ.
> ઊર્ધ્વ બાહુ અધો મુખે, તન તાપ તપાવે;
> ચિદાનંદ સમજ્યા વિના, ગિણતી નહિ આવે. જોગ.

આ પ્રમાણે સ્થિતિ છે. જોગજુગતિ જાણ્યા વગર ભેખ ધારણ કરવામાં આવે કે મુંડ મુંડાવવામાં આવે તેથી યોગીનું નામ ધારણ કરાય છે, પણ તેથી યોગી થવાતું નથી, અને આ જોગજુગતિ સમજવામાં, જાણવામાં અને અમલમાં મૂકવામાં સદ્ગુરૂના યોગની ખાસ જરૂર રહે છે. એમના પ્રતાપથી યોગનાં અંગોમાં રહેલી વિશિષ્ટતા અને તેને અમલમાં મૂકવાનો સમય સમજાય છે અને નકામા કાળ-

અને તેને વ્યક્ત કરવાનો આ પ્રયાસ છે. એ સર્વ કરવા માટે મનને પ્રથમ કબજામાં લેવાની જરૂર છે અને તેને માટે ક્રમસર વિચાર ગુર્વાદિના આશ્રય નીચે કરવાનો છે.” આ આત્મવિચારણા એ બહુ ઉપયોગી બાબત છે. આખી દુનિયાપર જય મેળવનાર અને મેળવવાની દોડાદોડી કરનાર પોતાની જાતને જ ન ઓળખી શકે એ બહુ મોટા ખેદની હકીકત છે અને એ ખેદ દૂર કરવાનો ઉપાય આત્મવિચારણા કરવી એ જ છે.

આવી રીતે આત્મવિચારણાપૂર્વક યોગયુક્તિને અનુસરીને જ્યારે યોગનાં અંગ અને પ્રત્યંગની સેવના કરવામાં આવે ત્યારે યોગમાર્ગમાં વધારો થતો જાય છે અને આત્મા પરમાત્માના માર્ગે ચડે છે. બહિરાત્મ ભાવ છોડી અંતરાત્મ સ્વરૂપ આદરી પરમાત્મ ભાવ પ્રગટ કરવાનું જે સાધ્ય તેમાં હોય છે તેને પ્રાપ્ત કરવાને રસ્તે જ્યારે તે લાગી જાય છે ત્યારે પછી જે કાર્ય કરવાનું છે તે બહુ ટુંકા વખતમાં–એક માસમાં સિદ્ધ થઈ જાય છે. જ્યાંસુધી આ જીવ બહિરાત્મ ભાવમાં વર્તતો હોય છે ત્યાંસુધી તે ઘર, પુત્ર, સ્ત્રી અને ધનાદિ પરભાવમાં સ્વબુદ્ધિ–આત્મબુદ્ધિ ધારણ કરી તેમાં રાચ્યો માચ્યો રહે છે, પણ જ્યારે તે આ પરભાવરમણતાનો અભ્યાસ છોડી દઈ અંતરાત્મ સ્વરૂપમાં લય થવા માંડે છે ત્યારે તેને વિવેકજ્યોતિ સ્ફુરે છે અને તેના પરિણામે ગુણસ્થાન આરોહણ કરતાં કરતાં છેવટે નિરંતરને માટે ઉપાધિમાંથી મુક્ત થઈ જાય છે. એ અંતરાત્મ દશામાં પ્રગતિ કરવી એ પરમાત્મ દશાનું અનુસરણ છે અને એ માર્ગે અધિકાર પ્રમાણે સદ્ગુરૂની નિશ્રા નીચે ગમન કરવાથી જે કાર્ય કરવા ભાળાભોળા સંન્યાસીનો પ્રયાસ છે તે કાર્ય તેને ટુંકા વખતમાં પ્રાપ્ત થાય છે. જો તે હઠયોગાદિ અકુશળ માર્ગમાં પડી જાય તો તેનો માર્ગ બહુ લાંબો થઈ જાય છે અને ઘણીવાર તેનો અધઃપાત પણ થાય છે પણ જો યોગના અવધાન સમયે મૂળ ઉત્તરગુણો બરાબર ધારણ કરી, પર્યંકાસન કરી અને પછી રેચક, પૂરક, કુંભકનો મન અને ઇંદ્રિયોપર જય મેળવવામાં ઉપયોગ કરે અને યોગઅવધાન ન ચાલતું હોય તેવે વખતે ભેગજાગતિપર વિચારણા કરી સ્થિરતા પ્રાપ્ત કરે અને પોતે જાતે જ આત્માનો વિચાર કરે તો પછી તેનું પરમ સાધ્ય–લક્ષ્ય બિંદુ–નિરંજન નિરાકાર

"હે જીવરૂપ મોરલા! આ જગતમાં આશારૂપ બંધન–નાડાની
રીત તદ્દન વિપરીત છે; તેના વડે કોઇને જકડ્યો–બાંધ્યો હોય ત્યારે
તે દુનિયામાં દોડાદોડ કરે છે અને તેનાથી છૂટો કર્યો હોય ત્યારે તે
એક સ્થાનકે રહે છે."

જંજીર–હાથીને પગે બાંધવાનું નાડું–દોરડું, તે સુતરનું હોય છે
અને બહુ જાડું તથા મજબૂત હોય છે. આ નાડા વડે હાથીનો પાછલો
પગ બંધાય છે. બીજો અર્થ જંજીર એટલે બેડી–સાંકળ પણ થાય છે,
પણ અત્ર બંધન અર્થ વધારે સમીચીન લાગે છે.

ભાવ–આ જીવરૂપ મયૂરને ઉદ્દેશીને જે કહે છે તે નાની વાત
પણ બહુ સમજવા જેવી છે. સામાન્ય નિયમ છે કે જ્યારે હાથીને
દોરડાથી બાંધ્યો હોય છે ત્યારે તે એક સ્થાનકે કેદખાનાની જેમ
હાથીખાનામાં પડ્યો રહે છે, પણ જ્યારે તેને છૂટો કરવામાં આવ્યો
હોય એટલે દોરડું છોડી નાખ્યું હોય ત્યારે તે આખા જગત્‌માં મરજી
આવે ત્યાં દોડતો ફરે છે; પણ જીવની વાત તેથી ઉલટી જ છે, તેને
જ્યારે આશારૂપ દોરડાથી બાંધ્યો હોય છે ત્યારે તે આખી દુનિયામાં
ફેર્યાં કરે છે, પણ જ્યારે તેને છૂટો કરવામાં આવ્યો હોય છે ત્યારે
તે એક જ સ્થાનકે રહે છે. કહેવાની મતલબ એ છે કે આશાના
પાસથી બધાયેલ પ્રાણી અનેક મતલબ માટે કર્મબંધન કરી સંસા-
રમાં રખડે છે અને તેનાથી મુક્ત થાય છે કે તુરત મોક્ષમાં જઈ
એક સ્થાનકે નિરંતરને માટે રહે છે. જંજીરના બંધનમાં અને આશા-
પાશના બંધનમાં આટલો બધો વિરોધ છે.

આશા એ એવી વસ્તુ છે કે એને પૂરો [illegible]
ને. એ આ જીવને આખા સંસારમાં રખડાવે છે. [illegible]
[illegible]ની રાખનાર આશા છે, ગરીબ હોય છે ને [illegible]
[illegible] છે, માટે સારા ઘરની [illegible]
[illegible] છે, નોકર પગાર વધવાની [illegible]
[illegible] મળવાની આશા રાખે છે [illegible]
[illegible] કર્યા કરે છે, પણ એ વસ્તુ [illegible]
[illegible] આચરણ કરવાની [illegible]
[illegible] ધન મેળવવાની [illegible]

શકતી નથી તેની શોધ પાછળ મંડ્યો છે એ તારી મૂર્ખતા છે. તું જાણે છે કે શરીરમાં સુખ નથી, શરીરના પાલન વડે સુખ નથી, શરીરનું સુખ નથી, છતાં તેને માટે તેનાથી જ તેમાં સુખ મેળવવા ઇચ્છે છે એ તારી નકામી હીલચાલ મૂકી દઈ તારા અંતરાત્મ ભાવની ખબર લે. અત્યાર સુધીની તારી હીલચાલ છે તે સર્વ બહિરાત્મ ભાવ છે, તે સર્વ તજી દે. વળી તારા શરીરમાંમાં શું છે તે તારા ધ્યાનમાં ન આવ્યું હોય તો તેનું બરાબર સ્વરૂપ બતાવવામાં આવે છે તે સાંભળ.

यामें पंच भूतका वासा, सासा धूत खवीसा;
छिन छिन तोही छलनकुं चाहे, समजे न बौरा सीसा. अवृ० २

"(શરીરરૂપ) મઠમાં પાંચ ભૂતનો વાસો છે અને શ્વાસોશ્વાસરૂપ ધૂર્ત ખવીસ પણ ત્યાં છે જે પ્રત્યેક ક્ષણે આ જીવને છળવાને ચાહે છે, તોપણ આ અજ્ઞાની ગાંડો શીખાઉ (તે) સમજતો નથી."

અથવા ધૂત શબ્દનો અર્થ 'કંપતો–ધ્રુજતો' એવો પણ કરી શકાય. આ અર્થ વિષયને અનુરૂપ છે.

ભાવ—જે શરીરઘરનું તું લાલનપાલન કરે છે તે ઘરમાં તો ભૂત અને ખવીસ રહેલાં છે. દુનિયાનો સર્વમાન્ય નિયમ છે કે જે ઘરમાં ભૂતનો વાસો થયો હોય ત્યાં જો કોઈ રહે તો તેને સુખ ઉપજતું નથી, શારીરિક અને માનસિક અનેક પ્રકારની ઉપાધિઓ નિરંતર થયા કરે છે. દુનિયાનો ભૂતથી મતલબ ખાસ ઉપયોગમાં હોતાં તેમ જ શરીરમાં પૃથ્વી વિગેરે ભૂતો પણ એક શબ્દવાચક હોવાથી તેપર શ્લેષ કરી સમજાવતાં આ જીવને કહે છે કે તારા શરીરમાં તો પાંચ ભૂતનો વાસો છે અને શ્વાસોશ્વાસરૂપ ખવીસ આવીને વસેલો છે. આ શરીર પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશનું બનેલું છે, મતલબ તેમાં પાંચ ભૂતો આવીને વસેલા છે. વળી આ ભૂત પિશાચથી પણ વધારે ભયંકર ખવીસ હોય છે. તે મહા ભયંકર હોય છે એમ કહેવાય છે અને તે બેને વળગેલ હોય તેને પ્રાણ લેતાં સુધી છોડ

[illegible]

તું શરીર ઉપર આસક્ત થઈ કેમ ઉંઘ્યા કરે છે, જરા જાગ્રત થઈ જો તો ખરો કે તારા હૃદયમાં શું ભર્યું છે: તું તો શરીરની લાલનાપાલનામાં, તેનાં સુખસાધનો એકઠાં કરવામાં અને તેને એશઆરામ આપવામાં જ મસ્ત રહે છે, પણ એમાં કાંઈ સુખ નથી, એ વસ્તુ તારી પોતાની નથી અને ઘરના ઘર ઉપર ખર્ચ કરવો તે તો ડહાપણ ભરેલું ગણાય પણ ભાડાના ઘર ઉપર શા માટે તું આટલો બધો વ્યય કરી નાખે છે?

વળી તું વિચાર કર. એ શરીરરૂપ ઘરનો તારે જરા પણ વિશ્વાસ કરવો યુક્ત નથી, કારણકે તે એક ક્ષણમાં આખું ને આખું ધસી પડે તેવું છે. કાચી માટીના બનેલા કાયારૂપ ઘરને પાયો જ નથી, એથી પાયા વગરનું ઘર એક ક્ષણવારમાં પડી જાય છે. આપણે આપણા અનેક મિત્રોને શરીર છોડી ચાલ્યા જતા જોયા છે, સાંજના જેની સાથે વાત કરી તે સવારમાં ભસ્મીભૂત થઈ ગયા સાંભળ્યા છે, પાંચ મિનીટ પહેલાં મળેલા હોઈએ તે મિત્રને હૃદય બંધ થતાં કાળનો કોળીયો થઈ જતા જોયા છે, તો પછી એ શરીરઘરનો ભરોસો કેવી રીતે રાખવો, એ તો એક ક્ષણમાં ધસી પડે તેવું પાયા વગરનું છે. શરીરને પંપાળવાની જેમની ટેવ પડી ગઈ હોય છે તેમણે આ બહુ વિચારવા જેવું છે. વાતવાતમાં તબીયત બગડી જનારાઓ, એક ઉપવાસ કરતાં ગળે કંઠ પાણીનાં પોતાં મૂકનારાઓ અને ઉનાળામાં હવા ખાવા જનારાઓએ શરીર પાસેથી શું કામ લેવાનું છે, તેની શું કિંમત આપવાની છે અને તેની ખાતર કેટલો ખોટો પ્રયાસ થાય છે તે લક્ષ્યમાં લેવા જેવું છે. ગમે તેટલા પરિશ્રમ કર્યા છતાં પણ એ કદિ તારૂં પોતાનું થવાનું નથી, અંતે તે ધસી પડવાનું છે એમ તું વિવેકનેત્ર ઉઘાડીને જો.

આ પ્રમાણે સ્થિતિ છે માટે તું બીજી નકામી હીલચાલ છોડી દઈને તારા અંતરાત્મામાં શું છે તેની ખબર લે, તેની તપાસ કર, તેને માટે શોધખોળ ચલાવ. તું હવે સમજ્યો તો ખરો કે આ શરીરઘર પાયા વગરનું છે તો પછી તેમાંથી તું શું સાર કાઢવાનો છે? તારા હૃદયમાં શું છે તેપર વિચાર ચલાવ. હાલ તો તું પાણીમાં માછલાના પગની નિશાની શોધે છે, જે વસ્તુ પાણીમાં કદિ રહી

શકતી નથી તેની શોધ પાછળ મંડ્યો છે એ તારી મૂર્ખતા છે. તું જાણે છે કે શરીરમાં સુખ નથી, શરીરના પાલન વડે સુખ નથી, શરીરનું સુખ નથી, છતાં તેને માટે તેનાથી જ તેમાં સુખ મેળવવા ઇચ્છે છે એ તારી નકામી હીલચાલ મૂકી દઈ તારા અંતરાત્મ ભાવની ખબર લે. અત્યાર સુધીની તારી હીલચાલ છે તે સર્વ બહિરાત્મ ભાવ છે, તે સર્વ તજી દે. વળી તારા શરીરમઢમાં શું છે તે તારા ધ્યાનમાં ન આવ્યું હોય તો તેનું બરાબર સ્વરૂપ બતાવવામાં આવે છે તે સાંભળ.

मढमें पंच भूतका वासा, सासा धूत खवीसा;
छिन छिन तोही छलनकुं चाहे, समजे न बौरा सीसा. अवधू० २

"(શરીરરૂપ) મઢમાં પાંચ ભૂતનો વાસો છે અને શ્વાસોશ્વાસરૂપ ધૂર્ત ખવીસ પણ ત્યાં છે જે પ્રત્યેક ક્ષણે આ જીવને છળવાને ચાહે છે, તોપણ આ અજ્ઞાની ગાંડો શીખાઉ (તે) સમજતો નથી."

અથવા ધૂત શબ્દનો અર્થ 'કંપતો-ધ્રુમતો' એવો પણ કરી શકાય. આ અર્થ વિષયને અનુરૂપ છે.

ભાવ-જે શરીરઘરનું તું લાલનપાલન કરે છે તે ઘરમાં તો ભૂત અને ખવીસ રહેલાં છે. દુનિયાનો સર્વમાન્ય નિયમ છે કે જે ઘરમાં ભૂતનો વાસો થયો હોય ત્યાં જો કોઈ રહે તો તેને સુખ ઉપજતું નથી, શારીરિક અને માનસિક અનેક પ્રકારની ઉપાધિઓ નિરન્તર થયા કરે છે. દુનિયાનો ભૂતથી મનાયલો ત્રાસ ઉપયોગમા લેતાં તેમજ શરીરમા પૃથ્વી વિગેરે ભૂતો પણ એક શબ્દવાચક હોવાથી તેપર શ્લેષ કરી સમજાવતાં આ જીવને કહે છે કે તારા શરીરમા તો પાંચ ભૂતનો વાસો છે અને શ્વાસોશ્વાસરૂપ ખવીસ આવીને વળગેલો છે. આ શરીર પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશનું બનેલું છે, મન [illegible] પાંચ ભૂતો આવીને વળગેલ છે. [illegible] આ ભૂત [illegible] પણ વધારે [illegible] હોય છે. તે સાથે વળગેલ હોય કે એમ કહેવાય છે અને તે [illegible] વળગેલ હોય તેને પ્રાણ લેતા સુધી છો[illegible]

[illegible]

તો જ નથી. શરીરમાં શ્વાસોશ્વાસરૂપ ધુતારો ખવીસ પણ રહેલ છે. અથવા શ્વાસોશ્વાસરૂપ ધુમતો-કંપતો ખવીસ ત્યાં રહે છે. ઇંદ્રિયરૂપ ભૂતો શરીરને એક ક્ષણ પણ છોડતા નથી અને વારંવાર તેનું છળ જોયા કરે છે, કોઈ પણ પ્રસંગ મળતાં તે ચોરની જેમ ઘરમાં પેસી જાય છે અને જીવની ઋદ્ધિને લુંટી લે છે; વળી જીવને છળવાની બાબત તેઓને બહુ પસંદ છે, કોઈ પણ પ્રસંગ આવે તો તેઓ તેનો કેડો મૂકતા નથી, પણ દરેક તકનો લાભ લઈ જીવ જરા પ્રમાદમાં પડે કે દાખલ થઈ જાય છે, પણ આ ગાંડો અભ્યાસી જીવ હજુ તેને ઓળખતો નથી, વસ્તુસ્વરૂપ સમજતો નથી અને શરીરને નિરંતર પંપાળ્યા કરે છે. ઇંદ્રિયો તેનાપર જય મેળવવા ઇચ્છે છે, શ્વાસોશ્વાસ તેનું આયુષ્ય ઘટાડવા મંડ્યો જ રહે છે. તેઓ આ જીવના પોતાના નથી, પારકા છે, કોઇ પણ વખતે છોડી જનારા છે, જીવને ગભરાવી થથરાવી નાખનારા છે, છતા આ જીવ તેઓમાં ગાંડા માણસની પેઠે-અજ્ઞાનીની પેઠે પ્રેમ રાખ્યા કરે છે. ચેતન! તારા શરીરમકતી આ સ્થિતિ છે તો હવે તું શું જોઇને એ બહિરાત્મ ભાવમાં પડી રહ્યો છે. તારાં વિવેકચક્ષુ ખોલીને જો, વિચાર કર, જાગ્રત થા, ઉઠ, આ પ્રમાદે ક્યાંસુધી બેસી રહીશ, તારૂં અંતર સ્વરૂપ હવે પ્રગટ કર અને બહિરાત્મ ભાવ છોડી દે.

शिरपर पंच वसे परमेसर, घटमें सूछम बारी;
आप अभ्यास लखे कोइ[१] विरला, निरखे धूकी तारी. अवधू० ३

"તારા માથા ઉપર પંચ પરમેષ્ઠી વસે છે. તેને તારા હૃદયની અંદર રહેલ સૂક્ષ્મ બારી દ્વારા આત્મઅભ્યાસથી કોઈ ભાગ્યશાળી પ્રાણી જુએ ત્યારે તે તેમાંથી ધ્રુનો તારો દેખે છે."

ભાવ-તું બહિરાત્મ ભાવમાં વર્ત્યા કરે છે પણ એમાં તારી બહુ મોટી ભૂલ થાય છે. જો સકળ આનંદ અને ગુણસમૂહના ધામરૂપ

૧ 'લખે કોઇ'ને બદલે 'મકારો' એવો પાઠ અન્યત્ર છે.

૩. પંચ=પંચ પરમેષ્ઠી, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. સૂછમ=સૂક્ષ્મ બારી=અવલોકન કરવાનું સ્થાન, વેધશાળા. આપ અભ્યાસ=આત્મ અભ્યાસ લખે=દેખે ધૂકી તારી=ધ્રુનો તારો, પોલર સ્ટાર.

પરમાત્મ ભાવ તારે પ્રાપ્ત કરવાની ઈચ્છા છે તો તેને માટે તારે અંતરાત્મ ભાવનું સ્વરૂપ પ્રગટ કરવું જોઈએ, તારા શરીરના સાક્ષી તરીકે રહેવું જોઈએ, કોઈ પણ શારીરિક બાબતમાં મમત્વબુદ્ધિ તજવી જોઈએ. આ અંતરાત્મ ભાવ આત્મઅભ્યાસથી દેખાય છે, પૌદ્ગલિક વસ્તુઓ કઈ છે, પર વસ્તુઓ કઈ છે અને તેઓનો અને આત્માનો સંબંધ શું છે, કેવો છે, કેટલો વખત ચાલે તેવો છે એ બરાબર વિચારી આત્મઅભ્યાસ–આત્મતત્ત્વચિંતવન–આત્મનિરીક્ષણ જ્યારે કોઈ ભાગ્યવાન્ પ્રાણી કરે છે, એટલે જ્યારે તે બહિરાત્મ ભાવ તજી અંતરાત્મ ભાવમાં રમણતા કરે છે ત્યારે પોતાના હૃદયમાં રહેલ સૂક્ષ્મ બારી દ્વારા પોતાના માથા ઉપર પંચ પરમેષ્ઠીને જુએ છે. હૃદયમાં રહેલ સૂક્ષ્મ બારી તે ક્ષયોપશમને લીધે થયેલ સૂક્ષ્મ ભાવગ્રાહી બોધ સમજવો. જ્યારે જ્ઞાનાવરણીય કર્મનો વિશેષ ક્ષયોપશમ થાય ત્યારે સૂક્ષ્મ વસ્તુ જાણી શકાય તેવો બોધ આત્માને થાય છે. આ બારીને રસ્તે કોઈ ભાગ્યવાન્ પ્રાણી હોય તે આત્મઅભ્યાસ કરે છે, એટલે સૂક્ષ્મ બોધ ધારણ કરી આત્મસ્વરૂપ જોવાનો અભ્યાસ કરે છે. તે જુએ છે કે પોતાના માથાપર પંચ પરમેષ્ઠી વસે છે અને તેની આજ્ઞા પોતાને માથે વહન કરવાની છે અને વળી વધારે બારિકીથી જુએ છે ત્યારે તેમને જણાય છે કે ત્યાં સૂક્ષ્મ ધ્રુનો તારો ઝળકે છે, મતલબ સૂક્ષ્મ બોધ થતાં આત્મસ્વરૂપના પ્રકાશનું તેજ તેને દૂરથી દેખાય છે. એ દૂરથી જે સૂક્ષ્મ દીપક દેખાય છે તે પરમાત્મ ભાવ છે, એનો સ્વયંપ્રકાશ તો અતિશય વિશેષ છે પણ હજુ આ જીવ આત્મઅભ્યાસ દ્વારા અવલોકન કરવાની શરૂઆત કરે છે ત્યારે તેને પરમાત્મદશાનું ઝાંખું સ્વરૂપ દૂરથી દેખાય છે અને પછી એના પૂર્ણ પ્રકાશને પ્રાપ્ત કરવા એવી પ્રબળ ઈચ્છા થાય છે કે તેનું વર્ણન કરી શકાય નહિ. પાંચસે પાવરના વિજળીના દીવાનો પ્રકાશ કે કીટસન લાઈટનો પ્રકાશ આ પ્રકાશની પાસે કાંઈ હિસાબમાં નથી. વળી તે ધ્રુના તારાની પેઠે નિશ્ચળ છે. ચેતન! આ ભૂત ખવીસના સ્થાનરૂપ શરીરઘરની પ્રતીતિ છોડી સદ્ગુરુ ધ્રુનો તારો જોવાનો યત્ન કર—એ એક વખત જોઈશ—એટલે પછી આ શરીરઘરની સાથે કેટલો સંબંધ રાખવો તે બાબતનો તારા મનમાં દૃઢ નિર્ણય થશે.

વિકલ્પોથી દૂર કરી તદ્દ્વારા અવલોકન કરીશ ત્યારે આત્મવિચાર દ્વારા તારો અપ્રતિપાતીભાવ-તારૂં પરમાત્મસ્વરૂપ-તારૂં લક્ષ્યસ્થાન-ધ્રુવ સ્થાન-અચળ સ્થાન દેખાશે. સંસારચક્રના દુઃખમય ઘોર આકાશમાં દૂરથી દેખાતો રમણીય-ચિર પ્રકાશ આપનાર-ઝળકતો આ ક્ષાયિક ભાવનો તારો તારૂં લક્ષ્યસ્થાન બનશે અને પછી તને યોગમાર્ગમાં આગળ ચાલવા સ્વાભાવિક પ્રેરણા થશે. આ અર્થસ્ફુરણામાં પંચ પરમેશ્વરનો અર્થ બરાબર બંધ બેસતો આવે છે કે તેને સ્થાને પાંચ ઇંદ્રિયો લેવી ઉચિત ગણાય તે વિચારવા યોગ્ય છે. તાત્પર્ય એ છે કે યોગના પ્રથમ અંગ યમમાં અત્ર પ્રવેશ કરી પરમાત્મ ભાવનું દર્શન કરી પછી જે ભાગ્યશાળી પ્રાણી હોય છે તે યોગમાર્ગમાં વધતો જાય છે. કેવી રીતે વધતો જાય છે તેનું કાંઈક દર્શન આજ પદમાં થશે.

आशा मारी आसन धरी घटमें, अजपाजाप जगावे;
आनंदघन चेतनमय मूरति, नाथ निरंजन पावे. अवधू० ४

"આશાનો ત્યાગ કરીને હૃદયમાં સ્થિરતા ધારણ કરે અને અંતરંગ ધ્વનિરૂપ અનુચ્ચારિત જાપ કરે ત્યારે આનંદના સમૂહરૂપ નિરંજન નાથની જ્ઞાનમય મૂર્ત્તિ પ્રાપ્ત કરે."

ભાવ-ઉપરની ગાથામાં ધ્રુનો તારો નિરખવાની જે હકીકત કહી તેનુ દર્શન કરી યોગમાર્ગમા ચેતન આગળ વધારો કરે છે તે આ પ્રમાણે: પ્રથમ આશાનો ત્યાગ કરવો એટલે જે કાર્ય કરવા ત તદ્દન નિરાશી ભાવથી કરવા, ફળાપેક્ષા વગર કરવા. બીજું તેની સાથે સ્થિરતા પ્રાપ્ત કરવી એટલે શરીરની પ્રવૃત્તિ ઉપર યોગ્ય અંકુશ આવી જાય અને સાથે આત્મતત્ત્વમા એકતા થવાથી મુખથી ઉચ્ચાર કર્યા વગર શુદ્ધ પરમાત્મદશાના ભાવના વિચારણારૂપ અંતરંગ જાપ ચાલ્યા કરે. એ ત્રણે ભાવ જ્યારે પ્રાપ્ત થાય ત્યારે સુખના જ રાશિરૂપ નિ.કેવળ આત્મસ્વરૂપમય શુદ્ધ મૂર્ત્તિ ચિદાનંદઘન સ્વરૂપ નિર્લેપ પરમાત્મ ભાવરૂપ શ્રી ભગવાનને તુ પ્રાપ્ત કરે એમા જરા પણ સંશય કરવા જેવું નથી. નિરંજન નાથ એટલે પરમાત્મ ભાવ સમજવો. એ

* મારી=દાબી દઈ ત્યાગ કરી આસન=સ્થિરતા અજપાજાપ=અંતરંગ ધ્વનિરૂપ જાપ વગરનો જાપ ચેતનમય=જ્ઞાનમય નિરંજન=મેલ વગરના

સર્વ આનંદનો સમૂહ છે, એમાં જરા પણ દુઃખનો ખ્યાલ નથી, અવકાશ નથી. વળી એ જ્ઞાનમય મૂર્ત્તિ છે એમાં જ્ઞાનાનંદ ઉત્કૃષ્ટ પ્રકારનો છે, એનાથી વધારે જ્ઞાનાનંદ બીજી કોઈ જગ્યાએ, બીજી કોઈ દશામાં પ્રાપ્ત થઈ શકે તેમ નથી, થઈ શકવાનો સંભવ જ નથી. એ ભાવ નિરંજન છે–નિર્લેપ છે. એમાં કર્મોનો નવિન લેપ લાગતો નથી તેથી એ ભાવમાંથી ચ્યુતિ કદિ પણ થતી નથી. એવા એ આનંદઘનરૂપ–જ્ઞાનસ્વરૂપ નિરંજન નાથને આશાનો રોધ કરવાથી, સ્થિરતા પ્રાપ્ત કરવાથી અને અજલ્પ જાપ કરવાથી પ્રાપ્ત કરી શકાય છે.

આશાના સ્વરૂપને અંગે ઉપર સાખીમાં કાંઇક વિવેચન થઈ ગયું છે અને વિશેષ હકીકત અઠ્ઠાવીશમા પદના વિવેચનમાં આવવાની છે. યમાદિ યોગનાં અંગોનો અભ્યાસ કરતા કોઈ પણ વખતે આશીભાવ ન હોવો જોઇએ. એ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરી આગળ વધવાનો મુખ્ય ઉપાય છે. આશાને અંગે સર્વ દુઃખો થાય છે અને ખાસ કરીને સર્વ આરંભના કારણ પાંચમા યમ પરિગ્રહ ત્યાગનું ઉત્પત્તિ સ્થાન અને સંસાર વધારનાર આશા હોવાથી અને નિર્મમત્વ ભાવની સ્પષ્ટ વિરોધી હોવાથી અનંત સુખપ્રાપ્તિના માર્ગે ગમન કરવા માટે આશાનો ત્યાગ કરી દેવો એ ખાસ જરૂરનું છે.

આસન એ યોગનું ત્રીજું અંગ છે. પાતંજલ યોગદર્શનમાં કહે છે કે સ્થિરસુખમાસનં નિશ્ચળ અને સુખકર જે આસન હોય તે યોગના અંગરૂપ આસન કહેવાય છે. મનની ચંચળતાને દૂર કરનાર અને સ્થૈર્ય સુખ સંપાદન કરનાર આસનથી શરીરયોગપર મજબુત અંકુશ આવી જાય છે.

આપણે છઠ્ઠા પદના વિવેચનમાં જોયું કે યોગશાસ્ત્રમાં શ્રીમાન હેમચંદ્રાચાર્યે પર્યંકાસન, વીરાસન, વજ્રાસન, પદ્માસન, ભદ્રાસન, દંડાસન, ઉત્કટિકાસન તથા ગોદોહિકાસનનું સ્વરૂપ* ચોથા પ્રકાશને છેડે બતાવી છેવટે કહ્યું છે કે જે જે આસન કરવાથી મન સ્થિર થાય તે તે ધ્યાનને સાધનારૂં આસન કરવું.† સામાન્ય રીતે અન્ય યોગ-

* [illegible]

† [illegible] ૧૩૪

ક્યાસીઓ પણ સ્થાન અને આસનના સંબંધમાં કહે છે કે જ્યાં અને જે આસને બેસવાથી રાગદ્વેષ લઘુતાને જલદી પામી જાય તે સ્થાને અને તે આસને ખાસ કરીને યોગકાળે બેસવું. શાસ્ત્રકાર કહે છે કે અમુક આસને બેસવાથી જ મન સ્થિર થાય છે એવો ખાસ નિયમ નથી અને અનેક મહાસત્ત્વવંત પ્રાણીઓ સર્વ અવસ્થામાં પરમાત્મભાવ પામી ગયા છે. પોતાને કયા સ્થાનમાં અને કેવા આસનથી સ્થિરતા પ્રાપ્ત થશે તે સંયોગ ઉપરથી વિચારી લેવું, પણ ખાસ કરીને એટલો તો નિયમ સમજી લેવો કે ચલિત આસનથી અને ધમાધમવાળી જગામાં સ્થિરતા પ્રાપ્ત થવી લગભગ અશકય છે. સ્થાન અને આસનની પ્રધાનતા એક મદદગાર તરીકે બહુ સારી થાય છે. વનરાજીથી વિરાજિત, સંસારના પવનની ગંધને પણ નહિ લેનાર, શાંત પર્વતની એકાંત ટોચપર પર્યંકાસન કરી આત્મવિચારણા કરવામાં આવે ત્યાં જે આત્મસમૃદ્ધિનો સાક્ષાત્કાર થાય છે તે મોટર, ટ્રામ અને ગાડીઓના અવાજ વચ્ચે કે અસ્થિર આસને ડોલતી ખુરશીપર થવો કે કલ્પનામાં આવવો અશક્ય છે. આસન યોગનું ત્રીજું અંગ છે અને યોગમાર્ગપર પ્રવેશ કરનારને તે ખાસ ઉપયોગી છે એ લક્ષ્યમાં રાખવું.

અજપા જાપઃ પરમાત્મતત્ત્વનું ચિંતવન કરવાની ટેવ પડ્યા પછી સુખેથી ઉચ્ચાર કર્યા વગર હૃદયમાં તેની લય લાગે છે, અનુચ્ચરિત જાપ ચાલે છે અને અન્ય વસ્તુઓ તરફ ધ્યાન ગયા વગર તેની જ રટણા ચાલ્યા કરે છે. છઠ્ઠા પદમાં અનાહત નાદનું સ્વરૂપ બતાવ્યું છે તેમાં ઘટમાં-હૃદયમાં એક અતિ મધુર અવાજ ચાલ્યા કરે છે તેમ જ તેની સાથે અંદર અજલ્પ જાપ ચાલ્યા કરે છે એમ કહેલ છે. આપણે સામાન્ય રીતે નવકારવાળી ગણતા હોઇએ છીએ ત્યારે સ્ફુટ કે અસ્ફુટ અક્ષર બોલીને કે વિચારીને જપ કરીએ છીએ, પણ જ્યારે યોગમાર્ગમાં જીવની પ્રગતિ થાય છે ત્યારે તે અનુચ્ચરિત જાપ કરી શકે છે. સાંસારિક પ્રાણી જેમ ધનાદિકનો અનુચ્ચરિત જાપ કરે છે, તેવી રીતે પરમાત્મદશા પ્રાપ્ત કરવાની રઢ લાગ્યા પછી તેનો અજલ્પ જાપ ચાલે છે.

આવી રીતે આશાનો ત્યાગ કરવાથી મનોયોગપર અંકુશ આવી

જાય છે, આસન સ્થિર કરવાથી કાયયોગપર અંકુશ આવી જાય છે અને અજપ્પ જાપ કરવાથી વચનયોગપર અંકુશ આવી જાય છે. આ ત્રણે યોગપર અંકુશ પ્રાપ્ત થવાથી સ્વપરનો વિવેક એટલો સ્પષ્ટ થાય છે કે પરિણતિની વિશેષ નિર્મળતા થઈ ધીમે ધીમે ક્રમસર નિરંજન નાથના પદપર આરોહણ થતું જાય છે, ચિદાનંદ ભગવાનની જ્ઞાનમય મૂર્ત્તિનું દર્શન થાય છે અને છેવટે પરમાત્મ ભાવ પ્રાપ્ત કરવાનું જે સાધ્ય બિંદુ છે તેનું જે ઝાંખુ દર્શન થયું હતું તે સ્પષ્ટ દર્શન થાય છે, તેની નજીક-તેની તરફ ગમન થતું જાય છે અને છેવટે [illegible] ભાવ પ્રાપ્ત થાય છે.

પદ આઠમું-સાખી.

*आतम अनुभव फुलकी, नवली कोउ रीत
नाक न पकरे वासना, कान गहे परतीत ॥ १ ॥

"આત્મઅનુભવરૂપ ફુલ-પુષ્પની કોઈ નવીન રીતિ છે, નાક તેની વાસના પકડતું નથી (પણ) કાનને તેની પ્રતીતિ થાય છે."

ભાવાર્થ-આત્મઅનુભવનું સ્વરૂપ આપણે કાંઈક ચોથા પદના અર્થમાં જોઈ ગયા. એ યથાર્થ સ્વરૂપના અવબોધથી આત્મા અનિર્વચનીય દશા ભોગવે છે અને યોગમાર્ગમાં સવિશેષપણે પ્રગતિ કરતો જાય છે. અત્રે આનંદઘનજી મહારાજ એ અનુભવજ્ઞાનને પુષ્પ સાથે સરખાવી તેનું એક સામાન્ય તત્ત્વ બહુ ઉત્તમ રીતે બહાર લાવે છે. સાધારણ રીતે પુષ્પ તેની સુગંધીથી ઓળખાય છે. ગુલાબ, ચંપો, જાઈ, જુઈ, મોગરો, ચમેલી વિગેરે પુષ્પની સુગંધી નાકને પહોંચે છે, એટલે તે ઢંકાયલું [illegible] કપડું વીંટી રાખ્યું હોય તોપણ નાક તેની વાસના ગ્રહણ [illegible] તેની હૈયાતી બતાવી આપે છે, પણ તેનો કાંઈ અવાજ ન [illegible] તેના અસ્તિત્વની ખબર પણ પડતી નથી; પણ અનુભવ[illegible] નવીન પ્રકારની છે. નાકને અનુભવપુષ્પની

[illegible]

ખબર પડતી નથી, પરંતુ કાનમાં અનાહત નાદ ચાલે છે જેનું સ્વરૂપ છઠ્ઠા પદની પ્રથમ ગાથાના વિવેચનમાં આપણે વિચારી ગયા છીએ તેનાથી કાનને તેની હૈયાતીની ખબર પડે છે. અર્હમ અર્હમ અથવા સોઽહમ સોઽહમ નો અદ્ભુત ધ્વનિ કાનની અંદર ચાલે છે ત્યારે અનુભવપુષ્પની પ્રતીતિ થાય છે. અનુભવપુષ્પની આ નવીનતા છે.

'કાન ન ગહે પ્રતીત' આ પ્રમાણે પાઠાંતર બીજી પંક્તિમાં છે તે પ્રમાણે આ સાખીનો અર્થ વિચારતાં નીચે પ્રમાણે અર્થ પ્રાપ્ત થાય છે તે પણ વિચારવા યોગ્ય છે. અનુભવજ્ઞાનનો વિષય આગલા પદમાં લીધો હતો તે અનુભવનું સ્વરૂપ બતાવી પછી શુદ્ધ ચેતના અનુભવને કહે છે કે મારા નાથને જાગ્રત કર. અનુભવ એટલે શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન. એ અનુભવને અત્ર પુષ્પ સાથે સરખાવીને કહે છે કે એ ફુલની રીતિ તો કોઈ જુદા જ પ્રકારની છે. સામાન્ય ફુલ હોય તો નાકને તેની વાસ આવે છે, જમીનપર તે પડે તો સહજ અવાજ થવાથી અથવા બીજાઓના કહેવાથી કાનને તેની પ્રતીતિ આવે છે પણ યથાર્થ સ્વરૂપજ્ઞાનની રીતિ તેથી ઉલટી જ છે. નાક તેની વાસ લઈ શકતું નથી અને કાનને તેનો અવાજ આવતો નથી, તેની જ રીતે શરીરને તેનો સ્પર્શ થતો નથી, રસના તેનો સ્વાદ લઈ શકતી નથી અને ચક્ષુ તેને દેખી શકતી નથી. એવું જ્ઞાન આત્માને ઇંદ્રિય દ્વાર થતું નથી પણ સ્વયં થઈ જાય છે. બાહ્ય વસ્તુનું જ્ઞાન ઇંદ્રિય દ્વારા થાય છે, પ્રથમ વ્યંજનાવગ્રહ થાય છે તે મન અને ચક્ષુ સિવાય ચાર ઇંદ્રિયો સાથે વસ્તુનો સંબંધ થવાથી થાય છે, પછી આ કાંઈ છે એવો બોધ પાંચ ઇંદ્રિયો તથા મનથી થાય છે તેને અર્થાવગ્રહ કહે છે, કયા વર્ગની તે વસ્તુ છે વિગેરે વિચારણાને ઇહા કહે છે, તે વર્ગમાંથી અમુક વ્યક્તિરૂપ એ વસ્તુ છે એમ નિર્ણય થવો તેને અપાય કહે છે અને તે નિશ્ચયને ધારી રાખવો એને ધારણા કહે છે. એવી રીતે બાહ્ય વસ્તુ-સ્થૂળ વસ્તુનું જ્ઞાન ઇંદ્રિય દ્વારા થાય છે. દાખલા તરીકે ગુલાબનું પુષ્પ હોય ને હાથને અડકે કે તરત જ જે થાય તે વ્યંજનાવગ્રહ, કોઈ વસ્તુનો સ્પર્શ થયો એમ જણાય તે અર્થાવગ્રહ, એ પુષ્પજાતિ છે એમ વિચારે તે ઇહા, એ ગુલાબનું ફુલ છે એવો નિર્ણય થાય તે અપાય અને તે નિશ્ચયને હૃદયમાં ધારી રાખવો એ ધારણા.

અને શુદ્ધ ચેતના એકઠાં મળી ગયાં છે ત્યાં પ્રસંગ જોઈ શુદ્ધ ચેતના અનુભવને કહે છે તે બરાબર વિચાર કરવા જેવી હકીકત છે.

હે અનુભવ! તું મારો ઘણા કાળનો મિત્ર છે, મારું અને મારા પતિ ચેતનરામનું એકત્રપણું કરવામાં અને તે થયેલું જોવામાં તું અતિ આનંદ લેનારો છે, ત્યારે હું તને કહું છું કે હે બંધુ! તું મારા પ્રાણનાથ પતિને જગાડતો કેમ નથી? એ તો બાપડા મોહનિદ્રામાં ઉંઘી ગયા છે અને પોતાનું સ્વરૂપ ભૂલી ગયા છે, પોતાપરનો અંકુશ મૂકી ગયા છે અને પોતાની જાતને બીજાના કબજામાં સોંપી બેઠા છે, તેથી તેઓની સ્થિતિ કેવી થઈ છે તે તો તું જો. એ તો મમતાના સંગમાં પડી ગયા છે, એમની સાંસારિક સ્ત્રીથી ઉત્પન્ન થયેલા છોકરાને એ પોતાનો છોકરો માની બેઠા છે, એ સો પચાસ વરસ રહેવાના ભાડાના ઘરને ઘરનું ઘર માની બેઠા છે, એ શરીરને આત્મા માની બેઠા છે, એ ધન દોલત થોડી કરી તેમાં સર્વસ્વ માની બેઠા છે, એ વ્યવહારના કાર્યને પોતાનું હિત માની બેઠા છે, એ વિષયારંભમાં દોડાદોડવામાં આનંદ સમજી બેઠા છે, એ સગાં સંબંધીના વ્યવહારને શાસ્ત્ર માની બેઠા છે, એ રડવા કુટવાના ઢોંગને વ્યવહાર માની બેઠા છે, એ ખાવા પીવાની વસ્તુઓમાં લેપાઈ ગયા છે, એ હારમોનીયમ પિયાનાના રાગને નાદ સમજી બેઠા છે, એ લાડી વાડી ગાડીમાં આસક્ત થઈ બેઠા છે, એ પોતે કોણ છે એનું ભાન ભૂલી ગયા છે, એ વિષય કષાયમાં મસ્ત થઈ પડ્યા છે અને પરભાવમાં રમણ કરી રહ્યા છે—આવી એમની સ્થિતિ મમતાને લીધે થયેલી છે, અહં અને મમનો મંત્ર જગતને અંધ કરનાર છે, એ મંત્રે તેમને પણ અંધ બનાવી દીધા છે અને તેથી પોતાની ખોટી માન્યતાનાં બનાવેલાં ઘર, શરીર, સ્ત્રી, પુત્રાદિમાં મારાપણાની બુદ્ધિ કરી તેમાંથી સુખ મેળવવા ઇચ્છે છે, એમને ખરેખરા સુખનો ખ્યાલ નથી, ખરું સુખ તો તેનું નામ કહેવાય કે જ્યાંથી ફરીવાર ચ્યુતિ ન થાય, જે નિરંતર એક સરખી રીતે રહે અને જેમાં પરતંત્રતા ન હોય, એને બાદલે એ તો પરવસ્તુમાંથી સુખ મેળવવા પાછળ મંડી પડ્યા છે, એ તો સંતતિને ઉછેરવામાં, ઘર બંધાવવામાં અને ધન કમાવામાં સુખ માને છે અને તેથી સુખ મળશે એવી આશા રાખે છે, પણ એ તો પારકી વસ્તુ છે,

અને શુદ્ધ ચેતના એકઠાં મળી ગયાં છે ત્યાં પ્રસંગ જોઈ શુદ્ધ ચેતન
અનુભવને કહે છે તે બરાબર વિચાર કરવા જેવી હકીકત છે.

હે અનુભવ! તું મારો ઘણા કાળનો મિત્ર છે, મારૂં અને માર
પતિ ચેતનરામનું એકત્રપણું કરવામાં અને તે થયેલું જોવામાં
અતિ આનંદ લેનારો છે, ત્યારે હું તને કહું છું કે હે બંધુ! તું માર
પ્રાણનાથ પતિને જગાડતો કેમ નથી? એ તો બાપડા મોહનિદ્રામ
ઉંઘી ગયા છે અને પોતાનું સ્વરૂપ ભૂલી ગયા છે, પોતાપરનો અંકુ
ચૂકી ગયા છે અને પોતાની જાતને બીજાના કબજામાં સોંપી બેઠા છે
તેથી તેઓની સ્થિતિ કેવી થઈ છે તે તો તું જો. એ તો મમતાના સંગમ
પડી ગયા છે, એમની સાંસારિક સ્ત્રીથી ઉત્પન્ન થયેલા છોકરાને
પોતાનો છોકરો માની બેઠા છે, એ સો પચાસ વરસ રહેવાના ભાડાન
ઘરને ઘરનું ઘર માની બેઠા છે, એ શરીરને આત્મા માની બે
છે, એ ધન ફરતી ચોકી કરી તેમાં સર્વસ્વ માની બેઠા છે,
વ્યવહારના કાર્યને પોતાનું હિત માની બેઠા છે, એ વિષયકર્દમ
રોળાવામાં આનંદ સમજી બેઠા છે, એ સગાં સંબંધીના વ્યવહાર
શાસ્ત્ર માની બેઠા છે, એ રડવા કુટવાના ઢોંગને વ્યવહાર મા
બેઠા છે, એ ખાવા પીવાની વસ્તુઓમાં લેપાઈ ગયા છે, એ હારમે
નીયમ પિયાનાના રાગને નાદ સમજી બેઠા છે, એ લાડી વાડી ગાડી
આસક્ત થઈ બેઠા છે, એ પોતે કોણ છે એનું ભાન ભૂલી ગયા
એ વિષય કષાયમાં મસ્ત થઈ પડ્યા છે અને પરભાવમાં રમણ ક
રહ્યા છે—આવી એમની સ્થિતિ મમતાને લીધે થયેલી છે, અહં અ
મમનો મંત્ર જગતને અંધ કરનાર છે, એ મંત્રે તેમને પણ અંધ બના
દીધા છે અને તેથી પોતાની ખોટી માન્યતાનાં બનાવેલાં ઘર, શરી
સ્ત્રી, પુત્રાદિમાં મારાપણાની બુદ્ધિ કરી તેમાંથી સુખ મેળવવા ઇ
છે; એમને ખરેખરા સુખનો ખ્યાલ નથી, ખરૂં સુખ તો તેનું ના
કહેવાય કે જ્યાંથી ફરીવાર ચ્યુતિ ન થાય, જે નિરંતર એક સર
રીતે રહે અને જેમાં પરતંત્રતા ન હોય, એને બદલે એ તો પરવસ
માંથી સુખ મેળવવા પાછળ મંડી પડ્યા છે, એ તો સંતતિને ઉછે
વામાં, ઘર બંધાવવામાં અને ધન કમાવામાં સુખ માને છે અને તે
સુખ મળશે એવી આશા રાખે છે, પણ એ તો પારકી વસ્તુ

કારણ નથી, તારે મારા ઉપર જરા પણ ગુસ્સે થવાનું કારણ નથી, કારણકે મેં જે વાત કહી તે તો તું પોતેજ શીખવે છે. તુંજ કહે છે કે મમતામાં કાંઈ સાર નથી, એ અંધ કરનાર છે અને એના પાસમાં પડેલો પ્રાણી કદિ સુખ પ્રાપ્ત કરી શકતો નથી; તેથી તારી કહેલી વાતજ હું કહું છું. આટલા ઉપરથી હું ધારૂં છું કે તું મારા ઉપર ગુસ્સો તો લાવીશ નહિ. વધારે વાત કહેવાથી તો દુઃખ લાગી જાય તો જેમ સર્પની ફણ જેવી આંગળી લાગે તેવું થઈ આવે છે.

ટપકો આપતી વખત અન્ય તરફ લાંબો હાથ કરવામાં આવે છે તે સર્પ જેવો લાગે છે તેમ હું તને કહું છું તે દુઃખ જેવું તને લાગતું હશે. અંગુલી સર્પ દિખાવે એટલે ટપકો આપતી વખત જેવો સર્પાકાર હાથ દેખાય તે પ્રમાણે હું તને લાગતી હોઈશ—એ પ્રમાણે આનો ભાવ થાય છે.

આ ભાવ હજુ બરાબર સમજાયો નથી. કોઈને ટપકો વારંવાર આપતાં તેને છેવટે એટલું બધું માઠું કોઈ વખત લાગી જાય છે કે પછી ટપકો આપવા માટે જે આંગળી ફેરવવામાં આવે તે પણ તેને સર્પ જેવી લાગે છે. આ પ્રમાણે ભાવથી નીકળવો પણ સંભવિત [illegible]

ણુનો ભય નથી, સર્વદા એક સરખી સ્થિતિ છે અને આત્મગુણ રમણરૂપ અને સ્થિરતારૂપ ચારિત્ર છે. એ સિદ્ધ સ્વરૂપ ચેતનની સુમતિ સ્ત્રી જે શુદ્ધ ચેતના પોતે જ છે તેની સોબતમાં હોય ત્યારે તો એનું નિષ્પન્ન રૂપ થઈ જાય છે, પછી તે આમ ચક્રભ્રમણ કરતો નથી, પછી પારકી વસ્તુને પોતાની માનતો નથી, પછી જ્યાં ત્યાં માથું મારતો નથી; માટે હે અનુભવ! મારા નાથ પરભાવમાં રક્ત છે એ સંબંધમાં જરા પણ શંકા જેવું નથી, તેથી હું તને કહું છું કે ત પાણીમાંથી માખણ વલોવવા માગે છે, વેળુમાંથી તેલ કાઢવા માગે છે, અજાગલસ્તનમાંથી દૂધ મેળવવા માગે છે એ ખરી વાત છે. એ સંબંધમાં તારે જરા પણ દુઃખ લગાડવું નહિ, તારે મારી તરફ આંગળી બતાવવી નહિ, પણ તું તેનો મિત્ર છો તેથી તને કહું છું કે હવે કૃપા કરીને તું તારા મિત્રને જાગ્રત કર અને આ અનાદિ મોહ-મદિરાના કેફમાં તે આસક્ત થઈને પડેલો છે તેનો તેને વાસ્તવિક ખ્યાલ આપીને તેમાંથી તેને ઉઠાડ-જગાડ.

સામાન્ય જ્ઞાન અને અનુભવ એ બેમાં શો તફાવત છે તે તરફ જરા ધ્યાન દેવાની જરૂર છે. વિશ્રામકારક વિચારને જ્ઞાન કહે-[illegible] એટલે અમુક વિચારોપર સ્થિરતા થાય તે જ્ઞાન, એમાં [illegible] થય છે. આનંદકારક જ્ઞાનને અનુભવ કહેવામાં આવે છે [illegible] તેનુ [illegible] પણ પ્રાપ્ત થાય છે. આ તફાવત [illegible]

પદ નવમું: [illegible]

नाथ निहारो आपमतासी.
वंचक शठ संचकर्मा रीते,
खोटो खातो खतासी. नाथ० १

[illegible] छे ह नाथ [illegible] आप थाय छ [illegible] आप[illegible]पंखा, सुख[illegible]

આશ્રવને સંવર તરીકે બતાવી જમે ઉધારની રકમનો ગોટો કરયો; તેમ જ તે સંચક-સંચય કરનારી છે, આશ્રવ જેવાં મોટાં ગરનાળાં મૂકી તે દ્વારા તે કર્મોને એકઠાં કર્યા કરે છે, કર્મને જવાનો માર્ગ કરી આપી તેઓને ઓછાં કરવાં, આવતાં અટકાવવાં કે ખેરવી નાખવાં (પ્રદેશઉદય, સંવર અને નિર્જરા) એ તેને આવડતું નથી; આથી તે તદ્દન વિપરીત ખાતું ખતવે છે, માત્ર પોતાના ખાતામાં જમે કરે જાય છે અને તમારે ખાતે ઉધાર્યે જાય છે. તમને નિરંતર દેવાદારની સ્થિતિમાં જ રાખે છે. જો એના ચોપડામાં પ્રદેશઉદય દ્વારા કર્મનો ઘટાડો થતો હોય કે સંવરથી આવતાં કર્મોનો રોધ થતો હોય અથવા નિર્જરા દ્વારા કર્મ ખેરવી શકાતાં હોય તો તો તમારો કોઈ દિવસ પણ છૂટકારો થાય, મુક્તિ મળે, પણ તે તો પોતાના ખાતામાં જમે જ કર્યા કરે છે તેથી તમારા સામે મોટી રકમ લેણી રહ્યા જ કરે છે, ત્યારે આવું વિપરીત ખાતું તૈયાર કરનાર વ્યાજખાઉ ચાહુડીની જેવી તે સ્ત્રી સાથે વ્યવહાર કરવો હે નાથ! તમને કેમ પસંદ આવે છે? માટે હે નાથ! તમે હવે મારા સામું જુઓ અને મમતા તરફ જોતા અટકો, એની સોબતમા તમને કોઈ પણ પ્રકારનો લાભ નથી, એમાં તમારી આબરૂ જાય છે અને તમારી હુશિયારીની પણ કિંમત થાય છે.

आप विगुंवण* जगकी हांसी;
सियानप कौण बतासी,
निजजन सुरिजन मेला ऐसा
जैसा दूध पतासी. नाथ० ॥ २ ॥

"તારી પોતાની વગોવણી અને જગતથી થતી મશ્કરી (તું હાથે કરીને વહોરી લે છે). (હવે) તને ડહાપણ કોણ બતાવશે? જુઓ, પોતાનું કુટુંબ જે સજ્જન છે તેઓનો મેળાપ તો એવો છે કે જેવો દૂધ અને પતાસાનો મેળાપ હોય."

---

* [illegible]

૨ [illegible]



શુદ્ધ માર્ગ બતાવનાર ત્યાં તો કોઈ મળશે નહિ તેથી તારે તો એક ખાડામાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં પડવું જ પડશે; માટે એવા ખાતાનો સંબંધ છોડી દે અથવા એવા ખાતાં ખતવનાર મમતાનો સંગ છોડી દે અને મારી સામી નજર કર, મને ભેટ, મારા મંદિરે પધાર.

હે નાથ! ઘણા વખતના સંબંધથી કદાચ તને એમ લાગતું હશે કે મમતા એ તારૂં પોતાનું માણસ છે, પણ તે વાત ખરી નથી. એ તો તને ફસાવનાર, દુઃખ દેનાર, હેરાન કરનાર છે. જો, આ તારાં સંબંધી તો શુદ્ધ સંયમ, ક્ષમા, સંતોષ, વિવેક, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, બ્રહ્મચર્ય વિગેરે છે, એ તારાં ખરેખરાં કુટુંબી છે, તારા અંગનાં સગાં છે અને વળી ખરેખરાં સજ્જન છે. તેઓ તારારૂપ છે, તારી જેવાં છે, તારા ખરાં વાલેસરી છે, તારા હિતેચ્છુ છે, કદિ ખોટું ખત ખતવનારાં નથી, વિડંબના કરનારાં નથી, હાંસી કરાવનારાં નથી. તું સ્વભાવે મીઠો છે, તારા સહજ રૂપમાં હોય ત્યારે અનુપમ સમતાસાગરમાં ડુબકી મારનારો છે અને તારૂં કુટુંબ પણ તેવું જ મીઠું છે. તેઓનો અને તારો મેળાપ તે દૂધમાં પતાસું—સાકર ભળે તેના જેવો મધુર છે. તારી શુદ્ધ દશામાં તું હો ત્યારે તેઓ સાથે તારો સંબંધ ઝળકે છે, પ્રગટ થાય છે, વ્યક્ત રૂપે દેખાય છે, શોભી નીકળે છે અને ખરો સબંધ તેજ છે, માટે મારૂં કહેવું માન્ય કરીને વગોવણી કરનાર, મશ્કરી કરાવનાર મમતા ઓનો સંગ મૂકી દઈ આ ખરા સંબંધીઓ તારા રૂધિરરૂપ છે તેઓનો સંબંધ કર, તેઓ સાથે સંબંધ કર અને તેમ કરવા સારૂ પ્રથમ મને નિહાળ, મારા સામી દૃષ્ટિ કર, મને જો. હે નાથ! તું સારી રીતે જાણે છે કે હમેશાં દૂધની અંદર સાકર ભળે છે અને છાશમાં મીઠું ભળે છે, તો આ દૂધના સંબંધીઓમાં તારા સંબંધરૂપ સાકરને ભેળવ અને મીઠાશમાં વધારો કર, બાકી મમતાની સંગતમાં તો મીઠું જ ભળશે, કારણકે તેનો સ્વભાવ છાશ જેવો છે તેની સાથે તો ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, શોક, ભય, દુગછા, વિષય વિગેરે જ આવશે. માટે હું ફરી વાર વિનતિ કરીને કહું છું કે તું મારા સામું જો અને મમતાનો સંગ દૂર કર.

મમતાની મોબત છોડી દો અને મારી સામું જુઓ, મારી વ[illegible]
સાંભળો, મારે મંદિરે પધારો અને મારી સાથે રમણ કરો.

સમતા સિવાય આ જીવને કોઈ હિત કરનાર નથી એ હકી[illegible]
જરા વધારે સ્ફુટ કરીએ. આ જીવ જ્યાંસુધી મમતાસંગમાં આસ[illegible]
રહી પૌદ્ગલિક વસ્તુઓપર રમ્યા કરે છે ત્યાંસુધી તે કદિ ઊં[illegible]
આવી શકતા નથી, કર્મબંધનમાં જરાકાંઈ નિયમ વગર અહીં ત[illegible]
રખડ્યા કરે છે, તેના વિચાર સુધરતા નથી, તેની આત્મપરિણતિ[illegible]
નિર્મળતા થતી નથી, તેનામાં શાન્તિ, ક્ષમા, ધીરજ, અનુકંપા વિગે[illegible]
સદ્ગુણો આવતા નથી, તેનામાં ઔદાર્ય, ગાંભીર્ય, મહિમ્નતા, તે[illegible]
સ્થિતા પ્રગટ થતાં નથી, તેથી તે વિષયકષાયમાં આનંદ માને [illegible]
સંસારમાં સુખ માને છે અને ઘર સ્ત્રી પુત્ર કુટુંબમમત્વમાં રાચ્યો માચ્યો
રહે છે, પણ જ્યારે તેની પરિણતિ સુધરે છે ત્યારે તે સંસારનું સ્વરૂ[illegible]
સમજે છે, વિષયના કટુ વિપાક જોઈ શકે છે, કષાયવૃક્ષના ક[illegible]
ફળનો સ્વાદ જાણી શકે છે, પછી તેને તેઓ ઉપર તિરસ્કાર છૂટે [illegible]
ક્રોધ ઉપજે છે અને પછી સ્વગુણનું કાંઈ છે તે શોધવાની ઇચ્છા [illegible]
થતાં તેને સ્વગુણનું જ્ઞાન થવા માંડે છે, સંસારનું અનિત્ય સ્વરૂપ સમજે
છે, જીવને શરણ આપનાર અન્ય કોઈ નથી, પોતે એકલો જ [illegible]
[illegible] સુધારી શકે તેવી સ્થિતિ કે શક્તિવાળો છે [illegible]
[illegible] આવી જાય છે, ત્યાર પછી તે સર્વ જીવોને [illegible]
[illegible] છે, તેઓના રહેલી અનંત શક્તિનો ખ્યાલ કરી શકે [illegible]
[illegible] તેને સુખ ઉપર અનુગ્ર પ્રીતિ અને દેહ ઉપર [illegible]
[illegible] છે. કિંવદે [illegible] સુખ [illegible] સમતામાં તે લીન થ[illegible]
[illegible] છે, [illegible] કરે છે, [illegible] વિશુદ્ધિ કરે [illegible]
અને [illegible] હિત [illegible]
[illegible] છે, [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

એના સિવાય આ જીવનું વાસ્તવિક હિત સાધનાર બીજું કોઈ નથી. જેમ મીઠા વગરની રસોઈ સ્વાદ રહિત છે, જેમ રસ વગરની કેરી નકામી છે, જેમ પ્રેમ વગરનો મેળાપ અર્થ વગરનો છે તેમ સમતા વગર ગમે તેટલાં ક્રિયા અનુષ્ઠાનો કરવામાં આવે પણ તે એકડા વગરનાં મીંડાં જેવાં છે એમ સ્વરૂપજ્ઞ સિદ્ધ સાક્ષરો વારંવાર જુદા જુદા આકારમાં આ જીવના એકાંત હિત ખાતર કહી ગયા છે. તેથી એમ જણાય છે કે સમતા વગર આ જીવનું વાસ્તવિક હિત સાધી આપનાર અન્ય કોઈ નથી. (સમતાનું વિશેષ સ્વરૂપ, તેને પ્રાપ્ત કરાવનાર સાધનો અને તેને અંગે પ્રાપ્ત થતી મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય, માધ્યસ્થ્યાદિ ભાવનાઓપર અધ્યાત્મકલ્પદ્રુમના પ્રથમ સમતા અધિકારમાં સવિસ્તર વિવેચન કરવામાં આવ્યું છે. તેના ઇચ્છકને ત્યાંથી તેનું સ્વરૂપ પ્રાપ્ત થઈ શકશે).

તેટલા માટે હે નાથ! તમે મમતાનો સંગ મૂકી દો અને મારા સામું જુઓ. હું તમને ખાત્રી આપું છું કે તમને હિત કરનાર સમતા સિવાય અન્ય કોઈ નથી. તમે જેને તમારી માનો છો તે તો તમને બનાવે છે. અને ઓળે (પડછાયે) પણ તમે જશો તો પસ્તાશો, માટે [illegible] સબંધી છે તેને તમે આદરો. તેઓની સાથેનું સગપણ સ્પષ્ટ [illegible] અને [illegible]ની સાથે તમારૂં જીવન ઓતપ્રાત જોડી દો.

પદ દશમું. રાગ ટોડી.

परम नरमगति और न आवे. परम.
मोहन गुन रोहन गति सोहन.
मेरी बेर ऐसे निठुर लिखावे. परम० १.

"બીજી [illegible] આવે (લાવે ના) તે અત્યત નરમ [illegible], [illegible] ગુણને રોકી અને શોભા કરવાવાળી ગતિ [illegible] (થઈ જાય છે) અને મારી વખતે તો એવો કઠેર થઈ જાય છે."

[illegible] = મનના વિગેર બીજી [illegible] કરવાવાળા [illegible] [illegible]

થઈ જાય છે, ગમે તેવી શક્તિવાળો હોય તોપણુ તે અશક્ત થઈ જાય છે અને જાણે તેની બુદ્ધિ આગળ જરા પણુ વધી શકતી ન હોય તેવો તે થઈ જાય છે. ચેતન પણુ મમતાની સોબતમાં હોય છે ત્યારે મીંણ જેવો નરમ થઈ જાય છે, તેની સાથે લટી પડે છે, તેના સંબંધમાં આવવાથી જાણે તેમયજ હોય તેમ વર્તન કરે છે. જો કે એ મારા પતિ મોહન છે એટલે સર્વને મોહ પમાડે તેવા—આકર્ષણુ કરે તેવા સુંદર છે, ગુણુના રોહણુાચળ છે અર્થાત્ ગુણોરૂપી રત્નોની ખાણુ જેવા છે અને સોહન એટલે સુંદર ગતિવાળા છે, છતાં જ્યારે મારી શોક તેની પાસે હોય છે ત્યારે વિભાવદશાનું જોર એનાપર એટલું બધું થઈ જાય છે કે જાણે પોતે તદ્રૂપ હોય તેવો તેના દેખાવ લાગે છે, તેનાં વર્તન, વાણી અને વિચારો મમતામય હોય—સંસારમય હોય તેવા દેખાય છે, તે જાણે સ્વભાવદશામાં વર્તતો હોય, જાણે મમતા એ જ એની સ્વભાવદશા હોય એવો એ અનાદિ વિભાવને લીધે થઈ જાય છે અને જ્યારે મારા સંબંધની વાત એની પાસે કોઈ કરે છે, મારૂં નામ કોઈ તેની પાસે લે છે, મારી સાથે રમણુ કરવાની કોઈ તેને સૂચના કરે છે ત્યારે તો તે એવો કઠોર બની જાય છે કે તે વાત તરફ ધ્યાન પણુ આપતો નથી, તે તરફ રૂચિ બતાવતો નથી અને તે ભાવમાં રમણુ કરવાનું મન બતાવતો નથી. મારી શોકના સંબંધમાં હોય ત્યારે તો લહેરમાં આવી જાય છે અને મારી વખતે તો જાણે અણુમાનીતી સાથે વર્તન કરવું હોય તેવો કડક બની જાય છે, મારા બતાવેલાં—એનામાં સ્વભાવે રહેલાં છે તેવાં શાંતિ, ક્ષમા, દયા, બ્રહ્મચર્ય, સત્યાદિ ગુણો તે પોતામાં પ્રકટ કરતો નથી, રમણ કરતો નથી, વિકસ્વર કરતો નથી. મમતાના સંબંધમાં જેવો તે પોચો-નરમ હૃદયનો થાય છે તેવો જ મારા સંબંધમાં કઠોર હૃદયનો [illegible] તે થઈ જાય છે. આ પ્રમાણે અર્થ કરવામાં બીજી ગાથામાં રહેલ પદને અર્થ જરા ખેંચવો પડે છે તે વિચારવા યોગ્ય છે, જો કે સામાન્ય રીતે એ અર્થ આગળના પદ સાથે અને વસ્તુ-[illegible] નથી બહુ અનુરૂપ થઈ પડે છે.

चेतन गात मनात न एतें,
मुख वमात जगात बढावे;

વસાત-વાસ્તે કર્મબંધરૂપ દેવું વધારી મૂકે છે. આ સંબંધમાં 'મૂલડો
થોડો ભાઇ વ્યાજડો ઘણોરે કેમ કરી દીધો જાય' એ પર ચોપનમું
પદ છે તેપર વિસ્તારથી વિવેચન કરવામાં આવશે.

હવે આવી રીતે હે બહેન! મારા નાથ તો પરભાવમાં મસ્ત
બની તદ્રૂપ (દુર્ગુણના રાશરૂપ) થઈ જઈ મારી વાત પણ સાંભ-
ળતા નથી, મારા સામું પણ જોતા નથી. કમનશીબે તેઓને ઠેકાણે
લાવે તેવી સંદેશા લાવ લઇ જાવ કરનારી કોઈ દૂતી પણ નથી.
દૂતીનું કામ પ્રેમી જોડા વચ્ચેના સંદેશા લાવ લઇ જાવ કરી તેઓનો
મેળાપ કરી આપવાનું છે તે તું જાણે છે, પણ મારી પાસે એવી
કોઈ ચતુર દૂતી પણ નથી કે જે મારા સંદેશા પતિને પહોંચાડી
અમારો બેનો સમાગમ કરી આપે-અમને બેને જોડી આપે. તેમજ
બે વ્યાપારી વચ્ચે વાંધો પડ્યો હોય તો પતાવી આપી માલ વેચાવી
શકે તેવો અથવા બે વ્યાપારીને એકઠા કરી માલનું સાટું કરાવી
શકે એવો હુશિયાર-ચાલાક દલાલ પણ મને મળતો નથી. સાધારણ
દલાલથી કાંઇ મોટા સોદા થઈ શકતા નથી તેમજ મોટો વાંધો પણ
પતી શકતો નથી અને મારે અને મારા પતિને તો ઘણા કાળથી
વાંધો પડી ગયો છે તે કાઢી આપે એવો કોઈ દલાલ પણ જણાતો
નથી. જો હુશિયાર દલાલ હોય તો મારા પ્રેમરૂપ કરીઆણાની
કિંમત કેટલી છે, તે માલ કેવો સારો, મોંઘો અને ટકાઉ છે અને
મમતાનો માલ કેવો તકલાદી અને પરિણામે અહિત કરનારો છે તે
બતાવી મારા પ્રેમનો સોદો કરી આપે, પણ દૂતી કે દલાલનું કામ
કરે તેવું કોઈ મારી નજરે નથી. બહેન! તું જાણે છે કે પ્રેમની બાબ-
તમાં વચ્ચે પડી મેળાપ કરી આપવાનું કામ દૂતીનું છે અને ખરી-
દીનું કામ દલાલનું છે. પણ મારો પ્રેમ અપાર અને અનંત છે,
પરિણામે મહા સુખ આપનાર છે અને મમતાનો પ્રેમ ખોટો, ઉપર
ઉપરનો અને પરિણામે મહા દુઃખ આપનાર છે એમ બતાવી આપે
એવો દલાલ કોઈ નથી એ મહા દુઃખની બાબત છે. માલ પરખાવવાનું
કામ પણ દલાલ જ કરે છે અને સોદો તેનાથી કરી શકે છે, વેપારી
પોતે જે યુક્તિથી વાત કરી શકતો નથી તેવી યુક્તિથી દલાલ કામ
કરી શકે છે, કારણકે સોદા કરાવવા એ તેનો ખાસ વિષય છે.

તોએ ચેતનની સ્ત્રી છું, ચેતનના ઘરની દાસી છું અને ગૃહિણી ઘરની એબ ઉઘાડે એ સતીકર્તવ્ય કહેવાય નહિ. મારે એમની સાથે રહેવાનું અને અત્યારે હું તેમનું વાંકું બોલું તો કુલીન સ્ત્રીને યોગ્ય કહેવાય નહિ. આવી બાંધ ઉઘાડવા જેવી અમારી કથા જ્યાં ત્યાં કર્યા કરવી એ મને તો જરા પણ યોગ્ય લાગતું નથી, તોપણ હે સખિ! મેં બાંધ ઉઘાડીને પણ મારી વાત તને કરી, કેમકે મારા પતિ મારા મંદિરે પધારતા નથી, મને એકલી રાખી મૂકે છે તેથી તેના વિરહથી ઉત્પન્ન થયેલી જ્વાળા મને આખી રાત હેરાન કરે છે. પતિ વગરની સ્ત્રીઓની રાતે જે દશા થાય છે તે મારે દરરોજ અનુભવવી પડે છે અને તે મને જરા પણ પસંદ આવતું નથી. બીજો અર્થ એમ પણ થાય છે કે મારા પતિ મારી સાથે રીસાણા છે એ વાતની લંપટ પુરૂષોને ખબર પડી છે તેથી તેઓ મને રાતે અનેક પ્રકારના ત્રાસ આપે છે, દુઃખ આપે છે અને મંદિરનો કબજો મેળવે છે. આ જાર પુરૂષ તે પરભાવ સમજવો. પૌદ્‌ગલિક ભાવમાં અથવા ચેતનેતર અન્ય વસ્તુમાં રમણ કરવારૂપ લંપટ પુરૂષ શુદ્ધ ચેતનાના મંદિરનો કબજો ચેતન વિભાવદશામાં હોય છે ત્યારે લે છે અને પછી તેનાથી અનર્થપરંપરા ચાલે છે. જો પતિ મારે ઘેર હોય, મારા મંદિરને [illegible] અજ્ઞાન વિગેરે પરભાવોનું જોર [illegible] નથી, [illegible] થવાની [illegible] તેઓ. [illegible] હેરાન કરી [illegible] હેરાન કરે [illegible] આની [illegible] મંદિરનો [illegible] ચેતનપર [illegible]

[illegible] પછી [illegible] છે [illegible] શુદ્ધ ચેતન

૫૯ અગીઆરમું-રાગ-મારૂકોરા, વેલાવલ ટોડી.

आतम अनुभव रीति वरीरी. आतम.
मोर बनाए निज रूप निरूपम,
तिच्छन[1] रुचि कर तेग धरीरी;[2] आतम० १

"આત્માએ જ્ઞાનદશા અંગીકાર કરી. આત્મસ્વરૂપરૂપ અનુપમ મોડ બનાવ્યો અને તીક્ષ્ણ રૂચિરૂપ હાથમાં તરવાર ધારણ કરી."

ભાવ-અગાઉ શુદ્ધ ચેતનાએ-સુમતિએ પોતાની બ્હેનપણી શ્રદ્ધાની પાસે આત્મા સંબંધી વાત કરી અને તે મમતા પાસે કેવો સીધો ચાલે છે અને પોતાની સાથે કેવો કઠોર થઈ જાય છે તે પણ કહ્યું તે વખતે ચેતન બાજુમાં રહી સર્વ વાત સાંભળતો હતો, તે હવે સુમતિને મંદિરે આવવાનો વિચાર કરવા લાગ્યો. તેવા પ્રસંગમાં અનુભવજ્ઞાનવડે તે કેવી દશા વર્તાવશે તે સુમતિ તાદૃશ્યચિતારથી બતાવી આપે છે. આ સાધક દશાનું સ્વરૂપ બતાવવાનું કારણ એ છે કે એથી ચેતન સુમતિને મંદિરે જરૂર આવે. અહીં સુમતિ અને શુદ્ધ ચેતન વચ્ચેનો તફાવત જણાવી દેવો પ્રાસંગિક થઈ પડશે. સુમતિ એટલે શુદ્ધ વિચાર તે દ્રવ્યથી બારમા ગુણસ્થાનકના અંત [illegible] હોય છે. અને જ્યારે મોહનીય વિગેરે કર્મનો ક્ષય થઈ કૈવલ્ય-[illegible] ત્યારે શુદ્ધ ચેતના [illegible] છે જે સિદ્ધ દશામાં [illegible] બાધક દશા મિથ્યાત્વની સ્થિતિમાંજ હોય છે. [illegible] ચેતન શુદ્ધ થતી જાય છે અને તે વખતે તેને [illegible] વધારે ઉચિત છે.

[illegible] ચેતનજી [illegible] આવ્યા અને [illegible]ને મંદિરે [illegible] શુદ્ધ ચેતના સુમ-[illegible] શુદ્ધ [illegible] પ્રકટ કરવા ચેતનને જે

[illegible]
૧ [illegible] શુંરંવશા
[illegible] બનાએ=બનાવ્યો.
૨ [illegible] ધારણ કરી.

ાત કરે છે. હે શ્રદ્ધા! આવી રીતે ચેતન અને મારી વચ્ચે પડી દલાલ-
્તીનું કામ કરનાર કોઈ નથી, તેઓ તો મમતાના મંદિરે પડ્યા રહે
છે અને મારા સંબંધી વાત આવે છે કે તે કઠોર બની જાય છે. હું
ો તેમને રીઝવવા ગાયન ગાઉં છું, સમજાવું છું, પગે પડું છું, પણ
તેઓ મારી વાત તરફ લક્ષ્ય આપતા નથી. જો સખિ! તેઓ દૂર
ઊભા ઊભા આપણી વાત સાંભળે છે, આટલી આટલી મેં તારી પાસે
ાત કરી તે તેઓએ સાંભળી છે તોપણ તેઓ આંખ આડા કાન
કરે છે, મારા મંદિરે પધારતા નથી, ત્યારે હવે તે શું હું ઢોલ વગાડું?
મેં આટલી વિનતિ કરી, મારો તેઓ સાથેનો સંબંધ તેઓને બતાવી
આપ્યો, મમતા તેઓની વગોવણી અને હાંસી કરાવે છે એ બતાવી
આપ્યું અને હું તેઓનું એકાંત શ્રેય કરનાર છું એમ સ્પષ્ટ સમજાવી
આપ્યું, છતાં પણ મારા પતિ તો મારા તરફ કઠોર જ રહે છે ત્યારે
સખિ! મારે તે હવે શું ઢોલ વગાડવો?

અમુક મનુષ્યની વિનતિ કરવા છતાં પણ તે માને નહિ ત્યારે
આ પ્રમાણે કહેવાનો પ્રચાર છે કે ભાઈ! હવે તે શું ઢોલ વગા-
ડીએ? અમારાથી બને તેટલું કર્યું, બને તેટલી રીતે સમજાવ્યા, છતાં
પણ એ ભાઈશ્રી તો માનતા નથી ત્યારે શું કરીએ? શુદ્ધ ચેતના
આ ભાષાનો ઉપયોગ કરી કહે છે કે આટઆટલી વાત મેં મારા
પતિને હે સખિ! ઘણીવાર કહી પણ તેઓ તો મારા મંદિરે પધા-
રતા જ નથી. સખિ! બેન! હું મારા દુઃખની વાત તે કેટલી કહું?
હવે તો કોઈ ઢોલ વગાડે તો જૂદી વાત છે, મારી કથા કહેવામાં
તો કાંઈ વળે તેમ લાગતું નથી.

આ પદનો આ પ્રમાણે અર્થ વધારે સમીચીન લાગ્યો છે, તે
આગળ પાછળના પદ સાથે અને ગ્રંથકારની રચનાના મુખ્ય તત્ત્વ
સાથે બરાબર બધબેસતો આવે છે એમ મને લાગે છે. હવે
આ પ્રમાણે શુદ્ધ ચેતના અને શ્રદ્ધા વચ્ચે જે વાત થઈ તે ચેતને
દૂર રહી સાંભળી તેનું પરિણામ શું આવે છે તે આપણે આગળ
જોઈએ છીએ.



૫૯ અગીઆરમું-રાગ-માલકોશ, વેલાવલ ટોડી.

आतम अनुभव रीति वरीरी. आतम.
मोर बनाए निज रूप निरूपम,
तिच्छन[1] रुचि कर तेग धरीरी;[2] आतम० १

"આત્માએ જ્ઞાનદશા અંગીકાર કરી. આત્મસ્વરૂપરૂપ અનુપમ મોડ બનાવ્યો અને તીક્ષ્ણ રૂચિરૂપ હાથમાં તરવાર ધારણ કરી."

ભાવ—અગાઉ શુદ્ધ ચેતનાએ-સુમતિએ પોતાની બહેનપણી શ્રદ્ધાની પાસે આત્મા સંબંધી વાત કરી અને તે મમતા પાસે કેવો સીધો ચાલે છે અને પોતાની સાથે કેવો કઠોર થઈ જાય છે તે પણ કહ્યું તે વખતે ચેતન બાજુમાં રહી સર્વ વાત સાંભળતો હતો, તે હવે સુમતિને મંદિરે આવવાનો વિચાર કરવા લાગ્યો. તેવા પ્રસંગમાં અનુભવજ્ઞાનવડે તે કેવી દશા વર્તાવશે તે સુમતિ તાદૃશ્યચિતારથી બતાવી આપે છે. આ સાધક દશાનું સ્વરૂપ બતાવવાનું કારણ એ છે કે એથી ચેતન સુમતિને મંદિરે જરૂર આવે. અહીં સુમતિ અને [illegible] ચેતન [illegible] જાણવી. [illegible] પ્રાસંગિક થઈ પડશે. [illegible] ગુણસ્થાનકના [illegible]

[illegible]

ધોતીયાથી મજબૂતાઈ રહેતી નથી તેથી લડાઈ કરવા જતી વખત અંદર કચ્છ મારી ઉપર લોઢાની જાળીવાળો સુરવાળ પહેરવાનો રિવાજ છે. ચેતનજી પણ મોહ સાથે લડવા નીકળ્યા ત્યારે તેણે ટોપ, બખતર અને સુરવાળ ધારણ કર્યા, વળી તે પાર્થિવ નહિ પણ આધ્યાત્મિક હતા. હવે તે કેવા હતા તે જોઇએ.

, આત્માએ જ્ઞાનદૃષ્ટિરૂપ ટોપ માથાપર ધારણ કર્યો. આથી મોહ [illegible]ાજાના ગમે તેટલા ઝપાટા વાગે તોપણ જ્ઞાનદૃષ્ટિ આગળ તે સર્વ [illegible]કામા થઈ પડે છે. મોહ રાજાના સપાટામાંથી બચવાનો ઉપા[illegible] [illegible]ાનદૃષ્ટિની સમીપતા છે. વળી એટલેથી નહિ અટકતાં શરીરપર [illegible]ંયમરૂપ બખતર ચેતનજીએ ધારણ કર્યું. ઇંદ્રિયદમન, કષાયત્યાગ, [illegible]ંચ મહાવ્રતનો આદર અને મન વચન કાયાના યોગોપર અંકુશ- [illegible]ાવા દૃઢ આત્મસંયમરૂપ બખતરને ધારણ કરવામાં આવ્યું. આથી [illegible]ર્મના કષાય, નોકષાય ને વેદાદિ સેનાનીઓ ગમે તેટલો સખ્ત હલ્લો [illegible]રે તોપણ ચેતનજીને એકદમ ભય પામવાનું કારણ નષ્ટ થયું; અને [illegible]ળી સાથે એકાગ્રતારૂપ લંગોટ સહિત કચ્છ લગાવી દીધો એટલે [illegible]રા ભય લાગતા ધોતીયાના બંધ નરમ પડી જાય છે તે પીડા દૂર થઈ [illegible]ઈ. હવે ચેતનજી પોતાની શુદ્ધ દશા પ્રાપ્ત કરવામાં એક ધ્યાન [illegible]ગાવી રહ્યા છે એટલે એનું ધ્યાન મોહના પાર્થિવ કલ્પિત અનિત્ય [illegible]ાનંદ તરફ જતું અટકી પડ્યું. આવી રીતે જ્ઞાનદૃષ્ટિરૂપ ટોપ ધારણ [illegible]રી સંવરરૂપ બખતર ધારણ કર્યું, તેથી નવીન કર્મનો પ્રવાહ આવતો [illegible]ટકી પડ્યો અને પછી સ્વરૂપપ્રાપ્તિમાં એકાગ્રતા લગાવી દીધી [illegible]ને તેથી જ્યાં ત્યાં અસ્તવ્યસ્ત વિચારધારા ચાલતી હતી તે અટકી [illegible]ડી. (ટબામાં આ જગોએ માર્દવતારૂપ ટોપ અને ક્ષમારૂપ બખતર [illegible]ખ્યું છે છતાં આ અર્થ અહીં સમીચીન જણાય છે.)

આવી રીતે સજ્જ થઈને સત્તાના રણક્ષેત્રમાંથી પણ મોહને [illegible]ી નાખ્યો, ફેંકી દીધો, દૂર કરી દીધો. જ્યારે જ્ઞાનદૃષ્ટિ અને [illegible]યમ સાથે આવ્યાં હોય ત્યારે ધીમે ધીમે બંધ અને ઉદયમાંથી તો [illegible]દનીય કર્મને નસાડી મૂકે એમાં નવાઈ નથી, કારણ સંયમથી કર્મ- [illegible]ધ અટકે છે અને ઉદય પણ દશમા ગુણસ્થાનકથી બંધ પડી જાય છે [illegible]ણ સત્તા (potentiality)માં કર્મો રહે છે. આ ચેતનજીએ ટોપ

બખતર પહેરીને સત્તાના ક્ષેત્રમાંથી પણ કર્મોની કાપણી કરવા માંડી. બારમે ગુણસ્થાનકે તો સત્તામાંથી પણ કર્મોને દૂર કરી નાખે છે, કારણકે એના હાથમાં તરવાર છે, માથે મોડ બાંધ્યો છે, મસ્તકપર ટોપ પહેર્યો છે, શરીરે બખતર પહેરી લીધું છે અને પગે લંગોટ લગાવી સુરવાળ ચડાવી દીધો છે. પછી તો તેણે શુરવીર ક્ષત્રીય બહાદુરની પેઠે કર્મશત્રુની એવી કાપાકાપી ચલાવી કે તે યુદ્ધને જોનારા જે મહા પુરૂષો હતા તેઓના મુખમાંથી પણ નીકળી ગયું કે "અહો! અહો! ભાઈ! તમે તો ખૂબ કરી, બહુ મોટો જય મેળવ્યો! સારે કામ કર્યું! તમે તો બહુ જાગ્યા! ખરેખરા જાગ્રત થઈ ગયા! મહા આશ્ચર્યકારી કામ કર્યું."

આત્મા જ્યારે સાતમા ગુણસ્થાનકથી આગળ વધી આઠમે નવમે ગુણસ્થાનકે ક્ષપકશ્રેણી માંડી વધે છે ત્યારે કર્મોની તે ખરેખરી કાપણી જ કરે છે, એક અંતર્મુહૂર્તમાં એટલાં કર્મોને ખપાવી દે છે કે તેનો ખ્યાલ-તેની સંખ્યાનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. તે તો પછી સુમતિને પણ

રીતે કહે છે કે એમાં એટલે એ સોગઠાંબાજીમાં કે ગંજીપામાં આ ચેતનજીની ચતુર્ગતિ ચોપાટની રમત પાસે કાંઈ દમ નથી. આ ચેતનજી તો જરાવારમાં દેવગતિમાં પહોંચી જાય છે, વળી ત્યાંથી તિર્યંચ-ગતિમાં જાય છે, વળી મનુષ્યગતિમાં આવે છે, ત્યાંથી પાપ કરીને નારકીમાં જાય છે; આવી રીતે મોટી ચાલથી એવા દાણા ચાલે છે કે તમારી ચોપાટની રમત તો તેની પાસે કુછ બિસાતમાં નહિ. એની રમતમાં એ આખા ને આખા ઘર કુદાવી જાય છે. આ પટમાંથી સામા પટમાં ચાલ્યો જાય છે. વળી તેની પાસે ગંજીપાની રમત પણ કાંઈ હિસાબમાં નથી. જેઓ એ રમત પૂરી કરે છે તે તો ચારે પટ મૂકી દઈને વચ્ચેના વચ્ચેના ઘરમાં આવી જાય છે. તેવી રીતે ચતુર્ગતિ ચોપાટની રમત પૂરી કરી જીવ પણ શિવગતિરૂપ પંચમ ગતિમાં જાય છે ને ત્યાં સ્થિર થઈને રહે છે, પણ ચાર પતમાં હોય છે ત્યાંસુધી તો અહીં તહીં દોડાદોડ અને ધામધુમ કરી મૂકે છે.

બુ'દ્ધવરનો અર્થ એક જગોપર શેત્રંજ કર્યો છે તે અર્થ શબ્દને અનુસારે મને બરાબર બેસતો લાગતો નથી, બાકી તેવો રૂઢ અર્થ તે શબ્દનો થઈ શકતો હોય તો તે પ્રસ્તુત સંબંધ સાથે વધારે મળતો આવે છે. વ્યવહારની શેત્રંજની રમત પણ ચતુર્ગતિ ચોપાટની ચેતનજીની રમત પાસે કાંઇ બિસાતમા નથી—એ ભાવ તે અર્થથી નીકળે છે

અસલના વખતમાં પણ ગંજીપાની રમત હતી. દશાવતારી ગંજીપા દેશમાંજ બનતા. તેમાં (૧૨૦) પાના આવતાં અને તેનાથી બહુ આનંદદાયક રમત રમી શકાતી હતી. હજુ પણ એ પાના કવચિત્ લભ્ય થાય છે પણ તેની રમતની રીત લગભગ ભૂલી જવામાં આવી છે. હાલમા (૫૨) પાનાંના ગંજીપે પ્રવર્તિત છે જે સર્વના લક્ષમાં હશે જ. એમા પણ અનેક પ્રકારની રમતો થાય છે; પરંતુ આ ચેતનજીની ચતુર્ગતિ ચોપાટની રમત પાસે તેમા પણ કાંઈ દમ જેવું નથી.

અપવા બુદ્ધિમાન્ માણસે સોગઠાં ને ગંજીપાને લેખામાંજ માનતા નથી અને તેને ખરી રમત તરીકે ગણતાજ નથી, ખરી રમત તો તેઓ ચેતનજીએ માંડેલ ચતુર્ગતિ ચોપટની છે તેને જ કહે છે; વાસ્તવિક રીતે બીજી રમતો રમતના નામને પણ યોગ્ય નથી.

હવે આ જીવ ચોપાટ રમે છે તે કેવી રીતે રમે છે તે અત્ર બહુ વિસ્તારથી બતાવે છે. એ રમતની સાધારણ બાબતને કવિ પોતાના અધ્યાત્મજ્ઞાનની વિપુલતાને અંગે કેવા વિસ્તૃત અર્થમાં મૂકી દે છે તે સમજવા યોગ્ય છે. પાસાવડે ચોપાટ રમી જાણનાર એનો ભાવ બહુ સારી રીતે સમજી શકે તેમ છે.

રાગ–રામગ્રી.

खेले चतुर्गति चोपर, प्राणी मेरो खेले.
नरद गंजीफा कौन गीनत है,
माने न लेखे बुद्धिवर. प्राणी मेरो० १

"મારો ચેતન ચાર ગતિરૂપ ચોપાટ ખેલે છે, તેની પાસે સોગઠાં કે ગંજીપા તો કોણ ગણતરીમાં છે, બુદ્ધિમાન્ પુરૂષો આની પાસે તેને લેખામાં ગણતા નથી."

ભાવ-ચોપાટને ચાર પટ હોય છે, દરેકમાં ચોવીશ ચોવીશ ઘર હોય છે, ચારે પટમાં થઇને છન્નું ઘર હોય છે, એ છન્નું ઘરમાં સોગઠી ફર્યા કરે છે, વચ્ચે મરી જાય છે ત્યારે પાછી ફરીવાર બેસે છે, પણ એનું સાધ્ય એ સર્વ ઘર મૂકી દઇને વચ્ચેના સાધ્ય સ્થાનમાં આવવાનું હોય છે. સોગઠી ચાર રંગની હોય છે. કાળી, પીળી, લાલ અને લીલી અને દરેક રંગની ચચ્ચાર સોગઠી હોય છે, કોડીથી રમે છે તેઓ છ અથવા સાત કોડીથી બે રીતે રમે છે અને બન્નેમાં દાણા ગણવાની રીત જૂદી જૂદી છે. પાસાથી રમે તે ઘણું કરીને બે પાસાથી રમે છે. એ દરેક પાસાને ચાર ચાર બાજુ હોય છે અને તે બન્નેના સરવાળાના દાણા ચલાવતી વખત જુગ વિગેરે બંધાય છે.

આ ચેતનજી તો ચાર ગતિરૂપ ચોપાટ ખેલવા મંડી ગયા છે. જેમ ચોપાટમાં ચાર પટ હોય છે તેમ આ ચેતનજી પણ ચારે ગતિમાં ચકરાવો લેવા મંડી ગયા છે. એમણે જે બાજી માંડી છે તે એવી વિચિત્ર છે કે તેની પાસે સોગઠાંબાજી કે ગંજીપો (કાર્ડઝ) કાંઈ પણ ગણતરીમાં નથી, એને બુદ્ધિમાન્ માણસો કાંઈ ગણતા નથી અને સ્પષ્ટ

૧ ખેલે=રમે છે. ચોપર=ચોપાટ નરદ=સોગઠાં. ગંજીફા=ગંજીપો. કૌન ગીનત હૈ=કોણ ગણતરીમાં છે. બુદ્ધિવર=બુદ્ધિમાન્ પ્રાણી.

જેટલા દાણા આવે તેટલા બાજીના નિયમ પ્રમાણે ચાલવા જ જોઇએ તેથી સાતે ગતિમાં રખડવાનું થાય છે અને જુગ ચાલી શકાય નહિ તેથી સોગઠી ઉડવાનો ભય રહે છે, કારણ તે ઘટી પડી જાય છે. સાત ગતિ શાસ્ત્રકારે નીચે પ્રમાણે બતાવી છે.

૧ એકેંદ્રિય ગતિ.
૨ વિકલેંદ્રિય ગતિ (બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરેંદ્રિય.)
૩ નરક ગતિ.
૪ સંમુર્છિમ પંચેંદ્રિય તિર્યંચ ગતિ.
૫ ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચ ગતિ.
૬ મનુષ્ય ગતિ.
૭ દેવ ગતિ.

આવી રીતે પાંચ આશ્રવને કરવા કરાવવારૂપ દાણા આવે ત્યાં-સુધી સાત ગતિમાં રખડવાનું થાય છે, પણ અષ્ટમી ગતિ જે મોક્ષ છે તેમાં જવાનું થતું નથી.

તેવી જ રીતે છ દાણાની નીચે એક દાણો આવે છે એટલે છકાય જીવનું મર્દન થાય-હિંસા થાય તેની સાથે એકો એટલે અસંયમ આવે છે. આવી રીતે સાત દાણા થાય તેનું પરિણામ પણ સાત ગતિમાં રખડવારૂપ જ થાય છે.

સ્ત્રીવેદ, પુરૂષવેદ, નપુંસકવેદ એ ત્રણ વેદને આશ્રયીને પણ સાત ગતિ શ્રીસુયગડાંગ સૂત્રમાં ગણવામાં આવી છે તે નીચે પ્રમાણેઃ-

૧ નપુંસકવેદની એક ગતિ.

તે સર્વથા એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરેંદ્રિય અને નરક-ગતિમાં હોય છે.

૨ પંચેંદ્રિય તિર્યંચમાં સ્ત્રી પુરૂષવેદ તેની બે ગતિ.

અહીં તેમજ નીચે મનુષ્યગતિમાં નપુંસકવેદ પણ હોય છે, પણ મુખ્યતા અત્ર સ્ત્રીપુરૂષવેદનીજ છે, કારણ નપુંસકને પણ ચિહ્ન તો પુરૂષનું અથવા સ્ત્રીનું હોય છે, તેથી અત્ર બે જ ગતિ જાણવી.

૨ પંચેંદ્રિય મનુષ્યગતિમાં ઉપર પ્રમાણે સ્ત્રીપુરૂષવેદ.

૨ દેવગતિમાં સ્ત્રીપુરૂષવેદ.



રૂપ મધ્યસ્થાન કેમ પ્રાપ્ત થાય તેની ગણુતરી કરો, તેને માટે વિવેક વાપરો અને છેવટે તે ઘર પ્રાપ્ત કરો, જેથી આ અરઘટ્ટઘટીનો છેડો આવે, નકામા આંટાએ મટી જાય, ભવના ફેરાનો નાશ થાય, સંસાર-ચકપર બ્રેક ચઢે અને નિરંતર સ્વરૂપાનંદમાં રમણુ થાય.

चउरासी मांहे फिरे नीली, स्याह न तोरी जोरी;
लाल जरद फिर आवे घरमें, *कबहुक जोरी बिछोरी. माणी० ४

"લીલી સોગઠી ચોરાશીમાં ફરે છે, કાળી સોગઠી જોડી તોડતી નથી, લાલ અને પીળી કોઇવાર જોડી છોડી દઇને ફરી કદાચ ઘરમાં આવે છે."

ભાવ—આ ગાથાનો અર્થ વિચારતા પહેલાં લેશ્યાનું સ્વરૂપ જરા સમજી લેવું પ્રાસંગિક થઇ પડશે. જેમ શુદ્ધ સ્ફટિક કૃષ્ણ રક્તાદિ વર્ણુવાળા દ્રવ્યની પાડોશમાં આવે ત્યારે તેના પરિણામમાં ફેરફાર દેખાય છે તેમ કૃષ્ણ આદિ દ્રવ્યના સંયોગથી શુદ્ધ આત્માના જે અભિનવ પરિણામો થાય તેને લેશ્યા કહેવામાં આવે છે. જ્યાં જ્યાં યોગ હોય ત્યાં લેશ્યા હોય અને જ્યાં યોગ ન હોય ત્યાં લેશ્યા ન હોય તેથી મન વચન કાયાના યોગાંતરમાં રહેલ દ્રવ્યને લેશ્યા કહેવામા આવે છે અથવા તો યોગોના પરિણામને લેશ્યા કહેવામાં આવે છે. આત્માના સૂક્ષ્મ સ્વતંત્ર પરિણામને 'અધ્યવસાય' કહેવામાં આવે છે, પુદ્ગળના ઉપષ્ટંભને આધારે થતા પરિણામને લેશ્યા કહેવામા આવે છે કર્મબંધમા કષાયો સ્થિતિબંધ અને અનુભાગબંધ કરે છે ત્યારે આ યોગાન્તર્ગત લેશ્યાઓ પ્રકૃતિબંધ કરે છે, જો કે કષાયોનો સદ્ભાવ હોય ત્યાંસુધી સાહાયક દ્રવ્ય તરીકે તેઓ વિશેષ વ્યક્ત રૂપે જણુાય છે અને કષાયને વધારે ઉદ્દીપન કરે છે. જેમ મદિરા અથવા દહીં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મના ઉદયને માટે હેતુરૂપ થાય છે તેની રીતે આ લેશ્યાઓ કષાયઉદયના હેતુરૂપ અને તેઓને વિશેષ બળવત્તરપણે ઉદ્દીપન કરનાર હોવા છતા તદ્રૂપ નથી. કોઇક

* [illegible]

§ [illegible] ચોરાશીના ફેરામા નીલી=લીલી સ્યાહ=કાળી. [illegible] જરદ=પીળી ઘરમેં=ઘરના [illegible]. કબહુક= કોઇવાર [illegible] બિછોરી [illegible]



વર્ગણાને પદ્મ લેશ્યા કહેવામાં આવે છે અને ગાયનું દૂધ, સમુદ્રનાં ફીણ અથવા દહીં જેવા ઉજ્જ્વળ વર્ણવાળી વર્ગણાના બાદર પરિણામને શુક્લ લેશ્યા કહેવામાં આવે છે. કૃષ્ણ, નીલ અને કાપોત એ પ્રથમની ત્રણ અશુભ લેશ્યાઓ છે, આત્માના અધમ બાદર પરિણામ યોગાંતર્ગત દ્રવ્યને લીધે થયેલા છે અને તેજો, પદ્મ અને શુક્લ એ ત્રણ શુભ લેશ્યાઓ છે. હવે એ છ લેશ્યાના રસાદિ બતાવે છે. કૃષ્ણ લેશ્યાનો રસ તદ્દન કડવો, નીલ લેશ્યાનો રસ તદ્દન તીખો, કાપોત લેશ્યાનો રસ આમળા જેવો કસાયલો, તેજો લેશ્યાનો રસ કેરીના રસ જેવો, પદ્મ લેશ્યાનો રસ મદિરા જેવો મધુર અને શુક્લ લેશ્યાનો રસ શેલડીના રસ જેવો મિષ્ટ હોય છે. પ્રથમની ત્રણ લેશ્યા અતિ દુર્ગંધી અને મલિન છે તેમ જ તેઓનો સ્પર્શ કેરો, લુખો અને જરા પણ પસંદ આવે તેવો નથી; તેથી ઉલટી બાકીની ત્રણ લેશ્યાઓની ગંધ અતિ સુંદર, સુગંધી યુક્ત અને નિર્મળ છે તેમ જ તેનો સ્પર્શ સ્નિગ્ધ છે. આપણે અનુભવ ઉપરથી જોઈ શકીએ છીએ કે જેવા જેવા વિચારો થાય છે તે પ્રમાણે મુખાકૃતિ ઉપર રંગ ફેરફાર થયા કરે છે. એ લેશ્યામાં વર્તતા જીવોનું વર્તન કેવું હોય છે, તેની દશા કેવી હોય છે, તેની સ્થિતિ કેટલી હોય છે વિગેરે ઘણી ઉપયોગી હકીકત આ ઉત્તરાધ્યયન સૂત્રના લેશ્યાધ્યયનથી જાણવી. અત્ર સિદ્ધાન્તમાં બતાવેલ એક દૃષ્ટાન્ત બહુ ઉપયોગી હોવાથી તે સંક્ષેપથી બતાવીએ, જેથી જુદી જુદી લેશ્યાઓમાં વર્તતા જીવોના અધ્યવસાય સમજાશે. છ મનુષ્ય મુસાફરી કરતાં અટવીમાં આવી પડ્યા અને અતિ ભૂખ્યા થયાથી ચારે તરફ ખોરાકની શોધ કરવા લાગ્યા. ચારે તરફ નજર કરતાં તેઓએ એક જાંબુનું વૃક્ષ જોયું. તેના ઉપર જાંબુ લટકી રહ્યાં હતાં અને તે વૃક્ષ જાંબુના ભારથી વાંકું વળી ગયેલું દેખાતું હતું. તે જોઈ એક મનુષ્યે કહ્યું કે આ વૃક્ષને મૂળમાંથી ઉખેડી નાખ્યું હોય તો આપણને જાંબુ ખાવાની બહુ મજા આવે. બીજાએ કહ્યું કે આખું વૃક્ષ શા માટે પાડી નાખવું? એ મોટી ડાળીઓ તોડી પાડીએ તો બસ. ત્રીજાએ કહ્યું કે મોટી ડાળીઓનું આપણે શું કામ છે? નાની નાની ડાળીઓ ઉપર જાંબુ છે તેને કાપી કાપીને નીચે નાખો. એટલે આપણું કામ થશે. ચોથાએ

લાલ અને પીળી સોગઠીઓ કોઈવાર જુગ તોડીને ઘરમાં આવે છે એટલે જ્યાંસુધી જુગમાં હોય છે એટલે દુર્ગતિ સાથે સંબંધમાં હોય છે ત્યાંસુધી તો ઘરમાં આવી શકતી નથી, પણ જુગ તોડી નાખીને કોઈવાર ઘરમાં આવી જાય છે, તેવી રીતે તેજો અને કાપોત લેશ્યાવાળા જીવો દુર્ગતિ સાથેનો પોતાનો સંબંધ તોડી આત્મસ્વભાવમાં આવી જાય છે, કોઈવાર આત્મસ્વરૂપમાં રમણ કરે છે અને ધીમે ધીમે ઉત્ક્રાંતિમાં આવી જઈ પદ્મ અને શુક્લ લેશ્યા ધારણ કરનાર થાય છે. આવી રીતે આ જીવ નવી નવી બાજી ગોઠવતો જાય છે, નવાં નવાં ઘરમાં જાય છે, નવા નવા વેશ ધારણ કરે છે પણ શાસ્ત્રકાર કહે છે કે 'એવી કોઈ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એવું કોઈ સ્થાન નથી, એવું કોઈ કુળ નથી કે જ્યાં આ જીવ અનંતવાર મરણ પામ્યો ન હોય અથવા અનંતવાર જન્મ પામ્યો ન હોય'' સંક્ષેપમાં આ જીવ અશુભ લેશ્યા ધારણ કરીને તેના વડે ચોરાશી લક્ષ યોનિમાં-ચૌદ રાજલોકમાં ફર્યા કરે છે.

'જરદ' એટલે સુખરી અહીં તેના આધ્યાત્મિક અર્થમાં કાપોત લેશ્યા સમજવી. થોડા લાલ અને થોડા પીળા રંગના મીશ્રણ રંગને [illegible] કહેવામાં આવે [illegible] ગઠ [illegible] ગમાં તેને પીળું સોગ સમજવું

[illegible] એ [illegible] જોરી નજોરી સાથે સંબંધ નથી, કારણ મ[illegible] [illegible] નજોરી [illegible] હિન્દુસ્તાની રમતમાં વપરાય છે એટલે [illegible] જોડે ચાલે એમ કરવો એ જ [illegible] ચોપટની રમતમાં [illegible] પછી 'જુગ' થાય છે [illegible] છે

[illegible] પહેલ [illegible] એમ [illegible] છે કે જ્યારે જુગ [illegible] જાય છે ત્યારે પછી [illegible] [illegible] જાય છે. તેવી રીતે [illegible] પછી જ્યારે [illegible] પછી તેને [illegible] પદનું બહુધા [illegible] વધીને ઉંચકે [illegible] થય છે. આમાં [illegible] કાપોતની સો[illegible] કરે [illegible] પણ ન આવે છે ત [illegible] સૂચવે છે તે તરફ હવે આપણે ધ્યાન આપીએ.

છે કે જ્યાંસુધી પગડું આવતું નથી ત્યાંસુધી સોગઠી બેસી શકાતી નથી અને કદાચ એકાદ સોગઠી બેઠેલ હોય તોપણ પાછી ચારે સોગઠી ઘેર આવી જાય ત્યારે ફરી વખત પોની જરૂર પડે છે. વળી જ્યારે સોગઠી લપમાં પડે છે ત્યારે પણ પો આવતાં વખત લાગે તો અન્ય રમનાર પો લઈને પોતાની સોગઠી ગાંડી કરે છે તો જીત-વાની અણી ઉપર આવેલી બાજી પાછી ફરીવાર શરૂ થાય છે અને ઘણીવાર હાર ખાવી પડે છે. આવી રીતે ઘરે આવેલી સોગઠીને બેસવા માટે પણ પગડાની (પોની) જરૂર પડે છે અને એવી રીતે લપમાં પડતાં અને પો મેળવતાં વખત લાગે તો બાજી હારી જવાય છે. જો આનંદઘન પ્રભુ મહારાજ આ પગડું બતાવી આપે તો આ જીવ એક ચાલમાં આખી બાજી જીતી જાય છે, નહિ તો ત્રણ ત્રણ સોગઠી ડુબાડી દીધેલ હોય છતાં પણ બાજી હારી જાય છે, બધાં ઘર વટા-વીને આવેલ હોય તોપણ છેવટે રખડી પડે છે અને જો પો આવી જાય તો 'હું જીત્યો, હું જીત્યો' એમ પોકાર કરીને કહે છે. ચારમાંથી ત્રણ સોગઠી ડુબી ગયેલ હોય અને બીજા દાણા ચાલવાની જગ્યા ન હોય ત્યારે જ આવી સ્થિતિ થાય છે, તેમજ ઉપશમશ્રેણી માંડે ત્યારે ચેતનજીના એવા જ હાલ થાય છે જેમ દાણા વધારે આવી જાય અને ચાલવાનું હોય નહિ ત્યારે વારંવાર ખડું કરવું પડે છે તેમ ઉપશમશ્રેણીગત જીવને અગિયારમાં ગુણસ્થાનકેથી પાછા છઠે, સાતમે, પાચમે, ચોથે, બીજે કે પહેલે પણ પડવું પડે છે. આવી રીતે જીતેલી બાજી હારી જવામાં માત્ર એક પગડાનો વાંધો આવે છે. તેમ જ જો ભાવવિવેકનું એક પગડું ન આવે તો આ જીવ ઉપર નીચે અથડાયા પછડાયા કરે છે, પણ તેનો છેડો આવતો નથી. એ પગડાને શ્રીપ્રભુના ચરણકમળની સેવા એકદમ બતાવી આપે છે અને એવી રીતે વખતસર જો એક પગડું આવી જાય તો આ જીવ બાજી જીતી જઈ આનંદમાં આવી નિરંતર લહેર કરે છે.

વળી ભાવ શબ્દનો અર્થ ભાવલેશ્યા કરવામાં આવે ત્યારે બહુ સુંદર અર્થ થાય છે. દ્રવ્યથી આ જીવને છ લેશ્યાઓ ઘણીવાર થાય છે પણ શુદ્ધ ભાવલેશ્યા છેવટની ત્રણ થાય ત્યારે જ આ જીવને પો આવ્યું ગણાય છે. મતલબ ગ્રંથી ભેદની નજીક આવે ત્યારે પણ તે માત્ર

પદ તેરમું—રાગ સારંગ.

अनुभव हम तो रावरी दासी,
आई कहांतें माया ममता,
जानुं न कहांकी वासी. अनु० १

"હે અનુભવ! હું તો આત્મરાજની દાસી છું, (પણ) પેલી (પરદેશી) માયા મમતાઓ ક્યાંથી આવી? વળી તે ક્યાંની રહેવાવાળી છે તે હું જાણતી નથી."

ભાવ—હવે ચેતનજી તો ઉપર જણાવ્યું તેમ ચતુર્ગતિ ચોપાટ રમ્યા કરે છે, એ ચોરાશીના ફેરામાં ફર્યા કરે છે, પણ એને આત્મવિવેકનું પો આવતું નથી અને એની બાજી કાચી રહ્યા કરે છે. મમતા માયાના સંબંધમાં પડી ચોપાટ ખેલ્યા કરે છે, પણ સુમતિની વાત સાંભળતા નથી. સુમતિએ શ્રદ્ધાને અનુપમ રૂપમાં આવે ત્યારે ચેતનની સ્થિતિ બતાવી, પણ એ તો કાંઈ વાત સાંભળતા નથી, એ અનુભવમાર્ગપર આવે ત્યારે તેની લડાઈનો હેવાલ આપ્યો પણ ચેતન તો માયા મમતામાં ડૂબી ગયા છે; એ બધી વાત ધ્યાનમાં રાખી સુમતિ આજે અનુભવને કહે છે. આ પદમાં સુમતિ અને અનુભવ વચ્ચે જે વાતચીત થાય છે તે આનંદઘનજી મહારાજે ચીતરી છે તે-પર ધ્યાન આપવા યોગ્ય છે.

સુમતિ કહે છે—હે અનુભવ! હું તો આત્મરાજ—ચેતનજીની દાસી છું—ઘરનારી છું, નિરંતર તેમની સેવામાં તત્પર છું. તેઓ મને જે આદેશ આપે તે કરનારી છું. અથવા હે અનુભવરાજ! હું તો તમારી દાસી છું, તમારી આજ્ઞા પ્રમાણે વર્તનારી છું. જો તમે મારા હો તો હું પણ મારા હોઉં છું અને તમે ઠીક હો તો હું પણ ઠીક હોઉં છું. મારો અને તમારો [illegible] છે પણ માયા અને મમતા ચેતનજીની પરસ્ત્રીઓ [illegible] છે તે ક્યાંથી આવી છે અને ક્યાંની રહેનારી છે તે હું જાણતી નથી. માયા એ [illegible] પ્રકૃતિ છે, [illegible] મમતા એ મારાપણું છે, [illegible]

૧ [illegible]

[illegible]

आनंदघन प्रभु घरकी समता,
अटकली और लवासी. अनु० ३

"કઠોર પતિ (આત્મરાજ) એટલી વાતથી સમજતા નથી અને (મારી) એક ક્ષણ છ માસ જેવી જાય છે. હે આનંદઘન પ્રભુ! સમતા તમારા ઘરની પટરાણી છે, બીજી (માયા મમતા) લબાડી છે એમ અટકળો—જાણો—સમજો."

ભાવ—વળી સુમતિ આગળ વધી અનુભવને પોતાનું હૃદય ખાલી કરતાં જણાવે છે. હે અનુભવ! તને જણાવ્યું તેમ મારા પતિની સર્વ જગોએ અને ખાસ કરીને ભદ્રલોકમાં હાંસી થાય છે અને મારાથી તે સહન થતું નથી તેથી મારા પતિને સમજાવવા હું ઘણી ઘણી જાતની યુક્તિઓ કરૂં છું. અગાઉ (દશમા પદમાં) જણાવ્યું તેમ હું ગાઉં છું, નાચું છું પણ તે તો મારા મંદિરે પધારતા નથી અને માયા મમતા સાથે બાજી ખેલ્યા કરે છે, તેની સાથે આનંદ વિલાસમાં મસ્ત બની પડ્યા રહે છે અને મારી સામું પણ જોતા નથી. હું તેઓને બતાવી આપું છું કે માયા મમતા અધમ કુળની છે, અજાણ્યા ગામની રહેનારી છે અને કુલટા છે, પણ મારા પતિ તો એટલા કઠણ થઈ ગયા છે કે હું ગમે તેટલી વાત કરૂં છું પણ તે સમજતા જ નથી. મેં તેને અનેક આકારમાં વાત કહી, તેઓનો મોહ રાજા સાથેનો યુદ્ધવૈભવ સંભળાવ્યો, તેના જીત ડંકામાં થતો ગંભીર નાદ કહી બતાવ્યો, પણ એ તો મમતા માયા સાથે નરમ ઘેંસ જેવા થઈ જાય છે (જુઓ પદ દશમું) અને મારી પાસે આવવાની વાત થાય છે કે તદ્દન કઠણ બની જાય છે. આટલી સર્વ વાતથી પણ તે તો સમજતા નથી અને મને પોતાને એવી પીડા થઈ છે કે પતિ વગરની એક ક્ષણ જાય છે તે છ માસ જેવી થઈ પડે છે. કુળવધૂને પતિની સોબતમાં આનંદ રહે છે અને પતિવિરહે એક સેકન્ડ છ માસ જેવી લાગે છે, એક મિનિટ વરસ જેવી લાગે છે, એક રાત આખા ભવ જેવી લાગે છે.

---

૩ નિઠુર=કઠોર. એતી=એ વાતથી. છમાસી=છ માસ, અડધા વરસ જેવા. ઘરકી=પોતાની, ઘરની અટકલી=અટકળો, જાણો. ઔર=બીજી, માયા મમતા. લવાસી=લબાડ, ગપ્પા સપ્પા, ગાલ પુરાણ

પદ પંદરમું-(રાગ સારંગ)

मेरे घट ग्यान भानु भयो भोर. मेरे०
चेतन चकवा चेतना चकवी,
भागो विरहको सोर. मेरे० १

"મારા હૃદયમાં જ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થવાથી પ્રભાત થયો, તેથી શુદ્ધ ચેતન જે ચકવો છે, ચેતના જે ચકવી છે (તેના) વિરહનો શોરબકોર અટકી પડ્યો."

ભાવ—સુમતિએ અનુભવદ્વારા ચેતનજીને આગળ કહી તે હકીકત કહેવરાવી એટલે ચેતનજીનું સ્વરૂપ પ્રગટ થવા માંડ્યું, તેઓ મમતા માયાના મંદિરેથી સુમતિના મંદિર તરફ આવી તેના સમાગમમાં વિશેષ રહેવા લાગ્યા, પોતાની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ કરવા લાગ્યા અને તેને ઓળખવા લાગ્યા. એમ કરતાં કરતાં જ્યારે સત્તામાંથી પણ મોહનીય કર્મનો ક્ષય કરી ચેતન શુદ્ધ થાય છે ત્યારે તેની શુદ્ધ ચેતના પ્રગટ થાય છે. શુદ્ધ દશામાં વર્તતો ચેતન નીચે પ્રમાણે ઉદ્‌ગાર કાઢે છે તે રટણ કરવા યોગ્ય છે.

મારા હૃદયમાં જ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થવાથી પ્રભાત થયો. આત્માનો જ્ઞાનગુણ જ્યારે પ્રગટ થાય છે ત્યારે તેને સર્વત્ર અજવાળું દેખાય છે, તેને સ્વપરનું ભાન થાય છે અને તેની સર્વ અંધકારજનિત મુશ્કેલીઓ દૂર થઈ જાય છે.

શુદ્ધ ચેતન પોતે ચકવો છે અને શુદ્ધ ચેતના ચકવી છે. આ ચકવા ચકવીને આખી રાતનો વિરહ હતો. બન્ને નદીના જુદા જુદા (સામસામા) કાંઠા ઉપર બેસીને કાંઇ અવાજ કરીને શોરબકોર કરતા હતા તે અવાજ હવે બંધ થઈ ગયો. પ્રભાત થવાથી રાત્રિનો વિરહકાળ બંધ થયો અને શુદ્ધ ચેતન અને શુદ્ધ ચેતના મળ્યાં. ચકવો અને ચકવી આખી રાત નદીના બે કાંઠાપર બેસી શોરબકોર કર્યા કરે છે, પણ અંધારાને લીધે એક બીજાને દેખી શકતા નથી. પ્રભાત થાય છે ત્યારે તેમનો વિરહ મટી જઈ બન્ને એકઠાં થાય છે.

૧ [illegible] શોરબકોર, અવાજ.

શુદ્ધ ચેતન અને શુદ્ધ ચેતના વસ્તુસ્વરૂપે એક જ છે. સ્વરૂપ સ્વરૂપવંતથી ભિન્ન હોતું નથી, તેઓ વચ્ચે ગુણ ગુણીનો સંબંધ છે, પણ અનાદિ કર્મસંતતિથી શુદ્ધ સ્વરૂપપર જે આવરણ આવી ગયું હતું તે જ્ઞાનભાનુના પ્રકાશથી દૂર થાય છે. આવરણ દૂર થયું—આચ્છાદન ખસી ગયું અને સ્વરૂપાનુસંધાન થયું એટલે અજ્ઞાનઅંધકાર ચોતરફ ફેલાયો હતો અને કર્મપ્રચુરતારૂપ નદી બન્નેની વચ્ચે આડી પડેલી હતી તે સર્વ જ્ઞાનભાનુના ઉદયથી પ્રભાત થતાં ખસી ગયાં અને ઘણા કાળનો ચેતનચેતનારૂપ ચકવા ચકવીનો વિરહ હતો તે દૂર થયો. જ્યાંસુધી અજ્ઞાનાવરણ વચ્ચે અંતરાય કરતું હોય ત્યાંસુધી શુદ્ધ વસ્તુનું દર્શન થતું નથી અને તે ન થાય ત્યાંસુધી શુદ્ધ ચેતનાને મળવા કોઈ કોઈ વાર ઇચ્છા થાય, કોઈ વાર તે મેળવવા પ્રયાસ થાય, શોકોદ્‌ગાર થાય પણ તે સર્વ પરિણામ વગરના થઈ પડે છે. જ્ઞાનભાનુનો ઉદય થતાં રાત્રિકાળ પૂર્ણ થાય છે અને ચેતન ચેતનાનો સંબંધ વ્યક્ત થાય છે—પ્રગટ થાય છે અને વિરહકાળ પૂર્ણ થાય છે. આ સ્થિતિ (લોભનો નાશ ત્યાં થાય છે માટે) દશમા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે. તે વખતે વિશેષ શું થાય છે તે પણ સામાન્ય રીતે બતાવે છે તે આપણે વિચારીએ.

> फैली चिहुंदिस चतुरा भावरुचि,
> मिट्यो भरम तम जोर;
> आपकी चोरी आपही जानत,
> और कहत न चोर. मेरे० २

"વિચક્ષણતારૂપ કાંતિ ચારે દિશામાં ફેલાઈ ગઈ, ભ્રમરૂપ અંધકારનું જોર મટી ગયું; પોતાની ચોરી (ચોરી કરનાર) પોતે જ જાણે છે, બીજાને ચોર કહેતા નથી."

ભાવ-સૂર્યનો ઉદય થતાં જેમ સર્વત્ર કાંત ફેલાય છે તેમ ઘટમાં જ્ઞાનભાનુનો ઉદય થતાં સર્વત્ર કુશળતાવાળી સ્વાભાવિક કાંતિ

---

૨ ફૈલી=ફેલાઈ ગઈ. ચિહુંદિસ=ચારે દિશામાં, સર્વત્ર. ચતુરા=વિચક્ષણ. ભાવરુચિ=સ્વભાવરૂપ કાંતિ. મિટ્યો=મટી ગયું. તમ=અંધકાર. આપહી=પોતે જ. જાનત=જાણે છે.

ફેલાઇ ગઈ. જ્ઞાનથી લોકાલોકના સર્વ ભાવો પ્રગટ થાય છે અને
સર્વત્ર પ્રકાશ થાય છે. એ જ્ઞાન આત્મિક સ્વભાવ છે, તેની મૂળ
વસ્તુ છે અને તન્મય છે. સૂર્યથી જેમ વિશ્વમાં પ્રકાશ થાય છે તેમ
જ્ઞાનથી લોકાલોકપર પ્રકાશ પડે છે. તેના અતીત, અનાગત અને
વર્તમાન ભાવો વિશિષ્ટ જ્ઞાનથી પ્રત્યક્ષપણે અને મતિશ્રુતથી પરોક્ષ-
પણે ભાસમાન થાય છે. વળી આ પ્રકાશ પડે છે તે સામાન્ય નહિ
પણ ચતુર્-વિચક્ષણ છે, જે એનો મહિમા સમજે તે પરમ આહ્લાદ
પામે, જે તેને અનુભવે તે અપૂર્વ રસલીન થાય એવા તે પ્રકાશ
પરમ જ્યોતિસ્વરૂપ છે.

સૂર્યનો ઉદય થતાં જેમ અંધકારનો નાશ થઈ જાય છે તેમ જ્ઞાન-
ભાનુનો ઉદય થતાં ભ્રાંતિરૂપ અંધકારનું જોર ચોતરફ હતું તે ખસી
જાય છે. અત્યાર સુધી આ જીવ ખાવામાં આનંદ માનતો હતો, સ્ત્રી-
સંયોગમાં સુખ માનતો હતો, સુંદર વાજિંત્રના સ્વરોદમાં લીન થતો
હતો, સારાં કપડાં પહેરવામાં માન સમજતો હતો, મુસાફરખાનાને
ઘરનું ઘર સમજતો હતો, ધનપ્રાપ્તિને સર્વસ્વ ગણતો હતો, પૌદ્ગ-
લિક વસ્તુઓને પોતાની માનતો હતો-એવી રીતે એ પોતાનાને અને
પારકાને ઓળખતો નહોતો, એવી સર્વ બાબતોમાં જે આનંદ માનતો
હતો તે ભ્રમજ્ઞાન હતું, જ્યાં સુખ નહોતું, જે સુખ નહોતું ત્યાંથી તે
સુખ શોધતો હતો અને તેની પ્રાપ્તિને સુખ માનતો હતો. એ સર્વ
ભ્રાંતિમય જ્ઞાન હતું તે સૂર્યનો ઉદય થવા સાથે ચાલ્યું ગયું. પ્રત્યક્ષ
દર્શન થવાથી ભ્રમ ભાગી ગયો અને શુદ્ધ વસ્તુસ્વરૂપનું દર્શન થવા લાગ્યું.

વળી આ ભ્રમાત્મક જ્ઞાન હતું તે દૂર થવાથી એક બીજો મોટો
લાભ થયો તે બતાવે છે. સાધારણ રીતે રાતે ચોરી થાય અને ખાસ
કરીને ઘોર અંધારી રાતે ચોરી થાય ત્યારે તેનો પત્તો મેળવવો મુશ્કેલ
પડે છે. પ્રભાત થયા પછી પગીને બોલાવી ચોરને શોધવાનો ઉપાય
લેવાય છે. હવે આ ચેતનજીના જ્ઞાન દર્શન ચારિત્રરૂપ મહા મૂલ્ય-
વંત રત્નોની ચોરી થઈ ગઈ હતી, પણ તેના ચોરનો ભ્રમરૂપ અંધ-
કારના જોરને લીધે પત્તો લાગતો નહોતો; હવે જ્યારે આત્મિક પ્રભાત
થયું ત્યારે ચેતનજીને સમજાયું કે આ તો પોતાની ચોરી કરનાર પોતે
જ હતા. મોહનીયાદિ કર્મપરતંત્રતાને લીધે વસ્તુસ્વરૂપ ન ઓળ-

ચમય થઈ ગયા છે., માયા, મમતા, તૃષ્ણા, રતિ, અરતિ, વક્રતા કુટિલતા વિગેરે લાખો સ્રીઓ તમને વિભાવદશામાં વળગેલી છે પણ તેઓ તમારી કિંમત જાણતી નથી, તમને વાસ્તવિક સુખ આપતી નથી, આપી શકે તેવી શક્તિવાળી પણ નથી અને હું તો તમને અમૂલ્ય ગણું છું, તમારી કિંમત બરાબર સમજું છું અને તમને શુદ્ધ ભાવથી વળગી રહું છું.

હે નાથ! હું તારી વાટ જોઉં છું તેથી હવે તમે પરચાલ છોડી દઈ-મંદિર ચાલ છોડી દઈ નિજ ચાલમાં ચાલો (આવો). કુળવાન સ્રી જેમ પોતાના પતિને કહે છે કે તમારે તો મારા જેવી અનેક છે પણ મારે તો તમે એકલા જ છો, તેમ શુદ્ધ ચેતના ચેતનને કહે છે કે વિભાવદશામાં આપ હો ત્યારે આપને માયા, મમતા, કુબુદ્ધિ, તૃષ્ણા, ઇચ્છા વાંચ્છા, રતિ, અરતિ વિગેરે અનેક સ્રીઓ વળગે છે પણ તે સર્વ કુલટાઓ છે, અનેક પુરૂષો સાથે ભટકનારી છે અને તમને પણ વૈતરણી વિગેરેનાં દુઃખો આપનારી છે; જ્યારે હું તો તમને અમૂલ્ય સમજી તમારી સાથે આનંદ ભોગવી તમને નિવૃત્તિ નગરીમાં પણ સાથે લઈ જનારી છું અને ત્યાં પણ સાથે રહેવાવાળી છું. હે નાથ! એ સર્વ સ્રીઓનું સ્વરૂપ ઓળખી તેઓને મંદિરે જવાનું માંડી વાળી મારા (નિજ સ્વરૂપ) મંદિરે પધારો અને મને આનંદ આપો.

આત્મદશા જરા જરા સુધરવા માંડે, સાધ્યનું સામીપ્ય થાય અને દૂરથી તેનું દર્શન થાય ત્યારે શુદ્ધ ચેતના ચેતનને ઉદ્દેશીને આવી પ્રૌઢ ભાષામાં વાત કરે છે. આ પદમાં કવિચાતુર્ય, પદલાલિત્ય અને આંતર આશય બહુ આનંદપ્રદ છે, અને સવિશેષ મનન કરવા યોગ્ય છે.

जवहरी* मोल करे लालका, मेरा लाल अमोला;

जीसके परंतर को नहि, उसका क्या मोला. निसु० २

"ઝવેરી લાલ મણિકનું મૂલ્ય કરે છે (પણ) મારા લાલ તો અમૂલ્ય છે. જેના પડદાના અંતરમાં કોઇ નથી (જેની સાદૃશ્ય થઇ શકે તેવું અન્ય કોઇ નથી) તેની કિંમત શું!"

---

* જવહરીને બદલે 'મેહરી' અથવા 'નુહેરી' એવો પાઠ છે અર્થ એક જ છે.

૨. જવહરી=ઝવેરી. મોલ=મૂલ્ય, કિંમત. જીસકે=જેને. પરંતર=પડદાને અંતરે સરખામાં આવી શકે તેવો બીજો કોઇ. ઉસકા=તેનું. ક્યા મોલા=શું મૂલ્ય.

આવા પ્રકારની સમાધિને પ્રાપ્ત કરવી એ યોગીનું પરમ સાધ્ય રહે છે અને જ્યારે તેને તે પ્રાપ્ત કરે છે ત્યારે વસ્તુતઃ તો તે ધ્યેયનો પ્રત્યય જ હોય છે, પણ તે એક અખંડિત ધારાવત્ ચાલતો હોવાથી વ્યક્તિને તે ધ્યેયથી પૃથક્ રૂપે જણાતો બંધ થાય છે અને તે વખતે ધ્યેય સ્વરૂપનો તને જે નિર્ભાસ થાય છે તેમાં ધ્યેયાકાર વૃત્તિનું પૃથક્ જ્ઞાન જતું રહેતું હોવાથી તે સ્વરૂપ શૂન્ય હોય એમ થાય છે. આવી સમાધિમાં એક સરખો પ્રવાહ ચાલતાં જે ધારા પ્રસરે છે, મનની એકાગ્રતા થાય છે, ચિત્તની સ્થિરતા થાય છે તેવી રીતે હે નાથ! આપના માર્ગરૂપ ધ્યેયને હું અનિમેષ દૃષ્ટિએ જોયાં કરૂં છું.*

તેવી જ રીતે મુનિરાજ જ્યારે ધ્યાનમાં જોડાય છે ત્યારે તેઓના મનની સ્થિરતા એટલી હદ સુધી વધી જાય છે કે છેવટે મનોયોગનો પણ નિરોધ થાય છે. શુભ ધ્યાનમાં જૈન યોગશાસ્ત્રકાર ધર્મધ્યાન અને શુક્લધ્યાન બે ગણે છે. તેમાં ધ્યેયના પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત ભેદો અને તેના વિભેદો બહુ વિચારવા યોગ્ય છે, તેમ જ આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાનવિચય ધર્મધ્યાનનું સ્વરૂપ તેમજ શુક્લધ્યાનના પૃથક્ત્વ વિતર્ક સપ્રવિચાર, એકત્વ વિતર્ક અપ્રવિચાર, સૂક્ષ્મક્રિય અપ્રતિપાતિ અને ઉચ્છિન્નક્રિય અનિવૃત્તિનું સ્વરૂપ વિચારવા યોગ્ય છે. જ્યારે મુનિ ધર્મધ્યાનારૂઢ થાય છે ત્યારે એવી અદ્ભુત દશા અનુભવે છે કે તેના મનની સ્થિરતાનું ચિત્ર પિંડસ્થાદિ ચાર ધ્યેયનુ સ્વરૂપ વાચવાથી કાંઇક સમજાશે. યોગશાસ્ત્રમાં શ્રીમાન્ હેમચન્દ્રાચાર્ય તેનુ આકર્ષક સ્વરૂપ ચીતર્યું છે. એ ધ્યાનમાં ચિત્તની અદ્ભુત સ્થિરતા પ્રાપ્ત થાય છે. આગળ જતાં ધ્યાતા ધ્યાન ને ધ્યેયની એકાગ્રતા થઈ જાય છે જે સ્થિતિમાં સુખી દુઃખી છું કે નથી તેનો પણ ખ્યાલ રહેતો નથી અને તેથી જ હે નાથ! યોગી સમાધિમાં જેમ સ્વરૂપશૂન્ય થઇ જાય છે અને મુનિ ધ્યાનમાં સ્થિર થઈ જાય છે, ત્યારે તેમની જેવી દશા થાય છે, તેવી રીતે આંખને ફરકાવ્યા સિવાય હું તમારા માર્ગ તરફ જોઈ

---

* આ સમાધિનું સ્વરૂપ સમજવા યોગ્ય છે [illegible] જિજ્ઞાસુએ [illegible] દર્શનના તૃતીય પાદના ત્રીજા સૂત્રપર વિવેચન જેવું (પૃષ્ઠ ૨[illegible] [illegible] આર્યાંતર્-દ્વિતીયાવૃત્તિ.)

ખોળા પાથરવા એ ગુજરાતી ભાષાનું ખાસ અર્થસૂચક વાક્ય (idiom) છે. સંઘને આમંત્રણ કરવા વિગેરે પ્રસંગે સંઘની પ્રાસાદી મેળવવા ખોળા પાથરવામાં આવે છે અને ભાષામાં તે ભિક્ષા માગવાના-કૃપા માગવાના અર્થમાં વપરાય છે.

આટલી બધી નમ્રતા બતાવવાનું કારણ પણ શુદ્ધ ચેતના કહી દે છે. હે નાથ! જ્યારે હું તમારૂં મુખ જોઉં છું ત્યારે મારા મનનું ડામાડોળપણું ચાલ્યું જાય છે, હું તમારામાં સ્થિર થઈ જાઉં છું અને મારો અને તમારો એક વાર મેળાપ થયા પછી કોઈ કાળે પણ વિરહ થતો નથી. આવી રીતે મારો અને તમારો મેળાપ મારા મનની જે અસ્થિર અવસ્થા છે તે દૂર કરી નાખે છે, મનમાંનું દુઃખ દૂર કરી નાખે છે અને તે સ્થિતિ નિરંતરને માટે પ્રાપ્ત થાય છે તેથી હે નાથ! મારે મંદિરે જરૂર પધારો.

मित्त विवेक वातें कहैं, सुमता सुनि बोला;
आनंदघन प्रभु आवशे, सेजडी रंग रोला. निरा० ५

"ઉપર પ્રમાણે સુમતાના બોલો સાંભળીને (ચેતનને સુમતાનો) મિત્ર વિવેક વાતમાં કહે છે કે આનંદરાશિ ભગવાન્ તારી સેજપર પધારશે અને રંગ વરસાવશે."

ભાવ-શુદ્ધ ચેતનાએ (સુમતાએ) નાથજીને પધારવાના સંબંધમાં ઉપર પ્રમાણે વિલાપ કર્યો, આમંત્રણ કર્યું તે બાજુમાં રહીને મિત્ર વિવેક સાંભળતો હતો. શુદ્ધ ચેતનાને આ પ્રમાણે વિલાપ કરતી સાંભળી વિવેક મિત્રે તેને (સુમતિને) કહ્યું કે હે સુમતા! સાંભળ! આનંદરાશિ ભગવાન્-સ્વયં અખડાનંદસ્વરૂપ ચિદાનંદ ચેતનજી તારા મંદિરે હવે જરૂર પધારશે, અને રંગ ઉડાડશે, આનંદ કરશે, મજા કરશે; માટે હવે તારે વિલાપ કરવો ઉચિત નથી.

ચેતનને જ્યાંસુધી સદસદ્વિવેક થતો નથી ત્યાંસુધી તે પરભાવમાં રમણ કર્યો કરે છે. તે સમજતો નથી કે સ્વ વસ્તુ શું છે અને પર વસ્તુ કઈ છે? તેથી તે પરભાવમાં રમણ કરવામાં આનંદ

૫ મિત્ત=મિત્ર. વાતેં=તેથી અથવા વાતમાં. મુનિ=માનીને બોલા=વચન સેજડી=બિછાનાપર. રંગ=રસરંગ. રોલા=વરસાવશે.

માને છે અને તેની અસર એટલે સુધી થાય છે કે પરસ્ત્રત તે તેનો સ્વભાવ જેવો થઈ જાય છે. વિષય, કષાય, નિદ્રા, વિકથા, પ્રમાદ વિગેરેના સેવનમાં તેને એટલો આનંદ આવે છે કે તે તેમાં તન્મય થઈ જાય છે, તદ્રૂપ થઈ જાય છે અને સંસાર વધારતો જાય છે. આ સર્વનું કારણ એ છે કે તેને વસ્તુસ્વરૂપનું જ્ઞાન નથી, ભાન નથી, સમજણ નથી. મિત્ર વિવેક જે ખરા ખોટાનું—સ્વપરનું વિવેચન કરે છે તે તેનાથી દૂર છે અને તેને લઈને ઉપર જણાવેલ પરિણામ આવે છે. હવે મિત્ર વિવેક સમતાને કહે છે કે હે બાળા! ચેતનજી સાથે મારે સંબંધ થવા માંડ્યો છે તેથી તેના મનની ગુપ્ત વાત હું તને કહી શકું છું. મેં તેને વસ્તુઓનું વિશિષ્ટ જ્ઞાન આપ્યું છે તેથી હવે તેઓ મમતા માયાનો સંબંધ મૂકી દઈને શુદ્ધ માર્ગ ગ્રહણ કરવા લાગ્યા છે તેથી છેવટે એ મારો મિત્ર ચેતનજી જે વસ્તુસ્વરૂપે આનંદઘન ભગવાન્ જેવો છે તે તારે મંદિરે પધારશે, અને તારી સેજપર રંગ જમાવશે, તારી સાથે પ્રેમથી ભેટશે, અને તારામય થઈ જઈ તને શુદ્ધ ચેતના બનાવી દેશે અને અંતે સર્વનો મેળાપ અનંત કાળ સુધી રહેશે. મમતા માયાને મૂકી દઈ એક વખત શુદ્ધાવબોધ તેને થશે તો પછી તારે તેની ચિંતા નહિ રહે, માટે તારે શોક કરવાની જરૂર નથી, નાયકજીને તેના મંદિરમાં લાવવામાં મારા તરફથી હું બનતી મદદ કરીશ.

સમતા અને શુદ્ધ ચેતના વચ્ચે કોઈ વખત ગોટાળો થઈ ગયો લાગે તો તેમ સમજવાનું નથી. વિશિષ્ટ અવસ્થામાં ચેતનની સ્ત્રી શુદ્ધ ચેતના રહે છે અને પ્રાથમિક શુદ્ધ થતી જતી અવસ્થામાં સમતા (સુમતા) તેની સ્ત્રી હોય છે. આગળ જતાં સમતા પોતે જ શુદ્ધ ચેતનાનું રૂપ લે છે તેથી સર્વ વિરોધ શમી જાય છે. આખા પદનો આશય એ જ છે કે ચેતનને માયા મમતામાં મુંઝાતો અટકાવી તેની શુદ્ધ દશા પ્રગટ થાય તેવો પ્રયાસ કરવાની બહુ જરૂર છે. શુદ્ધ આનંદઘન ચેતનનું તે અંત્ય પર્યવસાન છે અને તે પ્રગટ કરવા માટે જેટલો બને તેટલો પુરૂષાર્થ કરવાની આવશ્યકતા છે. એ સંબંધમાં પ્રમાદ કરવાથી પ્રાપ્ત થયેલ ઉત્તમ જોગવાઈનો લાભ મળતો નથી અને સંસારપાત થતો જાય છે.

પદ સત્તરમું.

(સોરઠ ગિરનારી.)

छोराने क्युं मारे छे रे, जाये काटचा डेण;
छोरो छे मारो वालो भोळो, बोले छे अमृत वेण. छोराने० १

"છોકરાને કેમ મારે છે? એ છોકરો તારા દેવાને કાપી નાખે-છેદન કરે તેવો છે. એ મારો છોકરો બાળો ભોળો છે અને અમૃત જેવાં વચન બોલે છે."

ભાવ–ઉપરના પદમાં છેવટે કહ્યું છે કે મિત્ર વિવેકે સુમતિને કહ્યું કે નાથ તારા મંદિરે પધારશે અને સેજડીમાં રસરંગ જમાવશે. હવે સુમતિ ચેતનને કહે છે કે હે ચેતનજી! તમે આ છોકરાને શું મારો છો? એ છોકરો તો તમારા અનેક ભવમાં કરેલાં કર્મરૂપ ઋણને છેદન કરે તેવો બળવાન્ છે, વળી તે બાળો ભોળો છે અને કાલાં કાલાં વચન બોલે છે. અત્ર છોકરો તે ઉપજતું ઉપશમ સમકિત સમજવું. જરા વખત (અંતર્મુહૂર્ત) ફરસી ચાલ્યું જાય તેને ઉપશમ સમકિત કહેવામાં આવે છે. અનાદિ મિથ્યાત્વી જીવ પ્રથમ એ સમકિત પ્રાપ્ત કરે છે. આખા ભવચક્રમાં પાંચ વખતથી વધારે વાર ઉપશમ સમકિત જીવ પામતો નથી. એ સમકિત વીજળીના ઝબકારા જેવું છે, એની સ્થિતિ અંતર્મુહૂર્તની છે. હે ચેતન! તું ઉપશમ સમકિત-રૂપ બાળકને શા માટે મારે છે? એનો ઘાત શા માટે કરે છે? સમકિતની શક્તિ એવી છે કે એ બાળક હોય તોપણ અનાદિ કાળથી લાગેલા અને તેથી વૃદ્ધ કહેવાતા મિથ્યાત્વરૂપ ઋણનો ઘાત (નાશ) કરી નાખે છે. એ ઉપશમ સમકિત હજુ બાળક છે, કારણકે હાલજ ઉત્પન્ન થયેલ છે અને વળી સંપૂર્ણ જ્ઞાનાભાવી હોવાથી ભોળું છે. એવા બાળા ભોળા છોકરાને તું શામાટે મારે છે? શામાટે તેનો નાશ કરે છે?

વળી તે અમૃત સમાન વચન બોલે છે. સુદેવને એ સુદેવ માને છે, સુગુરૂને સુગુરૂ માને છે અને શુદ્ધ ધર્મને સુધર્મ માને છે. આવા

૧ જાય=છોકરે. કાટચા=કાટી નાખ્યા, છેદન કર્યો. ડેણ=ઋણ, ઘરડું; અથવા હેતુ (=પ્રેમપ્રત્યયરૂપ હેતુ સમ્યક્ત્વ પુત્ર કાપે છે.)

સાચા અંતઃકરણના અને અમૃત સમાન મીઠાં વચન બોલનારા બાળકને તો તારે રમાડવું યોગ્ય છે કે તેને મારવું યુક્ત છે? સામાન્ય નિયમ પ્રમાણે કાલાં વચન બોલનાર છોકરાઓ સર્વને પ્રિય લાગે છે અને તારા સંબંધમાં તો તેથી ઉલટું છે. આ બાળક તો આત્મધર્મ અને કેવળીપ્રણીત ધર્મમાં અભેદ બતાવે છે, તને શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન કરાવે છે અને સાધ્યનું દર્શન કરાવે છે. એવા બાળકને તું શું જોઈને મારે છે? તેનો શામાટે નાશ કરે છે? તું જે કાર્ય કરે છે તે વ્યવહારથી તદ્દન વિપરીત અને ગેરવાજબી જણાય છે માટે તું જરા વિચાર કર.

આ પદનો અર્થ એક ટબા અનુસાર કર્યો છે. એ ટબો નં. ૨ નો છે જેના સંબંધમાં ઉપોદ્ઘાત જુઓ. મહારાજશ્રી ગંભીરવિજયજીએ કરેલો અર્થ પદને છેડે આપ્યો છે તે પણ વિચારવા યોગ્ય છે.

लेय लकुटिया चालण लाग्यो, अब कांइ फुट्यां छे नेण;
तुं तो मरण सिराणे सुतो, रोटी देसी कवेण; जोरावर० २

"(વળી જો!) એ બાળક લાકડી લઈને (ટેકો દઈને) ચાલવા લાગ્યો છે. (હે દેવ!) તારી શું આંખો હવે ફુટી ગઈ છે (કે તું તે દેખતો નથી)? પણ તું તો મરણને ઓશીકે સુતો છે, ત્યારે તને ખાવાનું કોણ આપશે?"

આનન્દે વૃદ્ધ જરા! દેખ! મિથ્યાત્વ! તું જો, આ ચેતનજી જેને ઉપશમ સમકિત પ્રાપ્ત થયું છે તેનું સ્વરૂપ કેવું છે તે વિચાર. એ બાળક સ્વરૂપ આકાર કરે છે અને પોતાના બે પગ ઉપર લાકડીનો ટેકો દઈને ટચુકડું ચાલવા લાગ્યો છે. જેના બે પગ તે વસ્તિત્વાનુભૂતિ રુચિ અને આત્માનુભવી શુદ્ધ શ્રદ્ધા સમજવી. વસ્તિક શુદ્ધ વસ્તુસ્વરૂપના જ્ઞાન ઉપર રુચિ અને આત્મસાધન ઉપર શુદ્ધ શ્રદ્ધા એ સમકિતના અંગ છે. આ બન્ને પગ ઉપર ચેતનજી ઉપશમ સમકિતરૂપ લાકડીનો ટેકો દઈ ટચમચ ટચમચ ચાલવા લાગ્યો છે. એને સમ્યગ્ દૃષ્ટિ દર્શન થયું છે, સ્વરૂપજ્ઞાનનો પ્રકાશ તેનાપર

૧ [illegible]

પડવા લાગ્યો છે અને ગ્રંથીનો ભેદ થયો છે. આવી રીતે ચાલ
લાગ્યો એટલે ઉત્કાન્તિમાં-ચતુર્થ ગુણસ્થાનકમાં વિશેષ વધારો કરવ
લાગ્યો અને આગળ પ્રગતિ કરવા લાગ્યો. અરે જહર મિથ્યાત્વ
ડોસા! તું શું આ દેખતો નથી? તને આ સર્વ સૂજતું નથી? પ
ખરેખર, તને તે ક્યાંથી સૂજે? તારાં કેવળજ્ઞાન કેવળદર્શનરૂપ નેત્રે
તો અનાદિ કાળથી ફુટેલાં છે તે કાંઈ આજકાલનાં ફુટેલાં નથી અને
જેનાં નેત્રો ફુટી ગયાં હોય તે શુદ્ધ સ્વરૂપ ક્યાંથી દેખી શકે? દુ
તો આજન્મ આંધળો છે તેથી તને આ હકીકત દેખાય જ ક્યાંથી

વળી હે મિથ્યાત્વ! તું અનાદિ કાળથી ચેતનજીના ઘરમાં વિલાસ
કરીને જેમ ઘરને કોલ કોતરે છે એટલે ડુક્કર ઘરને ખોદી નાખે છે
તેમ તેં તેનાં જ્ઞાન દર્શન ચારિત્રને ખોદી નાખ્યાં છે, પણ હવે તો તું
મરણને ઓશીકે સુતો છે એટલે તારો છેડો નજીક આવ્યો છે. કાર-
ણકે આગમમાં કહ્યું છે કે पणवारा उवसामियं ભવચક્રમાં ઉપશમ સમકિત
પાંચ વાર પ્રાપ્ત થાય છે. ચેતનજી પાંચ વાર તો ઉપશમ સમકિત પામી
ચૂક્યો છે. હવે નિયમા ક્ષપકશ્રેણી આરંભશે તેથી તારો અંત નિરંત-
રને માટે આવી પહોંચ્યો છે. તારૂં જીવન તારા આહાર ઉપર છે,
તારો આહાર અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભની ચોકડી અને
સમકિત મોહની, મિશ્ર મોહની અને મિથ્યાત્વ મોહની છે અને
સમકિત પ્રાપ્ત થતાં તેનો ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ થાય છે તેથી
એ તારો આહાર મળતો તને બંધ થયો છે. આવી રીતે તારા જીવ-
નના આધારરૂપ સાત કર્મ પ્રકૃતિનો આહાર તને મળતો બંધ થવાથી
તારૂં મૃત્યુ નજીક આવી પહોંચ્યું છે. હવે તો ચેતનજી કદિ પણ તારી
નજીક આવશે નહિ, તને દાદ દેશે નહિ અને તારી સંગત કરશે નહિ.
મિથ્યાત્વનું જોર એટલું બધું સખ્ત વર્તે છે કે સમકિત પ્રાપ્ત થયા
પછી પણ તેનાથી બની શકે ત્યાંસુધી આ જીવને ખેંચી ખેંચીને
પણ મિથ્યાત્વ ઉપર પછાડે છે પણ સમ્યક્ત્વપ્રાપ્તિ પછી છેવટે વધા-
રેમાં વધારે અર્ધ પુદ્ગલ પરાવર્તન જેટલા કાળમાં તો તે ક્ષપકશ્રેણી
માંડી સર્વ કર્મોને હઠાવી દે છે અને તે વખતે મિથ્યાત્વને સર્વથા
કાપી નાખે છે, નિરંતરને માટે કાપી નાખે છે અને પછી મિથ્યાત્વનું
તેનાં જ્ઞાન દર્શન ચારિત્રપર જે સામ્રાજ્ય ચાલતું હતું તે અટકી જાય

એ સમકિત ગમે તો ક્ષાયિક હોય, ઉપશમિક હોય કે ક્ષાયોપ-
મિક હોય પણ તેની પ્રાપ્તિ પછી અર્ધ પુદ્ગલપરાવર્તથી વધારે
ા જીવ સંસારમાં રહેતો નથી. આ પ્રમાણે હોવાથી હે મિથ્યાત્વ!
ગમે તેટલો પ્રયાસ કરે પણ નકામુંજ છે. તું મરણપથારીએ જ
ો છે અને ચેતનજીનો આધાર તો હવે સમ્યક્ત્વ બાળક ઉપર જ
લો છે.

पांच पचीस पचासा उपर, बोले छे मुधा वेण;
आनंदघन प्रभु दास तुमारो, जनम जनम के सेण; छोराने० १.

"પાંચ પચીશ પચાસ ઉપર તે સારાં વચન બોલે છે. હે પ્રભુ!
ાનંદનો સમૂહ તમારો સેવક છે, તમે જન્મ જન્મના સ્વજન છો."

ભાવ—સુમતિ મિથ્યાત્વ દેવુને કહે છે. પરમેશ્વરભાષિત આગ-
માં એવું વચન છે કે એક સમયાવચ્છેદે અસંખ્યાતા ઉપશમ સમકિત
ામીએ એ સર્વ આગમાનુયાયી શુદ્ધ વચન બોલે છે, કારણકે એ ક્ષપક-
ણીના પ્રારંભી છે. એણે આગમમાં કહ્યું છે તે પ્રમાણે ઉપશમની
ાપ્તિ પાંચ વાર કરી લીધી છે અને હવે તો નિરંતરને માટે મિથ્યા-
ાનો ઘાત કરવા તે ઉદ્યુક્ત થયો છે. હે પ્રભુ! આનંદનો સમૂહ-
ાત્મસ્વરૂપ તમારો-ઉપશમ સમકિતનો દાસ છે, કારણકે હવે
ા જન્મજન્મના વળે તેના મિત્ર છો—સ્વજન છો. તમારાથી આ ચેત-
જીએ સ્વરૂપજ્ઞાન પ્રાપ્ત કર્યું છે અને તમારી સાથે તે નિરંતર રહે-
ાર છે અને તેનાપર તમારો પરમ ઉપકાર છે. ટબાકાર એ પ્રમાણે
ાર્થ લખીને છેવટે કહે છે કે "આ પ્રમાણે અર્થ મને ભાસે છે,
વિનો આશય તો તે જાણે છે."

આ પદનો અર્થ પંન્યાસજી ગમ્ભીરવિજયજીએ મને બતાવ્યો
ા પણ ઉપયોગી હોવાથી નીચે ઉતારી લઉં છું.

(૧) જીવને વિવેક કહે છે. અગાઉના પદમાં કહ્યું કે મિત્ર
વવેક શુદ્ધ ચેતનાને કહે છે કે છેવટે નાથ તારે મંદિરે પધારશે અને
ત઼ારી સેજડીમાં રંગ ઉડાવશે. હવે તે વિવેક ચેતનને કહે છે કે હે
ચેતન! તું નયમકરૂપ બાળકને શામાટે મારે છે? તું અસંયમથી

મરેલો છે. હે મરેલા મડદા! ઉપયોગ વગરના, નકામા, મડદા જેવા જા, જા. (જાયે કાચ્યા ડેણુ એ મારવાડી ભાષાનું વાક્ય છે અને તેનો અર્થ જા જા મરેલા મડદા એમ થાય છે.) કોઈએ નવીન દીક્ષા લીધી હોય અને પછી મેઘકુમારની જેમ તેનાપર અસંયમ જોર કરે ત્યારે તેની જે સ્થિતિ થાય છે તેમાંથી બચવા પ્રબળ પ્રયાસ કરવો પડે છે. સંયમનો નાશ થવાથી સર્વનો નાશ થશે, કારણ તે વગર શુદ્ધ ચેતના તો પ્રગટ થવાની નથી. વિવેક કહે છે કે આ મારો સંયમરૂપ છોકરો હજુ તો બાળ છે, નાનો છે, અને ભદ્રક પરિણામી છે, સર્વનું ભલું ઇચ્છનારો છે, સર્વનું સુખ ઇચ્છનારો છે, ભાળોભોળો છે. સંયમ કદિ કોઈનું માઠું કરનારો થતો નથી અને પોતે વળી અમૃત જેવાં મધુર વચન બોલે છે. કહે છે કે સર્વ જીવોની દયા પાળો, સાચું બોલો, ચોરી નહિ કરો, વિગેરે વિગેરે. આવો ભોળોભોળો છોકરો છે તેને તું શું જોઈને મારવા ઉઠ્યો થયો છે. મૂર્ખ મડદા! જા, જા! હું તને કહું છું કે તારે ભૂલેચૂકે પણ મારા સંયમરૂપ છોકરાને મારવો નહિ

(૨) વળી વિવેક વધારે કહે છે કે હે મૂર્ખ! તું તો લાકડી લઈને ચાલે તેવો ઘરડો થઈ ગયો છે, તારૂં શરીર શીખાઉ વિખાઉ થઈ ગયું છે, અથવા તેં તારા હાથમાં મુનિવેશદર્શક દંડો લીધો છે. અથવા તું લાકડી લઈને છોકરાને મારવા ચાલ્યો છે, સામો જાય છે; પણ શું તારાં નેત્રો ફુટી ગયાં છે? તારી આંખો ગઈ છે? શું તારાં હૈયાનાં નેત્રો ફુટી ગયાં છે? તારે લાકડી લઈને ચાલવાનો વખત આવ્યો (ઘડપણ અથવા દીક્ષાને લીધે) છતાં પણ હજુ તું બીજાના પ્રાણ હરણ કરવા જાય છે. તારી તો હજુ પણ આંખ ઉઘડતી નથી. તું વિચાર કર, જરા જો. તું કોણ છે? તારી સ્થિતિ કેટલી છે? તારૂં શરીર કેવું છે? તું કોના ઉપર ઘા કરવા જાય છે? તું તો મરણને [illegible] મુક્યું છે. હવના લાકડી લીધી છે અને આ છોકરાને મારવા તૈયાર થયો છે, પણ જરા વિચાર તો કરો કે તને આવતા જનમમાં કેટલો [illegible] કેવું આવશે? ભાવતું કેવું હશે? પરભવમાં [illegible] [illegible] નથી, પરંતુ પરભવે તારાથી [illegible] નથી; ત્યાં તો "[illegible] [illegible], [illegible] [illegible]" જે હશે તેજ તને મળવાનું છે, બીજું કાંઈ મળવાનું નથી.

૩. વળી એ નાનો સંયમરૂપ બાળક છે તે હવે જરા જરા બોલે છે. કાંઈ પાંચ પચીશ અને પચાસ તથા તેથી વધારે વચનો પણ બોલે છે, તે હવે વધુ નાનો બાળક નથી, ભાંગ્યું તુટ્યું હવે તે બોલવા લાગ્યો છે.

પાંચ બોલ-પાંચ મહાવ્રતરૂપ તે સંયમરૂપ છે અને સુખદાયી (સુખા) છે.

પચીશ બોલ-પાંચ મહાવ્રતની પચીશ ભાવના છે.*

પ્રથમ મહાવ્રતની પાંચ ભાવના.

૧ ઇર્યા સમિતિ સમતા રાખવી.
૨ અવલોકન કરીને ભોજનાદિ કરવાં.
૩ વસ્તુ ગ્રહણ નિક્ષેપમાં જુગુપ્સા ન કરવી, પ્રમાર્જના કરવી.
૪ સર્વ કાર્ય સ્વસ્થ, શાંત અને અદુષ્ટ ચિત્તથી કરવાં. (મનોગુપ્તિ)
૫ મિથ્યા વાણીનો ઉચ્ચાર ન કરવો, વચનને અદુષ્ટપણે પ્રવર્તાવવાં. તત્ત્વાર્થ ગ્રંથમાં ૪૨ દોષરહિત આહાર પાણી સંયમસાધન માટે લેવાં એને પાંચમી ભાવના કહી છે.

બીજા મહાવ્રતની પાંચ ભાવના.

૧ હાસ્યનો ત્યાગ કરી સત્ય ભાષણ કરવું.
૨ જ્ઞાનપૂર્વક વિચાર કરી ભાષણ કરવું.
૩ ક્રોધની નિવૃત્તિ કરી સત્ય ભાષણ કરવું.
૪ લોભનો ત્યાગ કરી સત્ય વચન બોલવું.
૫ ભયનો ત્યાગ કરી સાચી વાણી બોલવી.

ત્રીજા મહાવ્રતની પાંચ ભાવના.

૧ સ્વયંમેવ યાચના કરવી.
૨ આજ્ઞા મેળવી તેને વારંવાર સાચવી વસ્તુ લેવી.
૩ વારંવાર અવગ્રહની યાચના કરવી.
૪ ગુરૂ અને અન્ય સાધુની આજ્ઞા લઈ ભોજન જળ પાનાદિ કરવાં.
૫ સાધર્મિક પવિત્ર સાધુની આજ્ઞા લઈ ક્ષેત્રવગ્રહ કરવો, અન્યથા નહિ.

* [illegible]

ચોથા મહાવ્રતની પાંચ ભાવના.

૧ અતિમાત્રા અને વધારે સ્નિગ્ધ આહાર ન કરવો, પરિમિત આહાર કરવો.
૨ શરીરની વિભૂષા કોઈ પણ પ્રકારે કરવી નહિ.
૩ સ્ત્રીનાં અંગો ઇચ્છાપૂર્વક જોવાં નહિ, તેને અવલોકવાં નહિ.
૪ સ્ત્રી, નપુંસક અને પશુવાળાં ઘર, આસન, અને ભીંતનો આંતરો પણ છોડવો.
૫ સ્ત્રી સંબંધી સરાગ કથા કરવી નહિ અને પહેલાની ક્રીડા સંભારવી નહિ.

પાંચમા મહાવ્રતની પાંચ ભાવના.

૧ સ્પર્શના વિષયને પ્રાપ્ત કરી તેનું આસેવન ગૃદ્ધિપૂર્વક કરવું નહિ, કે તેની ઉપર અમનોજ્ઞતાને લીધે દ્વેષ પણ કરવો નહિ.
૨ રસના વિષયોપર પ્રેમ કે દ્વેષ લાવવો નહિ.
૩ ઘ્રાણના વિષયોનું ઇષ્ટ અનિષ્ટ પરિણામ વિચારી તેમાં આસક્ત કે દ્વિષ્ટ થવું નહિ.
૪ ચક્ષુના વિષયોપર રાગ દ્વેષ ધારણ કરવો નહિ.
૫ શ્રોત્રના વિષયો તરફ આકર્ષણ કે ઉદ્વિગ્નપણું થવા દેવું નહિ.

એવી રીતે તપના પચાસ ભેદ (?) થાય છે પણ તેના પ્રકાર મને મળી શક્યા નથી. આગળ ઉપર તપાસ કરી લખીશ.

આ મારો સંયમરૂપ બાળક આવી રીતે પાંચ પચીશ પચાસ વચનો પણ બોલે છે અને તેનાં તે સર્વ વચનો આનંદ આપનારાં છે. વળી તે ઉપરાંત ચરણસિત્તરી કરણસિત્તરીના સીતેર સીતેર બોલ પણ તે બોલે છે. (આ બોલ જાણવાની ઇચ્છાવાળાએ પ્રવચન સારોદ્ધાર ગ્રંથનું છાસઠમું તથા સડસઠમું દ્વાર જોવું). હે આનંદઘન પ્રભુ! એ સંયમ તમારો સેવક છે, તમારાથી જ તેની ઉત્પત્તિ છે, આપ (પ્રભુ) તેને બતાવો છો, આપના આગમથી જ તે જણાય છે.

વળી તે બાળક આપથીને કહે છે કે હે પ્રભુ! તમે જન્મ જન્મમાં મારા સગા છો, સગા રહેજો, તમારી સાથેનું સગપણ કાયમ રહેજો.

આવી રીતે પ્રભુ સાથે સંયમનું સગપણ છે તે વાત વાજી કરી બાળ ચેતનજી પોતાને કોઈ મારે છે એ વાતની પ્રભુ પાસે ફરિયાદ કરે છે અને પ્રભુનો આશ્રય માગે છે.

પદ અઢારમું. (રાગ-માલકોશ, ગોડી રાગણી)

रिसानी आप मनावो रे,
प्यारे बीच्च वसीठ न फेर; रिसानी०
सोदा अगम है प्रेमका रे,
*परख न बूझे कोय;
ले दे वाही गम पदे प्यारे,
और दलाल न होय. रिसानी० १

"રીસાયલી (શુદ્ધ ચેતના)ને તમે સમજાવો, વચ્ચે ચોવટીઓ ફેરવો નહિ. પ્રેમની ખરીદી સમજણ ન પડે તેવી છે, પરીક્ષા કરીને જાણવાવાળા કોઈ નથી; (જે) આપે લે, તેને જ તેની ખબર પડે તેમ છે, બીજો કોઈ દલાલ સોદો કરી આપનાર સંભવતો નથી, હોતો નથી."

ભાવ-ચેતનજીને હવે જરા જરા ભાસ થયો છે કે આ જીવનનો ઉદ્દેશ પૌદ્ગલિક પદાર્થોમાં રાચવા માચવાનો નથી, પણ ઇંદ્રિયજન્ય વિષયસુખનો ત્યાગ કરી પોતાનું ચેતનત્વ પ્રગટ કરવું તેજ છે. તેને જરા જરા સમજાયું છે કે અત્યાર સુધી પોતે ખોટા માર્ગ-પર હતો, કુલટા સ્ત્રીઓના પ્રેમમાં હતો. હવે જ્યારે ઉપશમ સમ-

---

* પરિખ='પરીક્ષા કરીને' એવો પાઠાંતર છે.

૧ રિસાની=રિસાયલી છે તેને. મનાવો=સમજાવો. બીચ્ચ=વચ્ચે. વસીઠ=વિશિષ્ટ, ચોવટીઓ. નફેર=ફેરવો નહિ, લાવો નહિ. સોદા=ખરીદી. અગમ=અગમ્ય સમજાય તેવા, ન સમજી શકાય તેવા. પરખ=પરીક્ષા કરીને. બૂઝે=જાણે. લે દે=લે અને આપે. પદે=વસતું તેને. ગમ=ખબર.

કિતનો તેને જરા ઝળકાટ થઈ ગયો, ગ્રંથિભેદ થયો, અંતરકરણ કરી મિથ્યાત્વના ત્રણ પુંજ કર્યા ત્યારે તેને સમજાયું કે પોતાનું વાસ્તવિક કાર્ય તો શુદ્ધ ચેતનાને પ્રગટ કરવી એ છે અને પછી તેની સાથે અવિનાશીની સેજડીએ સુઈ આનંદ કરવો એ પોતાનો સ્વભાવ છે આટલું ભાન થયા પછી શુદ્ધ ચેતનાને મંદિરે જવાની ઇચ્છા થતાં સુમતિ સાથે પોતે શુદ્ધ ચેતનાને પ્રગટ કરવાના ઉપાય સંબંધી વિચાર કરે છે. સુમતિ આ તકનો લાભ લઈ શુદ્ધ ચેતના પ્રગટ કરવા સંબંધી કેટલીક હકીકત ચેતનજીને કહે છે તેપર આ હૃદયગાન છે.

સુમતિ વાક્ય—અરે ચેતનજી! મારા આધાર! શુદ્ધ ચેતના તમારાથી રીસાયલી છે, તમારાપર ગુસ્સે થયેલી છે, તમારી સાથે ખીજાયલી છે, તેને તમે પોતેજ સમજાવો. એને સમજાવવા માટે વચ્ચે ચોવટીઆને રાખશો નહિ. તમે જાણો છો કે એ સ્ત્રીનું આર્દ્ર હૃદય છે, એના અંતઃકરણમાં આપને માટે બહુ રાગ છે, પણ આપે અનાદિ કાળથી તેને તરછોડી છે તેથી તેણે આપની સાથે રૂસણાં લીધાં છે, પણ આપ પોતે તેને મનાવશો તો કામ સિદ્ધ થશે. તમે કોઈ પંચાત કરનારને વચ્ચે રાખવા ધારતા હો તો તે મારા વિચાર પ્રમાણે સારું નથી. આવી અગત્યની બાબતમાં વચ્ચે વાત કરનારને રાખવાથી ઘણી વખત નુકસાન થાય છે, ગોટાળો થાય છે, એ તમે જાણો છો. એ વચ્ચે ચોવટીઆને વચ્ચે રાખશો તો તમારો મેળ ખાશે નહિ. તમારે પોતે જ એ કામ કરવાનું છે તેના ઘણા કારણો છે, તેમાના કેટલાંક કારણો નીચે બતાવું છું.

[illegible] કરેલ હોય ત્યારે ઘણી ઘણી પોતે મોટો બહુ ફરક નથી પણ દલાલ આડતની પરીક્ષા કરીને કિંમત લેનાર વેપારી વચ્ચે [illegible] લેવી આવે છે અને મોટો નેસાથી આપે છે એ વાતનો અનુભવનો વિષય છે. હે ચેતનજી! તમારે મોટો કરવાનો છે તે [illegible] છે, બજારૂ વસ્તુનો નથી, તેમ એ સાધારણ રીતે અન્યથી પરખી શકાય તેવી વસ્તુ નથી, અંતઃકરણનો વિષય છે, માટે બહારના દલાલ તેની કિંમ[illegible] કરી [illegible] મન [illegible] નહિ. [illegible] છે, જ્યારે હોય ત્યારે દલાલ તેનું [illegible] [illegible] વસ્તુની [illegible] પડે છે [illegible]

દલાલનું એમાં કાંઈ ચાલી શકતું નથી, કારણકે એની પરીક્ષા પણ તેને થતી નથી. પ્રેમ આટલો છે, આવો છે, આ પ્રકારનો છે એ જ જ્યારે દલાલ જાણી શકે નહિ ત્યારે તેનો સોદો તે કેમ કરાવી શકે? પ્રેમની કિંમત તો તેની જે આપ લે કરે છે તેને જ હોય છે, તે જ સમજે છે કે પોતાના અંતઃકરણના ઉંડાણના ભાગમાં વાસ્તવિક પ્રેમ કેટલો છે અને મનોમન સાક્ષીભાવે સામાના અંતઃકરણમાં પોતા માટે કેટલો પ્રેમ છે તે પણ જાણી શકે છે, પણ દલાલ એમાંનું કાંઈ જાણી શકતો નથી. પ્રેમ વાટે ઘાટે મળતો નથી, દોશીઅને હાટે વેચાતો નથી, એ તો અંતઃકરણનો વિષય હોવાથી લેનાર દેનાર જ તેની પરીક્ષા કરી શકે છે.

આપના ઉપર શુદ્ધ ચેતનાનો પ્રેમ ખરેખરો છે એમ હું ચોક્કસ જાણું છું. વળી આપે તેના તરફ બેદરકારી રાખી છે અને તે પણ અનાદિ કાળથી-લાંબા વખતથી રાખી છે માટે તમારી સાથે અત્યારે તે રીસાયલી છે, પણ તમે પોતે જ તેને સમજાવો. તમે સાંભળતા હતા ત્યારે દશમા પદમાં શુદ્ધ ચેતના પોતે જ બોલી હતી કે 'કોઉ ન કૂતી દલાલ વિસીઠી, પારખી પ્રેમ ખરીદ બંનાવે.' કોઈ એવો ચોવટીઓ કે કૂતી નથી કે જે પ્રેમની પરીક્ષા કરી તેનો સોદો ઉતારી આપે. માટે તમે પોતે જ શુદ્ધ ચેતનાને સમજાવો, મનાવો અને હું તમને ખાત્રી આપું છું કે તમારૂં કામ જરૂર પાર પડશે. વ્યવહારમાં પણ પ્રેમનો સોદો થતો નથી. વાસ્તવિક પ્રેમ ન હોય ત્યારે એવો ખ્યાલી ઉપર ઉપરનો વિવેક કરવો પડે છે. સ્વાભાવિકતામાં અને કૃત્રિમતામાં ફેર છે. તે ધ્યાનમાં રાખી આ પદનો ભાવ વિચારીએ તો અર્થ સ્ફુરે તેમ છે.

दो बातां जीयकी करो रे,
मेरे मनकी आंट;
तनकी तपन बूझाइए प्यारे,
वचन सुधारस छांट. रिसानी० ७

૨ દેજો બાતાં=વાતો, કામ, કરવી. જીયકી=જીવની. મેરે=મારા રે. આંટ=ગુંચ, આંટી. તનકી=શરીરની. તપન=સંતાપ. બૂઝાઈએ=મટાડીએ, ઓલવી નાખીએ. છાંટ=છાંટણા વડે કરીને.

"(ચેતનાને મનાવવા માટે) તમારે જીવના સંબંધમાં બે વાત કરવીઃ એક તો તમારા મનમાંથી આંટી કાઢી નાખો અને બીજું પ્રભુના વચનામૃત રૂપ છાંટણા વડે કરી શરીરનો સંતાપ બુઝાવી નાખો, ઓલવી નાખો."

ભાવ-ચેતનાને મનાવવા માટે વચ્ચે દલાલ-ચોવટ કરનારનું કામ નથી, એ બતાવી હવે તેને મનાવવાનો ઉપાય સુમતિ બતાવે છે. હે ચેતનજી! તમારે જો ચેતનાને મનાવવી હોય તો તમારા જીવના સંબંધમાં બે વાત કરો, બે કામ કરો. એ બે કામ કયાં કયાં છે, તે સ્પષ્ટ રીતે દર્શાવે છે.

એક તો તમારા મનમાંથી આંટી કાઢી નાખો, જ્યાં પ્રેમ હોય ત્યાં આંટી નહિ અને જ્યાં આંટી હોય ત્યાં પ્રેમ નહિ; માટે તમારા મનમાં જે વળ હોય તે દૂર કરી નાખો. તમારા મનમાં હજુ પરભાવ ગમનરૂપ આંટી છે, તમે હજુ તમારી પતિવ્રતા સ્ત્રીપર બરાબર પ્રેમ રાખવાનું શીખ્યા નથી, તમે હજુ જ્યારે ત્યારે માયામમતા વિગેરે વેશ્યાઓનાં મંદિરોમાં ભટકયા કરો છો. જો તમારે બરાબર પ્રેમ કરવો હોય, શુદ્ધ ચેતનાને તમારા હૃદયમંદિરમાં સ્થાન આપવું હોય તો પરભાવરમણ મૂકી દઈ એક નિષ્ઠાથી તેનાપર શુદ્ધ પ્રેમ રાખો અને મનમાંની આંટી ઘુંટી કાઢી નાખો, દૂર કરો, ફેંકી દો.

કોઇને મનાવવું હોય ત્યારે મિષ્ટ મિષ્ટ વચનો વડે તેને શાંત કરવાની જરૂર પડે છે. તેના મનમાં જે સંતાપ હોય છે તે પ્રથમ વચન દ્વારા શાંત કરવો પડે છે, તેમ અહીં પણ સમજવું. શુદ્ધ ચેતનાને મનાવવા માટે તમે 'હવે પછી હું આમ નહીં કરૂં, પૌદ્ગલિક ભાવમાં નહીં રમું.' ઇત્યાદિ મિષ્ટ વચનો વડે તેને શાંત કરો, એટલે તે તરત મનાશે. સ્ત્રીજાતિ વિશ્વાસુ હોય છે તેથી પતિનાં વચનોપર વિશ્વાસ રાખી તરત મનાઈ જાય છે. આ મૂળ અર્થ જણાય છે. બીજો આવો અર્થ પણ થાય છે કે તમારા શરીરમાં જે વિષય કષાયજન્ય સંતાપ થયા કરે છે, તમને જે આતુરતા રહ્યા કરે છે તે મટાડી દો. મતલબ તમને બાહ્ય સુખ મેળવવાની જે આતુરતા છે તે દૂર કરો, શાંત કરો, એટલે આત્મસ્વરૂપને લાગતી અગ્નિ શાંત કરો. રાગદ્વેષજન્ય સંતાપ તમારા શરીરમાં રહે છે તે દૂર કરો. સંતાપ કેટલો અને કેવો થાય

છે તે બરાબર અવલોકન કરવાથી જણાય તેમ છે. એક વસ્તુ મેળ
વવાનો લોભ થાય, કીર્તિ મેળવવાની ઈચ્છા થાય, તેમજ અન્ય મોહ
નીય કર્મના આવિર્ભાવ થાય ત્યારે માનસિક ક્ષોભ થવા ઉપરાં
શરીરમાં એક પ્રકારની ગરમી થઈ આવે છે જે બારિક દૃષ્ટિથી જણાશે
સંતાપ એ અગ્નિ છે, એને શાંત પાડવાનો ઉપાય જળછંટકાવ છે. એટલ
માટે તેના ઉપર રાગદ્વેષ રહિત વીતરાગ ભગવાનનાં વચનરૂપ અમૃતને
છંટકાવ કરવાથી સંતાપની શાંતિ થાય છે, અગ્નિ બુઝાઈ જાય છે
આવી રીતે તીર્થંકરભાષિત વચનામૃતનો વરસાદ થશે ત્યારે મન
વ્યથા અને શરીરનો સંતાપ દૂર થશે અને તેમ થશે ત્યારે શુદ્ધ ચેતન
જે અત્યારે તમારાથી રીસાણી છે તે મનાશે અને તમારા હૃદ
મંદિરમાં આવી નિરંતરનો વાસ કરશે.

ક્ષાયક સમકિત પ્રાપ્ત થયા પછી શુદ્ધ ચેતનાનો નિરંતર સંબં
થાય છે તેને માટે શારીરિક અને માનસિક શુદ્ધિ કરો. શુદ્ધ ચેત
પ્રગટ કરવા માટે પરભાવરમણ અને સ્વરૂપસંતાપરૂપ મન અ
શરીરના વ્યાધિઓને આગમકથન અને તીર્થંકરના ઉપદેશરૂપ અમૃ
છંટકાવથી શાંત પાડવા યોગ્ય છે.

नेक नजर निहालीए रे,
उजर न कीजें नाथ;
तनक नजर मुजरे मिले प्यारे,
अजर अमर सुख साथ. रिसानी० ३

"હિતદૃષ્ટિથી જોઈએ અને હે પતિ! (કે.છની) તરફ-દરક
ન કરીએ. જરા નજર કરવાથી અને મુજરો કરવાથી વૃદ્ધાવસ્થા અ
મરણનાં દુઃખ રહિત સુખ સાથે તે (શુદ્ધ ચેતના) મળે."

બાપ-રીસાયલી શુદ્ધ ચેતનાને મનાવવાનો એક ઉપાય ઉ
જણાવ્યો. હવે બીજો ઉપાય અત્ર બતાવે છે. સર્વ જીવો તરફ હિ
બુદ્ધિથી જુઓ. તને વિચારો કે સર્વ જીવો સત્તાએ સિદ્ધ સમાન
ચેતના સાથે છે, એને પણ સિદ્ધ દશા પ્રયત્નથી પ્રાપ્ત કરી શ

[illegible]

તેવો છે. સત્તાગતે સર્વ જીવો પોતાના સરખા હોવાથી તમારી ફરજ છે કે તમારે તેને પોતાના મિત્ર સમજવા.

> 'સર્વ મિત્ર કરી ચિંતવો સાહેલડી રે, કોઈ ન જાણે શત્રુ તોય
> રાગ દ્વેષ એમ પરિહરી સાહેલડી રે, કીજે જન્મ પવિત્ર તો.'

મૈત્રીભાવ અતિ ઉત્તમ છે. એમાં સર્વ જીવ તરફ મિત્રતા રાખવાનો-બંધુભાવ દેખાડવાનો ઉદ્દેશ છે. એ સ્વધર્મી બંધુઓને કે દેશવાસી બંધુઓને જ મિત્ર તરીકે ચિંતવવા સમજાવે છે એમ નહિ પણ સર્વ મનુષ્યોને તે બંધુભાવે બતાવે છે. એથી પણ આગળ વધીને પંચેન્દ્રિય તિર્યંચ, વિકલેંદ્રિય અને એકેંદ્રિય જીવોને પણ બંધુબુદ્ધિએ બતાવે છે. 'પરહિતચિંતા મૈત્રી' એ ભાવ એટલો આહ્લાદજનક છે કે એથી મનની આંટી અને શરીરનો સંતાપ જેના ઉપર અગાઉ વિવેચન કર્યું છે તે પણ શાંત પડતા જાય છે. ચેતનજી! તમારે શુદ્ધ ચેતનાને જાગ્રત કરવી હોય તો આ મૈત્રીભાવ ધારણ કરવો, સર્વ તરફ હિતબુદ્ધિથી જોવું.

નેકનજર એટલે મીઠી નજર: અમીદૃષ્ટિ-શુભ દૃષ્ટિક્ષેપન. પ્રભુને અને રાજાને આ જીવ નેકનજરથી પોતાની સામું જોવા વારંવાર વિનંતિ કરે છે. મોટા માણસની નેકનજરથી કાર્ય સિદ્ધ થાય છે. આવી નેકનજરથી સર્વ જીવ સામું જોવાની ટેવ પડે છે ત્યારે તેને સર્વનું શુભ કરવા ઇચ્છા થાય છે, પ્રબળ આંદોલનો તેને માટે મૂકે છે અને અન્ય તરફ જેવી ભાવના થાય તેવું પોતાનું કાર્ય સિદ્ધ થાય છે, એ અનિવાર્ય નિયમ છે. યાદૃશી ભાવના યાદૃશી સિદ્ધિઃ તદનુસાર આવી દૃષ્ટિરૂપ ભાવના • નાથી સ્વકાર્યની સિદ્ધિ પણ થાય છે.

અને હે નાથ! તમારે મારા ઉપર નેકનજરથી જોવું, પણ તમારે કોની નજર કરવી નહિ? હે પ્રભુ! તમારે કોના બાપની સાડી બાર છે, તમારે કોની નજર છે, તમારે કોની દરકાર છે? તમે તદ્દન બેદરકાર [illegible]. [illegible] વસ્તુમાત્રની આશા છોડી દો, તે તમને [illegible] છે કે [illegible] નથી. વળી આ જીવ અન્યની આશા ઉપર અનેક પ્રપંચ કરે છે, અન્યને [illegible] નાચ નાચે છે, મોટા માણસના મુખ સામું જોયા કરે છે [illegible] અજ્ઞાનપર [illegible] વિચિત્ર [illegible]. પણ હે નાથ! તમારે સામું કોની દરકાર રાખવી પડે છે,

ારે જે જોઈએ તે તમારી પાસે છે, તમારી સાથે છે, તમારામાં છે,
મારા જ રૂપ છે; માટે કોઈની દરકાર તમારે કરવી નહિ.

એ પ્રમાણે સર્વ ઉપર નેકનજરથી જોશો અને પરની દરકાર મૂકી
શો એટલે કાર્યસિદ્ધિ તરફ પ્રયાણ થશે. ઉપરાંત તમારે શુદ્ધ ચેતનાને
લાવવા માટે શું કરવું તે પણ હું કહું છું. ઉપર પ્રમાણેની સ્થિતિ પ્રાપ્ત
ર્યાં પછી તમે શુદ્ધ ચેતના તરફ જરા નજર કરશો અને તેને મુજરો
શો તો તે તમને આવીને મળશે-ભેટશે અને વળી તે એવી સારી
તે મળશે કે સાથે તે અજર અમર સુખ લેતી આવશે એટલે તે
મને મળ્યા પછી તમારે વૃદ્ધાવસ્થા અને મરણનું દુઃખ હમેશને માટે
ટી જશે. સંસારમાં ઘડપણનું દુઃખ મોટું છે અને વળી વારંવાર
રણ પામવાં અને જન્મ લેવા એ પણ એવી જ મહા ઉપાધિ છે.
। સર્વ પીડા નિરંતરને માટે મટી જાય તેટલા માટે જેમ તમે રાજાનો
જરો કરો છો ત્યારે તે તમારી સામે નજર કરે છે તેમ શુદ્ધ ચેતનાને
જરો કરવાથી તમારી જાયની ભાવઠ ભાંગી જશે. કહેવાની મતલબ
। છે કે નેકનજરે સર્વ પ્રાણીઓને જોવાથી અને તેઓની સ્થૂળ લાલસ
ાટે દરકાર ન કરવાથી એક લહેરમાં તમે મોક્ષ પ્રાપ્ત કરી શકશો.

ઉપર ઉપરનાં શુભ જણાતાં પણ કેવળ કીર્તિને માટે જ કરાતાં
ર્યો વ્યવહારને અંગે કરી તમે કાળ નિર્ગમન કરી નાખો છો તે હવે
ાડી દો અને શુદ્ધ ચેતનાને પ્રગટ કરવા પ્રબળ પુરૂષાર્થ કરો, જેમ
રવાથી તમારે નિરંતરની ઉપાધિનો છેડો આવી જાય.

निशि अंधपारी* घन घटा रे,
पाउं न वाटको फंद;
करुणा करो तो निरवहुं प्यारे,
देखुं तुम मुखचंद. रिसानी० ४

"અંધકારમય રાત્રિ છે, વાદળાની છાયા (ફેલાયલી છે). હું

---

* અંધપરીને બદલે 'અંધારી' એવો પાઠ છે.

૪. નિશિ=રાત્ર અંધપરી=અંધકારવાળી. ઘન=વાદળાની. ઘટા=છાયા. પાઉં
ન=મને ન હાથ, ન મળે. વાટકો=રસ્તાનાં. ફંદ=ફંદો. નિરવહું=જોઉં. દેખું=દર્શન કરું.

પ્રભુ! રસ્તાનાં વિઘ્નો ન થાય એવી મારાપર કૃપા કરો તો હું આવું અને તમારા મુખચંદ્રનું દર્શન કરૂં."

ભાવ—આ પ્રકારે શુદ્ધ ચેતનાને મનાવવાની વાત અને તેમ કરવાના ઉપાય સુમતિએ ચેતનજીને કહ્યા ત્યારે આ ચેતન શુદ્ધ ચેતનાને મનાવવા કાંઈ ઉદ્યત થયો, તેથી તે પ્રથમ તો આનંદઘન પ્રભુને વિનતિ કરે છે કે હે પ્રભુ! એક તો સીહા અંધારી રાત્રિ છે અને વળી તેમાં સખત વાદળાં થયેલાં છે, તેથી હું રસ્તાનાં વિઘ્નો જોઈ શકતો નથી, પણ હવે આપ મારા ઉપર કૃપા કરીને કાંઈ એવું કરો કે મને માર્ગનાં વિઘ્નો ન નડે અને આપશ્રીનું દર્શન થાય.

મોહરૂપ અંધકારમય રાત્રિ છે, તે સ્વભાવે જ અંધારી છે, તેમાં સ્વયં પ્રકાશ પડતો નથી, અને ચંદ્રનો પણ પ્રકાશ નથી, તે કૃષ્ણ પક્ષની રાત્રિ છે અને વળી તદુપરાંત આકાશમાં ઘનઘટા વ્યાપી રહી છે. મોહરાત્રિ ચંદ્રપ્રકાશ વગર અંધકારમય તો છેજ તેમાં વળી વાદળાં ચડી આવ્યાં છે એટલે જ્ઞાનાવરણીય દર્શનાવરણીયરૂપ મેઘની ઘટા છવાઈ રહી છે તેથી તારાનો પ્રકાશ પણ પડતો નથી. ઘણા જીવો કૃષ્ણપક્ષીઆજ હોય છે. આવી સીહા અંધારી રાતમાં વાટે ચાલતાં અનેક વિઘ્નો આવી પડે છે, પગ જ્યાં ત્યાં અથડાય છે, કુવા ખાડામાં પડી જવાય છે અને ચોરનો ભય લાગે છે. હે આનંદઘન પ્રભુ! મારા નાથ! હવે તો આપ કાંઈ એવું કરો કે રસ્તાનું મને કોઈ પણ પ્રકારનું વિઘ્ન ન થાય અને હું એકદમ તમારી તરફ ગમન કરીને તમારા મુખચંદ્રનું અવલોકન કરૂં. પ્રભુદર્શન માટે જતાં રસ્તામાં પડી જવાય, લુંટાઈ જવાય તો પ્રભુ સુધી પહોંચી શકાતું નથી અને પ્રભુદર્શન થતું નથી, તેથી આનંદઘન પ્રભુને વિનતિ કરે છે કે હે નાથ! મારે મારી શુદ્ધ ચેતનાને મનાવવી છે, તે કારણે જ આપ મહાત્માનું ધ્યાન કરવા ઇચ્છા રાખું છું અને તદ્દ્વારે તેને મનાવવા ઇચ્છું છું તો હવે મારા માર્ગમાં જે વિઘ્નો આવે તે દૂર કરી આપ અને આપનાં દર્શન કરાવો. આપના મુખચંદ્રનું દર્શન થતાં મોહરાત્રિની અંધકારમય સ્થિતિ અને જ્ઞાનાવરણીયાદિ ઘનઘટાનો નાશ થઈ જશે. જ્યાંસુધી એમ ન બને ત્યાંસુધી શુદ્ધ સ્વરૂપનું મને ભાન થાય નહિ, ભાન થયા વિના શુદ્ધ ચેતના ઓળખાય નહિ અને

ઓળખ્યા વિના તેને મનાવાય નહિ. એટલા માટે પ્રભુમુખચંદ્રના દર્શન સારૂ ચેતનજી વિજ્ઞપ્તિ કરે છે.

प्रेम जहां दुविधा नहि रे,
*नहि ठकुराइव रेज;
आनंदघन प्रभु आई वीराजे,
आपही समता सेज. रिसाणी० ५

"જ્યાં પ્રેમ હોય છે ત્યાં બે ભાવ હોવા નથી તેમજ જરા પણ ખાલી ભપકો પણ હોતો નથી. આનંદઘન પ્રભુ પોતે જાતે આવીને સમતાની સેજડીએ બીરાજમાન થાય છે."

આ ગાથાનું બીજું પદ બી. મા.ની બુકમાં છપાયેલ છે તે અશુદ્ધ જણાય છે. 'મેટકુરાહિત રાજ' એમ છપાયેલ છે તે કોઈ પ્રતમાં નથી. અત્ર પાઠ લખ્યો છે તે પ્રમાણે ચારે પ્રતમાં છે. કુરાહિત રાજ એટલે અન્યાયી રાજ્ય.

ભાવ—જ્યાં પ્રેમ હોય ત્યાં પોખો નહિ, બે પ્રકાર નહિ. ઉપરથી દેખાડવાનું જૂદું અને વર્તન જૂદું એવા પ્રકારનો દ્વિભાવ પ્રેમમાં હોતો નથી, તેમજ જ્યાં સાચો પ્રેમ હોય ત્યાં ખાલી ભપકો હોતો નથી. પ્રેમમાં સંકલ્પ વિકલ્પ હોતા નથી. મોક્ષ મેળવવાનો જો તમારા મનમાં પ્રેમ હોય તો પછી તેમાં કોઈ જાતની શંકા રાખો નહિ, બે ભાવ રાખો નહિ, ગોટા વાળો નહિ. संशयात्मा विनश्यति એ તો જાણીતી વાત છે, માટે શુદ્ધ પ્રેમ તમને શુદ્ધ ચેતના ઉપર હોય તો પછી બીજા ગોટા વાળવા મૂકી દઈ એક નિષ્ઠા રાખો. સંશય રાખનારનું એક પણ કામ સિદ્ધ થતું નથી અને વળી ખાલી ભપકો મૂકી દો. પ્રેમમાં કાંઈ આડંબર કરવાની જરૂર નથી, એમાં કાંઈ પડારો કરવો પડતો નથી. માટે તમે ગોટા વાળવા છોડી દો અને સંશય મૂકી દો. આ પ્રમાણે થશે એટલે આનંદઘન પ્રભુ પોતે ચાલીને સમતાના

* 'મેટકુરાહિત રાજ' એવો પાઠાંતર માત્ર બી. મા.વાળી બુકમાં છે.

૫ દુવિધા=દ્વિધા, બે ભાવ. ઠકુરાઇત=મોટો ભપકો. રેજ=જરા પણ. આઈ=આવીને. આપહી=પોતે.

મંદિરે પધારશે અને તેની સેજ ઉપર-તેના પલંગ ઉપર બીરાજશે. આનંદઘન પ્રભુ ઉપર તમને પ્રેમ થશે ત્યારે તે પણ દુવિધા-એ ભાવ રાખે તેવા નથી, તેઓ પોતે ચાલીને તમારા હૃદયમંદિરમાં રહેલ સુમતિની સેજડીએ બેસશે અને તમારામાં ને આનંદઘન પ્રભુમાં છેવટે કાંઈ પણ ભેદ રહેશે નહિ. આવી રીતે થશે એટલે રીસાયલી શુદ્ધ ચેતના મનાઈ જશે.

આ મનુષ્યજીવનનું કર્તવ્ય શુદ્ધ ચેતનાને મનાવવાનું છે. જો સંસારચક્રનો પાર પામવો હોય, સંસારસમુદ્ર ઓળંગી જવો હોય, સંસારાટવી ઉતરી જવી હોય તો શુદ્ધ ચેતનાને પ્રાપ્ત કરવા-તેને પ્રગટ કરવાના કાર્યમાં જોડાઈ જવું, તેને મનાવવાના બતાવેલા ઉપાયોનું સેવન કરવું અને તેને હૃદયમંદિરમાં સ્થાન આપવા દૃઢ નિશ્ચય કરવો. જે જીવનું એ સાધ્ય હોય તેવા પુરૂષોનું આ જીવન યોગ્ય છે અન્યને તો ફેરા માત્ર છે.

---

*પદ ઓગણીશમું-રાગ વેલાવલ.

दुलह नारी तुं बडी बावरी,
पिया जागे तुं सोवे;
पिया चतुर हम निपट अग्यानी,
न जानु क्या होवे. दुलह० १

---

* આ પદ કોઈ પણ પ્રતમાં જોવામાં આવતું નથી, માત્ર શા. ભીમસીંહ માણેકની બુકમાં છે. કૃતિ આનંદઘનજીની હોય તેમ લાગતું નથી, કારણકે એક તો પદનો અર્થ કરતાં બહુ ખેંચીને ભાવ લાવવો પડે છે. બીજું પ્રથમ ગાથાની પંક્તિમાં વિશેષણ વિશેષ્ય વચ્ચે અઘટિત લાંબો આંતરો રહે છે. ત્રીજું એક જ પદમાં ચેતન અને ચેતના સામસામી વાતો કરે એ આનંદઘનજીની સામાન્ય કૃતિને અનુરૂપ નથી અને ચોથું ભાષા આનંદઘનજીના બીજા પદોથી વિલક્ષણ જણાય છે. આ પદ ક્ષેપક હોય એમ મારૂં માનવું છે વિ ક.

૧. દુલહ=દુ ખે મળી શકે તેવા, દુર્લભ. તેનું વિશેષ્ય પિયા શબ્દ જે દ્વિતીય પંક્તિમાં આવે છે તે છે. બડી=ભારે, મોટી. બાવરી=ગાંડી, બેવકૂફ. પિયા=પતિ, ભરથાર. નિપટ=તદ્દન. અગ્યાની=અજાણી, અજ્ઞાની. હોવે=થાય છે.

"હે નારી! તું બહુ બેવકૂફ છે, મળવા મુશ્કેલ એવા તારા પતિ જાગે છે અને તું સુઈ જાય છે. (સ્ત્રી જવાબ આપે છે) પતિ નિપુણ છે અને હું તો તદ્દન અજ્ઞાની છું (તેથી) શું થાય છે તે હું જાણતી નથી."

ભાવ–આ ચેતન અશુદ્ધ ક્રિયામાં-દ્રવ્યક્રિયામાં જાગતો છે, તે વિભાવદશામાં જાગ્રત રહે છે, સંસારનાં હેતુભૂત દ્રવ્ય, સ્ત્રી, પુત્રાદિકના મોહમાં પડી રહી તેને અંગે જે ખટપટ કરવી પડે છે તેમાં તે જાગતો રહે છે. અલબત, એની પતિવ્રતા સાધ્વી સ્ત્રી આવા પારકા ઘરે રખડનારા પતિ સાથે રીસાય તેમાં નવાઈ નથી. એ કારણથી તે પતિ સન્મુખ જોતી નથી. ચેતનજીને હવે કાંઈક સ્વરૂપજ્ઞાન થવા લાગ્યું છે તેથી શુદ્ધ ચેતનાને જાગ્રત કરવાની ઇચ્છા તેને થઈ છે, પણ તેને મેળવવા યોગ્ય પોતાનું વર્તન થયું નથી. આવા પ્રસંગે ચેતન શુદ્ધ ચેતનાને ઉદ્દેશીને કહે છે.

હે ચેતના! તું વારંવાર તારા પતિની વાટ જુએ છે, તેના વિરહથી દુઃખી થાય છે, પણ હું પોતે તારો પતિ તને આજે કહું છું તે તું સાંભળ. તું તદ્દન મૂર્ખ છો, બેવકૂફ છો, ગાંડી છો. પતિમેળાપ અતિ દુર્લભ છે એમ તું જાણે છે, જીવની ચેતના શુદ્ધ થવી એ અતિ મુશ્કેલ કાર્ય છે, અનંત ભવભ્રમણ કર્યા પછી અકામ નિર્જરા થાય ત્યારે જીવ નિગોદમાંથી નીકળી પીએ પીએ ઊંચો આવતો જાય છે અને છેવટે મહા મુશ્કેલીએ મનુષ્યભવ પામે છે ત્યાં પણ માર્ગાનુસારી બુદ્ધિ પ્રાપ્ત કરતાં કેટલીકવાર બહુ કાળ નીકળી જાય છે. એ પ્રમાણે ચડતાં પડતાં કોઈ વખત અપૂર્વ અધ્યવસાયના નિમિત્તથી ગ્રંથિભેદ પામે છે ત્યારે કોઈ વખત સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે અને વળી તેને વમી દઈ આત્મધન ગુમાવી નાખે છે. આવી દશામાં પણ કેટલીકવાર અર્ધ પુદ્ગલ પરાવર્ત જેટલો કાળ ગુમાવી નાખે છે અને તેના છેવટના ભાગમાં શુદ્ધ ચેતના બહુ મુશ્કેલીએ પ્રાપ્ત કરે છે. આ સર્વ વાર્તાની હકીકત બતાવી જીવ ચેતનાને કહે છે કે હે ચેતના! તું અતિ મૂર્ખ છે, આ વખતે પતિ જે હું તેની સાથે તારે મેળાપ થવો અતિ મુશ્કેલ છે એ તું જાણે છે [illegible] હું તારે પ્રાત [illegible]—ચેતનજી તો વિભાવદશામાં જાગું છું, દ્રવ્યક્રિયાઓ કરું છું અને વ્યવહારના

સર્વ પ્રસંગો અનુભવું છું. જીવમાં ચારિત્રગુણ સ્વાભાવિક છે એ જાણીતી વાત છે. એ ચારિત્રગુણ રમણભાવરૂપ સમજવો. સિદ્ધના જીવોમાં પણ તે સ્થિરતારૂપે હોય છે, મિથ્યાત્વ અવસ્થામાં જીવ તે ગુણને લઇને વિભાવદશામાં રમણ કરે છે. જેટલા પૂરતો વિભાવ ઉપાડો છે તેટલા પૂરતો સ્વભાવ બંધ છે. રમણભાવ તો સર્વદા રહે છે, પણ સ્વભાવમાં કે વિભાવમાં તેનું સ્થિત્યંતર થયા કરે છે. ત્યારે હે ચેતના! તારો પતિ હું વિભાવદશામાં જાગ્રત રહું છું અને તું ઉંઘ્યા કરે છે ત્યારે મારી અને તારી પ્રીતિ શી રીતે જામશે? પતિ મંદિરે પધારે અને સ્ત્રી ઉંઘ્યા કરે તો પછી તેને પતિમેળાપનો લાભ શી રીતે મળે? માટે હું તને કહું છું કે ચેતના! તું તદ્દન મૂર્ખ સ્ત્રી છે, ગાંડી છે, જો તારે પતિનો મેળાપ કરવાની ઇચ્છા હોય તો તું પણ તેના પ્રમાણે વિભાવદશામાં જાગ્રત રહે અથવા પતિ જ્યારે જાગે છે ત્યારે તું ઉંઘે છે તે વાતનો ખુલાસો કર.

ઉપરના સવાલનો જવાબ આપતાં શુદ્ધ ચેતના કહે છે-પતિ! મારા નાથ! તમે તો વિભાવદશામાં ચતુર હશો એ વાત ખરી હશે, પણ હું તો એ વિભાવદશાથી તદ્દન અજાણી છું, એનું સ્વરૂપ અને તેનું હોય તેની સાથે મારે સંબંધ નથી, મારે તે જાણવાની દરકાર પણ નથી. આ પ્રમાણે હોવાથી મને તો ખબર પડતી નથી કે વાસ્તવિક રીતે તમે જાગો છો કે ઉંઘો છો. તમે એમ માનો છો કે તમે ચિત્તે જાગો છો, પણ જે દશામાં તમે જાગો છો અને જેમાં તમે નિપુણ છો તે દશા અમારા વિચારક્ષેત્રની બહાર છે, તમે દ્રવ્યક્રિયા કરતા હો તે મારે જાણવાની આવશ્યકતા નથી, ભાવક્રિયા કે સ્વભાવ દશાના તમે જાગ્રત નથી એ તો સ્પષ્ટ જણાઈ આવે છે અને વિભાવમાં જાગ્રત છો કે નહિ હો તે જાણવાની મારે દરકાર નથી. શુદ્ધ ભાવપૂર્વક કરણી કરી હોય તે જ કરણી શુદ્ધ ચેતના ચાહે છે, [illegible] છે [illegible] તે જ કરણી ચેતનાને શુદ્ધ કરી જાય છે અને તે [illegible] જાગ્રત દશા કેવી હું જાણતી નથી. મતલબ તે [illegible] જાય છે, [illegible] હે પતિ! [illegible] છે કે નથી જાગતા તે હું જાણતી નથી.

તાત્પર્ય એ છે કે વિભાવદશા અને શુદ્ધ ચેતના વિરોધી છે,

પરસ્પર મેળ-સંબંધ વગરનાં છે એમ સમજવું. એક જાણવા પૂરતાજ જ્ઞાન માટે સવાલ હોય તો શુદ્ધ ચેતના પોતાના સ્વરૂપમાં સ્થિત હોય ત્યારે વિભાવદશાને જાણતીજ નથી એમ કહી શકાય નહિ, અત્ર જે હકીકત છે તે અજાણપણાની છે અને તે અરસપરસ સંબંધ પૂરતી જ છે.

દુલહ શબ્દનો અર્થ સમીચીન કરવા માટે તેને 'પિયા'ના વિશેષણ તરીકે મૂકયો છે. એવી રીતે વિશેષણ અને વિશેષ્ય વચ્ચે લાંબું અંતર રહે એમ ઘણા કવિઓની કૃતિમાં બને છે. દુલહને નારીનું વિશેષણ પણ કરી શકાય છે, પણ આત્મા શુદ્ધ ચેતનાને એવા સ્વરૂપમાં સમજતો હોય એટલે સુધી તેનો વિકાસ હજુ થયો નથી.

आनंदघन पिया दरस पियासें,
खोल घुंघट मुख जोवे.   दुल० २

"આનંદના રાશિઓ આપનાર હે પ્રિયા! તારા દર્શનનો હું તૃષાતુર છું, તારી લાજ કાઢી નાખ, (જેથી) તારૂં મુખ જોઉં."

ભાવ-ઉપર પ્રમાણે શુદ્ધ ચેતનાએ ચેતનજીને કહ્યું તે હકીકત સાંભળી શુદ્ધ સ્વરૂપ આનંદઘન ચેતનજી બોલ્યા-હે પ્રિયા! હે ચેતના! તેં મને કહ્યું તે સર્વ વાત મેં સાંભળી, તેથી હવે હું તારૂં દર્શન પ્રાપ્ત કરવા અને તારી સાથે રહેવાની પ્રબળ ઇચ્છાવાળો થયો છું અને મારી તે તૃષાને તું હવે તૃપ્ત કર. તું હાલ મારી સાથે અંતર રાખી ઘુંમટો તાણીને ઊભી છે, મારાથી છેટી રહ્યા કરે છે તે તારી લાજ દૂર કર, જેથી હું તારૂં મુખ જોઉં અને તારૂં સ્વરૂપ વિચારૂં.

શુદ્ધ સ્વરૂપમાં ચેતનજી આવે ત્યારે તેને શુદ્ધ ચેતનાને વરવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક છે. તેથી શુદ્ધ સ્વરૂપમાં આવતો આત્મા વિભાવદશારૂપ ઘુંમટો દૂર કરવા શુદ્ધ ચેતનાને કહે એ સમજાય તેવી હકીકત છે.

આ ટુંકા પદમાં એક બહુ મુદ્દાની વાત કહી છે તે ખાસ ધ્યાન આપવા યોગ્ય છે. શુદ્ધ ચેતના ચેતનજીને કહે છે કે તમે જાગો છો કે ઉંઘો છો તેની મને સમજણ પડતી નથી. આ વાતમાં બહુ રહસ્ય

૨ પિયા=પ્રિયા, શુદ્ધ ચેતના. દરસ=દર્શન, દેખવું તે. પિયાસેં=પિપાસુ, તૃષાતુર. ઘુંઘટ=ઘુંમટો, લાજ.

છે. આપણને કોઈ દિવસ એમ લાગતું નથી કે આપણે કામ કરતી વખત ઉંઘતા હોઈએ, પણ વાસ્તવિક વિચાર કરતાં જણાશે કે પરભાવ-રમણમાં આત્મિક દૃષ્ટિએ આપણે ઉંઘીએ જ છીએ. જ્યાંસુધી આ નિદ્રાનો ત્યાગ કરવામાં નહિ આવે, સ્વભાવરમણતા થઈ પરિણતિની નિર્મળતા થશે નહિ ત્યાંસુધી આપણો સંસારચક્રનો છેડો આવવાનો નથી એ સંદેહ વગરની વાત છે. ચાલુ માની લીધેલા વ્યવહારમાં જેમ લૌકિકમાં જવાની, કપડાં આપવાની, આમંત્રણો દેવાની બાબતમાં બનતી જાગૃતિ રાખવામાં આવે છે અને જે તેમ કરે નહિ તે હાસ્યાસ્પદ થાય છે તેમ આત્મિક વ્યવહારમાં આપણે વેધ જાળવતા નથી, ધ્યાન આપતા નથી, જાગૃતિ રાખતા નથી, પરભાવમાં ભમીએ છીએ, શુદ્ધ પરિણતિને તજીએ છીએ અને સાધન સાધ્યનો ગોટાળો કરીએ છીએ. એ દશા સુધારવાની જરૂર છે, એકદમ તે સંબંધમાં વિચાર કરવાની જરૂર છે અને ઉત્તમ જોગવાઈનો લાભ લેવાની અતિ જરૂર છે.

પદ વીશમું-રાગ ગોડી, આશાવરી.

आज सुहागन नारी, अवधू आज०
मेरे नाथ आप सुध लीनी,
कीनी निज अंगचारी. अवधू० १

"હે અવિનાશી ચેતનજી! હવે હું સૌભાગ્યવતી નારી થઈ છું. મારા નાથે પોતે મારી ખબર લીધી અને મને પોતાના અંગની સેવા કરનારી દાસી બનાવી છે."

ભાવ-અનેક પ્રકારની શુદ્ધ ચેતનાની વિનતિ અને મેણાં સાંભળીને અનાદિ જણાવ્યું તેમ તેના પતિ ચેતનજી તેને મંદિરે પધાર્યા અને તેની સેવા સ્વીકારી. એ વખતે શુદ્ધ ચેતનાના મુખમાંથી જે ઉદ્‌ગાર નીકળ્યા તે અત્ર બતાવે છે.

---

૧ આજ=હવે. સુહાગન=સૌભાગ્યવતી. અવધૂ=અવિનાશી આત્મા, વિશેષ ... પદની ... વિવેચન. સુધ=ખબર. કીની=કીધી. ... અંગચારી ... દાસી.

હે ચેતનજી! અવિનાશી નાથ! તમે પોતે આજે મારી ખબર
ી અને મારો અનાદિ કાળથી તમારી સાથે વિરહ હતો, હું
હાનકમાં બળી જતી હતી તેની આપે પોતે મારા મંદિરે પધારીને
ર અંતર પૂરી, તેની હકીકત જાણવા જિજ્ઞાસા બતાવી અને
 તમારી પોતાની દાસી બનાવી, તેથી ખરેખર, હવે હું સૌભાગ્ય-
 નારી થઈ છું. આપે આપણા વચ્ચે કોઈ ચોવટીઓ પણ રાખ્યો
, કુટી કોડીની પણ જરૂરીઆત ધારી નથી અને આપ જાતેજ
ર મંદિરે પધારી મને આપના પ્રબંધ મેળનારી દાસી ફુલ્લ
ાવી છે તે મારૂં અહોભાગ્ય છે. અહો! આજે મારા ચિરકાળ
ઇચ્છિત પ્રાણનાથ મને મળ્યા, મારી પાસે આવ્યા, મારા મંદિરે
ાર્યો, તેથી મારૂં અખંડ સૌભાગ્ય વૃદ્ધિ પામ્યું. હવે હું તમારાં અંગે
તમાં-રગેરગમાં પ્રસરી જઈશ અને તમે શુદ્ધ ચેતનામય થવાથી
તમય થઈ જશો અને તેથી શુદ્ધ બની જઈ મમતા માયા વિગેરે
ાઓને જરૂર ભૂલી જશો. હું સૌભાગ્યવતી તો ત્રણ કાળમાં છું
 આજે મારૂં સૌભાગ્ય પ્રકટ થયું, પ્રસિદ્ધ થયું, જાહેર થયું. મારા
પને મળવાના અનેક ઉપાયો હું કરતી હતી તે આજે સફળ થયા
તે મારી અભિલાષાઓ, ઇચ્છાઓ અને મનોરથો પૂર્ણ થયાં.

> प्रेम प्रतीत राग रुचि रंगत,
> पहिरे जीनी सारी;
> महिंदी भक्ति रंगकी राची,
> भाव अंजन सुखकारी. अवधू० २

"પ્રેમ, પ્રતીત, રાગ અને રૂચિના રંગથી રંગેલી ઝીણી સાડીને
હેરે છે, ભક્તિના રંગની મેંદી ઉગી નીકળી અને ભાવરૂપ અંજન
તિ સુખ આપનાર થયું."

ભાવ-પતિ વિરહિણી સ્ત્રી શરીરપર શણગાર સજતી નથી,
કાંત જીંદગી ગુજારે છે અને પતિનું સ્મરણ નિરંતર કર્યા કરે છે.

---

૨ પ્રેમ=બહુમાન. પ્રતીત=વિશ્વાસ. આસ્થા. રૂચિ=કારણસમન્વિતરૂપ દઢ શ્રદ્ધા.
હેરે=પહેરે. સારી=સાડી. મહિંદી=મેંદી. રાચી=રંગી. નીકળી ઉગી. ઠરી.
અંજન=આંજણ.

એ સુપ્રસિદ્ધ હકીકત છે, પણ પતિનો મેળાપ થતાં સોળ શણગાર સજે છે. એ સોળ શણગાર જૂદા જૂદા કવિઓએ જૂદી જૂદી રીતે વર્ણવ્યા છે. એમાં મુખ્યત્વે કરીને શરીરનાં આભૂષણોનો સમાવેશ થાય છે. કાંબી, ઝાંઝર, નુપુર, ઘેનફુલ, કંદોરો, મોહનમાળ, બાજુબંધ, કંઠશુ, સૌભાગ્યસૂચક ફૂલ, દામણી, કેશ બંધન એ આભૂષણો તથા આંખમાં આંજણ, કપાળે તિલક, મુખમાં તંબોળ, સેંથામાં સિંદૂર, ગળામાં પુષ્પનો હાર, હાથે મેંદી, પગે અળતો વિગેરે શણગારના પ્રકારો છે અને વસ્ત્રમાં સુંદર કસકસતો કમખો, ઝીણી ઘુઘરીવાળો ઘાઘરો અને ઝીણી સાડી એવા અનેક શણગારો વર્ણવ્યા છે. અત્ર ચેતનજી પોતાના મંદિરે પધાર્યા અને વિરહઅવસ્થા દૂર થઈ તેની ખુશાલીમાં અને પતિને રંજન કરવા માટે શુદ્ધ ચેતનાએ પણ શણગાર સજ્યો તેનું વર્ણન કરે છે. આ હકીક્ત વાંચતાં વિચારવું કે શણગાર પણ અધિકારવશાત્ હોય છે. ગામડાની ગોરી ભરવાડ જે નિરંતર કાળો સાડલો પહેરે છે તેને જેપુરી છાયલ અને ખોટી બંગડી શણગાર તુલ્ય ગણાય છે અને શેઠીઆની સ્ત્રીઓ જે નિરંતર મલમલના છાયલ અને સોનાની બંગડી પહેરે છે તેને સોનેરી સાડી અને હીરાની બંગડી શણગાર ગણાય છે. એથી આગળ વધીએ તો રાણીઓના શણગાર અને તેથી વધારે આત્મિક દશામાં આગળ વધતાં શુદ્ધ ચેતનાના શણગારમાં અવશ્ય વધારો સુધારો હોય છે. શુદ્ધ દશાના શણગારો વિશુદ્ધતર અને માનસિકજ હોય છે.

૧. કુલવધૂ શણગાર સજવામાં ઝીણી સાડી પહેરે છે જેમાંથી સૌભાગ્યવતી સ્ત્રીનાં સુંદર અવયવો દેખાય છે અને તેનાપર ચક્ષુને આકર્ષક રંગ હોવાથી પતિને તે બહુ આનંદ આપે છે. અહીં શુદ્ધ ચેતનાએ ઝીણી સાડી પહેરી અને તેનાપર પ્રેમ, પ્રતીત, રાગ અને રૂચિના રંગથી મિશ્ર કરેલો સુંદર ખુલતો રંગ ચઢાવ્યો. તદ્દન ધોળી સાડી તો હમેશાં કેટલીક વિધવા પહેરે છે. સધવા સ્ત્રી રંગિત સાડી પહેરે છે. અધિકાર પ્રમાણે શુદ્ધ ચેતનાએ જે સુંદર સાડીનો શણગાર કર્યો તેનાપર રંગ પણ એવોજ આકર્ષક હતો અને તે રંગ પ્રેમ, પ્રતીત, રાગ અને રૂચિથી મિશ્ર થયેલો હતો.

'પ્રેમ' અંતરંગ બહુમાન-જો દુનિયામાં ખરેખરી કોઈ વસ્તુ

હોય તો તે આ જ છે એવી અંતઃકરણની દૃઢ માન્યતા તેનું નામ પ્રેમ કહેવાય છે. સર્વ જંતુ ઉપર બંધુબુદ્ધિ, પતિ તરફ શુદ્ધ હૃદયની અનુસરણ-વૃત્તિ અને 'કાર્યેષુ મંત્રી' એ શ્લોકમાં પ્રસિદ્ધ થયેલ' સર્વ અવસ્થા દર્શાવનાર ભાવને પ્રેમ કહે છે. નિષ્કામ પ્રેમથી ત્રણ જગત્ વશ થાય છે.

'પ્રતીત'-વિશ્વાસ. વિચારણાપૂર્વક હેતુના જ્ઞાન સાથે તીર્થંકર મહા-રાજે જે હકીકત બતાવી છે તે સત્ય છે એવી અડગ શ્રદ્ધાને—આસ્થાને 'પ્રતીત' કહેવામાં આવે છે. પ્રતીતિપૂર્વક જે શ્રદ્ધા થયેલી હોય તે એકદમ ખસી જતી નથી, ફરી જતી નથી, ડામાડોળ થઈ જતી નથી.

'રાગ' ગુરૂ તથા દેવ તરફ પ્રત્યભિગમન. "રાગ ન કરશો કોઈ જન કોઇશું રે, ન રહેવાય તો કરજો મુનિશું રે; મણી જેમ ફણિ વિષનો તેમ તેહો રે, રાગનું ભેષજ સુજસ સનેહો રે." આવા પ્રકારનો રાગ જે નિરાગતાનું કારણ છેવટે થાય છે તે.

'રૂચિ' સ્વકર્તવ્યપૂર્તિકારક સમકિતરૂપ શ્રદ્ધા. આ શબ્દ પ્રતીતની સાથે આવે છે તેથી અતીંદ્રિય વિષયોના સંબંધમાં સમજવો વધારે ઉચિત લાગે છે.

આવી રીતે પ્રેમ, પ્રતીત, રાગ અને રૂચિના રંગથી રંગેલી સુંદર ઝીણી સાડી ચેતના પહેરે છે અને તેથી તેની શોભામાં બહુ વધારો થાય છે, તેનું શરીર બહુ ચિત્તાકર્ષક થાય છે અને ચેતનજીને તેના સંબંધથી વધારે વધારે આધ્યાત્મિક આનંદ થતો જાય છે.

૨. નવોઢ સ્ત્રી પતિમિલન પ્રસંગે બીજા શણગારમાં હાથે મેંદી મૂકી તેને લાલ બનાવે છે તેવી રીતે શુદ્ધ ચેતનાએ પ્રભુભક્તિ અથવા પતિભક્તિરૂપ મેંદી હાથપર મૂકી. શુદ્ધ અવસ્થામાં પ્રભુ અને પતિમાં કાંઈ ફેર નથી તેથી પતિભક્તિરૂપ મેંદી મૂકવી એમ કહેવું ઉચિત છે. ભક્તિનો રંગ એવો અભિનવ છે કે તેની લયમાં પડેલા રાવણ વિગેરે અનેક જીવો સંસારને પરિત્ત કરી ગયા છે. ભક્તિ પુષ્ટ અવલંબન છે અને સાધનધર્મ તરીકે અતિ ઉપયોગી છે.

૩. પતિપરાયણ સ્ત્રી પતિ જ્યારે પોતાને મંદિરે પધારે ત્યારે શણગાર સજતી વખતે આંખમાં આછું આછું અંજન આંજે છે, સોયરો આંજે છે અને તે તેના સુંદર શ્વેત અવયવમાં એક અતિ આકર્ષક

સૂક્ષ્મ કાળી રેખા પાડે છે; તેવી રીતે અહીં શુદ્ધ ચેતનાએ પતિને પ્રસન્ન કરવા ભાવઅંજન આંખમાં આંજ્યું. શુભ પરિણતિરૂપ ભાવ જે આત્માને શાંતિ આપનાર છે અને હૃદયને સ્વાસ્થ્ય આપનાર છે તેરૂપ આંજણથી શુદ્ધ ચેતના પોતાની આંખો આંજીને ચેતનજી સન્મુખ હાજર થઈ. ભાવ એ વિશિષ્ટ ધર્મ છે, દાનાદિ ધર્મ સાથે રહી તેને સ્વાદિષ્ટ બનાવનાર છે અને ઉપર ઉપરનો ભાવ ભૂલાવી દઈ હૃદયમાં ઉતરી તન્મયતા કરાવનાર છે. ભાવ અને ભક્તિપર આખા વિષયો લખવા યોગ્ય છે પણ સ્થળસંકોચથી અત્ર તેમ કરવું બની શકે તેમ નથી.

આ ગાથામાં ત્રણ શૃંગાર બતાવ્યા. ઝીણી સાડી, હાથે મેંદી અને આંખમાં આંજણ. એ આધ્યાત્મિક ભાવ શું બતાવે છે તે પણ સ્પષ્ટ રીતે મહાત્માએ બતાવી દીધું. શુદ્ધ દશાના શણગાર પણ આવા અતિ ઉત્તમ હોય છે. એના સંબંધમાં વિચાર કરતાં જે ભાવના મનમાં ઉત્પન્ન થાય છે તે અનિર્વચનીય છે પણ એનો ખ્યાલ કરવો અનુભવગમ્ય છે. આવી સુંદરીના ભોગમાં પડેલા ચેતનજી પછી કદિ પણ માયા મમતાને સંભારે એ બનવું જ અશક્ય છે. અહીં તારી દશા શું છે તે તું વિચાર. આવી ઉત્કૃષ્ટ શણગાર સજીને આનંદ કરનારી કુળવધૂ તારી સાથે બેટવા તૈયાર છે એ વાત ભૂલી જઇશ નહિ.

सहज सुभाव चूरी मैं पेनी,
थिरता कंकन भारी;
ध्यान उरवशी उरमें राखी,
पिय गुनमाल आधारी. अवधू० ३

"સહજ સ્વભાવરૂપ ચૂડી મેં પહેરી અને સ્થિરતારૂપ મૂલ્યવાન્ કંકણ મેં ધારણ કર્યા. ધ્યાનરૂપ વડરશી મને ખોળામાં રાખી અને આત્મજીના ગુણની બનાવેલી માળા મેં (ગળામાં) ધારણ કરી."

ભાવ–શુદ્ધ ચેતનાએ પતિ મળતી વખતે જે શણગાર સજ્યા તેનું સાદું સ્વરૂપ ઉપર બતાવ્યું, વિશેષ સ્વરૂપ બતાવતાં આગળ કહે છે.

* સુભાવ-સ્વભાવ. ચૂરી-ચૂડી. [illegible] [illegible] [illegible] ભારી-મૂલ્યવાન. [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પહેરી

૪. વ્યવહારૂ કુળવધૂ પતિમેળાપ વખતે હાથમાં ચૂડીઓ પહેરે છે. પતિવિરહ વખતે સામાન્ય રીતે હાથમાં માત્ર એક સૌભાગ્ય-કંકણુ જ રાખે છે, પણુ પતિનો મેળાપ થતાં હાથમાં દેશરિવાજ પ્રમાણે ઘણી ચૂડીઓ પહેરે છે. શુદ્ધ ચેતનાએ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, ઉપયોગાદિ સ્વભાવરૂપ ચૂડીઓ પહેરી. શુદ્ધ દશામાં શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે અને તેને બાહ્યાલંકારની જરૂર રહેતી નથી, કારણુ તે બાહ્યાલંકારથી અતિ કિમતી અંતરંગ અલંકાર છે. આત્માના શુદ્ધ સ્વભાવમાં તે અનંત ગુણો કિમતી ગણી શકાય તેમ છે અને તે પ્રત્યેક અલંકારનું કાર્ય કરે છે. કહેવાની મતલબ એ છે કે શુદ્ધ ચેતના પ્રાપ્ત થવાથી ચેતનનો શુદ્ધ સ્વભાવ–તેનું નિર્દોષ સ્વરૂપ પ્રગટ થયું.

૫. સૌભાગ્યવતી સ્ત્રી પતિને મળે છે ત્યારે ચૂડીઓ ઉપરાંત હાથમાં સોનાનાં કંકણુ પહેરે છે. અહીં શુદ્ધ ચેતનાએ સ્થિરતારૂપ મૂલ્યવાન્ કંકણુ ધારણુ કર્યાં. ચેતનાના સ્થિર પરિણામ અથવા અડગ પરિણામરૂપ જડાવ કંકણુ જેને નાની અવાજ કરતી સોનાની ઘુઘરીઓ લટકાવી દીધી હોય છે તે શુદ્ધ ચેતનાએ ધારણુ કર્યાં. સ્થિરતા વગર ગુણુ ઠરતા નથી, મઝા આપતા નથી અને સિદ્ધના જીવોને તો નિજ ગુણરમણતારૂપ સ્થિરતા એજ ચારિત્ર હોય છે. મનનું ચંચળપણું દૂર કરી વિભાવનો ત્યાગ કરવો તેને સ્થિરતા કહેવામાં આવે છે. અને જ્યાંસુધી તેવી રીતે ચિત્તતુરંગપર લગામ આવતી નથી ત્યાંસુધી શિવસાધન થઈ શકતું નથી. સ્થિરતાનું વિશેષ સ્વરૂપ સમજવા માટે ઉપાધ્યાયજી શ્રીમદ્યશોવિજયજીનું ત્રીજું સ્થિરતા અષ્ટક જોવું.

૬. શણુગારઅવસરે વડારણુ એટલે મોટી દાસી હોય છે તે સારાં વસ્ત્રો પહેરી કુળવધૂને પોતાના ખોળામાં લઇને પતિ સન્મુખ બેસે છે. ઇંદ્રાણીની સેવા કરનારી ઉર્વશી એક વડારણુ છે. અહીં ઉર્વશી-રૂપ ધ્યાન-પ્રભુસ્વરૂપમાં લયલીનતા શુદ્ધ ચેતનાને પોતાના ખોળામાં લઇને બેસે છે એટલે ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકત્રતા થાય છે, નિજ સ્વરૂપ અથવા આદર્શમય પ્રભુસ્વરૂપનું ધ્યાન જ કર્તવ્ય મનાય છે અને તે સિવાય બીજી કોઈ પણુ વિભાવદશા તરફ અધ્યવસાયની પ્રવૃત્તિ થતી નથી. ધર્મધ્યાન અને શુકલધ્યાનના ચચાર ભેદો જેનું સૂક્ષ્મ સ્વરૂપ યોગશાસ્ત્રમાં શ્રીમાન્ હેમચંદ્રાચાર્યે વિસ્તારથી બતાવ્યું

છે તેમાં જેમ જેમ પ્રગતિ થતી જાય છે તેમ તેમ સંસારદશાથી આ જીવ ઉપર ચડતો જાય છે અને વિભાવને દૂર મૂકતો જાય છે. જૈન શાસ્ત્રકારે યોગને અંગે ધ્યાનનું સ્વરૂપ એવું ઉત્તમ રીતે બાંધ્યું છે કે મનને તદ્દન મારી નાખ્યા વગર ધ્યાનની પ્રગતિમાં જ છેવટે પોતાનું અક્ષય પદ ચેતન પ્રાપ્ત કરે છે. એના પછી સમાધિની જે સ્થિતિ અન્ય યોગગ્રંથોમાં વર્ણવી છે તે આત્માનું વ્યક્તિત્વ દૂર કરનારી છે અને જૈન ઉત્ક્રાન્તિના નિયમ પ્રમાણે તે અસમીચીન છે. એ સંબંધી વિવેચન સાતમા પદની છેલ્લી ગાથામાં થઈ ગયું છે.

૭. સૌભાગ્યવતી સ્ત્રી ગળામાં ફૂલની માળા શણગારસમયે ધારણ કરે છે તેમ શુદ્ધ ચેતનાએ પતિના અનેક ગુણરૂપ પુષ્પોની બનાવેલી સુંદર માળા પોતાની ડોકમાં ધારણ કરી. પતિમાં જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ અનેક ગુણો છે તે ચેતનાએ ગળામાં ધારણ કર્યા અથવા ચેતનના ગુણરૂપ માળા પોતાની ડોકમાં ધારણ કરી. આ અને આ પદમાં બતાવેલા બીજા શણગાર ધારણ કરેલી શુદ્ધ ચેતના ચેતનજીને ભેટી પડી એક રસ થઈ ગઈ તેથી ચેતનજી તદ્રૂપ થઈ ગયા એ હકીકત સર્વત્ર સમજી લેવી.

सुरत सिंदूर मांग रंग राती,
निरते वेनी समारी;
उपजी ज्योत उद्योत घट त्रिभुवन,
आरसी केवळ कारी. अवधू॰ ४

"શુદ્ધ ઉપયોગરૂપ સિંદૂરનો રંગ સેંથામાં પૂરીને હું રક્ત થઈ છું અને બહુ હુશિયારી વડે નિરક્તતારૂપ અંબોડો વાળ્યો છે; જ્યોતિનો પ્રકાશ અંતરાત્મારૂપ ત્રણ ભુવનમાં પ્રગટી રહ્યો છે અને કેવળજ્ઞાનરૂપ આરીસો બનાવ્યો છે. (હાથમાં લીધો છે.)"

૪ સુરત=આલિંગન અથવા શુદ્ધ ઉપયોગ. માગ=સેંથો. રાતી=રક્ત, રંગીત. નિરતે=હુશિયારી વડે, સાવધાનપણે અને શ્લેષાર્થમાં નિરક્તતારૂપ. વેની=વેણી, અંબોડો. સમારી=સુધારી, ગુંથી. ઉદ્યોત=પ્રકાશ. ઘટ=અંતરાત્મરૂપ. આરસી=કાચ. કેવળ=કેવળજ્ઞાનરૂપ. કારી=બનાવી.

સુરત=શુદ્ધ ઉપયોગ, સ્મૃતિસિદ્ધ ન થતાં હકીકત બરાબર સ્મરણમાં રહે તે. માંગ=(સીમન્ત-સેંથી, સેંથો, કેશરચના. સીમન્ત અથવા સીમાન્ત શબ્દ કેશરચનાના અર્થમાં વપરાય છે. આ શબ્દમાંથી સી અક્ષર ઉડી જઈ માન્તનો માંગ થઈ ગયો. એટલા ઉપરથી માંગ એટલે સેંથો એ અર્થ તેનો થતો હોય એમ જણાય છે.)

ભાવ-શુદ્ધ ચેતનાના શણગાર ગણાવતાં આગળ જણાવે છેઃ-

૮. સૌભાગ્યવતી સ્ત્રી માથાના વાળ ઓળી તેનો સુંદર સેંથો પાડે છે અને તેમાં વળી વચ્ચે સિંદૂર પૂરે છે એ શણગારનું એક ચિહ્ન છે. અહીં શુદ્ધ ચેતના પોતાના ઓળેલા સેંથામાં શુદ્ધ ઉપયોગરૂપ સિંદૂરનો રંગ પૂરે છે. સુરતનો અર્થ સંયોગસુખ પણ થાય છે તેમાં રત શબ્દમાં રક્તવાના રંગનો જે આશય છે તે સ્હેવા દઈ શુદ્ધ ઉપયોગરૂપ રંગ પૂર્યો એવો આશય અત્ર નીકળે છે. કહેવાની મતલબ એ છે કે ચેતન અને શુદ્ધ ચેતનાનો જ્યારે સંયોગ થાય છે ત્યારે તેના મૂળગુણો પ્રગટ થાય છે અને તેમાં તે આસક્ત રહે છે અને તદ્રૂપ પોતે બને છે. જ્ઞાનગુણ એ આત્માની શક્તિ છે અને જ્ઞાનોપયોગ તે શક્તિની વપરાશ છે. શક્તિ જ્યાંસુધી અવ્યક્ત રૂપે રહે ત્યાંસુધી તે અંદર પડી રહે છે તેને potential energy કહે છે, એનો વ્યય થાય ત્યારે તેને ઉપયોગ કહેવામાં આવે છે, એ Kinetic energy છે.

૯. વળી શુદ્ધ ચેતનાએ અતિશય સાવધાનપણા વડે હુંશિયારી વાપરીને અંબોડે-ધમ્મિલ વાળ્યો. શુદ્ધ ચેતનાનો ચોટલો-વેણીબંધ તે નિરક્ષતારૂપ સમજવો. નિજ સ્વભાવમાં રક્ત રહેવું, અન્ય ભાવમાં ગમનાગમન ન કરવું એ નિરક્તતા છે. સ્ત્રીની સુઘડતા તેના ચોટલા ઉપરથી બહુ સારી રીતે જણાય છે, કુવડ સ્ત્રીઓના બાળની અસ્તવ્યસ્ત સ્થિતિ ઘણીવાર તેની બેદરકારી અથવા મૂર્ખતાનો પ્રત્યક્ષ ખ્યાલ આપે છે. અહીં તો અંબોડાનો બંધ નિરક્તતારૂપ છે એટલે એમાંથી એક બાલ પણ આડોઅવળો ખસી શકતો નથી, તો પછી શુદ્ધ ચેતના સુઘડ કેટલી હશે એનો ખ્યાલ આવે એમાં તો જરા પણ નવાઈ નથી.

૧૦. શણગાર સજીને ઘણા કાળની વિરહી સ્ત્રી પતિઆગમનની રાહ જુએ છે ત્યારે ઘરમાં દીપમાળા કરવામાં આવે છે. વિર-

હાવસ્થામાં એકાદ દીપક હોય છે અથવા અંધારૂં જ રાખવામાં આવે
છે, પણ પતિમેળાપ પ્રસંગે તો દિવાળીની જેમ ઝાકઝમાળ કરવ
વામાં આવે છે. શુદ્ધ ચેતના પતિને મળતાં આત્મતત્ત્વમાં જે પ્રક
શનો ઉદ્યોત થયો તે ત્રણ ભુવનમાં પણ પડવા લાગ્યો. શુદ્ધ ચેતન
પ્રગટ થતાં લોકાલોકનું સ્વરૂપ સ્પષ્ટ દેખાય છે, સમજાય છે
અનુભવાય છે; પ્રથમ જે સ્થિતિ સમજાણી નહોતી તે જાણે પ્રત્યક્ષ
હોય તેમ દેખાય છે અને તેવી રીતે પદાર્થજ્ઞાન અને સંસારસ્વરૂપ
સ્પષ્ટ જણાતાં જે ઝળઝળાટ ત્રણ ભુવનમાં લાગે છે તેનો ખ્યા
આવવો મુશ્કેલ છે. સંસારનાં સર્વ બનાવો, સંબંધો, હકીકતો અ
સ્વરૂપો પ્રગટ દેખાય છે અને તેના સંબંધમાં પ્રથમ જે મુશ્કેલી અ
પડદો લાગતો હતો તે સર્વ દૂર ખસી જાય છે. આ પ્રકાશ ત્ર
ભુવનમાં જણાય છે પણ વાસ્તવિક રીતે તો તે પોતાના ઘરમાં જ
હૃદયમાં જ પડે છે. પ્રકાશ પાડનાર સૂર્યપર જે આવરણ હતું
ઓછું થઈ જવાથી અથવા તદ્દન ખસી જવાથી સ્વયંપ્રકાશ ઘટપર પડે

૧૧. નવોઢા સુંદરી શણગાર સજી સ્વમુખ આરસીમાં જુએ
અને બધી વાતે ટાકટીક કરી નાખે છે તેવી રીતે શુદ્ધ ચેતનાએ
પોતાનું મુખ જોવા માટે કેવળજ્ઞાનરૂપ આરીસો બનાવ્યો. ત્ર
ભુવનમાં પ્રકાશ પાડનાર આ જ્ઞાનનું માહાત્મ્ય કહી શકાય તેમ નથ
એથી સર્વ ભાવો, લોકાલોકનું સ્વરૂપ પ્રત્યક્ષ દેખાય છે અને તે
કોઈ પણ સ્થિતિ, સત્તા, સંભવ કે અવસ્થાનો ભેદ ન રહેતાં અતીત
અનાગત અને વર્તમાન ભાવો એક સમયે દેખાય છે. આવા કેવલસ્વરૂ
પના દ્રવ્ય જ્ઞાનરૂપ આરીસામાં ચેતના પોતાનું સ્વરૂપ જુએ એટલે પછ
એની પ્રમાણ વાત મુખમુદ્રાપર પ્રથ કે બહારનો અવકાશ તો અવ
તારવા જ છે. બાહ્ય શરીરપર સજેલો શણગાર આ આરીસામાં દેખાય
છે અને એવ રીતે સ્વરૂપાનુસરણની પ્રતીતિ આ આરીસામાં જોવામાં
આવે છે. આવી રીતે સુંદર શણગાર ધારણ કરી અને તેની સર
ખાઈ કેવલજ્ઞાનીના ચિત્તથી જ્યારે શુદ્ધ ચેતના તૈયાર થઈને
બેસે અને પછી જ્યારે તેના મંદિરે ચેતનજી પધારે ત્યારે એ
આનંદ કેટ કેટલું અને કેવા પ્રકારનું થતું હશે તે કલ્પનાપર જ

उपजी धुनी अजपाकी अनहद,
जितनगारे वारी;
झडी सदा आनंदघन वरखत,
वनमोर एकनतारी. अवधू० ५

"અજપ્પ જાપનો ધ્વનિ ઉત્પન્ન થયો અને અનાહત નાદના વિજયડંકા બાજ્યા (વાગવા માંડ્યા); પછી આનંદરાશિનો સદા વરસાદ વરસે છે અને જંગલના મયૂરો એકતારરૂપ થઈ જાય છે તેમ અન્ય વનના મયૂરો એકાગ્રતા ધારણ કરે છે."

ભાવ-૧૨. પતિમેળાપ થતાં અરસપરસ આનંદવાર્તા કરી પતિ પત્ની સમય નિર્ગમન કરે છે ત્યારે એક જાતનો આનંદધ્વનિ ઉછળે છે અને તેઓને કામોદ્દીપન કરનાર વિણા વેણુ મૃદંગ વિગેરે વાજિત્રો વાગતાં હોય છે તેનો પણ ધ્વનિ ઉછળે છે. એ વખતે આખી સૃષ્ટિમાં તેઓને આનંદ આનંદ લાગે છે અને જાણે જીવનમાં કોઈ પ્રકારનું દુઃખ ન હોય, વિરહાવસ્થા ન હોય એમ ભાસ થાય છે. ચેતનજી અને પોતાના શુદ્ધ ચેતનાનો મેળાપ થતાં અજપ્પ જાપનો ધ્વનિ હૃદયમાં [illegible] મુખેથી ઉચ્ચાર કર્યા વગર હૃદયમાં 'સોહં સોહં'નો ધ્વનિ [illegible] અને તેનું માધુર્ય એવું લાગે છે કે તેમાં ચેતનજી [illegible] અનહદમસ્ત રહે છે અને અગાઉની વિરહદશા [illegible] એ ધ્વનિ એવો સુંદર અને અપૂર્વ છે કે તેની પાસે [illegible] ધ્વનિ કંઈ ગણત્રીમાં નથી. [illegible] એ કહે છે કે,

[illegible] રટના લાગી.
[illegible] પ્રેમ [illegible];
[illegible] સોહં

[illegible]

ખુલત કપાટ ઘાટ નિજ પાયો, જનમ જરા ભયભીતિ ભગીરી;
કાચશકલ દે ચિંતામણિ લે, કુમતા કુટિલકું સહજ ઠગીરી. સોહં.
વ્યાપક સકલ સ્વરૂપ લખ્યો ઇમ, જિમ નભમેં મગ લહત ખગીરી;
ચિદાનંદ આનંદમય મૂરતિ, નિરખ પ્રેમભર બુદ્ધિ થગીરી. સોહં.

આ પદમાં અજપા જાપની જ અતિ આનંદજનક સ્થિતિનો ખ્યાલ આપ્યો છે, કુમતાનો સંગ વર્જનીય બતાવ્યો છે અને આત્માનું ત્રણ લોકનું વ્યાપકપણું સૂચવ્યું છે તે ભાવ જોઈ વિચારી સમજી બુદ્ધિ તો અટકી પડે છે. આ અજલ્પ જાપ ચાલે છે તે પ્રેમી પતિપ્રિયાની આનંદવાર્તાના ધ્વનિરૂપ શણગારપર રૂપક સમજવું. આ જાપમાં બહાર સાંભળી શકાય તેવો (શ્રાવ્ય) અવાજ થતો નથી પણ અંદર તેની લય ચાલે છે. અનુભવ વગર અજપા જાપનું સ્વરૂપ સમજવું સમજાવવું મુશ્કેલ છે.

૧૩. શણગારસમયે દરવાજાપર જિતનગારા—નોબત શરણાઈ વગાડવામાં આવે છે જે કામોદ્દીપક છે. એ વિજયડંકાનો અવાજ કર્ણ ઉપર પડતાં પતિપત્નીની વચ્ચે વિશેષ રતિક્રીડા ચાલે છે અને તેથી તેને શણગારમાં ગણવામાં આવેલ છે. શુદ્ધ ચેતના જેવી પતિપ્રેમી શુદ્ધ સાધ્વી સતીનો મેળાપ થતાં ચેતનજીના કાનમાં અનાહત નાદ સોહં સોહંનો અવિશ્રાન્ત ઉચ્ચાર સંભળાય છે. એ નાદ બ્રહ્મરંધ્રમાંથી ઉઠે છે અને એની સરખામણીમાં વાયોલીન, ફ્રીડલ, હારમોનીયમ કે સારંગીનો અવાજ કાંઈ હિસાબમાં નથી. ડંકાનો અવાજ અને અનાહત નાદનો અવાજ પ્રેમ વધારનાર છે, ફેર માત્ર એટલોજ છે કે વિજયડંકાનો અવાજ બહારથી કાન સાથે અથડાય છે જ્યારે અનાહત નાદ અંતરાત્માથી ઉઠે છે. આ અનાહત નાદ અને અજપા જાપનું વિશેષ સ્વરૂપ યોગના ગ્રંથોથી જાણવા—સમજવા યોગ્ય છે.

૧૪. વરસાદની ધારા ચાલતી હોય, સાથે વિજયડંકા વાગતા હોય અને તેનો નાદ આવ્યા કરતો હોય ત્યારે પતિપત્નીના આનંદમાં વિશેષ વધારો થાય છે અને તેવો કૃત્રિમ વરસાદ લાવવા માટે મહેલોમાં યાંત્રિક ગોઠવણ પણ રાખવામાં આવે છે. અહીં શુદ્ધ ચેતના અને ચેતનજીના મેળાપ વખતે તો તેઓના અધિકાર પ્રમાણે

રૂપ વરસાદ વરસ્યાજ કરે છે, અને સાથે અજપા જાપ ચાલે
ને અનાહત નાદના અવાજ ઉઠ્યા કરે છે. આનંદનો વરસાદ
સાધારણ રીતે ઉઠે છે એમ નહિ પણ અખંડ ધારા ચાલ્યા
અને આપણે જેને ઝડીનો વરસાદ કહીએ છીએ તેવો ચાલે
વી રીતે આનંદજળની જ્યાં રેલ છેલ થઈ રહી હોય ત્યાં
ગુણરૂપ છોડવાઓ વિકસ્વર થઈ અનેક પ્રકારનાં ફળ પુષ્પ
આપે એ તેનું તદ્દન સ્વાભાવિક પરિણામ છે.

શૃંગારસમયે વરસાદ વરસતો હોય તેમાં વળી મોર ટહુકા
આનંદની પરિસમાપ્તિ થઈ જાય છે. અહીં ભવ્ય વનવાસી
એટલે સંસારી ભવ્ય પ્રાણીઓ એકવાર દૃષ્ટિથી જોઈ રહ્યા
થી ટહુકા કરે છે કે અહો! આ ચેતના અને ચેતનજીનો
સુંદર થયો છે! આવા આનંદવરસાદમાં ન્હાવાનો અમને
ળ્યો તે અમારૂં પણ અહોભાગ્ય છે! દેશનારૂપ વરસાદ
વખતે મયૂરના ટહુકા જેવું ભવ્ય જીવો હરખાઈ જાય છે
ર થઈ રહે છે. આનંદની અત્ર પરિસમાપ્તિ થાય છે,
પરિસીમા આવે છે અને આનંદાબ્ધિનો એક વિભાગ
મોહ રહેતે નથી, સુખસમુદ્રના એકેએક તરંગ સુખા
દે છે.

[illegible]

[illegible]

અને સંસ્થાન હોય. આત્માને જ્યારે તેનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત
ત્યારે શરીર ન હોવાથી તેને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ કે સંસ્થાન
હોતું નથી તેથી આત્માને રૂપી કહી શકાય નહિ, કારણકે
તરીકે તેનામાં જે ગુણો-ધર્મો હોવા જોઇએ તે તેનામાં બીલકુલ ન
હવે જો આત્માને અરૂપી કહેવામાં આવે તો તેમાં પણ વિર
આવે છે. જે વસ્તુ અરૂપી હોય તે રૂપી વસ્તુથી બંધાય નહિ
આત્મા તો સંસારાવસ્થામાં હોય ત્યારે કર્મથી બંધાય છે તે
દ્રવ્ય છે, પૌદ્‌ગલિક પદાર્થ છે. આ પ્રમાણે હોવાથી આત્માને અ
પીનું વિશેષણ પણ સંપૂર્ણ રીતે લાગુ પડી શકે નહિ.

ત્યારે તારી નિશાની બતાવવામાં હે ચેતનજી! હું તને રૂપારૂ
કહું એટલે અમુક અંશે રૂપી અને અમુક અંશે અરૂપી એમ
તો તેમાં પણ વિરોધ આવે છે. સિદ્ધ ભગવાન્ અષ્ટ કર્મથી રહિ
નિજ સ્વરૂપસ્થિત, અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રમાં રમણ કરન
અને જન્મ, જરા, મરણનાં દુઃખથી રહિત છે તેમને આ રૂપારૂપી
વિશેષણ પણ લાગુ પડતું નથી. સિદ્ધદશામાં આત્મા અરૂપી
તેથી તેને રૂપારૂપીપણું ઘટતું નથી. એ પ્રમાણે હોવાથી આત્મા
રૂપી, અરૂપી કે રૂપારૂપી કેવો કહેવો તે વાતની મોટી મુશ્કેલી આ
છે. અહો ચેતન! તારૂં સ્વરૂપ તો કોઇ વિલક્ષણ જણાય છે, એ
જાણવું ને સમજવું તે બહુ અસાધારણ કામ છે.

सिद्ध सरूपी जो कहुं रे,
बंध न मोक्ष विचार;
न घटे संसारी दशा प्यारे,
पुन्य पाप अवतार. निशानी० २

"જો તને સિદ્ધ સ્વરૂપવાળો કહું તો પછી તેમાં બંધ અને મોક્ષનો
વિચાર ઘટતો નથી, સંસારમાં રહેવાની દશા ઘટતી નથી અને પુન્ય
પાપનાં ફળ તરીકે સારા અને ખરાબ જન્મો ઘટતા નથી."

---

२ બંધ=કર્મબંધ. ન ઘટે=ઘટતું નથી. સંસારી દશા=સંસારમાં હોવાની દશા.
પુન્ય=શુભ કર્મ. પાપ=અશુભ કર્મ.

ભાવ—જો ચેતનજીને સિદ્ધસ્વરૂપવાળા કહું તો તેમાં પણ વિરોધ આવે છે. સિદ્ધદશામાં કર્મબંધ થતો નથી અને કર્મથી મુક્તિ પણ થતી નથી, સર્વ કર્મથી જ્યારે મુક્તિ થાય ત્યારે જ આ જીવ સિદ્ધ થાય છે, પણ સિદ્ધ થયા પછી તેનો નવીન મોક્ષ હોઈ પણ પ્રકારનો થતો નથી. નવીન કર્મ આત્મા સાથે બંધાવાં તેને બંધ કહેવામાં આવે છે અને કર્મથી મૂકાવું તેને મુક્તિ કહેવામાં આવે છે. દાખલા તરીકે ગતભવમાં આયુષ્ય બાંધ્યું હોય તે આ ભવમાં ભોગવાય છે અને તેટલા પૂરતો કર્મથી મોક્ષ થયો એમ કહેવાય છે. આવું આત્માનું બંધમોક્ષપણું સંસારાવસ્થામાં પ્રત્યક્ષ દેખાય છે, અને સિદ્ધ આત્માને તે ઘટતું નથી માટે આ ચેતનજીને સિદ્ધસ્વરૂપી એકાંતે કહી શકાય નહિ.

વળી ચેતનજી સંસારમાં વર્તે છે, કષાયાદિમાં પ્રવર્તે છે, પૌદ્ગલિક વસ્તુ સાથે સંબંધ રાખે છે, ખાય છે, પીએ છે, ફરે છે એ સર્વ સંસારી દશા છે, એવી દશા સિદ્ધ આત્માની હોય નહિ. વળી આ જીવ દેવ મનુષ્યના શુભ ભવો તે પુણ્ય અવતારો અને તિર્યંચ, નારકી તથા નિગોદના અશુભ ભવો તે પાપ અવતારો પામ્યા કરે છે અથવા તદ્રૂપ સંસારી દશામાં વર્ત્યા કરે છે તેથી તેનું સિદ્ધસ્વરૂપ કહેવું ઘટતું નથી. જો ચેતનજી સિદ્ધ હોય તો તેને સંસારમાં આવવા જવાપણું ન હોય, તેને બંધાવાપણું ન હોય, તેનો મોક્ષ પણ ન હોય, કારણ તે મોક્ષમય જ છે અને તેથી તેને જન્મ કે મરણ સારાં કે ખરાબ ઘટતા નથી તેથી આત્માને સિદ્ધસ્વરૂપી કહેવામાં વિરોધ આવે છે. અહો ચેતનજી! તારું સ્વરૂપ એવું અદ્ભુત છે કે એને વિચારતાં વિચારતાં મને તેટલી હદ સુધી જાઉં પણ એનો પાર આવતો નથી, એનો છેડો આવતો નથી: એ મહાન્ આશ્ચર્યની ભૂમિ છે.

પ્રથમ પદમાં કથિત 'શુદ્ધ સનાતન' શબ્દ કેઈ પ્રયત્ન મૂકેલો છે. સનાતનનો અર્થ હવે પછીની ગાથામાં વિચારશું. જીવ અનાદિ શુદ્ધ છે, મૂળરૂપે શુદ્ધ છે એમ કહીએ તો તેનો બંધ મોક્ષ અને સંસારી દશામાં વર્તનભાવ ઘટતો નથી. આ અર્થ તે પદાંતરનો રૂપ છે અને તે ઉપર બતાવેલ ચેતનજીના સિદ્ધસ્વરૂપના અર્થ સાથે મળતો ભાવ બતાવે છે.

सिद्ध सनातन जो कहुं रे,
उपजे विणसे कौण;
उपजे विणसे जो कहुं प्यारे,
नित्य अबाधित गौन. निशानी० ३

"(ચેતન) અનાદિ કાળથી સિદ્ધ છે–કૃતાર્થ છે એમ કહું
પછી જન્મ પામે છે, વિનાશ પામે છે તે કોણ? જો તે ઉપજે
વિનાશ પામે છે એમ કહું તો તેના નિત્યપણાનો અને અબા
પણાનો લોપ થઈ જાય છે."

ભાવ–ચેતનજી સિદ્ધ સનાતની છે, અનાદિ કાળથી કૃતાર્થ
તેણે પોતાનું કાર્ય સાધી લીધું છે, તેને હવે કોઈ કામ કરવાનું બ
રહ્યું નથી એમ જો તેના સંબંધમાં કહું તો તેમાં પણ કેટલોક વિરો
આવે છે. જો એનાં સર્વ કામ થઈ ગયાં હોય, એ કૃતકૃત્ય થઈ ગ
હોય તો આ સંસારમાં જન્મ મરણ કોણ પામે છે? જે કૃતકૃત્ય
ગયા હોય, સિદ્ધદશામાં સ્થિત થયા હોય તેને દેવ, મનુષ્ય, તિર્ય
નારક ગતિમાં રખડપટ્ટી થવાનું સંભવે નહિ. નિજ ગુણમાં રમણ
કરી જ્ઞાનાનંદમાં સ્થિરતા લાવી એકજ સ્થાને સ્થિત થયેલા હો
તે જ સિદ્ધ કહેવાય, એનાં સર્વ કાર્યાં થઈ ગયાં કહેવાય અ
આ ચેતનજી તો ઉચ્ચ નીચ ગોત્રમાં રખડે છે, સુરૂપ કુરૂપ થાય
ધનવાન્ નિર્ધન થાય છે, કીર્તિવંત અને અપયશને ધારણ કરનાર થા
છે વિગેરે અનેક ભાવો ધારણ કરે છે, અનેક જગોએ ઉપજે છે
મરે છે, વળી ઉપજે છે, વળી મરે છે. આ સર્વ સિદ્ધને ઘટે નહિ
માટે આ ચેતનજીને સનાતન સિદ્ધ કહેવામાં અનેક જાતના પ્રત્ય
વિરોધ આવે છે. આ જન્મ મરણ પ્રત્યક્ષ આપણે દેખી શકીએ
છીએ તેથી આ ચેતનજીને સિદ્ધ સનાતન કહેવામાં વધુ વિચાર કર
આવે છે.

વળી કદાચ આ ચેતન સિદ્ધ સનાતન છે છતાં પણ ઉપજે છે
અને વિનાશ પામે છે એમ કહું તો પછી તેના નિત્યપણામાં અન

[illegible]

અબાધિતપણામાં વાંધો આવે છે. અનાદિ કાળથી સિદ્ધ હો
તેનામાં નિત્ય અને દુઃખ રહિતપણું કે જે સનાતન સિદ્ધત્વના
છે તેમાં દોષ આવે છે. સિદ્ધ થયા પછી તે દશામાં તે નિત્ય
જોઈએ અને ઉપજવું વિણસવું તે તો અનિત્યત્વ બતાવે છે તેથી તે
સિદ્ધદશામાં બાધા પીડા રહિતપણું હોવું જોઈએ અને ઉત્પત્તિ વિન
તો બાધા પીડાનો સંભવ સ્પષ્ટ દેખાય છે તેથી આત્માનો જ અભા
થાય. માટે આ ચેતનને સિદ્ધ સનાતન એકાંતે કહેવા જઈએ તો
પણ વાંધો આવે છે. ત્યારે હવે ચેતનજીને રૂપી, અરૂપી, રૂપારૂપી,
સ્વરૂપી કે શુદ્ધ સનાતન એકાંતે કહી શકાય તેમ નથી, તેનું
બતાવવું મુશ્કેલ છે, તેનું સ્વરૂપ સમજાવવું મુશ્કેલ છે એમ સિદ્ધ

सर्वांगी सब नय धणीरे,
माने सब [1]परमान;
नयवादी पल्लो ग्रही प्यारे,
करे लराइ टांन.　　　　　निसानी०

"(ચેતન) સર્વ રૂપે છે, સર્વ નયનો સ્વામી છે. પ્રમાણજ્ઞાન
અંશે (વસ્તુને) માને છે; ત્યારે નયજ્ઞાનવાળો એક અંશ હાથમાં
લડાઈનાં સ્થાનક ઉપજાવે છે."

ભાવ–ઉપર પ્રમાણે ચેતનજીનું સ્વરૂપ કહેવામાં કેટલી
આવે છે તે બતાવી. હવે તેનો બહુ સુંદાસર ખુલાસો કરે છે
ચેતનજી સર્વ રૂપે છે અને સર્વ નયના સ્વામી છે. જે એને પ્ર
જ્ઞાનથી સમજવા પ્રયત્ન કરે તે તેનું સ્વરૂપ સમજી શકે છે,
એક નયને લઈને તેને સમજવા જાય તે તેનું સ્વરૂપ કદિ સમ
નથી. દાખલા તરીકે ઉપર રૂપી અરૂપી વિગેરે નિશાની બતા
જે મુશ્કેલીઓ આવી તે નયવાદને લઈને આવી છે તે આપણે
પછી જોશું, પણ જો તેને પ્રમાણજ્ઞાનથી સર્વ નયની અપેક્ષા ધ
લઈને વર્ણવવામાં આવે તો લડાઈનું સ્થાન કદિ પણ પ્રાપ્ત થયે

---

1 પ્રમાનને બદલે બે પ્રતોમાં 'પરવાન' શબ્દ લખે છે

૪. સર્વાંગી=સર્વ રૂપે. ધણી=સ્વામી. પરમાન=પ્રમાણજ્ઞાન. નયવાદી=નયજ્ઞ
પકડીને, ગ્રહ. લરાઈ=લડાઈ. ઠાન=સ્થાનક.

આ પ્રસંગે* નયનું લક્ષણ શું કહે છે તે જરા વિશેષ વિચારી
अनंतधर्मात्मके वस्तुन्येकधर्मोन्नयनं ज्ञानं नयः વસ્તુમાં અનેક ધર્મો
છે તેમાંના એક ધર્મની મુખ્યતા કરી દેવી, બીજા ધર્મોનો અપ
પણ ન કરવો અને ગ્રહણ પણ ન કરવા તેને નય કહે છે.
જ્ઞાનથી હમેશાં એક બાબત ઉપર ધ્યાન ચાલ્યું જાય છે, પછી
આગળ પાછળનો વિચાર રહેતો નથી એમ ન સમજવું, પણ
જે મુદ્દો લીધો હોય તેને તે એવો સજ્જડ પકડી રાખે છે કે અ
સર્વ બાબતોને તદ્દન ગૌણ કરી નાખે છે. નયમાં તેટલા માટે અં
ગ્રાહી જ્ઞાન હોય છે. આપણે પાંચમા પદના અર્થમાં જોયું છે
નયવાદમાં હમેશાં એક અંગ ઉપર વિશેષ લક્ષ્ય રહે છે. सकलनयग्राहि
प्रमाणं तथा स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम् આવા સર્વ અંશોના જ્ઞાન
ગ્રહણ કરી સર્વ દિશાથી અમુક વસ્તુ તરફ જોઈ શકે તેને પ્રમાણ
જ્ઞાન કહે છે. પ્રમાણજ્ઞાન સર્વ નયના સ્વરૂપને ગ્રહણ કરનાર હોવાથી
અને તેમાં સર્વ ધર્મોનું જ્ઞાતાપણું હોવાથી તે બહુ ઉપયોગી શુદ્ધ જ્ઞાન
છે અને જ્યારે નયપક્ષ છોડી પ્રમાણપક્ષપર આવી જવાય છે ત્યારે
લડાઈ માત્ર બંધ પડે છે. રૂપી વિગેરે નિશાનીઓનું સ્વરૂપ હવે
આપણે વિપુલ દૃષ્ટિથી વિચારીએ.

સંસારી દશામાં ચેતન કર્મથી આવૃત્ત છે. એ કર્મસંબંધની અપે [illegible]
સૂક્ષ્મ પણ રૂપી છે અને [illegible] આ જીવ [illegible]
અપેક્ષાએ તેને રૂપી કહી શકાય. એ વ્યવહારનયનું વચન સમજવું.

[illegible] આત્માની [illegible] નથી, [illegible] નથી, [illegible] [illegible] આત્માને [illegible] કહી શકાય.

[illegible] કહી શકાય [illegible] તેનો [illegible] સકાય અને તે [illegible]

ભાવ અને અરૂપીભાવ એકી વખતે હાજર હોવાથી તદપેક્ષયા આત્માને રૂપારૂપી કહી શકાય.

આત્માના આઠ રૂચક પ્રદેશ સિદ્ધ જેવા હમેશાં હોય છે—રહે છે, તેથી સંગ્રહનયની અપેક્ષાએ આત્માને સિદ્ધસ્વરૂપી કહી શકાય, તેમજ તેજ દૃષ્ટિથી તેને શુદ્ધ સનાતન પણ કહી શકાય. તેજ સંગ્રહનયની અપેક્ષાએ તથા સમભિરૂઢનયની અપેક્ષાએ ચેતનને નિત્ય અને અબાધિત પણ કહી શકાય.

સંસારદશામાં કર્માવૃત્ત આત્માનાં જન્મ મરણ થાય છે તે તેનો ઉત્પાદ અને વ્યય છે અને તે વ્યવહાર અને વિશેષગ્રાહી નૈગમનયની અપેક્ષાએ છે તે ઉપર બતાવ્યું છે.

ઋજુસૂત્રનયવાળા અતીત અને અનાગત કાળની અપેક્ષા ન કરે પણ વર્તમાન કાળે જે વસ્તુ જેવા ગુણે પરિણમે-વર્તે તે વસ્તુ તેવે જ પરિણામે માને. મતલબ આ નય પરિણામગ્રાહી છે. એ નયવાળા સિદ્ધને સિદ્ધ કહે પણ અન્યને ન કહે.

શબ્દનયની અપેક્ષાએ બોલીએ તો શબ્દમાં ફેર નથી. એક શબ્દના અનેક પર્યાયો હોય તે સર્વને શબ્દનયવાળા એકજ અર્થના માને છે, તે નયની અપેક્ષાએ પર્યાયભેદનો ભેદ નથી અને તેથી રૂપી અરૂપી એવો તફાવત તે નયવાળા સ્વીકારતા નથી. આથી ઉલટી રીતે સમભિરૂઢનયવાળા દરેક શબ્દને તેના જૂદા જૂદા અર્થમાં જ માને છે તેથી આત્મા, ચેતન, જીવ વિગેરે શબ્દને પણ જૂદા જૂદા પર્યાયવાચી સમજી તેના પૃથક્ પૃથક્ અર્થ કરે છે. એવંભૂતનયવાળો જે સમયે જે ક્રિયા ચાલતી હોય તે સમયે તે ક્રિયાથી તે ક્રિયાયુક્ત માને છે, ક્રિયાને તેના કરનાર સાથે જોડી દે છે અને તેથી ચંડાળનું કામ કરનાર આત્માને તે ચંડાળ કરી બોલાવે છે અને સાધુની ક્રિયા કરનારને સાધુ માને છે. ઋજુસૂત્રનયવાળા વર્તમાન ગુણ જુએ છે ત્યારે એવંભૂતનયવાળા વર્તમાન ક્રિયા જુએ છે. નવપદવૃત્તિમાં સામાયિકના વેષે બેઠેલાને સામાયિકવાળો કહેલો છે, ગૃહસ્થના વેષમાં સાધુ જેવું વર્તન રાખનાર પણ ગૃહસ્થનાં કાર્યો કરનારને ઋજુસૂત્રનયવાળા સાધુ કહે છે ત્યારે એવંભૂતનયવાળા ગૃહસ્થ કહે છે.

આગમસાર ગ્રંથમાં મુનિ દેવચંદ્રજીએ 'સિદ્ધ' શબ્દની સાતે નયે વ્યાખ્યા કરી છે તે વિચારવા યોગ્ય છે. તેઓશ્રી લખે છે કે "નૈગમનયને મતે સર્વ જીવ સિદ્ધ છે, કેમકે સર્વ જીવના આઠ રૂચક પ્રદેશ સિદ્ધ સમાન નિર્મળ છે. સંગ્રહનય કહે છે કે સર્વ જીવની સત્તા સિદ્ધ સમાન છે. આ નયવાળાએ પર્યાયાર્થિકનયે કરીને જે કર્મ સહિત અવસ્થા હતી તે ટાળીને દ્રવ્યાર્થિકનયે કરીને તેની અવસ્થા અંગીકાર કરી. વ્યવહારનયવાળો કહે છે કે જે વિદ્યાલબ્ધિગુણે કરી સિદ્ધ થયો તે સિદ્ધ. આ નયવાળે બાહ્યતપ પ્રમુખ અંગીકાર કર્યા. ઋજુસૂત્રનયની અપેક્ષાએ જે પોતાના આત્માની સિદ્ધપણાની દશા ઓળખે છે અને જેનો જ્ઞાનનો ઉપયોગ સતેજ વર્તે છે તે જીવ સિદ્ધ જાણવો. આ નયની અપેક્ષાએ સમકિતી જીવને સિદ્ધ સમાન કહ્યો. શબ્દનયના મત પ્રમાણે જે શુદ્ધ શુકલધ્યાનના પરિણામે વર્તતો હોય તેને સિદ્ધ કહેવાય છે. સમભિરૂઢ નયના મત પ્રમાણે જે કેવળજ્ઞાન, કેવળ દર્શન અને યથાખ્યાતચારિત્રાદિ ગુણે સહિત હોય તેને સિદ્ધ કહી શકાય. આ નયના મત પ્રમાણે તેરમા અને ચૌદમા ગુણ સ્થાનકે વર્તતા જીવ સિદ્ધ કહી શકાય. એવંભૂતનયના કહેવા પ્રમાણે જેનાં સકલ કર્મ ક્ષય થઈ લોકાંતે વિરાજમાન હોઈ અષ્ટ ગુણસંપન્નહોય તેને જ સિદ્ધ કહી શકાય."

આવી રીતે આત્મા તો સર્વાંગી છે, તે પોતે સર્વ નયનો સ્વામી છે, સર્વ નય તેમાંથી ઉત્પન્ન થાય છે, સર્વ નયનું સ્વરૂપ તે સમજાવે છે અને તે સર્વ નયે વિદ્યમાન છે પણ એક નયથી તેનું સ્વરૂપ સિદ્ધ થતું નથી. દરેક નયે તેને જોઇએ અને દરેક દૃષ્ટિબિંદુ ધ્યાનમાં રાખીએ તો જ તેનુ ખરૂ સ્વરૂપ સમજવાનુ બની શકે તેમ છે.

આ દુનિયામાં જેટલી ધર્મની લડાઈ છે તેટલી નયવાદને લઈને થય છે. દરેક ધર્મવાળા એક સાધ્યબિંદુ લક્ષ્યમાં રાખી તે દૃષ્ટિબિંદુથી આત્માને જોયા કરે છે અને તે મત સ્થાપન કરે છે. કમનસીબે તે વખતે અન્ય દૃષ્ટિબિંદુથી તેને જોવાનુ કહેવામાં આવે છે તે તેના ધ્યાનમાં આવતું નથી અને પરિણામે વાદવિવાદનું કારણ પ્રાપ્ત થય છે. જ્યાંસુધી નયજ્ઞાન હોય સર્વ નયની અપેક્ષા ધ્યાનમાં રહેતી નથી અને તેથી પ્રમાણજ્ઞાનપર લક્ષ્ય જતું નથી ત્યાંસુધી કદિ પણ ચોખું સત્ય પ્રાપ્ત થતું

નથી. નયજ્ઞાનમાં તદ્દન સત્ય નથી એમ કહેવાનો આશય નથી પણ તે સત્યનો અંશ છે અને અંશ ઉપર મક્કમ રહી અન્ય સત્યાંશોને જો ધકેલી દેવામાં આવે તો પછી તે અપ્રમાણ વચન થઈ જાય છે. જૈન-શાસ્ત્રકારે તેટલા માટે આ નયજ્ઞાન અને પ્રમાણજ્ઞાન ઉપર બહુ લક્ષ્ય આપ્યું છે. આનંદઘનજી મહારાજ તેટલા માટે આ પદમાં કહે છે કે સર્વ નયનો સ્વામી ચેતન તો પ્રમાણજ્ઞાનને જ માન્ય કરે છે, જ્યારે અંશગ્રાહી નયજ્ઞાનવાળો લડાઈનાં સ્થાનકો ઉપજાવે છે. આ નયજ્ઞાનનું સ્વરૂપ બરાબર સમજી લેવરાવવામાં આવે તો અનેક ધાર્મિક ઝગડા અને લડાઈઓનો છેડો આવી જાય. વિશાળ શાસ્ત્રજ્ઞાનવાળા અંશ-ગ્રાહી જ્ઞાનવાળાની સ્ખલના કયાં અને કેવી રીતે થાય છે તે સમ-જીને બતાવી શકે છે. આ નય અને પ્રમાણજ્ઞાન જૈનશાસ્ત્રનું મજબૂત તત્ત્વ છે અને જૈનશાસ્ત્રના જ્ઞાનની જે વિશાળતા અને વિસ્તૃતતા તેમાં સમાયલી છે તે અન્યત્ર પ્રાપ્ત થવી અશક્ય છે એ ખાસ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. હાથીની સુંઢને લઈને એક અંધ તેને સુશળ જેવો કહે છે, પૂછડું હાથમાં લઈને બીજો અંધ તેને વાંસ જેવો કહે છે, પગ હાથમાં લઈને ત્રીજો થાંભલા જેવો કહે છે, કાન હાથમાં લઈને ચોથો તેને સુપડા જેવો કહે છે, આવી રીતે નયજ્ઞાનમાં અંધાધંધ પરંપરા ચાલે છે અને એ કારણથી જ દુનિ-યામાં મારામારી ચાલે છે. ઘણાખરા પોતાની વિચારણાને પકડી રાખીને અન્યના હેતુઓ અને પરિણામો તપાસવાની દરકાર જ કરતા નથી. જો પ્રમાણજ્ઞાન બરાબર સમજવા યત્ન થાય તો આ સ્થિતિનો છેડો આવે અને લડાઈનાં સ્થાનકો અંશજ્ઞાનથી ઉત્પન્ન થાય છે તે દૂર થાય.

આ પ્રમાણજ્ઞાનથી ચેતનનું સ્વરૂપ વિચારીએ તો પ્રત્યક્ષ પ્રમાણથી આત્મા સિદ્ધ થાય છે. એ ચૈતન્ય સ્વરૂપ પરિણામી છે, ભવનધર્મથી ઉત્પાદ વ્યયપણે પરિણમે છે તેથી તે પરિણામી છે, તેમજ કર્ત્તા અને ભોક્તા પણ તે જ છે. કર્ત્તા હોય તે જ ભોક્તા હોય, કારણકે કર-નાર પોતે ભોગવનાર ન હોય તો સુખમય તેને કદિ કહી શકાય નહિ. સંસારીપણામાં તે સ્વદેહ પ્રમાણ છે અને પ્રત્યેક શરીરે ભિન્ન જીવ છે. એ જીવ પાંચ કારણની સામગ્રી પ્રાપ્ત કરીને સમ્યક્ દર્શન, સમ્યક્-

જ્ઞાન અને સમ્યક્ચારિત્રને સાધવાથી સંપૂર્ણ, અવિનાશી, નિષ્કલંક, અસહાય, અપ્રયાસ, સ્વગુણ, નિરાવરણ, સ્વકાર્યપ્રવૃત્ત, અક્ષર, અવ્યાબાધ સુખમય સિદ્ધતા નીપજાવે છે. આ પ્રમાણે આત્મા સંબંધી પ્રમાણજ્ઞાન શ્રીનયચક્રસાર ગ્રંથમાં દેવચંદ્રજીએ બતાવ્યું છે.* એનો વધારે વિસ્તાર અનેક ગ્રંથોમાં છે જ્યાંથી તે વાંચી વિચારી લેવો. એ વિષય સૂક્ષ્મ દૃષ્ટિએ મત કદાગ્રહ મૂકીને સમજવા યોગ્ય છે અને તો જ તે સમજી શકાય તેમ છે.

> अनुभवगोचर वस्तुकोरे,
> जाणवो[1] यह इलाज;
> कहन सुननको कछु नहि प्यारे,
> आनंदघन महाराज. निशानी० ૬

"અનુભવથી જાણી શકાય તેવી વસ્તુને જાણવી એ જ (તેને સમજવાનો) ઉપાય છે, એમાં કહેવાનું કે સાંભળવાનું કાંઈ નથી. એ આનંદરાશિ મહાત્મા છે."

ભાવ—તમે આત્માની નિશાની પૂછો છો, પણ હું તમને એ શું બતાવું? તમને ટુંકામાં કહું છું તે સાંભળો. જે કોઈ વસ્તુ અનુભવથી જાણી શકાય તેવી હોય છે તેનું જ્ઞાન કરવું એ જ તેની નિશાની છે અને એ જ તેને જાણવાનો ઉપાય છે. અનુભવજ્ઞાન એ દૃષ્ટિથી જાણી શકાય તેવું નથી, મતલબ આંખે જોઈ શકાય તેવું બાહ્ય પ્રત્યક્ષ જાણી શકાય તેવું તે જ્ઞાન નથી, તેમ જ જાણનાર જાણેલ સ્વરૂપ તેને વર્ણનરૂપે કહી શકે તેવું પણ તે જ્ઞાન નથી. વાત એમ છે કે એ વસ્તુનું સ્વરૂપ નિશાની બતાવવાથી કે ઉપર ઉપરની વાત કરવાથી ખ્યાલ થઈ શકે તેવું નથી, એને પ્રાપ્ત કરવાનો ઉપાય તો તેનું [illegible] જ છે. જ્યારે અંદરથી જ્ઞાન ઉપરથી [illegible] ત્યારે [illegible] જ્ઞાન પ્રકટ થાય છે અને તે [illegible]

* [illegible]
[illegible]
[illegible]

અનુભવજ્ઞાન કહે છે. એમાં કહેવા સાંભળવાથી કાંઈ પત્તો ખાય તેવું નથી. આ ચેતનજી સંબંધી જ્ઞાન પણ અનુભવગોચર છે તેથી તેનું જ્ઞાન પ્રાપ્ત કરવું, તેના અંશો સમજવા, વિચારવા અને પરસ્પર ઘટાવવા એ જ તેના જ્ઞાનનો-તેને પ્રાપ્ત કરવાનો પરમ ઉપાય છે. એની અમે થોડી થોડી નિશાની બતાવશું તેથી તમને કાંઇ વિશેષ બોધ થશે નહિ. માટે જો તમારે પૂરેપૂરૂં તેનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો એનું સર્વ અંશગ્રાહી પ્રમાણજ્ઞાન પ્રાપ્ત કરો અને એમ કરતાં કરતાં જ્યારે તમને સ્વયમેવ અનુભવ જાગશે ત્યારે તમે તેને પૂરો સમજશો.

છતાં તમારે ચેતનની નિશાની જાણવી જ હોય તો હું તમને કહું છું તે સાંભળો. તે આનંદઘન મહાત્મા છે, સર્વ આનંદના રાશિ છે-સમૂહ છે. આનંદનું સ્વરૂપ પણ તમારે સમજવા યોગ્ય છે. જેને તમે આનંદ સમજો છો તેમાં કાંઇ આનંદ છે જ નહિ. દ્રવ્યપ્રાપ્તિ, પુત્રપ્રાપ્તિ, સ્વાદિષ્ટ ભોજન કે ઇંદ્રિયોના અન્ય વિકારોનું સેવન, એમાં ભોગવતી વખત પણ કોઈ પ્રકારનો આનંદ નથી, ભોગવ્યા પછી પણ આનંદ નથી અને એના પરિણામમાં પણ આનંદ નથી. એ તો જેમ ખસ (ખુજલી) થઇ હોય અને તેને ખણવાથી આનંદ માનવામાં આવે છે તેના જેવું ઇંદ્રિયજન્ય સુખ છે, તત્ત્વતઃ એમાં કોઇ પ્રકારનો આનંદ નથી. એને બદલે તમે એક પુસ્તક વાંચતા હશો કે ગણિતનું મનોયત્ન સાધ્ય કરતા હશો તે વખતે કોઇ નવીન સત્ય સમજાતાં તમારા મનમાં જે આનંદ આવશે તે તમને ઇંદ્રિયભોગના આનંદ કરતાં વિશેષ લાગશે. વ્યાખ્યાનમાં નવીન સત્ય સાંભળ્યા પછી બે ચાર કલાક તેની ખીમારી લાગ્યા કરશે, સામાયિકમાં પ્રાપ્ત થતું અપૂર્વ જ્ઞાન કે ધ્યાનનો મહિમા તમને ઘણા દિવસો સુધી મસ્ત બનાવશે. આ ખરા આનંદની વાનકીઓ છે. એમાં-નિરંતરના આનંદમાં-સ્વરૂપમાં મગ્ન રહેવું એ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે, આદરવા યોગ્ય છે, અનુભવવા લાયક છે. આટલી નિશાની છેવટે આત્માની બતાવી તે પ્રાપ્ત કરવાની ભલામણ કરે છે, તેનું જ્ઞાન પ્રાપ્ત કરવા ભલામણ કરે છે અને બહુ કહેવા સાંભળવાની વાત દૂર મૂકવાની ભલામણ કરે છે.

આખા પદનો આશય એક મુદ્દા ઉપર જ છે. આત્મજ્ઞાન પ્રાપ્ત

કરી, સર્વ નકામી ઉપાધિ છોડી દઈ તેનું આનંદઘન સ્વરૂપ પ્રાપ્ત કરવા પ્રયાસ કરો અને તે માટે પ્રથમ તે કોણ છે તે બરાબર ઓળખો- મતલબ આત્મજ્ઞાન પ્રાપ્ત કરો. એ જ્ઞાન પ્રાપ્ત કરવાથી સ્વપરની વહેંચણ પોતાની મેળે જ થઈ જશે અને સ્વનો આદર થતાં પરનો ત્યાગ થશે. અને એ સ્થિતિ પ્રાપ્ત થશે એટલે આનંદસ્વરૂપ નિરંતર માટે પ્રગટ થશે. એ ચેતનજીનું સ્વરૂપ કેવું વિચારવા લાયક છે અને તેમાં કેટલો ચમત્કાર છે તે હવે વિશેષપણે નીચેના પદમાં બતાવે છે

પદ બાવીશમું. રાગ–ગોડી.

विचारी कहा विचारेरे,
*तेरो आगम अगम अथाह. विचारी०
†बिनु आधे आधा नहि रे,
बिन आधेय आधार;
मुरगी बीनुं इंडा नहि प्यारे,
‡या बिन मुरगीकी नार. विचारी० १

"વિચાર કરનાર શું વિચાર કરે? તારો આગમ અગમ્ય અને [illegible] જેમકે આધેય વગર આધાર નથી અને આધાર વગર આધેય નથી. કુકડી વગર ઈંડું નથી અને ઈંડા વગર કુકડી નથી."

ભાવ— [illegible] નિરખાની બતાવનામાં પણ કેટલી મુશ્કેલી [illegible] અનુભવગોચર વસ્તુનું જ્ઞાન [illegible] હવે તે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે આધાર [illegible]

* [illegible]

† [illegible]

‡ [illegible]

રસ્તા હોઈ શકે. એક બુદ્ધિશાળી માણસ પોતાની વિચાર-
તર્કશક્તિ દોડાવી અનુભવગોચર વસ્તુઓનું સ્વરૂપ કલ્પે
ીનું દિવ્ય જ્ઞાનથી જે મહાત્માઓ સ્વરૂપ બતાવી ગયા હોય
ાનમાં લઈ પોતે સ્વરૂપ સમજવા યત્ન કરે. મહાત્માઓ
ાનબળથી વસ્તુસ્વરૂપ બતાવી ગયા છે તેને અનુસરવામાં
વિચારનો રોધ થાય એમ લાગે છે તેથી ઘણીવાર પોતાની
વસ્તુસ્વરૂપ સમજવામાં આગળ કરવાનો ભાવ થઈ આવે છે.
ીતે સ્વતંત્ર વિચાર કરતાં બહુ પ્રકારની મુશ્કેલીઓ આવે છે
બતાવે છે. વસ્તુસ્વરૂપ જિનેશ્વર ભગવાને પોતાના દિવ્ય
બતાવ્યું છે. તે પ્રમાણે અનાદિ ભાવ સમજ્યા સિવાય અન્ય
કરવામાં કેવાં ગોથાં ખાવાં પડે છે તે અત્ર સ્પષ્ટ રીતે બતા-
અનેક વિચાર કરનારાઓ વસ્તુસ્વરૂપ સમજવા યત્ન કર્યા
અને અત્યાર સુધી અનેકે પ્રયત્ન કર્યો છે તેમાં છેવટે ઘુંચ
વગર રહી નથી. તેમાં ઘુંચો કેવા પ્રકારની આવે છે તેનું
ણ સ્વરૂપ અત્ર બતાવે છે. આ પદ આનંદઘનજી મહારાજ
બોલે છે એમ સમજવાનું છે. એનો લય અતિ ઉદાત્ત અને
ંભીર છે.

 નાથ! માત્ર તર્કશક્તિથી અનુમાનપ્રમાણપર વિચાર કર-
વિચાર કરી શકે? કેટલો વિચાર કરી શકે? ક્યાં સુધી
કરી શકે? જો આગમપ્રમાણ ધ્યાનમાં લઇ તેને અનુ-
. તો તેને પણ સત્ય સ્વરૂપ દીર્ઘ પ્રયત્નથી સમજાય, કારણ-
ં આગમો કાંઈ સામાન્ય નથી; તે પણ અતિ અગમ્ય-સામાન્ય
ી ન જાણી શકાય તેવાં અને અપાર-જેનો પાર ન પામી
તેવાં છે. એમાં એક તર્કશક્તિ-બાહ્ય દૃષ્ટિ ચાલી શકે તેમ
તારો આગમસમુદ્ર અતિ ગંભીર અને ઊંડો છે. એમાં સાધા-
તે ચાંચ ખુંચવી મુશ્કેલ છે, એનો સાધારણ બુદ્ધિથી પાર
. મુશ્કેલ છે, તો પછી તેની મદદ વગર માત્ર બાહ્ય દૃષ્ટિથી
ી બુદ્ધિ પ્રમાણે વિચાર કરનાર માણસો આગમનો પાર પણ
મી શકે અને તારું સ્વરૂપ અને સ્વસ્વરૂપ પણ કેમ સમજી શકે?
આગમ અપાર છે. તેનું કારણ એટલું છે કે એક દૃષ્ટિવાદ

ભાવ—વિભાવદશામાં અને સ્વભાવદશામાં પાન કરવાનું હોય છે પણ બન્ને પીણામાં તફાવત બહુ છે. એકમાં વિવિધ પ્રકારની ઇચ્છાઓ થાય છે, મને આ વસ્તુ મળો, તે મળો એવી કામના વારંવાર થયા કરે છે, વસ્તુ પ્રાપ્ત થયા પહેલાં તેને માટે એવી દૃઢ ઇચ્છા રહે છે કે જાણે તે વગર ચાલી શકશે નહિ, વસ્તુ પ્રાપ્ત થયા પછી તેપરનો રાગ થોડા વખતમાં ઉતરી જાય છે તે પૌદ્ગલિક સર્વ વસ્તુઓ માટે અવલોકન કરી જોનારને જણાય તેમ છે; વળી એ દશામાં અનેક પ્રકારના છળ કપટ, છેતરપીંડી, દંભ કરવા પડે છે, ખોટાં રૂપ અને મુખાકૃતિ ધારણ કરવાં પડે છે અને મનના વિચારો, ભાષાનાં વચનો અને

* ખેલહુને બદલે 'ખેલે' એવો પાઠાંતર બી. પ્ર. ની બુકમાં છે

૩ કામ=નાના પ્રકારની ઇચ્છા. કપટ=છળ. મદ=આઠ પ્રકારના અહંકાર. મોહ=અજ્ઞાન. માન=અભિમાન. આલી=સખી. અનંત=છેડા વગરનું. ખેલહુ=ખેલે છે, રમે છે. વસંત=વસંતોત્સવ.

રાગ વસંત.

પિચકારીન કાહેકો મારી, રે દઈ મારે લાલ. પિચ૦
લાજકી ભરી કછુ કહી ન શકત હું, સુખસેં સુના દંગી ગારી. એ ચાલ.
સુખદાયક સ્યાની ન ધારી. રે સુમતી સંગ સદા. એ આંકણી.
મૈત્રી પ્રમોદ હી કરૂણા ગમત હે. જગજીવન પ્રીતિ નિવારી રે. ૧
ન્યાય યથારથ વચન વદત હે, હિત મિત મધુર ઉચારી રે. ૨
ન કિયો ન કરાયો નિજીવ મહત હે દત્ત અસન જલ વસતિ વિહારી રે. ૩
દેવ પશુ નર કામ તજત હે, ત્રિકરણ બ્રહ્મ સંભારી રે. ૪
અનિન્છક ધર્મ સાધન હિ ધરત હે. સંગ્રહ સર્વ નિવારી રે. ૫
રાગ દ્વેષ કષાય હરત હે. સહે શીત ઉષ્ણ અવિકારી રે. ૬
યસી સુમતિ જિનવચન પીયત હે, કરે ગંભીર ભવોદધિ પારી રે. ૭

આવી સુમતિની સંગતિ કરવા, તે દ્વારા નિજ પરિવારને ઓળખવા અને તદ્દ્વારા ગુણસ્થાનપર ક્રમે ક્રમે આરોહ કરી અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરવા દૃઢ ભાવના રાખવી અને તે પણ નિરંતર રાખવી, નહિ તો વિભાવદશાનું જોર એટલું બધું છે કે ગમે તે વખતે તે સુમતિ અને તેના પરિવારને હાંકી મૂકી તમારા ઉપર પોતાનું સામ્રાજ્ય એવું સ્થાપન કરશે કે ઘણા વખત સુધી તમે સુમતિને યાદ પણ નહિ કરી શકો. હવે એ વિભાવદશામાં પડી ગયેલા ચેતનજી કેવા કઠોર થઈ ગયા છે તેને ઉદ્દેશીને આવતા પદમાં શુદ્ધ ચેતના કહે છે તે વિચારવા યોગ્ય છે. તેનો આશય પતિને નિજ મંદિરે પધરાવી નિજ પરિવારને ઓળખાવી નિજ સ્વરૂપ પ્રાપ્ત કરાવવાનો અને પરઘર ભટકવાનું બંધ કરાવી કુલટાઓનો સંગ છોડાવવાનો છે.

લગભગ આ પદમાં બતાવ્યો છે તેને મળતો ભાવ બતાવનારૂ એક પદ શ્રીમદ્યશોવિજયજીએ રચ્યું છે તે પણ વિચારવા યોગ્ય છે.

ચેતન મમતા છાંડ પરીરી, છાંડ પરીરી દૂર પરીરી; ચેતન૦
પર રમણીશું પ્રેમ ન કીજે, આદરી સમતા આપ વરીરી. ચેતન૦ ૧
મમતા મોહ ચંડાલકી *બેટી, સમતા સંયમનૃપ કુંવરીરી;
મમતા મુખ દુર્ગંધ અસત્યે, સમતા સત્ય સુગંધી ભરીરી. ચેતન૦ ૨
મમતાસેં લરતે દિન જાવે, સમતા નહિ કોઉ સાથ લરીરી;
મમતા હેતુ બહુત હે દુશ્મન, સમતા કે કોઉ ન †અરિરી. ચેતન૦ ૩

* દીકરી.   † દુશ્મન.

ભાવ—આ આનંદઘનજીનું પદ બહુ અર્થઘટનાવાળું અને નૂતન પ્રકારનું છે, એનો આશય સમજવો અતિ મુશ્કેલ છે. એનાપર બે ટબા પણ મળી આવ્યા છે. તે અર્થ અને મારા ગુરૂ મહારાજે બતાવેલો અર્થ અત્ર કરવામાં આવ્યો છે અને તે સ્ફુટ કરવા વિવેચન કરવામાં આવ્યું છે તે વિચારવા વિનતિ છે.

ઉપર્યુક્ત એકત્રીશમા પદમાં સુમતિ ચેતનજીને નિજ પરિવાર જોવાની વિજ્ઞપ્તિ કરે છે અને તેની સાથે સ્વભાવદશામાં અને વિભાવદશામાં શું શું વસ્તુસ્થિતિ છે તેનું તેને દિગ્દર્શન કરાવે છે. એ સર્વનો આશય પતિ માયા મમતાની સોબતમાં ફુંદે પડી ગયા છે તે માર્ગથી તેમને છુટા પાડી શુદ્ધ ચેતનાના અતિ પવિત્ર માર્ગ તરફ પ્રયાણ કરાવવાનો છે. ઉપરના પદમાં જે સ્વરૂપ બતાવ્યું તેથી પણ ચેતનજી સમજ્યા નહિ ત્યારે હવે કાંઈ વિનતિરૂપે અને કાંઈક અતિ માયાળુપણે સુમતિ ચેતનજીને કહે છે અને તે વખતે તેની સખી શ્રદ્ધા પાસે ઉભી છે.

હે મારા નાથ! તમે આવા કઠોર કેમ થયા છો? મેં તમને આગળ મમતા માયાનું કુટિલપણું બતાવ્યું, વિભાવદશાનું વિભાવકપણું બતાવ્યું અને શુદ્ધ દશાનું મહત્વ બતાવ્યું, છતાં તમે તો મારા સામું જોતાં પણ નથી! ખરેખર! મારા નાથ! આપ આટલા બધા કઠોર શા કારણે થયા છો? તમે મારી સામું તો જુઓ. હું તો મન વચન કાયાએ કરીને તમારી જ છું, હું મનમાં તમારૂંજ ધ્યાન કરૂં છું, વચનથી તમારોજ જાપ કરૂં છું અને મેં શરીર તમનેજ અર્પણ કરી દીધું છે. હું તમારી સર્વ રીતિઓ અંગીકાર કરૂં છું, તમને જે વસ્તુઓ વસ્તુતઃ હિતકારી હોય તેને હું ગ્રહણ કરૂં છું, તમારા પવિત્ર સગાઓ સાથેજ સગપણ રાખું છું અને શુદ્ધ દશામાં તમે જેવા પવિત્ર છો તેવીજ હું પવિત્ર છું. આવી આપની પરમ પવિત્ર સાધ્વી પતિવ્રતા સ્ત્રી તરફ આપ કઠોર કેમ થઈ ગયા છો?

અથવા હું મન વચન કાયાએ કરીને આપ સાહેબની છું અને આપની રીત તેવી નથી, મતલબ હું આપના પગલાને પગલે ચાલું છું અને આપ મારી દરકાર નહિ કરતાં મારાથી ઉલટી રીત ગ્રહણ કરી મારી સામું પણ જોતા નથી. હે નાથ! આપ આપ કારણ હૃદયના

ભાવ–વળી હે મારા નાથ! ગુલાબ, ચંપો, મોગરો, માલતી કે એવાં એવાં બીજાં સુગંધી ફૂલની સુવાસથી આકર્ષાઈ ભમરો જેમ ફૂલની આસપાસ અને ચોતરફ ચક્કર લીધા કરે, જરામાં તેની ઉપર આવે, વળી એક બાજુમાં જાય, વળી બીજી બાજુમાં જાય, અને તેનીપરના પ્રેમને લીધે તેના ફરતી પ્રદક્ષિણા ફર્યા કરે, તેવી રીતે હું તો મારા નાથપરના પ્રેમથી આકર્ષાઈ તેમના ફરતી, તેમની આજુ-બાજુ, તેમની ઉપર ચોતરફ ફર્યા કરું છું, તેમના પ્રેમમાં મસ્ત થઈ તેઓશ્રીની ઓળગે જાઉં છું; અને આટલું કરતાં છતાં પણ પતિ તો મારી સામું જોતા પણ નથી. ત્યારે હવે મારે તે પ્રીતિનો નિભાવ કેવી રીતે કરવો? આપણે ઉપર પડતા જઈએ અને પતિ લાવ મારે, સામું પણ ન જુએ ત્યારે હવે પ્રીતિનો નિર્વાહ શી રીતે કરવો? પ્રીતિના નિયમ પ્રમાણે બન્નેનું મન હોય તો જ પ્રીતિ વધે છે, નહિ તો પ્રીતિ નભતી પણ નથી તો વધે તો કેવી રીતે? એકપખી પ્રીતિ લાંબો વખત ચાલતી નથી એ સુપ્રસિદ્ધ નિયમ છે.

આટલી હકીકત સાંભળી શ્રદ્ધા સખી જે બાજુમાં ઊભી હતી તેણે સુમતિને કહ્યું કે "સખિ! તમે કહો છો કે 'રાવરી રીત અનેસેં' પણ અત્યાર સુધીમાં તમે તમારા પતિથી કાંઈ જૂદાઈ જણાવી હશે અને તેથી પતિ કદાચ રૂઠ્યા હશે અને તમારાપર મન નહિ લગાવતા હોય." શ્રદ્ધા સખીનાં આવાં વચન સાંભળી સુમતિ તેનો પ્રત્યુત્તર આપે છે.*

હે સખિ' હું તો પતિ સાથે એવી મળી રહી છું કે જેવી રીતે ફૂલ–પુષ્પ તેની વાસ સાથે મળી ગયેલ હોય. ફૂલ અને તેની સુવાસ જેમ જૂદા નથી, ઘટ અને ઘટત્વ જૂદા નથી, અત્તર અને અત્તરની સુગંધી જેમ જૂદી નથી, તેમ હું સુમતિ મારા પતિ સાથે એકરૂપે મળી રહી છું. મારા મનમાં તેમના નામથી જ વિચાર આવે છે, મારા વચનમાં તેમના ગુણાનુવાદ અને ગુણોત્કર્ષ આવે છે, મારુ

* [illegible]

ભાવ—આ ગાથાનો અર્થ કરવામાં ઘણી મુશ્કેલી પડી છે. પ્રથમ અર્થ પં. ગંભીરવિજયજીએ બતાવ્યો તે પ્રમાણે લખું છું. ટબાકારનો અર્થ ત્યાર પછી આપવામાં આવશે. આ બન્ને અર્થ વિચાર કરવા માટે રજુ કર્યા છે. કોઈ નવીન અર્થનો ઝગઝાટ વાંચનારને થાય તો જણાવવા વિજ્ઞપ્તિ છે.

સુમતિ ચેતનજીને હવે કહે છે કે હે નાથ! આ માયા મમતા—ભોગદશા એ તો જગતનો એંઠવાડ છે, કચરો છે, ઉકરડે નાખવા યોગ્ય છે. તમારા ભોગની પ્રત્યેક વસ્તુઓનું પૃથક્કરણ કરી જુઓ તો તમને જ જણાશે કે એ વસ્તુઓ અનેક પ્રાણીએ અનંતીવાર ભોગવી છે, તમારી માયા મમતા સ્ત્રીઓ પ્રત્યેકને ઘરે રખડે છે અને પોતાને ઘરે આવનાર હરેક સાથે વિલાસ કરે છે—આવા જગતના એંઠ-વાડ ઉપર તમારે આવડી બધી પ્રીતિ શી? એવા એંઠવાડને તો ઉકરડે નાખવો ઘટે, તે તો ગટરમાં ફેંકી દેવા યોગ્ય ગણાય, તેને બદલે તમે તેને ચાટવા જાઓ છો, ઉલટી (વમન) કરીને ફેંકી દેવા યોગ્ય વસ્તુને તમે ચુંબન કરો છો! માંસગ્રંથિઓને હાથમાં લઈને તેમાં મોહ પામો છો! કફ મળ મૂત્રના ભંડારને આલિંગન કરો છો! અરે! મારા નાથ! તમે જરા વિચારો તો ખરા કે તમે કયે રસ્તે ઉતરી ગયા છો! ખરે-ખર તમારા જેવા શુદ્ધ નિરંજન નિર્લેપ ચિદાનંદઘન સ્વરૂપી ચેતનજી આવા પદાર્થપર અને આવી વસ્તુઓપર પ્રેમ રાખી રહ્યા છે તેથી અત્યારની તમારી સ્થિતિ જોતાં મારે કહેવું જોઈએ કે તમે એક પખાલીના પાડા છો. આંકડે વચરના અને યંત્રની જેમ કામ કરનાર પખાલીના પાડામાં જેમ દીર્ઘ દૃષ્ટિ ન હોય તેવા તમે કુસંગતથી થઈ ગયા છો. એને લઈને પછી ગુણ અવગુણનો વિચાર પણ કરતા નથી; તમે જોતા નથી કે માયા મમતાની સાથે રહેવામાં તમને પોતાને કેટલું નુકશાન થાય છે અને સુમતિ સાથે—મારી સાથે રહેવામાં કેટલો લાભ થાય છે. આ સર્વ હકીકત આપ વિચારમાં લેતા નથી, સમજતા પણ લેતા નથી, એમાં આપની મોટી ભૂલ થાય છે. આપ ન કરવા યોગ્ય કરો છો, ન જવા યોગ્ય સ્થાનકે ભટકો છો અને આપના શુદ્ધ પ્રેમીને તિરસ્કરો છો. હે નાથ! હવે તો મારી વિજ્ઞપ્તિ છે કે તમે તમારી શુદ્ધ દશામાં જેવા છો તેવા પ્રગટ થાઓ અને મને પણ તેવી કરો. હે આનંદઘન

અવયવ ચાતકની પેઠે 'પીયુ પીયુ' કરી રહ્યા છે, એની વ્યગ્રતા અને ઉન્મત્તતા અવ્યક્ત શબ્દરૂપે પતિ શબ્દની નિર્ઘોષણા સ્પષ્ટ બતાવી આપે છે તેથી હે અનુભવ મીઠડા મિત્ર! એ મારા જીવનરૂપ પતિને હવે તું ગમે તેમ કરીને અહીં લાવ, લાવ.

વિરહી સ્ત્રીની અવસ્થાનો ખ્યાલ કરો, અનંતા કાળથી તેની આશા નહિ પૂર્ણ કરનાર પતિતરફ શુદ્ધ પવિત્ર પ્રેમ રાખનાર પતિપ્રાણા સાધ્વી પવિત્ર સતીનું વર્તન વિચારો અને છેવટે તે કેટલા ઉપાયથી પતિને નિજ મંદિરે પધારવા વિજ્ઞપ્તિ કરે છે તે સંબંધમાં અગાઉનાં પદો વિચારો. (ખાસ કરીને આ વિષયપર જુઓ પદ ૮, ૯, ૧૦, ૧૩, ૧૪, ૧૬, ૧૮ તથા ૩૧.) હવે વળી એક વિશેષ ઉપાય તરીકે અનુભવ મિત્રને વિજ્ઞપ્તિ કરી પતિને નિજમંદિરે લઈ આવવા માટે અને બન્નેનો મેળાપ કરી આપવા માટે તેને કહેવાનો ઉપાય સુમતિ અજમાવે છે. આવા વિરહના પ્રસંગમાં પતિના મિત્ર દ્વારા તેને સંદેશો પહોંચાડવો અને પતિને સમજાવવા માટે વચ્ચે પડવા વિનતિ કરવી એ ચાલુ સંસારસ્થિતિને તદ્દન અનુરૂપ છે.*

ત્રીજી અને ચોથી પંક્તિમાં મારા પતિને લાવ લાવ એમ જે આજ્ઞાર્થદર્શક શબ્દો વાપર્યા છે તે સતીની આતુરતાને અંગે વપરા-

૧ આ સ્તવનના અર્થને અંગે કેટલાક વિચારો અહીં આપ્યા છે. ચાતક પતિ પતિ કહીને રટે છે તેમ હું રટું છું એ પદ્યવાક્યનો વિભાગ અર્થ ઉપરથી અધ્યાહાર સમજવા છે. 'પીઉ મિલાવન આવ્યુ' એટલે તમે પતિને મેળવી આપતા નથી એમ કહીને અનુભવ ઉપર જરા આક્ષેપ કર્યો છે. આવી રીતે આક્ષેપ કરીને જાણે સામા મનુષ્ય ઉપર બોજો મૂક્યો એ જ આશય જણાય છે; નહિ તો વાસ્તવિક રીતે પતિ નિજ મંદિરે ન પધારે તો તે માટે અનુભવની કાંઈ જવાબદારી નથી. અથવા મિલાવ=મેળાપ ન અનુક્રમે આપતા નથી, કરી આપતા નથી એવો પણ અર્થ થાય. અથવા મિલાવન એટલે મેળાપ અને આવ્યુ એટલે લાવો. આવી રીતે અર્થ કરીએ તો તે અર્થ સીધી રીતે પ્રાપ્ત થાય છે. મને એમ લાગે છે કે આ પંક્તિમાં પાઠ 'પીઉ મિલાવન લાવ' જોઈએ. એટલે પછી આ બે પંક્તિમાં ચાતકનીજ વાત છે એમ થાય. જેમ પપૈયો પાણીને મરતાને ઉત્સુક થઈ પીયુ પીયુ કરે છે આ પ્રમાણે બહુ સુંદર અર્થ પ્રાપ્ત થાય છે અને ત્યાર પછીની છેલ્લી બે પંક્તિમાં સુમતિ પોતાની સ્થિતિ બતાવી ચાતક સાથે પોતાની સરખામણી કરી પતિનો મેળાપ કરાવી આપવાનું કહે છે, પરંતુ એ નૂતન પાઠની મેં કલ્પના કરી છે તે કોઈ પ્રતમાં ન હોવાથી તેવો ફેરફાર કરવાની મારી સત્તા નથી.



ને તનની પીડા જાણનાર તારા વિના કોઇ નથી. એક વિરહી સ્ત્રી જે પરમ પતિવ્રતા હોય તેને જ્યારે તેના પતિનો વિરહ થાય ત્યારે તેની કેવી દશા થાય છે તે તો હે અનુભવ મિત્ર! તમે અનેક કાવ્યોમાં વાંચ્યું હશે. મારી અત્યારે એવી દશા થઇ છે કે હું તમને રોઇને પણ તે કેવી રીતે બતાવું? રડવામાં પણ જરા શુદ્ધિ તો જોઇએ અને હું તો હવે પતિવિરહથી એટલી જીવપર આવી ગઇ છું અને મારી શુદ્ધ બુદ્ધ પણ એટલી કમતી થઇ ગઇ છે કે હું તમને રડીને પણ મારો ખરો મનોભાવ બતાવી શકું તેમ રહ્યું નથી.

પચીશમા પદમાં સુમતિ કહે છે કે દરેક મનુષ્યની આગળ મનની વાત કેવી રીતે કહી શકાય? હવે તેને અહીં અનુભવ સ્વજન મળેલ છે તેથી તેની પાસે મન ખોલીને પોતાની ખરેખરી સ્થિતિ બતાવી આપે છે અને તેમ કરતાં તેને કહે છે કે હે મિત્ર! મારા પતિવિરહે મારા શરીરની અને મનની એવી સ્થિતિ થઇ ગઇ છે કે હું તે તારી પાસે રોઇને પણ બતાવી શકતી નથી. રડવામાં રડવા પૂરતી અને તે સાથે પોતાનું દુઃખ બતાવવા પૂરતી તો શુદ્ધિ હોવી જોઇએ, તેટલી પણ મારામાં નથી તેથી હું તને રડીને પણ મારો ખરો મનોભાવ સમજાવી શકતી નથી. મારો તો આખો દિવસ ખેદ કરવામાંજ જાય છે, મને બીજું કાંઈ સુજતું નથી અને મારા આખા શરીરમાં અને મનમાં વિરહાગ્નિની જ્વાળાઓ ઉઠ્યા કરે છે અને તે મને બાળી નાખે છે. હે મિત્ર! હજુ પણ કેટલી વાત કહું? અત્યારે તારી પાસે મન ખોલીને કહું છું. પતિવિરહે મારા હાલ કેવા થયા છે? તે જરા સાંભળ અને પતિને તે કહીને તેની સાથે મારો મેળાપ કરાવી આપવા હવે બનતો પ્રયાસ જરૂર કર.

સુમતિ શુદ્ધ બુદ્ધ ખોઇ બેસે એનો ભાવાર્થ એ સમજવો કે મમતા માયાના પ્રસંગમાં આ જીવ એટલો બધો પડી ગયો છે કે તેનામાં શુદ્ધ બુદ્ધિ જે કાંઈ હોય તે ચાલી જાય છે, વદન નહિ જેવી થઇ અવ્યવસ્થિત અથવા અસ્વસ્થ સ્થિતિમાં પડી રહે છે, અને તે સાહેબજી તો ઉન્મત્તની પેઠે માયા મમતા વેશ્યાઓના ઘરે રખડ્યા કરે છે. આવી સ્થિતિને પરિણામે ચેતનજીની પોતાના મનની અને શરીરની શાંતિ રહેતી નથી, તે ધનની લાલચે અહીં તહીં વલખાં માર્યા કરે છે, ઇંદ્રિ-

ચના ભોગો પ્રાપ્ત કરવા જ્યાં ત્યાં મ્હોઢું નાખ્યા કરે છે અને આખા સંસારચક્રમાં ગાંડા માણસની પેઠે રખડે છે. એની એ સ્થિતિ એટલી દયાજનક છે કે શુદ્ધ સ્વભાવદશા એનું વર્ણન કરતાં રડી પડે છે, એને અશ્રુ આવી જાય છે અને કહે છે કે એ દશા એટલી બધી નિકૃષ્ટ-અધમ છે કે રડીને પણ તે કેવી રીતે બતાવી શકાય?

કમનનો અર્થ જળ-પાણી એમ થાય છે. બીજી રીતે કમ-ન કંઈ એટલે કંઈ પણ લેતી નથી એમ કરીએ તો શાંતિ શબ્દ અધ્યાહાર લેવો જોઈએ. અથવા ઉપરની ગાથા ઉપરથી શુદ્ધ બુદ્ધ શબ્દ અધ્યાહાર લઈએ તો બરાબર અર્થ પ્રાપ્ત થાય છે. કવન એટલે કેશુ એ અર્થ પણ બંધબેસતો આવે છે.

આ ગાથામાં અને હવે પછીની ગાથામાં વિરહી સ્ત્રીનું અને દુઃખ વર્ણન આપ્યું છે અને તે સ્થિતિ સુમતિની વિરહી અવસ્થા સાથે એટલે કે ચેતનજીની પરઘર રમવાની ટેવ સાથે બરાબર મળતી આવે છે. આખું પદ યોગપરિભાષામાં બહુ સુંદર અર્થ થાય છે એ બરાબર વિચારી સમજવા યોગ્ય છે. વિવેચનપર બરાબર વિચાર કરવા વિજ્ઞપ્તિ છે.

निसि अंधिआरी मोही हसे रे,
तारे दांत दिखाइ;
*भादु कादु मैं कियो प्यारे,
अंसुअन धार वहाइ. मिलापी० १

"અંધારી રાત્રિ તારાવડે દાંત દેખાડીને મને હસે છે, આંસુની ધારા કાઢીને મેં ભાદરવો (મહિનો) કાદવવાળો કર્યો છે."

ભાવ-હે અનુભવ મિત્ર! મારી સ્થિતિ કેવી થઈ છે તે જરા સાંભળ. આ અંધકારમય રાત્રિ મારાં દુઃખ ઉપર ક્રમ દેવા [illegible] તારારૂપી દાંતની પંક્તિ દેખાડીને મને હસે છે, મારી મશ્કરી કરે છે

---

* ભાદુ કાદુ [illegible] પાઠાંતર છે, [illegible] છે, અર્થ [illegible]
૧ નિસિ=રાત્રિ. અંધિઆરી=અંધકારમય, ઘોર અંધારી. મોહી=મને [illegible] હસે [illegible] દાંત=દાંત. [illegible] દિખાઈ=બતાવીને. [illegible] [illegible] [illegible] અંસુઅન=આંસુ. [illegible] વહાઈને.

ભાવ-ચિત્તરૂપ ચકવી પોતાના હૃદય ઉપર બન્ને હાથ મૂકીને પતિની શોધમાં ચારે તરફ ફર્યા કરે છે. પતિનો મેળાપ કરવાની દૃઢ ઇચ્છામાં ચિત્તરૂપ ચકવી આખી દુનિયામાં ફર્યા કરે છે અને પોતાનું હૃદય ત્રુટી ન જાય તેટલા માટે વિરહી સ્ત્રીની પેઠે પોતાની ધડકતી છાતી ઉપર હાથ મૂકી રાખે છે. અસહ્ય વિરહાવસ્થાનું આ અંતિમ દુઃખદર્શન છે, રડી રડીને થાકી ગયેલી નિઃસાસા નાખતી વિરહી સ્ત્રીની ધડકતી છાતી ફાટી ન જાય તેટલા માટે તે કાંઇક દિલાસારૂપે પોતાના બન્ને હાથ તેના ઉપર મૂકે છે. પતિથી વિખુટી પડી ગયેલી ચકવી જેમ પ્યું પ્યું નદીના કિનારા ઉપર કર્યા કરે છે અને આમ તેમ ઉડે છે તેમ વિરહી સ્ત્રી પતિપેલી થઈ તેના નામની જપમાળા જપતી ચો તરફ ફર્યા કરે છે.

અહીં પાઠાંતરનો અર્થ વિચારીએ 'ચિત્ત ચાતક પીઉ પીઉ કરે રે, પ્રણમે દોકર પીસ' એવો પાઠ ભી૰ મા૰ વાળી બુકમાં છે. ચિત્તરૂપ ચકવો પતિ પતિ એવો અવાજ કરે છે અને બન્ને હાથ મેળવીને પગે લાગે છે. આવો તેનો અર્થ થઈ શકે છે; પણ તેમ કરવામાં ઘણા પ્રકારની અગવડ જણાય છે. એક તો ચાતકને પીઉં પીઉં કરવાનું જણાવવું તે ચાલતી હકીકતને અનુરૂપ નથી, તેને સામાન્ય જાતિવાચક શબ્દ ગણી તેનો અર્થ ચકવી કરીએ તો જ કાંઇક અર્થઘટના થાય તેમ છે. જેમ ચાતક પાણી પીવાને તરસ્યો થયો હોય તે પ્યું પ્યુંનો અવાજ કર્યા કરે તેમ હું પતિ પતિનો જાપ કર્યા કરૂં છું એવો બીજો અર્થ થઈ શકે તે કાંઇક ઠીક છે, પણ તેમાં દ્વિતીય પંક્તિનું અર્થગાંભીર્ય જળવાતું નથી. ચકવી બે હાથ જોડીને પતિને પગે પડતી હોય એ તદ્દન અસ્વાભાવિક હકીકત છે, કારણકે પતિ તો મંદિરેજ પધારતા નથી એટલે એને પગે પડવાની વાત કેવી રીતે આવી શકે? આ બધી બાબતનો વિચાર કરતાં ઉપર મૂલમાં જે પાઠ લખ્યો છે તે વિશેષ ઠીક હોય એમ લાગે છે.

હે નાથ! અમે ગમે તેવી પણ અબળા જાતિ કહેવાઇએ, અમારી સ્ત્રી જાતિ ઉપર આપ આટલી બધી જોરાવરી કરો એટલે બળહીન સ્ત્રી જાતિ ઉપર તમે આટલા બધા ગુસ્સે થાઓ અને તેને આટલી વ્યથા આપો તથા તેના ઉપર રીસ ચઢાવો એ આપને ઘટતું નથી.

"હે સખિ! પ્રવીણ નાટકીઆનો વેશ (તો) જુઓ. જૂદા જૂદા પાઠ તે લજવે છે તેથી તેનાં અંગો વક્ર દીઠાં લાગે છે."

ભાવ–અનુભવને ઉપર જણાવ્યું તે પ્રમાણે કહીને પતિ પાસે મોકલ્યા પછી શુદ્ધ પવિત્ર સાધ્વી સુમતિ પોતાની સખી શ્રદ્ધા પાસે બેસી પોતાના પતિ સંબંધી વાતો કરે છે. બે સખીઓ એકઠી થાય ત્યારે આવી વાતો કરે એ તદ્દન સ્વાભાવિક છે. એટલા ઉપરથી એ પતિ તરફ જરા પણ અણગમો બતાવે છે એવો અર્થ નીકળતો નથી, પરંતુ પોતાનો અતિ પ્રેમ છતાં પતિ કેવું અઘટિત વર્તન ચલાવે છે એ બતાવવા માટે આ હકીકત પોતાની સાહેલીને કહે છે. શુદ્ધ ચેતના સુમતિને આ પ્રમાણે કહે છે એવો અર્થ લઇએ તો તેમાં પણ વિરોધ નથી.

સુમતિ કહે છે–હે સખિ! મારા પતિ મહાપ્રવીણ નાટકીઆ છે. તેઓ વારંવાર નવા નવા વેશ પહેરે છે અને નવાં નવાં નાટકો લજવે છે. (એ નટનાગરની બાજી કેવી અદ્‌ભુત છે તે આપણે પાંચમા પદમાં બહુ વિસ્તારથી વિચારી ગયા છીએ.) હે સખિ! એ મારા નાટકીઆ નાથના વેશ તો જુઓ. એ કાંઈ ગામડીઆ ભવાયા હોય તેવા મૂર્ખ નથી, પણ શહેરી નાટકીઆ જેવા બહુ હુંસ્વાદ છે, પ્રવીણ છે, કુશળ છે. પ્રવીણ નાટકીઆ પેઠે આ ચેતનજી વારંવાર પોતાના પાઠો લજવે છે અને વેશ ફેરવે છે. થોડો વખત તે માયા સાથે પ્રેમ કરે છે, વળી તે કુમતિની સાથે નાચ કરે છે, પાછા વળી મમતાની સાથે લેટે છે, વળી પાછા તૃષ્ણાને પગે પડે છે, વળી રાગમાં રંગાઈ રતિમાં રમે છે, શોકમાં ડુબી જઇ અરતિમાં આરડે છે, કપટકળા કેળવી જગતને ધૂતે છે, અભિમાન કરી માનમતંગજપર ચઢે છે, ક્રોધ કરી અન્યને તુચ્છકારે છે, પોતાપર ગુસ્સે થઈ પોતાનું જ માથું ફોડે છે, ઇંદ્રિય ભોગમાં આસક્ત થઈ સ્પર્શ, રૂપ, રસ, ગંધ અને શબ્દના અનેક પ્રકારના વિલાસોમાં મોજ માણે છે, રાજા થઈ હાથીપર બેસે છે, ભીખારી થઈ 'ભિક્ષાં દેહિ' કરે છે, રોગી થઈ રખડે છે, ભોગી થઈ ભટકે છે, યોગી થઈ છટકે છે, કોઈ વાર દેવનો વેશ કાઢે છે, કોઈ વાર મનુષ્યનો વેશ ધારણ કરે છે, કોઈ વાર અનેક પ્રકારના તિર્યંચોના વેશ ધારણ કરે છે, કોઈ વાર નારક જાતિમાં મહા દુઃખ ભોગવનાર વેશને પહેરી લે છે. આવી રીતે અનેક જાતિમાં અનેક વ્યક્તિરૂપે

*ओरहानो कहा दिजें वहुत कर,
†जीवित है इह ढंग;
‡मेरो और विच अंतर एतो,
जेतो रूपो इ §रांग. देखो० २

"ઘણું ઘણું કહીને (ચેતનજીને) ઉપાલંભ-ઠપકો પણ હવે શું દઈએ, એના જીવતરનો એ જ ઢંગ છે. (અરેરે!) મારો અને પેલી (માયા મમતા) વચ્ચેનો અંતર એટલો છે કે જેટલો રૂપા અને કથીરની વચ્ચે (હોય)

ભાવ-સખિ! ચેતનજીને ઘણી ઘણી રીતે કહ્યું, અન્ય સાથે સંદેશા પણ ઘણા કહેવરાવ્યા. કુલટાઓની સંગતથી તેઓની પ્રતિષ્ઠાને કેટલી હાનિ પહોંચી છે તે પણ બતાવી આપ્યું, હવે વારંવાર ઠપકો પણ કેટલો દેવો? ખરેખર, મને તો જણાય છે કે તેઓના જીવતરનો અનાદિ કાળથી ઢંગ જ આવો પડી ગયો છે તેથી આપણે ગમે તેટલું કહીએ તેની તેઓ દરકાર જ કરતા નથી. જ્યાં જન્મથી આવી ટેવ પડી ગયેલી હોય ત્યાં પછી આપણે એમને ગમે તેટલા ઉપાલંભ દઈએ તેની અસર શું થવાની છે. જેવા નવા નવા વેશે ચેતનજી અન્યની સોબતમાં અત્યારે ધારણ

* [illegible]

† [illegible]

‡ [illegible]

§ [illegible]

[illegible]

આ પદમાં જે વિચાર બતાવ્યો છે તે સારી રીતે ચિદાનંદજી મહારાજે પોતાનાં પ્રથમનાં બે પદમાં બતાવેલ છે. 'પિયા પરઘર મત જાવોરે' અને 'પિયા નિજ મહેલ પધારોરે.' આ બન્ને પદમાં પતિને યોગ્ય ઉપાલંભ આપવામાં આવ્યા છે અને પરઘરમાં શું છે અને નિજ મંદિરમાં શું છે તેનો વિચાર આપી પતિને નિજ મંદિરે પધારવા વિજ્ઞપ્તિ કરી છે. એ બન્ને પદ વાંચવાથી અને આનંદઘનજીનું 'નાથ નિહારો આપ મતાસી' એ નવમું પદ વાંચવાથી સુમતિ ઉપાલંભ કેવા પ્રકારના આપે છે તે જોઇ શકાય તેમ છે. તાત્પર્ય એ છે કે આવા અનેક પ્રકારના ઉપાલંભ દઈ પતિને નિજ મંદિરનું રહસ્ય સમજાવી-બતાવી, તેઓ પારકે ઘરે રખડતા અટકી જાય એમ કરી આપવાનો આ દીર્ઘ પ્રયાસ છે અને તેમાં ફતેહ થઈ જાય તો સાધ્ય તરફ ગમન થાય એમાં નવાઈ નથી.

तनु शुध खोय घूमत मन एसें,
मानुं कुछ खाइ भांग;
एते पर आनंदघन *नावत,
†कहा और दीजे बांग. देखो० ३

"શરીરની શુદ્ધિ ખોઇને મન એવું ભમે છે કે જાણે કાંઇક ભાંગ પીધી હોય નહિ! આટલી હકીકતપર પણ આનંદઘન આવશે નહિ તો પછી તે શું બીજી બાંગ દેવામાં આવે-પોકાર પાડવામાં આવે?"

ભાવ—અહો સખિ! મારા પતિ ચેતનજીએ પોતાના શરીરની શુદ્ધિ વિસારી મૂકી છે, પોતાના શરીરના શા હાલ થાય છે તેની તેઓ દરકાર કરતા નથી અને તેઓનું મન પણ એવું ભમે ત્યાં

* નાવતને બદલે 'નાચત' પાઠ છે, અર્થ પ્રસિદ્ધ છે.

† છેલ્લી પંક્તિમાં નીચે પ્રમાણે પાઠાંતર છે "ઔર કહા કોઈ દીજે સંગ." કોઈ બીજો સંગત આપશે? કોઈ બીજે સંગત કરશે? એવો તેનો અર્થ થાય છે. વિવેચન જુઓ.

૩ તનુ=શરીર. શુધ=શુદ્ધિ, ખબર. ખોય=ખોઇને, વિસારીને. ઘૂમત=ઘૂમે છે. એસેં=એવું. માનું=જાણે. કુછ=કાંઇક. ખાઈ=ખાધી, પીધી. ભાંગ=વિજયા, ભાંગ. એતે-પર=એ ઉપર, એટલી હકીકતપર. નાવત=આવશે નહિ. કહા=શું. ઔર=બીજી. બાંગ=રાડ.

રખડ્યા કરે છે કે જાણે તેઓએ ભાંગ પીધી હોય નહિ! અત્યારે તે મારા નાથના લક્ષણ જોયા હોય તો તને એમ જણાશે કે તેઓના કામમાં કોઈ પણ પ્રકારની વ્યવસ્થા નહિ, બોલવાનો ધડો નહિ, વર્તનનું ઠેકાણું નહિ, કોની સાથે કેવી રીતે બોલવું ચાલવું જોઈએ તેનો વિચાર નહિ; એ તો એવા પ્રકારના થઈ ગયા છે કે જેમ એક માણસે ભાંગ પીધી હોય, હીલાગર કે ગાંજો પીધો હોય અને પછી શરીરની કે મનની શુદ્ધિ વગર ગમે ત્યાં અથડાયા પછડાય કરે તેવી રીતે તેઓ મનની અને શરીરની શુદ્ધબુદ્ધ ખોઈને આડા અવળા ભટક્યા કરે છે. તેઓને વિચાર થતો નથી કે પોતે કોણ છે? કોની સંગતમાં રહે છે? અને કેવી જગાએ ભટકે છે? પોતાની આબરૂને તેથી કેટલું નુકશાન પહોંચે છે એની દરકાર કર્યા વગર પોતાની જાતને પણ ઓળખતા નથી અને એક પીધેલ માણસની પેઠે ઉન્મત્તની પેઠે વર્તન કરે છે. કોઈ પ્રસંગે દારુડીઆ કે ગાંજાખોર લોકોનો દેખાવ જોવાનો તને પ્રસંગ બન્યો હોય તો તેના (પોતાના) શરીરના શા હાલ થાય છે તે બરાબર તારા ધ્યાનમાં આવે. તેના મનમાં જે અસ્વસ્થ વિચારો ચાલે છે તે તો અનુભવથી જ જણાય. જેઓ એવી લતમાં પડી ગયા હોય છે તેઓની અવસ્થા સંબંધી *વિચારો વાંચ્યા હોય-જાણ્યા હોય તો જરૂર બહુ દયા આવે. સુમતિએ પતિને ભાંગ પીધેલ સાથે સરખાવ્યો એ તદ્દન સત્ય પણ વિચારવા લાયક હકીકત છે. 'મોહમય પ્રમાદમદિરા પીને જગત્ ઉન્મત્ત થઈ ગયું છે' એ ભર્તૃહરિના વિચારો આપણે અન્યત્ર આ જ નયના વિવેચનમાં જોઈ ગયા છીએ અને શુદ્ધ ચેતનના અનંત ગુણ એક બાજુએ અને તેનું વિષયકર્દમમાં વિરૂપ કે રાચવાપણું બીજી બાજુએ મૂકી તેને સરખાવવામાં આવે તો ચેતનજીના વર્તનને એક ભંગેરી-ગંજેરીની પંક્તિમાં મૂકવામાં સુમતિએ જરા પણ ખોટું કર્યું છે એમ કહી શકાય નહિ. છતાં તે શુદ્ધ પતિવ્રતા વાળી પતિનું આટલું પણ વાંકું બોલતાં કેટલી ડરે છે તે 'કુછ' શબ્દથી જણાય છે. એ શબ્દ સહજ અથવા કાંઈક એવા અર્થમાં વાપરે છે એટલે કે આ ચેતનજીએ તો જરા સુધી ભાંગ પીધી છે અને તેના કેફ-

* See Confessions of an Opium Eater.

તે માયા મમતાના વેશ્યાવાસમાં પડ્યા રહે છે, પણ પતિ સંબંધી એવી વાત પોતાની સખી સાથે કરતાં પણ સુમતિના મનમાં જે ખેદ થાય છે તે બતાવનારો એ શબ્દ છે.

હે સખિ! આટલી આટલી વાત કરતાં છતાં અને આવી રીતે અનુભવ મિત્ર સાથે કહેવરાવતાં છતાં પણ જો મારા નાથ જેઓ પોતાની શુદ્ધ સત્તાએ આનંદના સમૂહ છે તેઓ મારા મંદિરે ન પધારે તો પછી તે શું હવે બાંગ પોકારવી? હવે કરવું શું? સતી સ્ત્રીને ઘટે તેવી રીતે મર્યાદામાં રહી સહજ વધારે સખ્ત શબ્દો કહી પતિને સમજાવતાં છતાં પણ તેઓ સ્વમંદિરે પધારવાનો વિચાર જ ન કરે તો પછી શું રાડે પાડીને મારી વધારે ફજેતી કરવી? જો સખી, તેઓ ઘણા વખતથી મારે મંદિરે આવતા તો નથી જ, હું દૂતી સાથે કહેવરાવું છું તે સાંભળતા નથી, અનુભવ મિત્રને કહેવાનું કહ્યું છે તેનું પણ કાંઈ પરિણામ આવ્યું નથી, તેથી હવે તો જે થાય તે જોયા કરવાનું છે, વધારે રાડે પાડીને ઘરનો ફજેતો કરવો એમાં મને તો લાભ જણાતો નથી. દશમા પદમાં સુમતિ આ જ પ્રમાણે કહે છે 'એતી સુની આનંદઘન નાવત, ઔર કહા કોઉ ડુંડ બજાવે.' એ વિચાર જણાવતી વખતે પતિ બાજુમાં ઊભા ઊભા સાંભળતા હતા અને આ વખતે ગેરહાજર છે એટલો તફાવત છે.

"ઓર કહા કોઈ દીજે સંગ" એ પાઠનો અર્થ જૂદી રીતે પણ થઈ શકે, માત્ર તે વખતે ચેતનજી નજીક છે એવો ભાવ લેતાં પદના બાકીના ભાવ સાથે તે અર્થને અસબદ્ધપણું પ્રાપ્ત થાય છે. હે ચેતન! એવા કથીરના ચકચુપર તને કદિ આનંદઘન પ્રભુ મળવાના નથી અને એ તારી પાસે નહિ આવે તો બીજો કોઈ તને સોબત આપે, તારી સાથે આવે, નિરંતર તારાપર પ્રીતિ રાખે એ કદિ બનવાનું નથી એમ તારે જરૂર માની લેવું. તારા સંગી થશે તો અંતે આનંદઘન પ્રભુ જ થશે, આ માયા મમતા તો કુલટા છે, એ તો તને મૂકીને તરત ચાલી જશે, તને પકડે મારીને નાસી જશે, જો તારે અવિચળ પ્રેમ કરવો હોય તો આનંદઘન સાથે જ કર. તે કાંઈ આવા ખોટા ચકચુપર આવવાના નથી એ સ્પષ્ટ સમજજે; તેઓ તો બરાબર

પરીક્ષા કરીને રૂપાનો રૂપિયો હશે, સાચું ચલણ હશે ત્યાં જ આવશે. પાઠાંતરનો આ પ્રમાણે અર્થ થઈ શકે છે તે વિચારવા યોગ્ય છે.

આખા પદનો અર્થ ગંભીર દૃષ્ટિએ વિચારવા યોગ્ય છે. આ ચેતનજી નાના પ્રકારના વેશો કાઢે છે, ચારે ગતિમાં રખડે છે અને ચોરાશી ચૌટામાં ભટકે છે, પણ એનો આરો આવતો નથી. એનું મુખ્ય કારણ એક જ છે, અને તે એ કે આ ચેતનને સ્વભાવ અને વિભાવ વચ્ચે તફાવત શું છે તેનો વિવેક નથી, તેને સ્વપરનું ભાન નથી, તેથી અન્ય વસ્તુમાં આસક્ત થઈ જઈ ઉપર ઉપરનું માનવાનું સુખ લેવામાં લલચાઈ જાય છે, પરંતુ એટલો વિચાર કરતો નથી કે એ સુખ શું છે? શેનું છે? અને કેટલા વખતનું છે? મતલબ ટૂંકામાં કહીએ તો એ વાસ્તવિક સુખને ઓળખતો નથી અને માની લીધેલા સુખનાં કારણો, સ્થિતિ અને સ્વરૂપ સમજતો નથી અને કોઈ યોગ્ય મહાત્મા તેને સમજાવવા પ્રયત્ન કરે તો તે તરફ ધ્યાન આપતો નથી અને પરિણામે પછી પરભાવમાં તેનું રમણ વધે છે અને તે ધીમે ધીમે એટલો નીચે ઉતરી જાય છે કે મહોન્નત દશાનાં સ્વપ્ન પણ તેને આવતાં નથી. વિભાવદશામાં ઉન્મત્તની જેમ ચાળા કર્યા કરે છે અને સંસારમાં રખડી થાકી જાય છે પણ ઠેકાણે પર આવતો નથી. આવી રીતે ધક્કા ખાતાં છતાં પણ મનની શુદ્ધિ ભાન પીધાને લીધે ન હોવાથી તે સંસારને ચાટતો જાય છે અને કેન્ના કીડાની પેઠે તેમાં જ સુખ માને છે.

રૂપાના રૂપિયાનો અને નાગના રૂપિયાનો તફાવત ઓળખી ભાનની અંદરથી મનશુદ્ધિ ખોઈ છે તે પાછી મેળવી વસ્તુસ્થિતિ વિચારો, સમતાને ઓળખો, ઘરની સાથે પ્રેમ જોડો અને પારકી વાત મૂકી દો. આવી સુમતિની વાત સાંભળવાનો અવસર આવ્યો છે તે પણ મોટા પુણ્યનો ઉદય સમજો, એ સુમતિનું વચન નહિ માની, નહિ વખાણો, સંસારમાં વધારે જશો તો પછી સુમતિ કંઈ ભાન પોકારવાની નથી અને અન્ય ગતિમાં જશો ત્યાં તેની સાથે સંભાવનાની પણ નથી, માટે સુમતિ સાથે પ્રેમ જમાવવાનું અને કુમતિ નહિ રહેવાનું મન કરી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવા વિચાર આવે. વિચારશો તો માલૂમ પડશે કે આવો અવસર વારંવાર મળતો નથી.

પદ પાંત્રીશમું, રાગ દીપક અથવા કાનડો.

कहे जारे जारे जारे जा।
सजि सिणगार बणाइ *आभूषण,
गइ तब सूनी सेजा; करे० १

"(સખીઓ) કહે છે 'જા, જા, જા' શણગાર સજી આભૂષણો ધારણ કરી (પતિ પાસે) ગઈ ત્યારે શય્યા સુની (માલુમ પડી)."

ભાવ–શ્રદ્ધા સખી પાસે ઉપરના પદમાં જણાવ્યા પ્રમાણે વાત કરી ત્યારે શ્રદ્ધાએ સુમતિને દિલાસો આપ્યો 'બ્હેન, અત્યાર સુધી તો પતિ તારે મંદિરે આવ્યા નથી એ વાત ખરી છે, પણ હવે તેં અનુભવને પતિ પાસે મોકલ્યો છે તેથી તે તારે મંદિરે આવશે એમ મને લાગે છે. માટે હવે તું પણ તારે મંદિરે જા અને પતિને ભેટ.' શ્રદ્ધા આવી રીતે આગ્રહ કરીને સુમતિને પોતાને મંદિરે મોકલે છે તે વખતે સુમતિનું મન માનતું નથી, તેના મનમાં પતિ આવે એવો ભરોસો આવતો નથી અને તેથી તેને મંદિરમાં જવાની હોંશ થતી નથી; છતાં સખીના આગ્રહથી પોતે જવાનો વિચાર કર્યો. મંદિરે આવી. પતિ આવવાના હોય ત્યારે સૌભાગ્યવતી સ્ત્રી સોળ શણગાર† સજે છે તે પ્રમાણે સુમતિએ પગથી તે માથા સુધી શણગારો ધારણ કર્યા તેમ જ હાથ પગ અને ડોકમાં આભૂષણો ધારણ કરી પતિને મળવા ઉત્સુક થઈ શયનગૃહમાં જઈને જુએ છે તો શય્યા તદ્દન ખાલી પડી છે, ત્યાં પતિ જણાતા નથી અને સેજ્યી બીછાવેલી હતી તે એમને એમ પડેલી છે. પતિને મળવાને ઉત્સુક સાધ્વી સ્ત્રીને તે વખતે કેવો આઘાત લાગ્યો હશે તે હવે પછી બતાવવામાં આવે છે.

* આભૂષણને બદલે 'ભૂખણ' પાઠ છે તેનો અર્થ એક જ છે

૧ કહે=કહે છે. જારે=જા. સજિ=ધારણ કરી. સિણગાર=શૃંગાર, ઉત્તમ વસ્ત્ર ઘરેણાં વિગેરે સોળ શણગાર. બણાઈ=બનાવીને, પહેરીને. આભૂષણ=ઘરેણાં. તબ=ત્યારે. સૂની=ખાલી, પતિ વગરની. સેજા=શય્યા.

† જુઓ પદ વીશમું.

"નાથ મારી સોબત અટકાવે છે–ઠરતા નથી અને મારી [illegible]
જોબન (નકામું) ચાલ્યું જાય છે. હે સખિ! આ દિવસો તો [illegible]
ખેલવાના છે (તેને બદલે) રાતો રોતાં રોતાં પસાર થાય છે."

ભાવ–આ પદ માત્ર ભી. મા. વાળી બુકમાં છાપેલું છે, [illegible]
પાસે પદની બીજી પ્રતો આવી છે, તેમાં તે નથી. [illegible]
ઘનજીની [illegible] આવું પદ મૂકી દેવાને બદલે તેના [illegible]
આનંદઘનજી હશે કે કેમ, તેની ચર્ચા ઉપોદ્ઘાતમાં કરવાનું રાખી [illegible]
પદનું [illegible] કર્યું છે.

સુમતિએ પતિને અનેક પ્રકારના સંદેશા કહેવરાવ્યા, [illegible]
રીતે તેઓને પોતાના મનનો અભિપ્રાય પણ સંભળાવી દીધો, [illegible]
સર્વની અસર હજુ પતિ ઉપર થઈ નહીં. દરમ્યાન [illegible]
સખીઓના આનંદથી પોતે પતિ મંદિરે પધારશે એમ ધારી [illegible]
હતા તે તો સ્વપ્ન ખાલી રહી. (ઉપરનું પદ જુઓ.) [illegible]
નજીક તેવી કેટલાક શૃંગાર કાઢી પાડી પોતાની સખી [illegible]
આવી તેને પોતાના દુઃખની વાત કરે છેઃ હે સખિ! પતિનો [illegible]
કરતા નથી પણ ઉલટા તેને અટકાવે છે, અને તેમ કરીને મારી [illegible]
ન થાય એવું કાર્ય કરે છે અને મારું યૌવન ચાલ્યું જાય છે. [illegible]
પતિ [illegible] કરી, હુલરા ખેલવાનો વખત છે, [illegible]
[illegible] સ્ત્રી પુરૂષ અનેક પ્રકારના આનંદ કરે છે, [illegible]
કરે છે અને [illegible] આનંદ અનુભવી [illegible]
[illegible]

આ પદનો આધ્યાત્મિક અર્થ કરતી વખતે યૌવનકાળ એટલે ધર્મનાં સાધકબાધક કારણોની અર્થાત્ વિશિષ્ટ ફળ આપનાર અને તેમાં પ્રત્યવાય નાખનાર કારણોની સમજણ એ ભાવ લેવો. આવા પ્રકારની સમજણને-જ્ઞાનને ધર્મયૌવનકાળ સમજવો. ચેતના કહે છે કે હે સખિ! મારા પતિ મારો સંગ કરતા નથી તેથી મારો ધર્મયૌવનકાળ-ધર્મસાધના કરી શુભ ફળ બેસાડવાનો અગત્યનો વખત નકામો ચાલ્યો જાય છે. આ દિવસો શુભ ધર્મફળ પ્રાપ્ત કરવા માટે તેમાં હસવા ખેલવાના-તેમાં રમણ કરવાના છે અને તેમ કરી ધર્મસાધન કરી લેવાના છે. એ અવસર એવો સુંદર છે કે એ વખતમાં ધારીએ તેટલું શુભ ફળ મેળવી શકાય તેવું છે અને તેમ કરવા માટે જે અનુકૂળતા પ્રાપ્ત થવી જોઇએ તે મળી પણ છે. સંસારચક્રમાં આવો અવસર વારંવાર આવતો નથી. અનેક દુર્ગતિઓમાં તો શુભ ફળવિચારણાનો અવકાશ જ આવતો નથી. આવો સારો અવસર પ્રાપ્ત થયા છતાં પતિ તો આર્ત્ત રૌદ્ર ધ્યાનમાં પોતાનો વખત કાઢી નાખે છે, નકામી રાજકથા દેશકથા વિગેરે વિકથા* કરવામાં કાળ ગુમાવે છે, વિષય કષાય સેવનમાં અને પ્રમાદમાં સમય નિર્ગમન કરી નાખે છે, પોતાને જે સાધન કરવાનું છે તે સર્વ રહી જાય છે અને મળેલી અનુકૂળતાઓનો કશો પણ સદુપયોગ થતો નથી. આ અર્થમાં યૌવનકાળ તે ઉપર જણાવ્યું તેમ ધર્મનાં સાધકબાધક કારણો અને તેનાં ફળની સમજણ એ સમજવો; આનંદના દિવસો તે ઈચ્છિત સાધન કરવાનો સમય જાણવો અને રાત્રિ રોવામાં જાય છે તે આર્ત્ત રૌદ્ર ધ્યાનમાં કાળ ચાલ્યો જાય છે એમ સમજવું. હવે આવી બાબતમાં આપણો કેટલો નકામો કાળ જાય છે, તે જરા વિચારવા યોગ્ય છે. એક દિવસે સવારે ઉઠીને રાતે સુતા સુધીમાં કેટલી કલાકો નકામી રીતે પસાર કરી છે તેની વિચારણા કરશો તો જણાશે કે બહુ વખત સાધારણ વ્યવહારનાં કાર્ય ઉપરાંત નકામી વાતોમાં-પરનિંદામાં અથવા સ્વોત્કર્ષ બતાવવામાં ચાલ્યો જાય છે. એ ઉપરાંત ઇંદ્રિયોને અનુકૂળ પદાર્થો મેળવવામાં, શરીરની સંભાળ કરવામાં અને ખાનપાનના પદાર્થોની ગોઠવણ કરવામાં બહુ કાળ જાય છે. ઇષ્ટ વિયોગ અનિષ્ટ સંયોગની ચિંતામાં, તેના વિચારમાં અને સંસારને વળગતા જવાના પ્રયાસ, પ્રપંચ અને ધમાધમમાં પ્રભૂત





સખિ! મેં તને ઉપર જણાવ્યું તેમ હું પતિની ખાતર ભેખ ધારણ કરીશ, પણ તું પતિને કહેજે કે આ તમારા પ્રેમની જોગણુ તમને મળવા આતુર છે. એના જોગ ઉપર પ્રેમ લાવજો, એના ભેખ ઉપર ઉદાર દૃષ્ટિથી જોજો, એના વિશુદ્ધ વર્તન તરફ વહાલ બતાવજો. એ તમારા વિયોગથી ભૂલી પડેલી ભામિની તમારા તરફ એકાંત હિતદૃષ્ટિથી-પ્રેમદૃષ્ટિથી જુએ છે, માટે એનો યોગ કેવો છે તે જરા જુઓ. હે સખિ! આ પ્રમાણે સર્વ હકીકત તું મારા નાથને કહેજે અને છેવટે જણાવજે કે આ તમારી હૃદયવલ્લભા સતી સાધ્વી શુદ્ધ ચેતનાનો યોગ અતિ શ્રેષ્ઠ છે તેથી તેના ઉપર તમારૂં મન લગાડો.

આવી રીતે ઉપોદ્ઘાત કરી, આ પદમાં જૈન દૃષ્ટિએ યોગ કેવો હોય તેનું દર્શન કરાવ્યું છે. આ ભાવ લાવવા માટે જોગણુ શબ્દની અર્થઘટનામાં આગલા પદ સાથે સહજ ખેંચતાણ કરવી પડી છે, પણ આખા વિવેચનમાં કર્ત્તાનો આશય શું હશે તે સમજવાનો પ્રયાસ હોવાથી તેમા કાંઈ પણ વિરોધ નથી. આ પદમાં યોગ બતાવ્યો છે તે સમજવા માટે બહુ વિશાળ યોગજ્ઞાનની આવશ્યકતા છે. જેમ જેમ એનો પ્રકાશ વધારે પડશે અને ખાસ કરીને જેમ જેમ અનુભવ વધારે થશે તેમ તેમ તેમાં રહેલ સૌંદર્યનો ઝળકાટ થશે. અત્ર બતાવેલ યોગમાં મનને જોડી દેવા ચેતનજીને વિજ્ઞપ્તિ છે. એક વખત ચેતનજી એ યોગમાં ચિત્ત લાવે કે તુરત સુમતિ તો તેની પાસે જ છે તેના મંદિરે તે જરૂર પધારે અને છેવટે શુદ્ધ ચેતના પણ વિકાસક્રમમાં આગળ જતાં પ્રાપ્ત થઈ જાય. આવી રીતે યોગમાં પ્રવેશ કરી તેમાં ચિત્ત પરોવવા માટે આગ્રહ કરવાનો હેતુ ચેતનજી અને શુદ્ધ ચેતનાનો મેળાપ કરાવવાનો છે.

જોગી દોરી લંગોટ રાખે છે, લંગોટને ગાંઠ બાંધે છે અને સાધ્ય દીપકના દર્શન કરવા ચિદ્ગુહામાં પ્રવેશ કરે છે અને અલેકને જગાવે છે તેનું અત્ર સામ્ય બતાવે છે. હે ચેતનજી! તમે હઠાદિ વર્જ્ય યોગમાર્ગ મૂકી દઈ વિશુદ્ધ જોગનો પંથ નીહાળશો ત્યારે તમને તેમાં અપૂર્વ આનંદ થશે. ત્યાં પ્રથમ તો તમે માર્ગાનુસારીના અતિ ઉત્તમ ગુણો પ્રાપ્ત કરી ગ્રન્થ કરણ વડે શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મ ઉપર સાપેક્ષ દૃષ્ટિએ રૂચિ પ્રાપ્ત કરશો. એ શુદ્ધ દેવ, ગુરુ, ધર્મપરની રૂચિને સમ્યક્ત્વ

કહેવામાં આવે છે, જેની પ્રાપ્તિથી સંસાર પરિમિત થાય છે, સાધ્યનું સામીપ્ય થાય છે અને વિકાસમાર્ગમાં પ્રગતિ બહુ ઝપાટાબંધ થતી જાય છે. એ સમકિત અથવા સમ્યક્ત્વરૂપ દોરી તમને ત્યાં પ્રાપ્ત થશે અને એક વખત તેનાપર તમારું ચિત્ત લાગશે એટલે આગળ કયો માર્ગ ગ્રહણ કરવો તે તો આપોઆપ સુઝી રહેશે. જોગીઓ લંગોટીને બાંધવા કમરઉપર કંદોરો રાખે છે તેને દોરી સમજવી. શરીરના મધ્ય ભાગપર કંદોરો બાંધવાથી જાણે અન્યત્ર અવ્યવસ્થિત વિહાર સામે એક જાતનો પ્રતિબંધ થઇ જતો હોય એમ પણ જણાય છે. મતલબ અશ્વને અંકુશમાં રાખવા માટે જેમ મધ્ય ભાગમાં પટ્ટો રાખવામાં આવે છે તેવો આ સમ્યક્ત્વરૂપ દોરીનો ઉપયોગ સમજવો. વળી યોગના આદ્ય અંગ તરીકે સર્વ યોગદર્શનકારો બદ્ધકચ્છ થવાનો ઉપદેશ આપે છે. યોગમાર્ગમાં પ્રવેશ કરી વધારો કરવાની આકાંક્ષા હોય તેમણે અખંડ બ્રહ્મચર્ય મનસા, વચસા અને કર્મણા પાળવું જોઇએ. એ બ્રહ્મચર્યને યમ કહેવામાં આવે છે અને પાંચ પ્રકારના યમ-મહાવ્રતમાં એને પાતંજળ યોગદર્શનકાર પણ ચોથું સ્થાન આપે છે.[1] અન્યત્ર હેમચંદ્રાચાર્યો તેમજ જૈન યોગગ્રંથકારો પણ એને બહુ ઉચ્ચ પદ આપે છે અને યોગના અંગ તરીકે ગણે છે. સ્ત્રીવિષયનું અથવા તત્સંબંધી વાતોનું સ્મરણ, કથન, રહસ્ય વાતો, રાગપૂર્વક અવલોકન, રહસ્યભાષણ, સંકલ્પ, અધ્યવસાય અને સંભોગની નિષ્પત્તિ એ આઠે અંગવાળું મૈથુન [illegible] છે એમ દક્ષ સંહિતામાં કહ્યું છે.[2] તાત્પર્યાર્થ એ છે કે યોગ[illegible]માં પ્રગતિ કરનારે બ્રહ્મચર્ય બરાબર પાળવું જોઇએ. આ યોગમાં [illegible] બ્રહ્મચર્યરૂપ અથવા શીલરૂપ લંગોટી ધારણ કરવાનું બતાવ[illegible] [illegible] છે શીલને અર્થે શુદ્ધ આચાર પણ થાય છે અને [illegible] અનેક પ્રકારના વિશુદ્ધ વર્તનનો સમાવેશ થતો હોવાથી અત્ર [illegible] કર્યો હોય એમ માનવાનું રહે છે. એ અર્થમાં [illegible] શીલ શબ્દ જૈન શાસ્ત્રકારે ૧૮૦૦૦ ભેદ બતાવ્યા છે; [illegible] અત્ર તેપર વિવેચન કર્યું નથી. ઉપર જણાવેલ અઢાર

[illegible]

[illegible] સહ [illegible]

[illegible]

પ્રકારના યોગ ઉપર તમારૂં મન પોરવી દ્યો, તેનું આરાધન કરો અને
તન્મય થઈ મારા અનાદિ વિરહને શાંત કરો.

ઉપર જણાવ્યું તે રીતે કર્મઈંધનની ધ્યાનાગ્નિવડે ભસ્મ થઈ તે
ભસ્મ ઉપશમ-નિવૃત્તિભાવરૂપ ગલણે કરીને છણી નાખું-ચાળી નાખું.
આવી રીતે ભસ્મને ચાળવાથી તેમાં પણ વળી કાંઈ કચરો રહી ગયો હોય
તો તે નીકળી જાય છે અને એવી રીતે મેલ વગરની ભસ્મ રહી તેને
પછી લઈ લઈને મારા શરીરે ચોળું. યોગીઓ ધૂણીમાંથી ભસ્મ લઈ
તેને ચાળીને પોતાના શરીરપર ચોળે છે તેવી રીતે ઉપશમ ગલણે
ભસ્મને છણી નાખીને તેને મારા શરીરપર વારંવાર લગાવું. તાત્પર્યાર્થ
એ છે કે ધ્યાનાગ્નિથી સળગેલાં કર્મોમાં કાંઈ કચરો રહી ગયો હોય
તે નિવૃત્તિભાવરૂપ ગલણાથી દૂર કરી નાખું અને કર્મોને વિપાકોદયમાં
ન આવવા દેતાં પ્રદેશોદયથી વેદી લઇ તેઓને પણ ફેંકી દઉં અને આવી
રીતે વદન કર્મ વગરનો-લેપ વગરનો-મેલ વગરનો થઈ જઉં. હે
ચેતનજી! જ્યારે તમે આવી ભાવના કરશો, આવા વિચાર કરશો
અને તેને વળગી રહેવાનો નિર્ણય કરશો ત્યારે મારી ઘણા વખતની
આપને મળવાની ચિંતા દૂર થશે અને મારી ભવની ભાવઠ ભાગી
જશે (અને તમારી અને મારી વચ્ચે સાત્મ્ય હોવાથી તમને પણ
એવા જ અપૂર્વ આનંદનો અનુભવ થશે)

કર્મો આ ચેતનજીને કેટલો ત્રાસ આપે છે અને સંસારમાં કેવું
અને કેટલું પરિભ્રમણ કરાવે છે તેપર અત્ર ઉલ્લેખ કરવાનો સ્થળ
સંકોચથી અવકાશ રહેતો નથી, પરંતુ ટુંકામાં એમ સમજવું કે કર્મને
લીધે જ આ આખો સંસાર મચાવ્યો છે અને દરેક પ્રાણીનું કર્તવ્ય એ
કર્મને અને પોતાનો સર્વથા સંબંધ કેવી રીતે છૂટી જાય એ વિચાર
કરવામાં છે. પ્રબળ પુરુષાર્થ કરવામાં આવે તો કર્મબંધનના પણ
દૂર થઈ શકે તેવી છે. યોગના ધ્યાનાગ્નિથી તેનું જ્વલન કરતાં
તેનો બહુ અંશે નાશ થતો જાય છે. શુભ વાસના અને ભાવના
વાળા પ્રત્યેક મુમુક્ષુની ફરજ છે કે એવો ધ્યાનના વિષયનો બરાબર
અભ્યાસ કરવે. યોગની એ ચાવી છે અને તે ચાવી ઉઘાડવા માટે
યોગના અને તેની અંદર રહેલ યમાદિકનો બરાબર અભ્યાસ કરીને તેને
સમજવાની જરૂર છે.



આ ચેતનજી પહોંચી જાય તોપણ તેણે સ્વને અને અન્યને અહિંસાનો ઉપદેશ તો નિરંતર આપવાનો જ છે. એની શાંત ભવ્ય આકૃતિ જ સમતાનું કારણ છે, વૈરભાવત્યાગનું કારણ છે, અહિંસાપરિણામ જાગ્રત કરવાનું કારણ છે. અતિ ઉન્નત દશાએ પહોંચ્યા પછી એને ભાવકરૂણા જાગ્રત થાય છે. એને મનમાં 'સવિ જીવ કરૂં શાસન રસી, એસી ભાવદયા મન ઉલસી' એ ભાવ થાય છે. તેમાં પણ પોતાનો અનુયાયી વર્ગ વધારવાની ઇચ્છાથી એ વિચાર તેના મનમાં આવતો નથી, પણ પરમાત્મ દશામાં વર્તતા મહા સુખી મહાત્માઓના આત્મા સાથે સામ્ય દર્શાવનાર આત્માઓને કર્મજનિત વ્યાધિથી પીડા પામતા જોઈ તેમના મનમાં અતિ ખેદ થાય છે અને એ દુઃખથી છોડાવવા માટેના સિદ્ધ ઉપાય તરીકે તેઓને શાસનરસિક બનાવવા તેમના મનમાં દૃઢ ઇચ્છા રહ્યા કરે છે. આથી તેઓ કરૂણાનો નાદ કરે છે એમ અત્ર કહ્યું. 'નાદ' યોગનો પારિભાષિક શબ્દ છે. એક વિષયમાં રત થઈ જવું એનુ નામ નાદ છે. યોગી જેમ અનાહત નાદ સાંભળે છે તેમ આ ચેતનજી કરૂણાનો નાદ સાંભળે છે.

હે વહાલા! આવા મહાત્મા ગુરૂના ચેલા થઈ મોહ રાજાના કાનને ફડાવો અને ધર્મ શુક્લધ્યાનમાં આસક્ત થઈ આખા જગતના જીવો સાંભળે તેવો 'માહણ માહણ' અથવા સર્વ જીવને શાસનરસિક કરવાનો કરૂણાનાદ એક વાર બજાવો અને મારે મંદિરે પધારો, મારી વિરહવ્યથા દૂર કરો અને મારી સામે કૃપાદૃષ્ટિથી જોઈ મને ભેટો, મળો, રસરંગમા રેલ..

> इह विध योगसिंहासन बैठा,
> मुगतिपुरीकुं ध्याउं;
> आनंदघन देवेंद्रसें योगी,
> बहुर न कलिमें आउं रे वहाला. ता जोगे० ४

"આવી રીત યોગસિંહાસનપર આરૂઢ થયેલ મોક્ષ-અગ[illegible]નગર સ્થાનનુ ધ્યાન કરૂં; આનંદઘન ચેતનજી દેવેંદ્રથી યોગી (થાય) પછુ ફરીવાર કળિયુગમાં આવે નહિ."

* ઇહ વિધ[illegible] રીતે યોગસિંહાસનને [illegible] મુગતિપુરીકું [illegible] દેવેંદ્ર[illegible] [illegible] બહુર=ફરીવાર. કલિમેં=[illegible]માં, [illegible]

ઇચ્છનાર પુરૂષને પ્રથમ પગથીયે અધ્યાત્મનો સવાલ પૂછવાનો વિચાર થાય છે અને બીજે પગથીયે પૂછવાની ઇચ્છા થાય છે. આ બીજા સોપાનથી બહુ કર્મનિર્જરા થાય છે એ નિઃસંદેહ વાત છે અને તેની સાથે યોગઅભ્યાસમાં ઘણો વધારો થઈ જાય છે અને પ્રગતિ-વૃદ્ધિ નિષ્પત્તિ સર્વ એક સાથે થતા જાય છે. આવા અધ્યાત્મના પ્રશ્નને ઉપસ્થિત કરનાર પોતાના આત્માને ધન્ય માનનાર આનંદઘનજી કેવા રૈજા વચનથી ગુણાનુમોદના કરે છે. આ સ્વરૂપ લક્ષ્ય રાખી સમજવા યોગ્ય છે.

આવી વિશિષ્ટ સ્થિતિ પ્રાપ્ત થતાં શુદ્ધ ચેતના અને ચેતનનો એટલો સદ્યોગ થઈ જાય છે કે પછી આખું પદ અથવા આ વાક્ય શુદ્ધ ચેતના બોલે છે કે ચેતનજી પોતે બોલે છે, એ પ્રશ્ન રહેતો નથી. બન્નેના વસ્તુત પરિણામે અભેદ છે, એટલે જે તફાવત જુદા જણાય છે તે પછી જણાવવાનો પણ નથી. ચેતના તે હકીકત આ પદમાં સ્પષ્ટ કરે છે અને તેથી જ આ પદ તેના મોઢામાં મૂક્યું છે. એ અર્થ સીધો [illegible] ચેતનજી પોતાની વિભાવદશામાં આ શબ્દો બોલવાને યોગ્ય નથી.

[illegible] પ્રમાદો શ્રીમદ્ભગવદ્ગીતામાં કહ્યું છે [illegible] ઘેર અથવા શ્રીમાનને ઘેર જન્મ લે છે, [illegible] આયુષ્ય એવું રહે તો [illegible] તેવા સાવરોગના [illegible] ફરીથી [illegible] થાય છે અને પછી એક [illegible] આત્મસિદ્ધ જીવ [illegible] પ્રગતિવાળા સિદ્ધ ચેતનો [illegible] મનુષ્યના [illegible] નથી, [illegible] નથી. [illegible] નથી, [illegible] નથી, [illegible] નથી. [illegible] નથી. [illegible] શુદ્ધ ચેતના કહે છે કે [illegible]

[illegible]

તેમણે શાંતિનાથજીના સ્તવનમાં વાપરી છે અને અન્યત્ર પદોમાં પણ જ્યાં જ્યાં શ્લેષો વાપર્યા છે ત્યાં તેઓ એકદમ અભેદ સદશ સ્થિતિ બતાવી શકયા છે તેવું દૃઢ સાદૃશ્ય આ પદમાં જણાતું નથી. સાધારણ રીતે ભાષાશૈલી તેઓની ભાષાને અનુરૂપ છે, પરંતુ દરેક પદની છેલ્લી પંક્તિમાં તેઓ અત્યુત્તમ રહસ્ય લાવી મૂકે છે તેવું આ પદમાં નથી; છેલ્લી પંક્તિ એકદમ નરમ પડી જાય છે, તેથી આ પદ તેમનું જ કરેલું હોવું જોઇએ એમ કહી શકાતું નથી. સમુચ્ચયે એનો ભાવ ખાસ વિચાર કરવા યોગ્ય છે.

પદ આડત્રીશમું, રાગ મારૂ.

मनसा नट नागरसूं जोरी हो,
मनसा नट नागरसूं जोरी हो;
नट नागरसुं जोरी सखी हम,
और सबनसें तोरी हो. मनसा० १

"(મેં) કળાકુશળ નાગરિક નટમાં મન જોડી દીધું અને તેવી રીતે મનને નટનાગરમાં જોડી દઇને અન્ય સર્વ સાથેથી તેને તોડી નાખ્યું."

ભાવ-ઉપરના પદમાં જણાવ્યા પ્રમાણે જ્યારે યોગમાં ચિત્ત લાગે ત્યારે નિશ્ચયશુદ્ધિ થાય. આ નિશ્ચયશુદ્ધિ તે આત્મશુદ્ધિ સમજવી. નિશ્ચયશુદ્ધિ થાય તે પ્રસંગે મનને અથવા ઉપયોગને કેવી રીતે જોડવા અને તે પ્રસંગે શુદ્ધ ચેતનાનુ સ્વરૂપ કેવું થાય તે આ પદમાં બતાવે છે. દરેક હકીકતને પ્રસંગે શુદ્ધ ચેતના અને ચેતનનો અભેદ સમજવો, માત્ર શુદ્ધ ચેતનાની વાત આવે ત્યારે ચેતનજી પરથી કર્મમળ બહુ નીકળી જવાથી તેનું બહુ અંશે પ્રકટ થયેલું મૂળ સ્વરૂપ સમજવું. આ બાબત ધ્યાનમાં રાખવાથી કેટલીકવાર પ્રત્યક્ષ વિરુદ્ધ લાગતી હકીકતનો પણ ખુલાસો થઈ જશે.

---

૧ [illegible]

આસક્ત નર જરૂર પોતાની પ્રિય વસ્તુ તરફ ખેંચાય છે; તેવી રીતે અહીં શુદ્ધ ચેતનાને ચેતનજી ઉપર એવી પ્રીતિ લાગી છે કે તે અન્ય કોઈ હકીકતની દરકાર કર્યા વગર પતિમાં મનને જોડી દે છે. નટનો વેશ કરવાનો આગ્રહ કર્યો તો એલાચી કુમારે તે પ્રમાણે કર્યું, પણ કુળમર્યાદા કે બીજા કોઈ પણ મનસ્વી કારણથી ખરી પ્રીતિનો ભાવ તજ્યો નહિ. બીજી હકીકત ખાસ ધ્યાનમાં રાખવા લાયક એ છે કે લોકો પારકી વાત કરે છે અને પોતાને માટે કદિ વાતો કરતા નથી. આવા પરનિંદારક્ત અને આત્મવિચારણા નહિ કરનારા લોકોના અભિપ્રાય ઉપર આધાર બાંધી મહા ચતુર નટવરથી પ્રીતિ બાંધી હોય તેને શુદ્ધ ચેતના કેમ તજી દે?

આવી જ રીતે ધર્મ સંન્યાસ લેવાની ચેતનજીની ઇચ્છા થાય એટલે કે શુદ્ધ ચેતના અને ચેતનજીનો સંયોગ થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે તેને કહેવામાં આવે છે કે “ભાઈ! આ તમારે ઘેર ઘેર ભટકવું, ભિક્ષા માગવી, તરપણી ઉપાડવી, અડધા પગ ઉઘાડા દેખાય તેવાં વસ્ત્ર પહેરવાં એ શું તમને યોગ્ય લાગે છે? તમારાં સગાં સંબંધીને મૂકીને ચાલ્યા જવું એ તમને અથવા તમારા કુળને યોગ્ય છે? તમે તમારા અન્ય સગાંઓ તરફના ધર્મ કેમ ભૂલી જાઓ છો? તમને લોકલાજ પણ નથી આવતી કે આવી રીતે ભિખારી થઇને ભટકવાનું પસંદ કરો છો? અને તમારા ઉત્તમ કુળને આવી રીતનો ભિક્ષુનો વેશ કાઢવો ઉચિત છે?” નિશ્ચયશુદ્ધિ કરવામાં ઉદ્યુક્ત થયેલા ચેતનજી એટલે કે જે ચેતનજીપર શુદ્ધ ચેતનાએ પોતાનું મન જોડવા માંડયું છે અને તેથી નટનાગરની પેઠે નવીન સંવિજ્ઞ વેશ ધારણ કરવા જે નટનાગર તૈયાર થયા છે તેને આવો સવાલ પૂછતાં તે બહુ સરળતાથી જવાબ આપે છે કે સ્થૂળ લોક-લાજનું અમારે કામ નથી. જેને આત્મજાગૃતિ કરવી હોય તેણે પોતાના આત્મદ્રવ્યનો વિચાર કરવાનો છે, યોગ્ય વિચાર યોગ્ય અંકુશ નીચે કરતાં તેને સ્પષ્ટ ખાત્રીપૂર્વક જણાય કે તે વિચાર યોગ્ય છે અને લોકો તો માત્ર સ્થૂળ સુખના ખોટા ખ્યાલને લીધે અને મહા નિંદ્ય મોહનીય કર્મની પ્રબળતાને લીધે સંસારમાંથી ઊંચા આવતા નથી અને અન્ય આવવા ઇચ્છા કરતો હોય તો તેની મહત્ત્વતા, ગંભીરતા અને યોગ્યતા સમજી શકતા નથી, તો પછી તેણે તે વિચારને

સ્થૂળ લોકલાજ ખાતર તજી દેવો ન જોઇએ. તદુપરાંત જે વખતે અનેક જનોને લાભ કરવાનો માર્ગ પ્રાપ્ત થઈ શકતો હોય તે વખતે વ્યક્તિગત ધર્મો સમષ્ટિના લાભ ખાતર અને સર્વથી વધારે આત્મધર્મ ખાતર વિસરી જવાય તો તેમાં કોઈ પણ પ્રકારની ભૂલ થતી હોય એમ તેને લાગતું નથી. તે સમજે છે કે વીરપરમાત્મા ઘરેથી નીકળ્યા હશે ત્યારે નંદિવર્ધનને, યશોદાને અને બીજાં સગાં સંબંધીઓને બહુ લાગ્યું હશે, પણ આવા વ્યક્તિગત ધર્મોનો વિચાર કરીને આત્મધર્મ ચૂકવાનો નિશ્ચય લોકલાજની ખાતર કે કુળમર્યાદાની ખાતર મહાત્મા પુરુષો કદિ કરતા નથી. આથી ચેતનજી જવાબમાં એટલું જ કહે છે કે જે કોઈ કાર્ય કરવું હોય તે બરાબર વિચારીને કરવું, પછી તેમાં લોકલજ્જાના કે કુળમર્યાદાના વિચાર કરવા યુક્ત નથી.

આથી પણ વિશેષ પ્રગતિ કરવાની યોગ્યતા થાય ત્યારે કુળ એટલે પોતાના ગચ્છની મર્યાદા પણ ચેતનજી છોડી દે છે. મતલબ આગળ વધતા વધતા તેને ગચ્છમર્યાદામાં રહેવાની જરૂર જ રહેતી નથી. જ્યારે જિનકલ્પની તુલના કરતા હોય અથવા જિનકલ્પ આદરતા હોય ત્યારે કુળમર્યાદામાં શુદ્ધ ચેતન રહેતા નથી. વ્યવહારનો, કુળમર્યાદાનો, લોકલાજનો ત્યાગ કરે છે ત્યારે તેને પોતાના પગ નીચે દબાવી દે છે. ગચ્છના અર્થમાં કુળ શબ્દનો ઉપયોગ તે મર્યાદાનો ત્યાગ-સ્થવિરકલ્પનો ત્યાગ કરી જિનકલ્પ આદરવાના અવસરે કરવાનો છે. એમના વિહાર વિગેરેમાં ફેરફાર હોય છે પણ એ ઊંચી હદની વિશેષ યોગ્યતાની વાત છે. સ્થવિરકલ્પની વર્તના પણ છોડવાની જ છે અને તેને સંભાળનાર કોઈ ન હોય તો વિશિષ્ટ જીવોને પણ તેની મર્યાદામાં જ રહેવું પડે છે. અત્ર ભાવ એ છે કે શાસ્ત્રમર્યાદાથી તે વર્તે છે, લોકલાજથી લેવાઈ જતા નથી.

આવું મારૂં વર્તન જોઇને લોકો—રસ્તે ચાલનારા પ્રાણીઓ-સંસારરસિક જીવો હસો, મશ્કરી કરો, તેની મને દરકાર નથી, કારણકે હસનારા સર્વ પારકા છે, માયા મમતામાં પડી પોતાના આત્મધર્મથી પણ પરાઙ્મુખ થયેલા છે અને પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલી ગયેલ છે. વળી તેઓ એટલા તો ડહાપણથી ભરેલા છે કે તેઓ નિરંતર પારકી જ વાતો કરે છે; જાણે કે પોતે સર્વ ગુણ પ્રાપ્ત કરી લીધા છે



ફેંકે છે એટલે જ્યારે તે વક્ર વિલોકન કરે છે ત્યારે તેનાં તે તીક્ષ્ણ કટાક્ષની પંક્તિ કટારની જેમ શરીરને ભોંકે છે. દેખાવમાં તે વક્ર વિલોકન કાંઈ જણાતું નથી પણ કટારના મારથી પણ તે તો સખ્ત પડી જાય છે. ચક્ષુઇંદ્રિયના વિષયનો આ તો એક વિભાગ થયો. એવી રીતે તેના બીજા અનેક પ્રકાર થાય છે અને તેવી રીતે બીજી ઇંદ્રિયોના વિષયોનો હું વિચાર કરૂં છું ત્યારે જણાય છે કે એ પૌદ્ગલિક વિષયની તૃષ્ણા તે એક કર્મ નથી પણ કર્મનું મોટું લશ્કર છે અને તે ચેતનજીની તરફ પોતાનો ગૂઢ માર ચોતરફથી એવો પ્રબળપણે ચલાવે છે કે ચેતનજીને તે તદ્દન હરાવી દઈ પોતાના કબજામાં લઈ હતાશ કરી મૂકે છે. સાધારણ રીતે તે એક કર્મ હોય તો તેનું આવું પ્રબળ જોર સંભવે નહિ, કારણકે એક દુશ્મન એટલું બધું કામ કરી શકે નહિ અને વિષયસુખની અભિલાષા તો આવતી વખત જ ચેતનજીને ઉંધો પાડી દે છે અને તેને મજબૂત રીતે પોતાને વશ કરી લે છે તથા કબજામાં લઈ લે છે. ત્યારે એને પ્રેરનાર કર્મ તે એક છુટું છવાયું કર્મ ન હોવું જોઇએ પણ કર્મરાજાની આખી સેના હોવી જોઇએ. એક સ્ત્રીનાં કટાક્ષ જ મોહરાજાની પ્રેરણાથી આટલું કામ કરે છે તો તેની પીઠે તેની મદદમાં કર્મની મોટી ફોજ હોવી જ જોઇએ.

વાસ્તવિક હકીકત પણ એ પ્રમાણે છે. મોહનીય કર્મને સર્વ કર્મકટકદળના રાજાની પદવી આપવામાં આવી છે અને જ્યારે તે પોતાની સેનામાંથી એકાદ કર્મને આ ચેતનજીને વશ કરવા મોકલી આપે છે ત્યારે તેની પછવાડે કર્મની આખી સેના પોતાનાં શસ્ત્રાસ્ત્ર સાથે ખડી રહે છે. એનું અદ્ભુત વર્ણન ઉપમિતિ ભવપ્રપંચા કથા વાંચનારે અનેક પ્રસંગે વાંચ્યું હશે. ત્યાં કર્મરાજ–મોહનીય કર્મના મંત્રીનું પદ વિષયાભિલાષને આપવામાં આવ્યું છે અને તેના પાંચ ઇંદ્રિયેરૂપે પાંચ પુત્રનો કરેલો આ સર્વ સંસારપ્રપંચ છે એમ બતાવ્યું છે. ઉપાધ્યાયજી શ્રીમદ્યશોવિજયજી પણ એવી જ રીતે કહે છે કેઃ–

> રાગ કેસરી છે વડ રાજારે, વિષયાભિલાષ તે મંત્રી તાજારે;
> જેહના છોરૂ ઇંદ્રિયપંચોરે, તેહનું કીધો એ સકળ પ્રપંચોરે.[1]

---

[1] રાગ પાપસ્થાનકપર સજ્ઝાય-ગાથા બીજી.

सायक लायक नायक प्रानको पहारीरी,
काजर काजनलाज वाज न कहुं वारीरी. तरसकी० २

"(ભોગતૃષાનાં) બાણો યોગ્ય ચેતન સરદારના પ્રાણને હરનારાં છે. શું (તેને) જરા-ઘડપણ છે? અથવા શું તેને લોકલાજ છે? (તેનાપર) લગામ પણ નથી કે તેને વારીને (કાંઈ) કહી શકું-ઠપકો આપી શકું."

ભાવઃ-આ ભોગતૃષા જ્યારે ચેતનજી ઉપર પોતાનો ઘેરો ઘાલે છે ત્યારે તેની પાસે પાંચ ઇંદ્રિય-સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દરૂપ બાણો એવાં જબરજસ્ત હોય છે કે તે પ્રત્યેક પ્રાણને હણી શકે છે. જુની કથાઓમાં વાંચ્યું હશે કે અગ્ન્યસ્ત્ર વાયવાસ્ત્ર વિગેરે શસ્ત્રો એવાં પ્રબળ હોય છે કે પોતાનું કામ જરૂર કર્યાં વગર રહેતાં નથી, તેવી જ રીતે આ કાળમાં બંદૂક તથા તોપના ગોળીગોળાઓ મહા ઘાતક હોય છે; આ પ્રમાણે ભોગતૃષ્ણાનુ એક એક બાણ આ ચેતનજીના પ્રાણને હણનારૂં છે. ઉપર એવી શંકા કરી હતી કે આ ભોગતૃષા તે એક કર્મ છે કે કર્મનું લશ્કર છે તેનો અત્ર ખુલાસો થાય છે. તે એવી જબરજસ્ત છે કે તેનું પ્રત્યેક બાણ આ ચેતનજીના પ્રાણનું હરણ નીવડે છે, ચેતનજીને અસ્તવ્યસ્ત કરી નાખે છે અને તેને મુંઝવી દે છે. ચેતનજીના પ્રાણ તે જ્ઞાનદર્શન ચારિત્રરૂપ નિજ ગુણ સમજવા. આત્માના આ જ્ઞાનજીવન, દર્શનજીવન અથવા ચારિત્રજીવનને ભોગતૃષા હરી લે છે અથવા તો તેનો ઘાત કરે છે. વિષયસુખની લાલસા એવી પ્રબળ પણે થાય છે અને તેનું જોર એકદર રીતે એટલું તાકાતવાળું હોય છે કે એની સાથે લપટાયલા ચેતનજી પોતાના નિજ સ્વરૂપને ભૂલી જાય છે, પરવશ બની જાય છે અને ત્યાર પછી એવા બેશે બજવે છે કે તેનામાં જાણે સદ્જ્ઞાનજીવન કે સચ્ચારિત્રજીવન હશે એમ પણ લાગે નહિ. ચેતનજીની આવી વ્યથિત અવસ્થા કરનાર ભોગતૃષા છે અને તેર

૨ સાયક=બાણ. [illegible] કાજર=શું (તે) જરાવસ્થા છે. [illegible] (તેને) [illegible] [illegible] છે. [illegible] નથી. [illegible]

તરીકે કલ્પ્યો છે. દરેક શરીરે આત્મા પૃથક્ પૃથક્ છે, ભિન્ન ભિન્ન છે, કોઈ સર્વવ્યાપી આત્માનો તે અંશ નથી પણ પ્રત્યેક વ્યક્ત છે, સિદ્ધ દશામાં પણ પ્રત્યેક આત્માનું ભિન્નત્વ પૃથક્ પૃથક્ અવગાહના-રૂપે સ્પષ્ટ વ્યક્ત અને ભિન્ન રહે છે એ પૃથક્ આત્મવાદ છે. એ પ્રત્યેક આત્મવાદરૂપ અથવા પૃથક્ આત્મવાદરૂપ પતિ મને અતિ પ્રિય લાગે છે અને બીજાં દર્શનોની જૂદી જૂદી આત્મા સંબંધી જે માન્યતા છે તે મને ઇષ્ટ લાગતી નથી એમ શુદ્ધ ચેતના—આત્માની પત્ની અત્ર કહે છે. હવે આત્માના સ્વરૂપ અને ઉત્ક્રાન્તિને અંગે આ દૃષ્ટિથી જૂદા જૂદા સંપ્રદાયોની માન્યતા કેવા પ્રકારની છે તે સંક્ષેપથી અત્ર વિચારીએ. વાત એમ છે કે ભિન્ન ભિન્ન દર્શનકારો આત્માના અનેક પ્રકાર કલ્પે છે, તેની ઉત્ક્રાન્તિ અને છેવટની સ્થિતિને અંગે જૂદા જૂદા વિચાર બતાવે છે: કોઈ આખા વિશ્વમાં એક સર્વવ્યાપી આત્માને માની માયાથી તેના પૃથક્ ભેદો થયેલા સમજે છે અને અંત્ય અવસ્થામાં જ્યોતિનો વિસ્ફુલિંગ-તણખો જૂદો જણાયલો તે પાછો જ્યોતિમાં ભળી જાય છે, પરંતુ પ્રત્યેક આત્મા જૂદા નથી, જૂદા દેખાતા હતા તે માયાથી લાગતા હતા; વળી કોઈ સર્વ કાર્યના કર્તા હર્તા ઈશ્વરને માને છે અને કહે છે કે પ્રત્યેક જીવનું કાંઈ કર્યું કે ધાર્યું થતું નથી; આ પ્રમાણે સુખદુઃખ દેનાર ઈશ્વરને કલ્પી આત્માની શક્તિને દબાવી દે છે અથવા તેની શક્તિને નકામી બતાવી ઈશ્વરે-ચ્છાને બળવાન્ બનાવે છે; વિગેરે વિગેરે આત્મા સંબંધી અનેક પ્રકારની માન્યતા છે તે સંબંધમાં પ્રત્યેક દર્શનકારો શું કહે છે તે અને સાથે તે દર્શનોને જણાવનાર મહાત્માઓને જરા સંક્ષેપથી વિચારીએ.

જૈન મતમાં જિનેન્દ્ર દેવતા છે જે રાગ દ્વેષથી રહિત છે; મોહ મહામલ્લને હણનાર, કેવળજ્ઞાન અને કેવળ દર્શનયુક્ત છે; તેઓ સુરાસુરથી પૂજ્ય, સદ્ભૂત અર્થના પ્રકાશક અને સર્વ કર્મનો ક્ષય કરીને પરમપદ પામેલા છે. અનાદિ કાળથી ખાણમાં રહેલ સુવર્ણ સાથે જેમ મળ લાગેલ છે તેમ આત્મા સાથે કર્મ લાગેલા છે, તેનો ક્ષય કરી આત્માના સહજ ગુણ જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રગટ કરવા માટે પરમ પુરૂષાર્થ કરવાની જરૂર છે. સુવર્ણ જેમ ખાણમાં માટીથી આવૃત હોય ત્યારે પર

તરીકે કલ્પ્યો છે. દરેક શરીરે આત્મા પૃથક્ પૃથક્ છે, ભિન્ન ભિ
છે, કોઈ સર્વવ્યાપી આત્માનો તે અંશ નથી પણ પ્રત્યેક વ્યક્ત છે
સિદ્ધ દશામાં પણ પ્રત્યેક આત્માનું ભિન્નત્વ પૃથક્ પૃથક્ અવગાહના
રૂપે સ્પષ્ટ વ્યક્ત અને ભિન્ન રહે છે એ પૃથક્ આત્મવાદ છે. એ પ્રત્યેક
આત્મવાદરૂપ અથવા પૃથક્ આત્મવાદરૂપ પતિ મને અતિ પ્રિય
લાગે છે અને બીજા દર્શનોની જૂદી જૂદી આત્મા સંબંધી જે માન્યતા
છે તે મને ઈષ્ટ લાગતી નથી એમ શુદ્ધ ચેતના–આત્માની પત્ની
અત્ર કહે છે. હવે આત્માના સ્વરૂપ અને ઉત્ક્રાન્તિને અંગે આ દૃષ્ટિથી
જૂદા જૂદા સંપ્રદાયોની માન્યતા કેવા પ્રકારની છે તે સંક્ષેપથી અત્ર
વિચારીએ. વાત એમ છે કે ભિન્ન ભિન્ન દર્શનકારો આત્માના અનેક
પ્રકાર કલ્પે છે, તેની ઉત્ક્રાન્તિ અને છેવટની સ્થિતિને અંગે જૂદા જૂદા
વિચાર બતાવે છેઃ કોઈ આખા વિશ્વમાં એક સર્વવ્યાપી આત્માને
માની માયાથી તેના પૃથક્ ભેદો થયેલા સમજે છે અને અંત્ય અવ-
સ્થામાં જ્યોતિનો વિસ્ફુલિંગ–તણખો જૂદો જણાયલો તે પાછો
જ્યોતિમાં ભળી જાય છે, પરંતુ પ્રત્યેક આત્મા જૂદા નથી, જૂદા
દેખાતા હતા તે માયાથી લાગતા હતા; વળી કોઈ સર્વ કાર્યના કર્ત્તા હર્ત્તા
ઈશ્વરને માને છે અને કહે છે કે પ્રત્યેક જીવનું કાંઈ કર્યું કે ધાર્યું
થતું નથી; આ પ્રમાણે સુખદુઃખ દેનાર ઈશ્વરને કલ્પી આત્માની
શક્તિને દબાવી દે છે અથવા તેની શક્તિને નકામી બતાવી ઈશ્વરે-
ચ્છાને બળવાન્ બનાવે છે; વિગેરે વિગેરે આત્મા સંબંધી અનેક
પ્રકારની માન્યતા છે તે સંબંધમા પ્રત્યેક દર્શનકારો શું કહે છે તે
અને સાથે તે દર્શનોને જણાવનાર મહાત્માઓને જરા સંક્ષે-
પથી વિચારીએ.

જૈન મતમાં જિનેન્દ્ર દેવતા છે જે રાગ દ્વેષથી રહિત છે; મોહ મહા
મલ્લને હણનાર, કેવળજ્ઞાન અને કેવળ દર્શનયુક્ત છે; તેઓ સુરાસુરથી
પૂજ્ય, સદ્ભૂત અર્થના પ્રકાશક અને સર્વ કર્મનો ક્ષય કરીને પરમપદ
પ મેલા છે. અનાદિ કાળથી ખાણમા રહેલ સુવર્ણ સાથે જેમ મળ લાગેલ
છે તેમ આત્મા સાથે કર્મ લાગેલા છે, તેનો ક્ષય કરી આત્માના સહજ
ગુણ જ્ઞાન–દર્શન–ચારિત્ર પ્રગટ કરવા માટે પરમ પુરૂષાર્થ કરવાની
જરૂર છે. સુવર્ણ જેમ ખાણમા માટીથી આવૃત હોય ત્યારે પણ

તરીકે કલ્પ્યો છે. દરેક શરીરે આત્મા પૃથક્ પૃથક્ છે, ભિન્ન ભિન્ન છે, કોઈ સર્વવ્યાપી આત્માનો તે અંશ નથી પણ પ્રત્યેક વ્યક્ત છે, સિદ્ધ દશામાં પણ પ્રત્યેક આત્માનું ભિન્નત્વ પૃથક્ પૃથક્ અવગાહનારૂપે સ્પષ્ટ વ્યક્ત અને ભિન્ન રહે છે એ પૃથક્ આત્મવાદ છે. એ પ્રત્યેક આત્મવાદરૂપ અથવા પૃથક્ આત્મવાદરૂપ પતિ મને અતિ પ્રિય લાગે છે અને બીજાં દર્શનોની જૂદી જૂદી આત્મા સંબંધી જે માન્યતા છે તે મને ઇષ્ટ લાગતી નથી એમ શુદ્ધ ચેતના—આત્માની પત્ની અત્ર કહે છે. હવે આત્માના સ્વરૂપ અને ઉત્ક્રાન્તિને અંગે આ દૃષ્ટિથી જૂદા જૂદા સંપ્રદાયોની માન્યતા કેવા પ્રકારની છે તે સંક્ષેપથી અત્ર વિચારીએ. વાત એમ છે કે ભિન્ન ભિન્ન દર્શનકારો આત્માના અનેક પ્રકાર કલ્પે છે, તેની ઉત્ક્રાન્તિ અને છેવટની સ્થિતિને અંગે જૂદા જૂદા વિચાર બતાવે છેઃ કોઈ આખા વિશ્વમાં એક સર્વવ્યાપી આત્માને માની માયાથી તેના પૃથક્ ભેદો થયેલા સમજે છે અને અંત્ય અવસ્થામાં જ્યોતિનો વિસ્ફુલિંગ—તણખો જૂદો જણાયલો તે પાછો જ્યોતિમાં ભળી જાય છે, પરંતુ પ્રત્યેક આત્મા જૂદા નથી, જૂદા દેખાતા હતા તે માયાથી લાગતા હતા; વળી કોઈ સર્વ કાર્યના કર્તા હર્તા ઈશ્વર માને છે અને કહે છે કે પ્રત્યેક જીવનું કાંઈ કર્યું કે પાર્યું પડતું નથી; આ પ્રમાણે સુખદુઃખ દેનાર ઈશ્વરને કલ્પી આત્માની શક્તિને દબાવી દે છે અથવા તેની શક્તિને નકામી બતાવી ઈશ્વરેચ્છાને બળવાન્ બનાવે છે; વિગેરે વિગેરે આત્મા સબંધી અનેક પ્રકારની માન્યતા છે તે સંબંધમાં પ્રત્યેક દર્શનકારો શું કહે છે તે અને સાથે તે દર્શનોને જણાવનાર મહાત્માઓને જરા સંક્ષેપથી વિચારીએ.

જૈન મતમાં જિનેન્દ્ર દેવતા છે જે રાગ દ્વેષથી રહિત છે. મોહ મહામલ્લને હણનાર, કેવળજ્ઞાન અને કેવળ દર્શનયુક્ત છે; તેઓ સુરાસુરથી પૂજ્ય, સદ્ભૂત અર્થના પ્રકાશક અને સર્વ કર્મના ક્ષય કરીને પરમપદ પામેલા છે. અનાદિ કાળથી ખાણમાં રહેલ સુવર્ણને જેમ માટી લાગેલી છે તેમ આત્મા સાથે કર્મ લાગેલાં છે, તેનો ક્ષય કરી આત્માના સહજ શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રગટ કરવા માટે પરમ પુરૂષાર્થ કરવાની જરૂર છે. સુવર્ણ જેમ ખાણમાં માટીથી આવૃત હોય ત્યારે પણ

તેનામાં કંચનત્વ તો રહેલું છે જ, તેવી રીતે ચેતન કર્માવૃત [illegible]
ત્યારે પણ તેનામાં શુદ્ધ ચેતનત્વ તો હોય છે જ; ક્રિયા, [illegible]
તપ, સંયમ વિગેરે દ્વારા કર્મમળ દૂર કરવા માટે પરમ પુર[illegible]
કરવાની જરૂર છે અને તેમ કરવાથી ચેતનના ગુણો આવૃત હ[illegible]
તે વ્યક્ત થાય છે. ચેતનમાં જે મહાન્ ગુણો છે તે બહારથી [illegible]
જવાના નથી પણ અંદર પ્રચ્છન્ન—આવૃતરૂપે રહેલા છે તે વ્યક્ત [illegible]
વાના છે. આત્મા પ્રત્યેક શરીરે દેહપ્રમાણ ભિન્ન છે અને [illegible]
કર્મમળ દૂર કરી મોક્ષમાં જાય ત્યારે પણ તેનું વ્યક્તિત્વ જુદું [illegible]
રહે છે. એક વખત કર્મમળ દૂર થયા પછી ફરીવાર તેને કર્મ [illegible]
લાગતો નથી એટલે મોક્ષમાં ગયા પછી ચેતનનું પુનઃ સંસા[illegible]
અવતરણ થતું નથી. કર્મ આઠ પ્રકારનાં છે. તેના ઉત્તર ભેદ [illegible]
તે પ્રત્યેકની તરતમતા બહુ વિકવિસ્તારમાં વર્ણવી [illegible]
આત્માના જ્ઞાન ગુણનું આવરણ કરે તે જ્ઞાનાવરણીય, દર્શન ગુ[illegible]
આવરણ કરે એ દર્શનાવરણીય, શારીરિક સુખદુઃખનો અનુ[illegible]
કરાવે તે વેદનીય, વર્તનમાં અને તત્ત્વજ્ઞાનમાં સત્ય માર્ગ ન [illegible]
દેવા મૂકી નાખે તે મોહનીય, ચેતનને અનેક જાતિના જન્મ [illegible]
તેને અવતાર અનુભવ કરાવે તે નામ કર્મ, ઉચ્ચ નીચ [illegible]
[illegible]

[illegible]

અનેક જન્મ મરણ અવ્યક્ત દુઃખ ભોગવીને કરે છે. એવી નિગોદ સર્વ લોકમાં ભરેલી છે. સોયના અગ્રભાગપર તેના અનંત જીવો રહી શકે છે. કાંઇક અકામ નિર્જરા થતાં આ જીવ વ્યવહાર નિગોદમાં આવે છે, ત્યાર પછી બાદર વનસ્પતિ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી જે સર્વ એકેન્દ્રિયવાળા* છે તેમાં આવે છે. તેમાંથી વળી કાંઇક નિર્જરા થતાં તે બે ત્રણ ચાર ઇન્દ્રિયવાળા જીવની ગણનામાં આવે છે અને આગળ વધતાં તે પંચેંદ્રિય તિર્યંચ થાય છે. કર્મપ્રચુરતા થતાં તે આગળ વધતો હડી પાછો નીચે પણ ઉતરી જાય છે અને કર્મ ઘટતાં કોઈ વખત મનુષ્ય પણ થાય છે. મનુષ્યગતિમાં તેને દેવગુરૂનો યોગ થઈ જાય છે તો તે શુદ્ધ માર્ગનું આરાધન કરી પોતાની પ્રગતિમાં વધારો કરે છે. એવી રીતે ઉત્ક્રાન્તિ અપક્રાન્તિમાં નરક અને દેવલોકમાં દુઃખ સુખ પણ અનેક પ્રકારનાં અનુભવે છે. શુદ્ધ માર્ગનો આશ્રય થતાં કોઇવાર તેની નિવિડ કર્મગ્રન્થિનો ભેદ થાય છે અને આવો ભેદ થયા પછી તેને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. પછી વ્રત પચ્ચખ્ખાણ ત્યાગ વૈરાગ્ય યોગાદિ કાર્યથી વિરતિભાવને તેના સવિશેષ રૂપમાં પામી ઉચ્ચ આચરણ કરી અપ્રમાદીપણે શુદ્ધ ચારિત્ર પાળતાં કર્મનો ભાર ઓછો કરતો જાય છે અને છેવટે શુદ્ધ કેવલજ્ઞાન જ્યારે તેને પ્રાપ્ત થાય છે ત્યારે તે સચરાચર જગતના ત્રિકાળ ભાવો પ્રત્યેક સમયે જાણે દેખે છે. છેવટે શેષ અલ્પ કર્મમળ હોય છે તેનો પણ ક્ષય કરી અજરામરપદ પ્રાપ્ત કરે છે. આવી રીતે મોક્ષમાં ગયા પછી ત્યાં તેની સાદિ અનંત કાળ સુધી સ્થિતિ થાય છે. તેને સંસારમાં ફરીવાર આવવું પડતું નથી અને ત્યાં તે સચ્ચિદાનંદ સ્વરૂપે અનંત આત્મ નંદ પ્રાપ્ત કરે છે અને તેમાં રમણ કરે છે. આવી રીતે આત્માને ભિન્ન ભિન્ન સ્વીકારનાર સ્યાદ્વાદ શૈલી જે ચેતનજીની ત્રિકાલિતા બતાવે છે તે સમજીને વિચારવા યોગ્ય છે. એ નવમાં તત્ત્વ સાત અથવા નવ છે. ચૈતન્ય સ્વરૂપ જીવ અને જડ તે અજીવ. કર્મપ્રકૃતિને ચેતન સાથે મળવાને માર્ગ-પ્રણાલિકા તે આશ્રવ, તેનો અવરોધ કરવાનો દરવાજો તે સંવર, આત્મા સાથે ચોંટેલ કર્મમળને ખંખેરી નાખવું તે નિર્જરા, તેનો સંયોગ થવો તે બંધ અને તેનો સર્વથા ક્ષય થવો તે મો-

* [illegible]

થતાં ઉપર તરે છે તેમ કર્મભારથી મુક્ત થતાં ચેતનની ઊર્ધ્વ આલોકાંત ગતિ થાય છે અને ત્યાં તેની અનંત કાળ સુધી સ્થિતિ રહે છે. સિદ્ધ દશામાં દ્રવ્ય પ્રાણ હોતા નથી પણ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખરૂપ ભાવ પ્રાણ હોય છે. સિદ્ધ દશાનું સુખ સાંસારિક સુખ કરતાં તદ્દન જૂદા પ્રકારનું છે અને તે પરમાનંદરૂપ છે. આ મતમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવયુક્ત હોય તેને સત્ કહેવામાં આવે છે એ ત્રિપદીમાં બહુ સૂક્ષ્મ રહસ્ય સમાયેલું છે અને જૈન તત્ત્વજ્ઞાનનો એમાં સમાવેશ થઈ શકે છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રને મોક્ષમાર્ગ માનવામાં આવે છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગથી કર્મબંધ થાય છે અને તેનો જેમ જેમ પ્રતિબંધ કરવામાં આવે તેમ તેમ નવીન કર્મોત્પત્તિ ઓછી થતી જાય છે. આત્મા પ્રગતિ કરતાં નવીન કર્મ ઓછાં ગ્રહણ કરે અને પૂર્વબદ્ધ કર્મોનો કાંઈક પ્રદેશ અથવા વિપાક ઉદયથી ભોગ કરી લે અને કાંઈક નિર્જરાથી ક્ષય કરી નાખે ત્યારે છેવટે સર્વથા કર્મનો ક્ષય કરતાં તે મોક્ષ-અજરામર પરમાનંદ સ્થાન પ્રાપ્ત કરી ત્યાં સુસ્થિતપણે રહે છે. ચેતનનું ત્યાં પણ વ્યક્તિત્વ સ્પષ્ટ જ રહે છે. જો કે ગુણસાદૃશ્ય છે પણ પરમ તત્ત્વમાં મળી જઈ તેની વ્યક્તિ નાશ પામી જતી નથી એ જૈન મતના મોક્ષમાર્ગનું રહસ્ય છે.

બૌદ્ધો ક્ષણિકવાદી છે. તેઓ દુઃખ, સમુદય, માર્ગ અને નિરોધ એ ચાર આર્ય સત્ય માને છે. વિજ્ઞાન, વેદના, [illegible] અને રૂપ એ દુઃખના પ્રકાર છે. [illegible]

[illegible]

વસ્થાયી નથી. આવી રીતે બૌદ્ધો દુઃખતત્ત્વની વ્યાખ્યા કરે છે. લોકમાં હું અને મારૂં વિગેરે જે અખિલ ગણ ઉદય પામે છે તેને સમુદયતત્ત્વ કહેવામાં આવે છે. સર્વ સંસ્કાર ક્ષણિક છે એવી વાસના જેમાં બંધાઈ છે તે માર્ગ અને નિરોધ તે મોક્ષ. આવી રીતે ચાર આર્ય સત્ય માનવામાં આવે છે. સર્વ સંસ્કારનું ક્ષણિકત્વ બૌદ્ધો બહુ યુક્તિસર સિદ્ધ કરવા યત્ન કરે છે. તેઓ સંસ્કારને નિત્ય માનવામાં કેવા કેવા હેત્વાભાસો થાય છે તે સંબંધી અનેક રીતે ચર્ચા કરે છે તે અત્ર લખવાથી વિષય બહુ પારિભાષિક થઈ જાય તેમ છે.* સર્વ સંસ્કાર ક્ષણિક છે એમ કહીને એટલું બતાવવા તેઓ માગે છે કે કોઈ પણ પ્રકારે આત્મા કે જીવ એવો પદાર્થ માનવો નહિ પણ જ્ઞાનક્ષણનો સંતાન જ વ્યવહાર માટે બસ છે. ક્ષણિક સંસ્કાર અન્ય ક્ષણે બીજા તદ્રૂપ સંસ્કારને જન્મ આપે છે અને આવી ક્ષણસંતાનપરંપરાથી જ એક વિષયનું દીર્ઘ કાળ સુધી જ્ઞાન થાય છે. આ પ્રમાણે સૌતાંત્રિક નામના બૌદ્ધ સંપ્રદાયનો મત છે. વૈભાષિક સંપ્રદાયવાળા બાર પદાર્થ માને છે તેઓ પણ સંસ્કારને તો ક્ષણિક જ માને છે. બૌદ્ધો પરમ પુરૂષાર્થની પ્રાપ્તિ ચાર ભાવનાથી માને છે. આ ચાર પ્રકારનો વારંવાર વિચાર કરીને નિશ્ચય કરવાથી સિદ્ધિ થાય છે. ૧ સર્વ ક્ષણિક છે; ૨ સર્વ દુઃખ છે; ૩ સર્વ સ્વલક્ષણ છે (એકના જેવું અન્ય નથી, પોતે પોતાના જેવું જ છે); અને ૪ સર્વ શૂન્ય છે. આવી રીતે ચાર ભાવનાથી સકળ વાસનાઓની નિવૃત્તિ થતાં શૂન્યરૂપ પરિનિર્વાણનો આવિર્ભાવ થાય છે. બૌદ્ધ મતની સર્વ જૂદી જૂદી શાખાઓમાં કેટલેક મતભેદ છે પણ આત્માનું ક્ષણિકત્વ તો સર્વમાં સામાન્ય છે અને સર્વે એમ માને છે કે રાગાદિના, જ્ઞાનસંતાનના અને વાસનાના ઉચ્છેદથી મુક્તિ મળે છે.

નૈયાયિક (અક્ષપાદ) દર્શનવાળા ગૌતમના અનુયાયી કહેવાય છે. અહીં પોતાની અચિંત્ય શક્તિના માહાત્મ્યથી મહેશ્વર સૃષ્ટિ અને સંહાર કરનાર ગણાય છે અને દુઃખના અત્યંત ઉચ્છેદરૂપ નિઃશ્રેયસ તત્ત્વજ્ઞાનથી ઉત્પન્ન થાય છે એવી તેની માન્યતા છે. કહેવાનું તાત્પર્ય

* જુઓ ષડ્દર્શન સમુચ્ચય શ્લોક ૭૬ પરની ટીકા અને સર્વદર્શનસંગ્રહને બૌદ્ધ પ્રકરણ વિભાગ.

એમ નથી કે તત્ત્વજ્ઞાન થતાં જ નિઃશ્રેયસ પ્રાપ્તિ થાય છે પણ વાત એમ છે કે તત્ત્વજ્ઞાનથી દુઃખ, જન્મ, પ્રવૃત્તિ, દોષ અને મિથ્યા જ્ઞાનનો નાશ થાય છે. એમાં પ્રથમ છેલ્લાનો અને ત્યાર પછી ઉત્તરોત્તર તેની આગળનાનો નાશ થાય છે. મિથ્યા જ્ઞાન એટલે દેહાદિ અનાત્મ વસ્તુમાં આત્મબુદ્ધિ. આ દેહાદિમાં રહેલી આત્મબુદ્ધિના પોતાના અનુકૂળ પદાર્થો ઉપર રાગ અને પ્રતિકૂળ પદાર્થ ઉપર દ્વેષ તથા મોહ એ દોષો છે. રાગાદિ દોષ પરસ્પર અનુબંધી હોવાથી મોહને પામેલો પ્રાણી રાગયુક્ત થાય છે અને રાગી મોહ પામે છે, વસ્તુતઃ આત્માને અનુકૂળ પ્રતિકૂળ કાંઈ નથી. આ દોષોથી પ્રેરિત પ્રાણી પ્રતિષિદ્ધ આચરણો કરી પાપપ્રવૃત્તિ કરે છે અને અધર્મને લાવે છે અથવા દાન રક્ષણ સત્યાદિ આચરણ કરી પુણ્યપ્રવૃત્તિ દ્વારા ધર્મને લાવે છે. આ ઉભયરૂપ પ્રવૃત્તિ પ્રશસ્ત અપ્રશસ્ત જન્મ ઉત્પન્ન કરે છે અને ત્યાં શરીરાદિ દ્વારા પ્રતિકૂળ વેદનીયતાવાળુ વાસનાત્મક દુઃખ ઉત્પન્ન થાય છે. મિથ્યા જ્ઞાનથી દુઃખ સુધીના દોષો અવિચ્છિન્ન પ્રવૃત્તિવાળા છે અને તે ઘટીચક્રની પેઠે નિરવધિ અનુવર્તન કરે છે. તેજ સંસાર છે અને કોઈ સદુપદેશ દ્વારા જ્યારે પ્રાણીને જણાય છે કે આ સર્વ હેય છે ત્યારે તેને નિર્વહન કરનાર અવિદ્યાદિની નિવૃત્તિ કરવા તે ઈચ્છે છે. તેની નિવૃત્તિનો ઉપાય તત્ત્વજ્ઞાન છે. ચાર વિદ્યામાં વિભક્ત પ્રમેયની ભાવના કરનારને તે તત્ત્વજ્ઞાન જેને *સમ્યગ્દર્શન કહે છે તે થાય છે, એનાથી મિથ્યા જ્ઞાનનો નાશ થાય છે, એનો નાશ થતાં દોષોનો નાશ થાય છે, તેથી પ્રવૃત્તિનો નાશ થાય છે, પ્રવૃત્તિનાશથી જન્મનો નાશ થાય છે અને જન્મનો નાશ થતાં આત્યન્તિકી દુઃખનિવૃત્તિ થાય છે એ આત્યંતિકી દુઃખનિવૃત્તિને અપવર્ગ. એ દર્શનવાળા મોક્ષ તત્ત્વ માને છે. વૈશેષિક અને નૈયાયિક વચ્ચે તત્ત્વ સંબંધી મતભેદ છે, તથાપિ અન્યોન્ય તત્ત્વ દિગંબર થઈ શકવાને લીધે બહુ ઘેટે જ અંતર રહે છે અને તેથી તે વૈશેષિક મત તુલ્ય છે એ દર્શનમાં દુઃખની નિવૃત્તિને જ મોક્ષ માનવામાં આવે છે, એમાં જ્ઞાન અને સુખની પ્રાપ્તિને સ્વીકાર કરવામાં આવતો નથી. જગત્ દ્વારા અનુમાનથી ઈશ્વરનું અનિત્ય સિદ્ધ કરવાને પ્રયત્ન કરવામાં આવે છે અને મોક્ષ પ્રાપ્તિ માટે ઈશ્વરપ્રસન્નતા આવશ્યક માનવામાં આવે છે

સાંખ્યમતાવલંબીઓ કેટલાક નિરીશ્વરવાદને માને છે અને કેટલાક ઈશ્વરને માને છે. તત્ત્વવ્યવસ્થા બન્નેની સમાન છે. દુઃખ ત્રણ પ્રકારનાં માને છેઃ આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક. આધ્યાત્મિક દુઃખ બે પ્રકારનું હોય છેઃ શારીર અને માનસ. શરીરમાં જ્વર, અતિસારાદિ વ્યાધિ થાય તે શારીરિક દુઃખ અને કામ ક્રોધ લોભાદિ તે માનસ દુઃખ. આ સર્વ આંતર ઉપાયથી સાધ્ય હોવાને લીધે આધ્યાત્મિક દુઃખ કહેવાય છે. બાહ્ય ઉપાયથી સાધ્ય દુઃખ બે પ્રકારનું છેઃ યક્ષ રાક્ષસ ગ્રહાદિના આવેશથી થયેલું દુઃખ તે આધિદૈવિક અને મનુષ્ય પશુ સર્પાદિથી થયેલું તે આધિભૌતિક. આ ત્રણ પ્રકારનાં દુઃખથી બુદ્ધિમાં રહેલાં રજઃપરિણામના ભેદથી પ્રાણીને પીડા થાય છે અને દુઃખ ટાળવા તત્ત્વજિજ્ઞાસા ઉદ્ભવે છે. એ તત્ત્વ પચીશ છે. સત્ત્વ, રજસ્ અને તમસની સમાવસ્થાને પ્રકૃતિ કહે છે અને તેનું બીજું નામ પ્રધાન પણ કહેવાય છે. એ પ્રકૃતિ નિત્ય છે, અચ્યુત છે, અનુત્પન્ન છે, સ્થિર છે અને કદાપિ વિકારને પામતી નથી. સૃષ્ટિક્રમ સાંખ્યમતાનુસાર આ પ્રમાણે છે. એ પ્રકૃતિમાંથી બુદ્ધિ પેદા થાય છે. એને વિષય નિશ્ચયરૂપા સમજવી. એનું નામ 'મહાન્' પણ કહેવાય છે. એ બુદ્ધિથી હું સુભગ છું, સુંદર છું વિગેરેરૂપ અભિમાન પેદા થાય છે, એ અભિમાનમાંથી સોળનો સમૂહ પેદા થાય છે. સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર એ પાંચ બુદ્ધીન્દ્રિય; પાયુ, ઉપસ્થ, વાક્, પાણિ અને પાદ એ પાંચ કર્મેન્દ્રિય અને મન તથા પાંચ તન્માત્રા એમ સોળ ઉત્પન્ન થાય છે. સૂક્ષ્મરૂપ પાંચે ઇંદ્રિયોનું અવસ્થાન્તર તે તન્માત્રા કહેવાય છે. એ પાંચ સૂક્ષ્મ તન્માત્રાથી પાંચ ભૂત પેદા થાય છેઃ રૂપથી તેજ, રસથી જળ, ગંધથી ભૂમિ, શબ્દથી આકાશ અને સ્પર્શથી વાયુ. આવી રીતે બુદ્ધિ, અહંકાર, પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેન્દ્રિય, મન, પાંચ તન્માત્રા અને પંચભૂતરૂપ ચોવીશ તત્ત્વ થયાં. અને તે સર્વથી અન્ય, અકર્ત્તા, નિર્ગુણ, ભોક્તા એવું પુરુષતત્ત્વ પચીશમું છે. આમાં પ્રકૃતિ કોઈનો વિકાર નથી, બુદ્ધિ, અહંકાર અને પાંચ જ્ઞાનેંદ્રિય પ્રકૃતિવિકૃતિ છે, બાકીના સોળ વિકૃતિ છે અને પુરુષ પ્રકૃતિ પણ નથી અને વિકૃતિ પણ નથી. તન્માત્રામાં ભૂત લય પામે છે, તન્માત્રા મહત્‌માં લય પામે છે, મહત્ પ્રકૃતિમાં લય પામે છે

જ છે, અને એનો પુરૂષ સાથે સંબંધ ગણવામાં આવે તે અવિવેકને લીધે જ છે. પુરૂષ તો કૂટસ્થ, નિત્ય અને અપરિણામી છે. સાંખ્યમત પ્રાયઃ નિરીશ્વરવાદને સ્વીકારે છે. જગતના કારણમાં ત્રિગુણાત્મક પ્રધાનને માને છે અને સૃષ્ટિની વ્યવસ્થા તેનાથી માને છે તેમજ અચેતન પ્રકૃતિ પુરૂષના (આત્માના) મોક્ષને અર્થે પ્રવર્તે છે, તેના દૃષ્ટાંતમાં તેઓ એમ બતાવે છે કે જેમ અચેતન દુધ વત્સની વૃદ્ધિ માટે થઈ શકે છે તે પ્રમાણે અચેતન પ્રકૃત્તિ (પ્રધાન) પુરૂષના મોક્ષ માટે થઈ શકે છે. 'પરમેશ્વર કરૂણાએ કરીને પ્રવર્તક છે.' એ વાદને સાંખ્યો અનેક હેતુઓ આપી રદ કરે છે.

સાંખ્યમતના એક ભેદ અથવા વિભાગ જેવો પતંજલિનો મત છે. એ દર્શનને સેશ્વર સાંખ્યદર્શન કહી શકાય. એ મતને યોગદર્શન પણ કહેવામાં આવે છે. એ મતમાં ઉપર સાંખ્યમતમાં જણાવેલાં પચીશ તત્ત્વ ઉપરાંત ઈશ્વરને છવીશમું તત્ત્વ માનવામાં આવે છે. પરમેશ્વરનો અનુગ્રહ સંસારાંગારથી તપ્ત થયેલા પ્રાણીપર થાય છે. પુરૂષને તદ્દન શુદ્ધ માનવામાં આવે છે પણ બુદ્ધિકૃત પ્રતીતિને અનુસરે છે અને આવી રીતે જોનાર આત્મા તદાત્મક જણાય છે. આવી રીતે તપ્યમાન પુરૂષ લાંબા વખત સુધી અષ્ટાંગ યોગ સાધે છે અને પરમેશ્વરનું પ્રણિધાન કરે છે ત્યારે તેને સત્ત્વ અને પુરૂષની અન્યતા શુદ્ધરૂપમાં જણાય છે અને તે વખતે અવિદ્યાદિ પંચ કલેશ તથા સારા તથા નઠારા કર્માશય સમૂળ નષ્ટ પામે છે. આ પછી નિર્લેપ પુરૂષનું પૂર્ણમુક્તરૂપે કરીને અવસ્થાન તે તેનું કૈવલ્ય છે. આ પાતંજળ યોગદર્શનકાર જો કે સેશ્વર સાંખ્યમતવાળા ગણાય છે, છતાં તેમાં પણ ઈશ્વરનું કાર્ય લગભગ નહિ જેવું છે. જીવાત્માનો મોક્ષ એ યોગદર્શનના મત પ્રમાણે કેવી રીતે થાય છે તે ખાસ વિચારવા યોગ્ય છે. આ વિચારને જૈનનો યોગમાર્ગ જે છઠ્ઠા પદના વિવેચનમાં બતાવવામાં આવ્યો છે તેની સાથે સરખાવવો. એ સંબંધી ઉપોદ્ઘાતમાં પણ વિવેચન જોવામાં આવશે. આ મતમાં યોગનાં આઠ અંગ બતાવ્યાં છેઃ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. પુરૂષને નિઃસંગ માનવામાં આવે છે. પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિરૂપ વૃત્તિઓ જનું બીજું

જ છે, અને એનો પુરૂષ સાથે સંબંધ ગણવામાં આવે તે અવિવેકને લીધે જ છે. પુરૂષ તો કૂટસ્થ, નિત્ય અને અપરિણામી છે. સાંખ્યમત પ્રાયઃ નિરીશ્વરવાદને સ્વીકારે છે. જગતના કારણમાં ત્રિગુણાત્મક પ્રધાનને માને છે અને સૃષ્ટિની વ્યવસ્થા તેનાથી માને છે તેમજ અચેતન પ્રકૃતિ પુરૂષના (આત્માના) મોક્ષને અર્થે પ્રવર્તે છે, તેના દૃષ્ટાંતમાં તેઓ એમ બતાવે છે કે જેમ અચેતન દુધ વત્સની વૃદ્ધિ માટે થઈ શકે છે તે પ્રમાણે અચેતન પ્રકૃત્તિ (પ્રધાન) પુરૂષના મોક્ષ માટે થઈ શકે છે. 'પરમેશ્વર કરૂણાએ કરીને પ્રવર્તક છે.' એ વાદને સાંખ્યો અનેક હેતુઓ આપી રદ કરે છે.

સાંખ્યમતના એક ભેદ અથવા વિભાગ જેવો પતંજલિનો મત છે. એ દર્શનને સેશ્વર સાંખ્યદર્શન કહી શકાય. એ મતને યોગદર્શન પણ કહેવામાં આવે છે. એ મતમાં ઉપર સાંખ્યમતમાં જણાવેલાં પચીશ તત્ત્વ ઉપરાંત ઈશ્વરને છવીશમું તત્ત્વ માનવામાં આવે છે. પરમેશ્વરનો અનુગ્રહ સંસારાંગારથી તપ્ત થયેલા પ્રાણીપર થાય છે. પુરૂષને તદ્દન શુદ્ધ માનવામાં આવે છે પણ બુદ્ધિકૃત પ્રતીતિને અનુસરે છે અને આવી રીતે જોનાર આત્મા તદાત્મક જણાય છે. આવી રીતે તપ્યમાન પુરૂષ લાંબા વખત સુધી અષ્ટાંગ યોગ સાધે છે અને પરમેશ્વરનું પ્રણિધાન કરે છે ત્યારે તેને સત્ત્વ અને પુરૂષની અન્યતા શુદ્ધરૂપમાં જણાય છે અને તે વખતે અવિદ્યાદિ પંચ કલેશ તથા સારા તથા નઠારા કર્માશય સમૂળ નષ્ટ પામે છે. આ પછી નિર્લેપ પુરૂષનું પૂર્ણમુક્તરૂપે કરીને અવસ્થાન તે તેનું કૈવલ્ય છે. આ પાતંજલ યોગદર્શનકાર જો કે સેશ્વર સાંખ્યમતવાળા મનુષ્ય છે, છતાં તેમના મતમાં પણ ઈશ્વરનું કાર્ય લગભગ નહિ જેવું છે. જીવાત્માનો મોક્ષ એ યોગદર્શનના મત પ્રમાણે કેવી રીતે થાય છે તે ખાસ વિચારવા યોગ્ય છે. આ વિચારને જૈનનો યોગમાર્ગ જે છઠ્ઠા પદના વિવેચનમાં બતાવવામાં આવ્યો છે તેની સાથે સરખાવજો. એ સંબંધી ઉપોદ્ઘાતમાં પણ વિવેચન કરવામાં આવશે. આ મતમાં યોગનાં આઠ અંગ બતાવ્યાં છે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા ધ્યાન અને સમાધિ. પુરૂષને નિઃસંગ માનવામાં આવે છે. પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિરૂપ વૃત્તિઓ જનું બીજું

આવે છે. પ્રાગભાવ એટલે પ્રથમનો અભાવ, પ્રધ્વંસાભાવ એટલે નાશ અને અત્યંતાભાવ એટલે સર્વથા વિનાશ અથવા ગેરહાજરી. અન્યોન્યાભાવ અરસપરસને અપેક્ષિત છે. દુઃખની આત્યંતિક નિવૃત્તિને મોક્ષ માનવામાં આવે છે.

જૈમિનીય અથવા મીમાંસક મતમાં બે મોટા વિભાગ છે. યજ્ઞ વિગેરે કરનારને પૂર્વમીમાંસાવાદી કહેવામાં આવે છે; તેઓ કુકર્મ વર્જે છે, યજનાદિ ષટ્ કર્મ કરે છે, બ્રહ્મસૂત્ર ધારણ કરે છે, ગૃહસ્થાશ્રમમાં વસે છે અને શૂદ્ર અન્નાદિ વર્જે છે. ઉત્તરમીમાંસાવાદીને વેદાન્તી કહેવામાં આવે છે; તે બ્રહ્માદ્વૈતને માને છે, સર્વ શરીરમાં આત્મા એક છે, બ્રહ્મ સર્વત્ર છે અને માયાથી ભેદ થાય છે પણ વસ્તુતઃ ભેદ નથી એમ તેઓનો અભિપ્રાય છે. આત્મામાં લય થઈ જવો એને તેઓ મુક્તિ માને છે અને એ સિવાય અન્ય મુક્તિ-મોક્ષ કાંઈ નથી એ તેઓનો મત છે. પ્રથમ પૂર્વમીમાંસાવાદીનો મત સંક્ષેપથી વિચારીએ. તેઓ વેદવાક્યને પ્રમાણ ગણે છે, ગુરૂ પણ તેનેજ ગણે છે અને સ્વયં સંન્યસ્ત ધારણ કરે છે. મનુષ્ય સર્વજ્ઞ થઈ શકે એ વાતનો તેઓ સ્વીકાર કરતા નથી. સૃષ્ટિકર્તા અથવા સર્વદર્શી કે વીતરાગ એવા સર્વજ્ઞ કોઈ મનુષ્યથી હોવાનું બનવું તદ્દન અસંભવિત છે એમ તેઓ માને છે. એવા પુરૂષના અભાવે તેનું પ્રમાણ થઈ શકે એવું તો બને જ કેવી રીતે? ઇન્દ્રજાળથી પણ દુનિયામાં અનેક પ્રકારના આડંબર થઈ શકે છે પરંતુ આડંબરના કારણથી અમુક પ્રાણીને ઈશ્વર માનવો એ આ મતના વિચાર પ્રમાણે એક ધૃષ્ટતા જ છે. અભ્યાસથી બુદ્ધિનું તારતમ્ય થાય પણ બુદ્ધિનો પરમ પ્રકર્ષ થાય એ તદ્દન અસંભવિત હકીકત છે. વેદવાક્ય નિત્ય અને અપૌરૂષેય છે એમ તેઓની માન્યતા હોવાથી તેમાં તેઓ યથાર્થત્વની સંભાવના કરે છે. વેદવાક્યનો પાઠ કરવાથી ધર્મજિજ્ઞાસા થાય છે. ધર્મસાધન શોધતાં તેનાં નિમિત્તો કયાં કયાં છે તેનો વિચાર થાય છે. અહીં ક્રિયા તરફ પ્રવર્તક વચનને નોદના કહેવામાં આવે છે અને તદ્રૂપ ધર્મ માનવામાં આવે છે. મતલબ એ છે કે વેદવચનકૃત નોદનાથી ધર્મ જણાય છે જે અતીંદ્રિય હોવાથી તેને જાણવાનું સાધન જ નોદના છે. આ મતના સૂત્રોના કરનાર જૈમિનિ

છે. વેદને તેઓ સ્વતઃ પ્રમાણ માને છે. વેદનું અપૌરૂષેયત્વ અને શબ્દના નિત્યત્વને આધારે સિદ્ધ કરવામાં આવે છે. વેદની અંદર આવેલાં કર્મકાંડનાં જૂદાં જૂદાં વાક્યોની પૂર્વાપર સંગતિ જણાવવી એ આ દર્શનનું મુખ્ય પ્રયોજન છે.

ઉત્તરમીમાંસામાં શાંકર વેદાન્ત દર્શનનો સમાવેશ થાય છે. એ પૂર્વમીમાંસાની અપેક્ષાએ નૂતન દર્શન છે. નેતિ નેતિ એ સૂત્ર એ દર્શનનો મુખ્ય આધાર છે, સર્વ બ્રહ્મમય જગત્ માને છે, પરંતુ અન્ય રૂપ માયાકૃત છે એમ કહે છે, માયાથી બ્રહ્મસ્વરૂપ સ્પષ્ટ જણાતું નથી એમ માને છે, આત્માનું પૂર્ણ બ્રહ્મત્વ પ્રગટ કરી પરબ્રહ્મમાં તેના લય કરી દેવો એ તેની મુક્તિ સમજવામાં આવે છે. આત્માની મુક્તિ થયા પછી તેનું વ્યક્તિત્વ કોઈ પણ પ્રકારનું રહેતું નથી એ આ દર્શનનો મત છે. એ અદ્વૈત મતના નામથી પ્રસિદ્ધ છે.

ચાર્વાક અથવા લોકાયત મતવાળાને બાર્હસ્પત્ય એવું નામ પણ આપવામાં આવે છે. આ મતવાળા નાસ્તિક છે. પૃથ્વી, અપ્, તેજ અને વાયુ એ ચાર ભૂતાત્મક જગત્ માને છે. આ ચાર અથવા કેટલાક આ પ્રમાણે આકાશ સાથે પાંચ ભૂતના સંયોગથી સ્વાભાવિક રીતે ચૈતન્યશક્તિ પેદા થાય છે. શરીરથી ચૈતન્યશક્તિને ભિન્ન માનતા નથી. તેઓ કહે છે કે સ્વર્ગ નથી, નિવૃત્તિ નથી, ધર્મ નથી, અધર્મ નથી, પુણ્ય પાપનું ફળ નથી; માતા [illegible] અગમ્ય પ્રતિ પણ ગમન કરે છે, વરસમાં એક દિવસ [illegible] એકઠા થઈ [illegible] કરે છે, પ્રત્યક્ષ પ્રમાણને જ માને છે અને [illegible] [illegible] [illegible] કરે છે, [illegible] નથી, [illegible] [illegible]

વિષયસુખ ભોગવવું, દેહ ભસ્મ થઈ જશે તે પાછો આવનાર નથી. અનુમાનાદિ પ્રમાણથી જેઓ સ્વર્ગ–મોક્ષ માને છે તેની આ મતવાળા મશ્કરી કરે છે. ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેયનો વિચાર કર્યા વગર જે મળે તે ખાવું પીવું અને આનંદ કરવો એ આ મતનો સિદ્ધાન્ત છે. જુદા જુદા દર્શનકારોએ વિધિનિષેધ બતાવ્યા છે તે માત્ર આજીવિકા નિમિત્ત જ છે એમ કહી યૌવન ધન સંપત્તિ આ ભવમાં મળ્યાં હોય તેનો યથેચ્છ સ્વચ્છંદપણે ભોગવિલાસ કરવાનું આ મતવાળા કહે છે; ધર્મને અને કામને તેઓ એક જ ગણે છે. વળી તેઓ દલીલ કરે છે કે જ્યોતિષ્ટોમમાં મારેલ પશુ જો સ્વર્ગમાં જતું હોય તો યજમાન પોતાના પિતાને શા માટે મારતો નથી? આ લોકમાં દાન કરવાથી સ્વર્ગમાં રહેલાઓ જો તૃપ્ત થતા હોય તો મહેલની અગાશી ઉપર રહેલાને નીચે જમીન ઉપરથી કેમ આપી શકાતું નથી? આ દેહમાંથી નીકળેલો કોઈ પણ જીવ જો સ્વર્ગમાં જતો હોય તો સગાંવહાલાંના સ્નેહથી પીડાઈ એક પણ જીવ પાછો કેમ આવતો નથી? માટે મરેલાની પ્રેતક્રિયા વિગેરે કાર્યો બ્રાહ્મણોએ પેટ ભરવા માટે કર્યાં છે. દેહવ્યતિરિક્ત આત્મા ન હોવાથી આ મતવાળા દેહસુખને જ પુરૂષાર્થ માને છે. આ મતને કોઈ દર્શનમાં ગણવો કે નહિ તે વિચારવા યોગ્ય પ્રશ્ન છે.

મુક્તિ સંબંધી વિચાર કેટલાંક દર્શનનો અહીં સામાન્ય પ્રકારે બતાવ્યો. અત્ર દર્શનો સંબંધી કેટલીક વાત પ્રસ્તુત છે તે પણ પ્રસંગોપાત જણાવવી ઉચિત ધારવામાં આવે છે. આર્યાવર્તના ધર્મોના મુખ્ય બે ભેદ પાડી શકાય: વેદને પ્રામાણ્ય માનનાર અને તેનું પ્રામાણ્ય નહીં સ્વીકારનાર. દ્વિતીય વિભાગમાં જૈન, બૌદ્ધ અને ચાર્વાક વિગેરેનો સમાવેશ થાય છે. વેદને પ્રામાણ્ય માનનારના બે મુખ્ય વિભાગ પડી શકે છે. દર્શનધર્મો અને પુરાણધર્મો દર્શનધર્મના છ વિભાગ છે: નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા. પ્રોફેસર મેક્સ મ્યુલરે ષડ્ દર્શન Six Schools of Indian Philosophy નામક પુસ્તકમાં આ છ દર્શનનું સ્વરૂપ બતાવવા પ્રયત્ન કર્યો છે. આપણે ઉપર જે સ્વરૂપ જોયું તેમાં પણ એ સર્વનું સ્વરૂપ આવી જાય છે. હરિભદ્રસૂરિ ષડ્ દર્શનનાં નામોમાં બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય, જૈન,

વૈશેષિક અને જૈમિનીયને ગણાવે છે. જૈમિનીય દર્શનમાં પૂર્વમીમાં-
સાનું સ્વરૂપ જ તેઓ બતાવે છે, વેદાન્ત અથવા ઉત્તરમીમાંસાના
સંબંધમાં ટીકામાં સહજ સૂચના માત્ર જ છે એથી શાંકર મતનો
પ્રસાર હરિભદ્રસૂરિના વખતમાં બહુ સંભવતો નથી. તે સાધારણ રીતે
પ્રવર્તતો હોવાથી તેનું ખંડન શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં વિસ્તારથી કર્યું
છે. બીજા પુરાણધર્મોના મુખ્ય ચાર ભેદ છેઃ શૈવ, વૈષ્ણવ, શાક્ત અને
પ્રકીર્ણ. શૈવ સંપ્રદાયમાં પાશુપત, શૈવ, પ્રત્યભિજ્ઞ અને રસેશ્વર એ
ચાર સંપ્રદાય છે અને વૈષ્ણવ સંપ્રદાયમાં શ્રીસંપ્રદાય અને માધ્વી
સંપ્રદાય એવા બે વિભાગ છે. એ ઉપરાંત રૂદ્ર સનકાદિ સંપ્રદાય પણ
વૈષ્ણવ મતમાં ચાલે છે. શાક્ત સંપ્રદાયવાળા શક્તિની ઉપાસના કરે
છે. એના દાક્ષિણ અને વામ માર્ગ એમ બે સંપ્રદાય છે. એમાં ધર્મ
અને ઉપાસનાને નામે અનેક દુરાચાર પણ ચાલે છે. પ્રકીર્ણ સંપ્ર-
દાયમાં ગાણપત્ય, સૌરપત્ય વિગેરે આવે છે. એ સર્વ વિભાગ સર્વ-
દર્શનસંગ્રહ ગ્રંથમાં માધવાચાર્યે પાડેલા છે.

દર્શનધર્મો સંબંધી વિવેચન આપણે સંક્ષેપમાં ઉપર જોઈ ગયા
તેવી જ રીતે પુરાણધર્મોનું સ્વરૂપ સંક્ષેપમાં જોઈ જઈએ એટલે તેનો
પણ સહજ ખ્યાલ રહે. રામાનુજ સંપ્રદાયને શ્રીસંપ્રદાય પણ
કહેવામાં આવે છે. તેને અનુસરનારા લક્ષ્મી અને વિષ્ણુનું પૂજન
કરે છે, કપાળમાં ઊર્ધ્વ પુંડ્ર કરે છે અને વચ્ચે કંકુની ઊભી લીટી
કરે છે. રામાનંદી પંથ આ સંપ્રદાયનો છે અને કબીર, નાનક, દાદુ
વિગેરે પણ આ પંથમાંથી જ નીકળ્યા છે. આ પંથવાળા વિષ્ણુ અથવા
વાસુદેવને બ્રહ્મ કહે છે, તેને જગતનું ઉપાદાન અને નિમિત્ત કારણ
માને છે, તે જગતથી ભિન્ન નથી પણ તેના નિયામક છે અને સર્વ
સગુણ છે, કારણરૂપ બ્રહ્મમાંથી કાર્યરૂપ જગત્ થાય છે એવી તેમની
માન્યતા હોવાને લીધે અને જગત્કારણ બ્રહ્મ સગુણ માનતા હોવાને
લીધે આ મત વિશિષ્ટ અદ્વૈત કહેવાય છે. [illegible]
પર તેઓ માન્યતા રાખે છે. ભોગ્ય, ભોક્તા અને નિયામક અથવા
ચિત્, અચિત્ અને ઈશ્વર એ ત્રણ તત્ત્વ આ સંપ્રદાયવાળા માને છે.
કેવળ અદ્વૈતવાદીઓ જે અવિદ્યાનો સ્વીકાર કરે છે તે આ વિશિષ્ટ
અદ્વૈતવાદીઓ સ્વીકારતા નથી. તેઓ અજ્ઞાનને અનાદિ અભાવરૂપ

માનતા નથી પણ જ્ઞાનના અભાવરૂપ માને છે અને જ્ઞાનને આત્માનો
ગુણ ગણે છે. ભક્તવત્સલ ભગવાનની પાંચ પ્રકારની ઉપાસનાથી થયેલા
વિજ્ઞાનવડે દૃષ્ટા અને દર્શનનો ભેદ જતો રહે છે અને તે વખતે ભગ-
વાન્ પોતાના ઉપાસકોને સ્વપદ આપે છે. વિષ્ણુપદની પ્રાપ્તિનો ઉપાય
ભક્તિ છે અને તે વિવેકથી સિદ્ધ થાય છે. જીવાત્માને આ પંથવાળા
એકાંત, નિત્ય, અજ, શાશ્વત અને પુરાણ માને છે, પણ તેને બહુ
સૂક્ષ્મ સમજવામાં આવે છે, વાળના અગ્ર ભાગથી પણ સૂક્ષ્મ
સમજે છે અને શરીરપ્રમાણ આત્મા માનનાર મતનું આ સંપ્રદાય-
વાળા ખંડન કરે છે. આ સંપ્રદાય જ્ઞાન અને કર્મ યોગથી ભક્તિપૂર્વક
બ્રહ્મપ્રાપ્તિને માનનાર છે. ચિત્ અને અચિત્ બન્નેને બ્રહ્મના પ્રકાર
સમજવામાં આવે છે તેથી વસ્તુતઃ તેઓ ભેદાભેદનું ગ્રહણ કરે છે.
બ્રહ્મનું સર્વ શરીર છે એમ સમજે છે તેથી અભેદનું ગ્રહણ કરે છે.
ચિદ્ અચિદ્ અને ઈશ્વરના સ્વરૂપસ્વભાવના વૈલક્ષણ્યને લીધે તેઓના
અસંકરપણાથી ભેદનું ગ્રહણ કરે છે. જીવાત્માને નિર્મળ જ્ઞાનરૂપ ગણે
છે પણ અનાદિ કર્મરૂપ અવિદ્યાથી તે વેષ્ટિત હોવાને લીધે જુદા જુદા
કર્માનુસાર જ્ઞાનનો સંકોચ વિકોચ થયા કરે છે એમ માને છે. અભિ-
ગમન (દેવમંદિરના માર્જન વાળવો), ઉપાદાન (ચંદન પુષ્પ
પૂજાના સાધન સંપાદન કરવા), ઇજ્યા (પૂજન), સ્વાધ્યાય (મંત્ર
જાપ) અને યોગ (ધ્યાન) એ પાંચ પ્રકારની ઉપાસનાથી [illegible]
જ્ઞાનથી દૃષ્ટા અને દર્શનનો નાશ થતાં ભગવાન્ પોતાના ભક્તોને નિ-
ર્બાધ અનંત સુખરૂપ સ્વપદ આપે છે.

પુરાણદર્શનોના [illegible] વિભાગમાં ભક્તિ માર્ગ સંપ્રદાય આવે
છે તે બ્રહ્મ સંપ્રદાય અથવા પૂર્ણપ્રજ્ઞ સંપ્રદાયના નામથી ઓળખાય
છે. આનંદતીર્થને આ સંપ્રદાય [illegible] છે એમ
કહેવાય છે. એ મતવાળા [illegible] પ્રતિપાદન કરે છે. [illegible]
[illegible] છે અને તેની નીચે [illegible] કર-
[illegible] ચક્રની છાપ [illegible] કરે છે. [illegible]
[illegible] છે અને [illegible] જગત્ [illegible] શરીરમાંથી [illegible]
[illegible] એમ સમજે છે. આ મત દ્વૈતવાદી [illegible] અને [illegible]
એવા બે તત્ત્વ માને છે. ભગવાન્ વિષ્ણુ સ્વતંત્ર, [illegible] અને અદ્વૈત

સદ્‌ગુણ યુક્ત છે. આ મતવાળા ઈશ્વર અને મનુષ્યમાં ભેદ સેવ્ય રીતે જુએ છે. ઈશ્વર મનુષ્યના પ્રતિ સેવ્ય છે અને ચાકરથી સ્વામી જેમ ભિન્ન છે તેમ ઈશ્વર મનુષ્યથી ભિન્ન છે. અંકન, નામકરણ અને ભજન એ ત્રણ પ્રકારની સેવા તેઓ બતાવે છે. શરીરપર નારાયણનાં આયુધો અંકાવવાં તે પ્રથમ, પુત્રનું પ્રભુનામસ્મરણાર્થે કેશવાદિ નામ પાડવું તે દ્વિતીય અને વાણીથી સત્ય બોલવું, શરીરવડે દાનાદિ કરવાં અને મનવડે દયા શ્રદ્ધા સ્પૃહા રાખવી એ તૃતીય સેવાભેદ છે. માયાનો આશ્રય લઈ દ્વૈતને જે કલ્પિત ગણે છે તેમતનું આ પંથ [illegible] ની વેદની ઉક્તિઓથી ખંડન કરે છે. વિશ્વઉત્પત્તિલયનો ભેદ [illegible] તેઓ અનાદિ માને છે. એ ભેદસંબંધ પાંચ પ્રકારના છેઃ જીવ અને ઈશ્વરનો ભેદ, જડ અને ઈશ્વરનો ભેદ, જીવોનો પરસ્પર ભેદ, જડ અને જીવનો ભેદ અને જડનો પરસ્પર ભેદ. આ પંચભેદનો નાશ [illegible] નથી અને તે ભેદો કાલ્પનિક પણ નથી, તે સત્ય છે અને અનાદિ છે. માટે આ મતવાળા કહે છે કે દ્વૈત જગત્ નથી [illegible] [illegible] મત છે. [illegible] આ મતવાળા [illegible] પુરુષાર્થમાં [illegible] અને તે [illegible] નથી એમ કહે છે. આ [illegible] [illegible] છે, [illegible] નથી. [illegible] [illegible] મનુષ્ય [illegible] મુક્ત થાય છે અને [illegible] [illegible]

[illegible]

છેઃ સૃષ્ટિ, સ્થિતિ, સંહાર, તિરોભાવ અને અનુગ્રહકરણ. શિવતત્ત્વની પ્રાપ્તિ એ પરમ પુરૂષાર્થ છે. પાશુપત મતથી ઉલટી રીતે અહીં ઈશ્વરને કર્માદિ સાપેક્ષ માનવામાં આવે છે. પરમ પુરૂષાર્થનો હેતુ દીક્ષા છે, તેને માટે જ્ઞાનની જરૂર છે, જ્ઞાન માટે ક્રિયાની જરૂર છે, યોગ વગર અભિમતની પ્રાપ્તિ થતી નથી અને વિહિતનું આચરણ અને નિષિદ્ધનો ત્યાગ એ ચર્યા વગર યોગનો નિર્વાહ થતો નથી તેથી અહીં વિદ્યા, ક્રિયા, યોગ અને ચર્યા એ ચાર પાદપર બહુ ભાર મૂકવામાં આવે છે. પશુ, પતિ અને પાશ એ ત્રણ પદાર્થ માનવામાં આવે છે. પતિ પદાર્થ શિવને માનવામાં આવે છે. એ મતમાં ઈશ્વરને સર્વવ્યાપક, સ્વતંત્ર કર્ત્તા માનવામાં આવે છે અને ઉપર કહ્યાં તે પાંચ કૃત્ય (સૃષ્ટિ આદિ) તેનાથી થાય છે એમ આ મતવાળા કહે છે. જીવાત્મા તે પશુ નામક બીજો પદાર્થ; તે નિત્ય અને વિભુ મનાય છે. એ ચાર્વાક મતનો દેહાદિરૂપ નથી, નૈયાયિકની પેઠે મનથી પ્રકાશ્ય નથી, જૈનની પેઠે અવ્યાપક નથી, બૌદ્ધની પેઠે ક્ષણિક નથી, અદ્વૈતવાદી પેઠે એક નથી, સાંખ્ય પેઠે અકર્ત્તા પણ નથી. એ પશુ ત્રણ પ્રકારના છે. કર્મક્ષયથી જેનાં કર્મો ક્ષય પામી ગયાં છે તે વિજ્ઞાનાકળ, પ્રલય વખતે ઉપસંહાર થવાથી મલ કર્મયુક્ત હોય તે પ્રલયાકળ, અને મલ માયા અને કર્મયુક્ત હોય તે સકળ. પાશ નામક તૃતીય પદાર્થ ચાર પ્રકારનો છેઃ મલશક્તિ, કર્મશક્તિ, માયાશક્તિ અને રોધશક્તિ. આત્માની સ્વાભાવિક દૃક્ક્રિયાને આવરણ કરનાર તે મલશક્તિ. તે મલ ચોખા ઉપરના છાલા જેવો અથવા ત્રાંબા ઉપરના કાટ જેવો છે. કુકર્મ પુરૂષ કરે તે કર્મ–ધર્મ અને અધર્મ રૂપ, બીજ અને અંકુરની પેઠે પ્રવાહરૂપે અનાદિ છે. જેમાં પ્રલય વખતે સર્વ જગત્ સમાઈ જાય છે તે માયા, તથા તેનાથી જ સૃષ્ટિ વખતે ઉત્પત્તિ પામે છે. રોધશક્તિ પરમાત્મા અધિષ્ઠાનને કરી પુરૂષનું તિરોધાન કરે છે.

રસેશ્વરદર્શનમાં એક પ્રત્યભિજ્ઞા મત છે. તેઓ જીવ શિવનું એકત્વ માને છે, ભેદ બુદ્ધિ અનાદિ અજ્ઞાનનું કાર્ય છે એમ કહે છે અને એવી ભેદબુદ્ધિ ચાલી જાય ત્યારથી પ્રત્યભિજ્ઞાનની જરૂર છે એમ તેઓ કહે છે. આ નવમા પ્રકારના વેદાન્તને કેટલેક અંશે મળતો આવે છે. તેઓ આત્માને પ્રત્યગાત્મા માને [illegible]

માને છે, પરમેશ્વરની ઇચ્છા માત્રથી જગત્ ઉત્પન્ન થયું છે એમ બોલે છે, પરમાત્માને ક્લેશ અને પ્રયાસ વગર સુલભ માને છે અને તેને માટે અભિનવ પ્રત્યભિજ્ઞાને પર અને અપર સિદ્ધિના ઉપાય માને છે. અનવચ્છિન્ન પ્રકાશ અને આનંદવાળા સ્વતંત્ર પદાર્થને તેઓ મહેશ્વર માને છે. શિવતત્ત્વનું દૃઢ પ્રતિપત્તિપૂર્વક જ્ઞાન થવાની જ અહીં જરૂર કહી છે એટલે પછી કાંઈ સાધન કે ભાવના કરવાની રહેતી નથી. ઈશ્વરની પરિપૂર્ણ શક્તિનું જ્યારે સિદ્ધ આગમ અને અનુમાનથી જ્ઞાન થાય અને તે જ્યારે આત્મામાં અભિમુખ થાય ત્યારે નિઃસંશય જ્ઞાન થાય છે કે હું પરમેશ્વર છું. શિવ સાથે ઐક્ય વગર આવી વ્યાવહારિક પ્રત્યભિજ્ઞાનો અસંભવ છે. માયાને લીધે એક ભાગે પ્રકાશ થાય તે કામનો નથી, પૂર્ણ અવભાસની સિદ્ધિની જરૂર છે અને તે પ્રત્યભિજ્ઞા છે. આત્મા માયાથી અંધ કર્મના બંધવાળો અને સંસારી છે. પોતે ઈશ્વર છે એમ જ્યારે વિદ્યાદિવડે તેને સમજાવાય છે ત્યારે તે ચિદ્ઘન થાય છે અને તે મુક્ત છે એમ કહેવાય છે. ઈશ્વરનાં જ્ઞાન પ્રત્યભિજ્ઞા માટે શ્રમ અને પ્રયત્ન કરવાની જરૂર એટલા માટે છે કે તે શ્રમ અને પ્રયત્ન (અર્થક્રિયા) જીવ અને ઈશ્વરનું એકત્વ સિદ્ધ કરવાને માટે જોઇતી શક્તિનો વ્યાપાર છે. પર સિદ્ધિ અને અપર સિદ્ધિ એ આ શક્તિનું લક્ષણ છે અને હું ઈશ્વર છું એવો ચમત્કાર એ અર્થ ક્રિયાનો સાર છે ઈશ્વરનું નિભાસન ગુણના પરામર્શ વગરનું હોય તો પૂર્ણ ભાવને સંપાદન કરાવતું નથી. પરંતુ જ્યારે ગુરુવચનાદિકથી સર્વ જ્ઞાતૃત્વ, સર્વકર્તૃત્વ વિગેરે લક્ષણયુક્ત પરમેશ્વરનો નિકટને પરામર્શ થાય તે ત્યારે પૂર્ણ આત્માને લાભ થાય છે અને તેથી પ્રત્યભિજ્ઞાની જરૂર છે.

રસેશ્વર દર્શનમાં શરીરને આદ્ય ધર્મસાધન ગણવામાં આવે છે અને અપમૃત્યુ વિગેરે દૂર કરવા માટે રસપાનની પ્રધાન કરે છે પારદ પારાનું વિધિપૂર્વક પાન કરવાથી આ શરીરમાંજ અજર અમરપણું પ્રાપ્ત કરી શકાય છે. પારાને મારવાના અનેક પ્રકાર આ શાસ્ત્રમાં બતાવ્યા છે અને તેના જુદા જુદા પ્રકાર ઉપયોગ પણ બતાવ્યા. ... પારદના દર્શન સ્પર્શન ભક્ષણ દાન અને પૂજનથી અનેક લાભ મળવામાં આવે છે. પારદના શિવલિંગનું માહાત્મ્ય બહુ અદ્ભુત આ દર્શનમાં બતાવ્યું છે रसो वै सः એ વેદવાક્યપર આ મતની રચના છે. નમસ્કારના

પર પારને દેનાર એવો 'પારદ' શબ્દનો અર્થ કરે છે. છએ દર્શનમ
મુક્તિ દેહપાત પછી બતાવી છે તે આ મતવાળાને ઇષ્ટ લાગતું નથી
માટે તેઓ કહે છે કે રસ અને રસાયનવડે દેહનું રક્ષણ કરવું. આ
શરીરને હર ગૌરીની સૃષ્ટિમાં ઉત્પન્ન કરવું એટલે પારદ અને અભ્ર
જે અનુક્રમે હર અને ગૌરીથી ઉત્પન્ન થયેલા છે તેના પાનથી તેની
સાથે તાદાત્મ્ય કરવું. રસપાનથી જીવન્મુક્તરૂપે અનેક મુનિઓ રસ
મય શરીર બનાવી સિદ્ધ થયા છે એમ તેઓ માને છે. તેઓ કહે છે
કે આ શાસ્ત્ર ધાતુવેધ માટે નથી પણ દેહવેધ દ્વારા મુક્તિ આપવી એ
તેનું પરમ પ્રયોજન છે. દિવ્ય શરીર ન હોય ત્યાંસુધી મોક્ષ મળવો
અસંભવિત છે તેથી પારદ રસના જુદા જુદા પ્રકારનાં પાનથી દ
શરીર પ્રાપ્ત કરવું જરૂરનું અત્ર માનવામાં આવે છે. વિદ્યાભ્યાસ
ધ્યાન, ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું મૂળ શરીર અજરામર થઈ જાય
એને વધારે વધારે શ્રેયસ્કર હકીકત માની છે. રસરાજ શરીરને અજ
રામર કરે છે એમ તેઓ માને છે. આ મતવાળા આ લોકમાં જ
બ્રહ્મતત્ત્વ પ્રાપ્ત થાય છે એમ માને છે.

આવી રીતે દર્શનકારો આત્માની ઉત્ક્રાન્તિ જુદી જુદી રીતે બતાવે
[illegible] શ્રીહરિભદ્રસૂરિકૃત ષડ્દર્શનસમુચ્ચય [illegible] જેના [illegible]
[illegible] ગુણરત્નસૂરિની સુંદર ટીકા છે અને [illegible]
[illegible]

પછી અજરામર સ્થિતિની પ્રાપ્તિ નથી તેથી તે આત્મવાદ મને ઇષ્ટ નથી. મને તો પ્રત્યેકઆત્મવાદ જે સર્વજ્ઞ તીર્થંકરોએ બતાવ્યો છે અને જેમાં આત્માનું નિત્યાનિત્ય સ્વરૂપ બતાવી આત્માને જ કર્મનો કર્તા, હર્તા માન્યો છે અને કર્મનો નાશ થવાથી જેની મુક્તિ માની છે તથા જેની મુક્ત દશામાં પણ વ્યક્તતા નાશ પામતી નથી એ વાત રૂચે છે. એ વાત મને નયનિક્ષેપ અને ન્યાયની કોટિથી બંધબેસતી જણાય છે અને તે વાતમાં આત્માનું વ્યક્તિત્વ રહેતું હોવાથી મારા પતિ તરીકે તેના ઉપર મારો પૂર્ણ ભાવ-રાગ-આકર્ષણ થાય છે. અન્ય કલ્પનાથી મારું મીઠું થતું નથી, કારણ કે આત્માની હયાતી ન સ્વીકારનારા અથવા તેનું અસ્તિત્વ ન સ્વીકારનારા અને મારા પતિને પરતંત્ર બનાવી દેનારાઓની વાત મને પસંદ આવે તે બનતું જેમ જ નથી. મારા પતિ વગર જે વાતચીત ગોષ્ઠિ થાય છે તે જંગલમાં રૂદન કરવા જેવી નકામી છે, અને તેના ઉપર જરા પણ પ્રીતિ થતી નથી અને કોઈ સાધારણ સ્ત્રીને પણ પતિની એવી દશા થતી જોવી ગમે એ હું માની શકતી નથી. જો આત્માનું વ્યક્તિત્વ રહેતું જ ન હોય તો પછી સર્વ ક્રિયાઓ કરી તેને પ્રકૃતિ-કર્મ [illegible] વવાની જરૂર શું છે? શાને માટે કરવું? [illegible]

[illegible]

સ્પર્શ, પુનર્જન્મગ્રહણ, વેદત્રય, કષાયાદિ સંગ, અજ્ઞાન, અસિદ્ધત્વ એ આદિ સહિત–દેહાદિના આત્યંતિક વિયોગને મોક્ષ કહેવામાં આવે છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત સુખ એ રૂપ જીવન સિદ્ધોને પણ હોય છે. સિદ્ધદશા સુખમય છે એ સંબંધમાં પણ વિરૂદ્ધ મતો છે: આત્માને મુક્તિ મળે ત્યારે બુદ્ધયાદિ ગુણ માત્રનો ઉચ્છેદ થાય છે એટલે આત્માને સુખમય મનાય નહિ એમ વૈશેષિકો કહે છે; ચિત્તસંતાનનો અત્યંત ઉચ્છેદ થવાથી આત્માનો જ અભાવ માની બૌદ્ધો એ દશામાં સુખ માનવાની ના પાડે છે; આત્મા અભોક્તા છે તેથી તેની મોક્ષમાં સુખમયતા માની શકાય નહિ એમ સાંખ્યો કહે છે. આમાં વૈશેષિકો જે મોક્ષમાં બુદ્ધિનો ઉચ્છેદ કહે છે તેમાં તેઓ સ્ખલના કરે છે. મોક્ષમાં ઇંદ્રિયજન્ય બુદ્ધિનો ઉચ્છેદ કહી શકે પણ આત્મસ્વભાવભૂત અતીંદ્રિય જ્ઞાનનો ઉચ્છેદ અનુચિત છે તેથી તેઓનો અભિપ્રાય બરાબર નથી. અતીંદ્રિય જ્ઞાનનો પણ નાશ થઈ જતો હોય તો તેવી સિદ્ધિ તો કોઈ ઇચ્છે નહિ. એક જણે કહ્યું પણ છે કે વૃન્દાવનમાં વાસ કરી શિયાળ [illegible] તેની સાથે રહેવું તેને ગૌતમ સારૂં ગણે છે પણ વૈશેષિક મુક્તિને ઇચ્છતો નથી. વૈશેષિકોની પેઠે મીમાંસકોનું પણ [illegible] તેઓ પણ કોઈ પણ પ્રકારનું સુખદુઃખ ન રહે તે સ્થિતિને મોક્ષ કહે છે. ચંદનાદિક સર્વ આનન્દ [illegible] થવા નથી ત્યાંસુધી [illegible] દુઃખનિવૃત્તિ થતી નથી. સુખદુઃખ [illegible] ધર્મ અને અધર્મ [illegible] છે, તેનો ઉચ્છેદ થતાં [illegible] શરીરના [illegible] અને [illegible] સુખદુઃખ રહે નહિ માટે તે મુક્ત કહેવાય [illegible] [illegible]

[illegible]

કર્મથી વેગળો ખસતો જાય છે. પ્રકૃતિ દૂર થતાં પુરૂષનું સ્વરૂપમાં
અવસ્થાન તે સાંખ્યમતનો મોક્ષ સમજવો. આનંદ વિગેરે પ્રકૃતિનાં
કાર્ય હોવાથી પુરૂષને તેની સાથે લાગતું વળગતું નથી. જ્ઞાનને
આ દર્શનવાળા પ્રકૃતિનો ધર્મ–બુદ્ધિનો વિષય માને છે તે અસંભવિત
છે, કારણ કે તેઓના માનવા મુજબ મુક્તાત્મા પણ જ્ઞાનના અભાવે
અજ્ઞાનતમચ્છન્ન જ રહે છે. સંસારી આત્માને અકર્તા છતાં ભોક્તા
માનવાથી કૃતનાશ અકૃતઅભ્યાગમરૂપ દૂષણો આવે છે. પ્રકૃતિ પુરૂ-
ષનો સંયોગ કોણે કર્યો એ વિવાદાસ્પદ રહે છે અને તેમાં આત્મકૃત
કે પ્રકૃતિકૃત સંયોગ માનવાથી અનવસ્થાદિ અનેક દોષો આવે છે. હવે
જો પ્રકૃતિ અને પુરૂષનો સંયોગ જ થઈ શકે નહિ તો પછી વિયો-
ગનો સંભવ જ ક્યાંથી રહે? વિવેકખ્યાતિ કહી તે પ્રકૃતિને થવી
ઘટતી નથી કારણ કે તે પોતે તો અસંવેદ્ય છે; તેમજ આત્માને પણ
ઘટે નહિ. જ્યારે આત્માને આ મતમાં પરિણામી અને નિત્ય સ્વી-
કાર્યો છે ત્યારે તેની સાથે સુખદુઃખાદિનું પરિણામિત્વ સ્વીકારવું જ
બંધબેસતું આવે છે. બૌદ્ધ પક્ષમાં જ્ઞાનક્ષણપ્રવાહ વગર બીજો આત્મા
નથી એમ માનવામાં આવ્યું છે. આત્માના અસ્તિત્વથી તેના સ્નેહ
બંધાવાથી તો સુખદુઃખની તૃષ્ણા થાય અને તે તો [illegible]
કારણ કે તૃષ્ણા હોય ત્યાંસુધી તે [illegible] બન્યો રહે છે [illegible]
આત્માભિનિવેશ તો [illegible] કારણ છે [illegible]
દુઃખરૂપત્વ વિચારવું એમ વિદ્વાન [illegible]
[illegible]

[illegible]

વ્યક્તિત્વ રહે અને તેને અનંત આનંદ મારી સાથે થાય એવા પ્ર
રનું સ્વરૂપ જે સર્વજ્ઞદર્શનમાં બતાવ્યું છે અને જેમાં આત્માનું વ્ય
ક્તિત્વ મોક્ષમાં સુસ્પષ્ટ રહે છે અને ત્યાં તે નિરવધિ આનંદ ભોગવે
એમ બતાવ્યું છે તે વાત પસંદ આવે છે અને તેની સ્વરૂપવિચારણા
મને હર્ષ થાય છે અને અન્ય સર્વ શાસ્ત્રો તો કોઈ આત્માને સ્વીક
રતા જ નથી, કોઈ તેનો લય માને છે, કોઈ તેનો અન્યમાં સમાવે
કરી નાખે છે અને કોઈ તેને સુખાનુભવ વગરનો કરી મૂકે છે–એ
સર્વ વાત મને પસંદ આવતી નથી. જ્યાં મારા પતિને જ ઉડ
ઢવામાં આવતા હોય અથવા જ્યાં મારો અને તેઓનો સંયોગ
થવો જરૂરનો હોય નહિ અથવા સુખપ્રદ થાય નહિ ત્યાં મ
પતિને નિજ ગુણ પ્રગટ કરી મોક્ષમાં–નિવૃત્તિમાં જવાનું કહેવું એ
યુક્ત જ કેમ ગણાય અને એવી મુક્તિને આનંદનું ધામ પણ કે
કહી શકાય?

कंतडामें* कामण, लोकडामें शोक;
एक ठामे किम रहे, दूधां† कांजी थोक. मीठडो० ३

"પતિમાં કામણ છે અને લોકમાં સંતાપ છે. એક સ્થાનકે
દૂધ અને છાશ એકત્ર થઈને કેવી રીતે રહી શકે?"

ભાવ–પતિવ્રતા સાધ્વી શુદ્ધ ચેતના કહે છે કે મને તો માર
નાથમાં અતિ આનંદ લાગે છે અને અન્ય સર્વ લોકમાં સતાપ જણા
છે. શુદ્ધ પતિવ્રતા સ્ત્રીનો એક જ માર્ગ હોય છે: એને પતિ એ જ
લોકસર્વસ્વ જણાય છે, એને પતિથી અન્ય પુરુષ ગમે તેવો સુંદર
સુરૂપ બહારથી લાગતો હોય તેમાં આકર્ષણ થતું જ નથી, તે તો સ્પ
કહે છે કે એક સ્થાનકે દૂધ અને છાશ કેવી રીતે રહી શકે, દૂધમ
છાશ ભળે કે તુરત દૂધમાં ફેરફાર થવા લાગે છે. આવી રીતે શુદ્ધ
સતીના હૃદયમાં દ્વિધા ભાવ થતો નથી અને થવા સંભવતો નથી

* કામણને સ્થાને 'ગારમણ' એવો પાઠ એક પ્રતમાં છે તે [illegible]
† 'દૂધમાં ગાઢ એક' એવો પાઠ બે પ્રતોમાં છે.
૩ કંતડાને=પતિમાં. કામણ=આકર્ષણ, મનોરંજ [illegible]. લોક=સંતાપ. એક ઠામે=એક સ્થાનકે. કિમ=કેવી રીતે. કાંજી=[illegible], છાશ. [illegible], સમૂહ, એકત્ર.

વ્યક્તિત્વ રહે અને તેને અનંત આનંદ મારી સાથે થાય એવા પ્રક[illegible]
રનું સ્વરૂપ જે સર્વજ્ઞદર્શનમાં બતાવ્યું છે અને જેમાં આત્માનું વ્ય-
ક્તિત્વ મોક્ષમાં સુસ્પષ્ટ રહે છે અને ત્યાં તે નિરવધિ આનંદ ભોગવે છે
એમ બતાવ્યું છે તે વાત પસંદ આવે છે અને તેની સ્વરૂપવિચારણામાં
મને હર્ષ થાય છે અને અન્ય સર્વ શાસ્ત્રો તો કોઈ આત્માને સ્વીકા-
રતા જ નથી, કોઈ તેનો લય માને છે, કોઈ તેનો અન્યમાં સમાવેશ
કરી નાખે છે અને કોઈ તેને સુખાનુભવ વગરનો કરી મૂકે છે—એવી
સર્વ વાત મને પસંદ આવતી નથી. જ્યાં મારા પતિને જ કહી
દેવામાં આવતા હોય અથવા જ્યાં મારો અને તેઓનો સંયોગ જ
થવો જરૂરનો હોય નહિ અથવા સુખપ્રદ થાય નહિ ત્યાં મારે
પતિને નિજ ગુણ પ્રગટ કરી મોક્ષમાં-નિવૃત્તિમાં જવાનું કહેવું એ
યુક્ત જ કેમ ગણાય અને એવી મુક્તિને આનંદનું ધામ પણ કેમ
કહી શકાય?

कंतडामें* कामण, लोकडामें शोक;
एक ठामे किम रहे, दूधां† कांजी थोक. मीठडो० २

"પતિમાં કામણ છે અને લોકમાં સંતાપ છે. એક સ્થાનકે
દૂધ અને છાશ એકત્ર થઈને કેવી રીતે રહી શકે?"

ભાવ—પતિવ્રતા સાધ્વી શુદ્ધ ચેતના કહે છે કે મને તો મારા
નાથમાં અતિ આનંદ લાગે છે અને અન્ય સર્વ લોકમાં સંતાપ જણાય
છે. શુદ્ધ પતિવ્રતા સ્ત્રીનો એક જ માર્ગ હોય છે: એને પતિ એ જ
લોકસર્વસ્વ જણાય છે, એને પતિથી અન્ય પુરુષ ગમે તેવો સુંદર,
સુરૂપ બહારથી લાગતો હોય તેમાં આકર્ષણ થતું જ નથી, તે તો સ્પષ્ટ
કહે છે કે એક સ્થાનકે દૂધ અને છાશ કેવી રીતે રહી શકે, દૂધમાં
છાશ ભળે કે તુરત દૂધમાં ફેરફાર થવા લાગે છે. આવી રીતે શુદ્ધ
સતીના હૃદયમાં દ્વિધા ભાવ થતો નથી અને થવો સંભવતો નથી

---

* કામણ સ્થાને 'કારમણ' એવો પાઠ એક પ્રતમાં છે તે અશુદ્ધ જણાય છે.

† દૂધમાં [illegible] 'કાંજી' એવો પાઠ બે પ્રતોમાં છે.

૨ કંતડામે=પતિમાં. કામણ=[illegible]. મનોરથ સિદ્ધિ. લોકડામેં=લોકમાં. શોક=સંતાપ. એક ઠામે=એક સ્થાનકે. કિમ=કેવી રીતે. કાંજી=છાશની [illegible] [illegible], સમૂહ એકત્ર

છે, મિથ્યા અજ્ઞાન છે અને આંખો બંધ કરવાનું સૂચવન છે જે વજન
અયોગ્ય છે. જો પ્રત્યેક આત્મવાદ સત્ય હોય તો તે માર્ગ જ સત્ય
હોઈ શકે, પછી એમાં એકાત્મવાદ ચાલે નહિ. સાધન ધર્મોમાં
ભેદ હોય તો તે ચાલે, પણ સાધ્ય તો સુસ્પષ્ટ અને સારી રીતે
વ્યાખ્યા કરાયેલ તથા સમજાયેલ હોવું જોઈએ. દૂધ અને છાશ
એક સ્થાનકે એકત્ર એકી વખતે રહી શકેજ નહિ, રાખવાનો પ્રયત્ન
કરવામાં આવે તો દૂધ બગડીને છાશરૂપ ખાટું થઇ જાય. મરિચીના
ભવમાં શ્રીવીર ભગવાને કપિલને કહ્યું કે 'અહીં પણ ધર્મ છે અને
ત્યાં (પ્રભુના માર્ગમાં) પણ ધર્મ છે' એ ઉત્સૂત્ર વચન થયું. દૂધ
અને છાશ એકત્ર એક સ્થાને રહી શકે એવી અશક્ય વાત તેમણે
બતાવી તેના પરિણામે તેમને અનેક ભવભ્રમણા કરવી પડી. માટે
સર્વ દેખાતા માર્ગમાં સત્ય માર્ગ તો એક જ છે અને હોવો જોઇએ
એ સત્ય માર્ગ છે. આ પ્રમાણે હોવાથી પ્રત્યેક આત્મવાદ અને
લોકના અનેક મતો સત્યસ્વરૂપે એકી વખતે ઘટી શકે નહિ એ વાત
અત્ર શુદ્ધ ચેતના કહે છે તે સમજવા જેવી છે.

પરમતસહિષ્ણુતાને માટે 'અવધુ રામ રામ જગ ગાવે' વિગેરે
પદોમાં જે વિચાર આનંદઘનજીએ બતાવ્યા છે તેને આ અર્થ સાથે
કોઈ પણ પ્રકારનો વિરોધ નથી એ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારી સમજવા
યોગ્ય છે, તેમ જ હવે પછી ચેતનાને નિરપક્ષ કોઇએ છોડી નથી
એવો ભય સુડતાળીશમા પદમાં કહેવ.માં આવશે તેની સાથે પણ
તેને વિરોધ નથી એ ગ્રાહ્યમાં લેવા યોગ્ય છે. પરમત અથવા સંપ્રદાય
કે દર્શનપર અવિચારી આક્ષેપ કરવાનો અથવા તેના અનુયાયીઓને
ત્રાસ આપવાનો ભાવ વિકારી છે અને ત્યાજ્ય છે, તેમાંથી સત્યનો
અંશ સ્વીકારી તેને તેટલા પૂરતું માન આપવાનો ભાવ આદરણીય
છે, પરંતુ સર્વથા સત્ય અથવા માર્ગરૂપે તેનું વસ્તુસ્વરૂપ શું છે
અને કેટલે અંશે આદરણીય છે તે હકીકતથી તો જાગ્રત રહેવાની
ખાસ આવશ્યકતા છે. એવો નિયમ ન હોય અને સર્વત્ર ધર્મ
છે એવી વાણીને કે વિચારને અવકાશ આપવામાં મહત્વતા મનાતી
હોય તો તો સર્વત્ર અવ્યવસ્થામાં જ તેનું પરિણામ આવે. આથી
અહીં શુદ્ધ ચેતના કહે છે કે મને તો ન્યાયદૃષ્ટિથી વિચાર

કરતાં મારા નાથના વ્યક્તિત્વવાદમાં આકર્ષણ થાય છે, મારા પતિના નિજ ગુણ પ્રાપ્ત કરવામાં અથવા વધારે સત્ય ભાષામાં બોલતાં પ્રગટ કરવામાં મને ઉત્સાહ આવે છે અને જે પ્રગટ કરવાથી તેમની સાથે તેઓના સુસ્પષ્ટ પણ એકસરખા વ્યક્ત સ્વરૂપમાં મારો અને તેમનો એકાત્મભાવ અને નિરવધિ સંયોગ થવાનો હોવાથી મને એ પતિસ્વરૂપ બહુ મીઠું લાગે છે અને બાકી અનેક દર્શનકારોએ તેનું જે સ્વરૂપ બતાવ્યું છે તે ખાટું લાગે છે. એ દરેક કહે છે કે એ બન્ને સ્વરૂપ એક સ્થાનકે એકી વખતે રહે તે તો તદ્દન અશક્ય વાત છે અને કદિ પણ બનવાજોગ નથી. આ વિષય વધારે વિસ્તારથી મોક્ષસ્વરૂપ સમજવા માટે શ્રીષડ્દર્શન સમુચ્ચયની એકાવનમી ગાથાપરની વિસ્તૃત ટીકા વાંચી જવા ભલામણ છે. તેનો કાંઈક સાર ઉપર બતાવ્યો છે. બાકી આ આત્મસ્વરૂપ અને તેના સ્થિતિપર એટલું વિવેચન દરેક દર્શનકારોએ કર્યું છે કે તેને વાંચી જવા બહુ લાંબા અભ્યાસની જરૂર છે.

कंत बिण चो* गति, आणुं मानुं फोक

उनराणी मिरड फिरड नाणुं [illegible] ॥ [illegible]

[illegible]

[illegible]

પૈસા માગવા તેમાં પણ ધણા થાય છે, મજા આવતી નથી. ઘરમાં રોકડ નાણું હોય છે તે જ જરૂરને વખતે કામમાં આવી જાય છે, ઉધરાણી પર ભરોસો રહી શકતો નથી. જેની તેની પાસે યાચના કરવામાં લાભ થતો નથી. ગતિ અને ઉઘરાણીપર આ ગાથામાં શ્લેષ છે તે નીચેનો આધ્યાત્મિક ભાવ વિચારવાથી જણાશે.

ચાર્વાકાદિ આત્માની હયાતી જ સ્વીકારતા નથી. તેઓ પંચ ભૂતના સંયોગથી જેમ લોહચુંબક, વીજળી વિગેરેમાં બળ આવે છે તેમ એક પ્રકારનું બળ-શક્તિ ફેલાવે છે એમ માને છે અને ચૈતન્ય કે તે યુક્ત આત્માને જુદો પદાર્થ જ માનતા નથી. તેને તો આ ભવમાંથી અન્ય ભવમાં જવું આવવું કાંઈ થતું નથી. અમુક સમય પછી પંચ ભૂતનો વિલય થઈ જતાં ભૂત ભૂતમાં મળી જાય છે. મૃત શરીરમાં પંચ ભૂત વિદ્યમાન હોવા છતાં ચેતના કેમ દેખાતી નથી અને અહીં સુખદુઃખ શા કારણથી મળે છે અને અહીં કરેલ શુભાશુભ કાર્યોનું ફળ કેવી રીતે પ્રાપ્ત થાય છે તેનો તેઓ પુરાવો આપી શકતા નથી અથવા આપે છે તો તે સંતોષકારક થતો નથી. તેઓના મત પ્રમાણે ચારે ગતિ નકામી છે અથવા એક ભવમાંથી અન્યત્ર ચારે ગતિમાં-દેવ-મનુષ્ય-તિર્યંચ અને નરકીમાં-ગમન [illegible]

[illegible]

તે પણ એક [illegible] છે [illegible] ચારે ગતિ [illegible] પ્રયાસ નકામો જ છે એમ સ્પષ્ટ સમજાય છે

કેટલાક માને છે કે દુનિયામાં આપણું કર્યું ધાર્યું કાંઈ થવાનું નથી, ઈશ્વરની પાસે યાચના કરીએ અને તે આપે તે ખરૂં. આ પ્રમાણે ધારીને ઈશ્વર પાસે ઉઘરાણી કરે છે કે 'હે નાથ! મને મોક્ષ આપો' આવી રીતે બીજી પણ અનેક સ્થૂળ વસ્તુઓની યાચના કરે છે. આવી રીતે ઉઘરાણી કરવી તે તો બહુ કઢંગું કામ છે. એક તો ઉઘરાણી ધીરેલી વસ્તુની થાય, બીજું ઉઘરાણી જેની પાસે કરવાની હોય તેની મરજી ઉપર ઉઘરાણી પતવાનો આધાર રહે. વ્યવહારમાં નિયમ છે કે 'ગરથ ગાંઠે,' પોતાની પાસે હોય તે જ પુંજી કહેવાય. અહીં ઈશ્વર પાસેથી માગણી કરતી વખત ભાન પણ હોતું નથી કે તેને આપવે વસ્તુ ધીરેલ નથી કે તે આપવાને બંધાયેલ હોય. પારકી દયા ઉપર જીવવું તે તો જેને રૂચતું હોય તેને ભલે રૂચે, સર્વને તો એ વાત પસંદ આવે તેમ નથી. જો તમારી પાસે વસ્તુ ઘરમાં દાટેલી હોય અને તેજ પ્રગટ કરવાની હોય તો તેને માટે પ્રયાસ કરવો એ ઉચિત ગણાય. પ્રયાસથી થોડે કે લાંબે વખતે પણ તે વસ્તુ જરૂર મળવાનો એક રીતે ચોક્કસ સંભવ ખરો. આથી સાધનધર્મો કરતી વખત સાધ્ય મળવાની પ્રતીતિ હોય તો કાર્યસિદ્ધિ થવાના ભાનથી પ્રયત્ન બરાબર થાય અને તેથી જ આત્મવાદના સ્વરૂપમાં તે વાત ખાસ વિચારવા લાયક છે. જે આત્મધન છે તે તમારૂં પોતાનું જ છે, પોતાની પાસે જ છે, ગુપ્ત છે તેને પ્રગટ કરવાનુ છે, અન્ય પાસે ઉઘરાણી કરવાની છે જ નહિ અને ઉઘરાણી કરવાથી એવી આધ્યાત્મિક વસ્તુઓ મળી જાય એવી માન્યતા રાખવી એ પણ બેહુદું જ છે. પ્રભુ એવી વસ્તુઓ લઈને બેસી રહેલા નથી અને બેસી રહેલા હોય તો તેની વધારે વખત તમારી પાસે ઉઘરાણી કરાવે અને તમને રગાવી રગાવીને પછી તે આપે એ વાત પણ ઈશ્વરસ્વરૂપને આખપ લગાડનારી છે. શુભ કાર્યનાં શુભ ફળ જરૂર મળશે અને છેવટે કર્મને વિકલ થતાં સચ્ચિદાનંદસ્વરૂપ પ્રાપ્ત થશે, એ હાલ પણ તમારી પાસે જ છે, તમે તેને ઓળખતા નથી, પીછાનતા નથી, જોતા નથી; એક વખત તે જાણ્યા પછી અન્ય પાસે ઉઘરાણી કરવામાં રહેલું અજ્ઞાન અને પાછા પડવાનો સંભવ તમને સારી રીતે જણાશે. રોકડું નાણું તે જ નાણું કહેવાય અને તમારા આત્મસ્વરૂપમાં તે રોકડ જ છે,

ઉઘરાણી કરવાની છે જ નહિ—એ વાત બરાબર ધ્યાનમાં રાખી સમજી વિચારી લ્યો. પ્રચ્છન્ન ગુપ્ત રોકડ નાણું તમારી પાસે ઘણું છે તેને હવે પ્રગટ કરી ફરતું કરી દેવાનો પ્રયાસ કરો, નાણાં ઉપરનો કચરો—માટી કાઢી નાખો અને નિરંતરનું સુખ પ્રાપ્ત કરો. એ સર્વ તમને પ્રત્યેક આત્મવાદમાં—ચેતનના અનંત જ્ઞાન દર્શનાદિ સ્વરૂપમાં પ્રાપ્તવ્ય છે, અન્યત્ર નથી એ વાત બરાબર વિચારો, ન સમજાય તો બરાબર અભ્યાસ કરો.

આ ગાથામાં ગતિ અને ઉઘરાણીપર જે ભાવ મૂક્યો છે તે બરાબર સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારવા યોગ્ય છે. એમાં પતિવ્રતા સ્ત્રીના ગમન અને ઉઘરાણીને ચેતનની ઉત્ક્રાન્તિ અને સ્વરૂપ સાથે જે સાદૃશ્ય બતાવ્યું છે તે બહુ બોધ આપનાર છે. 'નાણું ખરું રોક' અથવા 'નાણું તે જે રોક' એ વ્યાવહારિક સિદ્ધાન્ત અથવા કહેવતનો અત્ર એવી સારી રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે કે તેનો ભાવ વિચારતાં આધ્યાત્મિક અનેક બાબતોના ખુલાસા થઈ જાય છે. ઘણીખરીવાર ઉઘરાણીના ઉપર આધાર રાખી વ્યાપારી પોતાની મુડી ગણે છે પણ એ ઉઘરાણીનાં નાણાં ઘણીવાર ખોટાં થયેલાં હોય છે, જરૂર વખતે કામ આવતાં નથી અને છતે નાણે નાદાર બનાવે છે અને અહીં તો ધીરેલ નાણું ન હોવા છતાં ઉઘરાણી કરવી છે એને વાસ્તવિક રીતે દયા અથવા ભિક્ષા માગવાના અર્થમાં જ સમજવી જોઈએ. ઉઘરાણીવાળો તગાદો કરી શકે છે તે યાચના કરનારથી બની શકે જ નહિ. આમ સમજી પ્રચ્છન્ન નાણું પ્રગટ કરવા પ્રબળ પુરૂષાર્થ કરો.

> कंत विण मति माहरी, *अवाहडानी घोक;
> घोक धुं आनंदघन, अवरने †टोक. मांडडो० ४

* અવાહડાની દખને બદલે બીજી પ્રતમાં 'અહવાડાની' એમ શબ્દ છે. સર્વ પ્રતોમાં અવાહડા શબ્દ છે તેનો અર્થ હવાડો હોય એમ [illegible] બહુ મને અર્થ [illegible] ત્યારે આ પદનો નહોતો, [illegible] તેથી અવાહડાનો અર્થ મેં હવાડોજ કર્યો છે.

† ટોકને બદલે બીજી પ્રતમાં 'ટેક' શબ્દ છે, બન્ને શબ્દનો અર્થ [illegible] છે.

‡ [illegible]

"પતિ વગર મારી બુદ્ધિ હવાડાના ખાળીઆ જેવી છે. બીજા સર્વને સલામ કરીને આનંદઘન પતિને પોકાર કરૂં છું."

ભાવ–પતિ વગરની મારી બુદ્ધિ હવાડાના ખાળીઆ જેવી છે. ઉઘાડા ખાળીઆમાંથી જેમ હવાડાનું સર્વ પાણી ચાલ્યું જાય તેમ મને તેઓ નુકશાન કરનારી અને અક્કલ વગરની ગણે છે. મને કોઈ કથામાં ગણતું નથી અને મારી કોઈ દરકાર કરતું નથી. તેથી હે મારા નાથ! હું સર્વને સલામ કરીને તમને પોકાર કરૂં છું અને કહું છું કે હે નાથ! મારે મંદિરે પધારો અને મારી વિરહવ્યથા શાંત કરો. આ વ્યવહારૂ અર્થ છે. એમાં શુદ્ધચેતના પતિ વગરની પોતાની સ્થિતિના કફોડાપણાનો નિર્દેશ કરી આનંદઘનને પોકાર કરે છે.

આ ગાથાનો આધ્યાત્મિક ભાવ વિચારતાં કેટલોક ભાવ એવો પ્રાપ્ત થાય છે કે જેનો વિચાર સાધારણ રીતે આવવો મુશ્કેલ છે. કાંઈક ભાવ સંદિગ્ધ પણ રહે છે. ઢોરને પાણી પાવા માટે હવાડો કરવામાં આવે છે તેને નીચે ખાળીઓ હોય છે. તે ઉઘાડો મૂકે તો તેમાંથી પાણી ચાલ્યું જાય છે એટલે હવાડો કદિ પૂરો ભરાતો જ નથી. એ ખાળીઆને ઉઘાડો મૂકવાથી ઉપયોગ વગર પાણી નકામું ચાલ્યું જાય છે અને કોઈ પણ ઉપયોગમાં આવતું નથી, તેવી રીતે પ્રત્યેકઆત્મવાદ વગર બીજા સર્વ વાદોમાં અનેકદર્શનકારોના મતોમાં ક્રિયા વિગેરે કરવામાં આવે તે ખાળેથી ચાલ્યાં જાય છે, ઉપયોગ વગરનાં બને છે. આત્માનું વ્યક્તિત્વ જ નાશ પામી જાય ત્યાં પછી ક્રિયા કરનાર કોણ? કરવાનું કારણ શું? તેનો હેતુ શું? કરવાની ગરજ, હોંશ કે ઇચ્છા કોને? જ્યાં પાણી અંદર રાખી મૂકવાની જરૂર જ ન હોય ત્યાં પછી ખાળે ડૂચો કોણ દે? અને દેવાની આવશ્યકતા પણ શું હોય? ક્રિયા કરી આત્મધન એકઠું કરવાનો કોઈ પણ હેતુ કે સાધ્ય ન રહેવાથી તે કરવાનો કોઈ વિચાર કરે તો તેને મૂર્ખ ગણવામાં આવે; કારણ કે પ્રયોજન વગર તો મંદ પણ પ્રયાસ કરતો નથી અને અહિં ક્રિયા કરવાનું કાંઈ પણ પ્રયોજન રહેતું નથી. અથવા પતિ વગરની મારી બુદ્ધિ ખાળીઓ ખુલ્લો રાખી અવાડામાં પાણી ભરવા જેવી મિથ્યા છે, નિષ્ફળ છે ઉપરથી પાણી ભરે કોણ? શામાટે ભરે? નીચેથી પાણી ચાલ્યું જાય છે તે જુએ કોણ? જોઈને પણ આરા ડાટો દેવાની જરૂર કોને રહે?

સર્વ નિષ્ફળ પ્રયત્ન કોણ કરે? તાત્પર્ય એ છે કે પ્રત્યેકઆત્મવાદ વગર કરેલાં પુણ્યપાપનું અથવા નિર્જરાનું વાસ્તવિક ફળ મળતું નથી અને તેથી શુભ કરણી કરવા તરફ ધ્યાન પણ રહેતું નથી, આકર્ષણ પણ થતું નથી. આ પ્રમાણે હોવાથી હે આનંદઘન નાથ! હું તો તમને જ પોકારૂં છું, તમારા જ નામનો જાપ કરૂં છું અને તમે મારે મંદિરે પધારો એવી પ્રાર્થના કરૂં છું. આપની સાથે મારો સંબંધ થાય તે અનંત કાળ ચાલે તેવો છે અને તે આપનું વ્યક્તિગત સ્વરૂપ સમજી પ્રત્યેકઆત્મવાદ સ્વીકારે તેને જ મેળવવા ઇચ્છા થાય તેમ છે. આપના સર્વજ્ઞકથિત સ્વરૂપ સિવાય અન્ય સર્વ લોક મને ખાટા લાગે છે અને અન્યના બતાવેલ સ્વરૂપવાળા મારા પતિ હોય તો તેને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો તે તદ્દન નિષ્ફળ લાગે છે. આ પ્રમાણે હોવાથી લોકદર્શિત પતિને સલામ છે, મારે તેની સાથે કાંઈ લેવા દેવા નથી. તેઓ મને ઓળખતા નથી, જાણતા નથી અને તેઓની ખોટી માન્યતા પ્રમાણે મને તેઓ કદિ પણ જાણે એમ લાગતું નથી. મારા પતિ વગરનો આખો સંસાર મારે મન અસ્તવ્યસ્ત છે, વ્યવસ્થા વગરનો છે અને પુણ્ય નિર્જરા આદિ માટે નિષ્ફળ છે તેથી ન્યાય વગરનો છે. માટે હું તો જે આનંદઘન પતિના શાસનમાં પ્રત્યેકઆત્મવાદ પ્રવર્તે છે તેવા મારા પતિને-આનંદઘન નાથને પોકાર કરીને કહું છું કે વહાલા! મારા મંદિરે પધારો, મારા હૃદયને કમળે બેસો અને આપના હૃદયમાં મને મારું યોગ્ય સ્થાન આપો.

આત્મસ્વરૂપ સમજવા બહુ પ્રયાસ કરવાની જરૂર છે. અન્ય મતમાં બતાવેલ અને સર્વજ્ઞમાર્ગમાં બતાવેલ આત્મસ્વરૂપ અત્ર ચિતરવામાં આવ્યું છે તેનો હેતુ માત્ર તે જાણવાની જિજ્ઞાસા ઉશ્કેરવાનો છે. આવા નાના પુસ્તકના નાના પદમાં આત્મસ્વરૂપ એક દર્શનનું પણ પૂરૂં બતાવી શકાય નહિ તો પછી સર્વ દર્શનકારોના ભિન્ન ભિન્ન મત બતાવી તેઓને એકસ્વરૂપે ઘટાવવા પ્રયત્ન કરવો એ તદ્દન અશક્ય જેવું જ છે, પરંતુ આટલા લઘુ ઉલ્લેખથી જણાયું હશે કે ચેતનજી સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરવાની ખાસ જરૂર છે, તેને માટે સર્વ દર્શનકારોએ પ્રયાસ કર્યો છે અને તે સર્વમાં સફળ પ્રયત્ન જો કોઈ પણ દર્શનકારે કર્યો હોય તો તે કોણે કર્યો છે. જ્યાં અરસ્-

પરસ વિરોધ ન આવે એવું એક સર્વજ્ઞદર્શન જ છે. એકજ ગ્રંથ-માંથી ઉદ્ધરેલ આત્મવાદ અનેક ગ્રંથોમાં જુઓ તો એક સરખો-મળ-તો જ આવે છે. એવા સર્વજ્ઞકથિત માર્ગનું સ્વરૂપ વિચારી સમજી આત્મજ્ઞાન મેળવવા ખાસ પ્રયત્ન કરવો યોગ્ય છે. આપણે વિજ્ઞાનની અનેક વાતો જાણવા ઇચ્છીએ, જ્યોતિષ ગ્રહ નક્ષત્રાદિની ગતિનો વિચાર કરીએ, માનવ ધર્મશાસ્ત્રનાં પાનાં ફેરવી જઇએ અને આપણે પોતે કોણ છીએ, અને એ જાણનાર કોણ છે એનો જ સ્પષ્ટ ખ્યાલ પણ ન હોય તો પછી પ્રયત્નનું સાધ્ય લક્ષ્યમાં રહેતું નથી અને અન્યનો વિચાર કરતાં સ્વતરફની ફરજ વિસરી જવાય છે. આટલા ઉપરથી સ્વનું જ્ઞાન કરવા, તેને ઓળખવા અને તેનું સત્ય સ્વરૂપ પ્રાપ્ત કર-વાનો પ્રયત્ન કરવા આગ્રહપૂર્વક સૂચના કરી અત્ર વિરમીએ છીએ. આ પદને અને પરમતસહિષ્ણુતાના આનંદઘનજીના રૂઢ વિચારોને કોઈ પણ પ્રકારનો વિરોધ નથી તે ઉપર અગાઉ વિવેચન થઈ ગયું છે. હવે આવા પતિ ચેતનાનો સ્વીકાર કરી તેનો વિરહ મટાડ્યા નથી તેથી ચેતનાની કેવી દશા થાય છે તેપર આનંદઘન મહારાજ હો પછીના પદમાં વિવેચન કરે છે.

—૮૯.—

*પદ એકતાળીશમું–રાગ વેલાવલ અથવા મારુ.

पीया बिन †सुद्ध बुद्ध भूली हो;
‡ आंख लगाई दुःखमहेल के,
झरुखे झूली हो. पीया० १

* [illegible]

† [illegible]

‡ [illegible]

§ [illegible]

જૂદા માર્ગો પતિઆગમન માટે છે; અષ્ટ પ્રવચન માતા, દશ યતિધર્મ, સમકિતનાં ૬૭ લક્ષણ, શ્રાદ્ધના ૨૧ ગુણો, માર્ગાનુસારીના ૩૫ ગુણે વિગેરે પતિમેળાપના અનેક માર્ગો છે તે સર્વ માર્ગની પ્રતીક્ષા કર્યા કરું છું કે એ સર્વમાંથી કોઈ પણ એક રસ્તે પતિ મારે મંદિરે પધારશે; અને એવી રીતે એમની વાટ જોતી વખતે દરેક માર્ગપર મારા દુઃખ મહેલના ઝરૂખામાંથી ટીંગાઈ ટીંગાઇને જોઉં છું. જ્યારે એક માણસની રાહ જોતાં તે આવે નહિ ત્યારે આતુરતાને લીધે બારીએ અથવા ઝરૂખે ટીંગાઈ ટીંગાઇને દૂર સુધી માર્ગપ્રતીક્ષા કરવામાં આવે છે તે સામાન્ય નિયમાનુસાર હું પતિવિરહથી મારૂં ભાન સાન ભૂલી જઇને પતિને આવવાના માર્ગપર નીહાળો નીહાળોને જોઉં છું. પતિવિરહિણી સ્રી વ્યવહારમાં આ પ્રમાણે કરે છે એ આર્ય હૃદય સમજશે. શુદ્ધ ચેતના જેવી નટનાગરમાં મનને જોડવાવાળી સ્રીના અંતઃકરણમાં તો બીજું હોય જ નહિ અને તેના જેવી શુદ્ધ પતિવ્રતા સ્રીના અંતર હૃદયમા પતિવિરહનો અગ્નિ કેવો સળગતો હોય તે તો બરાબર સમજાય તેવું છે. ચેતનજીની બરાબર આમાં કહી છે તેવી દશા છે. અજ્ઞાનાવસ્થાને લીધે તેની ચેતના શુદ્ધ છે તોપણ તેને પોતાની માની કદિ પણ તે ખોળામાં બેસાડતો નથી, તેની સાથે ક્રીડા કરતો નથી, તેને હૃદય સાથે ભેટી હેત દેખાડતો નથી. અનાદિ અજ્ઞાનને લીધે, આત્મસ્વરૂપ સમજવાની અશક્તિને લીધે, ઘરની પવિત્ર પ્રમદાના પ્રેમી પરિચયને પરિહરી પરરમણીની અપ્રશસ્ત વાગ્જાળમાં ફસાઈ પરભાવમાં પડ્યો રહે છે. શુદ્ધચેતના પતિની આ પ્રમાણે રાહ જુએ છે એ હકીકત દરેક મુમુક્ષુએ ધ્યાનમાં રાખવાની છે.

આ પદપર સુંદર ટબો છે. તેમાં ભાવ તો લગભગ સરખો છે પણ અર્થ જૂદી રીતે કરવામાં આવ્યો છે તે ખાસ વિચારવા અને સમજવા યોગ્ય છે. 'પિયા બિન સુદ્ધિ બુદ્ધિ ભૂલી હો' એવો પાઠ આ ટબામાં છે તે ધ્યાનમાં રાખવું. સુમતિ પોતાની શ્રદ્ધા સખીને કહે છે કે હે સખિ! ચેતનરામ પતિ વિના અશુદ્ધોપયોગી આત્માને મારે મળવું યોગ્ય છે કે નહિ? ઉચિત છે કે નહિ? એવી શુદ્ધિને હું વિસરી ગઈ, એટલે અશુદ્ધોપયોગી આત્માથી મળવું કે ન મળવું એ વસ્તુ મારા ધર્મના વિચારથી હું રહિત થઈ ગઈ છું. અત્ર એવો પ્રશ્ન થાય

દુઃખઝરૂખા રૂપ પરપરિણુતિમાં પ્રવર્તન કરતાં પતિને દેખીને મારી સુબુદ્ધિ ભૂલી ગઈ છું-મતલબ પતિ પોતે સુબુદ્ધિને વિસારી બેઠા છે. આ ભાવ બતાવવામાં ટબાકારે બહુ ચાતુર્ય વાપર્યું છે. એમાં પર-પરિણુતિ જેવા આત્મિક વિષયને જે સ્વરૂપ આપ્યું છે (Abstract idea converted into a concrete form) તે બહુ મનન કરીને સમજવા યોગ્ય છે.

આમાં ખાસ વાત સમજવા જેવી એ છે કે સુમતિ પોતે તો શુદ્ધ જ રહે છે પણ પતિ સાથે તેનો એકાકાર બતાવવા માટે દુઃખ-મહેલના ઝરૂખાની કલ્પના કરી પતિના પરરમણુ ભાવને તાદૃશ્ય સ્વ-રૂપે બતાવતાં તેની અવસ્થાનું યથાસ્થિત ચિત્ર આપ્યું છે. ચેતનજીને મળવા માટે બાહ્ય દૃષ્ટિએ સુમતિ દુઃખમહેલના ઝરૂખામાંથી નજર કરે છે, અનુભવદ્વારા તેને મળવા હોંશ રાખે છે, પરંતુ તેનો અંતર આશય તદ્દન સ્પષ્ટ છે અને તે સમજવામાં વિચાર કરવો પડે તેમ નથી. પોતે ન્હાઈ ગઈ એમ લખ્યું છે તે પણ વાસ્તવિક રીતે ચેત-નજી પરપરિણુતિમાં તરબોળ થઈ ગયા છે એમ બતાવે છે. શુદ્ધ સતી સ્રી પતિ સાથે પોતાનો એકીભાવ કેવી સુંદર રીતે બતાવે છે તેનો આ એક ઉત્તમ નમુનો છે.

બન્ને રીતે અર્થ કરતાં મુદ્દાની વાત એ નીકળે છે કે આ ચેત-નજી પરભાવમાં રમણુ કરી રહ્યા છે અને તેમાં રાચી રહ્યા છે એ અતિ ખેદજનક હકીકત છે.

> हसती तब हुं विरानीया,
> देखी तन मन *छीज्यो हो;
> समजी तब एती कही,
> कोइ नेह न कीज्यो हो. पीया० २

* છીજ્યોને બદલે એક પ્રતમાં 'લાજે' શબ્દ છે. અર્થ અનુરૂપ નથી. દેખીને બદલે 'પેખી' શબ્દ છે, અર્થનું સામ્ય છે. છેલ્લી પંક્તિમાં કીજ્યોને બદલે 'કીજે' શબ્દ છે તેમાં કાળનો જ ભેદ છે, અર્થ ફરતો નથી.

૨ હસતી=મશ્કરી કરતી. તબ=ત્યારે, અજ્ઞાનાવસ્થામાં. વિરાનીયા=અન્ય સામાન્ય સ્રીઓ. છીજ્યો=ઉદાઈ ગયો. પશ્ચાત્તાપ થયો. એતી=એટલું. નેહ=સ્નેહ ન કીજ્યો=ન કરશો.

"ત્યારે (અજ્ઞાનાવસ્થામાં) સામાન્ય સ્ત્રીઓને (પતિવિરહે રડતી) દેખીને હસતી, પણ (અત્યારે) મારૂં શરીર અને મન છેદાઈ જાય છે. હવે બધું સમજી ત્યારે એટલું કહું છું કે 'કોઈ સ્નેહ કરશો મા'."

ભાવ–આપ વિત્યા વગર દુનિયામાં કોઈ વાતની ખબર પડતી નથી. જ્યારે બીજી સ્ત્રીઓ પોતાના પતિના વિરહે શોક કરતી હતી ત્યારે તેમને તે પ્રમાણે કરતાં દેખીને હું તેઓની મશ્કરી કરતી હતી. અને એમ લાગતું હતું કે આ વિરહાનળમાં તે શો દમ છે કે તેને લઈને સ્ત્રીઓ શોકમાં ડુબી જતી હશે. પતિ પોતાને મંદિરે ન પધાર્યા હોય તો એમાં તે શી મોટી બાબત છે કે સ્ત્રીઓ તે માટે રડતી હશે! (પીરાની એટલે અનેરી) બીજાનું દુઃખ જોતી હતી ત્યારે મારા આવા વિચાર હતા, પણ હવે જ્યારે માથા ઉપર આવી પડી, જ્યારે મને માલુમ પડ્યું કે પતિ તો મારે મંદિરે પધારતા નથી અને મારો યૌવન-કાળ ચાલ્યો જાય છે, ત્યારે મારૂં મન અને શરીર સુકાઈ ગયાં, છીજી ગયાં. જેમ ઠંડી વાય અને હાર પડે ત્યારે હાથ પગ છીજાઈ જાય છે તેમ મારૂં શરીર અને મારા વિચારો પતિવિરહથી છીજી ગયા. આ વખતે મારા મનમાં પશ્ચાત્તાપ થવા લાગ્યો કે અરેરે! અત્યાર સુધી પતિમેળા-પમાં શું સુખ છે? કેવો આનંદ છે? કેવો સંતોષ છે? તેનો મે સંપૂર્ણ રીતે ખ્યાલજ કર્યો નહિ. ખરેખર ચેતનજી પણ મારા સંયોગના સુખ શું છે તે સમજ્યા જ નથી, અને એ અજ્ઞાનદશાને લઈને અન્ય વખતે હું હાસ્ય કરતી હતી. ત્યારે શું જાણપણામાં દુઃખ છે? જો તેમ હોય તો તો પછી અજ્ઞાનદશાને પુષ્ટિ મળે છે; પણ તેમ નથી. જાણ-પણા વગર સ્વરૂપજ્ઞાન થતું નથી અને સ્વરૂપજ્ઞાન થયા વગર હેય-ઉપાદેયનો ભેદ સમજાતો નથી. મેં તો આટલો બધો પ્રેમ કર્યો અને પ્રેમનું સુખ સમજી તેથી પતિવિરહમાં દુઃખ કેટલું થાય છે તેનો પણ ખ્યાલ આવ્યો, આથી હવે હું સર્વને જણાવું કરૂં છું કે કોઈ સ્નેહ કરશોજ નહિ. સ્નેહ કરતી વખત તો મનમાં આનંદ આવે છે પણ પછી જ્યારે પતિનો વિરહ થાય છે ત્યારે બહુજ ખેદ થાય છે. માટે સ્નેહ થયા પછી વિરહ થાય અથવા સ્નેહ એક સરખો રહ્યા કરે નહિ અથવા એક તરફનો (એક પક્ષો) પ્રેમ થાય તેવો સ્નેહ કોઈ કદિ કરશો નહિ. પદની આ ગાથામાં બહુ વિચારવા લાયક વાત રહી છે તેપર જરા નજર કરીએ.

દુઃખઝરૂખા રૂપ પરપરિણતિમાં પ્રવર્તન કરતાં પતિને દેખીને મારી સુબુદ્ધિ ભૂલી ગઈ છું-મતલબ પતિ પોતે સુબુદ્ધિને વિસારી બેઠા છે. આ ભાવ બતાવવામાં ટબાકારે બહુ ચાતુર્ય વાપર્યું છે. એમાં પરપરિણતિ જેવા આત્મિક વિષયને જે સ્વરૂપ આપ્યું છે (Abstract idea converted into a concrete form) તે બહુ મનન કરીને સમજવા યોગ્ય છે.

આમાં ખાસ વાત સમજવા જેવી એ છે કે સુમતિ પોતે તો શુદ્ધ જ રહે છે પણ પતિ સાથે તેનો એકાકાર બતાવવા માટે દુઃખમહેલના ઝરૂખાની કલ્પના કરી પતિના પરરમણ ભાવને તાદૃશ્ય સ્વરૂપે બતાવતાં તેની અવસ્થાનું યથાસ્થિત ચિત્ર આપ્યું છે. ચેતનજીને મળવા માટે બાહ્ય દૃષ્ટિએ સુમતિ દુઃખમહેલના ઝરૂખામાંથી નજર કરે છે, અનુભવદ્વારા તેને મળવા હોંશ રાખે છે, પરંતુ તેનો અંતર આશય તદ્દન સ્પષ્ટ છે અને તે સમજવામાં વિચાર કરવો પડે તેમ નથી. પોતે ન્હાઈ ગઈ એમ લખ્યું છે તે પણ વાસ્તવિક રીતે ચેતનજી પરપરિણતિમા તરબોળ થઈ ગયા છે એમ બતાવે છે. શુદ્ધ સતી સ્ત્રી પતિ સાથે પોતાનો એકીભાવ કેવી સુંદર રીતે બતાવે છે તેનો આ એક ઉત્તમ નમુનો છે.

બન્ને રીતે અર્થ કરતાં મુદ્દાની વાત એ નીકળે છે કે આ ચેતનજી પરભાવમાં રમણ કરી રહ્યા છે અને તેમાં રાચી રહ્યા છે એ અતિ ખેદજનક હકીકત છે.

> दमती तव हुं विरानीया,
> देखी तन मन *छीज्यो हो;
> समजी तत्र एती कही,
> कोइ नेह न कीज्यो हो. पीया० २

* છીજ્યોને બદલે એક પ્રતમાં 'લાજે' શબ્દ છે. અર્થ અનુરૂપ નથી. [illegible] 'રત પેખી' શબ્દ છે, અર્થનું સામ્ય છે છેલ્લી પંક્તિમાં કીજ્યોને બદલે 'કીજે' [illegible] તેના શબ્દનો જ ભેદ છે, અર્થ ફેરફાર નથી.

૨ દમતી=આથડી કરતી. તત્ર=ત્યારે, અજ્ઞાનાવસ્થામાં. વિરાનીયા=[illegible] નાનાત્વ શોભા. છીજ્યો=[illegible] થયો, પશ્ચાત્તાપ થયો. એતી=એટલું. નેહ=સ્નેહ. [illegible] ન કર્યો.

"ત્યારે (અજ્ઞાનાવસ્થામાં) સામાન્ય સ્ત્રીઓને (પતિવિરહે રડતી) દેખીને હસતી, પણ (અત્યારે) મારૂં શરીર અને મન છેદાઈ જાય છે. હવે બધું સમજી ત્યારે એટલું કહું છું કે 'કોઈ સ્નેહ કરશો મા'."

ભાવ–આપ વિત્યા વગર દુનિયામાં કોઈ વાતની ખબર પડતી નથી. જ્યારે બીજી સ્ત્રીઓ પોતાના પતિના વિરહે શોક કરતી હતી ત્યારે તેમને તે પ્રમાણે કરતાં દેખીને હું તેઓની મશ્કરી કરતી હતી. મને એમ લાગતું હતું કે આ વિરહાનળમાં તે શો દમ છે કે તેને લઈને સ્ત્રીઓ શોકમાં ડૂબી જતી હશે. પતિ પોતાને મંદિરે ન પધાર્યા હોય તો એમાં તે શી મોટી બાબત છે કે સ્ત્રીઓ તે માટે રડતી હશે! (પીરાની એટલે અનેરી) બીજાનું દુઃખ જોતી હતી ત્યારે મારા આવા વિચાર હતા, પણ હવે જ્યારે માથા ઉપર આવી પડી, જ્યારે મને માલૂમ પડ્યું કે પતિ તો મારે મંદિરે પધારતા નથી અને મારો યૌવન-કાળ ચાલ્યો જાય છે, ત્યારે મારૂં મન અને શરીર સુકાઈ ગયાં, છીજી ગયાં. જેમ ઠંડી વાય અને ઠાર પડે ત્યારે હાથ પગ છીજાઈ જાય છે તેમ મારૂં શરીર અને મારા વિચારો પતિવિરહથી છીજી ગયા. આ વખતે મારા મનમાં પશ્ચાત્તાપ થવા લાગ્યો કે અરેરે! અત્યાર સુધી પતિમેળા-પમાં શું સુખ છે? કેવો આનંદ છે? કેવો સંતોષ છે? તેનો મેં સંપૂર્ણ રીતે ખ્યાલજ કર્યો નહિ. ખરેખર ચેતનજી પણ મારા સંયોગમાં સુખ શું છે તે સમજ્યા જ નથી, અને એ અજ્ઞાનદશાને લઈને અન્ય તરફ હું હાસ્ય કરતી હતી. ત્યારે શું જાણપણામાં દુઃખ છે? જો તેમ હોય તો તો પછી અજ્ઞાનવાદને પુષ્ટિ મળે છે; પણ તેમ નથી. જાણ-પણા વગર સ્વરૂપજ્ઞાન થતું નથી અને સ્વરૂપજ્ઞાન થયા વગર હેય-ઉપાદેયનો ભેદ સમજાતો નથી. મેં તો આટલો બધો પ્રેમ કર્યો અને પ્રેમનું સુખ સમજી તેથી પતિવિરહમાં દુઃખ કેટલું થાય છે તેનો પણ ખ્યાલ આવ્યો, અથી હવે હું સર્વને ભલામણ કરૂં છું કે કોઈ સ્નેહ કરશોજ નહિ. સ્નેહ કરતી વખત તો મનમાં આનંદ આવે છે પણ પછી જ્યારે પતિનો વિરહ થાય છે ત્યારે બહુજ ખેદ થાય છે. માટે સ્નેહ થયા પછી વિરહ થાય અથવા સ્નેહ એક સરખો રહ્યા કરે નહિ અથવા એક તરફનો (એક પખો) પ્રેમ થાય તેવો સ્નેહ કોઈ કદિ કરશો નહિ. પદની આ ગાથામાં બહુ વિચારવા લાયક વાત કહી છે તેપર જરા નજર કરીએ.

પ્રથમ તો ચેતન અને ચેતના જે જુદા જુદા ભાવો બતાવે છે તેમાં ભેળસેળ ન થઈ જાય તે સંભાળવું. અન્ય સ્ત્રીઓ તરફ ચેતના હસે છે તે તેને યોગ્ય છે, કારણ કે પ્રાકૃત સ્ત્રીઓ જે સ્થૂળ સ્નેહ કરે છે તે તો તૂટવાનો જ છે, વિરહથી કે મૃત્યુથી તેમાં વિક્ષેપ પડવાનો જ છે; તેથી એવો સ્નેહ કરવા ના કહેવી તે તો યુક્ત છે; પણ પોતે ચેતન સાથે સ્નેહ કરવાની ના પાડતી હોય એમ જે ભાવ નીકળે છે એનો અર્થ એટલોજ જણાય છે કે ચેતન હજુ અજ્ઞાનાવસ્થામાં છે, સ્વરૂપ સમજતા નથી અને તેને પરિણામે કુમાર્ગપર ગમન કરે છે. ચેતનનો અને ચેતનાનો પ્રેમ એકવાર જામે તો પછી તેમાં કદી અંતરાય પડવાનો નથી તેથી તેવા પ્રેમનો નિષેધ સૂચવ્યો હોય એમ લાગતું નથી. અથવા તો પોતે ઘણા વખતથી પતિની રાહ જોઈ પણ પતિ પધાર્યાં નહિ તેથી છેવટે કંટાળીને સર્વ સ્ત્રીઓને એ કહેવા નીકળે કે તમારે કદિ સ્નેહ કરવોજ નહિ તો તે પણ વાસ્તવિક કહી શકાય છે. સ્થૂળ પ્રેમની પેઠે ધર્મપ્રેમ અથવા આત્મિક પ્રેમમાં પણ પ્રથમ તો મહત્તવા લાગતી નથી પણ એકવાર તેના રસ ચાખ્યો હોય તો પછી તેના વિરહમાં અતિશય-સ્થૂળ અને માનસિક બાધક વિક્ષેપ વાસ્તવિક રીતે તે બાજથી અપર [illegible] થાય છે. પછી

વિરહદુઃખ ન સમજનાર આ પ્રથમ [illegible] ન હોય, પછી સ્નેહનું સુખ ચાખ્યા પછી વિરહદુઃખ [illegible] અને [illegible] દુનિયાની સ્ત્રીઓને પ્રેમ ન કરવાની [illegible]

[illegible]

એવી રહી' એનું અર્થસામ્ય થાય છે, સ્થિરતાથી ચેતના અને ચેત-
નની વર્તમાન દશા ગ્રાહ્યમાં લઈ તેઓનો વાસ્તવિક અભેદ સમજી
આ ગાથાનો અને આ આખા પદનો ભાવ મનમાં વિચારવાથી વસ્તુ-
સ્વરૂપનો ઝળકાટ થશે.

ટબાકાર આ ગાથાનો અર્થ લગભગ ઉપર પ્રમાણે જ કરે છે.
વનમન છીજ્યો એ વાક્યને તે વીરાનીયા સાથે લે છે. કુબુદ્ધિવાન
સ્ત્રીઓ તેઓના પતિને વિરહે વનથી અને મનથી છીજાઈ ગઈ, સુકાઈ
ગઈ અને તેથી તેઓને રડતી દેખીને હું આ પ્રમાણે બોલી. અહીં
જે વખતે ચેતના આ વાક્ય બોલે છે તે વખતે તેને શુદ્ધાત્માથી વિયોગ
થયો છે એમ 'તબ' શબ્દપરથી ટબાકાર બતાવે છે અને પછી તે
પ્રાકૃત સ્ત્રીઓને શુદ્ધચેતના બોધ આપે છે કે હવે હું પણ વિરહ
દુઃખ શું છે તે સમજી છું અને તેથી એટલું જ કહું છું કે [illegible]
[illegible] નહિ. [illegible] ટબાકાર [illegible] છે કે [illegible]
[illegible]

પ્રથમ તો ચેતન અને ચેતના જે જૂદા જૂદા ભાવો બતાવે છે તેમાં ભેળસેળ ન થઈ જાય તે સંભાળવું. અન્ય સ્ત્રીઓ તરફ ચેતન હસે છે તે તેને યોગ્ય છે, કારણ કે પ્રાકૃત સ્ત્રીઓ જે સ્થૂળ સ્નેહ કરે છે તે તો તૂટવાનોજ છે, વિરહથી કે મૃત્યુથી તેમાં વિક્ષેપ પડવાનોજ છે; તેથી એવો સ્નેહ કરવા ના કહેવી તે તો યુક્ત છે; પણ પોતે ચેતન સાથે સ્નેહ કરવાની ના પાડતી હોય એમ જે ભાવ નીકળે છે એનો અર્થ એટલોજ જણાય છે કે ચેતન હજુ અજ્ઞાનાવસ્થામાં છે, સ્વરૂપ સમજતા નથી અને તેને પરિણામે કુમાર્ગપર ગમન કરે છે. ચેતનનો અને ચેતનાનો પ્રેમ એક વાર જામે તો પછી તેમાં કદિ અંતરાય પડવાનો નથી તેથી તેવા પ્રેમનો નિષેધ સૂચવ્યો હોય એમ લાગતું નથી. અથવા તો પોતે ઘણા વખતથી પતિની રાહ જોઈ પણ પતિ પધાર્યા નહિ તેથી છેવટે કંટાળીને સર્વ સ્ત્રીઓને એ કહેવા નીકળે કે તમારે કદિ સ્નેહ કરવોજ નહિ તો તે પણ વાસ્તવિક હકીકત છે. સ્થૂળ પ્રેમની પેઠે ધર્મપ્રેમ અથવા આત્મિક પ્રેમમાં પણ પ્રથમ તો મહત્વતા લાગતી નથી પણ એક વાર તેનો રસ ચાખ્યો હોય તો પછી તેના વિરહમાં અતિખેદ-સ્થૂળ અને માનસિક અથવા વિશેષ વાસ્તવિક રીતે તે બન્નેથી અપર આધિદૈવિક ખેદ થાય છે.

વિરહદુઃખ ન સમજનાર આ પ્રથમ અન્ય સ્ત્રીઓને હસે, પછી સ્નેહરસ લાગ્યા પછી વિરહદુઃખમાં પડી પશ્ચાત્તાપ કરે અને અન્ય કુમારી સ્ત્રીઓને પ્રેમ ન કરવાની ભલામણ કરે એ સર્વ વાત સમીચીન લાગે છે.

અબુધપણામાં દુઃખ હોયજ નહિ. અબુધપણા વગરની [illegible] [illegible]ની છે. એટલું તો સ્પષ્ટ છે કે અબુધપણાથી જવાબદારી બહુ વધતી જાય છે પણ તેની સાથેજ કર્મનિર્જરા કરવાનો રાજમાર્ગ જ્ઞાનથી હાથમાં આવે છે, અજ્ઞાન કષ્ટથી પૂર્વ કોટિ વર્ષો સુધી જેટલાં કર્મ દૂર કરી શકાય તેટલાં જ્ઞાનથી એક શ્વાસોશ્વાસમાં બાળી દેવાય છે. આવા વિરહ[illegible] [illegible]ની ખાતર અને આત્માના શ્રેય માટે તેના શુદ્ધ સ્વરૂપ જ્ઞાનને તો [illegible] કરવાની ખાસ જરૂર છે. અહીં અજ્ઞાનદશામાં ચેતન પોતે સમજતો. ચેતના તો શુદ્ધ જ છે, પણ ચેતનજીના સ્વ-સ્વરૂપ પ્રકાશ વખતે તેનો પ્રકાશ થાય છે, તે વખતે 'હમણા [illegible]

એતી રહી' એનું અર્થસામ્ય થાય છે, સ્થિરતાથી ચેતના અને ચેતનની વર્તમાન દશા ખ્યાલમાં લઈ તેઓનો વાસ્તવિક અભેદ સમજી આ ગાથાનો અને આ આખા પદનો ભાવ મનમાં વિચારવાથી વસ્તુસ્વરૂપનો ઝળકાટ થશે.

ટબાકાર આ ગાથાનો અર્થ લગભગ ઉપર પ્રમાણે જ કરે છે. તનમન છીજ્યો એ વાક્યને તે વીરાનીયા સાથે લે છે. કુબુદ્ધિવંત સ્ત્રીઓ તેઓના પતિને વિરહે તનથી અને મનથી છીજાઈ ગઈ, સુકાઈ ગઈ અને તેથી તેઓને રડતી દેખીને હું આ પ્રમાણે બોલી. અહીં જે વખતે ચેતના આ વાક્ય બોલે છે તે વખતે તેને શુદ્ધાત્માથી સંયોગ થયો છે એમ 'તબ' શબ્દપરથી ટબાકાર બતાવે છે અને પછી તે પ્રાકૃત સ્ત્રીઓને શુદ્ધચેતના બોધ આપે છે કે હવે હું પણ વિરહદુઃખ શું છે તે સમજી છું અને તેથી એટલું જ કહું છું કે કોઈ સ્નેહ કરશો નહિ. આટલું ટબાકાર લખીને છેવટે ઉમેરે છે કે આત્મસુખાભિલાષંતિ સ્નેહ:* એ શેષ શબ્દનો ભાવ બરાબર સમજાયો નથી. મતલબ એમ જણાય છે કે આત્મસુખાભિલાષીઓને શુદ્ધચેતના એવી સલામણ કરે છે કે તમારે કદિ સ્નેહ કરવો નહિ એટલે કે સ્થૂળ સ્નેહમાં રાચવું નહિ. આ પ્રમાણે અર્થ કરવામાં 'દેખી' શબ્દનું સ્થાન ફેરવવું પડે છે અને શુદ્ધચેતનાનો બોધ જરાક અપ્રાસંગિક લાગે છે. ભાવાર્થ તો સામાન્ય રીતે એક સરખો જ રહે છે. અનુભવ વગર પતિસ્નેહમાં લલચાતી સ્ત્રીઓ પતિવિરહે રડે છે તેનું કારણ સ્નેહ જ છે, માટે એવો સ્નેહ ન કરવો એ જ ઉચિત છે એમ શુદ્ધચેતનાનો ઉપદેશ છે અથવા તો તેના શોકના ઉદ્ગારરૂપે આ વાક્ય તેના મુખમાંથી નીકળી ગયું છે. દુઃખમહેલના ઝરૂખામાં ઊભા ઊભા અશ્રુપાતથી ન્હાઈ જનાર બહુ વખતથી પતિવિરહનું દુઃખ સહન કરનારી પતિવ્રતા સ્ત્રી આવું વાક્ય કંટાળા તરીકે જ બોલે છે એમ સમજવું. બાકી એ વાક્યના ગર્ભમાં પણ પતિ તરફ સ્નેહ તો સુસ્પષ્ટ જણાય છે. પતિવિરહનું દુઃખ સહન ન થઈ શકે તેમ હોય તો પતિની સાથે સ્નેહ કરશો નહિ, સંબંધ કરશો નહિ એમ બોલે પણ પતિને મસ્તકપર ધારણ કર્યા પછી શુદ્ધ પત્નીની બીજી દશા તો હોય જ

* આત્મસુખની અભિલાષાએ કરીને એમ અર્થ છે.

નહિ. એ અન્ય પુરૂષને ઇચ્છે નહિ કે તેના સામું જુએ નહિ. અત્ર નિષેધ પણ સ્થૂળ પ્રેમનો છે કારણ કે તેમાં અંતે વિક્ષેપ જરૂર પડવાનો છે. અનંતકાળ સુધી પતિ સાથે અંતર રહિતપણે મેળાપ થાય તેવું કાર્ય બની શકે તો તેમ કરવાનું નિષિદ્ધ હોય એમ અત્ર જણાતું નથી. આ ભાવ બરાબર વિચાર કરવાથી સમજાય તેમ છે.

मीतप मानपति* विना,
पिया कैसे जीवे हो;
मान पवन विरहा दशा,
भुयंगनि† पीवे हो. पीया० २

"અતિ ઇષ્ટ જીવનઆધાર ચેતન વગર (તેની) પત્ની (ચેતના) પ્રાણને કેવી રીતે ધારણ કરે? વિરહદશારૂપ સાપણ તેના પ્રાણવાયુને પી જાય છે."

ભાવ-સખિ! આ દુનિયામાં વિરહી સ્ત્રી કેવી રીતે જીવન ધારણ કરી શકે? જ્યારે પોતાના હૃદયવલ્લભ શિરછત્ર મુકુટમણિ પ્રાણનાથનો તેને વિરહ રહ્યા કરે ત્યારે તેને પોતાના પ્રાણ કેવી રીતે ધારણ કરવા? તે આવા જીવનમાં કેવી રીતે રહી શકે? કેવી રીતે ટકી શકે? એક તો તેના પતિ તેના મંદિરે પધારી તેને આનંદ આપી જીવનદોરી લંબાવતા નથી અને બીજું તેના જીવનને ટુંકું કરી નાખનાર અને તેના પ્રાણને ખાઇ જનાર પણ હાજર છે જે તેના જીવનને તોડી ફોડી નાખે છે, અકારૂં બનાવે છે, નકામું બનાવે છે. વિરહદશારૂપ સાપણ તેના પ્રાણવાયુનું ભક્ષણ કરે છે અને તેના જીવનના પાયાઓને ખાઈ જાય છે. લોકોક્તિ એવી છે કે સર્પ પવનનું ભક્ષણ કરી તેના ઉપર પોતાનો નિર્વાહ કરે છે. વિરહદશારૂપ સાપણ ચેતનાના પ્રાણ-

---

* પ્રાનપતિ ને બદલે 'પ્રાનપિયા' પાઠ એક પ્રતમાં છે.

† ભુયંગનિ ને બદલે બે પ્રતમાં 'ભુયંગમિ' પાઠ છે તેનો અર્થ પણ ઉપર પ્રમાણે થાય છે. છાપેલ બુકમાં ભુયંગમ શબ્દ છે તેનો અર્થ સર્પ થાય છે.

૨ પ્રીતમ=અતિ ઇષ્ટ. પ્રાનપતિ=જીવનઆધાર. પીય=સ્ત્રી, પ્રિયા. કૈસે=કેવી રીતે. જીવે=પ્રાણ ધારણ કરે. પ્રાન પવન=પ્રાણવાયુ. વિરહાદશા=વિરહદશારૂપ. ભુયંગનિ=ભુજંગણી, સર્પણી, સાપણ. પીવે=પાન કરે, પી જાય.

ઉપર બહુ સારૂં રૂપક આનંદઘનજી મહારાજે અહીં મૂકયું છે તે બરાબર સમજવું.

ટબાકાર આ ગાથાનો અર્થ કરતાં લખે છે કે પ્રાણપતિ વિના એટલે પ્રાણના સ્વામી પ્રીતિવલ્લભના વિયોગે તેની વલ્લભા કયા પ્રકારે પ્રાણ ધારણ કરે? એટલે એ નહિ જ જીવે એ અર્થ અર્થાંતરન્યાસથી દઢ કરે છે. મારા દશ પ્રાણને વિરહદશારૂપ સર્પ પીવે છે ત્યારે પ્રાણી કેમ જીવી શકે? છેલ્લી બે પંક્તિને ટબાકાર અર્થાંતરન્યાસ કહે છે તે યુક્ત જણાતું નથી. જ્યારે વિશેષ વાક્યનું સમર્થન સામાન્ય વાક્યથી થાય અથવા સામાન્યનું સમર્થન વિશેષથી થાય ત્યારે અર્થાન્તરન્યાસ અલંકાર થાય છે, એ અલંકારનો અત્ર પ્રયોગ જણાતો નથી.* અર્થવિચારણા કરતાં ચેતના ન જીવે શામાટે તેનું કારણ છેલ્લી બે પંક્તિમાં આપ્યું હોય એમ લાગે છે. ટબાકારે એક વાત બહુ સુંદર બતાવી છે. દશ પ્રાણને દશ યતિધર્મ સમજવા. આ દશવિધ ધર્મરૂપ પ્રાણવાયુને વિરહઅવસ્થા પી જાય ત્યારે પછી પ્રાણી કેવી રીતે જીવી શકે. શુદ્ધ ચેતનાના પ્રાણરૂપ ખંતિ મદ્દવ અજ્જવાદિ ધર્મનું જે સ્વરૂપ અહીં આપ્યું છે તેનાં નામ માત્ર વિચારી જઇએ.

૧. ક્ષાંતિ–ક્રોધનો ત્યાગ.
૨. માર્દવ–માનનો ત્યાગ.
૩. આર્જવ–માયાનો ત્યાગ (સરલતા).
૪. મુક્તિ–લોભનો ત્યાગ (સંતોષ).
૫. તપ–બાહ્ય અભ્યંતર બાર પ્રકારનાં તપ કરવા.
૬. સંયમ–પૃથ્વીકાય આદિકની વિરાધનાનો ત્યાગ રહે તેવી રીતે પ્રવૃત્તિ કરવી.
૭. સત્ય–સત્ય પ્રિય મિત અને હિત કરનારૂં વચન બોલવું.
૮. શૌચ–અલ્પ ઉપકરણ રાખવાં, ગુરૂકુળની સેવા કરવી.
૯. અકિંચનત્વ–ધન સુવર્ણાદિ પરિગ્રહનો અસ્વીકાર (ત્યાગ).
૧૦. બ્રહ્મચર્ય–દેવ મનુષ્ય અને તિર્યંચના સ્ત્રીપુરૂષસંયોગનો કે વિષયસેવનનો સર્વથા ત્યાગ.

---

* પં. આનંદસાગર મહારાજ લખે છે કે પોતાના પ્રાણનાથને પ્રસન્ન કરી આપવું વચનું બમણું કરી જાય એ સામાન્ય દૃષ્ટાન્ત તરીકે લઈ અર્થાન્તરન્યાસ કરેલ હોય એમ ધારી શકાય.

આ દશવિધ ધર્મમાં એટલી મહત્વતા સમાયલી છે કે એનો સ્વીકાર કરવાથી શુદ્ધચેતના પ્રગટ થાય છે. શુદ્ધચેતનાના એ ખરેખર પ્રાણરૂપ છે અને તેને વિરહદશા પી જાય ત્યારે પછી શુદ્ધચેતનાનું જીવનસત્ત્વ સુકાઈ જાય છે અને તે અતિ અવ્યક્ત થતી જાય છે. આ દશ ધર્મોને આદરવાની ખાસ આવશ્યકતા છે. અન્ય પ્રસંગે તેપર વિસ્તારથી વિચારણા થશે. પ્રિય પતિ વગર શુદ્ધચેતના પોતાની શુદ્ધ બુદ્ધ ભૂલી ગઈ છે એનું અત્ર કારણ સ્પષ્ટ સમજાય છેઃ એના પ્રાણ પણ ટકી શકે નહિ એવી જ્યાં દશા ખડી થઈ જાય ત્યાં તેની શુદ્ધ બુદ્ધ તો ઠેકાણે કેવી રીતે રહી શકે?

शीतल पंखा कुमकुमा,
चंदन कहा लावे हो;
अनल न विरहानल *य है,
तन ताप †बढावे हो. पीया० ४

"(હે સખિ!) તું ઠંડા પદાર્થો, પંખા, કપૂર ચંદનનો ઘોળ વિગેરે શામાટે લાવે છે? એ તાપ નથી પણ વિરહાનળ છે (તેથી ઉપરોક્ત પદાર્થો તો ઉલટા) શરીરનો તાપ વધારે છે."

ભાવ–પ્રથમ વિરહી સ્ત્રીની અપેક્ષાએ આ ગાથાનો અર્થ કરીએ. હે સખિઓ! મારા પતિના વિરહને લઈને મારા શરીરમાં જ્વાળા ઉઠે છે. મને સખત ગરમી મારા શરીરના પ્રત્યેક અવયવમાં લાગે છે તેને શાંત કરવા માટે તમે કપૂર ચંદનનો ઘોળ અને બીજા શીત ઉપચારના પદાર્થો લાવો છો અને મને પંખો નાખો છો પણ તેમ શામાટે કરો છો? તમે સાધારણ રીતે કોઈને દાહજ્વર થયો હોય અથવા તાપ આવ્યો હોય ત્યારે જેમ માથાપર ચંદનનો લેપ કરે,

* વ ને બદલે અત્ર છાપેલી બુકમાં ય છે. સર્વ પ્રતોમાં વ પાઠ છે.

† બઢાવે ને બદલે કોઈક જગ્યાએ વઢાવે લખ્યું છે. વ અને બનો અભેદ સર્વત્ર જણાય છે

૪ શીતલ=ઠંડા પદાર્થો પંખા=પવન નાખવાના પંખા કુમકુમા=કપૂર વિગેરે શીતલ પદાર્થો ચંદન=ચંદનનો ઘોળ કહા=શું, શામાટે, અનલ=અગ્નિ ન=નથી. વિરહનલ=મદનજ્વર, વિરહાગ્નિ. ય=આ, એ. હૈ=છે. તનતાપ=શરીરનો તાપ, બઢાવે=વધારે છે.

પવન નાખે, શરીરે બાવનાચંદનનો લેપ કરે અને તેવા અને પ્રકારના બાહ્ય શીત ઉપચાર કરી શરીરને શાંતિ થાય તેવા પ્રયો કરે તેમ કરો છો, પણ તેમ કરવામાં તમારી મોટી ભૂલ છે. ત મારા શરીરમાં થતા દાહને સામાન્ય પ્રકારનો અનળ (ગરમી-વાય સમજો છો, પણ તે તેમ નથી; એ તો વિરહાનળ છે, અને પતિવિ હથી થતો અગ્નિ છે, કામજ્વર છે અને તેથી તેને શાંત કરવાને મ તમે જે જે પદાર્થો લાવો છો તે તેને ઉલટા વધારે ઉદ્દીપન કરે છે મદનજ્વરને શીત ઉપચારના પદાર્થો વધારે છે, કારણ કે તેનથ રતિપતિ વધારે વધારે સાંભરે છે અને પતિવિરહની વેદના વધા થાય છે; આથી તમે જે ઉપચાર કરો છો અથવા સૂચવો છો તે મારી વિરહાગ્નિ શાંત કરવાને બદલે તેને વધારી મૂકે છે, તમા કરેલા બાહ્ય ઉપચારો જે હેતુથી તમે કરો છો તે હેતુ પાર પાડવાને બદલે ઉલટા તેઓ તેનાથી વિરૂદ્ધ કામ કરે છે; અંતરનો દાહ બાહ્ય ઉપચારથી મટી શકતો નથી.

શુદ્ધચેતનાને અંગે હવે આ વાત વિચારીએ. હે શ્રદ્ધા સખિ! જેમ વિરહાતુર સ્ત્રી કામાગ્નિથી બળી જતી હોય તેને બાહ્ય ઉપચારથી કોઈ પણ પ્રકારનો લાભ થતો નથી, ઉલટી તેનાથી તેની વિરહવ્યથા વધારે થતી જાય છે, તેમ મારા નાથ મારે મંદિરે પધારતા નથી અને તેથી મારા મનની વ્યથા વધતી જાય છે, તેને પ્રસંગે તમે બાહ્ય ઉપચાર કરી મને શાંત કરવા ઇચ્છો છો અને તેમ કરી તમારો સખીધર્મ બજાવો છો પણ એમાં કાંઈ વળવાનું નથી, એથી મારો વિરહાનળ બુઝાઈ જવાનો નથી અને એથી મને શાંતિ થવાની નથી. તમે સારી રીતે જાણો છો કે મારા શરીરમાં અત્યારે જે પીડા થાય છે તે સામાન્ય પ્રકારની નથી, ઉપર ઉપરની નથી પણ અંતરંગની છે અને તેને શાન્ત કરવા માટે તમે જે ઉપાય સૂચવો છો તે તદ્દન નકામા છે, ઉલટા મારી પીડા વધારનારા છે અને મને વધારે ઉદ્દીપન કરનારા છે.

ચેતનજી અનાદિ કાળથી પ્રસંગે પ્રસંગે બાહ્ય ઉપચારો તો કર્યા કરે છે, પણ શુદ્ધચેતનાની વિશિષ્ટ દૃષ્ટિએ જોતાં તો તે શુદ્ધચેતનાને વધારે દુઃખ દેનાર જ નીવડે છે. અવારનવાર ચેતનજી કુલટાઓનો પ્રસંગ મૂકી ઠંડક માર્ગપર આવવા યત્ન કરે છે અને તે

વખતે અભિમાનથી કે માયાથી બાહ્ય ક્રિયાઓ કરે છે, કીર્ત્તિ ખાતર દાનાદિ આપે છે, પણ તેથી ચેતનાનો વિરહાગ્નિ શાંત થતો નથી. સહજ પુણ્યબંધ થાય તો તે પણ શુદ્ધચેતનાની અગ્નિને તો વધારે ઉદ્દીપન કરે છે. શુદ્ધચેતનાની દૃષ્ટિએ વિરહાગ્નિ શાંત થાય તેવા સંયમ યતિધર્માદિ સમ્યક્ત્વપૂર્વક આચરવામાં આવે, યોગમાર્ગમાં પ્રવેશ કરવામાં આવે, નિરિચ્છકપણે બાર પ્રકારનાં બાહ્ય અભ્યંતર તપ કરવામાં આવે અને શમદમાદિ અંતરંગ ઉપચાર કરવામાં આવે ત્યારે જ તેનો અગ્નિ શાંત થાય તેમ છે. બાહ્ય જ્વર થયો હોય તો તે બાહ્ય ઉપચારથી મટી શકે છે, શમી જાય છે; પણ અંતરનો જ્વર તો અંતરંગ ઉપાયોથી જ મટે છે. બહુ તત્ત્વદૃષ્ટિથી જોવામાં આવશે તો જ સમજી શકાશે કે ચેતનાને વધારે ત્રાસ આપે તેવા બાહ્ય ઉપચારો જ ઘણી ખરી વખત કરવામાં આવે છે. બહુધા તો ઉપચાર કરવામાં જ આવતા નથી, ચેતનાને વિસારી મૂકવામાં આવે છે, ભૂલી જવામાં આવે છે, ઉપેક્ષા કરીને બાજુપર નાખી મૂકવામાં આવે છે; કદિ કોઈવાર તેના તરફ નજર કરવામાં આવે છે અને તેના અગ્નિને શાંત કરવા માટે ઉપચાર કરવામાં આવે છે તો તે પણ બહુધા તેને વધારે નુકશાન કરનાર હોય તેવા જ હાથ ધરવામાં આવે છે. શુદ્ધચેતના અને ચેતનના સંબંધનું અજ્ઞાન, ચેતનજીની વાસ્તવિક સ્થિતિનો અધુરો અથવા અપૂર્ણ ખ્યાલ અથવા તેવા ખ્યાલની તદ્દન ગેરહાજરી અને વસ્તુસ્વરૂપ સાથે ચેતનના સંબંધની અને પ્રત્યેક કાર્યની ચેતનાપર થતી અસર સંબંધી સમજણની ગેરહાજરી આનું કારણ છે બાહ્ય ઉપચાર કોઈ કોઈવાર કરવામાં આવે છે તે પણ ચેતનાને લાભ કરનાર થતા ન હોવાથી અને ઉલટા તેનો તાપ વધારનારા થતા હોવાથી તે કહે છે કે હે સખિ! હું તો મારી શુદ્ધબુદ્ધ હવે તો ભૂલી ગઈ છું.

આનંદઘનજી મહારાજે કેટલીક જગોપર વ્યવહારને લક્ષ્યમાં રાખી નિશ્ચયને પોષણ આપ્યું છે એમ જે કહેવામાં આવ્યું છે તેનો આ ગાથા એક ખાસ નમુનો છે. બાહ્ય ઉપચાર શુદ્ધચેતનાના વ્યાધિને વધારનારા છે એમ કહેવામાં બહુ વિશુદ્ધ તાત્ત્વિક અપેક્ષા-ધ્યાનમાં રાખવામાં આવી છે અને એ અપેક્ષા તેઓના પદમાં ઘણી જગોએ ધ્યાનમાં રાખવી પડે છે. અહીં લૌકિક વ્યવહારની જગોએ

ધાર્મિક વ્યવહાર વિલક્ષણ રીતે ગોઠવવામાં આવ્યો છે. વ્યવહાર અને નિશ્ચય બંને સમજનાર, તેમાં વિરોધ નહિ પણ સામ્ય અવલોકના આવી ગાથાઓનું રહસ્ય સમજી શકે છે. હજુ સામાન્ય ખ્યાલ એવો છે કે વ્યવહારને અને નિશ્ચયને વિરોધ છે. આ ભ્રાંતિજનક જ્ઞાન છે. એ દેખીતા વિરોધમાં જે અવિરોધ દેખી શકે તેજ તત્ત્વજ્ઞાન પામી શકે તેમ છે અને સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં એક પણ બાબતમાં વસ્તુતઃ વ્યવહાર અને નિશ્ચયને વિરોધ છેજ નહિ એમ ભાર મૂકીને કહી શકાય તેમ છે.

ટબાકાર પણ આ ગાથાનો અર્થ બહુ સુંદર કરે છે. અર્થ લગભગ સરખોજ છે. તેઓ લખે છે કે સખીઓએ ચેતનાના પ્રાણ જતા જાણીને તેનો વિરહાનલ બુઝાવવાને શીતલોપચાર કરવા માંડ્યા એટલે અનાદિ મિથ્યાત્વી જીવ યથાપ્રવૃત્તિકરણે આવ્યો અને કદાચ તે ઉપચાર ચાલુ રહે તો તે અપૂર્વકરણે પણ આવે. આવા બાહ્ય ઉપચાર કરતી સખીને ચેતના કહે છે કે હે ભોળી સખિ! તું ચંદન બરાસનું વિલેપન શું કરવા લગાડે છે? એ તો બાહ્ય અગ્નિનો ઇલાજ છે, પણ મને થાય છે તે બાહ્ય અગ્નિ નથી પણ વિરહાગ્નિ છે, તેથી શીતળ પંખા કુમકુમાદિ તો મારી આગને વધારશે, ઘટાડી શકશે નહિ. ચંદન પંખા વિગેરેથી પતિસ્મરણ થશે તેથી તો મદન વધારે ઉદ્દીપન થશે, કારણ કે તે સર્વ મદનોદ્દીપક છે. જ્યાંસુધી સમ્યક્ત્વવાન્ આત્માનો મને મેળાપ ન થાય ત્યાંસુધી પંખાદિકથી શું સિદ્ધતા થવાની છે. ટબામાં બાહ્ય ઉપચારને યથાપ્રવૃત્તિકરણ સુધીની હદમાં રાખ્યા છે અને ચેતનજીનો મેળાપ સમ્યક્ત્વપ્રાપ્તિથી થાય છે એમ જે બતાવ્યું છે તે બરાબર વિચારીને સમજવા યોગ્ય છે અને તે વાતોને અને ઉપર કરેલા અર્થને બરાબર બંધબેસતા છે એમ વિચારી ઘટાવવું. ટબાકારે વિરહકાળ અપૂર્વકરણ સુધી ગણ્યો છે તે વાત એક રીતે બરાબર મળતી આવે છે. માત્ર બાહ્ય ઉપચાર ની ઉપર જે દશા વર્ણવી છે તે સમ્યક્ત્વપ્રાપ્તિ પછી પણ કેટલીક વાર બનવા જોગ છે, પણ તેનો કાળ પરિમિત હોય છે, એટલે તે સમજી જવામાં આવે તો ટબાકારનો અને પ્રથમ લખેલો અર્થ એક બીજાને બરાબર અનુરૂપ છે એમ સમજાશે.

फागुन चाचर* एक निसा,
होरी सीरगानी हो;
मेरे मन सब दिन जरै,
तनखाख उडानी हो. पीया० ८.

"હોળી ખેલનારા અને ગાનારાની ટોળી ફાગણ માસમાં એક રાત્રે હોળી સળગાવે છે (પણ) મારા મનમાં તો હરરોજ હોળી સળગ્યા કરે છે અને શરીરની રાખ કરીને ઉડાવે છે."

ભાવ-ફાગણ માસમાં હોળી ખેલનારા પુરૂષો તથા સ્ત્રીઓ મગન થાય છે, વસંતોત્સવ કરે છે અને ફાગણ સુદિ પૂર્ણિમાની રાત્રે હોળી સળગાવે છે; પણ મારા મનમાં તો દરરોજ હોળીના ભડકા થાય છે. પતિ મારે મંદિરે પધારી મને આનંદ આપતા નથી અને મારો વિરહાનળ શાંત કરતા નથી તેથી મારા મનમાં તો વિરહાનળના ભડકા રાતદિવસ દરરોજ ઉઠ્યા કરે છે. મારા પતિનો વિરહ મટે તો જ મારો અંતરદાહ મટે તેમ છે. હોળીને બીજે દિવસે ધૂળો પડવો હોય છે તે દિવસે રાખ ઉડાડવામાં આવે છે, પણ મારા મનમાં જે હોળી સળગે છે તે તો મારા શરીરની રાખ કરીને ઉડાવી દે છે. આખું સ્વરૂપ બળી બળીને રાખ જેવું થઈ ગયું છે અને વાસ્તવિક રીતે તે રાખ ઉડાવવામાં આવે છે. મારી એવી ખરાબ દશા થઈ છે કે જાણે હું મૃતપ્રાય જીવન ધારણ કરૂં છું. ચેતનજીની આવી જ દશા છે. એની ચેતનાને [illegible] તે [illegible] ચેતનાને સંગ કરતા નથી તેથી ચેતનાના અંતરમાં વિરહદાહ [illegible] કરે છે કે છેવટે ચેતનનું સ્વરૂપ [illegible] જેવું થાય છે. વર્તમાન દશામાં ચેતનના સ્થૂળ શરીરની [illegible] આવે છે તેને [illegible] છે કે તેને [illegible]

* [illegible]

† [illegible]

જે દાહ થાય તેથી સ્થૂલ શરીર બળી જાય અને તેને લઈને તેના શરીરની રાખ ઉડે એ તદ્દન સમજી શકાય તેવી હકીકત છે. હોળીનો એક રાત્રિનો ભડકો જોયો હોય તેને ખબર પડે કે જેના શરીરમાં રાતદિવસમાં ભડકા ઉઠ્યા કરે તેના અંતે શા હાલહવાલ થાય? આર્યહૃદય પતિ સન્મુખ નિરંતર અનન્ય ભાવથી રહે તેને જ્યારે આશ્રય ન મળે ત્યારે તે બળી જાય છે, સડી જાય છે, દટાઈ જાય છે. શુદ્ધચેતનાનું સ્વરૂપ વિચારી તેનો દાહ ઓલવવા ચેતનજીએ પોતાની ફરજ યાદ કરવી જોઈએ.

ટબાકાર આ ગાથાનો અર્થ કરતાં લખે છે કે ચાચર પુરૂષે ફાગણ માસમાં એક રાત્રે હોળી સળગાવી–ગાઈ. મેં તે ચાચર પુરૂષને કહ્યું કે તમારો તો આ હોળી સળગાવવાનો દેખાવ માત્ર છે, વાસ્તવિક નથી; પણ મારા પતિના વિરહે મારા મનમાં તો રાતદિવસ હોળી સળગે છે અને તેને લીધે શુદ્ધ સ્વરૂપ ચિંતવનરૂપ મારૂં શરીર બળીને તેની રાખ થઈ તે પણ ઉડી ગઈ એટલે રાખ પણ રહી નહિ, અર્થાત્ સુમતિની કુમતિ થઇ ગઈ. અહીં રાખ પણ રહી નહિ એ અર્થ કરવામાં રૂપકને સારી રીતે વધારેલ છે. એક બીજા ટબામાં જરા જૂદી રીતે અર્થ કર્યો છે. હોરી એટલે હોરીરાગ અને સીર એટલે મસ્તક. ગાની એટલે ગાઈ. શરીરમાં મસ્તક વિગેરે હોય છે તેથી તેનો અર્થ પુરૂષ કરવો. ચાચર પુરૂષે એક રાત્રે હોરી ગાઈ તેને મેં કહ્યું કે હે ચાચર પુરૂષો! તમે આ અવસરે હોરી ગાઓ છો પણ મારા મનમાં તો રાતદિવસ હોળી સળગે છે. અહીં હોરી શબ્દપર શ્લેષ કર્યો છે એ અર્થ પણ વિચારવા યોગ્ય છે. હોળી એવી સળગે છે કે તેની રાખ પણ છેવટે રહેતી નથી, ઉડી જાય છે. એટલે શુદ્ધચેતનાની ગંધ પણ રહેતી નથી, નામ નિશાન પણ પછી રહેતું નથી. પતિવિરહે સ્ત્રીશરીરની કેવી દુર્દશા થાય છે તેનો અત્ર નમુનો બતાવ્યો છે. આ સર્વ અર્થો વિચારવા યોગ્ય છે. આવી ચેતનાની દશા થઇ છે તેને લીધે તે પોતાની શુદ્ધ બુદ્ધ ખોઈ બેઠી છે અને વિરહાગ્નિથી ન્હાઇ ગઈ છે. આવા પ્રસંગને લીધે અત્યાર સુધી શુદ્ધચેતનાનું નામ મતિ હતું, કદાચ તેની સાથે કુ ઉપસર્ગ હોત તે પણ સુ તો ઘટે તેમ નહોતો.

समता *महेल विराजैहै,
†वाणी रस रेजा हो,
*बलि जाउं आनंदघन प्रभु,
‡ऐसे निठुर न व्हेजा हो. पीया० ६

"સમતાના મંદિરમાં બીરાજીને વચનવિલાસનો રસ ચલાવજો. હે આનંદઘન પ્રભુ! (તે સ્થિતિમાં) તમારાં ઓવારણાં લઉં, (પણ હવે પછી અત્યારે છો) તેવા કઠોર થશો નહિ."

ભાવ–શુદ્ધચેતના કહે છે કે હે મારા આનંદઘનપ્રભુ! (ચેતનજી જ્યારે શુદ્ધ દશામાં આવે ત્યારે ચિદાનંદઘનસ્વરૂપ છે તેથી તે સ્વરૂપને ઉદ્દેશી તે નામથી અત્ર તેનો વાસ્તવિક રીતે નિર્દેશ કર્યો છે.) આપ હાલ માયામમતાના મંદિરમાં દાખલ થઈ ત્યાં વિષયકષાયની વાતો કરો છો તેને બદલે હવે સમતાના મંદિરે પધારી ત્યાં બીરાજી એટલે સ્થિરતા પ્રાપ્ત કરી આપની વાણીનો વિલાસ કરજો: ત્યાં પધારી આપ નિગોદનું સ્વરૂપ, જીવની ગતિ આગતિ, ષડ્દ્રવ્ય, નવતત્ત્વ, મોક્ષનાં સુખ વિગેરે વિષયોપર વાણીવિલાસ કરી આપનું સ્વરૂપસિદ્ધપણું વિચારશો અને વિષયકષાયના કીચડમાં રેલાવાને બદલે આવી સુંદર વાણીના રસમાં રેલાઇ જશો. હે મારા નાથ! જ્યારે આપ આવી અતિ સુંદર દશા ધારણ કરશો ત્યારે આપ વર્તમાન મિથ્યાત્વદશા મૂકી દઈ યોગમાર્ગમાં પ્રગતિ કરશો, સુમતિનો મહેલ શોભાવશો અને મારો વિરહકાળ તરતમાં જ પૂરો થશે એ વિચારથી મને પણ ત્યારે બહુ આનંદ આવશે. આપ આવા સદ્ગુણ–

---

* મહેલને બદલે 'घर' શબ્દ એક પ્રતમાં છે અર્થ એક જ છે.

† 'वाणी रस रेजे हो' આ પ્રમાણે પાઠ બે પ્રતમાં છે.

* 'बलिहारी आनंदघन प्रभु' એ પ્રમાણે પાઠ ઈડરની બન્ને પ્રતોમાં છે.

‡ 'एसे नाह न होजेहो' એ પ્રમાણે પાઠ એ જ બન્ને પ્રતોમાં છે. આ નોટ ...ને એવો અર્થ કરવામાં અગવડ આવે તેવું છે.

§ સમતા મહેલ=સમતાના મંદિરે. વિરાજૈ=બિરાજીને. વાણી રસ=વચનવિલાસનો રસ. રેજા=ચલાવજો, રેલાવજો. બલિ જાઉં=ઓવારણાં લઉં. આનંદઘનપ્રભુ=આનંદઘનસ્વરૂપ નાથ ચેતનજી. ઐસે=આવા. નિઠુર=નિષ્ઠુર. ન વ્હેજા=ન થશો.

શિરોમણિ મારા નાથ આનંદ આપનાર વિદ્યમાન છે તે મનમાં બહુ હર્ષ થાય છે અને તે હર્ષના આવેશમાં મારી આનંદ શુભ સ્થિતિપર વિચાર કરીને હું તમારાં ઓવારણાં લઉં છું, તમને વધાવી લઉં છું, તમારાં લુંછણાં લઉં છું અને માત્ર એટલું જ કહું છું કે હે મારા પ્રભુ! આપ અત્યારે જેવા મારા ઉપર નિષ્ઠુર થયા છો, જેવા કઠોર થયા છો, જેવા નિર્દય થયા છો, તેવા હવે પછી ફરીને થશો નહિ, મારી સામું કૃપા કરીને જોશો અને મારો વિરહ ભાંગી નાંખશો, સુમતિના મંદિરે પધારશો અને સર્વ પ્રકારે આનંદ આનંદ થઈ જાય એમ કરશો. અત્યારે તો આપ એટલા બધા કઠોર થઈ ગયા છો કે મારી સામું નજર પણ કરતા નથી, હું આપની શુદ્ધ પ્રિય ભાર્યા છું એવો આપના મનમાં ખ્યાલ પણ આવતો નથી. (લુંછણાં લેવાં એ વધાવી લેવાની અથવા આવકાર આપવાની પ્રાચીન પદ્ધતિ છે.)

આ ગાથાના અર્થના સંબંધમાં ટબાકાર લખે છે કે "હે શ્રદ્ધા! મતિના મહેલમાં આવી શુદ્ધ આત્મરાજ બીરાજે ત્યારે હું કુમતિની સુમતિ થઈ ગઈ. અત્યાર સુધી મારો ચઉગતિરૂપ મહેલ હતો તેને બદલે હવે જ્યારે હું મતિની સુમતિ થઈ ત્યારે શુદ્ધ સ્યાદ્વાદમતરૂપ ચારી ચારિત્રદ્વાર પ્રવેશે મુગતિમહેલમાં બીરાજમાન શ્રી અરિહંત (ત્યાં અરિહંત તથા સિદ્ધ બન્ને બીરાજમાન છે પણ અહીં અરિહંતનું કથન છે.) ભગવાનની વાણીરસના રેજા એટલે તરંગ એવા હે આનંદઘન પ્રભુ! તમારી બલી લઉં, હવે તમે અગાઉ વર્તન કર્યું તેમ અશુદ્ધોપયોગી ન થજો." ટબાકારે આ અર્થ કરવામાં પોતે મતિની સુમતિ અને કુમતિ એવા બે વિભાગ પાડી જે અર્થની શરૂઆત કરી છે તેનો ભાવ છેવટ સુધી ટકાવી રાખ્યો છે. રેજાના અર્થ તરંગ રૂપ છે તે ટબાકારનિર્દિષ્ટ છે. વાણીરસરેજાને એક વિશેષણ આપી તેને આનંદઘન પ્રભુનું વિશેષણ બનાવ્યું છે અને એમ કરીને અર્થ ઉપર વર્તન કર્યું તેવા અશુદ્ધોપયોગી આત્મા એમ કર્યું છે. આ અર્થ પણ બહુ સુંદર છે, વિચારવા લાયક છે અને નવીન અર્થને પોતાની બનાવનાર છે.

મારા ગુરૂશ્રી પં. ગંભીરવિજયજીએ આ ગાથાનો અર્થ કરતાં એમ કર્યું હતું કે આ ગાથાના પ્રથમના બે પદ ચેતનજી બોલે છે. હે શ્રદ્ધા!

અમે તારે મંદિરે બીરાજશું અને વાણીનો વિલાસ ચલાવશું. તેના જવાબમાં સુમતિ કહે છે કે હે મારા આનંદઘન પ્રભુ! તમારી આ વાત સાંભળીને હું તમારાં ઓવારણાં લઉં છું અને તમને આવી રીતે મારા મંદિરમાં પધારવાનું વચન આપતાં સાંભળીને એટલું જ કહું છું કે આપ અત્યાર સુધી છો તેવા મારા તરફ કઠોર થશો નહિ. આ અર્થને આપણે વિચારીએ. અહીં ચેતનજી પ્રથમ કહે છે કે હે સુમતિ! અમે તારા મંદિરમાં છેવટે બીરાજશું. હું ભવ્ય છું, મોક્ષનો કામી છું, પણ હજુ મારૂં આત્મવીર્ય સ્ફુરણા પામ્યું નથી તેથી અહીં રખડ્યા કરૂં છું, પણ અંતે તો તારી સાથે જ બીરાજવાનો છું. જ્યારે તારા મહેલમાં બીરાજીશ ત્યારે લોકાલોકપ્રકાશક કેવળજ્ઞાન પણ છેવટે થશે અને અમે પછી નયનિક્ષેપ નિગોદાદિના સ્વરૂપની પ્રત્યક્ષ દેખાતી સમજાતી વાતો કરશું. આવી રીતે મારા તારા સ્વરૂપની વાતો કરશું ત્યારે બહુ આનંદ થશે અને તારા વિરહની પીડા ભાંગી જશે અને અત્યાર સુધી તેં જે દુઃખ સહન કર્યું છે તેનો બદલો વળી જશે. સુમતિ જવાબમાં કહે છે કે શુદ્ધ દશામાં અપૂર્વ આનંદસમૂહ આપનાર મારા પ્રભુ! તમારી એ સ્થિતિપર ખ્યાલ રાખીને હું તમારાં ઓવારણાં લઉં છું. મારૂં સ્વરૂપ અનાદિકાળથી ધૂળ મળી ગયું છે અને વિરહાગ્નિ મને બાળ્યા કરે છે પણ હવે તેનો છેડો આવવાનો છે તે વિચારથી મને હર્ષ આવે છે અને તેનાં ચિહ્ન તરીકે હું તમારાં લુંછણાં લઉં છું. નાથ! એમ હોય તો ભલે આપ મોડા વહેલા પધારજો. આપ જરૂર પધારવાના છો એ વિચારથી મારા મનમાં નિરાંત થઈ છે; પણ મારા સ્વામી! આપ અત્યાર સુધી મારા તરફ કઠોર થઈને બેઠા હતા તેવા તો હવે રહેશો નહિ, થશો નહિ, એટલી મારી આપને ખાસ વિજ્ઞપ્તિ છે. આ પ્રમાણે અર્થ બહુ સુંદર થાય છે, પણ આખું પદ શુદ્ધચેતના બોલે છે તેને બદલે છેલ્લી ગાથામાં એકદમ સુમતિ આવી જાય છે અને શુદ્ધચેતનાની બોલેલી પાંચ ગાથા પછી ચેતનજી બોલે છે એમ ધારવામાં જરા પ્રક્રમભંગ થાય છે, તેથી બની શકે તો ચેતનના મુખમાં જ એ શબ્દો મૂકવા જોઈએ તેથી પ્રથમ અર્થ અત્ર બતાવ્યો છે. ત્રણે અર્થ યોગ્ય આશય દર્શાવનાર છે તેને લક્ષપૂર્વક વિચારવા.

આખા પદમાં જે એક ભાવ ઝળકે છે તે એ છે કે ચેતન-

નજીએ પોતાની વાસ્તવિક શુદ્ધ દશા યાદ કરી તેમાં રમણ કરવું જોઈએ અને શુદ્ધ દશાને અને તેને જે વિરહ (વિયોગ) થયેલો છે તેનો અંત લાવવો જોઈએ. શુદ્ધ વિમળા દશામાં પરમ પવિત્ર સદ્ગુરુનિધાન ચિદાનંદઘનસ્વરૂપ નિરંજન નિર્લેપી ચેતનજી હાલ તો પરભાવમાં એવા ફસાઈ ગયા છે કે તેને બીજું કાંઈ સુજતું નથી, બીજા તરફ તેનું ધ્યાન પણ જતું નથી અને બીજી બાબત તરફ દૃષ્ટિક્ષેપ પણ થતો નથી. આ અતિ ખેદજનક સ્થિતિનો કોઈ પણ પ્રકારે અંત જરૂર લાવવો જોઈએ અને શુદ્ધ દશા પ્રગટ કરવા યોગ્ય પ્રયાસ અને યત્ન કરવો જોઈએ.

પદ બેતાળીશમું–રાગ સારંગ અથવા આશાવરી.

> अब हम अमर भये न मरेंगे; अब०
> या कारण मिथ्यात दीयो तज,
> क्युं कर देह धरेंगे. अब० १.

"હવે અમે અમર થયા છીએ (તેથી) મરશું નહિ, જે કારણ માટે મિથ્યાત્વને તજી દીધું છે. હવે અમે શું ફરીથી દેહ ધારણ કરશું?"

ભાવ ઉપરના પદમાં જણાવ્યું તેમ શુદ્ધચેતનાની [illegible] જોઈને ચેતનજીએ કહ્યું કે હવે અમે સમતાના મહેલમાં બીરાજશું અને [illegible] દૃષ્ટિવિલાસના તરંગ ઉગાવશું. આ ભવિષ્ય કાળમાં કરવાના કર્તવ્ય [illegible]નિરીક્ષણ કર્યો પછી ચેતનજીને જરૂર વિચાર થાય તે સ્વાભાવિક છે. એવા વિચારને પરિણામે તેને હવે નિર્ણય થયો કે [illegible] [illegible] મૂકી દેવો એ જ બધી વાતે ઉચિત છે, કારણ કે [illegible] [illegible] થી શુદ્ધ પતિવ્રતા પોતાના ઘરની સ્ત્રીની અપ્રીતિ થાય છે અને [illegible] સ્થિતિમાં રખડી અનેક પ્રકારનાં દુઃખો સહન કરે છે. [illegible] [illegible] પરિણામે ચેતનજી શુદ્ધ માર્ગપર આવવાનો વિચાર કરે [illegible] [illegible] મનમાં એક પ્રકારનું [illegible] આવી જાય છે, તેને [illegible]

---

૧ [illegible]
૩ [illegible]

થઈ જાય છે કે હવે પોતે આ સંસારના ફાંસામાંથી નીકળી ગયો, જરામરણનાં દુઃખથી રહિત થઈ ગયો અને સર્વ પીડાથી મુક્ત થઈ ગયો. એવી સ્થિતિમાં એટલે કે જ્યારે હજુ તે માર્ગપર આવવાના વિચાર કરે છે અને નિર્ણય કરે છે તે વખતે તેના અંતરમાંથી જે ધ્વનિ ઉઠે છે તે અત્ર બતાવેલ છે.

પ્રાણીને સંસારમાં સર્વથી મોટો ભય મરણનો છે. અહીં અનેક પ્રકારની પ્રવૃત્તિ કરી સુખદુઃખ વેઠી સંસાર જમાવે પણ તે સર્વને છોડી દઈને ક્યારે ચાલ્યા જવું પડશે તે પોતે જાણતો નથી. મોહનીય કર્મના પ્રચુરપણાથી તેની મોહદશા એવી મજબૂત થઈ ગઈ હોય છે કે પોતે સંસારને વળગતો જાય છે અને સંસાર પોતાને છોડતો નથી એમ તે સમજે છે. આવી ગાઢ અજ્ઞાનદશાને અંગે તેને મરણનો બહુ ભય લાગ્યા કરે છે, કારણ કે મૃત્યુ જમાવટ કરેલી સર્વ સ્થિતિનો એકદમ સર્વથા નાશ કરનાર છે, તેથી સ્વાભાવિક રીતે જ્યારે તે સમજણો થાય ત્યારે તેના મનમાં એવી વૃત્તિ થાય કે કોઈ એવો ઉપાય રચવો જોઈએ કે જેથી જન્મમરણની ઉપાધિ મટી જાય. સંસારમાં દીર્ઘાયુષી થવા તે અનેક પ્રકારના યોગ્ય અયોગ્ય પ્રયત્નો કર્યા કરે છે. જ્યારે તેને સમતાના મહેલમાં બીરાજવાનો વિચાર થયો ત્યારે તેની સર્વ અવસ્થા તપાસતાં તેના મનમાં ખાત્રી થઈ કે આ માર્ગ પકડવાથી જન્મમરણની ઉપાધિ મટી જશે. આવી રીતે સમતાના મહેલમાં બીરાજવાની ઇચ્છાનું પરિણામ શું થશે તે બતાવતા પોતે ઉદ્ગાર કાઢે છેઃ હવે અમને અમરપણાનો માર્ગ મળ્યો છે, તેથી અજ્ઞાનદશામા અમે અત્યાર સુધી અનંત મરણો કર્યા તે હવે નહિ કરીએ. હવે તો આત્મા કોણ છે? તેનુ સુખ શુ છે? ક્યાં છે? કેવી રીતે મળી શકે તેમ છે? વિગેરે સર્વ બાબતોની સમજણ પડી અને તેના પરિણામે યોગ્ય માર્ગ ગ્રહણ કરવાથી ચેતનજી પોતે અજર અમર થઈ જવાના છે એમ નિર્ણય થતા ભવિષ્યમા વર્તમાનનો આરોપ કરી પોતે અત્યારે જ અમર થઇ ગયા છે એમ કહે છે. આવી રીતે જ્યારે અમે અમર થયા છીએ ત્યારે તેના અનિવાર્ય પરિણામ તરીકે હવે અમે અત્યાર સુધી કર્યા તેવાં મરણો કરશું નહિ એમ કહે છે. અત્યાર સુધી અમે મરણો કરતાં હતાં તેનું કારણ મિથ્યાજ્ઞાન-અજ્ઞાન હતુ; એ ખોટો

માર્ગ ગ્રહણ કર્યો હતો તેને લીધે જ અત્યાર સુધી મરણનાં [illegible] સહન કરવાં પડતાં હતાં. મિથ્યા માર્ગના આદરથી પ્રાણી વસ્તુ[illegible] ઓળખી શકતો નથી અને તેને પ્રાપ્ત કરવાનો સાચો પ્રયત્ન કરતો નથી. હવે જ્યારે તે મિથ્યા માર્ગને છોડી દીધો છે અને [illegible] સ્વરૂપ સમજાઈ ગયું છે ત્યારે શું ફરીવાર તેને અંગે પણ [illegible] શું અમારામાં એટલી સાધારણ બુદ્ધિ પણ નથી કે કુમાર્ગને [illegible] તરીકે ઓળખ્યા પછી પણ તેને વળગી રહીએ? ત્યારે મરણનાં [illegible] ણને ઓળખી તેનો જ્યારે અમે ત્યાગ કર્યો છે ત્યારે મરણ [illegible] આવશે અને આવશે તો તેને કોણ સંઘરશે!

વસ્તુસ્થિતિ કેવી વિપરીત છે તેનો અહીં જરા પ્રાસંગિક [illegible] થઈ આવે છે. આ પ્રાણી સુગુરૂના ઉપદેશથી, સુશાસ્ત્રના [illegible] અને ધર્મકથાના વ્યાખ્યાનશ્રવણથી મિથ્યા માર્ગ કયો છે અને કે[illegible] અને કેવાં પરિણામ નીપજાવનારો છે તે જાણે છે, સમજે છે અને [illegible] કોઈ વાર તેનાપર વિચાર પણ કરે છે, છતાં તેનો ત્યાગ કરી [illegible] નથી. તે સમજે છે કે માયામમતાના માર્ગો કુટિલ છે, [illegible] નાનાં અધારાવાળા છે, પ્રમાદ વિકથાના માર્ગો આડઅવળા છે [illegible] સ્થુલ પૈદ્ગલિક વૃદ્ધિના માર્ગો ખાડા ટેકરાવાળા છે; એ સર્વ [illegible] છે, મિથ્યા માર્ગ છે એમ જાણ્યા છતાં પણ તેના ઉપર અનાદિ [illegible] લીધે, તેની તરફની અનાદિ રાગધતાને લીધે અને તેના [illegible] લીધે તેનો તે ત્યાગ કરી શકતો નથી, તેના ઉપર પોતાનું [illegible] ચલાવી શકતો નથી અને ઉલટી તેને પોતાના ઉપર સત્તા [illegible] [illegible] તેનું અજ્ઞાન છે, મૂઝવણ છે, મૂર્ખતા છે અને [illegible] [illegible] ની [illegible] બુદ્ધિનો [illegible] [illegible]

[illegible]

[illegible]

બીજાં દૃષ્ટિબિંદુઓનું સાપેક્ષત્વ ન રહે તો સત્યજ્ઞાન પણ વિપરીત-પણે અસર કરે છે. અહીંજ શ્રીવીતરાગપ્રણીત નયનિક્ષેપ સંબંધી જ્ઞાન જેનાપર પાંચમા પદમાં વિસ્તારથી વિવેચન કર્યું છે તેની આવશ્યકતા સમજાય છે. ઉપર જણાવેલા પ્રકારનું મિથ્યાજ્ઞાન જન્મમરણનું કારણ છે, કારણ કે તેને લઇને પ્રાણી ચેતનજી અને અન્ય પદાર્થોનું સ્વરૂપ સમજી શકતો નથી. મિથ્યાજ્ઞાનમાં તરતમતા હોય છે પરંતુ જ્યાંસુધી મિથ્યાજ્ઞાનનો આવિર્ભાવ હોય છે ત્યાંસુધી જન્મ-મરણનું કારણ હયાત રહે છે. તેનો જ્યારે નાશ થાય ત્યારે પણ ચેતનજીનાં જન્મમરણ એકદમ મટી જતાં નથી પણ ત્યાર પછી તેને માત્ર વખતનોજ સવાલ બાકી રહે છે. ચક્રને ચલાવનાર દંડને કાઢી નાખ્યા પછી પણ દંડે આપેલ ગતિથી ચક્ર થોડા વખત તો જોસમાં ચાલે છે પણ પછી ધીમું પડતું જાય છે અને છેવટે તદ્દન બંધ પડી જાય છે, તેવી રીતે મિથ્યાજ્ઞાનરૂપ દંડથી ચાલેલ મરણકષ્ટરૂપ ચક્ર પણ દંડના અભાવે થોડો વખત ચાલે છે પણ છેવટે તેની ગતિ ધીમી થઇ જતાં આખરે તે બંધ થઇ જાય છે. આ ભવિષ્યમાં થવાની સ્થિતિનો વર્તમાનમાં અત્ર આરોપ છે. આ આખા પદમાં 'અમર' શબ્દપર ભાર મૂક્યો છે, એ શબ્દ આખા પદની keynote ચાવી છે. મરણનાં કારણનો આવી રીતે નાશ થવાથી તેના કાર્યનો પણ નાશ થઇ જવાનો છે એ સમજાય તેવી હકીકત છે. 'ક્યું કર દેહ ધરેંગે' એ પદના બે અર્થ થાય તેમ છે. ફરીથી શું તેને અંગે લગાડશું? એ પ્રથમ અર્થ છે. એના પણ પેટામાં બે અર્થ થઇ શકે છે. એક તો મરણને હવે ફરીવાર અંગે લગાડશું નહિ એવો ભાવ નીકળે છે અને બીજું મિથ્યાત્વને ફરીવાર અંગે લગાડશું નહિ એ ભાવ નીકળે છે. બીજો અર્થ કરીએ તો એવો આશય જણાય છે કે હવે જ્યારે મિથ્યાત્વ જે દેહધારણનું કારણ હતું તેને તજી દીધું ત્યારે હવે શેને લઇને અમે નવો દેહ ધારણ કરશું અને મરણ તો શરીરનું થાય છે, ચેતનજી તો હવે પછી જણાવવામાં આવશે તેમ અવિનાશી છે અને તેનું કાંઇ મરણ થતું નથી, તેથી દેહ ધારણ કરાવનાર સંસારચક્રમાં ફસાવનાર અને રખડાવનાર મિથ્યાજ્ઞાન છે તેનો ત્યાગ કર્યો છે તેથી હવે દેહ જ શામાટે ધારણ કરવો પડશે? આ

બીજો અર્થ પણ સુંદર છે. એ આશય બીજી ગાથામાં આજ પદમાં બતાવ્યો છે તેથી તેનું ત્યાં પુનરાવર્તન થતું અટકાવવા ઉપરોક્ત અર્થ કર્યો છે.

> राग दोस जग बंध करत है,
> इनको नास करेंगे;
> मर्यो अनंत कालतें प्राणी,
> सो हम काल हरेंगे; अब हम० २

"રાગ અને દ્વેષ જગતને બંધન કરનાર છે તેઓનો અમે નાશ કરશું અને અનંત કાળથી પ્રાણી મરણ પામ્યો છે તે કાળને અમે (હવે) મટાડી દેશું."

ભાવ—આ દુનિયામાં પૌદ્ગલિક દ્રવ્યપર પ્રીતિ અપ્રીતિ કરનાર વસ્તુ શું છે તેની બરાબર શોધ કરવી જોઈએ. એક વસ્તુ તરફ વિશેષ આકર્ષણ થાય, અન્ય તરફ એવું આકર્ષણ થાય, કોઈ પર દુગંછા થાય, કોઈ ઉપર તિરસ્કાર થાય એ સર્વનું કારણ રાગ અને દ્વેષ છે. પૌદ્ગલિક વસ્તુપરના પ્રેમને રાગ કહેવામાં આવે છે અને તેનાથી ઉલટા ભાવને દ્વેષ કહેવામાં આવે છે. અજ્ઞાનતાને પૂર જોશથી વધારનાર, અજ્ઞાનથી પૂર જોશમાં ત્રાસ થનાર અને પરિતાપને અનેક નવા ત્રાસ કરાવનાર, મહા મિથ્યાત્વના કારણભૂત અનેક પ્રકારના કર્મવર્ગણાને એકઠા કરી લેનાર અને આત્માને અંનત સ્થિતિમાં [illegible] રાગદ્વેષના આ બંને [illegible] અનેક [illegible] [illegible] ચેતનજીને [illegible] [illegible] [illegible] નથી. [illegible] [illegible] [illegible] અનેક પ્રકારનાં [illegible] [illegible]

મોટો કર્મબંધ કરે છે કે એને લઈને અનંત સંસાર વધારી મૂકે છે, જીવનને વિષમ બનાવી મૂકે છે અને સંસારમાંથી ઊંચા આવવાને બદલે તેમાં ઊંડા ઊંડા ઉતરતા જાય છે. અમુક સ્થિતિ ભોગવવાનો આધાર કર્મબંધપર રહે છે અને તેનો આધાર ખાસ કરીને અમુક સાંસારિક કાર્યને અંગે તાદાત્મ્યપણું કેટલું થાય તેપર રહે છે; એ તાદાત્મ્યપણું અનુકૂળ અથવા પ્રતિકૂળપણે રાગ અને દ્વેષ અનુક્રમે કરાવે છે; અને તેથી મહાનિષ્ઠુર પ્રચુર કર્મસંઘાત વહોરી લેવાનું પ્રબળ નિમિત્ત-કારણ રાગદ્વેષ બને છે. ઉપાધ્યાયજી યશોવિજયજી તેટલા માટે એક જગોપર કહે છે કે "રાગે પડીઆ તે નર ખૂતારે, નરય નિગોદે મહા દુઃખજુત્તારે." એવી જ રીતે દ્વેષને અંગે તેઓએ બે હકીકત બહુ યાદ કરવા લાયક કહી છે. ચરણકરણ ગુણોની સુંદર ચિત્રશાળા દ્વેષધૂમ્રથી કાળી થઈ જાય છે અને યોગનું પ્રથમ અંગ અદ્વેષ-દ્વેષનો અભાવ છે. જેઓ દ્વેષભાવનો ત્યાગ કરે છે તે ગુણાનુરાગી થાય છે અને જ્યાં ગુણનો અભાવ જુએ છે ત્યાં સમચિત્ત થઈ જાય છે. આવી માધ્યસ્થ્ય વૃત્તિ જ્યારે અંતઃકરણપૂર્વક વિચારણા સાથે પ્રાપ્ત થઈ જાય ત્યારે અનેક કર્મમળ દૂર થઈ જાય, અનેક કર્મદોષ પ્રેમ કરવાના માર્ગો બંધ થઈ જાય અને તેથી છેવટે ચેતનજીપર [illegible] ઓછો ઓછો થતો જવાથી અને નવીન કર્મસ[illegible] [illegible] કરવાથી તે ક્રમે ક્રમે કર્મથી મુક્ત થઈ અમર થઈ જાય છે. [illegible] માટે અત્ર કહ્યું છે કે આ જગતને બંધન કરનાર [illegible] અને [illegible] તેને તે અમે નાશ કરશું. જ્યારે ચેતન પોતાની [illegible] સ્થિતિ [illegible] નિશ્ચયપર હોય ત્યારે પણ તેને પોતાની [illegible] [illegible] પરની [illegible] થાય એ ઉચિત છે અને તેને [illegible] તે એક [illegible] શી [illegible] કે અને તેને [illegible] [illegible] સાથે એ પણ તેનું [illegible] [illegible] અને તેને [illegible] ન હોવા [illegible] [illegible] સમનન [illegible] છે, [illegible] કે [illegible] [illegible] વસ્તુઓમાં [illegible] અને તેને [illegible] એક [illegible] વિશુદ્ધ [illegible] આવા જાય છે કે તેથી [illegible] અનુસાર [illegible] એક ઉદાત્ત સ્થિતિ પ્રાપ્ત થાય છે.

આવી મહાન્ ઉદાત્ત સ્થિતિ પ્રાપ્ત થતાં જે રાગદ્વેષ અજ્ઞાનને જન્મ આપે છે, અનાદિ મિથ્યાત્વને પોષે છે અને ચેતનજીનાં જ્ઞાનચક્ષુપર અંધી ચઢાવે છે તેનો એકદમ નાશ થઈ જાય છે. આ અજ્ઞાન-મિથ્યાત્વ જીવને કેટલો ત્રાસ આપે છે તે સમજવું સહેલું છે. આ સંસારમાં જેટલું મિથ્યાત્વ રખડાવે છે તેટલું અન્ય કોઇ રખડાવતું નથી. મિથ્યાત્વથી મોહ–મોહથી રાગદ્વેષ અને તે સર્વથી અનેક અનર્થ-પરંપરા ચાલે છે. એકાંત ધર્મપર રૂચિ થવી, વિશુદ્ધ આત્મસ્વરૂપ શોધવા તરફ અલક્ષ્ય બતાવવું, પોતાના અભિનિવેશોને મજબૂતીથી વળગી રહેવું વિગેરે અનેક રીતે આ ચેતનનાં જ્ઞાનચક્ષુને આવરણ કરનાર, ભ્રમિત સ્થિતિમાં નાખી દેનાર અને ઉન્મત્તની પેઠે ચેષ્ટા કરાવનાર અજ્ઞાનજન્ય અને અજ્ઞાનજનક મિથ્યાત્વ છે. બાહ્ય દૃષ્ટિએ ઘણું ભણી ગયેલા માણસો પણ એના જોરથી એવા માયાભ્રમમાં પડી જાય છે કે અંશ સત્યને સંપૂર્ણ સત્ય માની વસ્તુતત્ત્વ ગ્રહણ કરતા નથી, કોઈ શુદ્ધ તત્ત્વ બતાવે તો તે તરફ પ્રીતિ બતાવતા નથી અને આગ્રહમાં પડી જઇ પૂર્ણ સત્યને દાબી દે છે. આટલા માટે રાગદ્વેષ અનંત સંસારચક્રમાં ભ્રમણ કરાવનાર છે અને તેથી તેનો નાશ કરવા ખાસ દઢ ભાવના કરવી જોઇએ એ બહુ ઉપયોગી બાબત છે.

વળી ચેતનજી કહે છે કે અનંત કાળથી પ્રાણી જેનાવડે મરતો આવ્યો છે તે કાળને હવે હું મટાડી દઇશ. અત્યાર સુધી કાળ-મરણને વશ પડીને પ્રાણીને અનંતાં મરણો કરવાં પડ્યાં છે તે મરણને હવે મટાડી દઇશ એટલે હવે મારે અનાદિ મરણો મરવું પડશે નહિ અથવા તે એટલે ઉપર્યુક્ત રાગદ્વેષથી પ્રાણી અનંત કાળ સુધી મરતો આવ્યો છે તેનું કારણ બંધ પડી જવાથી મરણને જ મટાડી દેશું. અજ્ઞાનદશામાં સંસારચક્ર અનંત હોય છે, વિરતિ ગુણ પ્રાપ્ત થયા પછી તે ઓછું થતું જાય છે અને છેવટે આ પ્રાણીની ક્રમથી મુક્તિ થાય છે ત્યારે મરણજન્મ બિલકુલ થતાં નથી. તેથી કર્મપ્રકુત્તિજન્ય રાગદ્વેષનો નાશ કરવાથી અમરપણાની પ્રાપ્તિ થાય છે. કારણનો નાશ થવાથી કાર્યનો નાશ થઈ જાય એ તો સ્વભાવસિદ્ધ નિયમ છે અને અહીં મરણનાં કારણભૂત રાગદ્વેષનો નાશ થઈ જવાથી

અથવા તેઓ ઉપર કાબુ આવી જવાથી તેના કાર્યભૂત કર્મબંધનનો નાશ થવાનો એ સિદ્ધ નિયમ છે અને તેમ થવાથી કર્મનો એક આવિર્ભાવ મરણદશા તે પણ અટકી જવાની એમાં જરા પણ સંદેહ જેવું નથી. આથી રાગદ્વેષને કાબુમાં લેવાની ખાસ જરૂર છે એ વાત સ્પષ્ટ થાય છે.

પ્રાણીને મરણનો મોટો ભય છે તે જ્યાંસુધી સંસારમાં પ્રાણી હોય છે ત્યાંસુધી લાગે છે. ખાવા પીવાની સગાં સ્નેહીઓની તથા બીજી અનેક પ્રકારની ઉપાધિ ભોગવનાર વ્યાધિગ્રસ્ત ભિખારી પણ મરણને ઇચ્છતો નથી, મરવાની વાત આવે ત્યાં ચોંકી જાય છે અને કોઈ 'મર' એવો શબ્દ તેને કહે તોપણ ક્રોધ કરે છે. આવાં મરણનું કારણ શોધી તે કારણને અટકાવી દઈ મરણને જ અટકાવી દેવાં એ ખાસ કર્તવ્ય છે, એથી ઉપાધિ ઓછી થઈ જાય છે, સંસારચક્રના ફેરા આળસી જાય છે અને માનસિક કે આત્મિક અવનતિ એકદમ અટકી જાય છે. કર્મબંધ કરાવનાર રાગદ્વેષરૂપ મહા ઉગ્ર શત્રુનો નાશ થવાથી આ સ્થિતિ પ્રાપ્ત થાય છે માટે મોટો પુરૂષાર્થ કરી તેઓને પોતાના કબજામાં લેવાનો પ્રયત્ન કરવો યુક્ત છે.

देह विनाशी हुं अविनाशी,
अपनी गति पकरेंगे;
नासी जासी हम थीरवासी,
चोखे व्है निखरेंगे. अब० ३

"શરીર નાશવંત છે અને હું અક્ષય છું (તેથી હું તો) આપણું પોતાનું સ્વરૂપ પકડી લઈશ. (ત્યારે) તે નાશવંત વસ્તુ નાશી જશે અને હું સ્થિરવાસ કરનાર છું (તે) નિર્મળ થઈને અવલોકન કરીશ અથવા નિખાલસ થઈને રહીશ."

---

૩ દેહ=શરીર. વિનાશી=નાશવંત. હું=ચેતન. અવિનાશી=અક્ષય. અપની=આપણી, પોતાની. ગતિ=સ્વરૂપ. પકરેંગે=પકડીશ. નાસી=નાશ પામનાર વસ્તુ. જાસી=નાશી જશે. હમ=હું. થીરવાસી=સ્થિરવાસવાળા, નિશ્ચલ નિવાસી. ચોખે=શુદ્ધ, નિર્મળ. વ્હૈ=થઈને. નિખરેંગે=જોઈશ. [illegible], અથવા નિખાલસ થઈને રહીશ.

ભાવ—વળી ચેતનજી કહે છે કે આ શરીર છે તે તો નાશવંત છે; તે તો સડી જશે, પડી જશે અને અંતે કાં તો ભસ્મીભૂત થશે, કાં તો માટીમાં મળી જશે અને કાં તો ગીધ કાગડા કુંવરા તેનું ભક્ષણ કરશે. એ શરીર જેનાપર અજ્ઞાનદશામાં મોટો મમત્વ બંધાય છે, જેને પોષવાને માટે અનેક પ્રકારની ઉપાધિઓ કરવામાં આવે છે અને જેને અનેક રીતે પંપાળવામાં આવે છે તે તો આખરે નાશવંત છે અને તેની અંદર રહેલ હું જે તેને ગતિમાં મૂકું છું તે તો અવિનાશી છું, શાશ્વત છું, અક્ષય છું. શરીરનો અને મારો સંબંધ જ એવા વિચિત્ર પ્રકારનો છે કે તે ટકે નહિ, કારણ સંબંધ-સ્નેહ કાયમ તો સરખી પ્રકૃતિવાળાનો જ રહે છે અને સંબધ કરવો પણ તેવા પ્રકારનો જ ઘટિત છે. મારી અને શરીરની પ્રકૃતિ તો તદ્દન વિપરીત છે. તે નાશવંત અને હું અવિનાશી છું. વ્યવહારથી કોઈનું શરીર પડતાં તેનું મરણ થયું એમ લોકો કહે છે, પણ તે વાસ્તવિક હકીકત નથી. મરણ વખતે જે થાય છે તે માત્ર એક શરીર સાથેનો જીવનો સંબંધ પૂર્ણ થવાથી છૂટી જાય છે, પરંતુ એ સંબંધ તો પ્રથમથી જ અઘટતો હતો. તેવા કાચા સંબંધને ચિરંતન કાળનો સંબંધ માન્યો હતો એ જ ભૂલ ભરેલું હતું. ત્યારે હવે હું તો મારી વાસ્તવિક ગતિ પકડી લઈશ. મારો યોગ્ય માર્ગ કોઈ પણ પ્રકારના ભેળ વગર દોષ વગર પ્રગટ કરવાની મારે ખાસ જરૂર છે. મારૂં અવિનાશીપણું પ્રગટ થાય, વ્યવહારથી પણ મારાં મરણો થતાં દેખાય છે તે સ્થિતિ અટકી જાય અને મારો ચૈતન્યસ્વરૂપનો શુદ્ધ માર્ગ પ્રગટ થાય એ મારી પોતાની ગતિ મારે હવે પકડી લેવી જોઈએ અને તે હું પકડી ઠરીશ, ગ્રહણ કરીશ, આદરીશ.

દેહ વિનાશી હોવા છતાં તેના સંબંધમાં આ પ્રાણી કેવી કેવી વિચિત્ર વર્તના કરે છે તેપર વિવેચન કરવા અત્ર થોભવું નહિ. તે સંબંધમાં શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમના દેહમમત્વ (પંચમ) અધિકારમાં વિવેચન થઈ ગયું છે. એના વિનાશીપણાનો અનુભવ તો સામાન્ય રીતે નજર કરનારને પણ થઈ જાય તેમ છે. દરરોજ અનેક મનુષ્યોને મરણ પામતાં જોઈએ છીએ. એ સંબંધમાં ચિદાનંદજી મહારાજે એક પદ લખ્યું છે તેપર ધ્યાન આપીએઃ—

એ ઘટ વિણસત * વાર ન લાગે. એ ઘટ.
યાકે સંગ કહા અબ મુરખ, છિન છિન અધિકો † પાગે. એ૦ ૧
કાચા ઘડા કાચકી શીશી, લાગત ‡ ઢબુકા ભાગે
§ સડણ પડણ વિધ્વંસ ધરમ જસ, તસથી નિપુણ નિરાગે. એ૦ ૨
આધિ વ્યાધિ વ્યથા દુઃખ ઉણુ ભવ,નરકાદિક ! ફુનિ આગે
¶ ઉમંગુ ન ઘટત સંગ વિણુ પોખ્યા, § આરમજુમે ત્યાગે. એ૦ ૩
અદ પઇ ધાઇ + મહેશ તજ વિરકા, ગુરૂ ઉપરા કોઇ લાગે
તન ધન નેહ નિવારી ચિદાનંદ, ચલિયે તાકે સાગે **. એ૦ ૪

આવી શરીરની સ્થિતિ અધ્યાત્મીઓ કહી ગયા છે. સડણ પડણ વિધ્વંસન ધર્મયુક્ત પુદ્ગલની રચનામાં રાગ ધરી ચેતનજીની ગતિ ખોટી કરવી એ કોઈપણ રીતે ઉચિત નથી. એજ અધ્યાત્મરસિક ચિદાનંદજી મહારાજ અન્યત્ર આત્મબોધ કરતાં એક સવૈયો ગાપે છે.

તું તો અવિનાશી કાયા પ્રગટ વિનાશી અરૂ,
તું તો હૈ અરૂપી એ તો રૂપી વસ્તુ જોઇએ;
†† મલકી ક્યારી :: મોહરાયકી પિયારી §§ એ તો,
હોયગી નિયારી ‖ એ વૃથા ભાર ઢોઇએ.
મહા દુઃખખાનિ દુરગતિકી નિશાની તાતેં,
યાકો નેહ અરૂઝો નિહિલિત ¶¶ નાંહિ ** સોઈએ
ચિદાનંદ તપ જપ કરી યાકો - લાહો લીજે,
નહીં નરભવ પાય વીરથા ન ખોઈએ

આવી રીતે શરીર નાશવત છે એ અત્યંત ખેદ અનિત્ય ભાવ [illegible]
[illegible] વિનાશીક છીએ એવ નાશવત શરીર ઉપર [illegible]
[illegible] ચેતનજી કરે એ કોઈ રીતે [illegible] નથી. [illegible] હવ નહી
[illegible]

એમ કરવું એ મારા અવિનાશીપણાને સર્વથા યોગ્ય છે; કારણ કે ગમે તેમ પણ શરીર તો કફ મળ મૂત્રથી ભરપૂર છે અને તેનો અને મારો સંબંધ અયોગ્ય હોવા ઉપરાંત હું અવિનાશી છતાં મારું મરણ થાય છે એમ પ્રચલિત ભાષામાં બોલાય છે.

જ્યારે હું મારી પોતાની ગતિ પકડી લઈશ ત્યારે પેલા રાગદ્વેષ અને તેને લઈને થયેલાં અને થતાં મારાં મરણો બંધ પડશે, નાસી જશે, તે નાશવંત વસ્તુ હોવાથી દૂર થશે; કારણ કે જડનો માર્ગ મૂકી ચેતનનો માર્ગ અમે પકડશું ત્યારે કર્મબંધનું કારણ નાશ પામશે. અમે પોતે (શુદ્ધ ચેતનજી) તો નિશ્ચય નિવાસી–શુદ્ધ આત્મગુણમાં રમણ કરનાર છીએ–મોક્ષસ્થાનમાં વાસ કરનાર છીએ તેથી ત્યાં જઈ ચોખા થઈને સર્વ જગતનું અવલોકન કરશું અથવા નિખાલસ, કર્મમળથી રહિત–નિર્મળ થઈને રહેશું. રાગદ્વેષ નાસી ગયા એટલે આ જીવ નવીન કર્મબંધ કરતો અટકી જાય છે અને તેથી ધીમે ધીમે તેની સર્વ કર્મથી મુક્તિ થતાં તે ચોખો થઈ જાય છે, કર્મમળ તેનો દૂર થાય છે અને તેથી તે શુદ્ધ સ્થાનમાં વાસ કરે છે, અને ત્યાં નિરાંતે બેસે છે. બીજો અર્થ એ છે કે તેવા ચોખા થઈને પછી સર્વ વસ્તુઓનું તેઓમાં રહેલા સ્વભાવ સ્થિતિ સ્વરૂપે અવલોકન કરશું. પછી અમને વિષયોનું વિરસપણું, સાંસારિક જીવોનું અજ્ઞપણું, પૌદ્ગલિક પદાર્થોનું અસ્થિરપણું, શુદ્ધ ચેતનજીનું ગુણરમણપણું અને એવી અનેક બાબતોમાં વસ્તુસ્વભાવગત યથાસ્થિત ધર્મોનું અવલોકન કરવાનો પ્રસંગ બની આવશે. ત્યાં બેઠા બેઠા અનંત જ્ઞાનથી દુનિયાનું સ્વરૂપ, જીવસ્વભાવની વિચિત્રતા બરાબર લક્ષ્યમાં આવશે. આવી રીતે અવલોકન કરવાની સ્થિતિ મોક્ષમાં પ્રાપ્ત થાય છે એટલું જ નહિ પણ જ્યારે ચેતનજી પોતાની ગતિ પકડી લે છે અને મોક્ષમાર્ગ તરફ પ્રબળપણે પ્રગતિ કરે છે ત્યારે પણ વધારે વધારે શુદ્ધ અક્ષરમા પ્રાપ્ત થતી જાય છે અને તેના પરિણામે ચેતનજીને જે નિશ્ચયે ધારણામા થતા જાય છે તેને વ્યવહારૂ આકારમાં મૂકવાથી તેઓ સ્થિરત્વાત્ક થતો જાય છે અને છેવટે તે અચળ સ્થિરતા પ્રાપ્ત કરે છે. એટલા માટે અમરત્વ પ્રગટ કરવાની ઇચ્છા હોય તેણે પોતાની સ્વાભાવિક ગતિ પકડવી જોઈએ.

*"નિખરેંગે'નો અર્થ અવલોકન કરશું અથવા નિખાલસ થઇને રહેશું એ બન્ને થાય છે. સ્થિરવાસ થયા પછી અવલોકન પણ બરાબર થાય છે અને નિખાલસ થઇને રહેવાય છે.

मर्यो अनंतवार विन समज्यो,
अब सुख दुःख विसरेंगे;
आनंदघन निपट निकट अक्षर दो,
नहि समरे सो मरेंगे. अब० ४

"(આ ચેતન) સમજ્યા વગર અનંત વખત મરણ પામ્યો હવે સુખ અને દુઃખને ભૂલી જશે. હે આનંદસમૂહ ભગવાન્! નિર ધાર બે અક્ષરો જે પોતાની અત્યંત નજીક રહેલા છે તેને જે નહિ સંસારે તે મરશે."

ભાવ—વ્યાધિનું નિદાન સમજ્યા વગર તેની ચિકિત્સા થઇ શકતી નથી તેવી રીતે મરણરૂપ વ્યાધિનું કારણ સમજ્યા વગર તેની ચિકિ ત્સા થઇ શકતી નથી. હવે તેને સમજાયું કે વસ્તુસ્વરૂપ સમજ્ય વગર તે સુખ મેળવવા અને દુઃખનો ત્યાગ કરવા પ્રયત્ન કરતો હતે તેને સુખ સ્થૂળ આકારમાં થાય ત્યારે તે રાજી થતો હતો અને જ દુઃખ થાય ત્યારે દીલગીર થતો હતો; પરંતુ સુખદુઃખનું વાસ્તવિ સ્વરૂપ શું છે તેનો તેને બીલકુલ ખ્યાલ નહોતો. મરણવ્યાધિનું કાર આવી સુખદુઃખની ખોટી વહેંચણી જ હતી એ હવે આ ચેતન સમજ્યો છે; અત્યાર સુધી તે નહિ સમજવાથી અનેક કુમરણે મર્યો હતો અને સંસારમાં ભમ્યા કરતો હતો. અત્યાર સુધી તે વિ યનાં સાધનોમાં અને તેની પ્રાપ્તિમાં સુખ માનતો હતો, તેના વિયે ગમાં દુઃખ માનતો હતો; ધનપ્રાપ્તિમાં આનંદ માનતો હતો અ તેના વિરહમાં દુઃખ માનતો હતો; સ્ત્રી પુત્ર મિત્રાદિના સંયોગ

• નિરખેંગે હોય તો નિરખશું—એવું અર્થ બરાબર લાગે, પરંતુ આવો પાઠ મળ કરી શકાય નહિ અને મુશ્કેલી એ છે કે આ પદ કોઈ પ્રતમાં મળતું નથી.

* બિન સમજ્યો=સમજ્યા વગર. વિસરેંગે=ભૂલી જઇશું. નિપટ=નિતાન્ત, નિર નિકટ=નજીક રહેલા, પોતાની પાસે રહેલા. અક્ષર દોં=બે અક્ષર (જુઓ વિવેચ સમરે=સમારે

આનંદ માનતો હતો અને તેના વિયોગમાં દુઃખ માનતો હતો. સ્થૂળ કીર્ત્તિમાં રાચી જતો હતો અને અપકીર્ત્તિ થવાથી હેરાન થતો હતો. આવી રીતે અનેક પ્રકારના સુખદુઃખના વિચિત્ર ખ્યાલને લીધે તે સંસારચક્રમાં ભમ્યા કરતો હતો, પણ વાસ્તવિક સુખ શું છે? ક્યાં છે? અને તે પોતે પ્રાપ્ત કરી શકે તેમ છે કે નહિ? તેનો તેને ખ્યાલજ નહોતો, અને તેને લઇનેજ તે અનંત વાર મરણ પામ્યો હતો, મતલબ તે જન્મમરણથી ભરપૂર સંસારમાં ભમતો હતો, ભમ્યા કરતો હતો અને તેનાથી પાર પામવાનો માર્ગ ગ્રહણ કરતો નહોતો. હવે તેને સમજાયું કે આ સર્વ સંસારપરિભ્રમણનું કારણ સુખદુઃખનો વિચિત્ર ખ્યાલ છે તેથી તેણે નિશ્ચય કર્યો કે સુખદુઃખને હવે ભૂલીજ જવાં. ગમે તેવા સંયોગોમાં આવી પડે ત્યારે મનની સ્થિતિસ્થાપકતા જાળવી રાખવા, એટલે કે સુખના સ્થૂળ આકારમાં રાચીમાચી ન જવા અને દુઃખના સ્થૂળ આકારમાં માનસિક વિરસતા ન બતાવવા ચેતનજીએ નિશ્ચય કર્યો; તેણે મનમાં ધાર્યું કે હવે ગમે તેવા સ્થૂળ સુખદુઃખના પ્રસંગો આવે તેને મનપર લેવાજ નહિ, સર્વ અવસ્થામાં મનને એક સરખું રાખવું. જ્યાંસુધી વ્યાધિનું કારણ સમજવામાં આવતું નથી, ખોટું નિદાન થાય છે, ત્યાંસુધી ચિકિત્સા બરાબર થતી નથી અને ઘણીવાર વિપરીતજ થાય છે અને પરિણામે દવાથી વ્યાધિ મટવાને બદલે વધી પડે છે. આ સર્વ હકીકત ધ્યાનમાં લઈ અમરપણું પ્રાપ્ત કરવાની દૃઢ ભાવનાવાળા મુમુક્ષુ ચેતનજીએ નિશ્ચય કર્યો કે સાંસારિક સુખદુઃખને તો હવે ભૂલીજ જવાં. આવી રીતે સુખદુઃખને ભૂલી જવાથી એકને પ્રાપ્ત કરવાની અને એકનો ત્યાગ કરવાની જે ઇચ્છા વ્યવહારમાં ચેતનજીને કર્મબદ્ધપણાને લીધે થાય છે તે થતી હવે અટકી જશે અને તેથી તેની શુદ્ધચેતના પ્રગટ થતાં તેનામાં અમરપણું સિદ્ધ થશે.

આ પ્રમાણે હોવાથી ચેતનજી પોતાનું અમરપણું બતાવવા મંગ[illegible]ન કરે છે કે હે મારા નાથ! આનંદરાશિ ભગવાન! નીચે જણા[illegible] બે અક્ષરો જે શંકા વગરના છે અને જે પોતાની લગન નક્કી [illegible]રહેલા છે તેનું જે સ્મરણ નહિ કરે તે મરણ પામશે એટલે કે તે સંસારભ્રમણ કરશે. ચેતનજી કહે છે કે અમે તો અમર હશું અને

હવે અમારૂં અમરપણું સિદ્ધ થયું છે. જેઓ ધ્યાન જે કર્મનિર્જરા કરવાનું મુખ્ય સાધન છે તે કરતી વખતે અથવા બીજી અન્ય વિચારણામાં બે અક્ષરો હૃદયતટપર કોતરી નહિ રાખે તે અનંત સંસારમાં ભમ્યા કરશે. અહીં જે બે અક્ષરો બતાવ્યા છે તે શંકા વગરના નિરધાર છે, ફરે તેવા નથી, મતલબ તે આત્માનું સહજ સ્વરૂપ બતાવનારા છે અને વળી તે પોતાની પાસે રહેલા છે, પોતાની તદ્દન નજીક રહેલા છે, પોતામય છે, પોતારૂપ છે, અન્યની પાસે તે લેવા જવા પડે, શીખવા જવા પડે કે શોધવા જવા પડે તેમ નથી. આ બન્ને અક્ષરો કયા કયા છે તે કહે છે.

આત્મા.	નિજ.	યોગ.	મોક્ષ.	હંસ.
સિદ્ધિ.	મુક્તિ.	ચિત્.	જ્ઞાન.	જ્ઞાત.
શિવ.	બુદ્ધ.	મુક્ત.	શુદ્ધ.	ગત.
પર.	અજ.	શુદ્ધ.	ચિત્ત.	શિવ.

અક્ષર પોતે નિકટ હોય એવો અર્થ કરયો હોય તો 'હંસ' અથવા 'શિવ' શબ્દો બરાબર બેસતા આવશે, એટલે કે અક્ષરાનુક્રમમાં એ અક્ષર શ અને વ તથા હ અને સ તદ્દન નજીક આવે છે તેનાથી નિર્દિષ્ટ આત્મા અથવા મોક્ષનું સ્મરણ કરવાનો અત્ર ભાવ છે.

આત્માનું શુદ્ધ સ્વરૂપ બતાવનારા આ બે અક્ષરોનું જે પ્રાણી સ્મરણ નહિ કરે તે સંસારચક્રમાં ભ્રમણ કરી મરણ પામ્યા કરશે અને ભવવ્યાધિને સહન કર્યાં કરશે. ચેતનસ્વરૂપનું ધ્યાન હૃદયમા ધારણ કરી જે પ્રાણી સુખદુઃખને વિસરી જશે, પોતાની ગતિને પકડી લેશે અને રાગદ્વેષનો નાશ કરશે તે અમર થઈ જશે. આનદઘન મહારાજ તો ત્યાંસુધી કહે છે કે જેઓ એ પ્રમાણે કરવાનો નિશ્ચય કરે છે તે અમર થઈ ગયા છે એમ જ સમજવું. તેઓની સસારસ્થિતિ એટલી અલ્પ થઈ જાય છે અને સસારમાં રહે છે ત્યાંસુધીમાં પણ તેઓની સાંસારિક સુખદુઃખોમાં તાદાત્મ્યવૃત્તિ એટલી ઓછી થાય છે કે આવો વિચાર થયા પછી તે અમર થઈ ગયો એમ જ સમજવું. મુમુક્ષુ જીવે તેટલા માટે આ અમર થવાનો માર્ગ પકડી લઈ અમર થઈ જવું એ સુખદુઃખના વાસ્તવિક ખ્યાલને અંગે યોગ્ય છે.*

* આ બહુ સુંદર પદ કોઈ પણ મળમા આપવામાં આવ્યું નથી એનો ભાવ બહુ સુંદર છે અને મારા ગુરુ મહારાજનું કહેવું એમ છે કે એ પદ આનંદઘનજી

આનંદ માનતો હતો અને તેના વિયોગમાં દુઃખ માનતો હતો. સ્થૂળ કીર્ત્તિમાં રાચી જતો હતો અને અપકીર્ત્તિ થવાથી હેરાન થતો હતો. આવી રીતે અનેક પ્રકારના સુખદુઃખના વિચિત્ર ખ્યાલને લીધે તે સંસારચક્રમાં ભમ્યા કરતો હતો, પણ વાસ્તવિક સુખ શું છે? ક્યાં છે? અને તે પોતે પ્રાપ્ત કરી શકે તેમ છે કે નહિ? તેનો તેને ખ્યાલજ નહોતો, અને તેને લઇનેજ તે અનંત વાર મરણ પામ્યો હતો, મતલબ તે જન્મમરણથી ભરપૂર સંસારમાં ભમતો હતો, ભમ્યા કરતો હતો અને તેનાથી પાર પામવાનો માર્ગ ગ્રહણ કરતો નહોતો. હવે તેને સમજાયું કે આ સર્વ સંસારપરિભ્રમણનું કારણ સુખદુઃખનો વિચિત્ર ખ્યાલ છે તેથી તેણે નિશ્ચય કર્યો કે સુખદુઃખને હવે ભૂલીજ જવાં. ગમે તેવા સંયોગોમાં આવી પડે ત્યારે મનની સ્થિતિસ્થાપકતા જાળવી રાખવા, એટલે કે સુખના સ્થૂળ આકારમાં રાચીમાચી ન જવા અને દુઃખના સ્થૂળ આકારમાં માનસિક વિરસતા ન બતાવવા ચેતનજીએ નિશ્ચય કર્યો; તેણે મનમાં ધાર્યું કે હવે ગમે તેવા સ્થૂળ સુખદુઃખના પ્રસંગો આવે તેને મનપર લેવાજ નહિ, સર્વ અવસ્થામાં મનને એક સરખું રાખવું. જ્યાંસુધી વ્યાધિનું કારણ સમજવામાં આવતું નથી, ખોટું નિદાન થાય છે, ત્યાંસુધી ચિકિત્સા બરાબર થતી નથી અને ઘણીવાર વિપરીતજ થાય છે અને પરિણામે હવાથી વ્યાધિ મટવાને બદલે વધી પડે છે. આ સર્વ હકીકત ધ્યાનમાં લઈ અમરપણું પ્રાપ્ત કરવાની દૃઢ ભાવનાવાળા મુમુક્ષુ ચેતનજીએ નિશ્ચય કર્યો કે સાંસારિક સુખદુઃખને તો હવે ભૂલીજ જવાં. આવી રીતે સુખદુઃખને ભૂલી જવાથી એકને પ્રાપ્ત કરવાની અને એકનો ત્યાગ કરવાની જે ઇચ્છા વ્યવહારમાં ચેતનજીને કર્મબદ્ધપણાને લીધે થાય છે તે થતી હવે અટકી જશે અને તેથી તેની શુદ્ધચેતના પ્રગટ થતાં તેનામાં અમરપણું સિદ્ધ થશે.

આ પ્રમાણે હોવાથી ચેતનજી પોતાનું અમરપણું બતાવવા પ્રભુસ્તુતિ કરે છે કે હે મારા નાથ! આનંદરાશિ ભગવાન્! નીચે જણાવેલા બે અક્ષરો જે શંકા વગરના છે અને જે પોતાની વદન નજીક રહેલા છે તેનું જે સ્મરણ નહિ કરે તે મરણ પામશે એટલે કે તે સંસારભ્રમણ કરશે. ચેતનજી કહે છે કે અમે તો અમર હવા અને

હવે અમારૂં અમરપણું સિદ્ધ થયું છે. જેઓ ધ્યાન જે કર્મનિર્જરા કરવાનું મુખ્ય સાધન છે તે કરતી વખતે અથવા બીજી અન્ય વિચારણામાં બે અક્ષરો હૃદયપટપર કોતરી નહિ રાખે તે અનંત સંસારમાં ભમ્યા કરશે. અહીં જે બે અક્ષરો બતાવ્યા છે તે શંકા વગરના નિરધાર છે, ફરે તેવા નથી, મતલબ તે આત્માનું સહજ સ્વરૂપ બતાવનારા છે અને વળી તે પોતાની પાસે રહેલા છે, પોતાની તદ્દન નજીક રહેલા છે, પોતામય છે, પોતારૂપ છે, અન્યની પાસે તે લેવા જવા પડે, શીખવા જવા પડે કે શોધવા જવા પડે તેમ નથી. આ બન્ને અક્ષરો ક્યા ક્યા છે તે કહે છે.

આત્મા.	નિજ.	યોગ.	મોક્ષ.	હંસ.
સિદ્ધિ.	શુદ્ધિ.	ચિત્.	જ્ઞાન.	જ્ઞાત
સિદ્ધ.	બુદ્ધ.	શુભ.	શુદ્ધ	મત.
પર.	અજ.	શુદ્ધ	ચિત્ત.	શિવ.

અક્ષર પોતે નિકટ હોય એવો અર્થ કરવો હોય તો 'હંસ' અથવા 'શિવ' શબ્દો બરાબર બેસતા આવશે, એટલે કે અક્ષરાનુક્રમમાં એ અક્ષર શ અને વ તથા હ અને સ તદ્દન નજીક આવે છે તેનાથી નિર્દિષ્ટ આત્મા અથવા મોક્ષનું સ્મરણ કરવાનો અત્ર ભાવ છે.

આત્માનું શુદ્ધ સ્વરૂપ બતાવનારા આ બે અક્ષરોનું જે પ્રાણી સ્મરણ નહિ કરે તે સંસારચક્રમાં ભ્રમણ કરી મરણ પામ્યા કરશે અને બવવ્યાધિને સહન કર્યા કરશે. ચેતનસ્વરૂપનું ધ્યાન હૃદયમાં ધારણ કરી જે પ્રાણી સુખદુઃખને વિસરી જશે, પોતાની નતિને પકડી રહેશે અને રાગદ્વેષનો નાશ કરશે તે અમર થઈ જશે. આનંદઘન મહારાજ તો ત્યાંસુધી કહે છે કે જેઓ એ પ્રમાણે કરવાનો નિશ્ચય કરે છે તે અમર થઈ ગયા છે એમ જ સમજવું. તેઓની વ્યવહારસ્થિતિ ભલે અલ્પ થઈ હોય છે અને વ્યવહારમાં રહે છે ત્યાંસુધીમાં પણ તેઓની વ્યવહારિક સુખદુઃખ [illegible] [illegible] કે [illegible] વિચાર થયા પછી તે અમર થઈ જાય. એમ જ સમજવું. [illegible]

[illegible]

* [illegible]

પદ તેંતાળીશમું-રાગ ટોડી.

मेरी तुं मेरी तुं काहे डरेरी. मेरी०
कहे चेतन समता सुनी आखर,
और दोढ दीन *जुठी करेरी. मेरी० १

"ચેતન સમતાને કહે છે 'તું મારી છો, તું મારી છો. તું શા માટે ડરે છે? બીજી છે તે તો છેવટે દોઢેક દિવસ ખોટી લડશે."

ભાવ-ચેતનજીએ મિથ્યાત્વનો ત્યાગ કર્યો અને રાગદ્વેષનો સંગ છોડી દેવાનો નિશ્ચય કર્યો એ આપણે ઉપરના પદમાં જોયું. ત્યાં અનંત મરણોનું કારણ શું છે તે પણ તેને સમજાયું અને છેવટે તેણે પોતાની ગતિ પકડવાનો નિશ્ચય કર્યો. આવી રીતે પ્રગતિ કરનાર જ્ઞાનદૃષ્ટિમાં વર્તતો ચેતન જે અત્યાર સુધી સમતાની સામું પણ જોતો નહોતો, જે તેના મંદિરે આવતો પણ નહોતો અને જેણે અનુભવ તથા શ્રદ્ધા વિગેરેની મારફતે મોકલેલા સંદેશાઓની દરકાર પણ કરી નહોતી તે હવે સમતાને પોતાના દિલની હકીકત કહેતાં જે કહે છે તેપર અત્ર આ પદનો પ્રથમ વિભાગ છે.

હે સુમતિ! તું શામાટે ડરે છે? તારા મનમાં ભય શામાટે રહે છે? બધી વાતનો વિચાર કરતાં મને જણાય છે કે તું મારી છો, મારી યોગ્ય સ્ત્રી છો અને મારા ઘરમાં રહેનારી છો. હવે હું બહુ સારી રીતે સમજ્યો છું કે મારામાં અને તારામાં કાંઇ પણ તફાવત નથી, મારો અને તારો અભેદ છે, મારી અને તારી વચ્ચે બીજું કાંઇ પણ નથી અને હું અને તું આખરે એકજ છીએ. હું સમજું છું કે હજુ તને માયામમતાની કે બીજા વિભાવોની બીક લાગે છે પણ તારે તે બીક રાખવાની જરૂર નથી. હું તને ચોકસ કહું છું કે વસ્તુતઃ તું જ

મહારાજનું બનાવેલું ન હોય એમ ભાષા ઉપરથી કહી શકાય તેમ નથી. આપણે [illegible] આનંદઘન મહારાજ જેવી જ છે એમ તો આનંદઘનજીની ભાષા આપણે [illegible] તેને કહી [illegible] પણ પ્રતમાં આ પદ આવેલ નથી તેથી તેનું [illegible] ના રદ [illegible] ભાષાશૈલી અને વિચારપ્રૌઢતા આનંદઘનજીની સામાન્ય રીતે જણાય છે.

* જુઠી ને સ્થાને 'જાડ' અથવા 'જૂઠી' એવો પાઠાંતર છે.

૧ મેરીતનારી કાહે=શામાટે. ડરેરી=ડરે છે, ડરે છે. સુની=સાંભળ. આખર=છેવટે, [illegible] દોઢ=દોઢ. જુઠી=ખોટી. કરેરી=કરશે, [illegible]

મારા ઘરની સ્ત્રી છે અને છેવટે મારો અને તારો જ સંબંધ બરાબર જામશે. તારા વિલાપ સાંભળીને, તારા વિરહાલાપનું વર્ણન અનુભવને મુખે સાંભળીને અને તારી સ્થિતિનું પ્રત્યક્ષ સ્વરૂપ નજરે જોઈને મારે તને કહેવું પડે છે કે તું શામાટે ડરે છે? તું શામાટે બીહે છે? આ માયામમતા આદિ તારા સમોવડીયા છે તે તારી સાથે દોઢ દિવસ લડશે, થોડો વખત તારી સાથે ચડભડ કરશે, મને ખેંચી ખેંચીને સંસારમાં લઈ જવા પ્રયત્ન કરશે, મને અનેક પ્રકારની લાલચો આપશે, સ્થૂળ સુખો બતાવશે, સંસારમાં મમત્વ કરાવશે અને ભવાટવીમાં રખડાવશે; એ પ્રમાણે કરીને તારી પાસે મને નહિ આવવા દેવા માટે બનતા સર્વ પ્રયત્ન કરશે પણ તે પ્રયત્ન હવે વધારે વખત ચાલવાના નથી; દોઢ દિવસ–થોડો વખત સુધી તે પ્રયત્ન ચાલશે, એક બે દિવસ મારી સાથે તકરાર કરશે, મને મુંઝવશે, તારા મહેલે આવવાના માર્ગપર આડા બેસી મને લલચાવશે પણ તું ખાતરી રાખજે કે અંતે તો તું જ મારી છે અને હું સર્વથા તેનો ત્યાગ કરી તારે મહેલે હંમેશને માટે આવવાનો છું.

ભવ્ય જીવની જ્યારે આત્મપરિણતિ જાગે છે ત્યારે તેના મોઢામાં આવાં જ વાક્યો હોય છે. ભવ્યત્વની છાપથી કાંઈ સુમતિને નહિ ડરવાનું કહી શકાય નહિ, કારણ કે અભવ્યને કોટે વળગેલા અનંત જીવો એ જ સ્થિતિમાં માયામમતા સાથે રખડ્યા કરવાના છે; પરંતુ જ્યારે ચેતનજી પ્રગતિ કરવા લાગે, મિથ્યાત્વનો ત્યાગ કરે, સમકિત મેળવે અને પોતાની ગતિ પકડી લે ત્યારે તે સુમતિને કહી શકે કે એ માયામમતા હજુ મારો કેડો મૂકતી નથી પણ તેઓ મારી સાથે એક બે દિવસ પોટી લડી મને હેરાન કરશે, બાકી એ વાતથી તારે જરા પણ ડરવાનું નથી. ત્રેવીશમા પદમાં જણાવ્યું છે તે પ્રમાણે દોઢ દિવસ એ ટુંકો વખત બતાવનાર સગ્રાસૂચક શબ્દ છે. આપણે વ્યવહારમાં કહીએ છીએ કે બેચાર દિવસમાં અમુક કામ કરી નાખીશ. એટલે ટુંકા વખતમાં કાર્ય થઈ જશે એવો જ ભાવ દોઢ દિન શબ્દથી મારવાડી ભાષામાં નીકળે છે. ટબાકાર એના અર્થને અંગે એક નવીન શૈલી વાપરી તે શબ્દ સમજાવે છે તે આપણે આગળ જોશું. ભવ્ય

* જુઓ પૃ૦ ૨૭૬

જીવની ગતિ હવે શુદ્ધ આત્મભાવ પ્રકટ કરવા તરફ થઈ છે પણ હજુ તે અનાદિ સંબંધને લીધે વારંવાર વિભાવ તરફ ખેંચાયા કરે છે. અત્યારે પોતાની શુદ્ધ દશાના સ્પષ્ટ ભાનને લઇને તે સમતાને કહે છે કે તારે જરા પણ ભય રાખવાનું કારણ નથી, હું તને સ્પષ્ટ રીતે કહું છું કે તું આખરે મારી જ છો અને મારા ઘરની દેવી છો. માયા-મમતાના ભૂલાવો ખવરાવનારા દેખાવથી હું સર્વથા તેમની પાસે રહીને તને વિસરી જઇશ એમ હવે તારે ધારવું નહિ અને એ વાતનો તારે જરા પણ ભય રાખવો નહિ.

ટબાકાર આ ગાથાનો ભાવ બતાવતાં લખે છે કે:—ચેતનજી સુમતિને કહે છે કે હે સુમતિ! આખર એટલે ભવભ્રમણનો પાકકર હવે પ્રાપ્ત થયો છે એટલે મારા ભવભ્રમણનો છેડો આવ્યો છે. પાછલો અનંત કાળ તે એક દિવસ સમજવો, કારણ અનંતતા એક છે, અને જે દિવસે અથવા રાત્રે હું કુમતિને ઘરથી બહાર કાઢી મૂકીશ તે અરધો દિવસ, આવી રીતે કુલ દોઢ દિવસ કુમતિ તારી સાથે દેકડ લડે છે (લડશે) અને લડતાં લડતાં બોલે છે (બોલશે) કે ચેતનજી મારા પતિ છે, ચેતનજી મારા પતિ છે, પણ એના લડવાથી કંઇ વળવાનું નથી. ભવભ્રમણનો છેડો આવી ગયો છે અને તેથી માયા-મમતા કદાચ દોઢ દિવસ લડશે, પણ પ્રિયે ' તું મારી છો અને તેનાથી તારે જરા પણ ડરવાનું નથી. તારી સોબતથી હું ભવભ્રમણનો છેડો લાવી શકીશ. આ ભાવમાં દોઢ દિવસનો જે અર્થ ટબાકારે કર્યો છે તે ધ્યાન ખેંચનારો છે. પૂર્વના અનંત કાળને એક દિવસ કલ્પ્યો છે અને જે દિવસે માયામમતાને છાંડી મૂકી સુમતિ સાથે વ્યવહાર કરવામાં આવે તે દિવસ અથવા રાત્રિ (આખા દિવસનો અર્ધ ભાગ) ને અરધો દિવસ ગણી તેટલો કાળ-દોઢ દિવસ મમતાદિક દેકડ લડે છે એમ બતાવી તેનાથી ભય ન રાખવાનું આશ્વાસન ચેતનજી સુમતિને આપે છે એવો અત્ર ભાવ છે.

घरी तो हूं तारूं निरखी,
[illegible] न [illegible] [illegible];

जब अपनो पद आप संभारत,
तब तेरे परसंग परैरी. मेरी० २

"એટલું તો હું નક્કી જાણું છું કે પીતળ ઉપર હીરામાણેક જડાય નહિ. જ્યારે મારૂં પદ હું પોતે સંભારીશ ત્યારે તારી સોબતમાં પડી જઈશ."

ભાવ-પોતાની સ્ત્રી સૌંદર્યવાન્ હોય, પ્રવીણ હોય, ચાલાક હોય પણ તેનો પતિ જો અન્ય સ્ત્રીઓમાં આસક્ત હોય, કુલટાઓના ફંદે પડી ગયેલ હોય અને તેઓને પોતાને ઘેર બોલાવતો હોય અથવા પોતે તેઓને મંદિરે રખડતો હોય તો પછી પોતાની સ્ત્રીના સર્વ ગુણ અથવા કેટલાક ગુણોની પોતાને ખબર હોય છતાં પણ તેને દિલાસો આપવાના અને પોતાનું રખડવાનું ચાલુ રાખવાના ઇરાદાથી પોતે બે સ્થિતિની વચ્ચે લટકતી વખત આ પદમાં જે વિચિત્ર ભાવ બતાવ્યો છે તેવો જ અનુભવે છે. ચેતનજીને હવે સુમતિ તરફ પ્રેમ જાગ્રત થયો છે પણ માયામમતા તરફનું આકર્ષણ છોડી શકાતું નથી. સુમતિ મળે છે ત્યારે તેને નાખુશ ન કરવા માટે કહે છે કે હે પ્રિયા! તું મારી છો, તારે જરા પણ ડરવાનું નથી અને આ માયામમતા ફ.લ તારી સાથે લડે છે તેમાં તેઓનું કાંઈ વળવાનું નથી. આટલી વાતથી પણ પ્રવીણ બાળા સુમતિ કાંઈ સમજી જાય તેવી મૂર્ખ નથી તેથી તેને ફોસલાવવા-સમજાવવા ચેતનજી વધારે સ્પષ્ટ રીતે કહે છે કે-પ્રિયા! જો. વ્યવહારમાં પણ પીતળ ઉપર કાંઈ હીરા માણેક કે અન્ય ઝવેરાત જડાતાં નથી, ગધેડા ઉપર સોનાની અંબાડી ઘટતી નથી અને ભિખારીને ચક્રવર્તીનું સિંહાસન બેસવા મળતું નથી એ હું જાણું છું અને તને તો તેની ઘણા વખતથી ખબર છે. હું જાણું છું કે ઘેર ઘેર લટકનારી એ માયામમતા કુલટાઓ છે, પીતળ જેવી છે અને મારે તેની સાથે સબંધ રાખવો એ પીતળ ઉપર જડતર જડવા જેવું અથવા ગધેડા ઉપર સોનાની અંબાડી મૂકવા જેવું છે; તેથી મારી

૨ એતી=એટલું. નિહચે=નિશ્ચે, નકી. રીરી=પીતળ. જરાઉ=જડાવ, ઝવેરાત, હીરામણિક. જરૈરી=જડાય. જબ=જ્યારે. અપનો=મારૂં, પોતાનું. પદ=સ્થાન, સ્થિતિ. સંભારત=સંભારીશ, યાદ કરીશ. પરસંગ=પ્રસંગ, સોબત. પરૈરી=પડીશ.

આબરૂ હલકી થાય છે એ પણ હું જાણું છું; તેમજ તું કોણ છે, તારો મારાપર પ્રેમ કેવો છે અને મેં તને અત્યાર સુધી કેટલો અન્યાય આપ્યો છે તેની વાત પણ મેં તારી પાસે સાંભળી છે, મને શ્રદ્ધા તથા અનુભવે ઠસી છે અને મારા ધ્યાનમાં તેમાંની કેટલીક વાત રહી છે. હવે જ્યારે હું મારૂં પદ વિચારીશ, મારી સ્થિતિ (Position) નો ખ્યાલ કરીશ, મારા સંબંધનું વાસ્તવિક અવાસ્તવિકપણું ધ્યાનમાં લઇશ ત્યારે મને તારો પ્રસંગ થશે, તારી સોબતમાં હું પડીશ અને તને આનંદથી ભેટીશ. વ્યવહારમાં જેમ પરરમણીમાં આસક્ત પતિને પોતાની સ્ત્રી મળે ત્યારે જેવો જવાબ આપે, તે પ્રમાણે હું તને કહું છું કે હવે મારી જ્ઞાનદૃષ્ટિ જાગ્રત થઈ છે, હું વસ્તુસ્વરૂપ સમજ્યો છું અને તેથી માયામમતાનું ખરૂં સ્વરૂપ જાણવામાં આવ્યું છે અને તે પીતળ જેવી છે એ પણ મને જણાયું છે તથા તેના ઉપર જડાવ કામ કરાવવું તે અણઘટતું છે એ પણ હું જાણું છું. પીતળ તે પીતળ છે અને સોનું તે સોનું છે. સોનું ત્રણ કાળમાં સોનુંજ રહેવાનું છે 'સોનું તે વિણસે નહિ સાહેલડીયા, ઘાટ ઘડામણ જાય, ગુણ વેલડીઆ.'* સોનાપર મેલ ચઢ્યો હોય તોપણ તાપથી કે જરા ઘર્ષણથી અસલ સ્વરૂપ પ્રગટાવી શકાય છે અને એવા સોનાપરજ ભારે હીરામાણેક જડી શકાય છે. કોઈ ઉદ્ધતાઈ કરી ભારે હીરાને પીતળમાં જડવાનો વિચાર કરે અથવા જડે તો તેમાં તેવો ગાંડો વિચાર કરનારની મૂર્ખાઈજ જણાઈ આવે છે.† તેથી પીતળ જેવી માયામમતા ઉપર મારા અમૂલ્ય સદ્ગુણોને કેમ જડાવું? જો તેમ કરૂં તો મારી અજ્ઞતા પ્રત્યક્ષ દેખાય. જ્યારે હું કોણ છું? તેનો વિચાર કરીશ, જ્યારે મારૂં સહજ સ્વરૂપ હું સંભારીશ ત્યારે તારો પ્રસંગ જરૂર કરીશ—હજુ અત્યારે તો મને તેમ કરવાનો અવસર પ્રાપ્ત થયો નથી, મારે હજુ કેટલીક અગવડો છે તે

* શ્રીમદ્યશોવિજયજી. અનંતનાથજીનું સ્તવન.

† સંસ્કૃતમાં એક પ્રસ્તાવિક શ્લોક છે તેમાં આવોજ ભાવ બતાવ્યો છે. કનક-भूषणसङ्ग्रहणोचितो, यदि मणिस्त्रपुणि प्रतिबध्यते; न स विरौति न चापि न शोभते, भवति योजयितुर्वचनीयता. મતલબ એ છે કે સોનામાં જડવા યોગ્ય ભારે મણિને કદાચ ટંકમાં જડવામાં આવે તો તે કાંઈ કોઈની પાસે રડતો નથી, પણ તેના સંબંધમાં તેથી યોજના કરનારની ટીકા થાય છે. આવો ભાવ પદમાં બતાવ્યો છે તે વિચારશો.

દૂર કરીને પછી એ પરભાવરમણ કરાવનારી સ્ત્રીઓનો પ્રસંગ તજી દઈ તારા સંબંધમાં નિરંતરને માટે રહેવાનો છું. આ પ્રમાણે કરવા મારા મનમાં ભાવના જાગ્રત થઈ છે પણ હજુ તેમ કરવા માટે સમય આવી પહોંચ્યો નથી.

ચેતનજી અત્ર જે વાત બતાવે છે તે ઉત્ક્રાન્તિમાં હજુ તે કેટલો ચડ્યો છે તે બતાવે છે. ગુણસ્થાનક્રમારોહમાં હજુ તે માત્ર માનસિક પરિવર્તનના ભાવનાકાળ સુધી વધી શક્યો છે, હવે તેને માયામમતાથી ભોગવાતા વિષયનું વિરસપણું દેખાય છે પણ અનાદિ અભ્યાસને લીધે તેનો ત્યાગ કરી શકતો નથી. તે મનમાં સત્ય સ્વરૂપ સમજતાં છતાં ડરે છે કે એ વિભાવદશાના ભાવો વગર પોતાને ચાલી શકશે કે નહિ. આથી તે સમતાને કહે છે કે હજુ મારી કાળસ્થિતિ પરિપક્વ થઈ નથી. આવી વાત કરવી એ પણ એક પ્રકારની નબળાઈ છે, કારણ કે કાળસ્થિતિ પરિપક્વ થઈ છે કે નહિ તે દિવ્ય જ્ઞાન વગર કોઈથી કહી શકાય નહિ. પુરૂષાર્થ કરી કર્મસમૂહનો નાશ કરવા માટે જ ઉત્તમાધિકારીએ પ્રયાસ કરવો જોઈએ. પછી નંદિષેણ જેવી સ્થિતિ કદાચ પ્રાપ્ત થઈ જાય તો તેમાંથી પણ નીકળી આવવા પ્રયત્ન કરવો જોઈએ પણ પ્રયાસ કર્યા પહેલાંજ ચેતનાને કહેવું કે જ્યારે મારી સ્થિતિનો વિચાર કરીશ ત્યારે તને મળીશ એ તો એમ બતાવે છે કે હું વિશુદ્ધ માર્ગ જાણું છું અને તે આદરણીય છે એમ કબુલ કરું છું, છતાં અવિશુદ્ધ માર્ગે પ્રયાણ કરું છું. આવી રીતે બોલવું એ જેમ મહત્વ બતાવે છે તેમ એટલું પણ બતાવે છે કે ગુણસ્થાનઆરોહમાં ચેતનજી હજુ બહુ આગળ વધ્યા નથી, છતાં એનું સાધ્ય શુદ્ધ માર્ગ તરફ છે, એને એક સુંદર પરિવર્તન મળતાં એકદમ શુદ્ધ માર્ગપર આવી જવાની તક છે અને માનસિક ભાવ દશામાંથી વ્યાવહારિક વિમલ દશામાં આવી સુમતિને મેળવવાનો તેને સુંદર પ્રસંગ છે. જરા વિશેષ આત્મવીર્ય સ્ફુરણ થતાં તે વિશુદ્ધ માર્ગે આવશે એમ તેના ગુણસ્થાનથી જણાય છે.

કોઈ પણ કહેને, કેમ વિચારશું તો આ પદને સહજ માલુમ પડશે

* I know the better course and approve of it but follow the worse. Bacon's Advancement of Learning Vol. II

કે વિશુદ્ધ કે અશુદ્ધ કાર્ય પ્રથમ તો વિચારદશામાં-માનસિક પરાવર્તમાં જ હોય છે: કોઈ પણ કાર્ય કરવા પહેલાં તેનો વિચાર થાય છે; સુંદર મહેલ બાંધવા પહેલાં જેમ પ્રવીણ ઇજનેર નકશો કરે છે અને તેની પહેલાં પણ મનમાં ભવિષ્યમાં કરવાના મહેલની આકૃતિ ખડી કરે છે તેમ અમુક કાર્ય કરવા પહેલાં મનમાં તેનું ચિત્ર ખડું થાય છે, કેટલોક કાળ તેના ગુણદોષપર વિચાર ચાલે છે અને વિચાર થતાં થતાં વચન દ્વારા તેનો સ્પષ્ટ ઉચ્ચાર થાય છે અને છેવટે તે વ્યવહાર રીતે અમલમાં મૂકાય છે—આ કાર્યક્રમ સ્વાભાવિક છે. વાત માત્ર એટલી જ છે કે કેટલીક વ્યક્તિઓ વિચારકાળમાં બહુ વખત કાઢી નાખે છે અને એકંદર ક્રિયાને અંગે પ્રગતિ ઓછી કરે છે. વિચારકાળ પણ બહુ સુંદર છે અને તદ્દન અવ્યવસ્થિત સ્થિતિને બદલે સુંદર માર્ગદર્શક છે, પણ તેમાં પરિપૂર્ણતા માની બેસવાની નથી. વિચારકાળ જેમ બને તેમ ટુંકો કરી અને તે ટુંકા કાળમાં પણ યોગ્ય વિચારની તુલના કરી વ્યવહારૂ રીતે ક્રિયાકાળમાં-વર્તનમાં આવી જવાની બહુ જરૂર છે. અહીં ચેતનજી ઘણા ખુલ્લા શબ્દોમાં સ્વીકારે છે કે જ્યારે હું મારૂં પદ સંભારીશ, મારી સ્થિતિનો ખ્યાલ કરીશ ત્યારે તારો પ્રસંગ જરૂર કરીશ, સાથે તે બોલે છે કે અત્યારે હું જેનો પ્રસંગ કરૂં છું તે સુવર્ણ નથી, પીતળ છે; આટલું જાણવા છતાં મુદત લંબાવે છે એ અયોગ્ય છે અને તે તેનું મંદાધિકારીપણું બતાવે છે. પ્રગતિ કરવા માંડ્યા પછી તો સાધ્યપ્રાપ્તિ બે ઘડીમાં થઈ શકે અને અર્ધ પુદ્ગલ પરાવર્ત જેટલો કાળ પણ સંસારમાં રહેવું પડે. ઉત્તમાધિકારીનું કાર્ય એ છે કે વિશુદ્ધ માર્ગના સ્પષ્ટ બોધ પછી કાળસ્થિતિના કે એવા વિચિત્ર કાલ્પનિક ખ્યાલ ઊભા કરી પોતાની પ્રગતિ અટકાવી દેવી નહિ.

યોગમાર્ગપર જ્યારે પ્રેમ આવે છે ત્યારે પોતાનું પદ સાંભરે છે, સાધ્યનું ભાન થાય છે અને તેનાપર ધ્યાન દેવાય છે. એ માર્ગ આદરવાથી સુમતિનો મેળાપ થાય એમાં કાંઈ નવાઈ જેવું નથી. ચેતનજી તેટલા માટે જે ઉપર કહે છે તેનો ભાવ એ છે કે જ્યારે હું યોગમાર્ગ આદરીશ ત્યારે મારે તારો પ્રસંગ થશે. યોગમાર્ગ તેનાં અંગો સાથે આદરવામાં આવે ત્યારે એવી મજા આવે છે કે પછી

મમતાના તુચ્છ વિષયોનું ફિક્કટપણું સમજાઈ જાય છે અને તેઓ ઉપર નજર નાખવી પણ ગમતી નથી, તે વ્હેલું ઉચ્છિષ્ટ ભોજન હોય તેના જેવાં લાગે છે. ચેતનજીને હવે વિચારકાળથી આગળ ચલાવી કાર્યકાળમાં લાવો એ ભાવ ઉપરથી સમજી લેવાનો છે.

'અપનો પદ' એટલે પોતાની સ્થિતિ, પોતાનો મોભો–પોઝીશન શું છે અને પોતે કેવી હલકી સ્ત્રીઓનો પ્રસંગ કરે છે એની વચ્ચેની સરખામણીપર અત્ર ધ્યાન ખેંચ્યું હોય એમ જણાય છે. ચેતનજી જેવા સુંદર અમુલ્ય ગુણરત્નાકરને એ બદામની બૈરીઓ સાથે વાત કરવી પણ ન ઘટે તો પછી તેનો પ્રસંગ તો કેમ જ ઉચિત ગણાય? અથવા અપનો પદ એટલે મુક્તિ–મોક્ષ. આ અર્થ ટબાકાર બતાવે છે. જ્યારે એ મુક્તિને સંભારશો એટલે જ્યારે તે પોતાનું સાધ્યબિંદુ શું છે? તે કેવી રીતે પ્રાપ્ય છે? તેનો વિચાર કરશો અથવા હું વિચાર કરીશ ત્યારે તારો પ્રસંગ કરીશ. આ અર્થ પણ બહુ સુંદર છે અને પદના બીજા ભાવ સાથે બંધબેસતો આવે છે. હવે ચેતનજીએ તો લાંબી મુદત નાખી આવવાનો સમય કાંઈ જણાવ્યો નહિ, માત્ર ધીરજ આપી, આશા આપી, સુમતિને છાતીપર હાથ મૂકાવ્યો, તેથી સ્વાભાવિક પ્રશ્ન એ ઉઠ્યો કે ચેતનજી ક્યારે સુમતિનો પ્રસંગ કરશે તેના જવાબમાં હવે કહે છે તે વિચારીએ.

> औसर पाय अध्यातम मेनी,
> परमातम निज योग धरेरी;
> सकति जगाइ निरुपम रूपकी,
> आनंदघन मिलि केलि करेरी. मेरी० ३

"અવસર પામીને (કાળ પરિપક્વ થશે ત્યારે) આત્મ[illegible] કૃત્યોની રીતિ એટલે પરમાત્મપણાના હેતુરૂપ નિજયોગને પ્રા[illegible] કરશે અને નિરૂપમ રૂપની શક્તિ જાગ્રત કરીને આનંદઘન સા[illegible] મળી (ચેતનજી) લહેર કરશે."

ભાવ—અધ્યાત્મરસીલી એટલે શું તે અહીં ખાસ વિચારવા યોગ્ય છે. આત્મા અને પુદ્ગલ વચ્ચેનો તફાવત શું છે, આત્મિક ક્રમ[illegible] ક્યાં ક્યાં છે, શું કરવાથી આત્માની ઉચ્ચ દશા પ્રાપ્ત થાય, પ્રગટ થાય, એવી દશા પ્રાપ્ત કરવાથી આત્માને શું લાભ થાય, વર્તમાન દશાનું કારણ શું છે, વિગેરે બાબતનો નિર્ણય કરી તદનુસાર વર્તે તેને અધ્યાત્મરસીલી કહેવામાં આવે છે. જ્યારે અમુક બાબતની ધૂન લાગે છે ત્યારે તે સિવાય અન્ય કાર્ય સુઝતું નથી: રમણીઆસક્ત પ્રાણીને સ્ત્રીની વાતમાં આનંદ આવે છે, ગણિતમાં ધૂન લાગે છે તે [illegible] કરવામાં જ રાજી થાય છે, ધનઆસક્ત પ્રાણી પૈસાની વાત કરે ત્યારે જ તેને રસ આવે છે, તેવી રીતે જુદી જુદી બાબતોની ધૂન માટે સમજવું. આવી રીતે અધ્યાત્મતા—ચેતનજીના વિચારની ધૂન આવે તેને અધ્યાત્મરસીલી કહેવામાં આવે છે. જ્યારે તેવી ધૂન લાગે છે ત્યારે આત્મા સંબંધી વાત વિચાર અને કાર્ય કરવામાં જ રસ આવે છે. આવી અધ્યાત્મરસીલી તો કાળસ્થિતિ પરિપક્વ થશે ત્યારે ચેતનજીને પ્રાપ્ત થશે. પાંચ કારણ એકઠાં થાય છે ત્યારે [illegible] બને છે: કાળ, સ્વભાવ, ભવિતવ્યતા (નિયતિ) [illegible] ને ઉદ્યમ આમાં કાળ એ એક કારણોની કારણ છે. [illegible]

નિજસ્વરૂપને કાષ્ઠાન્તર્ગત અગ્નિ પેઠે જોઇ શકે તે સામર્થ્યયોગની લાયકાતવાળો ચેતન આનંદઘનસ્વરૂપ સાથે મળી આનંદ કરે છે. શુદ્ધ ચેતનાને પ્રાપ્ત કરવાની દૃઢ ઇચ્છાવાળો પણ હજુ પૌદ્‌ગલિક પદાર્થના મોહમાં આસક્ત અને પ્રસંગ મળતાં તેમાંથી બહાર નીકળી આવવાની દૃઢ ઇચ્છાવાળો આ ચેતન હજુ દૃઢ નિશ્ચય કરીને સંસારદશાનો ત્યાગ કરી શકતો નથી અને તેથી સુમતિને કહે છે. કે તારે ડરવું નહિ, હું તારો જ છું. યોગદૃષ્ટિ સમુચ્ચયમાં ઇચ્છાયોગનું સ્વરૂપ બતાવ્યું છે તે આને બરાબર મળતું આવે છે.

આવી રીતે ચેતનજીને પરમાત્મપદ પ્રાપ્ત કરવા ભાવના થઈ છે તે સંબંધમાં બહુ હકીકત લખી શકાય. પરમાત્મભાવ સમજવા માટે ચિદાનન્દજી મહારાજની પરમાત્મ છત્રીશી અને યશોવિજયજી મહારાજની પરમાત્મ પચ્ચીશી ખાસ વાંચવા લાયક છે, મનન કરવા યોગ્ય છે. અહીં સ્થળસંકોચથી તે આખી આપી શકાય તેમ નથી. પ્રથમ છત્રીશીનાં ઉપયોગી કવનો અહીં બતાવીએઃ-

રાગ દ્વેષકે નાસતેં, પરમાતમ પરકાસ;
રાગ દ્વેષકે ભાગતેં, પરમાતમ પદનાસ.
લાખ બાતકી બાત યહ, તોકું દેય બતાય;
જો પરમાતમ પદ ચહે, રાગ દ્વેષ તજ ભાય.
દેહ સહીત પરમાતમા, એહ અચરીજકી બાત;
રાગ દ્વેષકે ત્યાગતેં, કર્મ શક્તિ જરી જાત.
ભાઈ એહ પરમાતમા, સો હે તુમમેં યાંહિ;
અપણી શક્તિ સંભારકે, લિખાવત હૈ તાહિ *

આવો પરમાત્મભાવ છે. એને પ્રાપ્ત કરવા આ પદમાં કહ્યું છે અને ઉપર ચિદાનંદજી મહારાજ જણાવે છે તેમ રાગદ્વેષનો ત્યાગ કરવો ખાસ આવશ્યકીય છે. એ પરમાત્મદશાનો નિજ્યોગ સમજવો.

મેરી તું મેરી તું એવી રીતે બોલવું એ ઇચ્છાયોગ છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને લીધે સાંભળેલી હકીકતનું અર્ધજ્ઞાન મેળવી તે પ્રમાણે કાર્ય કરવાની ઇચ્છાવાળો પ્રાણી પ્રમાદથી ન કરી

* ચિદાનંદજીકૃત પરમાત્મ છત્રીશીની આ અનુક્રમે ૨૩, ૨૫, ૩૨ અને ૩૫ મી ગાથાઓ છે.

શકે, મતલબ અંતઃકરણમાં સૂત્રાર્થનું ઇચ્છકપણું હોય પણ ધર્મ[illegible]
પાર સામર્થ્યયોગ કરી શકે નહિ તેને ઇચ્છાયોગ કહે છે. આ
ઇચ્છાયોગ પ્રાણી ઘણીવાર કરે છે પણ તે તેની નબળાઈ બતાવે છે.
અહીં ત્રીજી ગાથામાં જે ભાવ બતાવ્યો છે તે ઇચ્છાયોગ છે અને
સામર્થ્યયોગ પ્રાપ્ત કરી આનંદઘન પ્રભુ સાથે ક્રીડા કરવાનું ચેતનજીનું
સાધ્ય છે. એ સામર્થ્યયોગમાં સિદ્ધિપદપ્રાપ્તિ રહી છે. એ યોગમાં
શાસ્ત્રમાં બતાવેલા ઉપાય ઉપરાંત ચેતનજી પોતાની અધિક શક્તિ
ધર્મવ્યાપારમાં વાપરે. એના ધર્મસંન્યાસ અને યોગ સંન્યાસ એમ
બે ભેદ છે. મોહનીય કર્મના ક્ષયોપશમરૂપ ધર્મસંન્યાસ છે અને
ચૌદમા ગુણસ્થાનકે યોગરૂંધનરૂપ યોગસંન્યાસ છે. અપૂર્વકરણ
ગુણસ્થાનકથી ધર્મસંન્યાસ સામર્થ્યયોગ થાય છે. પછી વિશેષ ગુણ
પ્રાપ્તિ થતાં એ સંન્યાસમાં પ્રગતિ થતી જાય છે અને સર્વવિરતિક
ગુણો વધારે વધારે અંશે તેને પ્રાપ્ત થતા જાય છે. ક્ષપકશ્રેણી માંડ
નારને યાવત્કેવળજ્ઞાન પ્રાપ્ત થાય, લોકાલોકના સ્વરૂપનો સાક્ષાત્કાર
થાય અને જે યોગશૈલેશી અવસ્થામાં પણ પ્રાપ્ત થયેલ રહે તે મહા
વિશિષ્ટ યોગને યોગસંન્યાસ સામર્થ્યયોગ કહે છે. નિરૂપમ રૂપની
શક્તિ જગાવવાની અહીં જે વાત કરી છે અને પરમાત્મસ્વરૂપે
નિજયોગ ધારણ કરવાનું કહ્યું છે તે આ યોગસંન્યાસ સામર્થ્ય
યોગ સમજવો.

હે સુમતે! છેવટે હું આવો યોગ પ્રાપ્ત કરવાને [illegible]
મૂકી દઈ શાસ્ત્રયોગ કે જેના દ્રવ્યાદિના સ્વરૂપના [illegible]
શુદ્ધ પ્રવૃત્તિ પ્રાપ્ત થાય છે તેથી પણ આગળ વધી જાઉં? હું [illegible]
યોગના બીજા યોગસંન્યાસ વિભાગમાં આવી જઈશ [illegible]
સ્વરૂપ સાથે ક્રીડા કરીશ. હું તને ખાતરી આપું છું કે [illegible]
[illegible] છેવટે હું તને બતાવીશ, ત્યારે જરા [illegible]
જરા પણ રહેવું નહિ, જરા પણ કરવું નહિ.

આ પદની આ ગાથાનો [illegible]
[illegible] પૂછે છે કે ચેતનજી [illegible]
[illegible] ચેતનજી [illegible]
[illegible]

એવી નિજસ્વરૂપની શક્તિ-સામર્થ્યને તે જગાવશે અને તેમ થતાં જ હું આનંદઘનથી મળી એકીભૂત થઈને કેલિ કરીશ એટલે કે ચેતનજી તે વખતે આત્મારામના સ્વરૂપમાં રમણ કરશે. આ ભાવ પણ સારો છે, લગભગ ઉપર કરેલા અર્થ જેવો જ છે, માત્ર શ્રદ્ધાના મુખમાં એ વચનો મૂકવાથી પ્રક્રમભંગ થાય છે. ચેતનજીએ શરૂ કરેલ લયને બનતાં સુધી તોડવો યોગ્ય નથી.

આ પદમાં ચેતનજીએ એક નવાઈ બતાવી છે તે ખાસ વિચારવા યોગ્ય છે. એ કહે છે કે મારો સમય પાકશે ત્યારે હું વિશુદ્ધ યોગમાર્ગ આદરીશ. આવી રીતે જેનું સ્વરૂપ જાણવા નથી એવા કાળને દોષ દઈ કાંઈ પણ પ્રયાસ કર્યા વગર બેસી રહેવું તે અયોગ્ય છે. જ્યારે બની આવે ત્યારે વિચારવું કે આવો સામર્થ્યયોગ સાધવાનો અવસર વારંવાર પ્રાપ્ત થતો નથી; સામર્થ્યયોગ ન સધાય તો તેનાં સાધનો એકઠાં કરવાનો વખત જતો કરવો ઉચિત નથી. એવી રીતે નિર્ણય કરી બને તેટલું કાર્ય સફળ કરવું. કર્મની ચીકાશ એટલી બધી છે કે જો તેને માર્ગ આપવામાં આવે તો આ જીવનો પત્તો લાગવા દે નહિ. ઇચ્છાયોગ દૃઢ કરી, સામર્થ્યયોગનાં સાધનો યોજી દેવાં એ પરમાત્મદશા પ્રાપ્ત કરવાની અને પરમાત્મભાવ પ્રગટ કરવાની ઇચ્છાવાળાને માટે બહુ જ જરૂરનું છે, ખાસ આદરણીય છે અને બહુ સ્પષ્ટ અક્ષરોમાં નિર્ણય કરીને સમજવા યોગ્ય છે. સામર્થ્યયોગનું સ્વરૂપ ઉપોદ્ઘાતમાં વધારે સ્પષ્ટ કરી બતાવ્યું છે તેથી અત્ર વિશેષ ઉલ્લેખ કરવાની જરૂર રહેતી નથી. સ્થિતિ અધર. કાળ-પરિપક્વતા કોઈ પણ કાર્યને અંગે ખાસ ઉપયોગી છે, પરંતુ સર્વજ્ઞપણું પ્રાપ્ત થયા પહેલાં કાળસ્થિતિ ક્યારે પાકશે તે કહી શકાય નહિ તેથી અત્યારે તો સમય થયો નથી, હવે પછી યોગ્ય વખત જોઈ વિશેષ યોગસાધના કરવામાં આવશે એવી વાત કરી પ્રાપ્ત થયેલ અવસરને ગુમાવી દેવો નહિ; વળી આ પદમાં અધ્યાત્મશૈલી પ્રાપ્ત કરી નિજસ્વરૂપ યોગ સાધવાનું કહેવામાં આવ્યું છે તે પણ ખાસ મનન કરવા યોગ્ય છે. જ્યાંસુધી અધ્યાત્મશૈલી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ઉપર ઉપરથી યોગસાધના થાય તો પણ તેની જોઈએ તેવી અસર થતી નથી. અત્યારસુધીમાં આત્માની ધૂન લગાડીને પરમ

સાધ્ય ઉપર નિરંતર લક્ષ્ય રાખીને શક્તિગત આત્મધર્મોને વ્યક્ત કરવાની આવી સુંદર તક જવા ન દેવી એ શુદ્ધ સનાતન ચેતનજીનું અગ્ર કર્તવ્ય છે. ચેતનજીની વર્તમાન પ્રવૃત્તિ સદાચરણમાં તો છે, પરંતુ હજુ શુદ્ધચેતના સાથે તન્મયતા કરાવનાર યોગસંન્યાસનો કાળ પ્રાપ્ત થયો નથી તેને માટે આ પદનાં વચનો છે. અધ્યાત્મશૈલીમાં રહેલ શૈલેશ શબ્દથી પરમોત્કૃષ્ટ દશા જણાવી છે. આ પદનો આ મહાન્ ઉચ્ચ આશય બહુ દીર્ઘ દૃષ્ટિથી વિચારવા યોગ્ય છે અને સામર્થ્યયોગનું સ્વરૂપ સમજી તેને પ્રાપ્ત કરવાનાં સાધનો એકત્ર કરવાનો આ અવસર ભૂલવા જેવો નથી.

-ooooooooooooo-

પદ ચુંમાળીશમું; રાગ ટોડી.

तेरी हुं तेरी हुं एती कहुंरी;
इन बातनमें *दगो तुं जाने;
तो करवत काशी जाय ग्रहुंरी. तेरी हुं० १

"હું તારી પત્ની છું, હું તારી પત્ની છું એટલું કહું છું. એ વાતમાં કાંઈ કપટ તને માલૂમ પડે તો કાશી જઈ કરવત મૂકાવું."

ભાવ-ગતપદમાં સ્વશક્તિગત ધર્મો કેવા સુંદર છે અને તેમાં ચેતનજી ક્યારે આવશે તે બતાવતાં ચેતનજીએ કહ્યું કે પીતળ ઉપર હીરા માણેક જડાતાં નથી અને છેવટે બતાવ્યું કે આનંદઘનસ્વરૂપ સાથે અવસર પ્રાપ્ત થશે ત્યારે પોતે આનંદ કરશે. આ ઉદ્ગાર સાંભળીને ચેતનાને વિચાર થયો કે ચેતનજી કદાચ ઉપર ઉપરથી મારા પર પ્રેમ બતાવવાનો વિચાર દર્શાવતા હશે પણ તેઓના મનમાં મારા પતિવ્રતપણાની પક્કી ખાત્રી હશે કે નહિ તે હજુ તેઓના ઉદ્ગારથી સમજાતું નથી, કારણ કે વચ્ચે જો કે તેઓ બોલ્યા છે કે પીતળ

* 'ઇન બાતનમેં દગો તું જાને' આવો પાઠ બે પ્રતમાં છે. એનો અર્થ ... વાતમાં દગો એ શબ્દનો ભાવ સમજાતો નથી. સબંધ ઉપરથી તેનો અર્થ ... જણાય છે. બાતનમેં ને બદલે બાતમેં એમ પાઠ બે પ્રતમાં છે તેમાં અર્થ ફેર થતો નથી.

૧ તેરી=તારી. હું=હું. એતી=એટલું. ઇન=એ. બાતનમેં=વાતમાં. [illegible] ... કરવત=[illegible] ... [illegible]

ઉપર જરાપણ કામ ન કરાય, પણ તેઓને મારા કંચનત્વની અને તેઓ-પરના મારા વિશુદ્ધ પ્રેમની મારે સ્પષ્ટ અક્ષરોમાં પ્રતીતિ કરાવી આપવી જોઇએ. ચેતનજી વિયોગ સન્મુખ થયા છે તે પ્રસંગનો લાભ લઈ સમતા આ ઉદ્ગાર કાઢે છે તેપર આ પદરચના છે.

શુદ્ધચેતના કહે છે કેન્હે ચેતનજી! હું તમારી છું એટલું કહું છું એ તમે બરાબર ધ્યાનમાં રાખજો. હું અત્યારે તમારી પાસે નથી તેથી કદાચ તમને એમ લાગતું હશે કે ચેતના પોતાની નથી; પણ તમારા હૃદયમંદિરમાં હાલ માયામમતા છે. તેથી હું આવતી નથી અને એ કારણને લઇને તમને જૂદા પ્રકારની અસર થતી હોય તો હું તમને ખાત્રી આપું છું કે હું તમારી જ છું, મેં મનથી પણ અન્ય પતિને ઇચ્છયો નથી અને શરીરથી કોઇની સાથે સંબંધ કર્યો નથી, અત્યાર સુધી આપના વિરહઅગ્નિમાં બળ્યા કરૂં છું અને આપ મારો વિરહ દૂર કરશો એવી આશામાં આપના નામની માળા હાથમાં લઈ તમારો જાપ કર્યા કરૂં છું. આ વાતમાં જો આપને જરા પણ ખોટું લાગતું હોય, અસત્યનો ભાસ પણ થતો હોય તો આપ કહો તેવા સોગન ખાઉં, આપ કહો તેવા પ્રકારનું દિવ્ય કરીને આપને પ્રતીતિ કરી આપું કે હું સર્વથા મન વચન કાયાથી શુદ્ધ પતિવ્રતા રહી છું અને છું.

વ્યવહારમાં જ્યારે સામા મનુષ્યને પ્રતીતિ કરી આપવી હોય ત્યારે તે બાબતને અંગે કવચિત્ સોગન ખાવામાં આવે છે. 'કરવત કાશી લઈ ગઈરી' એ પદ સોગન ખાવાના અર્થમાં વાપરવામાં આવેલ છે. મૂળ વાત તો એમ છે કે સંસારનાં અનેક દુઃખથી ત્રાસ થયેલા દુઃખી માણસો આ ભવમાં કાંઈ સુખ મળ્યું નહિ પણ આવતા ભવમાં સુખ મળશે, એવી અજ્ઞતાસૂચક બુદ્ધિથી કાશી જઈ અસલના વખતમાં કરવત મૂકાવતા હતા, મતલબ માથાથી પગ સુધી કરવતવડે કપાઈ આત્મહત્યા કરતા હતા અને તે પ્રમાણે કરવત મૂકાવતી વખત મનમાં આવતા ભવમાં અમુક વસ્તુ પોતાને મળો એવી ઇચ્છા રાખતા હતા. આવી રીતે નિયાણું કરીને મરવાના આત્મઘાત કરવાના બીજા પણ ઘણા માર્ગો આ દેશમાં હતાઃ કેટલાક ગિરનાર પરથી ભેરવજવ ખાતા હતા એટલે એક ઊંચા શિખરપરથી નીચે ખાઈમાં પછાડી ખાતા હતા અને શરીરનો પાતથી નાશ કરતા હતા, કેટલાક જગ-

ન્નાથજીના રથ નીચે પડી કચરાઈ જતા હતા, કેટલીક સ્ત્રીઓ મૃત્યુ પામેલ પતિ જ પાછો પતિ તરીકે પ્રાપ્ત થાય તેટલા માટે સતી થઈ બળી મરતી હતી. આ સર્વ અજ્ઞાનકષ્ટ હતું. આત્મઘાત કરવાથી કદિ ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થતી નથી, એટલું જ નહિ પણ પૂર્વે બાંધેલાં અશુભ કર્મ ભોગવી લેવાનો પ્રસંગ છોડી દઈ ઉલટા વધારે ચીકણાં અશુભ કર્મો એકઠાં કરવાનું તેથી પ્રાપ્ત થાય છે. આ સર્વ રિવાજો બ્રિટિશ સરકારે હાલમાં બંધ કર્યા છે. કાશીએ જઈ કરવત મૂકાવવું એ અસલ તો આવા અર્થમાં વપરાતું હતું પણ પછી તે એક પ્રકારની સોગન ખાવાની રૂઢિ થઈ ગઈ. જેવી રીતે હાલ એમ કહે-વામાં આવે છે કે અમુક કાર્ય તું કરે તો તારે માથે મુંબઈનું પાપ એવી રીતે કરવત મૂકાવવું એટલે તું કહે તેવા સોગન ખાઉં, તું કહે તેવી રીતે તને પ્રતીતિ કરાવી આપું કે હું શુદ્ધ છું. તેલની ધગધગતી કઢાઈમાં હાથ બોળવો, અગ્નિમાંથી પસાર થઈ જવું, પાપ પુન્યની બારી-માંથી બહાર નીકળી જવું વિગેરે અનેક રીતે દિવ્ય કરવામાં આવતાં હતાં. એવા અસાધારણ પ્રયોગથી પોતાનું શુદ્ધપણું બતાવી આપ-વામાં આવતું હતું. અહીં શુદ્ધચેતના કહે છે કે તમે કહો તે રીતે હું મારૂં શુદ્ધપણું બતાવી આપવા તૈયાર છું, આપ કહો તે દિવ્ય કરૂં, આપ કહો તે સોગન ખાઉં, પરંતુ આપ મનમાં ચોક્કસ માનજો કે હું આપનીજ છું અને આપ સિવાય અન્ય કોઈની નથી તે વાતમાં જરા પણ ગોટો નથી, ફેરફાર નથી, અપવાદ નથી.

જ્યારે ચેતનજીને સમ્યક્ બોધ થાય છે અને તે માર્ગાનુસારી-પણાથી આગળ પ્રગતિ કરે છે ત્યારે તે સુમતિને સહજ મળે છે પણ વળી વચ્ચે વચ્ચે તેના ઉપર અનાદિ મિથ્યાત્વ જોર કરે છે ત્યારે તે માયામમતાના પ્રસંગો શોધવા લાગે છે. આવે વખતે ચેતન-જીની પ્રતીતિ કરાવવા માટે શુદ્ધચેતના પોતે અત્ર લખ્યા છે તેવા ઉદ્ગાર કાઢી ચેતનજીને સમજાવે છે, વસ્તુસ્વરૂપ બરાબર રીતે કહે છે અને તેનાપર વિચાર કરવા ચેતનજીને ભલામણ કરે છે. અત્ર જે દઢ પ્રતિજ્ઞા ચેતનજી સમક્ષ શુદ્ધચેતનાએ કરી છે તે માયામમ-તાની ઉપર સખ્ત ફટકો મારે તેવી છે, કારણ કે તેમાં અંતર આશય એ છે કે જેને તમે તમારી માનો છો તે તો ઘેર ઘેર ભટક-

નારી છે, વેશ્યાઓ જેવી છે અને તેઓ એક પણ દિવ્ય મારા જેવું કરી શકે તેવી નથી. આપના ઉપર એ પરસ્ત્રીઓ ગમે તેટલું હેત બતાવતી હોય, રાગ દર્શાવતી હોય, આકર્ષણ દાખવતી હોય, પણ તેઓ તમારી નથી, તમારી થઈ નથી અને તમારી થવાની નથી. આ ભાવ બરાબર સમજીને મનન કરવા યોગ્ય છે.

આ ગાથાનો એક બીજો વિદ્વત્તા ભર્યો અર્થ કર્યો છે. જો એ વાતમાં હે પતિ! તમે ઠગો માનતા હો તો કાહી=તે કઈ વસ્તુ છે જેને હું ગહુંરી=ગ્રહણ કરૂં છું, એટલે મારા શુદ્ધપતિવ્રતપણામાં આપને ઠગો લાગતો હોય તો બીજી એવી કઈ વસ્તુ છે, બીજો એવો કોણ મારો પતિ કે યાર છે જેને હું ગ્રહણ કરૂં, જેને હું ધારણ કરૂં, તે આપ બતાવો. જો કે આપ મારે મંદિરે ઘણા કાળથી આવ્યા નથી છતાં મેં અન્ય પુરૂષ સામે દૃષ્ટિપાત પણ કર્યો નથી અને હું તમારી જ રહી છું, છતાં એ વાતમાં આપને કાંઈ કપટ લાગતું હોય તો મારૂં ચિત્ત કયાં અને કોનાપર છે તે બતાવો. આ અર્થ સુંદર છે પણ તેમાં કરવત શબ્દનો અર્થ બીલકુલ રહી જાય છે તેથી ઉપર પ્રથમ અર્થ કર્યો છે તેજ યુક્ત છે.

શુદ્ધ વસ્તુસ્વરૂપનો યથાસ્થિત બોધ થયા પછી પણ ચેતનજી જ્યારે બની આવે ત્યારે વિભાવમાં પડી જાય છે. શુદ્ધ બોધપર આવરણ આવવાથી જાણી જોઈને ઘણીવાર શુદ્ધ માર્ગથી ફંટાઈ જઈ મિથ્યાત્વના કુમાર્ગપર ચડી જાય છે અને પ્રાપ્ત થયેલ સંપત્તિ ગુમાવી બેસે છે; તેને વળી સદ્‍ગુરૂ સુમતિ આપી ઠેકાણે લાવે છે. તેવે પ્રસંગે જીવાત્માને સમજવાને યોગ્ય આ પદમાં જે ભાવ આપ્યો છે તે વિચાર કરવા લાયક છે. સંસારભાવનાથી તપ્ત થયેલા આ ચેતનજીને ખબર પડતી નથી કે પોતે કોનાથી દુઃખી થાય છે અને શામાટે સંસારમાં રખડે છે. એને સત્ય સ્વરૂપ સમજાવવા માટે અત્ર શુદ્ધચેતના સ્પષ્ટ બોધ કરી પોતાનું ત્રિકાળશુદ્ધત્વ પ્રતીત કરાવે છે. પોતે ચેતનજીની કિંમત કેટલી ઉચ્ચ પ્રકારની આંકે છે તે કવિરૈવપણે વ્યક્ત કરતી આગળ વધે છે.

वेद पुरान कतेब कुरानमें,
आगम निगम कछू न लहूँगे;

वाचा रे फोर शीखाइ सेवनकी,*
में तेरो† रस रंग रहुंरी. तेरी० २

"ચાર વેદ, અઢાર પુરાણ, કુરાન અને કિતાબમાં તથા આગમ અને નિગમમાં (તારા સિવાય) અન્ય મને પ્રાપ્ત થતું નથી. વાણી ફેરવીને સેવન કરવાની રીત (સર્વત્ર તે ગ્રંથોમાં) શીખવી છે. હું (તેથી) તારા રસરંગમાં રહીશ."

ભાવ-શુદ્ધચેતના પ્રતીતિજનક ઉદ્ગાર કાઢતાં ચેતનજીને વધારે સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે હે મારા નાથ! હું તમારાં કેટલાં વખાણ કરૂં અને તમારે માટે કેટલા ઊંચા પ્રકારના શબ્દોમાં વાત કરૂં. હું તો સર્વત્ર આપનોજ ખ્યાલ કરૂં છું અને આપનેજ દેખું છું. મારા મનમાં આપના સિવાય બીજા કોઈનું દર્શન પણ થતું નથી, કારણ કે હું જ્યાં જોઉં છું, જ્યાં વિચાર કરૂં છું, ત્યાં આપની જ વાત મારા સાંભળવામાં અને વિચારણામાં આવે છે. ચાર વેદ જુઓ, અઢાર પુરાણ જુઓ, હઝરત પેગમ્બરનું કુરાન જુઓ કે તેના અનુયાયીઓના બનાવેલા કિતાબ નામથી પ્રસિદ્ધ બીજાં મુસલમાની ધર્મશાસ્ત્રો જુઓ, જૈનોનાં પીસ્તાળીશ આગમ અથવા ઉપનિષદો જે નિગમ‡ ગ્રંથો તરીકે ઓળખાય છે તે જુઓ; વળી તે ઉપરાંત બાઈબલ, જંદ

---

* "વાચર ફેરી શીખાઈ સબનીકી" આવી રીતે આ પંક્તિ મંત્ર પ્રતમાં છે તેને માટે જુઓ વિવેચન

† તેરે ને બદલે 'તોરે' પાઠાંતર છે

૨ વેદ=ચાર વેદ. પુરાન=અઢાર પુરાણ. કુરાન=મહમદ પેગમ્બરનું મુસલમાનનું ધર્મશાસ્ત્ર. કતેબ=કિતાબ, મહમદ પેગમ્બરની પછીના મશકારીએ બનાવેલ ધર્મપુસ્તકો ધર્મશાસ્ત્ર. આગમ=પિસ્તાલીશ આગમ, જૈન ધર્મશાસ્ત્ર. નિગમ=આગમના અર્થનો નિર્ધાર કરનાર શાસ્ત્રગ્રંથો, ઉપનિષદોને નિગમ કહે છે. કછુ=કોઈ, તારા સિવાય અન્ય લહુંરી=પ્રાપ્ત કરૂં. વાચા=વાણી. ફેર=ફેરવી, પ્રગટ કરી. શીખાઈ=શીખવ્યું છે. સેવનકી=સેવન કરવાની વિધિ. રસરંગ=રસના રંગમાં. રહુંરી=રહીશ

‡ અર્થ નિર્ધાર કરનાર ગ્રંથને નિગમ કહેવામાં આવે છે. [illegible] નિગમો કહેવામાં આવે છે તે જૈન શાસ્ત્રથી તદ્દન વિરુદ્ધ છે અને તેના [illegible] પૂર્વાચાર્ય મહારાજશ્રીએ 'આગમ પ્રતિપક્ષનિરાકરણ' નામે ગ્રંથ રચ્યો છે. [illegible] મને પન્યાસજી શ્રીઆનંદસાગરજી મહારાજ લખી જણાવે છે 'નિગમ [illegible] આનંદઘનજી મહારાજે ઉપનિષદ્ શબ્દના અર્થમાં વાપર્યો હોય એમ જણાય છે

ઘોસ્ત ગ્રંથો, બુદ્ધધર્મના ગ્રંથો, તર્ક ગ્રંથો કે અન્ય કોઈ પણ ધર્મનાં પુસ્તકો જુઓ તો ત્યાં તારા સિવાય બીજું કાંઈ હું જોતી નથી. કોઈ તને ક્ષણિક માને છે, કોઈ તને દેહપ્રમાણ સમજે છે, કોઈ તને પરમાત્માનો અંશ સમજે છે, કોઈ તને પ્રકૃતિપ્રભાવથી પુરૂષાકારનું માયાઅવલિપ્ત સ્વરૂપ ધારે છે, કોઈ તને અનિત્ય માને છે, કોઈ અવિનાશી માને છે, કોઈ કર્માવલિપ્ત પણ વસ્તુતઃ શુદ્ધ ચિદાનંદ-સ્વરૂપ સમજે છે; એમ અનેક પ્રકારે તારા સંબંધી વાતો કરે છે, તારૂં સ્વરૂપ સમજવા યત્ન કરે છે, તારે માટે વિચાર કરે છે; પણ હું ગમે તે ધર્મનાં પુસ્તકો વાંચું છું, વિચારૂં છું કે જોઉં છું તો ત્યાં એક અથવા બીજા રૂપે તારી જ વાત જોઉં છું. હું ગમે તે જોઉં છું, તો તારી ને તારી વાત તેમાં છે એમ મારા મનપર અસર થાય છે અને તેથી મારા હૃદયપર તારા સિવાય અન્ય કોઈની વાત ઠહિ આવતી જ નથી, અન્યનો વિચાર પણ થતો નથી અને અન્ય પર ધ્યાન પણ જતું નથી. મારા નાથ! તમે એટલા બધા પ્રસિદ્ધ છો કે જ્યાં ત્યાં હું આપની જ વાત જોઉં છું. આપની એવી કીર્ત્તિ જોઈ મારે ઘણું મગરૂબ થવાનું કારણ છે અને એવા સુંદર પ્રસિદ્ધ પ્રતિષ્ઠિત પતિને મેળવીને અને તેને તેવા ઉત્તમ પુરૂષ તરીકે ઓળખીને કઈ સ્રી એવી મૂર્ખ હોય કે તેવા પતિપર યોગ્ય પ્રેમ રાખે નહિ, યોગ્ય હેત બતાવે નહિ, યોગ્ય સ્નેહ સાચવે નહિ.

શુદ્ધચેતનાના મુખમાં અત્ર કવિએ બહુ ચાતુર્યથી જે વાત મૂકી છે, તે પરમતસહિષ્ણુતા બતાવે છે. ભેદમાર્ગ સેવનારા, અભેદ-માર્ગ અનુસરનારા તથા બૌધ, સાંખ્ય, નૈયાયિક, મુસલમાન કે ખ્રીસ્તી સર્વ ધર્મના નેતાઓએ ચેતનજીની વાત સુંદર રીતે કરી છે, ચેતનજીને શુદ્ધ સ્વરૂપે સમજવા અને વ્યક્ત કરવાના માર્ગપર વિચાર કર્યો છે, જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓથી ચેતનજીને સમજવા પ્રયત્ન કર્યો છે. એ પ્રયત્નમાં તેઓ કેટલે અંશે ફતેહમંદ થયા છે તેપર અહીં વિચાર કરવાનો નથી, પણ શુદ્ધચેતનાના કહેવાનો આશય એ છે કે કોઈ પણ ધર્મનાં પુસ્તકો વાંચવા વિચારવામાં આવે છે તો તેમાં સર્વત્ર ચેતનજીની વાતો એક યા બીજા પ્રકારે કરેલી જોવામાં આવે છે. સત્યનો અમુક અંશ લઈને તેને વિકસ્વર કરવાના પ્રયત્નમાં સર્વ

શાસ્ત્રકારોએ ચેતનજીની પ્રતિષ્ઠા અને મહત્વ વધાર્યાં છે અને તેટલે દરજ્જે તેમાંથી સાર ગ્રહણ કરવા યોગ્ય છે. ઘણા ખરા ધર્મપ્રવર્તકોની એવી ઇચ્છા હોય છે કે પોતે અને પોતાનો અનુયાયી વર્ગ પરમાત્મસ્વરૂપની વિવિધ પ્રકારે સેવા કરી તે પ્રાપ્ત કરવાના માર્ગ પર આવી જાય અને તેમ કરી અક્ષય અવ્યાબાધ અનંત સુખમય સ્વરૂપ પ્રાપ્ત કરવાની યોગ્યતા મેળવે. આવા સર્વત્રપ્રસિદ્ધ અને આરાધ્ય પતિને મેળવવા માટે શુદ્ધચેતના ખરેખર મગરૂબ થાય તેમાં નવાઇ નથી.

હે મારા નાથ! તમે આવા સુપ્રસિદ્ધ છો તો હવે આપ આપની વાણી ફેરવીને સેવન કરવાની વિધિ શીખવો કે જેથી હું હમેશાં તમારા રસરંગમાં રહું. તમારૂં સ્વરૂપ જૂદા જૂદા શાસ્ત્રકારોએ જૂદી જૂદી દૃષ્ટિથી બતાવ્યું છે પણ હવે એ સર્વ બાજુપર મૂકીને તમે પોતે જ તમને આરાધવાની રીત વાણીથી પ્રસિદ્ધ કરો અને મને શીખવો, સમજાવો, જણાવો. આપ જેવા મોટા માણસો જેની વાત વેદ પુરાણાદિ સર્વ ગ્રંથોમાં કરી છે તે તો ઠીક, પણ હવે તો આપ પોતે જ સેવનની રીત મને સમજાવો. શું કરવાથી પરમાત્મા પ્રસન્ન થાય, શું કરવાથી આત્મા પરમાત્માપણું પામે અને કેવી રીતે મારા નાથ (તમે) પ્રસન્ન રહો એ આપ પોતે જ મને સમજાવો. એ શીખીને પછી હું આપના જ રસરંગમાં રહેવા ધારણા રાખું છું અને ગમે તેમ કરી આપને પ્રસન્ન કરવા મારી દૃઢ ઇચ્છા છે. મારે તો તમે રાજી થાઓ એમ ગમે તે પ્રકારે કરવું છે. મારે બીજા કોઇનું કામ નથી અને મેં જ્યારે આવા વેદપુરાણકુરાનઆગમપ્રસિદ્ધ પતિ મેળવ્યા છે ત્યારે મારે બીજાની ઇચ્છા કેમ રહે? બીજા તરફ મારો દૃષ્ટિપાત પણ કેમ થાય? બીજા તરફ સહજ વલણ પણ કેમ રહે?

મતપક્ષ મૂકી દઇ શુદ્ધ સ્વરૂપ સમજવાની ઇચ્છાવાળા તત્ત્વરસિક મુમુક્ષુને જ્યારે સમ્યક્ જ્ઞાન થાય છે ત્યારે તે સર્વત્ર એકતા અનુભવે છે, ગમે તે ધર્મશાસ્ત્ર વાંચે તોપણ તેમાં સત્યનો અંશ કેવી રીતે આવી રહેલો છે તે તેના ગ્રાહ્યમાં આવી જાય છે અને તે વિરોધના અંતરમાં રહેલી એકતા જોઇ શકે છે, તે સર્વત્ર પરમાત્માને આરાધી તત્સ્વરૂપ પ્રાપ્ત કરવાના માર્ગ પ્રત્યક્ષ દેખી શકે છે અને એ ભાવ

સુંદર છે કે શુદ્ધચેતના ચેતનજીનું મહત્વ બતાવવામાં પરમ-
ચુતા અને દૂધમાં ભળેલું જળ ફેંકી દેવાની અને સત્વ ગ્રહણ
તેની શક્તિને એક ખાસ અગત્યની બાબત તરીકે બતાવે
ાવીશમા પદમાં તથા અન્યત્ર આ વિષયપર કેટલુંક વિવેચન
ું છે. ચેતનજીની પાસે જ તેને સેવવાની રીત શીખવાનું શુદ્ધ-
કહે છે તે તેની નમ્રતા બતાવે છે. પોતે તો બધું જાણે છે
તનજીના મુખથી જ તે માર્ગ કહેવરાવવામાં તેનો આશય તેને
કરવાનો સ્પષ્ટ જણાઈ આવે છે. રસરંગમાં રહેવાનો નિશ્ચય
ને કુટિલ માયામમતા આદિ સાથેનો ભેદ બતાવવા માટે
ો સર્વત્ર ભટકનારી છે અને પતિવ્રતા નથી એ ભાવ પ્રદર્શિત
ોતે તો પતિના રંગથી રંગાઈ જઈ તેમાં રહેવાનો નિશ્ચય કર્યો
બનાવે છે.

થમની બે પંક્તિનો અર્થ એમ પણ થઈ શકે કે વેદ પુરાણ
કિતાબ અગમનિગમ (એટલે વેદાંત) એ સર્વને હું કાંઈ ગણતી
હું તો તારો મત જ માનું છું, મને અન્ય કાંઈ ઈષ્ટ નથી. શુદ્ધ-
ું કહેવું એમ છે કે જે ચેતનજીનો મત તે તેનો પોતાનો
ેને કોઈ અન્ય ગ્રંથોનું કામ નથી. આ અર્થ પણ ઠીક છે.

આ ગાથાનો ભાવ બહુ વિચારવા યોગ્ય છે. જેઓ અકારણ ધર્મના
લડાઈઓ મચાવી મૂકે છે તેઓએ તેમા નત્યાંશ કયા અને કેવી
હેલ છે તે આનંદઘનજીના અભિપ્રાય પ્રમાણે સમજવું જોઈએ
ત્ય સ્વરૂપ સમજ્યા પછી ચેતનજી સાથે સ્નેહ જમાવવો
હાલ તો શુભ માર્ગો પણ એવા કંટકમય કરી મૂકાયલા
આવે છે કે તેમા ચાલવાથી લાભ જોઈએ તેવો થતો નથી
કેટલીકવાર તે મોટી હાનિ થતી જોવ મા આવે છે. જ્યારે ધર્મના
પર આવા વિષમ બનાવી મૂકવામા આવ્યા હોય ત્યારે પછી
જીને તેનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કેવી રીતે અને ક્યાં કરવું એ
પ્રશ્ન થઈ પડે છે. તેથી વસ્તુસ્વરૂપ સમજી ચેતનજીના રસ-
રહી શકાય એવા માર્ગો ગ્રહણ કરવા યોગ્ય છે

"ચાચર ફોરી શિખ દઈ સબનીકો" એવો પાઠાંતર છે તેનો અર્થ
ાઓએ સ્પષ્ટ રીતે સેવન કરવાની રીતિ શીખવી એમ થઈ શકે

છે. આત્મગાન–હૃદયગાન દ્વારા પરમાત્મભાવને સેવવાની રીતિ શીખવી એટલે આંતરગાનથી પરમાત્મભાવ પ્રાપ્ત કર્યો, સમજાયો એ અર્થ સાધારણ રીતે થઈ શકે છે. પ્રસ્તુત હકીકત સાથે ચાચરનો ભાવ બરાબર બેસતો આવતો નથી.

અહીં પરમાત્મભાવ પ્રગટ કરવાની વિવિધ રીતિઓ અન્ય ગ્રંથો બતાવે છે તેના તરફ ધ્યાન ન આપતાં શુદ્ધચેતના ચેતન પતિને કહે છે કે હે નાથ! આપ પોતે જ હવે સેવનની વિધિ વાણી દ્વારા શીખવો એટલે એથી આપને એક તો મારી સાથે વાતચીત કરવી પડશે અને અત્યાર સુધી આપ મારી સામે જોતા નથી અને સાથે બોલતા નથી તે સ્થિતિનો અંત આવશે અને આપની પોતાની ઇચ્છા શું છે તે મને વ્યક્ત થતાં હું તેને માન આપી અનુસરીશ. હે નાથ! તેટલા માટે આપ પરમાત્મભાવ પ્રાપ્ત કરવાની રીતિ મને શીખવો. ટબાકાર આ ગાથાનો અર્થ કરતાં કહે છે કે 'આગમ એટલે જૈનાગમનો નિગમ એટલે માર્ગ પ્રત્યે કાંઈ પ્રાપ્ત કર્યું નહિ, વાણી બોલીને તારી સેવા (શુદ્ધચેતનાએ) મને શીખવી.' આ ભાવમાં જાણે સુમતિ ચેતનજીને ઉદ્દેશીને બોલતી હોય તેવો ભાવ બતાવ્યો છે; પણ તે ભાવ ઉપર લખ્યો છે તેવો આત્માને ઉચ્ચતર સ્થિતિનાં બતાવનારો નથી તેથી પ્રથમ અર્થ લખ્યો છે તે વિશેષ યોગ્ય જણાય છે. તાત્પર્ય આ ગાથાનું એ છે કે ચેતનજી પોતે જ સેવનની રીતિ વાણી દ્વારા વ્યક્ત કરે તો તેને પ્રથમ તો વિચાર કરવો પડે અને તેમ કરતાં ચેતના સુમતિ અને માયામમતાનું સ્વરૂપ સમજી જાય. આવા અનેક ઉદ્દેશો મનમાં રાખી ચેતના ચેતનજી પાસે સેવનની વિધિ વાણી દ્વારા વ્યક્ત કરવા વિનતિ કરે છે. ચેતનાનો આશય પતિ મન [illegible] જમાવવાનો છે અને તેથી તે હજુ પણ આગળ [illegible]

> मेरे तो तुं राजी चहीए,
> औरके बोल में लाख सहूंरी;
> आनंदघन प्रभु वेगें मिलो* प्यारे,
> नाहि तो गंग तरंग वहूंरी. नेरा० ३

* [illegible] 'મિલો' પદ છે [illegible] સ્વતંત્ર વિવેચન કર્યું છે તે જુઓ.

"મારે તો તું પ્રસન્ન રહે એટલું જોઈએ છીએ, બીજાનાં લાખો વચનો હું સહન કરીશ. વહાલા આનંદઘન નાથ! જલદી મળો, નહિ તો પછી હું ગંગાના પ્રવાહમાં તણાઈ જઈશ."

ભાવ-શુદ્ધ પતિવ્રતા સ્ત્રીની ભાવના ગમે તે યોગ્ય પ્રકારે પતિને પ્રસન્ન કરવાની હોય છે, તેને પછી લોકો વરધેલી કહે કે તેની અન્ય પ્રકારે મશ્કરી કરે તેની તે દરકાર કરતી નથી, તેની સખીઓ તેને હસે તેને તે ગણકારતી નથી, બીજા માણસો તેની ગમે તેવા શબ્દોમાં વાતો કરે તે વાતની તેના મનમાં ચોટ રહેતી નથી, તેનું સાધ્ય તો હરકોઈ પ્રકારે પતિને પ્રસન્ન કરવાનું હોય છે. બીજા કોઈ તેને લાખો બોલો સંભળાવે તેની તેને દરકાર હોતી નથી અને તે સર્વને સહન કરી જાય છે. વેદપુરાણ-આગમપ્રસિદ્ધ પતિને મેળવીને શુદ્ધચેતનાની પણ એવી જ દશા થાય છે. તે સ્પષ્ટ રીતે પતિ સાંભળે તેમ કહે છે કે બીજા સર્વ પ્રાણી તમારા સંબંધમાં ગમે તે પ્રકારે વાત કરે, માયામમતા તમારી વિરૂદ્ધ ગમે તેટલું બોલે અને માયામમતાના સંબંધી ગોત્રજનો તમારા સંબંધમાં ગમે તેવા શબ્દોમાં મશ્કરી કરે તેની મારે દરકાર નથી. મારે તો એક જ વાત છે કે ગમે તે પ્રકારે તમને પ્રસન્ન કરવા અને તમે સર્વદા મારા ઉપર પ્રસન્ન રહો તેવા ઉપાયો યોજવા. વ્યવહારમાં પતિપ્રાણા સતી પતિને રાજી રાખવા અનેક પ્રયત્ન કરે છે અને પતિપ્રેમમાં આસક્ત હોઈને લોકોની વાતની દરકાર કરતી નથી; તેમ હું પણ તમારા સિવાય અન્ય માટે વિચાર કરતી નથી, તમને પ્રસન્ન રાખવા નિરંતર વિચાર કર્યા કરું છું અને તે સંબંધમાં લોકો મારે માટે વાતો કરે તેની હું દરકાર કરતી નથી.

સુમતિરક્ત ચેતનની આવી દશા હોય છે. તેને પોતાની શુદ્ધ પરિણતિ પ્રાપ્ત કરવામાં એટલી તલ્લીનતા હોય છે કે તેને લોકોના ઉપરછલીઆ વ્યવહારની જરા પણ વિચારણા રહેતી નથી. કહેવાની મતલબ એમ નથી કે વ્યવહાર વિરૂદ્ધ તે કોઈ પણ કાર્ય કરે છે, પરંતુ તત્ત્વ એમ છે કે સામાન્ય રીતે કોઈ પણ કાર્ય કરતી વખતે

[illegible]

લોકો તે સંબંધમાં શું બોલશે, પોતાની કીર્તિને તેથી કેટલી અસર થશે, પોતાની સ્થિતિને તેથી યોગ્યાયોગ્ય શું જણાશે—એ સંબંધી વિચારણા પ્રાકૃત મનુષ્યને વિશેષ હોય છે; તેના કાર્યની રેખા અંકિત કરનાર સ્થૂળ વ્યવહારનું સાધ્ય બિંદુ હોય છે. જ્યારે શુદ્ધ ચેતનનાં કાર્યને મુકરર કરનાર સાધ્ય ચેતનનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાનું, પ્રગટ કરવાનું, વિકસ્વર કરવાનું રહે છે. એને અંગે કોઈ વખત વ્યવહારુ માણસો તેના વર્તનને કે આચરણને પ્રાકૃત દૃષ્ટિબિંદુથી સ્વીકારી ન શકે, સમજી ન શકે, તોળી ન શકે એવું બની આવે છે અને તેવે પ્રસંગે કોઈ કોઈ વાર તેની અયોગ્ય રીતે હાંસી કરવાને પણ તેઓ ચૂકતા નથી. આ પ્રમાણે હકીકત હોવા છતાં શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો સાધ્ય દૃષ્ટિવાન્ ચેતન પોતાનું વર્તન લોક રૂચિ અનુસારે કરતો નથી પણ સાધ્યપ્રાપ્તિમાં પોતે કેટલો આગળ વધી શકે છે એ દૃષ્ટિ રાખીને જ પોતાની કર્તવ્યરેખા અંકિત કરે છે. કોઈ કોઈ વખત તો વ્યવહારૂ માણસો તેને બહુ હસે છે, ટકોરે છે, બનાવે છે; પણ તે અંતઃકરણપૂર્વક સમજે છે કે મારી વાત કરનારા અને મને બનાવનારા બિચારા હજુ તદ્દન સ્થૂળ ભૂમિકા ઉપર છે અને શુદ્ધ બોધથી કમનસીબ રહેલા હોવાથી જ્ઞાનચક્ષુથી વિકલ છે, વસ્તુતઃ અંધ છે. આવા કારણથી જ શ્રીમદ્યશોવિજયજી મહારાજે સમાધિશતકમાં લખ્યું છે કેઃ—

> જગ જાણે ઉન્મત્ત ઓ, ઓ જાણે જગ અંધ
> જ્ઞાનીકું જગમેં રહ્યો, યું નહિ કોઇ સંબંધ.

જગતના લોકો સાધ્ય દૃષ્ટિયુક્ત જ્ઞાનીના વર્તનને [illegible] સના વર્તન જેવું ગણે છે. તેને ત્યાગ કરતો જોઈને, ધ્યાન કરતો જોઈને, મનને નિરોધ કરતો જોઈને તેઓ મનમાં હસે છે, તેનાં [illegible] [illegible] તેની મશ્કરી કરે છે, તેને વ્યવહારનાં નામમાં [illegible] [illegible] તેને મૂર્ખ કહે છે અને તેના દરેક કાર્યની [illegible] [illegible] સમજવાની પોતાની અશક્તિને લીધે અને પોતાની [illegible] [illegible] ને અભિનિવેશમાં પોતાને [illegible] [illegible] ઉન્મત્ત કોટીમાં ગણે છે. [illegible] [illegible] ઉપરથી [illegible]

વિચારે છે કે પોતાના સંબંધમાં વિચાર કરનારા આ બિચારા અંધ છે, જ્ઞાનચક્ષુથી રહિત છે અને વાસ્તવિક સમજણ વગરના છે. આથી વધારે સ્પષ્ટ શબ્દોમાં બોલીએ તો ખરી રીતે આવા મનુષ્યના સંબંધમાં બીજા પ્રાણીઓ શું બોલે છે તે જાણવાની કે તે સંબંધી ગવેષણા કરવાની સુજ્ઞ તત્ત્વરૂચિવંત જીવને ચિંતા જ હોતી નથી. તેનું સાધ્ય તો પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવાનું અને તે માટે યોગ્ય સાધનો એકઠાં કરવાનું જ રહે છે. તે બની શકે તેટલું યોગ્ય દિશામાં શુદ્ધચેતના પ્રગટ કરવા મથે છે અને તેમાં જેટલે દરજ્જે પોતાને ફતેહ મળે તેટલે અંશે તે પોતાને કૃતકૃત્ય માને છે.

આવી વસ્તુસ્થિતિ હોવાથી શુદ્ધચેતના કહે છે કે હે મારા નાથ! મારે તું રાજી રહે તેનું કામ છે, બીજા ગમે તેટલા બોલો મારે માટે બોલશે અથવા બોલે છે તે સર્વ સહન કરવા હું તૈયાર છું અને તૈયાર રહીશ. હે મારા નાથ! મને આપને મળવાની એટલી બધી અભિલાષા થઈ છે કે મને તો તમારા સિવાય બીજી વાત ગમતી નથી, પસંદ આવતી નથી, ધ્યાન ખેંચનારી થતી નથી. હે નાથ! આપ હવે તો આપની પ્રિય પત્નીને જલદી મળો, હવે જો આપ મને મળવામાં ઢીલ કરશો તો મોટી ભૂલ થશે. અત્યારે મારે ને તમારે મળવાની જોગવાઈ મળી ગઈ છે, માયામમતા આપનાથી દૂર ખસી ગઈ છે અથવા ખસી જવાની સ્થિતિમાં આવી ગઈ છે અને આપનાથી જરા ડરી જઈ આપનાપર પોતાનું સામ્રાજ્ય સ્થાપન કરી શકતી નથી, તેવે વખતે આવો સુંદર દેહ, ઉત્તમ જાતિ, શરીર સ્વાસ્થ્ય, દેવગુરૂનો યોગ વિગેરે અનેક પ્રકારની અનુકૂળતાઓ પ્રાપ્ત થયા છતાં પણ જો આપ મને નહિ મળો. તો હું સંસારરૂપ ગંગાના પ્રવાહમાં તણાઇ જઇશ, હું નદીમાં ઝંપાપાત કરીશ અને પછી મારો અને તમારો યોગ અચોક્કસ વખત સુધી લબાશે. સર્વ પ્રકારની અનુકૂળતા પ્રાપ્ત થયા છતાં પણ શુદ્ધચેતનાને પ્રાપ્ત કરવાનો માર્ગ ગ્રહણ કરવામાં ન આવે તો પછી એવી જોગવાઈ સંસારચક્રમાં ક્યારે ફરીવાર મળશે તે કહી શકાય નહિ. આ હેતુને લઇને શુદ્ધચેતના કહે છે કે આપ મને મળશો નહિ તો સંસારસરિતાના પ્રવાહમાં હું ઝંપાપાત કરીશ એટલે હું સંસારમાં ઘસડાઇ જઇશ, મત-

લભ ચેતનજી આવી અનુકૂળ તકનો અત્યારે લાભ નહિ લે તો પછી તે સંસારમાં ઘસડાઈ જશે અને પછી પાછો તેનો કયારે અવસર આવશે તે કહી શકાય નહિ. ચેતના અને ચેતનનો અભેદ છે, તેથી ચેતનાએ ગંગાના પ્રવાહમાં પડવાનું કહેવું તે ચેતનજીને તેમાં તણાવા બરાબર છે. અત્ર જે હકીકત બતાવી છે તે બરાબર સમજી શકાય તેવી છે. અનેક પ્રસંગે ચેતનજીને કહેવામાં આવ્યું છે કે તેને અત્ર જેવી અનુકૂળ જોગવાઈ મળી છે તેવી ભવચક્રમાં કોઈ કજ વખત મળે છે; તેનો ઉપયોગ શુદ્ધ દશા પ્રગટ કરવામાં થાય તો તેનું જીવન સફળ થાય છે, નહિ તો તે સામાન્ય વ્યક્તિઓની પેઠે ફોગટ ફેરા જેવું જીવન ગાળી સંસારમાં સરી જાય છે, પડી જાય છે, ડૂબી જાય છે. શુદ્ધચેતના તેની પોતાની સ્ત્રી છે, તેને અનુકૂળ છે અને તેને મળવાને આતુર છે; સુમતિ પ્રાપ્ત કરી તે દ્વારા પોતાનું પ્રસિદ્ધ શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી શુદ્ધચેતના સાથે અનન્ત કાળ સુધી વિલાસ કરવાની વિશુદ્ધ વૃત્તિ અને સામગ્રી પ્રાપ્ત કરવાની આવી તક તેણે કોઈ પણ રીતે ફેંકી દેવા યોગ્ય નથી.

ટબાકાર આ ગાથા સુમતિના મુખમાં મૂકે છે. તે કહે છે કે અહિ જે કથન છે તે જડસંગી આત્મારામ પ્રત્યે સુમતિએ કહેલું છે. તે ચેતનજીને પોતાને ઉતાવળે મળવાનું કહે છે અને નહિ તો શુદ્ધ ચેતનાના ઉજ્જ્વળ તરંગોમાં મળી જઈ બારમે ગુણસ્થાનકે પોતે જશે અને સુમતિ નહિ રહેશે એમ બતાવી સુમતિ કુમતિની મર્યાદા બતાવે છે. ટબાકારનો આશય એવો જણાય છે કે સુમતિ પોતે તો શુદ્ધ છે પણ પતિનો વિરહ સહન કરી શકતી નથી તેથી પોતે બારમા ગુણસ્થાનકે ઉજ્જ્વળ આત્મપરિણતિરૂપ શ્વેત તરંગોમાં મળી જવાનું કહે છે અને પછી ત્યાં તેનું વ્યક્તિત્વ નાશ પામશે. તેરમા ગુણસ્થાનકે તો શુદ્ધ કેવલ-જ્ઞાન પ્રાપ્ત થાય છે અને સુમતિ કુમતિનો લય થાય છે અને શુદ્ધ ચૈતન્ય પ્રગટ થાય છે. આવી રીતે હકીકત કહીને ચેતનજીને પોતાના વરૂ અં પણ કરવાનો સુમતિનો આશય હોય એમ ટબાકાર જણાવે છે. એ પ્રમાણે અર્થ કરવામાં ભાવ ઠીક આવે છે, પણ સુમતિ આવા પ્રકારની ધમકી ચેતનજીને આપે તે પહેલી અને બીજી ગાથાના ભાવને અનુરૂપ લાગતું નથી. સુજ્ઞ વાંચનારે બન્ને અર્થ યોગ્ય રીતે વિચારવા

આ આખા પદનો આશય ચેતનજીને તેનું શુદ્ધ સ્વરૂપ બતાવી તે ગટ કરવા માટે આગ્રહ કરવાનો છે. એમ કરવા જતાં શુદ્ધચેત- ાએ એક વાત બહુ સુંદર કરી છે અને તે એ છે કે ચેતનજીની વાત ર્વ શાસ્ત્રોએ કરી છે અને ચેતનજી સર્વત્ર પ્રસિદ્ધ છે. આવા સુપ્ર- સિદ્ધ ચેતનજી પોતાનું પ્રસિદ્ધ સ્વરૂપ પ્રગટ કરવા લલચાય તે માટે તેને બહુ સુંદર શબ્દોમાં બોલાવ્યા છે અને તે વાત ખાસ લક્ષ્યમાં ાખવા યોગ્ય છે. બીજી વાત ચેતનજી પાસે જ તેને સેવન કરવાની રીતિ કહી બતાવવા સૂચવ્યું છે. એનો ગર્ભિત આશય વ્યક્તિભેદે શુદ્ધ દશા પ્રગટ કરવાના માર્ગોનું વિવિધપણું બતાવવાનો છે. ક્રિયાથી, યોગથી, જ્ઞાનથી અને તેના જૂદા જૂદા વિભેદથી સેવનની રીતિ પ્રાપ્ત થાય છે. અમુક વ્યક્તિને કઈ રીતિ અનુકૂળ છે તે તેણે યોગ્ય અંકુશ નીચે રહીને શોધી કાઢવાનું છે. આ ઉપરાંત ચેતનજીને પ્રસન્ન ાખવાનો જે ભાવ છેલ્લી ગાથામાં બતાવ્યો છે તે પણ બહુ જ વિચા- રવા યોગ્ય છે. આવી રીતે બેંતાળીશમા પદમાં બે અક્ષર સ્મરણ કરવાની જે વાત કહી છે તે ચેતન અને ચેતનાના અરસપરસ ઉદ્ગા- રોથી સ્પષ્ટ કરવાનું સૂચવન ત્યાર પછીનાં બે પદમાં કર્યું છે. આ છેલ્લાં ત્રણે પદોનો આશય બરાબર વિચારવો.

પદ પીસ્તાળીશમું–રાગ ટોડી.

टगोरी भगोरी लगोरी जगोरी.
ममता माया आतम ले मति,
*अनुभव मेरी और लगोरी. टगोरी० १

"ઠગારીઓ! ભાગી જાઓ. (ચેતનને કહે છે) તમે મને વળગો. .... મમતા માયા રૂપ મતિ લઈને આત્મા (હું) તમને વળગ્યો ... જ્ઞાનદષ્ટિ મેં રી છે અને તે સિવાય અન્ય દશા છે–પર છે."

ભાવ–આ પદનો અર્થ ઘણો વિષમ છે. પ્રથમ મારા ગુરૂ મહારાજે જે પ્રમાણે અર્થ કર્યો છે તે બતાવું છું, પછી આખું પદ પૂરૂં કરી ટબાકારનો અર્થ વિચારશું. બન્ને અર્થ તદ્દન જુદાં દષ્ટિબિંદુથી લખાયલા હોવાથી એક સાથે તેપર વિવેચના થઈ શકે તેમ નથી. બન્ને અર્થ કરવામાં કેટલાક શબ્દો પદમાં અધ્યાહાર હોય એમ ધારી લેવું પડે છે. કર્ત્તાનો ખરો આશય સમજવો મુશ્કેલ છે.

ચેતનજી પોતે ઉપર પ્રમાણે પ્રતીતિજનક ઉદ્ગારો શુદ્ધચેતના પાસે સાંભળી હવે માયામમતાને ઉદ્દેશીને પ્રથમ કહે છે કે હે ઠગનારીઓ ! તમે હવે મારી પાસેથી ભાગી જાઓ, નાસી જાઓ, દૂર થઈ જાઓ, અને હે ચેતના! તમે હવે જાગ્રત થાઓ અને મને વળગો. આ મમતા અને માયાની સોબતમાં પડી તેની બુદ્ધિ ગ્રહીને ચેતનજી તેને વળગ્યો છે, પણ મારી પોતાની દૃષ્ટિ તો અનુભવદૃષ્ટિ-જ્ઞાનદૃષ્ટિ જ છે અને તે જ્ઞાનદૃષ્ટિમાં જે વસ્તુનો સમાવેશ થતો નથી તે સર્વ દગો છે, પર છે; તે વસ્તુ મારી પોતાની નથી, વિશ્વાસ કરવા લાયક નથી. હાલ તો ચેતનજી એટલે કે હું પોતે પારકી બુદ્ધિએ ચાલ્યો છું પણ તે મારી પોતાની શુદ્ધ દૃષ્ટિ નથી, તે સર્વ પર છે, વસ્તુગત ધર્મની તાત્ત્વિક દૃષ્ટિથી અન્ય છે, અવર છે અને ખાસ મુદ્દાનો પ્રસંગ આવે ત્યારે મને પોતાને દગો દેનાર છે, મને હેરાન કરનાર છે, મને ફસાવનાર છે.*

ચેતનજીને જણાયું કે પોતાના સ્વરૂપનું વર્ણન વેદ પુરાણ સિદ્ધાંત આગમ નિગમ વિગેરે અનેક સુપ્રસિદ્ધ ગ્રંથોમાં કરેલું છે અને પોતાનું વાસ્તવિક સ્વરૂપ વર્તમાન વિભાવદશામાં દેખાય છે તેથી તદ્દન જુદું છે.

* આ પ્રમાણે અર્થ કરવામાં પ્રથમની પંક્તિના બે શબ્દો માયામમતાને ઉદ્દેશીને બોલાયલા બતાવ્યા છે અને બીજા બે શબ્દો શુદ્ધચેતનાને ઉદ્દેશીને બોલાયલા બતાવ્યા છે, તેમ જ બીજી પંક્તિમાં ચેતન પોતાને માટે આતમા શબ્દ વાપરે છે અને 'વળગ્યા છે' એટલા અક્ષરો અધ્યાહાર લેવા પડે છે, એટલો અર્થ વળી ખેંચીને કરવો પડે છે; પરંતુ પદના આગળ પાછળના ભાગ સાથે વધારે સંબંધ રાખતાં પદોના ભાવ ઉપર આ અર્થ બહુ અનુરૂપ આવે છે. કવિ જ્યાં ઉદ્ગાર કાઢે છે-હૃદયમાંથી વચન કાઢે છે ત્યારે કેટલુંક નિરંકુશપણું વાપરે છે તેથી આવી રીતે ચેતનજી પોતાને માટે 'આતમ' શબ્દ વાપરે અને 'હું' એવો ઉચ્ચાર ન કરે તો તે તેના વિભાવ અને સ્વભાવદશાની ફેરફારવાળી સ્થિતિને યોગ્ય છે એમ માની શકાય. મો. ક.

એ હકીકત જાણ્યા પછી અને વળી પોતાને શુદ્ધચેતના જેવી સુંદર નવયૌવના પવિત્રતા સ્ત્રી છે એ વાતથી વાકેફગાર થયા પછી તે માયામમતાનું સ્વરૂપ સમજે છે, વિચારે છે અને પછી તે કહે છે કે હે ઠગારી માયામમતા! અત્યાર સુધી હું તમારા તરફ લલચાઈ ગયો હતો, તમને મારી સ્ત્રીઓ સમજતો હતો અને તમારામાં આસક્ત હતો; પણ હવે મને માલૂમ પડે છે કે એ બાબતમાં હું ઠગાયો હતો, ફસાયો હતો, છેતરાઈ ગયો હતો; તેવી મને છેતરનારી હે લુચ્ચી સ્ત્રીઓ! તમે હવે મારાથી દૂર જાઓ, મારો છેડો છોડો, મારાથી આઘી ચાલી જાઓ; અને હે વહાલી શુદ્ધચેતના! તું હવે જાગ્રત થા અને મારી સાથે લાગ. અત્યાર સુધી મેં તને ઉંઘાડી રાખી છે, તારી હકીકત સાંભળી નથી, તને ઉવેખી મૂકી છે, તે ઠીક થયું નથી; પણ હવે તું જાગ્રત થા અને મને ભેટ, મારી પાસે આવ અને મારી હૃદયવલ્લભા થા. અહો! આ આત્મા (હું પોતે) અત્યાર સુધી માયામમતાની બુદ્ધિએ ચાલ્યો છે. જ્યારે કોઈ વસ્તુસંબંધ કે સ્થિતિની તુલના કરવી હોય ત્યારે તેને મમતાની દૃષ્ટિથી જ જોઈ છે, તેની ગણના વ્યાવહારિક સ્થૂળ સુખ, સમવડ અને અજ્ઞાનને અંગે જ કરી છે અને તેથી આત્મા વારંવાર ખોટી ગણવરી કરીને છેતરાયો છે, તેની ગણતરી ઊંધી વળી ગઈ છે, ખોટી પડી છે, ખોટે રસ્તે દોરનારી જણાઈ આવી છે. તેણે જે વસ્તુને પોતાની માની હતી તે પારકી જણાઈ છે, પોતાના સંબંધીઓને ચાલ્યા જતા જોયા છે, પોતાનું દ્રવ્ય ઘસડાઈ જતું જોયું છે, પોતાનાં સગાઓને માની લીધેલા વૈરી તરીકે કાર્ય કરતાં જોયાં છે. આ સર્વ ભૂલ ભરેલી ઉલટી ગણવરીનું કારણ એ હતું કે તે સર્વની કિમત માયામમતાના અજ્ઞાનમૂલક ધોરણપર કરી હતી અને જ્યાં ગણવરી કરવાનું ધોરણ (Standard) જ ખોટું હોય ત્યાં પછી તેના સરવાળા બાદબાકી ખોટાં જ આવે એમાં નવાઈ જેવું નથી. જેને વસ્તુતઃ સુખ માની સરવાળામાં ગણ્યું હતું તે તો દુઃખરૂપ હોવાથી બાદ કરવું જોઈતું હતું. તેવી જ રીતે ગુણાકાર અને ભાગાકાર પણ ઉલટા જ થતા હતા. આવી રીતે માયામમતાપર સુખદુઃખની ગણના કરીને ચેતનજી (હું પોતે) અત્યાર સુધી છેતરાયેલ છે. પરંતુ હવે મને સ્પષ્ટ માલૂમ પડે છે કે અનુભવદૃષ્ટિ એ જ મારી દૃષ્ટિ છે. વસ્તુ-

સ્વરૂપના યથાસ્થિત જ્ઞાનને, અગાઉ જણાવ્યું છે તેમ, અનુભવ કહેવામ આવે છે. એ અનુભવદૃષ્ટિ અથવા જ્ઞાનદૃષ્ટિથી જે ગણનાઓ કરવામ આવે તે વાસ્તવિક ગણતરી છે, સાચી ગણતરી છે અને તેવી ગણ તરીપર જે મુકામ બાંધ્યું હોય તે લાંબો વખત ટકે છે તેમજ ગણ તરી કરનારની ગણનાઓને સાચી બનાવે છે; બાકી એ સિવાય બીજ દૃષ્ટિથી કોઈ પણ ગણતરી કરી હોય, સ્થૂળ સ્થિતિપર તુલના કરી હોય તે સર્વ દગાવાળી-અવિશ્વાસ્ય માલૂમ પડે છે અને તેવી ગણ તરીપર કરેલાં કાર્યો પણ સુખને બદલે પરિણામે દુઃખ જ આપે છે. આવી ભૂલ ભરેલી ગણતરી ખોટી છે એમ હવે મને જણાયું છે તેથી એવી ખોટી ગણતરી કરાવનાર હે માયામમતા! તમે હવે મારાથી દૂર ખસી જાઓ, અહીંથી ભાગી જાઓ અને મારાપર તમારા વક્ર પ્રયોગો કદિ પણ અજમાવશો નહિ.

જ્યારે જ્યારે ચેતનજી જરા પણ શુદ્ધ દશામાં આવે છે, કોઈ શુદ્ધ અવબોધ થાય તેવું વાંચન શ્રવણ કરે છે, ત્યારે તેના મનમાં આવા શુદ્ધ વિચારો આવે છે અને તે વખતે થયેલી ભૂલપર પશ્ચા- ત્તાપ થાય છે, તે સાથે હવે પછી તેમ ન થાય તો ઠીક તેવા વિચા- રને લઈને આવા ઉદ્‌ગારો નીકળી આવે છે. એવી ક્ષણિક ભાવના લાંબો વખત ટકાવી રાખવા માટે કવિએ એવા પ્રસંગે ચેતનજીથી બોલાયલા ઉદ્‌ગારો અત્ર નોંધી રાખ્યા છે. એની કિંમત વસ્તુસ્વ- રૂપના અવબોધ વખતે ઉચ્ચારાયલા શુદ્ધ ઉદ્‌ગારોના માર્ગદર્શક તરીકે બહુ મોટી છે, એવી સ્થિતિ અધિકાર અને પ્રસંગોપર આધાર રાખે છે, પરંતુ એવા પ્રસંગે એક સરખી સૌમ્ય સ્થિતિ થતાં વસ્તુ- દર્શન યથાતથ્ય થાય છે અને તેનો કાયમ લાભ મળે તે માટે એવા પ્રસંગે થયેલ સ્ફુરણા હૃદયપર અંકિત કરવી ઉચિત છે. ચેતનજીને અહીં એમ વિચાર થાય છે કે જ્ઞાનદૃષ્ટિ એ મારી દૃષ્ટિ છે અને બીજો સર્વ દગો છે એ સાધારણ વાત નથી. એવી વિચારણાથી થયેલી બુદ્ધિને બરાબર વિકસ્વર કરવાની અને તેવા વિચારો કરવાના પ્રસંગો વધારવાની બહુ આવશ્યકતા છે. નકામી વાતો કરવામાં બહુ વખત ઘણીવાર ચાલ્યો જાય છે તેનો સદુપયોગ થવા સાથે જો આવા શુદ્ધ વિચારો અને તે પણ ચેતનજીના પોતાના આંતર ઉદ્‌ઘાટન સાથે

થાય તો બહુ લાભ થવા સાથે ચેતનજીને થોડા વખતમાં માર્ગપર લાવી મૂકનાર થાય છે. મુમુક્ષુ જીવે આ દૃષ્ટિથી વિચાર કરવાની—આત્મનિરીક્ષણ કરવાની બહુ જરૂર છે. ઘણી ખરી બાબતમાં આ જીવ વિચાર કરતો જ નથી અને કરે છે તો તેની યોગ્ય તુલના કરતો નથી, ઉપર ઉપરના વિચારનું યોગ્ય ફળ બેસતું નથી. શુદ્ધ સ્થિતિના ખપી જીવે તેથી યોગ્ય માર્ગદર્શક આશ્રય તળે વાસ્તવિક માર્ગને સૂચવનાર, આત્મદૃષ્ટિ જાગ્રત કરનાર અને સ્વવિષયને અવલંબી રહેનાર શુભ આત્મવિચારણા કરવી અને તે વખતે સ્વને ઓળખવા માટે પરભાવનું સ્વરૂપ પણ તેટલા પૂરતું વિચારવું અને વિચારી યોગ્ય નિર્ણય કરવો. ચેતનજી હજુ આવે પ્રસંગે વિચાર કરી કેવા કેવા ઉદ્ગાર કાઢે છે તે આગળની ગાથામાં જોવામાં આવશે. એનો હેતુ ચેતનજીને વસ્તુસ્વરૂપનો શુદ્ધ અવબોધ કરાવવાનો છે. એ આશય બરાબર સમજવાથી આ અટપટા પદનો નિષ્કર્ષ બહુ સારી રીતે નીકળી આવે છે. આવી વિચારણા કરવાથી ઘણી વખત જે હકીકતનો ખુલાસો શ્રવણ વાંચનથી થતો નથી તે સહજમાં થઈ જાય છે અને તે વખતે મનમાં શાંતિ વ્યાપી જાય છે. જ્ઞાનદૃષ્ટિ સિવાયની વસ્તુ અથવા સંબંધસ્થિતિ દગો દેનારી છે એ હકીકત પણ ચેતનજીને વિચારણાને અંગે જ સ્ફુરે છે.

भ्रात न मात न तात न गात न,*
जात न वात न लागत गोरीः
मेरे सब दिन दरसन फरसन,
तान सुधारसपान पगोरी. उगोरी० २

"(તે દૃષ્ટિ સિવાય મારે કોઈ) ભાઈ નથી, મા નથી, બાપ નથી, સગા નથી, નાતીલા નથી અને તેઓની વાત મને સારી લાગતી

* [illegible]

૨ [illegible]

નથી. મારે તો સર્વ દિવસ તેનું જ દર્શન, પૂજન, તાન અને પકું અમૃતપાન છે.”

ભાવ—વળી ચેતનજી સવિશેષપણે કહે છે કે હે માયામમતા! તમારા પરિચયથી અત્યાર સુધી હું માબાપ સ્ત્રી પુત્ર સગાં સંબંધીઓમાં આસક્ત થઈ રહ્યો હતો, તેઓનાં દુઃખે દુઃખી થતો હતો, તેઓના હર્ષપ્રસંગોમાં ભાગ લઈ રાજી થતો હતો, પણ હવે અનુભવદૃષ્ટિ જાગ્રત થઈ છે, અને તે સ્વદૃષ્ટિ છે અમે જણાયા પછી અન્યત્ર વિહાર કરવામાં મને મૂર્ખતા જણાઈ છે, અને તેથી જણાય છે કે અત્યાર સુધી જેમની સાથે સંબંધ કર્યો તે માબાપ ભાઈ સગાં તથા નાતીલાઓ મારાં પોતાનાં નથી, મારો તેઓ સાથેનો સંબંધ ચિરસ્થાયી નથી, નિત્ય તો છેજ નહિ અને હોવાનો સંભવ પણ નથી; અને તેથી મારાં ખરેખરાં માબાપ વિગેરે અનુભવ જ છે. મા એટલે દુઃખમાંથી રક્ષણ કરે તે માતા. એ અર્થ વિચારીએ તો વાસ્તવિક દુઃખથી બચાવનાર માતા તો જ્ઞાનદૃષ્ટિ જ છે, કારણ કે ખરૂં દુઃખ સુખ શું છે તેનું ભાન પણ તે જ કરાવે છે. આવી રીતે સર્વ શબ્દો માટે સમજવું. આથી વ્યાવહારિક ભાઈ બ્હેન, માતપિતા, સગાં સંબંધીઓ વિગેરે સંબંધી વાત પણ મને સારી લાગતી નથી, ગમતી નથી, પસંદ આવતી નથી. તેઓની વાતમાં મને સ્વાર્થનો ઓછો વધતો અંશ સ્પષ્ટ દેખાઈ આવે છે અને તે બતાવનાર જ્ઞાનચક્ષુ છે. સ્થૂળ ચક્ષુથી જે હું સમજ્યો નહોતો, જે હકીકત મારી કલ્પનામાં પણ આવી નહોતી, જે હકીકત મેં સ્વપ્નમાં પણ દીઠી નહોતી, તે વિવેકપૂર્વક પ્રાપ્ત થયેલ જ્ઞાનચક્ષુથી જણાઈ આવી છે અને તેનાથી મને હવે સાંસારિક સંબંધની અસ્થિરતા અને વસ્તુગત વાસ્તવ સ્થિતિનો બોધ થયો છે. આને લઈને ઉપર જણાવ્યું તેમ મને વ્યવહાર માતપિતા વિગેરેના સંબંધમાં અને તેમણે કરેલી વાતોમાં કાંઈ ઉજ્જ્વલતા દેખાતી નથી, કાંઈ દૃઢતા જણાતી નથી, કાંઇ વિશેષતા મળી આવતી નથી; અથવા તે વાત ચોખી અથવા નિર્મળ હોય એમ પણ મને જણાતું નથી. વસ્તુસ્થિતિ સમજ્યા વગર ઉપર ઉપરથી જે વાત થાય, વસ્તુગત ધર્મોની અવાંતર સ્થિતિના હાર્દમાં ઉતર્યા વગર તેઓનું સ્વરૂપ વિચારવામાં કે ચિતરવામાં આવે અને તેમનો વાસ્તવિક

હૃદયપર સ્ફુરે નહિ ત્યાં તેનું સ્પષ્ટ સ્વરૂપ સમજાતું નથી અને
એવી રીતે કરેલી વાત ચોખ્ખી હોવાની શક્યતા બહુ ઓછી રહે છે.
અહીં ગાત શબ્દનો અર્થ સગોત્રીય કર્યો છે તે સંબંધને અનુ-
છે. માબાપ વિગેરે નજીકનાં સગાં પછી ગોત્રીય સગાં આવે છે
પ્રક્રમ બરાબર જળવાય છે. ગાત શબ્દનો બીજો અર્થ શરીર
થાય છે. માબાપ ભાઈ વિગેરેપરનો મોહ જેટલો હેરાન કરે
ટલો જ શરીરપરનો મોહ ત્રાસ આપે છે, તેથી તે અર્થ પણ ઘટે
પરંતુ તે (શરીર) કાંઈ વાત કરતું નથી અને ગોત્રીયો વાત કરે છે
સંબંધ જોતાં પ્રથમ અર્થ વિશેષ ઘટતો આવે છે. 'જાત' શબ્દનો
સજાતીય કરેલો છે તે પણ સંબંધને અનુરૂપ છે ગોત્રીય પછી
ના માણસો આવે છે. તે શબ્દનો ત્રીજો અર્થ પુત્ર પણ થાય
અને તે અહીં બરાબર બંધબેસતો પણ આવે છે. અહીં કહેવાનો
ર્ય એ છે કે મને સગાં સંબંધીઓ જે વાત કહે છે તે કોઈ પણ
ઠંડ લાગતી નથી અને હવે તો મને એમ જણાય છે કે
વાસ્તવિક માતપિતા આ અનુભવના આવિર્ભાવ જ છે.
સ્વાનદૃષ્ટિને અંગે અહીં આઠ દૃષ્ટિપર વિવેચન પ્રાસંગિક ગણાય.
ી સ્વરી દૃષ્ટિથી બરાબર સ્વાનદૃષ્ટિ જાગ્રત થાય છે અને તે દૃષ્ટિથી
સ્વ પ્રગતિ કરનાર ચેતનજીનું અહીં વિવેચન છે. એ આઠ દૃષ્ટિનો
વિષય અહીં બહુ લાંબો થઈ પડે તેથી અત્ર ઉચિત નથી.
પ્રસંગે તેપર વિવેચન કરવામાં આવશે (જુઓ પં.નન. વિષ
ર વિવેચન [illegible] પરંતુ એટલું તો અત્ર જણાવવું યોગ્ય છે કે આ
ઉપર 'યોગદૃષ્ટિ સમુચ્ચય' નામનો [illegible] હરિભદ્ર સૂરિનો. ના
ન તેપરથી ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજીની કરેલી આઠ [illegible]
[illegible] મનન કરીને સમજવા યોગ્ય છે. [illegible] દૃષ્ટિથી [illegible]
[illegible]

છે. ઉપરોક્ત ગ્રંથોમાંથી એનું સ્વરૂપ સદ્ગુરૂ પાસે વિચારવું. અને આ ગ્રંથમાં વિવેચન કર્યું છે તે લક્ષ્યમાં લેવું.

એ જ્ઞાનદૃષ્ટિ જ મારે તો દેખવાની વસ્તુ છે, પૂજવાની વસ્તુ છે, પાન કરવાની વસ્તુ છે, લય પામવાની વસ્તુ છે. એક વખત અનુભવદૃષ્ટિ જાગ્રત થાય એટલે આ ચેતન વિભાવદશામાંથી પાછો ફરી જાય છે: પછી એને ચંદ્રસ્થાન કે રાજમહેલો જોવા લાયક જણાતા નથી, લક્ષ્મીને તે પૂજા કરવા લાયક ગણતો નથી, સોડા લેમન મધ આદિ પદાર્થને પાન કરવા યોગ્ય ધારતો નથી અને મોહક પદાર્થમાં લય લગાડવો ઉચિત સમજતો નથી; તેમ જ તેને માતપિતાપર પ્રેમ રહેતો નથી, સ્ત્રીપુત્રપર મોહ રહેતો નથી, ભાઈ સાથે સ્વાર્થ રહેતો નથી, સગાંના સ્નેહની જરૂર રહેતી નથી, યાવત્ પોતાના શરીરની પણ તેને દરકાર રહેતી નથી. એથી પણ વધારે સ્પષ્ટ રીતે કહીએ તો તેઓની વાતો સાંભળવી તે તેના કાનને પસંદ પણ આવતી નથી. તેથી તે અનુભવને કહે છે કે હવે તો મારે હરરોજ તારૂં દર્શન થાય, તારૂં પૂજન થાય, તારૂં પાન થાય અને તારામાં લય પમાય એ જ મારી ઇચ્છા છે. અનુભવદૃષ્ટિજાગૃતિ થતાં ચેતનજીની આવી ઇચ્છા થાય છે; તેને પછી વ્યવહારનાં કાર્ય ઉપર, વ્યાવહારિક સગપણ ઉપર અને સાંસારિક વિષયો ઉપર વિરાગ આવી જાય છે અને તે તેનાથી બહાર નીકળી જવા વિચાર કરે છે, ભાવના કરે છે, નિર્ણય કરે છે. અહીં દર્શન ચક્ષુનો વિષય છે, ધ્યાન કર્ણનો વિષય છે, પૂજન સ્પર્શેન્દ્રિયનો વિષય છે અને પાન રસેન્દ્રિયનો વિષય છે. એ રીતે અહીં [illegible]

[illegible]

પગોરીનો અર્થ પાકું-ખરેખરૂં એમ કર્યો છે તે અનુમાનપરથી સંબંધાનુસાર કરેલો છે.

શુદ્ધાવબોધ થાય ત્યારે ચેતનજીની આવી જ દશા થાય છે. તેને તે વખતે સંબંધનું અસ્થિરપણું અને વિષયોનું વિરસપણું સ્પષ્ટ સમજાય છે અને તેવે પ્રસંગે તેને નિશ્ચય થાય છે કે હવે પોતાની સર્વ શક્તિનો ઉપયોગ અનુભવદષ્ટિને વધારે વિકસ્વર કરવામાં કરવો, કારણ કે પાકું દરશન ફરસન* લય અને પાન એજ છે એમ તેને સમજણપૂર્વક વ્યક્ત થાય છે. આવી શુદ્ધ દશા ચેતનજીની કોઈ કોઈવાર થઈ આવે છે તેવા પ્રસંગનો બને તેટલો લાભ લેવો યોગ્ય છે. આખા મનુષ્યજીવનમાં એકાદ વખત પણ જો એવો પ્રસંગ બની આવે અને તે વખતે પોતાની યોગ્યતા સમજી યોગ્ય અંકુશ તળે યોગ્ય નિશ્ચય થઈ જાય તો તેનો લાભ બહુ મળે છે અને તે પ્રસંગે જે સ્થિતિ એક વિજળીના ઝબકારાના આકારમાં થઈ આવી હોય છે તેનો લાભ વારંવાર-ચિર કાળ અને યાવત્ અનંત કાળ સુધી મળે છે. આવા પ્રસંગ જીંદગીમાં જ્યારે મળી આવે ત્યારે તેનો પૂર્ણ લાભ લેવા સાથે તે પ્રસંગે યોગ્ય નિર્ણય કરી લેવા અને તે નિર્ણય ગમે તે ભોગે ન ફેરવવાનો દઢ નિશ્ચય કરી રાખવાથી સાધ્યનું સામીપ્ય થવા સાથે જીવનસાફલ્ય થાય છે.

मांननाथ बिछुरेकी वेदन,
पार न पावुं ¹अथाग थगोरी;
आनंदघन प्रभु दरसन औघट,
घाट उतारन नाव मगोरी. दगोरी० ३

* [illegible]

* [illegible]

३ [illegible]

"પ્રાણનાથના વિરહની વેદના છેડો ન આવે એવી હોવાથી તેનો પાર પામી શકતો નથી. આનંદઘન પ્રભુનાં દર્શનરૂપ વિષમ માર્ગ છે, (તેરૂપ) સંસારસમુદ્રનો ઘાટ ઉતરવા માટે હું નાવડીની માગણી-યાચના કરૂં છું."

ભાવ-ઉપર કહી તે અનુભવદૃષ્ટિ મારા પ્રાણની રક્ષા કરનારી છે, મને શાશ્વત જીવન આપનારી છે. એના વિરહનો માર્ગ પાર ન પામી શકાય તેવો છે, એ સ્થળ એવું છે કે જેમ ઊંડા જળનો તાગ મેળવવો મુશ્કેલ પડે તેમ તેનો છેડો પ્રાપ્ત કરવો મુશ્કેલ પડે તેમ છે. મતલબ એ વિરહકાળ ક્યારે પૂરો થશે તે કહી શકાય તેમ નથી. બહુ ઊંડાણવાળા સમુદ્રમાં પાણી કેટલું છે અને જમીન કેટલી નીચી આવી છે તે જાણવા માટે બહુ પ્રયાસ કરવો પડે છે અને તેમાં કોઈ વસ્તુ પડી ગઈ હોય તો તે લઈ આવવામાં અથાગ મહેનત પડે છે. એવી રીતે આ વિરહવેદનાનો માર્ગ અથાગ છે. એક તો મારો પોતાનો માર્ગ અવળો છે અને વિરહકાળ બહુ લાંબા વખતથી ચાલ્યા કરે છે; આથી એ વિરહકાળ અથાગ જણાય છે. મારા પ્રાણ તો હું પોતે જ છું, તેને જાગ્રત દશામાં લાવવાની સ્થિતિનો મને વિરહ થયો છે અને તેની આ સર્વ પીડા છે. પીડા કોઈ બહારની નથી પણ અનુભવદૃષ્ટિ જે મારી પોતાની વસ્તુતઃ છે તેનો જ વિરહ થયો છે અને તે અપાર જણાય છે, કારણ કે લાંબા કાળથી તેને ઉધાડી દીધેલ છે. ચેતનજી પોતે આ પદ બોલે છે એમ શરૂ કરેલ હોવાથી આ પ્રમાણે અર્થ ઘટે છે. સમતા જો આ પંક્તિ બોલતી હોય અથવા શુદ્ધચેતના બોલતી હોય તો તેનો અને ચેતનજીનો ઘણા વખતથી વિરહ થયો છે તેની વેદના જેનું અથાગ સ્થળ છે તેનો પાર આવતો નથી એવો અર્થ ઘટે છે. એ વેદના એટલી લાંબા વખતની-અનાદિ કાળની છે કે તેનો વિચાર કરતાં મારો પત્તો ખાતો નથી. અથવા ચેતનજી કહે છે કે તે વિરહવેદનાસ્થળ અથાગ જેનો-પાર ન આવે તેવું છે. અથવા તે વિરહસ્થળનો પાર લેતાં હું તો પડ્યો છું ઘણી મહેનત કરી પણ તેનો પત્તો જ ખાતો નથી.

આનંદઘન પ્રભુનાં દર્શન કરવા-તેની ઝાંખી કરવી તે અનુભવ છે અને તે દર્શન એ જ અવઘટ ઉત્-વિષમ માર્ગ છે. તે માર્ગ પ્રાપ્ત

]

મુશ્કેલ જણાય છે. ઘટ એટલે રસ્તો–ઘાટ. અવઘટ એટલે
એવો મુશ્કેલ રસ્તો. અનાદિ કાળથી ચેતનજી એવા માર્ગે
… છે કે એને સીધો રસ્તો સુઝતો નથી. એ માયામમતાના
માર્ગોમાં પડી સંસારમાં રખડ્યા કરે છે અને તેથી તેને અનુ-
માર્ગો અટપટા લાગે છે. મોહથી એની પ્રવૃત્તિ એવી વિપ-
… ગઈ છે. એની દૃષ્ટિ એટલી ચપળ થઈ ગઈ છે કે એ
માર્ગને અટપટા માર્ગ સમજે છે અને સરળ માર્ગને અવઘટ
છે. ચેતનજી પોતાની મોહાવૃત સ્થિતિમાં આનંદઘન પ્રભુનાં
… પણ કેવી રીતે પ્રાપ્ત કરવાં તે સમજી શકતો નથી. હવે ચેતનજી
… જવા લાગ્યો છે કે પોતે અત્યાર સુધી સંગ કરવાની બાબતમાં
… ચાયો હતો. તે ઉપરાંત હવે તે વિશેષ સમજ્યો છે કે આ સંસારસમુ-
… ઘાટ ઉતરવા માટે તેને વહાણની જરૂર છે. એવા વહાણની ગરજ સારે
… થવા વરૂપ જે આત્મિક વહાણ હોય તો તે અનુભવ છે. તેથી આનંદઘન
… ભુનાં દર્શન કરવા માટે અને સંસારસમુદ્રનો ઘાટ ઉતરી પેલે પાર રહેલ
… શાસ્થાન પ્રાપ્ત કરવા માટે તે અનુભવનૌકાની માગણી કરે છે. તે પ્રભુને
વિજ્ઞપ્તિ કરે છે કે હે મારા નાથ! હું અત્યાર સુધી બહુ ઠગાયો છું,
બહુ છેતરાયો છું, બહુ ફસાયો છું. મને હવે મારા સગાંસંબંધીના
સ્નેહમાં વાસ્તવિકતા નથી એમ જણાયું છે અને તે બધાં કારણથી હવે
મારૂં સસાર ઉપરથી મન ઉદ્વિગ્ન થયું છે, પરંતુ આપના દર્શન કર-
વાના માર્ગનો મને પરિચય ન હોવાથી એ માર્ગ મને બહુ વિષમ
લાગે છે તેથી આપનું દર્શન થાય અને આ સમુદ્રનો પાર પમાય એવું
અનુભવ જહાજ મને ગમે તેમ કરી મેળવી આપો. મારી દુ:ખી સ્થિતિ
ઉપર નજર કરી. મારા પૂર્વ કાળના દોષોની ક્ષમા કરી, મારા ઉપર કૃપા
કરી. મારો હાથ ઝાલો અને મને એવું વહાણ આપો કે, તેમાં બેની માઠ
… સ્થાન પ્રાપ્ત કરું. આપના દર્શન કરું અને આપ જેવે. થઈ જાઉં.
[illegible] અર્થ કર્યો છે તે વિચારીએ. એને કેટ-
[illegible] લાયક છે, પરંતુ અર્થ [illegible] અર્થ [illegible]
[illegible] છે. *પ્રથમ [illegible] અર્થ [illegible]

[illegible]

ટબાકાર કહે છે કે-આ વચન શુદ્ધચેતનાનું જૈન દર્શન પરત્વે છે. જગત્માં આત્માની પાછળ લાગેલા એવા માયામમતારૂપ ઠગો! તમે જતા રહો, ભાગી જાઓ. માયામમતાની મતિ લઇને આત્મા મારી અને અનુભવની સાથે દગો કરે છે, માટે હે માયામમતા! તમે ભાગી જાઓ. શુદ્ધ દર્શન વિના ચેતનજી સાથે મારો મેળાપ કરાવે એવું જગત્માં કોઇ નથી. જ્યારે જ્યારે ચેતનજી મને મળવા વાંછે છે ત્યારે ત્યારે માયા અને મમતા ચેતનજીને એવા સપડાવે છે, ફોસલાવે છે અને એની બુદ્ધિને પોતાને કબજે કરી લે છે કે એની સાથે દગો કરીને ચેતનજીને મને મળવા દેતા નથી અને અનુભવને પણ મળવા દેતા નથી. આવા કારણથી હું માયામમતાથી કંટાળી ગઇ છું અને તેને મારાથી દૂર થવા કહું છું તેમાં હે શુદ્ધ દર્શન! તું મને મદદ કર. આ પ્રમાણે વાત કરી અને ખાસ કરીને પોતાની અને અનુભવની સાથે માયામમતા દગો કરનાર છે એ વાત બતાવીને શુદ્ધચેતના માયામમતાને દૂર થવા કહે છે. ચેતના જાણે છે કે તેના પતિ હવે જાગ્યા છે અને અત્યાર સુધી જે અજ્ઞાનદશામાં હતા, તેને દૂર મૂકી આગળ વધ્યા છે. ચેતના એટલું પણ સમજે છે કે અત્યાર સુધી ચેતનજી માયામમતાની બુદ્ધિએ-શીખવણીએ ચાલી પોતાની સાથે અને અનુભવની સાથે દગો કરતા હતા અથવા માયામમતા ચેતનજીને દગો કરવાનું શીખવતી હતી, તે હવે પોતાનું સામ્રાજ્ય ચલાવી શકે તેમ નથી. આથી શુદ્ધ આગમને-જૈન દર્શનને ઉદ્દેશીને ચેતના કહે છે કે હે માયામમતા! તમે હવે ભાગી જાઓ અને મારો અને મારા પતિને. મેળાપ હવે થવા દો. અહીં કહેવાનો ભાવાર્થ એ છે કે જ્યારે ચેતનજી વસ્તુગત ધર્મો ઓળખશે, સ્વપરનું યોગ્ય વિવેચન કરશે, પરભાવરમણતા દૂર કરશે અને પોતાની જાતને બરાબર ઓળખશે ત્યારે તેનું સ્વરૂપ પ્રગટ થશે. તેમ કરવા માટે મિથ્યાદર્શનનો ત્યાગ કરવો અને યથાસ્વરૂપ વસ્તુનો બોધ સ્થિર કરવો એ ખાસ જરૂરની બાબત છે.*

* [illegible]

ીશનું.]

ઉ આધાનો અર્થ કરતાં ટબાકાર કહે છે કે–મારે બીજાની રી
કરવી! પણ મારો ભાઈ શુદ્ધ ચેતનધર્મ પણ ભતાંરને ગયા બાદી
બારમે ગુણસ્થાનકે મૂકી તેરમે ગુણસ્થાનકે ચાલ્યો ગયો, મારા
ા શુદ્ધ ચેતનત્વ પણ તેરમે ગુણસ્થાનકે ચાલ્યા ગયા અને
દ્ધ ચેતનતા મારી માતા પણ તેરમે ચાલી ગઇ. અરે! બીજું તો
પણ અમારો પેટનો પુત્ર કેવળજ્ઞાન તે પણ તેરમે ગુણસ્થાનકે
લ્યો ગયો અને ગૌરવર્ણવાળી હું તેને લાગતો પણ નથી, મળતો
ણ નથી. આવી રીતે સર્વ મારાથી વેગળા થઇ ગયા છે. મારે તો
ર્વ દિવસ છે શુદ્ધ દર્શન! તારૂં રમણ છે અને તેના તાનમાં હું
ંગાણી છું, અરકાવ થઇ ગઇ છું. આ પ્રમાણે અર્થ કરવામાં શુદ્ધ
ચેતનાના મુખમાં જૈન દર્શન સાથે વાત કરવામાં સુંદર ભાવ મૂકયો
છે. તે બોલે છે–હે શુદ્ધ દર્શન! મારે હવે માયામમતાને શો દોષ
દેવો! મારા નાથ ચેતનજી હવે લાયક થયા છે તેથી તેઓનું હવે
કાંઇ ચાલવાનું નથી પણ હવે તો શુદ્ધ ચેતનધર્મ મારો ભાઈ, શુદ્ધ
ચેતનત્વ મારા પિતા અને શુદ્ધ ચેતનતા મારી મા એ સર્વ મને
મૂકીને તેરમે ગુણસ્થાનકે ચાલ્યાં ગયાં છે, મારો પુત્ર કેવળજ્ઞાન
પણ ત્યાં ચાલ્યો ગયો છે. (તે પતિની સાથે ગયા છે એમ ટબાકાર
લખે છે એમાં જરા વિસવાદ આવે છે: પતિનો હજુ ચેતના
[illegible]

પાનથી તૃપ્ત થાઉં છું. અહો! વિશુદ્ધ દર્શન! હવે મારે તારો જ આધાર છે અને મારા ચેતનજી જે હવે જરા જાગ્રત થયા છે તેઓનો અને મારો મેળાપ કરાવી આપનાર જો કોઈ પણ વ્યક્તિ હોય તો તે મારા જાણવા પ્રમાણે તું જ છે, તારા* ઉપર જ હવે મેં ધારણા કરી છે અને તારા કર્તવ્યને પરિણામે મારૂં કાર્ય સફળ થશે, પતિનો મેળાપ થશે અને મારી નિરંતરની પીડા દૂર થશે. મને હવે મારાં ભાઈ માબાપ કે પુત્રની વાત પણ સારી લાગતી નથી, તેઓ તો તેરમે ગુણસ્થાનકે જઇને બેઠાં છે, મને તો મારા પતિને મળવાની ખરેખરી ઉત્કંઠા છે અને તે હે દર્શન! તું કરાવી આપ અને મારા પતિને માયામમતાની પ્રપંચી જાળમાંથી છોડવ. વસ્તુસ્વરૂપનું યથાસ્થિત જ્ઞાન આપી દિવ્ય ચક્ષુથી પ્રત્યક્ષ દેખાતા ભાવો વિશુદ્ધ અનુમાનથી મારા પતિને યોગ્ય રીતે બતાવીને તું તેઓને મારે મંદિરે લઇ આવ. તેઓ જરા જાગ્રત તો થઈ ગયા છે તેથી અત્યારનો વખત બરાબર અનુકૂળ જણાય છે. ત્રીજી ગાથાનો અર્થ કરતાં ટબાકાર કહે છે કે—આત્મારામ† તેરમે ગુણસ્થાનકે ગયા તેના વિયોગનો પાર પામી ન શકું, કારણ કે ત્યાં મારાથી પહોંચી શકાતું નથી અને તેનું સ્થળ પણ પામી ન શકું. આનંદઘન પ્રભુનું દર્શન—શુદ્ધ જૈન દર્શન પતિમેળાપને માટે વિષમ ઘાટ ઉતારવાને માટે સુવિહિત નૌકા છે એટલે પતિ સાથે મેળાપ કેવળજ્ઞાનમાં થવા માટે નૌકા સમાન છે.‡ મારા પતિના વિરહની વેદનાનો પાર હું પામી શકતી નથી, કારણ કે તે અથાગ છે તેથી હે પ્રભુ! પતિદર્શનરૂપ ઘાટ ઉતરવાને વાસ્તે નૌકાની માગણી કરૂં છું. પતિવિરહની વેદનાનો જેને અનુભવ થાય તેજ જાણી શકે. આવી સખ્ત વેદનાનો ઉપાય કરવા માટે પતિવિરહરૂપ વિષમ નદીનો લાંબો પટ ઉતરવાને માટે આપની પાસે આજ્ઞારૂપ નૌકાની માગણી

---

* અહીં પં આનંદસાગરજી જણાવે છે કે પોતાનાં માતપિતા તરીકે કેવળજ્ઞાનને હસ્તે ન કરતાં દર્શનને બતાવે છે. જૈન દર્શન શ્રુતજ્ઞાનને અંગે છે અને કેવળજ્ઞાન દેહરૂપ છે આ હકીકત ધ્યાનમાં રાખવાથી ટબાકારનો આશય સમજાશે.

† અહીં ચેતનજી તેરમે ગુણસ્થાનકે ગયાની વાત કરી છે તે ઉપરના ટબાકારના અર્થ સાથે બરાબર બેસતી આવતી નથી. વિવેચન જુઓ.

‡ આ અર્થ કરતાં ઔઘટ એટલે નદીનો પટ એવો અર્થ કર્યો છે. ઔઘટ નામ અશક્ય. આ બન્ને અર્થ બેસતા આવે છે.

કરૂં છું અથવા નૌકામાર્ગનું દર્શન કરાવવા આપને વિજ્ઞપ્તિ કરૂં છું, આપની પાસે યાચના કરૂં છું, આપની પાસે માગણી કરૂં છું. આ અર્થ કરવામાં પતિ તેરમે ગુણસ્થાનકે ગયાની વાત કરી છે તેનો ભાવ ભવિષ્યત્ સ્થિતિને અંગે હોય એમ ધારી શકાય અથવા તે ફ્લેદેશ બતાવે છે. એમને મળવાનો માર્ગ શુદ્ધ દર્શનરૂપ ભાવનૌકા આપવાની ચેતના આનન્દઘન પ્રભુને વિજ્ઞપ્તિ કરે છે.

આ આખા પદમાં મુખ્ય વાત શુદ્ધચેતનાને પ્રાપ્ત કરવાની અને માયામમતાનો ત્યાગ કરવાની કરી છે. માયામમતાની પ્રપંચી રીતભાત અને શુદ્ધચેતનાનો સરળ માર્ગો અને તે પ્રાપ્ત કરવાની ચેતનજીની શોધક વૃત્તિ ચેતનજીની યોગમાર્ગમાં પ્રગતિ બતાવે છે. માયામમતાની બુદ્ધિ તજી દઈ તેણે હવે અનુભવની મતિએ ચાલવા વિચાર કર્યો છે અને તે પ્રસંગે શુદ્ધ ચેતનત્વનો વિરહકાળ દૂર કરવા પ્રબળ ઇચ્છા બતાવી છે, તે દશા લાંબા વખત સુધી રહે તો બહુ લાભ થાય. એને માટે ચેતનજીને મોહરાજા સાથે મોટી લડાઈ લડવી પડે છે તેનું સ્વરૂપ હવે પછીના પદમાં બતાવવામાં આવશે. અત્રે જે વાત કરી છે તેનો ભાવ બતાવવામાં વિષમ અર્થને અંગે કેટલીક અર્થચર્ચા કરવી પડી છે, પરંતુ ગમે તે અર્થ કરતાં એક ભાવ સ્પષ્ટ રીતે નીકળી આવે છે અને તે માયામમતાનું વિરસપણું અને ચેતનત્વનું વિશુદ્ધપણું બતાવે છે. એ ભાવ સ્પષ્ટ રીતે આશયમાં લઈ ચેતનજીને પ્રાપ્ય ધર્મો પ્રાપ્ત કરવા અત્ર સૂચના છે અને વિભાવનો ત્યાગ કરવા આગ્રહ છે. ભાવનૌકાની જે વાત પ્રથમ પદમાં કરી છે તેનો ભાવ આ પદમાં વિશેષ સ્પષ્ટ થાય છે. એ ભાવ સમજી તેવી નૌકા પ્રાપ્ત કરવા દઢ પ્રયાસ કરવાથી મહાદુઃખમય વિભાવદશાનો અંત આવશે. તેથી ઘાટઉતારણ નાવની યાચના ઉચિત રીતે ઉચિત શબ્દોમાં ઉચિત સ્થાનકે થઈ છે તે બરાબર લક્ષ્યમાં રાખવું અને લક્ષ્યમાં રાખીને તે મેળવવા દઢ ભાવના કરવી અને તેને માટે યોગ્ય સાધનો એકઠાં કરવાં.



પદ ઓગણચાળીશમું-રાગ ટોડી.

चेतन चतुर चोगान लरीरी. चेतन०
*जींत लै मोहरायको लसकर,
†मिसकर छांड अनादि धरीरी. चेतन० १

"ચતુર ચેતન! ખુલ્લા મેદાનમાં લડીને અનાદિ કાળથી ધારણ કરેલી શ્યામતા અથવા બ્હાનાં કાઢવાની ટેવ છોડી દઈને મોહરાજાના લશ્કરને જીતી લે, અથવા ચતુર ચેતન ચોગાનમાં લડે છે અને ઉપર કહ્યું તેવી રીતે મોહરાજાના લશ્કરને હઠાવે છે."

ભાવ-ઉપરના પદમાં જણાવ્યું તેમ અનુભવદષ્ટિ ચેતનજીની પોતાની છે અને માયામમતાની મોહદષ્ટિ દગો કરનારી છે તેથી વિષમ વાહિનીનો વિચાળ પટ ઉતરવા માટે ભાવનીકાની ચેતનજી યાચના કરે છે. હવે ચેતનજીને સંસારમાં ફસાવનાર અને અપ કરી દેનાર મોહરાજા છે એની અને ચેતનજીની વચ્ચે જબરજસ્ત લડાઈ થાય છે. જ્યારે મોહરાજાને માલુમ પડે છે કે સદાગમની સોબતમાં પડી જઈને ચેતનજી તો મોહને તજી દઈને નિર્વૃત્તિ નગરીમાં જવાનો પ્રયાસ કરે છે અને તે નગરીમાં તો પોતાથી જઈ પણ શકાય તેવું નથી; ત્યારે ચેતનજીને છેતરવા માટે પોતાના અનુચરો વગેરેને મોકલે છે તેનાથી ચેતનજી ફોસલાતા નથી, ત્યારે તેની સામે [illegible] કરવા સૈન્ય મોકલે છે. મોહરાજાના પ્રબળ સૈન્ય સાથે ચેતનજીને બહુ તુમુલ યુદ્ધ થાય છે તેનું વર્ણન ઉપમિતિ ભવપ્રપંચા કથામાં બહુ વિસ્તારથી ચોથા પ્રસ્તાવમાં બતાવ્યું છે. તેમાં વિષયાભિલાષ મંત્રી, પાંચ ઇંદ્રિયો, કષાયો, નોકષાયો વિગેરે બહુ જાણવા જેવા પાત્રો આવે છે.

* [illegible]

† [illegible]

१ [illegible]

છે. એ યુદ્ધ વાંચવા લાયક છે.* અહીં ચેતનજીને ઉદ્દેશીને કહે છે કે હે ચતુર ચેતનજી! તમે ચોગાનમાં આવો, ખુલ્લા મેદાનમાં આવીને મોહરાજા સાથે યુદ્ધ કરો. ગઢની અંદર રહીને લડવું એ તો કાયરનું કામ છે. જેને પૂરતી હિંમત ન હોય અથવા જેની પાસે બહાદુરીથી લડી શકે તેવું લશ્કર પૂરતું ન હોય તે બાયલા બની ગઢની અંદરથી લડે છે અને માત્ર પોતાનો બચાવ જ કરે છે. જ્યારે પોતાના બળ ઉપર પાકો ભરોસો હોય ત્યારે તો ચોગાનમાં આવી લડવું એ રજપૂતનું કામ છે. બહાદુર રજપૂતો મરણીઆ થઈને લડતા ત્યારે ગઢનો આશ્રય લેતા નહિ. હે ચેતનજી! તારી લડાઈ છે તે બહાદુરની લડાઈ છે, કાયરની લડાઈ નથી, બાયલાની લડાઈ નથી, નામર્દની લડાઈ નથી. તું એકલો હો તોપણ તારામાં એટલી શક્તિ છે કે તું અનેક સુભટોને મારી હઠાવે અને તારી સામે મોટું લશ્કર હોય તેને હાહોહાણ કરી નાખે. રજપૂતોના ઇતિહાસમાં વાંચીએ છીએ કે રથુળ લડાઈમાં જ્યારે સમરસિંહ અને પ્રતાપસિંહ ઉતર્યા હતા ત્યારે બન્ને હાથમાં બે તરવાર લઈ સામા લશ્કરના હજારો માણસોનો સંહાર કરી નાંખ્યો હતો, એવી લડાઈ તો નકામી છે એ આગળ ઉપર તને આજ પદમાં જણાશે.† પણ આ આત્મિક લડાઈ તો બહુ ઉપયોગી અને શુભ પરિક્રમ નિપજાવનારી છે. તું અનેક સુભટોને એકલો મારી હઠાવી શકે તેવી તારામાં શક્તિ છે, માટે તું મેદાનમાં આવીને મોહરાયના કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, રતિ, અરતિ, વેદ આદિ અનેક સુભટો છે તે સર્વને મારી હઠાવીને જ્ઞાનાવરણ [illegible] અને અન્ય કે ઉપર [illegible] શરીર [illegible] નથી [illegible] લશ્કરની ટેર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નિજ [illegible] છે તેને

* [illegible]

† [illegible]

કદિ એમ લાગતું નથી કે આટલાં બધાં જંગલવાસી પ્રાણીઓને તે એકલો કેમ પહોંચી શકશે? કે તેને ચારે બાજુથી એ બધાં પ્રાણીઓ ઘેરી લેશે ત્યારે તે કેમ છૂટી શકશે? તેને તો મનમાં ખાતરી હોય છે કે તેની એક ગર્જના આગળ લાખો પ્રાણીઓ જંગલમાં હશે તે સર્વ ઝાંખાં થઈ જશે અને ઊભી પૂંછડીએ નાસવા મંડી જશે. તારામાં એથી પણ વધારે શક્તિ છે. તારી એક ગર્જના બરાબર નીકળશે તો મોહરાજાનું પ્રબળ સૈન્ય અને તેનાં કુટિલ શસ્ત્રો સર્વ નકામાં થઈ જશે, માટે તું ખોટાં બ્હાનાં કાઢવાં છોડી દે અને મેદાનમાં આવ.

અનાદિ કાળથી ચેતનજીને એવી ટેવ પડી ગઈ છે કે જ્યારે જ્યારે મોહરાજા સાથે લડવાનો પ્રસંગ આવે છે ત્યારે ત્યારે તે ગોટા વાળે છે: સૂત્રો ભણવા છે તેથી વિહાર થતો નથી, સાધુ માંદા છે તેથી રોકાઈ રહેવું પડે છે, પ્રતિક્રમણ કરવા ઇચ્છા રહ્યા કરે છે પણ તેમાં ચિત્ત ઠરતું નથી, ખરચ કરવો છે પણ આગળ ઉપર કરશું, હાલ નહિ, અભ્યાસ કરવો છે પણ હાલ જરા દુકાનનું કામ વધારે છે, વ્યાખ્યાનશ્રવણ પૂજા આદિ કરવાં છે પણ હાલ વખત મળતો નથી-આવાં આવાં ચિત્રવિચિત્ર મનઃકલ્પિત બ્હાનાં કાઢી-મિષ કરીને ધર્મ કાર્ય કરવાના પ્રસંગો છોડી દે છે અને તેથી મોહરાય સાથે લડવાનો પ્રાપ્ત થયેલ અવસર ગુમાવી નાખે છે. આ તેનો પ્રમાદ છે, એમાં વાસ્તવિક આળસ (પ્રમાદ) સિવાય બીજું કાંઈ નથી. પોતાની યોગ્ય વસ્તુની કિંમત ન જાણવી અને મનમાં ગોટા વાળ્યા કરવાથી કોઈ રીતે બચાવ થઈ શકતો નથી. હે ચેતનજી! આ તારી બહાના કાઢવાની ટેવ છે તે છોડી દઈને મેદાનમાં આવ અને મોહરાજાના લશ્કરને મારીને હઠાવી દે. એ દેખીતું મોટું લાગતું લશ્કર તારા અવ્યાહત વીર્ય પાસે દમ વગરનું છે, શક્તિ વગરનું છે, નામ માત્ર છે.

[illegible] આ બાબતમાં બહુ સારો ખુલાસો કરે છે. મેદાનમાં આવીને અહીં ચેતનજીને લડવાનું કહે છે તે ચોથા ગુણસ્થાનકરૂપ મેદાન જાણવું. આ કલ્પના સુંદર છે. ચેતનજીની જેમ જેમ ઉત્ક્રાંતિ થતી જાય છે તેમ તેમ તે ગુણસ્થાનકમાં વધતો જાય છે. એવાં ચૌદ ગુણસ્થાનક છે એ ગુણસ્થાનકને. મેદાનમાં આવીને ચેતનજીને લડ

માટે ભલામણ કરી છે. જેમ જેમ મોહરાજા સાથે ચેતન લડતો જાય છે તેમ તેમ ગુણસ્થાનકરૂપ કિલ્લાઓ તે પ્રાપ્ત કરતો જાય છે અને છેવટે ક્ષીણમોહ ગુણસ્થાનકે પહોંચવા આવે છે ત્યારે મોહરાજાનો સર્વથા પરાજય થાય છે. મિસકરનો અર્થ ટમાકાર શ્યામતા-કાળાશ કરે છે. અનાદિ કાળથી ધારણ કરેલી શ્યામતા-કર્મમળરૂપ તને લાગેલી છે તેને દૂર કરીને હે ચેતનજી! તું મોહરાજાને મારી હઠાવ. આ પ્રમાણે ટમાકારના કહેવા પ્રમાણે અર્થ થાય છે. અથવા શ્યામતા અજ્ઞાનરૂપ છે એમ પણ કહી શકાય. આવી અજ્ઞાનતા દૂર કરી અથવા સમુચ્ચયે કર્મમળ દૂર કરી પોતાની સ્થિતિ સમજી કેટલીક ઉજ્જ્વળતા પ્રગટ કરી અને બાકીની વિશુદ્ધતા પ્રગટ કરવાનો નિર્ણય કરી ગુણસ્થાનકરૂપ મેદાનમાં આવી ચેતનજી મોહરાજા સાથે તુમુળ યુદ્ધ કરે એવી અત્ર ભલામણ કરી છે. ચેતનજી જ્યારે મિથ્યાત્વ ગુણસ્થાનકપર હોય છે ત્યારે તો બહુધા અજ્ઞાનથી આચ્છાદિત હોય છે, પરંતુ જેમ જેમ તે સ્થાનથી આગળ વધતો જાય છે, મોહરાયના કેટલાક સુભટોને હઠાવી નવાં નવાં સ્થાનો પ્રાપ્ત કરે છે, તેમ તેમ તેની શ્યામતા દૂર થતી જાય છે અને અજ્ઞાન ઘટતું જાય છે. આવી રીતે છેવટે તે મોહરાયને હઠાવી શ્યામતા તદ્દન અલ્પ કરી અજ્ઞાન દૂર કરી સર્વજ્ઞ સર્વદર્શી થઈ રાજધાનીમાં પ્રવેશ કરે છે. તેની પ્રગતિ કેવી રીતે થાય છે તે બહુ સંક્ષેપથી પણ મુદ્દાસર રીતે નીચેની ગાથામાં બતાવે છે.

મિસકરના ઉપરોક્ત બન્ને અર્થ યોગ્ય છે. એ સિવાય એને માટે 'મશકરી' એવો પાઠ એક પ્રતમાં છે. એટલે અનાદિ કાળથી તારે ગંભીરતા છોડી દઇને ખોટી લડાઈ કરવાની-ઢોંગ કરવાની ટેવ પડી છે તે છોડી દે. તારા રૂપને યોગ્ય ગંભીરતા તું ધારણ કર અને બાળચાલ-છોકરવાદીપણું છોડી દે. તારે જે દુશ્મન સાથે લડવાનું છે તે અનેક સાધનસંપન્ન છે. તેની સાથે લડવામાં મશ્કરી ચાલે નહિ. તારે તારા નામને યોગ્ય મોટાઈ-ગંભીરતા રાખવી જોઈએ. તું એ લડાઈને છોકરાંના ખેલ સમજીને અનાદિ કાળથી ચાલે છે તેમ. તારી ભૂલ છે હવે જરા તારા નામને યોગ્ય મોટાઈ તું ધારણ કર. આ અર્થ પણ સારો જીવ બતાવે છે

'લરીરી' એ શબ્દના લડે છે અથવા લડીને એ બન્ને અર્થ થાય છે અને તે બન્નેથી એક સરખો ભાવ આવે છે. આ પ્રમાણે લડાઈ કરવાની ભલામણ કરીને હવે તે કેવી રીતે કરવી અને તેનું પરિણામ શું આવશે તે બતાવે છે:

> नांगी *काढल ताड ले दुशमन,
> लागे †काची दोइ घरीरी;
> अचल अबाधित केवल ‡मनसुफ,
> पावे शिव दरगाह भरीरी. चेतन० २

"તરવાર અને તીક્ષ્ણ કાઢલ વડે દુશ્મનોને મારી નાખ, તેમાં કાચી બે ઘડી લાગશે; (એમ કરવાથી) તું અચળ અબાધિત કૈવલ્ય મંત્રી અથવા કર્ત્તા થઈને સર્વ સુખથી ભરેલી શિવરૂપ દરઘા-કચેરી પ્રાપ્ત કરશે."

ભાવ-મ્યાન વગરની તરવાર અને તીક્ષ્ણ કાઢલ વડે તું દુશ્મનોને માર. મોક્ષ પામવાની રૂચિરૂપ તરવાર અને સ્વરૂપ પ્રાપ્ત કરવાના પ્રેમરૂપ કાઢલ વડે તું મોહરાજાને મારી હઠાવ. તારે મનમાં તે વખતે દયા રાખવાની નથી. તું મનમાં એમ વિચારીશ નહિ કે દયામય અહિંસા ધર્મનો અનુયાયી હોવા છતાં તારાથી સંહાર કેમ કરાય, કારણ

---

* 'કાઢલ'ને બદલે એક પ્રતમાં 'કાઢીલ' અને એકમાં 'કાઢિલ' પાઠ છે. 'કડે' એવો પાઠ છાપેલ બુકમાં છે તે કોઈ પ્રતમાં નથી. અર્થ નહિ બેસવાથી એવો પાઠ મનથી સુધારી નાખ્યો હશે એમ અનુમાન થાય છે. કાઢલ એ એક ખાસ હથિયાર છે જે તે બાબત ન જાણનારને સમજાય તેમ નથી.

† કાચીને બદલે 'કાચો' પાઠ છે. મા. લખે છે તે કોઈ પ્રતમાં નથી અને સ્ત્રી સાથે લિંગવ્યત્યય કરનારો હોવાથી તે પાઠ અશુદ્ધ જણાય છે.

‡ મનસુફને બદલે એક પ્રતમાં 'ગુન સબ' એમ પાઠ છે ને શુદ્ધ છે. મહીંતી સવ પ્રતોમાં ઉપર લખ્યો છે તેજ પાઠ છે.

૨ નાંગી=તરવાર, ખડ્ગ. કાઢલ=શસ્ત્રવિશેષ (ખંજર જેવું) તાડ કરનારી કે ફટકો લગાવ. કાચી=કાઢક એટલી, પૂરી નહિ. દોઈ ઘરી=બે ઘડી મિનિટ અબાધિત=બાધા પીડા રહિત. કેવલ=કૈવલ્યજ્ઞાનરૂપ મનસુફ=મન્સુફ અથવા બીજો અર્થ સર્વ કાર્યનો કર્તા એમ થાય છે (ફરમાવનાર) શિવ=મોક્ષરૂપ દરગાહ=દરઘા અથવા કચેરી ભરી=પરિપૂર્ણ સુખથી ભરેલી

કે પૂર્વે તીર્થંકરાદિકે પણ તેમજ કર્યું છે અને તારે તેઓનો માર્ગ પકડવાનો છે. એક ચૈત્યવંદનમાં કહ્યું છે કે તીર્થંકર મહારાજ

> શુરૂ પાસે ભણિયા નહિ, પણ સઘળું જાણે;
> લોભ વિના પરમેસરા, સુખ સઘળાં માણે.
> રાગ નહિ પણ રીઝવે, સવિ ભવિનાં મંન;
> દ્વેષ નહિ પણ ટાળીયાં, સવિ કર્મના મર્મ.
> સેવા કરાવે સૌ ભણી, નામ ધરાવે સાધુ;
> સાધ્ય ધરાવણ કો નહિ, સૂક્ષ્મ નિરાબાધુ.

આ પ્રભુના માર્ગે તારે ચાલવાનું છે તેથી તારે મોહરાજાના સૈન્યનો સંહાર કરવામાં જરા પણ વિચારવાનું નથી. તારે તો હાથમાં ઉઘાડી તરવાર અને ઢાલ લઈને મેદાનમાં જરા પણ ભય રાખ્યા વગર ઉતરી પડવું. અનેક કર્મો જે અત્યારે તને વિવિધ પ્રકારે ત્રાસ આપે છે અને પ્રથમ દૃષ્ટિએ સંખ્યા અને સત્તામાં અપ્રતિહત લાગે છે તે સર્વ ઉપર તું એકલો સામ્રાજ્ય મેળવી શકે એટલી તારામાં શક્તિ છે. તારી એવી અચિંત્ય શક્તિને તું જાણતો નથી, તને તેની ખબર નથી, તને તેનો મહિમા બરાબર સમજાયો નથી. જ્યારે તું મોહરાજાના લશ્કરનો સંહાર કરવા મંડી જઈ ક્ષપકશ્રેણી માંડીશ ત્યારે સર્વ કર્મોનો નાશ કરતાં તને પૂરી બે ઘડી પણ થવાની નથી, નવમ ગુણસ્થાનકેથી ક્ષપકશ્રેણી માંડી ચેતનજી જ્યારે પ્રગતિ કરે છે ત્યારે અંતરમુહૂર્ત કાળમાં તો તેઓ [illegible] ગુણસ્થાનકે આવી જાય છે અને ત્યાં પહેલાં તે મોહનીય કર્મનો સર્વથા નાશ કરે છે. આવી રીતે અંતર્મુહૂર્ત [illegible] પણ એટલા કાળમાં તે મોહનીય કર્મોનો નાશ કરી શકે તેવી તારામાં તાકાત છે. કર્મના મોટા સમૂહને પ્રદેશોદયથી [illegible] કર્મોને તદ્દન દુશ્મન વગરનો થઈ જાય એવી [illegible] પરમ સામર્થ્ય છે અને તેમ કરવામાં તને વખત પણ બહુ લાગે [illegible] એ રીતે સ્વસ્વરૂપ પામવામાં એક [illegible] દુશ્મનોને [illegible] અને [illegible] પ્રગટ કરી દે.

આ પ્રમાણે કરવાથી તને શું લાભ થશે તે હું બતાવું છું. તું તારા વસ્તુગત સ્વરૂપ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરીશ અને તેની સાથે તારા શિવસ્થાન પ્રાપ્ત કરીશ એના મહિમા બતાવતાં કેટલાક ઉપ

યોગી વિશેષણો બતાવ્યાં છે તે સમજવા યોગ્ય છે. આ સંસારમાં મોટામાં મોટી પીડા-ઉપાધિ તારે અહીંથી તહીં અને તહીંથી અહીં દોડધામ કરવાની છેઃ જરામાં તું મનુષ્ય થાય છે, વળી તિર્યંચ થાય છે, પાછો વળી દેવ થાય છે, પાછો વળી તિર્યંચાદિનો ભવ કરી નારકીમાં જાય છે. આવી રીતે નારકી નિગોદમાં તથા બીજી ગતિઓમાં રખડ્યા કરે છે; એક ભવમાં પણ ઠરીને ઠામ બેસતો નથી; તેને બદલે તને એવું સ્થાન પ્રાપ્ત થશે કે તારી આવી રખડપટ્ટી બિલકુલ મટી જશે અને તું અચળ થઈ જઇશ. વળી તને અહીં શારીરિક અને માનસિક અનેક પ્રકારે બાધા-પીડા નિરંતર થયા કરે છે, પરંતુ વ્યાધિની પીડા, વિયોગની પીડા, મૃત્યુનો શોક, ધનનો નાશ વિગેરે વિગેરે અનેક પ્રકારની આધિ વ્યાધિ ને ઉપાધિથી ભરપૂર આ સંસારસ્થાન તજી દઇને તું તદ્દન અબાધિત થઈ જશે. વળી તું એ સ્થિતિમાં કેવલ્યજ્ઞાનરૂપ સર્વ વસ્તુનો બોધ પામીશ એટલે તું સર્વ વસ્તુનું સ્વરૂપ સ્વતઃ સમજી શકીશ. અત્યારે તો અવ્યવસ્થિત રીતે, વસ્તુધર્મના બોધ વગર ગોટા વાળે છે અને સંસારમાં હેરાન થાય છે, પણ ત્યાં તો કેવળજ્ઞાનરૂપ મુનસફ-વજીર-મંત્રી તને મળશે. ટબાકાર મુનસફનો અર્થ સર્વ કાર્યનો કર્તા એમ કરે છે એ શબ્દ મુનસફી ઉપરથી આવ્યો હોય એમ જણાય છે. આવી રીતે અચળ અબાધિત થઇને કેવલ્યજ્ઞાનરૂપ મુનસફને પ્રાપ્ત કરીને તું શિવસ્થાન પ્રાપ્ત કરીશ જે અનંત જ્ઞાન દર્શન ચારિત્ર વીર્યાદિ સદ્‌ગુણોથી અલંકૃત છે. આવો મોક્ષરૂપ દરગાહ એટલે મહંત પુરૂષોનું અંતિમ નિવાસસ્થાન તને મોહરાજા સાથે ચોગાનમાં લડાઈ કરવાથી અને તેના ઉપર જય મેળવવાથી પ્રાપ્ત થશે, માટે હવે તું બહાદુરી કરીને મેદાનમાં આવ અને તેનો પરાજય કર. મોટા સંત અથવા પીરના છેવટના નિવાસસ્થાનને એટલે કે જ્યાં તેઓનો ભૂમિદાહ કરવામાં આવેલ હોય છે તે સ્થાનને મુસલમાનો દરઘા કહે છે, એને બૌદ્ધ લોકો સ્તૂપ કહે છે અને જૈન ધર્મમાં પણ એજ શબ્દ વપરાય છે. શિવસ્થાનમાં અનંત તીર્થંકરો તથા બીજા વિશિષ્ટ જ્ઞાનીઓ છેવટનું સ્થાન કરીને રહ્યા છે તેથી તેને શિવદરઘા અત્ર કહેવામાં આવી છે અથવા દરઘાનો અર્થ કચેરી પણ થાય છે. આ ત્રીજા અને ચોથા પદનું પ્રત્યેક

અચળ અબાધિત અને કૈવલ્ય મુનસફરૂપ શિવદશા પ્રાપ્ત કરે એમ પણ થઈ શકે અને તું અચળ અબાધિત હોઈ કૈવલ્ય મુનસફ અને શિવદશા પ્રાપ્ત કરે એમ પણ થઈ શકે. બંને રીતે અર્થ કરવાથી છેવટનો ભાવ તો એક જ આવે છે. 'ભરી' વિશેષણ જ છે અને તેનો અર્થ ભરપૂર એમ થાય છે.

બધી બાબતનો સાર એક જ છે કે તરવાર કાઢવામાં કે કાઢેલ કાઢવામાં અથવા તેના વડે શત્રુનો સંહાર કરવામાં પ્રથમ તો આ ચેતનજીએ શત્રુને ઓળખવા જોઈએ, તેને ઓળખ્યા પછી જ તેઓની સાથે લડી શકાય. શત્રુને ઓળખવાની સાથે પ્રાપ્યના લક્ષ્યબિંદુનું સ્પષ્ટ જ્ઞાન જોઈએ અને તે પ્રાપ્ત કરવા દૃઢ નિશ્ચય જોઈએ. આવી રીતે જ્યારે ચેતનજીને સ્પષ્ટ બોધ થઈ જાય છે ત્યારે પછી તે સમરાંગણમાં એવો શત્રુનો નાશ કરે છે કે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. એનો થોડો ભાવ અગીઆરમાં પદમાં બતાવ્યો છે. એમાં જ્યારે સ્વજનો 'અહો અહો' કહીને ચેતનજીને સાબાશી આપે છે ત્યારે સહૃદય વાંચનારની આંખમાંથી હર્ષાશ્રુ આવી જાય છે. આ પદને અને અગીઆરમા પદના ભાવને બહુ નજીકનો સંબંધ છે અને એક પ્રતમાં આ બંને પદોને અનુક્રમમાં એક બીજાની સાથે મૂક્યાં છે. અહીં જે તરવાર બતાવી છે તે અવિચ્છિન્ન રૂચિરૂપ છે તે પણ અગીઆરમાં પદથી સ્પષ્ટ થાય છે.

સુજ્ઞ ચેતનજી! હવે જાગ્રત થાઓ, શત્રુઓને ઓળખો, તેઓ સાથે તુમુલ યુદ્ધ કરવાની તૈયારી કરો, તરવારાદિ હાથમાં લો અને મેદાનમાં આવી શત્રુનો પરાજય કરો અને છેવટે અચળ અબાધિત સ્થાન પ્રાપ્ત કરી અનંત આનંદ ભોગવો; તમારા સારૂ ચેતના વાટ જુએ છે. તમારો પરિવાર તમારૂં પરાક્રમ જોવા આતુર છે અને સુમતિ તો અત્યાર અગાઉ તમારી પાસે આવીને તમને ભેટી ગઈ છે. અનાદિ કાળથી બ્હાનાં કાઢવાની ટેવ છે તે મૂકી દો અને પ્રમાદ તજી લડાઈમાં ઝુકાવી દો. લડાઈનો ઝુંઝાઓ વાગે ત્યારે ખરા રજપૂત બેસી રહેતા નથી, દાદા જેવા દેખાતા એકવડી શરીરવાળા રજપૂતો પણ જુસ્સાથી ઉભરાઈ જાય છે, સ્ત્રી પુત્ર ઘર કે ધનની દરકાર કર્યા વગર ફરજ સમજીને સજ્જ થઈ જાય છે અને સાધ્ય પ્રાપ્ત કર્યા

વગર પાછા ફરતા નથી. તમે તે પ્રમાણે વિચાર કરો અને નિર્ણય કરો. તમે તો સાધ્ય પ્રાપ્ત કરી ત્યાંજ રહેવાના છો અને તમારો સાચો પરિવાર પણ તમારી વાટ જોઈ રહ્યો છે, માટે હવે આ રણ-શિંગડાનો અવાજ સાંભળી ફરજના આહ્વાનને વધાવી લો અને યુદ્ધમાં ઝુકાવી દો; આવી સદ્બુદ્ધિ અને વસ્તુસ્વરૂપ ઓળખવાની ઘડીઓ સંસારચક્રમાં કોઈકવાર જ આવે છે એ વિચારી સમજી ધ્યાનમાં લઈ પ્રમાદનો ત્યાગ કરો અને મેદાનમાં આવી જાઓ.

> और लराइ लरे सो बोरा,
> सूर पछारे *भाउ अरिरी;
> धरम मरम कहा बुझे †न ओरे,
> रहे आनंदघन पद पकरीरी. चेतनजी० ३

"બીજી લડાઈ લડે તેને બાવરા-ગાંડા સમજવા, શૂરવીર મનુષ્યો તો ભાવશત્રુને-ખરેખરા વાસ્તવિક દુશ્મનોને પછાડે છે. ધર્મના મર્મને શું કરવા પૂછે છો? તે કાંઈ અવર નથી; આનંદઘન ભગવાનના પદને પકડીને રહેવું (તેજ ધર્મનો મર્મ છે).

ભાવ-બહાદુર માણસો હોય છે તે પોતાના ભાવદુશ્મનોને મારી હઠાવે છે, પછાડીને જમીનપર નાખે છે, જમીનદોસ્ત કરી દે છે. સાધારણ (મનુષ્ય) દુશ્મનો સામે લડવું એ તો પ્રાકૃત માણસનું કામ છે. બહાદુર રજપૂતો સ્ત્રી વૃદ્ધ મ્લાન અથવા હથિયાર વગરના મનુષ્ય ઉપર શસ્ત્ર ઉગામતા નથી; તેવી રીતે ખરેખરો બહાદુર સુભટ હોય [illegible] પોતાના ભાવશત્રુ સાથે લડાઈ કરે છે અને તેનો પરાજય [illegible] લડાઈ લડી નાનું નરખું રાજ્ય મેળવવું એમાં કાં[illegible] નથી, કારણ કે જ્યાંસુધી રાગદ્વેષનો નાશ થયો નથી ત્યાંસુધી [illegible] નથી [illegible] છે. શત્રુને જરા પણ પ્રસંગ મળે

* [illegible] તેનો અર્થ ઉપર [illegible] [illegible] અને પ્રકાર [illegible] છે અને તે [illegible] નથી.

† [illegible] સૂત્રકાર, બહાદુર મનુષ્યો [illegible] [illegible] પારિભાષિક [illegible]

બહારની મદદ મળે અથવા પોતાના રાજ્યમાં કાંઈ ખટપટ થાય કે તુરત તે લડાઈ જમાવે છે અને વળી લડાઇ કરીને વૈર વિરોધથી જે ક્લિષ્ટ કર્મો બંધાય તેથી ભવાંતરમાં અનેક દુઃખયાતના સહન કરવી પડે છે. આવી લડાઇ લડવી એ બહાદુર માણસનું કામ નથી, સાપેક્ષ દૃષ્ટિવાળા જીવનું કામ નથી, ડાહ્યા માણસનું કામ નથી. જે લડાઇ લડવાથી અચળ અબાધિત શિવદશા પ્રાપ્ત થાય અને જેથી કેવલ્યજ્ઞાનરૂપ વિશાળ બોધ સ્પષ્ટ રીતે પ્રગટ થાય તે લડાઈ લડવી ઉચિત ગણાય. એ સિવાયની બીજી લડાઇ લડે તેને બાવરો-ગાંડો સમજવો. ગાંડા મનુષ્યની નિશાની એ છે કે એ જો કે સર્વ કાર્ય કરે છે પણ તેના પરિણામનો અને તેના લાભાલાભનો તે વિવેકપૂર્વક વિચાર કરી શકતો નથી. સ્થૂળ લડાઇ કરનાર સમજતો નથી કે એ લડાઈ તો પરપરિણતિની છે, એમાં સ્વભાવ કે સ્વગુણ પ્રકટ થાય, વસ્તુતઃ પોતાને લાભ થાય એવું કાંઇ નથી અને આવી રીતે વસ્તુસ્વરૂપ સમજ્યા વગર જે લડાઇ કરે છે તેને ગાંડો અથવા મૂર્ખ કહેવો એ તત્ત્વદૃષ્ટિએ બરાબર છે. જે લડાઇ લડીને મહાન્ રાજ્ય પ્રાપ્ત થાય અને પ્રાપ્ત થયા પછી જાય નહિ એનું નામ લડાઈ કહેવાય; બાકી જે લડાઇથી આંખને અળખામણી લાગે-જોવી ન ગમે એવી લોહીની નદીઓ ચાલે અને પરિણામમાં બહુ ટૂંક વખત માટે કદાચ એક નાનું સરખું રાજ્ય મળી જાય એનું નામ ખરી લડાઇ કહેવાય નહિ. શત્રુને એવી સારી રીતે પરાસ્ત કરી નાખવો જોઇએ કે એકવાર હાર્યા પછી તે ફરીવાર ઊભો થાય નહિ, લડવાનો કે સામે આવવાનો વિચાર પણ કરી શકે નહિ અને લઇને મેળવેલા સ્થાનમાં તેનો પ્રવેશ પણ થઇ શકે નહિ એવી રીતે અંતર દુશ્મનની સાથે લડાઇ કરી હોય અને તેમ કરીને ભાવશત્રુને પછાડી નાખેલ હોય તેનું નામ લડાઇ કહેવાય. ચેતનજી તમે અત્યાર સુધી સ્વપ્ન લડાઇ લડવાનો ખ્યાલ કર્યા કરો છો તે મૂકી દો અને આવી ખરી લડાઇ લડી મોહરાયને તેના લશ્કર સાથે પરાસ્ત કરી, તેને કેદ કરી, કારાગૃહમાં નાખી દો, કે ફરી તમારે કોઇ પણ પ્રકારની લડાઇ લડવાનું બાકી રહે નહિ અને તમારી શાન્તિ-સામ્રાજ્યમાં રહીને પ્રાપ્ત કરેલી નિવૃત્તિ નગરીમાં તમારે અચળ નિવાસ થાય.

'સૂર પછાડે નાકે અરીરી' આવો પાઠાંતર મેં જોયો છે. શૂ-
રવીર માણસ દુશ્મનને એવી રીતે પછાડે કે તે નાકે [illegible] ફરીથી
આવે નહિ. બહાદુર માણસની લડાઈમાં એવી [illegible] હોય છે કે
તે ભાગવાની જગ્યા મેળવતા નથી, પરન્તુ શત્રુને એવા જેર કરે છે,
એવી રીતે પછાડીને નાખેલા કરી દે છે કે તે ફરીથી ઊભા જ
થાય નહિ, ફરીથી સામે લડવા જ આવે નહિ. નાકને અડકે [illegible]
[illegible] શૂરવીર અને [illegible] છે.

આવી રીતે અમુક લડાઈ લડવી અને અમુક ન લડવી એવી
વાત આનંદઘનજીએ કહી, ત્યારે આનંદઘનજીને સ્વાભાવિક રીતે [illegible]
[illegible] આવી રીતે શત્રુઓ [illegible]
ને કેમ પાડે? કારણ કે શત્રુને [illegible]
[illegible] છે. [illegible] અને [illegible] આનંદઘનજી
[illegible]
[illegible]

'ધરમ ધરમ સર્વ પ્રાણીઓ કરે છે પણ ધર્મનો મર્મ સમજતા નથી' અને પછી આગળ વધે છે તેનો ભાવ એ છે કે જેટલી મનની દોટ હતી તેટલો આ પ્રાણી ધર્મની શોધમાં દોડ્યો જાય છે પણ પોતાની પાસે રહેલી પ્રેમની પ્રતીતિ વિચારવી અને તેને બરાબર સમજવા માટે ગુરુગમને જોઈ લેવી એ કર્તવ્ય છે' ધર્મજિનેશ્વરના સ્તવનમાં જે ભાવ બહુ વિસ્તારથી બતાવ્યો છે તેને અહીં સંક્ષેપથી કહેતાં સમજાવે છે કે આનંદઘનના પદને વળગી રહેવું એ ધર્મનો ખરેખરો મર્મ છે. આનંદઘન પ્રભુના આશ્રયે રહેવું, તેઓના ઉપદેશ પ્રમાણે વર્તન કરવું અને તેઓમાં પ્રગટ થયેલું પરમાત્મસ્વરૂપ સ્વમાં પ્રગટ કરવા પ્રયાસ કરવો એ ધર્મનો મર્મ છે. એ મર્મ જ્યારે સમજાય ત્યારે મોહરાજાની સાથે મેદાનમાં આવીને લડવામાં દયાધર્મને જરા પણ વિરોધ આવતો નથી એ સ્પષ્ટ રીતે સમજી શકાય તેવી હકીકત છે; કારણ કે એમાં સ્વદયા છે અને દ્રવ્યહિંસા કોઈ પ્રકારની નથી.

'આનંદઘન પદ પકરી'નો સીધો અર્થ આનંદસ્વરૂપ પરમાત્માના પગ પકડીને રહે એટલે પરમાત્માના દાસભાવે વર્તે એ ધર્મનું રહસ્ય છે એમ દેખાય છે. આ ભાવ પણ સારો છે. જ્યાંસુધી દાસભાવે વર્તવાની ઈચ્છા બરાબર થતી નથી ત્યાંસુધી શુદ્ધ સ્વરૂપનું સાધ્ય સમજાતું નથી. એ તો પ્રગટ હકીકત છે કે રાગદ્વેષ રહિત ભગવાન કાંઈ આપી દેવાના નથી અને તેઓની સ્તુતિ કરવાથી તે પ્રસન્ન થવાના નથી, પરંતુ તેઓના દાસભાવે વર્તવાથી [illegible]

ધર્મનો મર્મ જાણવાની જિજ્ઞાસા થવી એ બહુ ભાગ્યોદયની નિશાન
છે એ વાત આ જ કવિએ શ્રી શાંતિનાથજીના સ્તવનમાં સ્પષ્ટ જણાવ
છે.* એવી જિજ્ઞાસા થવી મુશ્કેલ છે તે સાથે બરાબર જ્ઞાન આપે એવ
સદ્ગુરૂનો યોગ થવો એ પણ તેટલું જ મુશ્કેલ છે.

આ આખા પદમાં મોહરાજા સાથે ઉઘાડી રીતે મેદાનમાં આવી
યુદ્ધ કરવાની વાત કરી છે એ બહુ આનંદ આપે તેવી, સમજવા લાયક
અને બોધદાયક હકીકત છે. એની સાથે પ્રસંગે બીજી કેટલીક હકીકત
બહુ ઉપયોગી કહી છે. દાખલા તરીકે અનાદિ કાળથી બ્હાનાં કાઢ
વાની આ ચેતનજીની ટેવ છે તેનું સ્વરૂપ પોતાનું ચરિત્ર અવલોકન
કરવાથી બરાબર સમજાય તેમ છે. જ્યારે મનુષ્યસ્વભાવનું બારિ
અવલોકન થયું હોય ત્યારે જ એકાદ શબ્દમાં રહસ્યની વાત લખી શકાય
છે. આપણે વસ્તુસ્વરૂપનો જરા બોધ થયા પછી પણ કેવા ગોટા
વાળીએ છીએ તે આપણા પોતાથી અજાણ્યું નથી. લગભગ દરેક શુભ
પ્રસંગો પ્રાપ્ત થાય છે ત્યારે આપણે આવી જ રીતે તેને ગુમાવી બેસીએ
છીએ. 'વાર અનંતી ચુકીઓ ચેતન, એણે અવસર મત ચુકો.'† આવી
રીતે અનંતી વાર આપણે આવેલા પ્રસંગો ચૂકી ગયા છીએ એમ જે
ચિદાનંદજી મહારાજે કહ્યું છે તે આવાં બ્હાનાં કાઢીને કર્યું હશે એમ
જણાય છે. શિવકમળા પ્રાપ્ત કરવાની, બીજી સ્થૂલ લડાઈ લડવાની
મૂર્ખતાની અને ભાવશત્રુનો નાશ કરવાની તેમ જ ધર્મનો મર્મ સમ
જવાની વાત કરી છે તે પ્રત્યેક વાતપર એક એક મોટો નિબંધ લખી
શકાય એમ છે. વિશિષ્ટ લેખકો ઓછા શબ્દોમાં કેટલો ભાવ બતાવી
શકે છે તે આટલા ઉપરથી સમજાયું હશે. કવિનું ચાતુર્ય સમજવા
સાથે પરપરિણતિનો ત્યાગ કરી મોહરાજા સાથે બરાબર લડાઈ કરવા
માટે ચોગાનમાં આવવાનું અત્ર જે આહ્વાન કર્યું છે તેને સમજીને
પકડી લેવું અને આવો પ્રાપ્ત થયેલો શુભ અવસર જવા ન દેવો એ
શૂરવીર માણસનું ખાસ લક્ષણ અને કર્તવ્ય છે. એમ નહિ કરવામાં
આવે તો આનંદઘન મહારાજની દ્રષ્ટિએ તો આપણી પણ 'બાર
રા'માં ગણતરી થવાની છે એમ પુનરાવર્તન કરીને બતાવવાની ખાસ

* જુઓ આનંદઘનજીકૃત સોળમા શ્રી શાંતિનાથજીનું સ્તવન ગાથા બીજી.

† જુઓ પુદ્ગલ ગીતા ચિદાનંદજી મહારાજ કૃત, ગાથા ૪૦ મી

જરૂરીઆત છે. સુજ્ઞ ડાહ્યા માણસો ગાંડામાં ખપવા ઇચ્છા ન રાખે એ તો સ્વાભાવિક છે; તેથી અજ્ઞપણું દૂર કરી વિજ્ઞપણું આદરો અને તે માટે યોગી મહારાજ જે ભાવ અત્ર પ્રદર્શિત કરે છે તે પ્રગટ કરવા નિર્ણય કરો. આ આપણું વાસ્તવિક કર્તવ્ય શ્રેય છે અને તેના વિજયમાં આ ભવયાત્રાનું સાર્થક્ય છે.

—————————

પદ સુડતાળીશમું–રાગ ટોડી.

> પિય* વિન નિશ દિન ઝુરું ખરીરી, પિય૦
> લહુડી [1]વડીરી કાનિ મિટાઇ,
> દ્વારતેં આંખે કબ ન ટરીરી. પિય૦ ૧

"પતિ વગર હું રાત દિવસ ખરેખરી ઝુર્યા કરૂં છું. નાના મોટાની શરમ મટાડી દઈને–મૂકી દઈને બારણામાં (જોતાં) મારી આંખો કોઈ વખત પણ અટકતી નથી–બંધ થતી નથી."

ભાવ–છત્રીશમા અને એકતાળીશમા પદમાં જે વિરહદશાનું વર્ણન કર્યું છે તે ભાવ અહીં વિશેષ સ્પષ્ટ કરે છે. આ વિરહઝુરણામાં કરેલા આલાપો સુમતિ અથવા શુદ્ધચેતનાના બોલેલા તરીકે સમજી શકાય છે. બન્ને રીતે તેની અર્થવિચારણા થશે. મને અર્થ બતાવ્યો છે તે શુદ્ધચેતનાના મુખમાં આખું પદ મૂકે છે અને ટબાકાર સુમતિના મુખમાં મૂકે છે. બન્ને ભાવ સારો અર્થ આપે છે.

અનેક પ્રકારની વાતો થયા પછી પણ પતિ નિજ મંદિરે પધારતા નથી અને કુલટા સ્ત્રીઓની વક્ર જાળમાં ફસાયા કરે છે એ સંબં-

* અમને પહેલી [illegible] પ્રતમાં 'પિય' પદ [illegible] લહુડી વડારી કાન મિટાઇ' એ [illegible] પ્રતમાં છે એનો અર્થ સમજાતો નથી. [illegible] પ્રતમાં 'દ્વારતે [illegible]' [illegible] અર્થ [illegible]

[1] પિય=પ્રિય, પતિ. વિન=વગર. નિશદિન=રાતદિવસ. ઝુરું=ઝુરૂં છું, દુઃખી થાઉં છું. ખરીરી=ખરેખરી. લહુડી=નાની. વડીરી=મોટી. કાનિ=શરમ. મિટાઈ=મૂકી દઈને. દ્વારતેં=દ્વારમાં, બારણામાં. આંખે=આંખો. કબ=કોઈ વખત. ન ટરીરી=ટળતી નથી, બંધ થતી નથી.

ધમાં શુદ્ધચેતનાને શોક સમાતો નથી, પતિવિરહથી તેને ચેન [illegible]
નથી અને તેથી જેવી રીતે સાધારણ વિરહિણી સ્ત્રી પતિ પરદેશ [illegible]
ત્યારે અનેક પ્રકારના શોકાલાપ કરે છે તેવી રીતે શુદ્ધચેતના પે[illegible]
સુમતિ સખિની પાસે અથવા સુમતિ પોતાની શ્રદ્ધા સખિની [illegible]
દુઃખની વાત કરે છે. હે સખિ! મારા હૃદયવલ્લભ મોહનમૂ[illegible]
પ્રાણપતિ મારે મંદિરે પધારતા નથી અને જ્યાં ત્યાં ભટક્યા કરે છે [illegible]
મારે પતિનો મહા વિરહ થયો છે અને તે વિરહમાં હું પતિ [illegible]
ખરેખર ઝુરું છું. પતિવિરહિણી સ્ત્રીને જેમ ખાવું પીવું ભાવે નહિ, [illegible]
[illegible] આભૂષણ પહેરવા ગમે નહિ અને મનમાં અનેક રીતે [illegible]
પ્રસંગે શોક થયા કરે તેમ પતિ વગર હું ખરેખરી બળ્યા કરું છું, [illegible]
[illegible] છું અને પછી તે શોકમાં ને શોકમાં નાના મોટાની શરમ મૂકી[illegible]
પતિ આવવાના રસ્તા પર મારી આંખો એવી સ્થિર થઈ જાય છે [illegible]
[illegible] ને જાણતી નથી. આર્યાવર્તની કુલીન સ્ત્રીઓ જેઓ [illegible]
[illegible] છે ને [illegible] પતિ સાથે [illegible] કરતી નથી
અને [illegible] કોઈ શકતી નથી [illegible] રિવાજ [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

ી મને મળવા માટે આવવા જોઇએ અને તેથી હું તેઓનો માર્ગ
ા કરૂં છું. પતિ એક વખત માર્ગપર આવી જાય તો તો પછી
ા વખતમાં સમ્યગ્ માર્ગને સમજી જાય અને ત્યાર પછી મારો
ાપ થવાં વખત લાગે નહિ. આથી પતિ માર્ગપર આવી ગયા
કે નહિ એ જોવા માટે હું બારણા ઉપર નજર ટેકવીને રહું છું
ને પતિના વિરહથી ઝુર્યા કરૂં છું.

આંખ એટલે જ્ઞાનદૃષ્ટિ સમજવી. જ્ઞાનદૃષ્ટિથી શુદ્ધચેતના જોયા
છે કે ચેતનજી હવે સ્વભાવદશામાં ક્યારે આવશે. શુદ્ધ સ્વભા-
. પ્રગટ થવાની એટલી સરળતા હોય છે કે આંખ દ્વારમાંથી
સતી નથી એ હકીકત યથાયોગ્ય છે. નાના મોટાની શરમ રાખ-
ી વાતો અત્ર કરી છે તે સાંસારિક દૃષ્ટાંતની દાર્ષ્ટાંતિક યોજના
ાવવા માટે હોય એમ જણાય છે. શુદ્ધચેતના જેવી પવિત્ર સાધ્વીને
ાર ઉપરનો દેખાવ કરવાની બાહ્ય મર્યાદા રાખવાનું કાંઈ કારણ નથી.
ાય એ શરમ વ્યવહારદૃષ્ટિએ રાખે તો ચેતનજીની માની લીધેલી
યામમતા બાયાં અને નણંદ જેવું વર્ણન હવે પછી ત્રીજી ગાથામા
ાવશે તેની દોરવણી સૂચવે છે. અહીં તેઓની મર્યાદાને બદલે કદ
નો અર્થ 'વાતો' વધારે ઉચિત લાગે છે. મતલબ તેઓની વાતની
ાર કર્યા વગર પતિને માટે ખડે પગે અનિમેષ દૃષ્ટિએ દ્વારપર રહ
ઉં છુ અને મારો વિરહકાળ ક્યારે ભાગશે તેને માટે મનમા પ્રગટવા
ચારેદાવાનળની અદર ઝુર્યા કરૂ છુ.

અથવા બીજી રીતે અર્થ કરતા સુમતિ શ્રદ્ધાને કહે છે કે હુ
ી ઇના કુમતિએ પતિને એવા ભરમાવી દીધા છે કે તે મારી
રફ આવ. ૫૯ નથી પ્રમત્ત ગુણસ્થનક સયમનુ દ્વાર છે, તે દ્વાર
ન સયમમા પ્રવેશ કરે છે અને ત્યારપછી પ્રગતિ કરી આગળ વધે
પરતુ કુમતિએ મા. પતિને એવા ભરમાવી દીધા છે કે તેઓ
. [illegible] પાસે આવતા જ નથી. મતલબ કુમતિએ પતિને
[illegible] દીધ [illegible] અને ત્યાંથી દૂરને દૂર રહે એવી યોજના
[illegible] એ કરી છે [illegible] સુધી [illegible] પતિને કુમતિ [illegible]
[illegible]

આદરે તો સંયમના દ્વાર સુધી પતિને કુમતિ પહોંચવા દેતી નથી. હું તે સંયમના દ્વારપર મારી નજર ટેકાવીને ખડે પગે ઊભી છું કે પતિ ક્યારે એ દ્વાર પાસે આવે, ક્યારે તે દ્વારથી મારા મંદિરમાં પ્રવેશ કરે અને ક્યારે મારો વિરહકાળ ભાંગે. અથવા કુમતિએ પોતાનું એવું પ્રાબલ્ય પતિ ઉપર ચલાવ્યું છે કે પતિ હાલ કુમતિના વેશ્યામંદિરમાં વાસ કરી રહ્યા છે, ત્યાં નાના મોટાની શરમ મૂકી હું ગઈ તો મને બારણેથી જ ટાળી દીધી, અટકાવી દીધી, મારો પ્રવેશ થવા દીધો નહિ. કુમતિ એવી યુક્તિથી કામ કરે છે કે મને મારા પતિ સાથે મેળાપ જ થાય નહિ, કારણ કે કુમતિ જાણે છે કે જો એકવાર પતિનો અને મારો મેળાપ થયો તો પછી પતિ સાચી હકીકત જાણી જશે, વસ્તુસ્વરૂપ સમજી જશે અને કુમતિનું મંદિર છોડી જશે. આ પ્રમાણે અર્થ ટબાકાર કરે છે તે પણ બહુ સુંદર ભાવ આપે છે.

पट भूखन तन भौंक न *ओढे,
भावे न चोंकी जराउ जरीरी;
सिवकमला आली! सुख नउ पावत,
कौंन† गिनत नारी अमरीरी. पिय वन० २.

"હું શરીર ઉપર વસ્ત્ર કે આભૂષણ જરા પણ ઓઢતી નથી, ચોકી અથવા જડાવ કામ કરેલ ઝવેરાત ગમતાં નથી; હે સખિ! મોક્ષલક્ષ્મીનું સુખ (જ્યાંસુધી) પ્રાપ્ત કરૂં નહિ (ત્યાંસુધી એ પ્રમાણે થાય છે) અને દેવાંગનાનાં સુખને તો કોણ ગણે છે?"

ભાવ—મારી વિરહાવસ્થા એવી આકરી થઈ પડી છે કે તેને લઈને હું મારા શરીરપર (સારૂં) વસ્ત્ર ઓઢતી નથી, આભૂષણ ધારણ કરતી નથી. મારા વિરહના તાપમાં હું એવી ડૂબી ગઈ છું કે હું એવું

* ઓઢે ને બદલે બે પ્રતમાં 'ફંડે' એવો પાઠ છે તેનો અર્થ સંબંધ બેસતો નથી ઝાંકના સાચા અર્થ સાથે તેનો સંબંધ હોવો જોઈએ.

† 'કૂણ ગિને' એવો પાઠ એક પ્રતમાં છે. અર્થમાં ફેર નથી.

૨ પટ=વસ્ત્ર. ભૂખન=આભૂષણ, ઘરેણાં. તન=શરીર ઉપર. ન ઓઢે=ઓઢતી નથી. ભૌંક=જરા પણ (ટબાનુસાર). ભાવે ન=ગમતી નથી. ચોંકી=આભૂષણ વિશેષ. જરાઉ=ઝવેરાત. જરી=જડાવ. સિવકમલા=મોક્ષલક્ષ્મી. આલી=સખી. નઉ પાવત=પામતી નહિ. કૌંન=કોણ. ગિનત=ગણે છે. નારી અમરી=દેવતાની સ્ત્રી, દેવાંગના.

છું, ઉઠું છું કે કરૂં છું તેનું પણ મને ભાન રહેતું નથી, મારા શરીરપર ધારણ કરેલાં અથવા ધારણ કરવાનાં વસ્ત્રનું પણ મને ભાન રહેતું નથી, એક ઘેલી સ્ત્રીની પેઠે વસ્ત્ર પહેર્યાં છે કે નહિ અથવા કેવાં પહેર્યાં છે તે બાબતપર પણ મારૂં ધ્યાન રહેતું નથી; તેમ જ ચોકી (ઘરેણા–વિશેષ–ઝાલાવાડમાં, સુરતમાં તથા મારવાડમાં પ્રસિદ્ધ છે) અથવા જડેલાં ઝવેરાતનાં ઘરેણાં પહેર્યાં છે કે નહિ અથવા પહેર્યાં હોય તો તે ગમે તેમ અવ્યવસ્થિત રીતે આડાં અવળાં પહેરી લીધાં હોયઃ તેની ખીલી ઊંચે સ્થાને આવવાને બદલે નીચી આવી ગઈ હોય, સુંદર ઘરેણાં યોગ્ય અવયવ ઉપર આવવાને બદલે આડાં અવળાં લટકતાં હોય, એક હાથમાં બંગડી હોય અને એક હાથ તદ્દન ખાલી હોય અથવા બીજી જાતની બંગડીવાળો હોય, હાથનું ઘરેણું પગમાં ને પગનું હાથમાં એમ જ્યાંનાં ત્યાં પહેર્યાં હોય; આવી રીતે વસ્ત્ર તથા આભૂષણ શરીર ઉપર હું ઓઢતી નથી, ધારણ કરતી નથી અને મને ચોકી તથા ઝવેરાત જેવાં ભારે કિંમતનાં ઘરેણાં ગમતાં નથી. ચોકી ઝાલાવાડમાં થાય છે તે તો સોનાની હોય છે અને સાધારણ કિંમતવાળી હોય છે, પણ સુરતમાં ઝવેરાતની થાય છે અને મોટા મૂલ્યની હોય છે. અથવા ચાર ખૂણાવાળા ચોરસ હીરાને ચોકી કહેવામાં આવે છે. જડતર કામવાળા ઝવેરાતના દાગીના પણ બહુ મૂલ્યવાળા હોય છે. સ્ત્રીઓને સ્વાભાવિક રીતે આભૂષણ અને વસ્ત્ર ઉપર વિશેષ પ્રીતિ હોય છે, પતિ નિજ મંદિરે પધારવાના હોય છે તે વખતે સુંદરી સોળ શણગાર ધારણ કરે છે તેમાં વસ્ત્ર અને આભૂષણ મુખ્ય હોય છે અને સ્ત્રીઓની ચોસઠ કળામાં પણ કેટલીક શરીરશોભા અને પતિપ્રસન્નતાને નિમિત્તે હોય છે. હે સખિ! મારી વિરહાવસ્થા તો એવી સખ્ત થઈ પડી છે કે હવે મને વસ્ત્ર આભૂષણ ગમે તેવાં કિંમતી હોય તોપણ તેનાં તરફ મન ચોંટતું નથી, વળતું નથી, જતું નથી: અને તે ગમતાં નથી, મને તેની દરકાર રહેતી નથી અને મારૂં ધ્યાન પણ તેઓ તરફ જતું નથી. જે પતિને પ્રસન્ન કરવા શણગાર સજવામાં આવે તે પતિ તો સામું પણ ન જુએ ત્યારે પછી શણગાર કોને માટે સજવા? શા સારૂ સજવા? વળી હે સખિ! જ્યાંસુધી નૈષ્કર્મ્યનું સુખ પ્રાપ્ત ન થાય ત્યાંસુધી દેવાંગનાનાં સુખને એટલે અમરકાંતિનાં સુખને તે કોણ ગણે છે?

મારે તો મોક્ષનું સુખ પ્રાપ્ત કરવું છે અને આ ઘરેણાં વિગેરેનું સુખ તો દેવાંગનાઓ વિગેરેને બહુ ગમે છે તેની હવે મારે દરકાર નથી. મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરવાની સ્થિતિમાં મૂકાઇને પછી સાધારણ દેવગતિનાં સુખની ગણના તે કોણ કરે? દેવગતિમાં સુખ બહુ છે, લોકપ્રકાશાદિ ગ્રંથમાં તે ગતિનાં પૌદ્ગલિક સુખનું વર્ણન વાંચ્યું હોય તો બહુ આનંદ આવે તેમ છે, પરંતુ એ સુખ શાશ્વત નથી અને વળી એ પૌદ્ગલિક સુખ કરતાં અપૌદ્ગલિક સુખ બહુ વિશેષ છે, અતિ આકર્ષક છે અને મહા આનંદને આપનાર છે. એ સુખનો અનુભવ જેને એક વખત પણ થયો હોય તે તેની વાસ્તવિક કિંમત આંકી શકે છે. વળી જે સુખ ભોગવ્યાં પછી પાછો દુઃખ ભોગવવાનો સંભવ હોય તે સુખને સુખનું નામ પણ કેમ આપી શકાય? એવી દ્વિતીય જાતિનું સુખ દેવગતિમાં હોવાથી ગમે તેવું હોય, ગમે તેટલું હોય પણ તે કામનું નથી, મને તે પસંદ નથી, મને તેની મહત્વતા લાગતી નથી.

'સુખ નહિ પાવત'ને બદલે 'સુખ નઓ પાઉં' એ પાઠ વધારે યોગ્ય લાગે છે. મોક્ષલક્ષ્મીનું નવું સુખ પ્રાપ્ત કરીને દેવગતિનાં સુખને કોણ ગણતરીમાં ગણે, આવો અર્થ વધારે વાસ્તવિક છે; પણ કોઈ પણ પ્રતમાં એવો પાઠ આપ્યો નથી તેથી પોતાની કલ્પના પ્રમાણે પાઠ ફેરવવાનો અધિકાર નથી. આ પ્રમાણે મારા ગુરૂ મહારાજે જે અર્થ બતાવ્યો છે તે પ્રમાણે તેનો ભાવ એમ થાય છે કે અત્યારે તો શુદ્ધ ચેતનાને વિરહાવસ્થાને લીધે શરીરનું પણ ભાન નથી, બાકી એ સાધારણ સુખથી સંતોષ પામે તેવી સ્ત્રી નથી, એ તો જ્યારે પતિની સાથે શિવકમળાનું સુખ પ્રાપ્ત કરે ત્યારે જ નિરાંતે બેસે એવી છે. હવે ટબાકારનો અર્થ વિચારીએ. લૌક શબ્દનો અર્થ ટબાકારના કહેવા પ્રમાણે 'જરા' એમ થાય છે, મને તે શબ્દનો કોઈ અર્થ બેસતો નથી.

હે સખિ શ્રદ્ધા! પ્રેમ પ્રતિતરાગ રૂચિ રંગત, પહીરે ઝીણી સાડી* –એવી પ્રભુપ્રેમરૂપ સાડી મને પસંદ આવતી નથી. મતલબ મને એક પણ વસ્ત્ર ગમતું નથી તે એટલી હદ સુધી કે તેનો છેડો માથા ઉપર નાખવાની મને ઇચ્છા પણ થતી નથી. પતિ મારાથી એવા

* જુઓ પદ વીસમું-આયા બીજી.

વિપરીત વર્તે છે કે એ કુમતિની સોબતમાં પડી જઈ પ્રભુપ્રેમરૂપ સાડી તરફ અવકૃપાની નજરથી જુએ છે અને ધ્યાનરૂપ આભૂષણો પણ હું શરીરે ધારણ કરતી નથી. પતિ જ્યાં મારા મંદિરે પધારે નહિ ત્યારે મારે એવાં આભૂષણો ધારણ કરીને શું કરવું? હે સખિ! હું તને કેટલી વાત કરું? મારા ચેતનજી પતિ હાલ તો મારાથી એટલા વિપરીત વર્તે છે કે એને મોક્ષકમળા પણ પસંદ આવતી નથી તો પછી સાધારણ દેવાંગના તો કેમ ગમે? તે તો કુમતિના રંગમાં એવા લટું થઈ ગયા છે કે શિવલક્ષ્મી પણ તેને પ્રસન્ન કરી શકતી નથી. આ ત્રણ વસ્તુ પ્રસન્ન પતિને વધારે પ્રસન્ન કરે છેઃ રૂચિ, ધ્યાન અને શિવલક્ષ્મીને પ્રાપ્ત કરવાની દૃઢ ઇચ્છા—આ ત્રણ બાબતો પણ મારા નગીના નાથને હાલ પ્રસન્ન કરી શકતી નથી. ત્યારે હવે મારે તે શું કરવું? કુમતિના પાસમાં ચેતનજી એવા ફસાઈ ગયા છે અને તેની સાથે એવી એવી વાતો કરે છે કે એને રૂચિ ધ્યાન કે મોક્ષ તરફ પ્રેમ તો શું પણ નજર કરવાની પણ ઇચ્છા થતી નથી. આવી રીતે નાની વહુએ પતિને એવા વશ કરી લીધા છે કે તે મારા સામું પણ જોતા નથી અને તેને લઇને તેમના વિરહના તાપથી હું ખરેખરી ઝુરણા કરું છું.

સુમતિના વચન તરીકે આ ગાથાને [illegible]

ગયો છે કે મનુષ્યગતિ કે દેવગતિ પ્રાપ્ત કરવાનાં સાધનો પણ તે મેળવતો નથી, એ તો માત્ર કુમતિ અથવા કુટિલ મમતા[illegible] પ્રસંગમાં પડી તેમાં આસક્ત રહે છે.

ટબાકાર કહે છે કે "શિવકમળા એટલે મુક્તિરૂપ લક્ષ્મીએ મારા પતિને અંતગડ કેવળીપણે વશ કરી લીધા તેથી તે પણ સુખ નઉ પાવત એટલે દુઃખદાઈ થયા અને મારા જેવી શુદ્ધ શ્રદ્ધા[illegible] મનુષ્યગતિ દેવગતિરૂપ સ્ત્રી પ્યાર કરે, વાંછે, પણ મારે તેઓની ગણતરી નથી, એ બન્ને ગતિની હું અવાંછક છું-વાંછા કરનારી નથી" આવો જે ભાવ લખ્યો છે તેમાં અંતગડ કેવળીપણે પતિને શિવકમળાએ વશ કરી લીધા તેનો ભાવ પ્રસ્તુત હકીકત સાથે મને બં[illegible] બેસતો લાગતો નથી, વિદ્વાનોએ તે વિચારી લેવો. હવે એ જ ક[illegible] આગળ ચલાવતાં કહે છે.

*सास विसास उसास न राखै,
†नणदी नीगोरी भोरी लरीरी;
और तबीब न तपति बुझावै,
आनंदघन पीयुष झरीरी. सि० ४

"(સાસુ વિશ્વાસ) સાસુ એક શ્વાસોચ્છ્વાસ જેટલો કાળ પણ વિશ્વાસ [illegible] નથી અને પછી [illegible] નણંદની [illegible] (નુગુરા) [illegible] ઉચ્છ્વાસ [illegible] કરે છે [illegible] મારા અગ્નિને-મારા તાપને [illegible] નથી, આનંદઘન અમૃતનો વરસાદ [illegible]

* [illegible]

† [illegible]

વાસ્તવિક સગાંઓ કોણ છે તેને પણ ચેતનજી ઓળખતા નથી અ[illegible] તેથી આયુઃસ્થિતિને સાસુ અત્ર કહેવામાં આવી છે. 'સાસ ઉસા[illegible] વિસાસ ન રાખે' એવો પાઠ છાપેલી બુકમાં છે તેનો અર્થ શ્વાસ અ[illegible] ઉશ્વાસ જેટલો કાળ પણ વિશ્વાસ રાખે નહિ એમ થાય છે અને [illegible] આખા વાક્યને નણંદની સાથે લઈ જવાનું છે. બાકી ભાવ સ્પષ્ટ [illegible] અથવા બીજી રીતે અર્થ કરતાં પતિ વગર એક શ્વાસોચ્છ્વાસ જેટ[illegible] કાળનો પણ વિશ્વાસ રહેતો નથી, એટલે તેટલો વખત પણ ધીર[illegible] રહેતી નથી, પતિ વગર અન્યત્ર મન માનતું નથી અને ચિત્ત ચોંટ[illegible] નથી એવી વિરહદશા આકરી છે. પતિ વગર હવે તો મનમાં એ[illegible] ખેદ થયા કરે છે કે એક જરા વખત પણ મનમાં ધીરજ રહેતી નથી[illegible]

વળી પેલી નગોરી નણદી તો બડા પ્રભાતમાં ઊઠીને લડવા મં[illegible] ગઈ છે અને દરરોજ લડ્યા કરે છે. પતિ વિભાવદશામાં ગ[illegible] છે ત્યાં તેમની બહેન તૃષ્ણા થઈ છે. તે સર્વ પૌદ્ગલિક વસ્તુઓ[illegible] પ્રાપ્ત કરવાથી પણ ધરાય નહિ તેવી પ્રબળ ઇચ્છારૂપ છે. તે તો ર[illegible] એવી આકરી છે કે મારી સાથે વઢાયું વાય છે ત્યારથી લડ્યા [illegible] કરે છે. તેના મનમાં એવું છે કે પતિને સમજાવીને આ શુદ્ધચેતન[illegible] સ્વભાવદશામાં લઈ જશે તો ભાઈ પાસેથી પછી તેને કાંઈ વીરપસ[illegible] કે મોસાળ મળશે નહિ અને ભાઈ પાસે જવું આવવું પણ બંધ થશે [illegible] તેથી મારી સાથે દરરોજ તે લડ્યા કરે છે અને હું મારા નાથને [illegible] [illegible] અને [illegible] લાવવા યત્ન કરું છું તો તેમાં વચ્ચે આ[illegible] [illegible] અને [illegible]માં કહેવાય છે કે [illegible] [illegible] સુખ-વાર્તાલાપ-મેળાપ થતો [illegible] [illegible] બરાબર સાર્થક કરે છે. એ નણંદને [illegible] [illegible] ત્યારે પણ પ્રભુનામનું સ્તવન કરવાને [illegible] [illegible] કરવામાં અને તેની વિચારણા[illegible] [illegible] દિવસમાં પૈસા પૈસા વિચાર તેને બોજ[illegible] [illegible] કરવાના, રક્ષણ કરવાના અને સંચય કર[illegible] [illegible], [illegible] પર વાં જરૂર વગરના ઢગ લેપનું તેને [illegible] [illegible] પૌદ્ગલિક પદાર્થોના નિરર્થક સંચયમાં [illegible] [illegible] તેથી [illegible] તે [illegible]

નણંદ સાથે લડાઈ ચાલ્યા જ કરે છે. પતિવિરહકાળમાં સાસુ તથા નણંદ સાથે કાંઈ સારૂં હોય તો કેટલીક ધીરજ રહે છે, પતિનો વિરહ ઓછો આકરો લાગે છે; પણ અહીં તો વિભાવદશાની પતિની મા અને બહેન સાથે મારે જરા પણ બનાવ થતો નથી અને ઉલટું તેઓ મારી સાથે લડાઈ કરે છે અને મારા પતિનો પણ વિશ્વાસ કરતી નથી.

'નગોરી' એ મારા ગુરૂમહારાજના કહેવા પ્રમાણે લોકભાષાનો શબ્દ છે. તેનો અર્થ લાજ વગરની અથવા ભાગ્યહીન એમ થાય છે. 'તું નગોડી શું સમજે?' એ દેશભાષાની ગાળ છે. આ અર્થમાં તે શબ્દ બુંદેલખંડમાં વપરાય છે. ટબાકાર કહે છે કે 'નગોરી' શબ્દ વ્રજ ભાષામાં લાડકવાઈના અર્થમાં વપરાય છે. એક જગોએ ગુરૂ વગરની એવો તેનો અર્થ કરવા પ્રયત્ન થયો છે તે તો સ્વમતિકલ્પિત હોય એમ જણાય છે. પ્રથમ અર્થ જે પં. ગંભીરવિજયજીએ બતાવ્યો છે તે વધારે સુંદર લાગે છે અને સબંધ જોતાં તે બધબેસતો પણ આવે છે.

પતિ મંદિરે પધારે નહિ, સાસુ એક ક્ષણવાર પણ વિશ્વાસ કરે નહિ અને નણદી નગોરી તો સવારના પહોરથી ઉઠીને લડ્યા જ કરે છે. આવા અનેક કારણોને લીધે મને આકરો વિરહજ્વર આવ્યો છે અને તેનો દાહ એવો થાય છે કે કોઈ બીજો વૈદ્ય તેની દવા કરીને તેને મટાડી શકે તેમ જણાતું નથી. દુનિયામાં સાધારણ વૈદ્યો તો બહારનો તાવ મટાડી શકે છે, પણ અન્તરનો તાવ કોણ મટાડી શકે? વિરહજ્વરનો આકરો દાહ મટાડવાની દવા વૈદ્ય કે હકીમ પાસે જોવામાં કે જાણવામાં આવી નથી. વિરહાવસ્થામાં શરીરમાં ગરમી બહુ લાગે છે, આખું અંગ બળું બળું થઈ જાય છે. ઉનાળામાં તપેલ ગરમીથી શરીરપર અળાઈ ગુમડ વિગેરેનો દાહ થાય તે જેમ વરસાદની ઝડી આવવાથી અને તેમાં ન્હાવાથી શાંત થાય છે, તેમ અહીં તો હવે આનંદઘન અમૃતનો વરસાદ વરસે અને મારા પતિના ઉપર તેનો પ્રવાહ ચાલે તો મારો વિરહાગ્નિ નાશ પામે અથવા મંદ થાય એમ છે. જેઠ માસમાં-જુનની અધવચમાં જ્યારે સખ્ત ગરમીથી શરીર બળી જતું હોય છે તે વખતે વરસાદની ઝડી કેવો આનંદ આપે છે તે સર્વના અનુભવનો વિષય છે. એવા વખતમાં જ્યારે અમૃતરસનો વરસાદ

આવે અને તે પણ સાધારણ રીતે નહિ પણ ઝડીના આકારમાં-પૂરતા જોસમાં આવે ત્યારે કેવો આનંદ થાય તે સર્વને સમજાય તેવી બાબત છે.

વાત એ પ્રમાણે છે કે જ્યાંસુધી શુદ્ધચેતનાનો અને ચેતનજીનો સંયોગ બરાબર થાય નહિ અને સમભાવ આવે નહિ, શુદ્ધ સનાતન ચેતનજીનો વિરહકાળ પૂરો થઈ ચેતના સાથે એકાંત સુખ ભોગવવાનો તેના મનમાં દૃઢ નિશ્ચય થાય નહિ, ત્યાંસુધી તેની વર્તમાન વિભાવદશાનો અંત આવે નહિ; અને એમ બને નહિ ત્યાંસુધી ચેતનજીની વર્તમાન નિકૃષ્ટ દશાની પર્યાપ્તિ થાય નહિ આવા સંયોગોમાં આપણી ખાસ ફરજ છે કે વાતો કરવાની છોડી દઈ ચેતનજીની દશા ઉચ્ચ થાય, તેની વર્તમાનસ્થિતિ સુધરે અને તેનો સર્વથા શુદ્ધ દશામાં વ્યાપાર થાય તે માટે તેની પાસે આનંદઘનના અમૃતનો વરસાદ વરસાવવાનાં સાધનો એકઠાં કરવાં. સાધારણ સમરસનો એકાદ બિંદુ આવી જાય તો તેથી કાંઈ લાભ થાય નહિ અથવા વાસ્તવિક રીતે બોલીએ તો જરા સરખો આનંદ થાય તે દીર્ઘ કાળ ટકી શકે નહિ. આટલા માટે સમરસના કુંડે કુંડાં જોઈએ અને તેને વરસાદ વરસાવવો જોઈએ. એ સમરસના વરસાદમાં ન્હાઈ, તરબોળ થઈ ચેતનજી ચેતનાની વિરહદશાથી આવેલી તપતિને દૂર કરે એ ખાસ કર્તવ્ય છે અને તે કરવા માટે દૃઢ નિશ્ચય કરવાની ખાસ જરૂર છે. એ પ્રમાણે કરવાથી ચેતનજી શુદ્ધ દશામાં આવી જઈ યોગ્ય રીતે આગળ વધશે અને થોડા વખતમા તેની દશા સુધરશે.

બીજો તબીબ આ વિરહવ્યાધિને શમાવી શકતો નથી એમ જે કહી તે બરાબર ઉચિત છે. તબીબ એટલે હકીમ વૈદ્ય કે ડાક્ટર કે જે તો તે વ્યાધિનાં બાહ્ય ચિહ્ન ઉપરથી દવા કરે છે, તેઓ મારો અંદરનો વ્યાધિ કોઈ મારો વિરહાગ્નિ શાંત થાય તેવી દવા આપે છે, પણ તેથી મારો અગ્નિ શાંત થતો નથી. બહારનો તાવ દવાથી જાય પણ વિરહનો અગ્નિ તો જ્યારે વિરહદશા દૂર થાય ત્યારે જ શાંત થાય, તે કાંઈ બહારનો ઉપર ઉપરનો તાવ નથી કે ક્વીનાઈન, [illegible] દવાથી ચાલ્યો જાય. એ અગ્નિ ઉપર તો આનંદઘન રસનો વરસાદ પડે ત્યારે જ તેની શાંતિ થાય તેમ છે. જેમ જ્યારે અગ્નિ [illegible] [illegible] લાગ્યો હોય ત્યારે ખબર કે તેમાં પછી શાંતિ [illegible]

અગ્નિ શાંત થઈ શકતો નથી, પરંતુ તેવા ભયંકર-દાવાનળ જેવા અગ્નિ ઉપર તો જળનો વરસાદ વરસાવવાની જરૂર રહે છે, તેમ આ વિરહાગ્નિરૂપ દાવાનળ શાંત કરવા માટે આનંદરસના પ્રવાહની જરૂર છે. સાધારણ તબીબ જેમ અંતરદાહ મટાડી શકતો નથી તેમ ચેતનાના વિરહાગ્નિને શાંત કરી શકતો નથી; તેની દવા તો આનંદઘન નામનો વૈદ્ય કરે તો જ કરી શકે તેમ છે અને તે પણ પોતાની પાસે રહેલ 'આનંદરસ' નામની દવા મોટા પ્રમાણમાં આપે તો જ તેનાથી લાભ થાય તેમ છે.

ટબાકાર આ ગાથાના અર્થમાં કહે છે કે ચેતનને આયુઃસ્થિતિ અલ્પ રહી છે અને હવે તેના ભવ પણ પૂરા થવા આવ્યા છે. તેની સુમતિ-ચેતનાના પતિ ચેતનની બહેન લાડકી નણંદ છે. તેનો પિતા શુદ્ધ ચેતનતત્વ છે. આ લાડકી નણંદ કેવળજ્ઞાન સંબંધમાં હતી એટલે હવે તમે કેવળજ્ઞાન જલદી પ્રાપ્ત કરો એવી એવી વાત કહી ગઈ અને વચનો સંભળાવી ગઈ. વળી તે એવું પણ કહી ગઈ કે વિરહતાપ બુઝાવવાને અન્યભવ પરખિત અપરિપાટી તબીબ ઈલાજ જ જાણતો નથી માટે આ આનંદઘન પતિને મળ. એટલું કહીને તે નણંદ ચેતનને મળી અને ચેતને કેવળજ્ઞાનરૂપ પીયૂષની વર્ષા કરી પોતાને મેળાવી લીધી. આ અર્થ તદ્દન જૂદી દૃષ્ટિથી કર્યો છે. એનો ભાવ સમજાવો મુશ્કેલ છે. અહીં નણંદ વિગેરે સાથે જે લડાઈ થાય છે તેમાં તે ઓર તબીબ વિગેરેની વાત આવી રીતે જણાવે અને વળી પછી પેને મળી જાય એ આ ચેતનજીની જે ઉત્ક્રાન્તિ પ્રથમ બન્ને ગાથામાં બતાવી છે તેને અનુરૂપ લાગતી નથી. ટબાકારનો ભાવ બરાબર સમજાતો નથી અથવા તેઓ સ્પષ્ટ રીતે તેઓના મનમાં જે ભાવ ખીલ્યો છે તે બતાવી શક્યા નથી.

આખા પદનું રહસ્ય આનંદઘન પીયૂષનો રસ વરસાવવામાં આવી જાય છે. મહાત્મા કવિની આ છેલ્લા પદમાં ભાવ બતાવવાની પદ્ધતિ એટલી સુંદર છે કે આખા પદમાં જે જિજ્ઞાસા વધતી જાય છે તે છેવટના પદમાં એકદમ બહુ સુંદર રીતે તૃપ્ત થઈ જાય છે. જ્યાં આનંદરસનો વરસાદ વરસે ત્યાં પછી નણંદના વિરૂપ સ્વરો, સાસુનો અવિવેક, લોકોની વાતો અને પટ ભૂષણની અવ્યવસ્થિતતા જરા

આવે અને તે પણ સાધારણ રીતે નહિ પણ ઝડીના આકારમાં-પૂરત જોસમાં આવે ત્યારે કેવો આનંદ થાય તે સર્વને સમજાય તેવી બાબત છે.

વાત એ પ્રમાણે છે કે જ્યાંસુધી શુદ્ધચેતનાનો અને ચેતનજીનો સંયોગ બરાબર થાય નહિ અને સમભાવ આવે નહિ શુદ્ધ સનાતન ચેતનજીનો વિરહકાળ પૂરો થઈ ચેતના સાથે એકાંત સુખ ભોગવવાનો તેના મનમાં દૃઢ નિશ્ચય થાય નહિ, ત્યાંસુધી તેની વર્તમાન વિભાવદશાનો અંત આવે નહિ; અને એમ બને નહિ ત્યાંસુધી ચેતનજીની વર્તમાન નિકૃષ્ટ દશાની પર્યાપ્તિ થાય નહિ આવા સંયોગોમાં આપણી ખાસ ફરજ છે કે વાતો કરવાની છોડી દઈ ચેતનજીની દશા ઉચ્ચ થાય, તેની વર્તમાનસ્થિતિ સુધરે અને તેનો સર્વથા શુદ્ધ દશામાં વ્યાપાર થાય તે માટે તેની પાસે આનંદઘનના અમૃતનો વરસાદ વરસાવવાનાં સાધનો એકઠાં કરવાં. સાધારણ [illegible] રસનો એકાદ બિંદુ આવી જાય તો તેથી કાંઈ લાભ થાય નહિ અથવા વાસ્તવિક રીતે બોલીએ તો જરા સરખો આનંદ થાય તે [illegible] ટકી શકે નહિ. આટલા માટે સમરસના કુંડે કુંડાં જોઈએ અને તેનો વરસાદ વરસાવવો જોઈએ. એ સમરસના વરસાદમાં ન્હાઈ, તરબોળ થઈ ચેતનજી ચેતનાની વિરહદશાથી આવેલી તપતિને દૂર કરે એ [illegible] છે અને તે કરવા માટે દૃઢ નિશ્ચય કરવાની ખાસ જરૂર છે. એ પ્રમાણે કરવાથી ચેતનજી શુદ્ધ દશામાં આવી જઈ ચેતના [illegible] [illegible] અને શુદ્ધ ચેતનામાં તેની દશા સુધરશે.

[illegible] તબીબ [illegible] શકતો નથી એમ [illegible] તબીબ એટલે હકીમ વૈદ કે ડાક્ટર [illegible] દશા કરે છે, તેઓ ખરું [illegible] થાય તેવી દશા આવે છે, [illegible] નથી. [illegible] દૂર થાય ત્યારે જ શાંત થાય [illegible] નથી કે [illegible] આનંદઘન [illegible] થાય તેમ છે. જેમ [illegible]

અગ્નિ શાંત થઈ શકતો નથી, પરંતુ તેવા ભયંકર-દાવાનળ જેવા અગ્નિ ઉપર તો જળનો વરસાદ વરસાવવાની જરૂર રહે છે, તેમ આ વિરહાગ્નિરૂપ દાવાનળ શાંત કરવા માટે આનંદરસના પ્રવાહની જરૂર છે. સાધારણ તબીબ જેમ અંતરદાહ મટાડી શકતો નથી તેમ ચેતનાના વિરહાગ્નિને શાંત કરી શકતો નથી; તેની દવા તો આનંદઘન નામનો વૈદ્ય કરે તો જ કરી શકે તેમ છે અને તે પણ પોતાની પાસે રહેલ 'આનંદરસ' નામની દવા મોટા પ્રમાણમાં આપે તો જ તેનાથી લાભ થાય તેમ છે.

ટબાકાર આ ગાથાના અર્થમાં કહે છે કે ચેતનને આયુઃસ્થિતિ અલ્પ રહી છે અને હવે તેના ભવ પણ પૂરા થવા આવ્યા છે. તેની સુમતિ-ચેતનાના પતિ ચેતનની બહેન લાડકી નણંદ છે. તેનો પિતા શુદ્ધચેતનત્વ છે. આ લાડકી નણંદ કેવળજ્ઞાન સંબંધમાં લઈ એટલે હવે તમે કેવળજ્ઞાન જલદી પ્રાપ્ત કરો એવી એવી વાત કહી ગઈ અને વચનો સંભળાવી ગઈ. વળી તે એવું પણ કહી ગઈ કે વિરહતાપ બુઝાવવાને અન્યતર પરસ્થિત અપરિપાકી તબીબ ઈલાજ જ જાણતો નથી માટે આ આનંદઘન પતિને મળ. એટલું કહીને તે નણંદ ચેતનને મળી અને ચેતને કેવળજ્ઞાનરૂપ પીયૂષની વર્ષા કરી પોતાને મેળાવી લીધી. આ અર્થ વહન જૂદી દૃષ્ટિથી કર્યો છે. એનો ભાવ સમજવો મુશ્કેલ છે. અહીં નણંદ વિગેરે સાથે જે લડાઈ થાય છે તેમાં તે ઔર તબીબ વિગેરેની વાત આવી રીતે જણાવે અને વળી પાછી પોતે મળી જાય એ આ ચેતનજીની જે ઉત્ક્રાન્તિ પ્રથમ બન્ને ગાથામાં બતાવી છે તેને અનુરૂપ લાગતી નથી. ટબાકારનો ભાવ બરાબર સમજાતો નથી અથવા તેઓ સ્પષ્ટ રીતે તેઓના મનમાં જે ભાવ ખીલ્યો છે તે બતાવી શક્યા નથી.

આખા પદનું રહસ્ય આનદઘન પીયૂષનો રસ વરસાવવામાં આવી જાય છે. ભાવાત્મક ટીવની આ છેલ્લા પદમાં ભાવ બતાવવાની પદ્ધતિ એટલી સુંદર છે કે આખા પદમાં જે જિજ્ઞાસા વધતી જાય છે તે છેવટના પાદમા એકદમ બહુ સુંદર રીતે તૃપ્ત થઈ [illegible] છે. જ્યાં આનંદરસનો વરસાદ વરસે ત્યાં પછી નણંદના વિરૂપ [illegible]રો, સાસુનો અવિશ્વાસ, લોકોની વાતો અને પટ ભૂષણની [illegible]વ્યવસ્થિતતા

સામાન્ય છે. માના કરતા માડી વધારે પ્રેમ સૂચવે છે અને માયડી તેથી પણ વધારે પ્રેમ સૂચવે છે. અતિ પ્રેમમાં એકવચનનો ઉચ્ચાર થાય છે; માનાર્થમાં વપરાતું બહુવચન બોલનાર અને સાંભળનાર વચ્ચે અંતર બતાવે છે. માતાને તું કહીને બોલાવવાનો વ્યવહાર વિશેષ પ્રેમ બતાવે છે, પિતાનું સન્માનાર્થ બહુવચન જરા આંતરો અને વિવેકનો બાહ્ય દેખાવ બતાવે છે. અત્ર ચેતના સુમતિને જે વાત કહે છે તેની શરૂઆત 'માયડી' શબ્દના સંબોધનપૂર્વક કરે છે તે બન્ને વચ્ચેનો પ્રેમ બતાવે છે. બાકી કોઈ પણ અર્થમાં ચેતનાની મા સુમતિ થઈ શકતી નથી.* માત્ર શુદ્ધચેતનાનું શુદ્ધત્વ પ્રગટ કરવાનું કારણ સુમતિ હોઈ શુદ્ધત્વજનનની તરીકે તેને શુદ્ધચેતના એક દૃષ્ટિએ જોતાં મા કહી શકે, પણ અત્ર તો ચેતના બોલે છે અને તેનું શુદ્ધત્વ હજી હવે પ્રગટ કરવાનું છે, તેથી ઉપરના અર્થમાં માયડી શબ્દ વપરાયો હશે એમ મારૂં ધારવું છે.

હે સુમતિ માતાજી! હું ચેતના મારા પતિ ચેતનજી સાથે ઘણી જગોએ ગઈ, પણ તમે ત્યાં હાજર નહિ, તેથી મને કોઈએ નિષ્પક્ષ રહેવા દીધી નહિ. મારા પતિ તો એવા છે કે એ તો જ્યાં જાય છે ત્યાં તદ્રૂપ થઈ જાય છે, કોઈ પ્રકારનો વિચાર કરતા નથી, નિર્ણય કરતા નથી અને તેવી અસ્વસ્થ અવસ્થામાં મને પણ સાથે ઘસડે છે. વાસ્તવિક રીતે મારા પતિએ કોઈ બાજુએ પૂર્ણ વિચાર કર્યા વગર ઢળી જવું ન જોઇએ, કોઇ પણ પક્ષ એકદમ આદરવો ન જોઇએ, તેને બદલે એ તો વિપરીત રીતે તુરત એક બાબત ગ્રહણ કરી લઈ દૃષ્ટિબિન્દુ કે અપેક્ષાહેતુ વિચાર્યા વગર જૂદી જૂદી બાબતોને આદરી બેસે છે—તે કેવી રીતે આદરે છે તેનું સહજ વિવેચન હું હવે પછી કરી બતાવીશ. આવી રીતે પતિ જ્યારે એક પક્ષમાં ઘસડાઈ

* માયડી શબ્દનો એક બીજો ભાવ મને સ્ફુરે છે. એ અર્થમાં માયડી અથવા માવડી શબ્દ કાંઇક ભય અને કાંઇક તિરસ્કારના અર્થમાં વપરાય છે. દુ0 વિગેરેને ઉદ્દેશીને કહેવામાં આવે છે કે 'હે માવડી! હવે મને છોડ અથવા મારૂં કેડાયું પાધ દે.' આ અર્થમાં માવડી શબ્દ વાપર્યો હોય તો તે માયામમતાને ઉદ્દેશીને ચેતના બોલી હોય એમ ગણી શકાય. ચેતના માયામમતાને અથવા કુમતિને કહે છે કે હે માવડી! મને તમે તો શું પણ કોઇએ નિરાંતે બેસવા દીધી નથી. આ પ્રમાણે ઉપોદ્ઘાત કરી તે પછી પોતાને કોણે કોણે કેવી રીતે હેરાન કરી તેનું વર્ણન ચેતના આપે છે. વિ. ક.

જાય છે ત્યારે મારો અને તેમનો અભેદ હોવાથી હું પણ સાથે ઘસ-
ડાઈ જાઉં છું અને જો કે હું નિષ્પક્ષ રહેવા માટે ઘણો પ્રયાસ કરું છું,
અંતઃકરણપૂર્વક ઇચ્છું છું કે પતિ એવી રીતે એક પક્ષનો આદર ન
કરે તો સારું; છતાં પણ પતિનો અને મારો અભેદ હોવાથી હું અંતે
તેમના જેવી થઈ જાઉં છું અને તેમ થવાનું કારણ એ છે કે હું ગમે તેટલી
ફુંફાડા કરું છું પણ પતિ મારું સાંભળતા જ નથી. વળી હું માયા વગે
ત્યાં હાજર નહિ તેથી મારું એકલીનું જોર પતિ ઉપર ચાલે પણ નહિ
અને પતિ તો અજ્ઞાનદશાથી એવા આચ્છાદિત થઈ ગયેલા છે કે
મારી વાત સાંભળવાને બદલે પોતાનો જે મત પડ્યો હોય તેની ફુંક
મારા ઉપર મારે, મને તદ્રૂપ બનાવવા પાઠ ભણાવે અને તેમ કરીને
છેવટે મને ફેરવી નાખે. હું તો જ્યાં જ્યાં ગઈ ત્યાં ત્યાં કોઇએ
અત્યાર સુધી મને શુદ્ધ ચૈતન્યસ્વરૂપે સ્થાપન કરી નહિ, પણ હવે
પછી બતાવવામાં આવશે તેવાં મારાં અનેક રૂપો પ્રગટ કરાવ્યાં, મેં
તે સ્થિતિમાંથી બહાર નીકળી જવા અનેક પ્રકારની ફુરણા કરી, પણ
મારું કાંઈ ચાલ્યું નહિ અને મારી અનેક પ્રકારે ફજેતી થઈ.

ચેતના અસલ રૂપમાં શુદ્ધ હોવાથી શુદ્ધચેતના થવા અને એક
મતમાં ઢળી ન જવા અનેક પ્રયત્ન કરે, પણ વિભાવદશાના જોરમાં
અજ્ઞાનાવસ્થામાં વર્તતા ચેતનજી સાચી ખોટી દલીલોથી, ઉપર ઉપરના
મોહક દેખાવોથી અને કુતર્ક વિતર્કની જાળથી એવા ફસાઈ જાય
છે કે અમુક સત્યના અંશને સંપૂર્ણ સત્ય માની લેવાની અને તે
સત્યના અંશ વાસ્તે અથવા સત્યના આભાસ વાસ્તે ઢળી જવાની પોતાની
પદ્ધતિ કાયમ રાખે છે. મારા પતિને અંતર્જ્ઞાન અને નયના સ્વરૂપનું જ્ઞાન
ન હોવાથી તેમ જ તેમની [illegible] વૃત્તિ [illegible] થયેલી
ન હોવાથી તેઓ વારંવાર એક બાજુએ ઢળી જાય છે અને મારો
અને તેમનો અભેદ હોવાથી મારી પણ એ જ સ્થિતિ થાય છે. આવે
વખતે એ [illegible] ઢળી હોય [illegible] સત્યસ્વરૂપનું
અવલોકન પણ કરી શકતો નથી, પરંતુ કુતર્કની [illegible] અજ્ઞા-
નાવસ્થાનું બળ અને ચેતનજીને [illegible] સ્વા-
ભાવ [illegible] જોર કરે છે કે હું તને [illegible] અને બહાર [illegible]
[illegible] તેને માટે [illegible] પણ

ચેતનજી મારી તે સ્થિતિને પ્રગટ થવા દેતા નથી, મારી દરકાર કરતા નથી, મારી સામું દૃષ્ટિપાત પણ કરતા નથી અને પોતાનો જે મત થયો હોય, જે પક્ષ તરફ પોતે ઢળી ગયા હોય, તે તરફ મને પણ ઘસડે છે અને મને વધારે અશુદ્ધ બનાવે છે; પછી પતિ પાસે આવનારા સત્યના અંશો અથવા સત્યના આભાસો કપટયુક્ત હોય, અંતવૃત્તિએ તદ્દન જૂદા હોય તોપણ તેઓ પોતાની વાત પતિને હેતાભાસોથી સમજાવે છે અને પતિ તેને આદરી મારી પાસે પણ તે કબૂલ કરાવે છે. મારા પતિને જે મળ્યા તેણે તેમને પોતાની જેવા બનાવ્યા અને મને પણ સાથે ઘસડી ગયા. ચેતનાને કેવી રીતે એક પક્ષમાં તાણી જઈને તદ્રૂપ બનાવી તેનાં દૃષ્ટાન્તો હવે આપે છે તે આપણે આવતી ગાથામાં વિચારશું.

'ધમી નિજ પર કર ફુંકી' મને ધમધમાવીને પોતાના અને પારકા હાથમાં ફુંકી દીધી એટલે મને પારકા હાથમાં પણ ઘસડાવા દીધી અને પોતે પણ ઘસડી. મને આવી રીતે અસ્તવ્યસ્ત કરી નાખી અને મારૂં એક પણ રીતે યોગ્ય ઠેકાણું પડવા ન દીધું. 'ધીમે નિજ મતિ ફુંકી' એમ અસલ પાઠ છે તે એવો ભાવ બતાવે છે કે મેં ગમે તેટલો પ્રયત્ન કર્યો તોપણ પોતાના વિચારની ફુંક મને મારી. મંત્ર યંત્રથી જેમ ફુંક મારીને સામા માણસને પોતાની અસર નીચે મૂકવામાં આવે છે અને તે વખતે કબજામાં આવનાર માણસનું મન તેમ થવા રાજી હોય કે ન હોય તોપણ તેને તાબે થવું જ પડે છે, તેમ મને પતિએ એવી ફુંક મારી કે મારો શુદ્ધ સ્વભાવ વિસારી મારે ચેતનજી સાથે ઘસડાવું પડ્યું. આ ભાવમાં અને પાઠાંતરના ભાવમાં ઘણો ફેર છે. પાઠાંતરનો ભાવ બળાત્કાર સૂચવે છે અને મૂળમાં લખેલો પાઠ મંત્ર અથવા hypnotism ની અસર બતાવે છે. બન્ને ભાવ બહુ સુંદર છે.

ચેતનજીની અજ્ઞાનદશા એવા આવરણમાં રહીને કામ કરે છે કે એને તે વખતે યથાસ્થિત વસ્તુદર્શન થાય તોપણ તે તેને સમજાતું નથી અને પોતાની જાતને તે એકદેશીય જ્ઞાનથી અને સ્વકલ્પનાથી એવી તો નિકૃષ્ટ સ્થિતિમાં લાવી મૂકે છે કે પછી તેને વિશુદ્ધ સ્થિતિમાં આવતાં બહુ વખત લાગે છે. સાધારણ વ્યવહારના પ્રસંગને બાજુ ઉપર રાખીએ તોપણ ધાર્મિક પ્રસંગોમાં એજ નિકૃષ્ટ

સ્થિતિ સ્પષ્ટ જણાશે. એનો સ્વભાવજ અધોગામી થઈ ગયેલો હોવાથી જ્યાંસુધી નિષ્પક્ષપાત દૃષ્ટિએ જોવાની તેને ટેવ પડે નહિ ત્યાંસુધી તેની સ્થિતિમાં ફેરફાર થવો સંભવતો નથી. સત્યનો અંશ લઈ, પોતાને પંડિત સર્વજ્ઞ સમજી, કાંઇક ભૂલથી, કાંઇક અભિમાનથી અને કાંઇક મતિમંદતાથી એક બાજુએ ઢળી જવાની ટેવને લીધે ઘણા પ્રાણીઓ વિના કારણ સંસારસમુદ્રમાં અટવાયા કરે છે, ઘસડાયા કરે છે અને હેરાન થયા કરે છે. એને કિનારો દેખાતો નથી, દેખાય છે તો તે તરફ સ્થિર દૃષ્ટિ રાખીને તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન થતો નથી અને સાધારણ ખડકોને કિનારા માની તે તરફ ખેંચાઈ જીવનજહાજ તેની સાથે અથડાવી સમુદ્રના વમળમાં પડી ઘસડાયા કરે છે. આવી રીતે નિષ્પક્ષ રહેવાની સ્ફુરણા કોઈ વખત થાય છે તે પણ ઉપર ઉપરની હોય છે, કિનારાને બદલે ખડકને કાંઠો સમજી તે પ્રાપ્ત કરવાના પ્રયત્નને સાધ્ય પ્રાપ્ત કરવાનું લક્ષ્યબિંદુ સમજવામાં આવે છે. આવા સર્વ પ્રયત્નો નિષ્પક્ષ ન રાખતાં ચેતનજીને વધારે વધારે સમુદ્રમાં ડુબાડતા જાય છે.

અમુક મત કે અમુક દર્શન ચેતનજીને નુકશાન કરનાર થાય કે લાભ કરનાર થાય તેનો મુખ્ય આધાર તેની સત્યગ્રાહી બુદ્ધિ ઉપર છે. દરેક દર્શનમાં સત્યના અંશો તો રહેલા હોય છે જ, તેને તેટલા અંશે સત્ય સમજવામાં આવે તો પછી વાંધો રહેતો નથી; પણ જો અંશને સંપૂર્ણ સત્ય માનવામાં આવે તો સત્યગ્રાહ થતો નથી. આ ભાવ હવે વિસ્તારથી વિચારવામાં આવશે. ચેતનાનું શુદ્ધત્વ હજુ પ્રગટ થયું નથી તે સુમતિ પાસે ફરિયાદ કરવા કહે છે કે હે માટી! મારા કેવા કેવા હાલ કર્યા તે સાંભળો.

આ આખું પદ નિરપખ શબ્દપર રચાયું છે. ધાર્મિક દૃષ્ટિએ નિષ્પક્ષ રહેવાની બહુ જરૂર છે. અમુક મત કે દર્શન પોતાનાં છે તેથી તેનો પક્ષ કરવો ન જોઇએ, પરંતુ તેમાં જો સત્ય હોય તો તેને સત્યની ખાતર આદરવાં જોઇએ. આ વિચારણાને પક્ષપાતરહિત દૃષ્ટિથી પરમતસહિષ્ણુતા પ્રાપ્ત થાય છે. નિષ્પક્ષ શબ્દની આ વિવેચના મતદર્શનાનુસાર થઈ. આધ્યાત્મિક દૃષ્ટિએ મનની શાંતિ રાખવી, મનને સ્થિતિસ્થાપકતામાં રાખવું અને ગમે તેવા પ્રસંગે તેને ડોળાવા દેવું નહિ એ અર્થ નિરપખ શબ્દનો થઈ શકે છે. નૈતિક દૃષ્ટિએ શુદ્ધ

નીતિસૂત્રોનું તેના શુદ્ધત્વ ખાતર અનુકરણ કરવું એ નિરપખ શબ્દનો ભાવ છે. ચિદાનંદજી મહારાજે નિરપક્ષ શબ્દનો આધ્યાત્મિક ભાવ બતાવતાં કહ્યું છે કે આધ્યાત્મિક દૃષ્ટિએ આખા જગતની અવલોકના કરતાં કોઈ વિરલા પ્રાણી જ તેવા દેખાય છે. તેમણે આ ભાવ એક પદમાં બહુ સારી રીતે બતાવ્યો છે, તે તેઓના પોતાના શબ્દોમાંજ અત્ર ઉતારી લઈએ છીએ.

અવધૂ નિરપક્ષ વિરલા કોઈ, દેખ્યા જગ સહુ જોઈ. અવધૂ૦
સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ* ન હોઈ;
†અવિનાશી કે ઘરકી બાતાં, જાનેગે નર સોઈ‡. અવધૂ૦ ૧
‖રાવરંકમેં ભેદ ન જાને, ¶કનક ઉપલ$ સમ લેખે,
નારી **નાગણીકો નહિ પરિચય, તો શિવમંદિર દેખે. અવધૂ૦ ૨
નિંદા સ્તુતિ શ્રવણ†† સુણીને, હર્ષ શોક નવિ આણે;
તે જગમેં જોગીસર પૂરા, નિત્ય ‡‡ચઢતે ગુણઠાણે. અવધૂ૦ ૩
ચંદ્ર સમાન સૌમ્યતા§§ જાકી, ‖‖સાયર જેમ ગંભીરા
¶¶અપ્રમત્ત ભારંડ$$ પરે નિત્ય, ++સુરગિરિ સમ શુચિ ધીરા. અવધૂ૦ ૪
***પંકજ નામ ધરાય પંકશું, રહત કમલ જ્યું ન્યારા†††;
ચિદાનંદ ‡‡‡ઇસ્યા જન ઉત્તમ, સો સાહેબકા પ્યારા. અવધૂ૦ ૫

આધ્યાત્મિક દૃષ્ટિએ જોતાં નિષ્પક્ષ મનુષ્યની આવી સ્થિતિ હોય છેઃ એના મનમાં સમરસભાવ બહુ અસરકારક રીતે સ્થિત થયેલ હોય છે; એને એક વાત થાપવી અને બીજી ઉથાપવી કે એવા ગોટા વાળવા એ જરા પણ પસંદ આવતું નથી; એના મનમાં રાજા અને ગરીબ, સુવર્ણ કે પત્થર, મોક્ષ કે સંસાર સર્વ સરખા જ હોય છે; એને પોતાની નિંદા સાંભળી ખેદ થતો નથી, સ્તુતિ સાંભળી આનંદ થતો નથી; એ પંકજ એટલે કાદવમાંથી ઉત્પન્ન થયેલ કમળ જેમ કાદવથી દૂર જ રહે છે તેમ વિષયમાંથી ઉત્પન્ન થયેલ છતાં વિષયથી દૂર રહે છે. આવા મનુષ્ય-નિષ્પક્ષ ચેતનો અવિનાશીના ઘરની વાતો જાણે

---

* સ્થાપના અને ઉત્થાપના. † નિત્ય, પરમાત્મા. ‡ અવિનાશીના ઘરની વાતો એટલે સિદ્ધ દશામાં થતી પરમાનંદસ્વરૂપસ્થિતિ. § તેજ. ‖ રાજા અને ગરીબ. ¶ સુવર્ણ. $ પત્થર. ** સર્પિણી †† કાન. ‡‡ ગુણસ્થાનમાં દરરોજ પ્રગતિ કરતા. §§ શીતળતા. ‖‖ સમુદ્ર. ¶¶ કદાપિ, આળસ-પ્રમાદ વગરના $$ બહુ કર્ણાદિ પક્ષીવિશેષ. ++ મેરુ પર્વત. *** કમળ. ††† અલગ. ‡‡‡ એવા.

મને તે સાહેબના પ્યારા છે, પરમાત્માને પગલે ચાલનારા છે અને
તર ગુણસ્થાનપર આરોહણ કરી પ્રગતિ કરનારા છે. તેઓના સંબં-
ઃ ચાર દૃષ્ટાંત બતાવ્યાં છે તે બહુ મનન કરવા યોગ્ય છેઃ એવા મહા-
ની શીતળતા ચન્દ્ર જેવી હોય છે, ગંભીરતા સમુદ્ર જેવી હોય છે, ઉદ્યો-
 ભારંડ પક્ષી જેવી હોય છે અને ધીરતા મેરૂપર્વત જેવી હોય
એ ચારે મહાન્ સદ્ગુણોપર એક એક નિબંધ લખાય તેમ છે.
ા પ્રબળ તેજસ્વી પુરૂષો મનની સ્થિતિસ્થાપકતા જાળવી નિંદા
તેની દરકાર કર્યા વગર પોતાના વિશુદ્ધ માર્ગપર ચાલ્યા જાય છે અને
નંદજી મહારાજ કહે છે કે આખી દુનિયાપર દૃષ્ટિ નાખતાં જણાય
 આવા નિષ્પક્ષ મનુષ્યો બહુ વિરલ હોય છે. આ આધ્યાત્મિક દૃષ્ટિએ
પક્ષપાતપણું બતાવ્યું. ધાર્મિક વિષયના બે મોટા વિભાગ છેઃ એક
taphysics દ્રવ્યાનુયોગ અને બીજો Ethics નીતિવિભાગ.
મ વિભાગ આત્મા અને અન્ય દ્રવ્યોનું સ્વરૂપ અનેક પ્રકારે બતાવે
અને બીજો વિભાગ ચારિત્ર-વર્તનનાં અનેક વિભાગો, સાધનો અને
ાતત્ત્વો બતાવે છે. ચિદાનંદજી મહારાજે eithical દૃષ્ટિએ-દ્વિતીય
ાગની અપેક્ષાએ નિષ્પક્ષપાતપણું બતાવ્યું છે, આનંદઘનજી મહા-
 પ્રથમ વિભાગ-દ્રવ્યાનુયોગને અપેક્ષીને બતાવ્યું છે. તેનાપર
ેષ વિવેચન પ્રસંગે પ્રસંગે થતું જશે. ચેતનાના જૂદા જૂદા પ્રકારે
ા હાલ કર્યા છે એ હવે આપણે આનંદઘનજી મહારાજ સાથે વિચારીએ.

जोगीए मिट्टीने जोगण कीधी,
जतीए कीधी* जतणी;
भगते पकडी भगताणी कीधी,
मतवासी[1] कीधी मतणी॥ मायडी० २

"અતિત બાવાઓએ એકત્ર થઈને મને મહામાયા બનાવી; સંન્યાસી પરિવ્રાજકોએ મને પરિવ્રાજકા બનાવી; ભક્તિમાર્ગના ઉપાસકોએ મને ભગતડી બનાવી અને મસ્તાન યોગીઓએ મને તેઓના મતમાં આસક્ત બનાવી."

ભાવ—કાનફટા જોગીઓ હાથમાં ટોકરી રાખી દુકાને દુકાને માગવા નીકળે છે, ડોકમાં પથ્થરની માળા પહેરે છે અને અતિતના નામથી ઓળખાય છે, તેઓ હિંગળાજના ભક્ત હોય છે અને તેઓનો વેશ કાંઈક શંકર-શિવને મળતો હોય છે. આવા જોગીઓ મને મળ્યા ત્યારે તેમણે મને જોગની મહામાઈ, મહામાયા બનાવી; એટલે કે ચેતના પોતે જાણે મહામાઈરૂપ હોય એમ સમજીને તેઓએ મહામાઈની આરાધના કરી. તાત્પર્યાર્થ એ છે કે આ સર્વ જગત્ માયારૂપ ભ્રમાત્મક છે; એમાં જે દેખાય છે તે વસ્તુતઃ અજ્ઞાનને લઈને દેખાય છે, વાસ્તવિક રીતે કોઈ વસ્તુ છેજ નહિ. આપણે આ પુસ્તક હાથમાં લીધું છે તે પણ માત્ર ભ્રમ જ છે, વસ્તુતઃ પુસ્તક જેવી કોઈ વસ્તુ હયાત છેજ નહિ. માયાવાદનું આ પ્રાથમિક સ્વરૂપ છે, અદ્વૈતવાદીઓ એ સ્વરૂપને ભજનારા હોય છે, તેમાં તેઓ પૌદ્ગલિક સ્થૂળ વસ્તુની હયાતી સ્વીકારતા જ નથી. આ માયાનો જે પારિભાષિક અર્થ થાય છે તેને રૂપક આપી તેની અતિત સંન્યાસીઓ કલ્પના કરે છે અને તે સ્વરૂપને મહામાઈ અથવા યોગિની કે એવી દેવીઓને બીજાં અનેક નામ* આપવામાં આવે છે, જેવાં કે મહાકાળી, મહામાયા, ભદ્રેશ્વરી, હિંગળાજ વિગેરે. આ સર્વ મહામાઈના કહેવાય છે અને તે જ્યોતિસ્વરૂપની દેવીઓ છે અને કેટલાં તેમ અતિત સન્યાસીઓ તેની ઉપાસના કરે છે. આવા ચેતનાએ [illegible] જાણે કે હું મહામાઈ હોઉં એમ ધારી મારી ઉપાસના કરી અને મને મહામાઈ બનાવી દીધી. મતલબ એ છે કે મહામાઈની [illegible] શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાના સાધનરૂપ નહિ [illegible] મહામાઈની [illegible] અને તે માટે ચેતન અતિત થઈ ગયા. [illegible] અને [illegible] સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે બીજા કોઈનાં [illegible]

* [illegible]

શકે જ નહિ એમ ધારી પોતાની અંધ માન્યતાનુસાર મને એક સ્વરૂપ આપી મારી આરાધના કરવા મંડી જાય છે તે વખતે પોતાની વિચારશક્તિને એવી દબાવી દે છે કે જાણે સત્ય સ્વરૂપ અન્યત્ર હોઇ શકે જ નહિ. આવી રીતે પોતાના મનમાં અયોગ્ય વિચાર અને નિર્ણય કરીને પછી એક બાજુપર પતિ એવા ઢળી જાય છે કે પોતાના પક્ષ સિવાય અન્યત્ર સત્ય જોઇ શકતા નથી; પોતાથી અન્ય વિચારના માણસોને મહાપાવકી, નરકમાં જનારા, અધમ સમજે છે; કોઈ તેને કાફર કહે છે, કોઈ તેને નાસ્તિક કહે છે, કોઇ તેને મિથ્યામતિ કહે છે, અને એવાં એવાં અનેક ઉપનામો તિરસ્કારપૂર્વક પોતાથી જૂદા વિચાર કરનારને આપી એક પક્ષમાં ઢળી ગયા છે એમ સ્પષ્ટ બતાવી આપે છે. આવી રીતે એક પક્ષને આદરી લેવો અને અન્ય પક્ષના સારાસારની વિચારણા બંધ કરી તેઓ તરફ તિરસ્કારની નજરથી જોવું એ વાત નીચેની દરેક હકીકતને લાગુ પડશે.

વળી યતિ એટલે સંન્યાસીએ મળીને મને પરિવ્રાજકા બતાવી. સંન્યાસીને જતિ કહેવામાં આવે છે. સંન્યાસીઓ એની આરાધના કરે છે. જૈનના સાધુઓને અસલ યતિ કહેવામાં આવતા હતા અને હાલ ગૃહસ્થ અને સાધુ બન્ને ધર્મથી ભ્રષ્ટ થયેલા, ધર્મને નામે આજીવિકા કરનારને જતિ કહેવામાં આવે છે પણ તેઓ યતણીની સેવા કરતા નથી અને કે કમને તેઓ ઉપાસના તો શ્રીઅર્હંત દેવની જ કરે છે તેથી તેવા યતિઓ ચેતનાને જતણી બનાવી દે એ અર્થ બંધબેસતો થતો નથી. જે રૂપ પુરૂષ ધારણ કરે અને તદનુસાર જેવું જે નામ પડે તદનુસાર તેવું રૂપ ધારણ કરનાર સ્ત્રીનું કહેવામાં આવે છે. યતિનું રૂપ ધારણ કરનાર સ્ત્રીને યતણી કહેવામાં આવે છે અને અતિત્વનુ રૂપ ધારણ કરનારને મહામાયા કહેવામાં આવે છે. કહેવાનો ભાવ એ છે કે અતિત તથા સંન્યાસીઓએ મારૂં શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવાને બદલે મને અશુદ્ધ ચેતનામય કરી દીધી. મારૂં ચૈતન્યરૂપ પ્રગટ કરવ.નુ તો બાજુ ઉપર રહ્યુ પણ તેને બદલે મને એક તદ્દન અશુદ્ધ અથવા વિપરીત રૂપ આપી એક પક્ષમા બેસાડી દીધી. જોગી અને જતિમાં ફેર એટલો હોય છે કે જોગી દેવીના ભક્ત હોય છે ત્યારે સન્ય.સીઓ અભેદ માર્ગને અનુસરનાર હોઇ બહુધા શિવભક્ત અથવા

કોઇ કોઇ પરબ્રહ્મને માનનાર અભેદવાદી હોય છે. આનંદઘનજીને
હેતુ કોઈ ધર્મ ઉપર આક્ષેપ કરવાનો નથી, કોઈ મતને નરમ પા
વાનો નથી; તેઓનો આશય એ છે કે જેણે જે મત સ્વીકાર્યો તે
આંખો ઉઘાડીને મને જોઇ જ નથી, સ્વમતમાં આંધ આસક્તિ અ
પરમતની વિચાર વગરની નિંદા એ તદ્દન અગ્રાહ્ય મતનો સ્વીક
ઘણાખરા આગ્રહી પ્રાણીઓએ અત્યાર સુધી કરી એક પક્ષમાં
જવાની સ્થિતિ વિના કારણે અને વિના લાભે પ્રાપ્ત કરી છે.

કેટલાક પ્રાણીઓ ભક્તિમાર્ગને અનુસરનારા હોય છે. આત્મ
વવું અને પ્રભુના ચરણમાં સર્વ સમર્પણ કરી દેવું, જ્ઞાન અને કર્મ
યોગને ગૌણ કરી નાખવા એ ભક્તિમાર્ગનો મત છે. તેઓ એમ માને
છે કે મુક્તિ તો ભક્તિમાર્ગથી જ પ્રાપ્ત થઈ શકે છે. અન્ય સર્વ માર્ગના
નિષેધપૂર્વક પ્રભુને સ્થૂળ રૂપ આપીને તેના ચરણમાં આસક્તિ રાખ
તેના ગુણગ્રામ કરવા અને પોતાનું સર્વસ્વ તેમને અર્પણ કરવું એ
ભક્તિમાર્ગનો* સિદ્ધાન્ત છે. વલ્લભાચાર્ય, રામાનુજ, સ્વામીનારાયણ
વિગેરે અન્ય સર્વ માર્ગના નિષેધપૂર્વક ભક્તિમાર્ગને માનનાર હો
છે અને તેઓ ભક્તિમાર્ગને એટલું બધું પ્રાધાન્ય આપે છે કે અન્ય
કોઈ સાધનદ્વારા મુક્તિ પ્રાપ્ત થઇ શકે એમ તેઓ સ્વીકારી પણ
શકતા નથી. ભક્તિ અનેક પ્રકારની છે અને તેથી એકાન્ત
[illegible]

[illegible]

કહે છે કે અલખમાં મગ્ન રહેવું, એનો ઉચ્ચાર કરવો અને દુનિયાની જંજાળને છોડી દેવી. આવી રીતે જે જે સોબતીની સંગતમાં હું પડી, તેણે મને પોતાના જેવી બનાવી દીધી, તેના મતમાં ધર્મનું સર્વસ્વ મૂકી દીધું અને ઉઘાડી રીતે જાહેર કર્યું અથવા પોતાના વર્તનથી બતાવી આપ્યું કે પોતાના મત સિવાય અન્યત્ર સત્ય હોઈ શકે જ નહિ. દર્શનમોહ એવો આકરો છે કે સુજ્ઞ છતાંને પણ તે ઉંધા પાટા બંધાવી છતી આંખે અંધત્વ લાવી આપે છે. મતનો આગ્રહ એટલો સજ્જડ ચોંટી જાય છે કે પછી બીજા અન્ય તરફ દષ્ટિપાત કરવાનો ખ્યાલ પણ રહેતો નથી, વિચાર પણ આવતો નથી અને મન પણ થતું નથી. આવા એકપક્ષી ધોરણથી કરેલા નિર્ણયો કેટલીક વખત એવી ધર્મની ખોટી લડાઈઓમાં પરિણામ પામે છે કે જો ઇતિહાસ તપાસ્યો હોય તો તેમાં અર્થઅંધની અનેક લડાઈઓ થયેલી જોવામાં આવશે. સ્વમતઆગ્રહથી વિકળ થયેલાં ચક્ષુને અન્યદર્શનના જ્ઞાનની ઇચ્છા પણ થતી નથી અને આવી રીતે સ્વમતઆગ્રહમાં ચઢવા જ જવાય છે. શુદ્ધચેતના કહે છે કે આવી રીતે હું જ્યાં જ્યાં ગઈ ત્યાં ત્યાં મારું એકાંત સ્વરૂપ થતું ગયું, મારા ઉપર મેલ વધતો ગયો અને મારું શુદ્ધ ચેતનાસ્વરૂપ પ્રગટ થતું અટકતું ગયું. વ્યવહારમાં ચેતનની આવી જ સ્થિતિ થાય છે તે પુખ્ત વિચાર કરીને અવલોકન કરવાથી બરાબર સમજાશે.

*राम भणी रहेमान †भणावी,
अरिहंत पाठ पढाई‡;
घर घरने हुं धंधे विलगी,
अलगी जीव सगाइ. मायडी० ३

* છાપેલી બુકમાં પહેલી ગાથાને ત્રીજી મૂકી છે અને આ ગાથાને પહેલી મૂકી છે. સંબંધ પ્રમાણે તે ખોટું છે અને સર્વ પ્રતમાં ચાલુ ગાથાને ત્રીજી ગાથા તરીકે મૂકી છે. † 'રામ ભણાવી રહેમ ભણાવી' એમ પાઠ એક પ્રતમાં લખ્યો છે. ‡ પ.૧૪ને બદલે છાપેલી બુકમાં 'પઢાઈ' પાઠ છે.

૩ રામ=રામ રૂપ. ભણી=બોલતી હતી. રહેમાન=રહિમાન, અલ્લા રૂપ. ભણાવી=પાઠ કરાવ્યો. અરિહંત=અર્હન્ત, વીતરાગ. પાઠ=શબ્દોચ્ચાર. પઢાઈ=બોલાવ્યો, કરાવ્યા. ઘર ઘરને=પોતપોતાના ઘરને. ધંધે=ધંધામાં, કામમાં. વિલગી=લાગી, મને લગાડી. અલગી=અળગી, દૂર રહી. જીવ સગાઈ=આત્માનું સગપણ.

"હું રામ શબ્દ બોલી, મને રહેમાન શબ્દનો પાઠ કરા[illegible] અને અરિહંત શબ્દનો પાઠ કરાવ્યો-(આવી રીતે) હું પર [illegible] ધંધે લાગી પણ આત્માનું સગપણ દૂર રહ્યું."

ભાવ—જૂદા જૂદા મતમાં મને ઘસડી જઈને મારી પાસે પો[illegible] પોતાનો સ્વાર્થ સાધવા સારૂ મતવાળાઓએ મારી પાસે અનેક ના[illegible] લેવરાવ્યાં. કોઈવાર મારી પાસે રામ શબ્દનો ઉચ્ચાર કરાવ્યો. જ્યાં જઉં હાલું ચાલું ત્યાં 'રામ રામ' એમ ઉચ્ચાર કરતા [illegible] વળી કોઈ મુસલમાન મતવાળા મળ્યા તો તેણે મારી પાસે 'રામ' શબ્દ મૂકાવી દઈ 'રહિમાન' શબ્દનો ઉચ્ચાર કરાવ્યો; એટલે [illegible] ત્યાર પછી 'રહિમાન' 'અલ્લાહો અકબર' એવો ઉચ્ચાર કર[illegible] લાગી. વળી જૈન મતવાળા મળ્યા તો તેણે મારી પાસે 'અરિ[illegible] હંત અરિહંત' 'જિન જિન' નો ઉચ્ચાર કરાવ્યો; એ જ પ્રમા[illegible] કોઈએ 'બજરંગ' નો પાઠ, કોઈએ 'હરિ' નો પાઠ, કોઈએ '[illegible]' નો, કોઈએ 'બુદ્ધ'નો, કોઈએ 'બ્રહ્મ'નો અને કોઈએ અનેક દેવ દેવી[illegible] મારી પાસે પાઠ કરાવ્યો. એમાં રામ કોણ હોઈ શકે, રામ શબ્દ[illegible] અર્થ શું, તેનામાં દેવત્વનો સદ્ભાવ છે કે નહિ અને તેઓનો ઉચ્ચા[illegible] કરવાથી મારી પોતાની શુદ્ધ દશાને અંગે મને લાભ શું પ્રાપ્ત [illegible] તેનો વિચાર મારા પતિ ચેતનજીએ કદિ કર્યો નથી અને મને [illegible] પકડનારે કરાવ્યો નથી. લોકોને અનુસરવા સારૂ જેમ કર્યું તેમ ઉચ્ચાર કરાવ્યો છે અને મેં તે પ્રમાણે ઉચ્ચાર કર્યો છે. તેમ પ્રમા[illegible] કયા ગુણની પ્રાપ્તિથી અરિહંત થવાય છે, તેમનામાં દેવત્વ કે[illegible] પ્રકારનું છે, એમના નામોચ્ચારથી મારા શુદ્ધત્વપણાના વ્યક્તીકરણ[illegible] અંગે શું લાભ થવા સંભવિત છે એ બાબતનો અત્યારસુધી કોઈએ [illegible] કરાવ્યો નથી. [illegible] સ્મરણ કરે તે [illegible] સ્મરણ કરે? [illegible] સ્મરણ કરે? [illegible] ચેતનજીના સ્મરણને [illegible] શું? અથવા અરિહંત [illegible] શું કેવું? કેવા? તેને [illegible] કે નહિ? [illegible] નથી [illegible]

ગયા છે અને આંખો મીંચી રાખી મને તેમાં ઘસડાવી લઈ જાય છે. જેવી રીતે પોપટ શબ્દોચ્ચાર કરી પોતાના માલેકને આનંદ આપે છે તેમ હું રામ રામનો અથવા ઉપર જણાવ્યા તેવા પાઠોનો ઉચ્ચાર કરી ગઈ, પણ તેના હેતુ કે સાધ્ય સમજાવવા કોઈએ પ્રયત્ન કર્યો નથી. આ ચેતનજી પોતે જ અરિહંત છે અથવા થઈ શકે તેવા છે, સ્વયં ભગવાન્ સ્વરૂપ છે, સ્વરૂપ વ્યક્ત કરવા માટે તેમણે પુરૂષાર્થ કરવાની જરૂર છે, આત્મા એ જ પરમાત્મા છે–એ વાત મને હજુ કોઈએ સમજાવી નહિ.

વસ્તુસ્વરૂપ મને કોઈએ સમજાવ્યું નહિ પરંતુ સર્વેએ મારી પાસે પોતપોતાના ઘરના ધંધા કરાવ્યા. મારી પાસે જે જે નામો લેવરાવ્યાં તે પરમાર્થ માટે નહિ પણ સાંસારિક હેતુ માટે લેવરાવ્યાં. સ્થૂળ સુખ મેળવવા માટે, વ્યવહારમાં પ્રથમ પુરશી પ્રાપ્ત કરવા માટે, લોકોની પ્રીતિ સંપાદન કરવા માટે, પૈસા પેદા કરવા માટે અને એવા એવા બીજા અનેક સ્થૂળ વિચારથી મારી પાસે જુદા જુદા નામોચ્ચાર કરાવ્યા અને એમ કરીને મારો સંસાર વધારી મૂક્યો. પોતાના અનુયાયીઓની મોટી સખ્યા દેખાડવા માટે મને તાણી ખેંચીને પોતાના મતમાં લઈ જઈ સારાં કપડાં પહેરાવીને મને વરઘોડામાં ફેરવી, મતની ખોટી લડાઈઓ લડાવી અને એવા એવા અનેક કામ કરાવ્યાં, પણ એ મ શબ્દની સાધ્યવાચ્યતા સમજાવી નહિ, બતાવી નહિ, જણાવી નહિ અને આત્માની સગાઈ તો નિરંતર મારાથી દૂર જ રાખી; ચેતનનો અને મારો ખરો સંબંધ શું છે અને મારૂં વાસ્તવિક સ્વરૂપ વ્યક્ત કરવાનું શું કારણ છે અને તે કેમ થઈ શકે તે વાત દૂરને દૂર રાખી. મને જુદા જુદા મતમાં લઈ જઈ પૃથક્ પૃથક્ નામો મારી પાસે લેવરાવ્યા પણ ચેતનજીની સગાઈ તો તેમાં કોઈ જગોએ જોવામાં આવી જ નહિ, શોધતાં માલુમ પણ પડી નહિ, જાણે એ નામોની સાથે ચેતનજીને કાંઈ સંબંધ હોય એવું જણાયું પણ નહિ. બધી જગોએ ઉપર ઉપરની ટાપટીપ, ધામધુમ અને સ્પર્ધા દેખીને કરતા બહુ લોક જોવામાં આવ્યા. ચેતનનું શુદ્ધ સ્વરૂપ કેમ પ્રગટે, તે વિભાવમાં જતો કેમ અટકે, તેની વિચારણા, તે પ્રમાણે વર્તન અને તદનુસાર કર્તવ્યપરાયણતા તો મારા જોવામાં આવી જ નહીં. જુદા જુદા વાડામાં જેમ મોટી સંખ્યામાં

જનાવરો રહે છે અને ચારો ચરે છે તેમાંના એકની એવી સ્થિતિ હો[ય] તેવું સ્વરૂપ ચેતનજીનું પ્રત્યેક વાડામાં જતાં થયું છે; એથી વિશે[ષ] ઠીક થયું હોય એવું મારા જોવામાં આવ્યું નથી.

આનંદઘનજી મહારાજે બરાબર આવોજ ભાવ ચૌદમા શ્રી અનંત નાથજીના સ્તવનમાં બતાવ્યો છે.

ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડીયાં કલિકાલ રાજે

એ આખા સ્તવનનો ભાવ ખાસ વિચારવા યોગ્ય છે. ખુદ જૈન ધર્મના અનુયાયીઓ પણ વાડા વાડાના ભેદમાં એવા આસક્ત થઈ ગયા છે કે તેઓનાં મોઢામાં તત્ત્વની વાત શોભતી પણ નથી; તેઓ તત્ત્વની વાત કરે છે તે એક પ્રકારની તેઓની ધૃષ્ટતા જ છે. આનંદ ઘનજીની શુદ્ધ દૃષ્ટિએ તો તેઓ એક પ્રકારનું ઉદરભરણનું-આજીવિકા ચલાવવાનું જ કામ કરે છે. આવો છેવટનો વિચાર લેવાનું કારણ એ જણાય છે કે ગચ્છનો મમત કેટલીકવાર એટલો સજ્જડ મનોરથ ચોંટી જાય છે કે પોતાથી અન્ય ગચ્છના સાધુઓને શુદ્ધ ગુણ પ્રગટ થવાનો સંભવ પણ હોઈ શકે એમ ગચ્છાગ્રહીઓને લાગતું નથી. વાસ્તવિક રીતે ગચ્છના ભેદો નિવશ્યભેદને લઈને થયેલા છે, પરંતુ કષાયપરિણતિમાં આ ચેતન એટલો ઉતરી જાય છે કે પછી નિ[ષ્પક્ષ] રહી શકતો નથી. મતમતાંતરની વિચારણામાં અને એક જાતના ભેદ વિભાગોમાં એવી ખરાબ સ્થિતિ પ્રાપ્ત થાય છે કે તેના વિચાર કરતાં ત્રાસ આવી જાય. દુનિયામાં ધર્મને નામે અનેક લડાઈઓ થઈ છે, કેટલીકવાર ઉપર ઉપરથી શાંત દેખાતા મનુષ્યો પણ ધર્મને નામે લોહીની નદીઓ ચલાવે છે ધર્મને નામે અનેક પ્રકારના કલહ કરે છે અને ધર્મને અને ચેતનજીને શું [illegible] [illegible] કરવા નથી. આવા [illegible] ધર્મને એક પ્રકારનો [illegible] છે, [illegible] કામ કરતી આવે છે અને [illegible] [illegible] ચલાવે છે. ધર્મનો [illegible] [illegible] [illegible] કારણ કે [illegible] [illegible] [illegible] [illegible] થવાનું હોય છે. [illegible] [illegible] [illegible] ધર્મને નામે અનેક [illegible] છે. તે [illegible] [illegible]

તેમ જ જરૂર નથી, સર્વના અનુભવનો તે વિષય છે. વાત વિચારવાની એ છે કે ધર્મને નામે એવા ગોટા ચાલે છે કે તે સંબંધમાં આંખ ઉઘાડીને જોવાની ખાસ જરૂર છે. અમુક ધર્મની આચરણા કરવાથી જ સાધ્યપ્રાપ્તિ થતી નથી, ખાસ વિચારણા ચેતન અને ચેતનાનો સંબંધ વિચારવાની અને તેને શુદ્ધ સ્વરૂપે પ્રગટ કરવાની હોવી જોઇએ અને તેમાં ધર્મને નામે પણ જેટલા પ્રત્યવાયો આવે તે સર્વ ત્યાજ્ય સમજવા જોઈએ. ચેતનાની કેવી સ્થિતિ થઈ છે તે હજુ પણ વિચારીએ.

*कोइए मुंडी कोइए लोची,
†कोइए केश लपेटी;
‡कोइ जगावी कोइ सुती छोडी,
§वेदन किणही न मेटी. मायडी० ४

"કોઇએ મારું મસ્તક મુંડાવ્યું, કોઇએ લોચ કરાવ્યો, કોઇએ મવાળાવડે મને વિંટી દીધી, કોઈએ મને જગાડી, કોઇએ ઉંઘતી તજી દીધી; (પણ) મારી વેદના કોઇએ મટાડી નહિ."

ભાવ-માડી! મારા કેવા કેવા હાલ કર્યા તે તો તમે સાંભળો. કોઇએ મારા પતિનાં દાઢી મુછ અને માથું મુંડાવ્યાં અને કોઇએ તે બાલનો લોચ કરાવ્યો. કેટલાક પંથના સાધુઓ મુંડન કરાવે છે તે પ્રસિદ્ધ છે. જૈન ધર્મના સાધુઓ માથે તથા દાઢી મુછે લોચ કરાવે છે ધર્મનુ યથાર્થ સ્વરૂપ સમજ્યા વગર માત્ર ઉપર ઉપરનો દેખાવ કરવા માટે અથવા પોતાની ધર્મી તરીકે છાપ પાડવા માટે માત્ર

---

* 'કોઇ' એવો પાઠ છાપેલી બુકમાં છે 'કોઈ મુંડી કેઇ લોચા' એવો પાઠ એક પ્રતમાં છે. એક પ્રતમાં 'કોઈ મૂની કોઈ લુંચે.' એવો પાઠ છે મૂની એટલે મૂંડ કરી, [illegible] લોચ કરી

† કેશ્ છે લપેટી એવો પાઠ છાપેલી બુકમાં છે

‡ છાપેલી બુકમાં 'આ' પછી [illegible] ન [illegible] એ પ્રતમાંથી [illegible] પંક્તિ આપી [illegible] તે પ્રતમાંથી [illegible] નથી એ પંક્તિ પાંચમા [illegible] તરીકે આવશે

§ એક પ્રતમાં માહરી વેદના [illegible] ન મેટી એવો પાઠ છે માહરી શબ્દની જરૂર નથી [illegible] કરવા તે પાઠ [illegible] કરીને બોલવો પડે છે

૪ મુંડી=મસ્તક મુંડાવ્યું લોચ=લોચ કરાવ્યો. કેશ=મવાળા [illegible] લપેટી= વિંટાળી જગાવી=જાગ્રત કરી મેટી=મટાડી

માળું વિગેરે ગુંજનામાં આવે અથવા તે તે સ્થાનોપરના ... યોગ કરવામાં આવે તો તે અપારમાર્થિક છે. સ્થૂળ શરીરની ... ન કરતાં તેને દરેક પ્રકારે કષ્ટ આપી તેનામાં [illegible] પ્રકારની ... સ્થિરતા લાવવી અને ખાસ કરીને રાગદ્વેષની પરિણતિ ... ચિત્તને સ્થિર કરી દેવું એ યોગાદિ કરવાનો હેતુ છે તે ન કરતાં ... માત્ર [illegible] ધારણ કરવા માટે અને લોકોમાં ધર્મી ગણાવા ... મનાવવા માટે મુદ્રા કે યોગનો ઉપયોગ કરવામાં આવે તો ... આત્મા ધર્મી નથી, ઉલટી તે ત્યારે અશુદ્ધ થતી જાય છે અને ... કરવાથી કષાય [illegible] ત્યારે થાય છે અને તેના રસ પણ ત્યારે ... [illegible] પડે છે. શાસ્ત્રકાર તેટલા માટે કહે છે કે આ ... [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

આ વસ્તુસ્થિતિ છે. એવો શુદ્ધ સાચો ઉપદેશ આપનારા અને તેને યથાર્થ સ્વરૂપે સમજનારા બહુ અલ્પ હોય છે. ચેતનાની અહીં જે ફરિયાદ છે તે માથું મુંડાવવાની કે લોચ કરાવવાની બાબતની નથી, તેના કહેવાનો આશય એ છે કે ચેતનજીએ મુંડન અને લોચમાં પરિપૂર્ણતા માની લીધી છે, પણ મન વચન કાયાના યોગોની લગામ હાથ કરવા માટે એ તો શિવસાધન છે. સાધનને જો સાધ્ય માની લેવામાં આવે તો મહા અનર્થ થઈ જાય અને કમનસીબે ચેતનજીના સંબંધમાં એમ વારંવાર બન્યું છે, તેથી ચેતનજીને કહે છે કે તમે જો આત્મારામને પ્રગટ કરવા ઇચ્છતા હો તો સંયમક્રિયા કરો, જ્ઞાન ભણો અને તે ઉપરાંત ખાસ કરીને મનને ઠેકાણે ઠેકાણે દોડાવો નહિ, એને સ્થિર રાખો, એને અંકુશમાં રાખો. મનની ચંચળતા કેવી છે અને એને સ્થિર કરવાની કેટલી જરૂર છે તે સંબંધમાં આનંદઘનજી મહારાજે 'મનડું કિમહી ન માને હો કુંથુજિન' એમ કહીને સત્તરમા શ્રીકુંથુનાથજીને ઉદ્દેશીને બહુ સુંદર સ્તવન રચ્યું છે જેનો ભાવ પણ આ સાથે વિચારવા યોગ્ય છે.

પ્રથમ પંક્તિમાં 'કેશે મૂકી કેશે લુંચી' એવો પાઠ છાપેલી બુકમાં છે. મૂકી એટલે મુંગી કરી. મતલબ એ છે કે કોઇએ મારા પતિને મૌન ધરાવ્યું કરાવ્યું. ભાવનગરમાં મારા જોવામાં એક સન્યાસી આવ્યો હતો તે બોલતો નહિ, લખી આપતો હતો. સાથે સ્લેટ રાખતો અને લખીને વાત કરતો હતો. આવા પ્રકારના મૌનથી લાભ નથી. વચન ઉપર અંકુશ રાખવાની જરૂર છે. કારણ વગર અથવા વિચાર વગર નકામું બોલ્યા કરવું એ સર્વથા ત્યાજ્ય છે. પણ બાહ્ય દૃષ્ટિએ વચનનો ઉચ્ચાર ન કરવો અને તેને બદલે સાનથી કે લખાણથી બોલવાનો વિચાર વ્યક્ત કરવા એ વખતનો નકામો વ્યય અને અન્ય ઉપર ઉપકાર કરવાના પ્રેમ ધર્મ પ્રવચનનો ગેરવાજબી રીતે નાશ છે જો વચનનો ઉચ્ચાર ન કરવાથી જ લાભ હોય તો એકેન્દ્રિય સુધીના જીવોને સ્પષ્ટ ભાષા હોતી નથી તે જરૂર લાભ પ્રાપ્ત કરે જ, પરંતુ વાત એમ નથી. મનમાં જેવું હોય ત્યારે વચનસમિતિ રાખવી અને કારણ ન હોય ત્યારે વચનગુપ્તિ રાખવી એ બન્ને યે સમાન છે. [illegible] [illegible] [illegible]. અન્યને સદુપદેશ

અને એવા બીજા યોગ્ય પ્રસંગે વિચાર કરીને પરને હિત કરનાર હો
તે પ્રિય રીતે વદવામાં આવે તો તેમાં કોઈ પ્રકારની અડચણ હોવ
ન જોઈએ. સાધ્યને લક્ષ્યમાં રાખી ઉપયોગપૂર્વક વચનનો વિલા
કરવામાં આવે તો અનેક જીવોપર સીધી અને આડકતરી રીતે મહ
ઉપકાર થઈ શકે છે. સર્વ જીવને શાસનરસિક કરી મોક્ષમાં લ
જવાની જે ઇચ્છા તીર્થંકર મહારાજને પૂર્વ ભવમાં થઈ હોય છે અને
જેને લઈને જ તેઓ તીર્થંકર નામકર્મનાં દળિયાં એકઠાં કરે છે તેની
પરાકાષ્ઠા બાર પર્ષદા સમક્ષ ઉપદેશ દેવામાંજ આવે છે અને તે વખતે
તેઓ વચનનો વિલાસ કરે છે. બાહ્યદૃષ્ટિ જીવોને ફસાવવા ખાતર
અથવા પોતાનું માન વધારવા સારૂ ઉપર ઉપરથી બોલવું નહિ અને
બોલવાનું પરિણામ જે અન્યને વિચાર બતાવવાનું હોય છે તે સંજ્ઞા
અથવા લખાણથી બતાવવું એ તો એક પ્રકારની ધૃષ્ટતા લાગે છે.
ચેતનાની ફરિયાદ એ છે કે મને મુંગી કરી અને મારી પાસે ખાલી
ડોળ કરાવ્યો, મતલબ ચેતનજી આવી રીતે મુંગા રહ્યા અને જાણે
પોતે મૌન યોગી હોય એવો તેઓએ ડોળ ઘાલ્યો. આના સંબંધમાં
મુનિસુંદરસૂરિ મહારાજ શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમના ચૌદમા અધિકારમાં
કહે છે કે "વચનની અપ્રવૃત્તિ માત્રથી કોણ કોણ મૌન ધારણ કરતું
નથી? પણ અમે તો જે વચનગુપ્તિવાળા પ્રાણીઓ નિરવદ્ય વચન
બોલે છે તેઓની સ્તવના કરીએ છીએ. *તું નિરવદ્ય (નિષ્પાપ)
વચન બોલ, કારણ કે સાવદ્ય વચન બોલવાથી વસુ રાજા વિગેરે એકદમ
ઘોર નરકમાં ગયા છે." આ પ્રમાણે હકીકત હોવાથી ડોળ ઘાલનારનો
યોગમાં પણ ઉપયોગ નથી એ હકીકત સ્પષ્ટ થઈ હશે; પરંતુ મારા
પતિએ તો દંભની ખાતર મને મૂકી કરી એટલે કે પોતે મુંગા રહ્યા
અને એવા મૌનમાં પરિપૂર્ણતા માની એટલું જ નહિ પણ એથી
બીજી રીતે પ્રાણીનો મોક્ષ થઈ શકે એ સ્વીકારવાની કે સમજવાની
પણ ના પાડી.

વળી કોઈએ મોટા મોટા કેશ-વાલ વધારીને જટામાં મને
લપેટી દીધી, મતલબ કે પોતે જટાધારીનો વેશ ધારણ કર્યો. કોઈએ

* વસુ રાજાની કથા તથા સમિતિ ગુપ્તિના વિવેચન માટે અધ્યાત્મ કલ્પદ્રુમ—અધિકાર ચૌદમાના શ્લોક ૬-૭ પરનું વિવેચન જુઓ. પૃષ્ઠ. ૪૪૧-૭ (દ્વિતીયાવૃત્તિ)

ર જણાવ્યું તેમ બાલનો લોચ કરાવ્યો,' કોઇએ મુંડન કરાવ્યું અને ઇએ માથે બાલની જટા વધારી. ઉપાધ્યાયજી મહારાજે ઉપરનાં માં વટવૃક્ષ (વડ) જેમ જટા–વડવાઇઓ વધારે છે એમ જણાવ્યું છે એમ મેં પણ નવીન નવીન વેશ ધારણ કર્યા. આવા બાહ્ય શથી કોઇનું કાંઇ વળ્યું નથી અને વળવાનું નથી. મહા યોગીઓનો ાઠ ભજવનાર નાટકી પડદાની અંદર જ્યાં પાછો અસલ સ્થિતિમાં ાવી જાય છે, ભર્તૃહરિ જેવા યોગી કે હરિશ્ચંદ્ર જેવા સત્યપ્રિય રાજાનો ાઠ ભજવીને આવે છે ત્યારે હૃદયમાં તો વઢન કોરો જ હોય છે. એ કીકત સર્વ જુએ છે, પણ સમજવા જેવી વાત એ છે કે પાઠ ભજવતી વખત પણ તે પોતાના મનમાં સમજે છે કે હું તો પચ્ચીશ ચ્ચાસ રૂપિયાનો પગારદાર બાયનો વર છું. આવી સ્થિતિને લઇને ાઠ ભજવ્યા પછી તો શું પણ પાઠ ભજવતી વખત પણ તેની સ્થિતિ રા પણ ઉચ્ચ થતી નથી, તેના વિચારવાતાવરણમાં જરા પણ ફેરફાર થતો નથી અને તેની ભાવનાશ્રેણિ જરા પણ ઉન્નત થતી થી. માત્ર તેની ઉદરવૃત્તિનું નિમિત્ત નાટકનો પાઠ થાય છે; વી રીતે મુંડન લોચ કે જટાધારણનો પાઠ ભજવતી વખત પણ તે બિલકુલ લાભનાં કારણ થતાં નથી, અને કેટલીકવાર ઉલટા દંભના નિમિત્તને લઇને કષાયદ્વારા વિશેષ હાનિ કરનાર, કર્મમળને સવિશેષ સનો પુટ આપનાર થઇ પડે છે. *'જટા જટાધર પટા પટાધર, જ્વા છત્રાપર તતા' એ વાત અગાઉ થઇ ગઇ છે. એવી રીતે જટાધારીઓ જટામાં એટલા મગ્ન રહે છે કે જટાથી બહાર સત્યનો સમાવેશ કે સદ્ભાવ હોઇ શકે એ તેઓના હૃદયમાં પણ આવી શકતું નથી.

વળી કોઇએ મને જગાડી. અલખ જગાવવાને નામે, મુદ્રી પખાવવાને નામે અથવા હઠયોગાદિ કરવા માટે મને જાગ્રત કરવાનો દેખાવ કર્યો અથવા દુઃખગર્ભિત વૈરાગ્યદ્વારા મને જાગ્રત કરી. મારી વસ્તુગત શુદ્ધ દશા જાગ્રત કરવા ખાતર અથવા મારા વસ્તુના અવિચળ પ્રેમ ખાતર મને જાગ્રત કરી નહિ, પણ સંસારનાં દુઃખથી ડરી જઇને અથવા કષ્ટ સહન કરવાની પોતાની અશક્તિને લઇને પછી અર્થવિચાર ધોરણ માફક એ નિયમાનુસાર મને જાગ્રત કરવાનો દેખાવ

* [illegible] શ્લોક ૨૨.

કર્યો. દુઃખ કે મોહગર્ભિત વૈરાગ્ય ગમે તેટલો હોય તોપણ તે [illegible]
હરજીજે બીનઉપયોગી થાય છે તે અન્યત્ર આપણે વિસ્તારથી [illegible]
છે,* વસ્તુતઃ જ્યાંસુધી શુદ્ધ જ્ઞાનપૂર્વક વૈરાગ્ય ન થાય ત્યાંસુ[illegible]
વાસ્તવિક લાભ થતો નથી એ સત્ય વારંવાર કહેવાની જ[illegible]
નથી. આથી અલકને નામે કે વૈરાગ્યને નામે કે એવાં બીજાં અ[illegible]
ઉપનામે મને જાગ્રત કરી, પરંતુ તેની સાથે વસ્તુસ્વરૂપનું શુદ્ધ [illegible]
ન હોવાથી મને જાગ્રત કરવાને બદલે મારી ચોકીને જ બાંધ[illegible]
એવી કમનસીબ વાત બની ગઈ છે. વળી કેટલાક પ્રાણીઓ મ[illegible]
જાગ્રત કરવાના પ્રયાસમાં જગાડી શક્યા નહિ, ત્યારે કેટલાક તો પુ[illegible]
રીતે મને સુવાડવા જ મંડી ગયા. તેઓ બોલે છે કે 'આ દુનિયા[illegible]
ચેતના એવી વસ્તુ જ ક્યાં છે? તે કેવી રીતે હોઈ જ શકે? [illegible]
જીવનું રોકડું સુખ છોડી દઈ પરજીવનું કાલ્પનિક સુખ લેવા દોડ[illegible]
જેવી મૂર્ખતા કાંઈ હોઈ શકે? માટે ખાઓ, પીઓ, [illegible]
ભોગવો, ચમન ચમન ઉડાવો, એમાં જ સાર છે, બીજાં બધાં [illegible]
છે અને ફાંફાં ખાતર મળેલ સુખ મૂકી દો નહિ. જીવવા રહે[illegible]
'અધ્યવસાય' પકડવામાં કે બીજા ધ્યાનમાં સુખ છે જ નહિ, કોઈ [illegible]
નહિ, નહીંતો તે બધે બેસતું નથી, વિગેરે વિગેરે. આ પ્રમાણે [illegible]
કેટલાકે મને સુવાડી દીધી. અથવા કેટલાક કબૂલ કરે કે ચેતના [illegible]
તે દર્શનભૂત છે અને ઉપયોગી તેનો મોક્ષ છે, છતાં પણ તેન[illegible]
[illegible] મારી તપાસ ન લેતાં મને સુવાડી મૂકી, [illegible]
[illegible] કરી, [illegible] વિચાર પણ ન કર્યો અને મને વિસારી [illegible]

[illegible]

* [illegible]

જાય અને હું તેઓને મળું એવું કાંઇ થયું નહિ અને તેથી મારી વિરહ-વ્યથા હજી સુધી એવી ને એવી કાયમ રહી છે. મારા પતિ ઉપર ઉપરના સ્વરૂપસાધનમાં એવા આસક્ત થઇ જાય છે અને તેમાં તેઓને એટલો આનંદ આવે છે કે મારી સાથે મેળાપ કરવામાં થતા અથવા થનારા આનંદનો તેઓને ખ્યાલ પણ આવતો નથી અને તેથી અમારો ઘાટ હતો તેવો ને તેવો ચાલ્યો જાય છે. માથાપર બાલ વધારીને કે મુંડાવીને પણ પાછા મારા નાથ એવાં કાર્યો કરવા મંડી જાય છે કે તેથી કર્મસમૂહ વધારે પ્રાપ્ત થાય છે, જે વિશિષ્ટ હેતુઓથી મુંડનાદિ કરાવવામાં આવે છે તે એકદમ તેઓના ખ્યાલ બહાર ચાલ્યા જાય છે અને તેથી મારી વિરહવેદના મટતી નથી. કહેવાની મતલબ એ છે કે મુંડનાદિ ક્રિયા કરવાથી જે ચેતનગુણો પ્રગટ થવા જોઇએ તે મારા નાથ એક પક્ષમાં ઢળી જતા હોવાથી તેમાંનું કાંઇ પણ થતું નથી, એક ગુણ પણ પ્રગટ થતો નથી અને ઉલટું મુંડનાદિ સાધન માન અને માયારૂપ કષાયપરિણતિ જેનો સર્વથા ત્યાગ કરવાથી જ હું શુદ્ધ સ્વરૂપમાં પ્રગટ થઇ શકું છું તે વધવાનાં કારણો તેથી બને છે. મારા નાથ માયામમતાને મંદિરે આ મુંડનાદિ કાર્ય કરાવ્યા પછી પણ રમ્યા જ કરે છે અને એ વાતથી મને વિરહવ્યથા વધારે લાગે છે. આથી લોચ મુંડન જટા વિગેરેથી મારી વેદના કોઇએ મટાડી નથી હજી પણ મારા કેવા હાલ કર્યા તે સાંભળો.

कोई* थापी कोई उथापी,
कोई चलावी कोई राखी;
एक मनो में कोई न दीठो,
कोईनो कोई नवि माखी. मायडी० ६

"કોઇએ મને સ્થાપન કરી, કોઇએ મને ઉપાડી મૂકી, કોઇએ મને ઉપજાવીને વિનાશી, કોઇએ રાખી મૂકી-મેં કોઇને એકસરખા અભિપ્રાયવાળો જોયો નહિ અને કોઈ કોઇનો સાક્ષી થાય-ટેકો આપે એવું પણ મેં જોયું નહિ."

ભાવ-મારા જુદી જુદી જગોએ કેવા હાલ થયા તે માડી તમે જુઓ તો ખરાં! કોઇએ મારી વિચિત્ર રીતે સ્થાપના કરી. વલ્લભ અને રામાનુજ સંપ્રદાયવાળા શુદ્ધ દ્વૈત મત સ્વીકારનારા છે, તેઓ પુરૂષ અને પ્રકૃતિનો ભેદ પાડી બન્નેને અલગ રાખે છે અને પુરૂષ-ઇશ્વરને ઇચ્છા થવાથી અણુમાં પ્રકૃતિક્ષોભ થાય છે એમ કહી બન્નેનો ભેદ સ્વીકારે છે. તેઓ ચેતનમાં ઇશ્વરનો અંશ છે એમ માની કોઇ વખત ચેતનમાં અને કોઇ વખત પ્રકૃતિમાં મારા અસ્તિત્વનો સ્વીકાર કરે છે. એક સરખી રીતે તો કોઈ બે મતવાળા મારો સ્વીકાર કરતા નથી, પરંતુ સામાન્ય રીતે ભેદમાર્ગ સ્વીકારનારા મારી એક અંશે સ્થાપના કરે છે. અંશવાદી સત્યને સર્વથા સત્ય સમજી લેવાની તેઓની આગ્રહને લીધે તેઓ મારૂં સત્ય સ્વરૂપ તો સમજી શક્યા નહિ, પણ તેઓએ મારી સ્થાપના કરી ખરી. ચેતના ઇશ્વરકૃત શામાટે હોય? તેને અને ઇશ્વરને શું સંબંધ હોઈ શકે? અને શામાટે હોઈ શકે? એ વાત તો કોઈ સમજી શક્યું નહિ; પરંતુ ચેતના તદ્દન નથી એવો નકાર આ ભેદવાદીઓ કરી શક્યા નહિ તેથી તેઓએ મારૂં સ્થાપન કર્યું એમ [illegible]

વળી કેટલાક મતવાદીઓએ કહ્યું કે પૃથ્વી અપ્ તેજ વાયુ અને આકાશ એ પંચ મહાભૂતના સંયોગે ચેતના ઉત્પન્ન થઈ હોય એમ [illegible] જણાય છે, વાસ્તવિક રીતે ચેતનની વ્યક્તિ જુદી છે જ નહિ. [illegible]

[illegible]

બૌદ્ધ અનુયાયીઓએ ક્ષણિકવાદ સ્વીકાર્યો, મીમાંસકોએ અદ્વૈતવાદ સ્વીકાર્યો, શંકરાચાર્યે શુદ્ધ અદ્વૈત સ્વીકાર્યો અને તેમ કરીને મારૂં વ્યક્તિત્વ દૂર કરી મને ઉપાડી મૂકી. એમાં માયાવાદને અંગે ઈશ્વરનો ને જગતનો સંબંધ અને ખાસ કરીને આવી રચનાની ઘટના કરવાનાં કારણ વિગેરેમાં એકમત કોઇનો જોવામાં આવ્યો નહિ. અભિપ્રાયવશાત્ સ્વમત સ્થાપન કરવા માટે બુદ્ધિ પહોંચી શકી ત્યાંસુધી ચાલ્યા ગયા, પરંતુ જ્યાં વાત અટકી પડી ત્યાં વિચાર ન કરતાં સ્વમતસ્થાપનની ઝુંબેશમાં મારૂં તાત્ત્વિક સ્વરૂપ બહાર પાડવા કોઇએ પ્રયત્ન કર્યો નહિ.

વળી કોઇએ મને વ્યક્તિ તરીકે સ્વીકારી મારો વિનાશ કર્યો, એટલે મારૂં વ્યક્તિત્વ માની પ્રલય વખતે મારો નાશ માન્યો. આવી રીતે માનનારા ભેદવાદીઓ છે. તેઓ ચેતના છે એમ માને છે પણ પ્રલય વખતે સર્વનો નાશ માનીને પછી વિશુદ્ધ અશુદ્ધ કર્મફળનો જે ગોટાળો થાય છે તેનો ખુલાસો આપ્યા વગર રહેવા દે છે. આવી રીતે મને ચલાવી એટલે વ્યક્તિભેદે મારા અસ્તિત્વનો સ્વીકાર કર્યો. કારણ તેમ ન કરે તો કૃતનાશ અને અકૃતઅભ્યાગમ દૂષણો થાય, પરંતુ મારો સ્વીકાર કર્યા પછી પાછો કૃતનાશ થાય છે તે વાત વિસરી ગયા.

વળી કોઇએ કહ્યું કે ચેતના અનાદિ છે, ઈશ્વરકૃત છે, તેના અંશ છે અને પાછળથી તેમાં મળી જાય છે. આ પ્રમાણે મારો નબ-[illegible] [illegible] કરી મને [illegible] મૂકી, તદ્દન [illegible] મૂકી નહિ.

બીજી રીતે વિચાર કરીએ તો મને સ્થાપન કરનાર રામા-
નુજ અને વલ્લભે [illegible] સમજાવ્યું, [illegible] નિત્ય [illegible]
[illegible] સમજાવ્યું અને કેટલાકે અદ્વૈત, શુદ્ધાદ્વૈત અને વિશિષ્ટાદ્વૈત
મત [illegible] સમજાવ્યા. [illegible] વૈશેષિક મત [illegible] અને
[illegible] સમજાવ્યા. વૈશેષિક [illegible] પુરૂષ અને પ્રકૃતિને ભેદ માને
[illegible] ઈશ્વરનું
[illegible] અને તેઓ [illegible] વિષયને [illegible] અનુસાર
[illegible] રીતે
સમજી શકે [illegible] કે [illegible] ઈશ્વરકૃત
[illegible] જ નથી એમ કહેવામાં [illegible] તેમ નથી.

આવી રીતે અનેક જગોપર હું ગઈ તો ત્યાં એકમનવાળા મેં જોયા નહિ. એક મતમાં અને બીજા મતમાં ભેદ, એક મતની અંદર પણ વિચારઐક્યતાની ગેરહાજરી અને જ્યાં વાસ્તવિક ચર્ચા કરવાનો પ્રસંગ આવે ત્યાં મૂળ સવાલને વિસારી દઈ શબ્દની મારામારી જોવામાં આવી. એક સરખા વિચારવાળો, ન્યાયપુરઃસર દરેક કોટિની તુલના કરનારો, અરસપરસ દલીલોનો સંબંધ વિચારી શાંત મગજે હકીકત સમજનારો કોઈ મારા જોવામાં આવ્યો નહિ. વાદવિવાદમાં મારામારી, સત્ય સમજવાની સ્થિરતાનો અભાવ, સ્વમતસ્થાપન માટે અનેક પ્રકારના વિચિત્ર પ્રયાસ અને પરમતસહિષ્ણુતાની અથવા તેનો સત્યાંશ સ્વીકારવાની પણ ગેરહાજરી મારા જોવામાં આવી. ચેતનજી પણ ઉપર ઉપરથી ખેદ કરે છે અને જુએ છે, વસ્તુધર્મનું સ્વરૂપ સમજવા ઉંડાણમાં પ્રવેશ કરતા નથી અને દંભ, માયા અને સંસાર આસક્ત પ્રાણીઓ ઉપર ઉપરથી ત્યાગી હોવાનો ડોળ ઘાલી મારા પતિને અનેક પ્રકારે ફસાવે છે તેમાંથી તેઓ સત્ય જોઈ શકતા નથી, તારવી શકતા નથી, સમજી શકતા નથી અને આવી રીતે હું તો ઘણી જગોએ ગઈ પણ ત્યાં કોઈને એક સરખા અભિપ્રાયવાળા જોયા નહિ. એકમનોને બદલે 'એકમતો' એક મતવાળો, ચોક્કસ અભિપ્રાયવાળો મેં કોઈ જોયો નહિ એ પાઠ હોય તો વધારે બંધબેસતો આવે એમ લાગે છે; પરંતુ એવો પાઠાંતર કોઈ પણ પ્રતમાં નથી. એનો અર્થ એક સરખા અભિપ્રાયવાળો એમ થાય છે. આત્મા સંબંધી જ્ઞાનમાં મેં હે માડી! અન્ય જગોએ હજુ સુધી એવો એક પણ માણસ નથી જોયો કે જેના જ્ઞાનમાં આગળ પાછળ અથવા અરસપરસ વિરોધ ન આવતો હોય. આત્મા જે જ્ઞાનથી વિશુદ્ધ થાય, તેનું સ્વરૂપ સ્પષ્ટ સમજાય અને તેમાં કોઈ પણ પ્રકારનો વિરોધ ન આવે તે સ્થાપન કરનારને 'મત' કહેવો યુક્ત છે, બીજા કુમત કહેવાય. આવી રીતે જેને 'મત' કહી શકાય, મતના નામને યોગ્ય હોય એવો કોઈ મારા જોવામાં આવ્યો નથી. મારા પતિ અનેક નાચ નાચ્યા, તેમણે અનેક વેશો ધારણ કર્યા, તેમણે જૂદાં જૂદાં દર્શનોનો અભ્યાસ કર્યો, પરંતુ એ સર્વમાં સર્વ સત્યવાદી મત મારા જોવામાં આવ્યો નહિ. અથવા પાઠાંતર વિચારીએ તો મેં

કોઇને નિષ્પક્ષ જોયો નહિ. જે જે મારા સંબંધમાં આવ્યા તે સર્વ પોતપોતાના મત ખેંચતા હોય એમ જોવામાં આવ્યું છે. કદાગ્રહથી સ્વમતસ્થાપનાનો દૃઢ આગ્રહ અને સત્ય સમજવાની ઉપેક્ષા મેં તો સર્વત્ર જોઈ છે. જ્યાંસુધી ચેતનજી ઉપર ઉપરના ખેલ કર્યા કરે ત્યાંસુધી તે નિષ્પક્ષ બને નહિ અને તેનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય નહિ. પદના લખનારે આ પક્ષવાદમાં સર્વ મતને લઈ લીધા છે તે તેઓનું નિષ્પક્ષપણું બતાવી આપે છે. ખુદ જૈન મત જેના અનુયાયી કવિ છે તેના સંબંધમાં પણ તે કહે છે કે જો ત્યાં ચેતનાને વ્યાનત કરવાનો ઇરાદો હોય તો સત્ય સ્વરૂપ પ્રાપ્ય છે, પરંતુ જો ત્યાં પણ ચેતનાને ઘર ઘરને ધંધે વળગાડી દીધી તો પછી તેનું કાંઈ રહેતું નથી અને તેને નિષ્પક્ષ થવાને પ્રાપ્ત થયેલો પ્રસંગ તે ગુમાવી બેસે છે. જે વિશાળ દૃષ્ટિથી આ હકીકત આનંદઘનજી મહારાજે લખી છે તે બરાબર વિચારવા યોગ્ય છે.

આવી રીતે જેનાં મનમાં જેમ આવ્યું તેમ તેઓ મારી સાથે વર્ત્યા અને સ્થાપનાર, ઉત્થાપનાર, ચલાવનાર કે રાખનાર સર્વ ઘરઘરના ધંધા કરે છે, પરંતુ એના સાક્ષી શોધીએ તો કોઈ મળે તેમ નથી. એક હકીકત સ્થાપન કરવા માટે જેમ ન્યાયાલય પાસે સાક્ષી રજુ [illegible] કરે છે અને [illegible] તપાસ અને [illegible] તપાસ ઉપરથી [illegible] કાંઈ નથી [illegible] ઉપર [illegible] તેમ હોકે છે અને [illegible] પણ [illegible] દૂર રહીને દીધે [illegible]

[illegible]

સહન કરવાં પડ્યાં છે, કેટલીકવાર તો મારૂં અસ્તિત્વ પણ મુકાઈ ગયું છે, કેટલીકવાર મારી હયાતી નકામા જેવી બની ગઈ છે, કેટલીકવાર મારૂં સ્વરૂપ છિન્નભિન્ન થઈ ગયું છે. આવી રીતે મારે માટે સમ્યગ્ જ્ઞાનને અભાવે મારા પતિએ અથવા મારા પતિના વિભાવ મિત્રોએ એટલું કર્યું છે કે હું તમને તેનું વર્ણન આપી શકતી નથી. વાત એક જ છે કે સત્ય સમજનો ગંભીર પ્રયાસ અત્યાર સુધી મનુષ્યોએ કર્યો છે અને તેને લઈને મારી વર્તમાન અતિ દુઃખદ સ્થિતિ પ્રાપ્ત થઈ છે. મેં નિષ્પક્ષ રહેવા ઘણો પ્રયત્ન કર્યો પરંતુ આખર સુધી મારામાં જે મતની ફુંક મારવામાં આવી તેને હું વાગતી ગઈ અને તેને લઈને એક પક્ષમાં ઢળી ગઈ છું.

ભાંગો* દુરજનકાં કંપીમેં,
ઠાંગો† ઠાંગો ચાલે;
મધ્યમ તે ક્રિમ કો બી ઝહીએ,
વડ મોદ્ધાનેં રાતે. માગધી ૬

“ખલજેર-ભગવાન્ બાહુના નબળાને હલાવે છે, મજબૂત [illegible] (અને તેમની [illegible] આવે છે). ([illegible]) [illegible] મોટા યોદ્ધાના [illegible] પણ કેમ [illegible]”

[illegible] નિયમ છે કે [illegible]

છે અને બળહીન હોય છે તે હારે છે. કેટલીક લડાઈ શબ્દની હોય છે, કેટલીક શસ્ત્રની હોય છે, કેટલીક ભાલા બંદુકની હોય છે, સ્થળ અને લડાઈના વિષયને અંગે જે જેમાં બહાદુર હોય છે તે તેમાં વિજય પામે છે પણ લડાઈની જમાવટ તો સરખે સરખા મજબૂત હોય છે ત્યારે જ થાય છે. એક પક્ષ ઘણો મજબૂત હોય ત્યારે તો લડાઈનું પરિણામ શું આવશે તે ધારી શકાય છે અને પહેલેથી કહી શકાય છે; પણ સરખે સરખા મજબૂત માણસો લડાઈમાં ઉતરે ત્યારે લડાઈ પણ જોવા જેવી થાય છે ને પરિણામની ખબર પડતી નથી. કમનશીબે હાલની ચેતનજીની બાબતમાં લડાઈ છે તે ધીંગા અને દુર્બલની છે અને તેથી પરિણામ ધારી શકાય છે. ઢંગે ઢીંગાની લડાઈ હોય તો કાંઈ પણ આનંદ આવે ખરો. આ તો ધીંગ દુર્બળની લડાઈને લીધે તેમાં કાંઈ મજા આવે તેમ નથી. એક બાજુએ મોહરાજા તેના પ્રબળ પરિવાર અને મહારથી યોદ્ધાઓ સાથે બહાર આવે છે, પોતાની સાથે કષાય, નોકષાય, ઇંદ્રિયો અને યોગો જેવા પ્રબળ સેનાનીઓને લાવે છે, વેદ જેવા તેના મહારથીઓ છે, મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ પોતપોતાના પ્રબળ પરિવાર સાથે બહાર પડ્યા છે અને સમ્યક્ત્વ મિશ્ર અને મિથ્યાત્વ મોહની જેવી કાતિલ સ્ત્રીઓને પણ લશ્કરમાં સાથે લાવેલ છે. આની સાથે ચેતનજી વિપરીત, માયા મમતાના દાસ થઈ ગયેલ, પોતાના પરિવારનાં નામો પણ ભૂલી ગયેલ છે. એવા વિરૂદ્ધ સંયોગોમાં લડવું તો બાજુ ઉપર રહ્યું પણ એવા બહયોદ્ધાના રાજમાં મારા જેવી અબળા એક અક્ષરનો ઉચ્ચાર પણ કરી શકે નહિ એ સ્વાભાવિક છે. પતિ જો હમણા જાગ્રત થઈ જાય, પોતાનુ સ્વરૂપ વિચારે અને તેને જાગ્રત કરવા નિર્ણય કરે, પોતાના ખરા પરિવારને યુદ્ધમાં ઉતરવા સારૂ આમંત્રણ કરે તો તેમનામા એટલું અચિંત્ય વીર્ય છે કે સંવને એક સપાટામા હરાવી દઈ પોતાની પાસેથી તો શુ પણ તમામ જગોપરથી તેને હડસેલી શકે; પરતુ હાલ તો તેઓ પોતાનુ બળ એક્ કરતા નથી અને મોહરાજાના સમો વડીઆ પણ થતા નથી, ઉલટુ મોહરાજા વિરૂદ્ધ કોઈ તેઓને વાત કરે છે ત્યારે મારા પતિ એવુ બોલનારની સાથે સામા છેડાઈ પડે છે અને મોહરાજા સાથે પોતાને યુદ્ધ કરવાનુ છે એ વાત જ વિસરી

જાય છે. આવાં કારણોને લઇને મારે તો ચુપચુપ બેસી રહેવું પડે છે અને મારા પતિ મોહરાજાના રાજ્યમાં એટલા આસક્ત બની ગયા છે કે તેઓ તે જેમ કહે તેમ હાજી હા કરે છે. મારે ચેતનાને પણ તેમની સાથે ઘસડાવું પડે છે. આપને સુવિદિત છે કે હું પતિથી જૂદી નથી, પતિ જાય ત્યાં મારે જરૂર જવું તો પડે જ છે અને પતિ કહે તેમ કરવું પડે છે. પતિ તો હાલ મોહરાજાના રાજ્યમાં તેઓ કહે તેમ કરે છે, તેઓના નચાવ્યા નાચે છે અને તેના હુકમ ઉઠાવે છે. બિચારા ભૂલી જાય છે કે આ વિભાવમિત્રો તો પારકા છે અને તજી જનારા તથા તજવા યોગ્ય છે. અને આ ભૂલને પરિણામે મારે પતિ સાથે મોહરાજા સામે લડવાને બદલે તેઓના હુકમ માન્ય કરવા પડે છે અને તેને લઇને પતિ નિરંતર દબાયલી સ્થિતિમાં સપડાયલા જ રહે છે.

ચેતના એના શુદ્ધ સ્વરૂપમાં હોય તો અતિ વિશુદ્ધ છે, નિર્મળ સ્ફટિક રત્ન જેવી છે, પરંતુ ચેતનજી જ્યારે વિભાવદશાના અંકુશમાં હોય છે ત્યારે ચેતનાનું શુદ્ધ સ્વરૂપ પ્રકટ થતું નથી. નિષ્પક્ષ રહેવા માટે વસ્તુસ્વરૂપના સમ્યગ્ જ્ઞાનની ખાસ આવશ્યકતા છે, જ્યાંસુધી ચેતનજી મિથ્યાત્વની અસર નીચે હોય છે ત્યાંસુધી એને તત્ત્વબોધ થતો નથી અને તેથી એકાંત સ્વરૂપ શોધવા અને વિચારવામાં પોતાની બુદ્ધિનો ઉપયોગ કરે છે અને મતિકલ્પનાથી ચાલ્યો જાય છે. આવે પ્રસંગે તે ઉપર જણાવ્યું તેમ સત્યના અંશને પૂર્ણ સત્ય સમજી તેના ઉપર મક્કમ રહે છે અને સંસારસમુદ્રમાં અટવાયા કરે છે. જ્યાંસુધી પ્રમાણજ્ઞાનયુક્ત સત્ય સ્વરૂપ સમજાય નહિ ત્યાંસુધી શુદ્ધ સ્વરૂપજ્ઞાનની પ્રાપ્તિ થાય નહિ અને તેમ બને નહિ ત્યાંસુધી ચેતના કદિ નિષ્પક્ષ થઇ શકે નહિ. એ તો દરેક બાબતમાં એવે પ્રસંગે એક બાજુપર ઢળી જાય છે અને મિથ્યાજ્ઞાન ચેતનજીને તે બાજુપર એવા આગ્રહી બનાવી દે છે કે પછી તે શુદ્ધ વસ્તુજ્ઞાન પ્રાપ્ત કરવાની સ્થિતિમાં પણ ઘણા કાળ સુધી આવી શકતો નથી અને તે વખતે મોહરાજા પોતાનું જોર એવા પ્રબળપણે વાપરે છે કે ચેતના કાંઇ બોલી પણ શકતી નથી અને ચેતનજી મિથ્યાજ્ઞાનની અસરમાં રહીને વસ્તુસ્વરૂપ વિચારી શકતા નથી

ચેતનને હાથે અથવા ચેતના પાસે તેવા પ્રસંગોમાં (વિભાવદશામાં) જેવાં જેવાં કામો કરાવ્યાં છે તેનું સ્વરૂપ ચેતના પોતે જ કહે છે તે નીચે વિચારીએ છીએ, પરંતુ અત્ર કહેવાનું તાત્પર્ય એ છે કે ચેતના એ વખતે નિષ્પક્ષ રહી શકતી નથી. મોહરાજા જેવા પ્રબળ સેનાની સાથે ચેતનજી લડવાનો વિચાર પણ કરે નહિ, કરે ત્યારે પોતાના સેનાનીઓને ઓળખે પણ નહિ એવી અવ્યવસ્થિત લડાઈ થાય એમાં કાંઈ આનંદ આવતો નથી. ભાવ એ છે કે કોઈવાર ચેતનજી મોહ-રાજા સાથે લડવા નીકળ્યા હશે તોપણ તદ્દન નિર્માલ્ય રીતે બહાર પડ્યા હશે, પરિણામે ચેતના તો કાંઈ બોલી પણ શકે નહિ અને ચેતનજી લડાઈમાં માર ખાઈને ઘેર પાછા આવે એવું થાય છે. પતિ હજુ સમજતા પણ નથી કે કોની સાથે લડવું છે, પોતાનું બળ કેટલું છે, શત્રુસમૂહ કેવો બળવાન છે અને લડાઈને પરિણામે પોતાના ભવિષ્યમાં કેટલો ફેરફાર થવાનો છે. ચેતનની વાત હવે સાંભળી વિચાર કરીએ.

જે જે વર્ણવું જે જે કરાવ્યું,
તે કહેતાં [illegible] [illegible]
[illegible] [illegible]
[illegible] પાદ[illegible]: ૭

વામાં બહુ સમજી જજો કે મારા ઘરનું બંધારણ સારૂં નથી-નિયમસર નથી."

ભાવ-એને વશ પડીને મેં જે જે કાર્યો કર્યાં છે, જે માન્યતા રાખી છે અને મારી પાસે એણે જે જે કામો કરાવ્યાં છે તે સર્વ વર્ણવી બતાવતાં મને લાજ આવે છે. વિભાવને વશ પડી ધર્મબુદ્ધિએ મેં સ્થૂળ કામો કેવાં કેવાં કર્યાં છે તે સાંભળો. ધર્મને નામે મેં હિંસા કરી, અસત્ય વચનોચ્ચાર કર્યો, ચોરી કરી, ધનના ઢગલા એકઠા કર્યા, કન્યાદાન દીધાં, પીપળે પાણી ઘાલ્યાં, બકરા પાડાનાં બળિદાન કર્યાં, અશ્વનો હોમ કર્યો, મહામાયાને તૃપ્ત કરવા મદિરાપાન કર્યું, શક્તિને સંતોષવા મદ્ય માંસ રસ અને રૂધિરનું પાન કર્યું, કાળિકાને સંતોષવા બત્રીશો ચઢાવ્યો, અંબિકાને આરાધવા બોકડાનું બળિદાન આપ્યું, પરભવમાં સારૂં ઇચ્છિત સ્થાન મેળવવા સારૂ કાશીએ કરવત મૂકાવ્યું, ગિરનાર જઈ ભેરવજવ ખાધો, દેહ સમર્પણ કરવાના બ્હાના નીચે આચાર્યો સાથે કુકર્મો કર્યા, પ્રભુને નામે લાખો રૂપિયાની પેઢીઓ ચલાવી, કર્માદાનના વ્યાપાર કર્યા, સેવક સેવિકા થઈ અનુયાયીઓને છેતર્યા, લુંટ્યા, હેરાન કર્યા, ગુરૂની પદવી પ્રાપ્ત કરી તદ્દન વિપરીત ઉપદેશ કર્યો, કપટજાળ બીછાવી અનેકને ફસાવ્યા, અભિમાન કરી આડંબર વધાર્યો, યોગ્યતા વગર પધરામણીઓ કરાવી, ધર્મના અધ્યક્ષ થઈ આવકમાં હિસ્સો માગ્યો, પરભવમાં ઇચ્છિત વસ્તુઓ મળવાની ચીઠ્ઠીઓ લખી આપી, ધાર્મિક હોવાને બ્હાને પોતાનો વ્યવહાર ચલાવ્યો, કામવાસના પૂરી કરી, અન્ય ધર્મનું સ્વરૂપ સમજ્યા વગર, તેમાં રહેલા સત્યાંશોનું અસ્તિત્વ જાણ્યા વિચાર્યા વગર પરધર્મની, પરતીર્થની અને તેના અનુયાયીઓની નિંદા કરી, મિથ્યા ધર્મને નિમિત્તે ક્રોધ માન માયા લોભ કષાયો કરી તેમાં પ્રશસ્તપણું માન્યું અને ઘણી ખરી વાર તો તેમાં ધર્મજ માન્યો—આવી રીતે મેં અનેક પ્રકારનાં મલિન સ્થૂળ કાર્યો ધર્મને નામે કર્યાં, મેં અનેક પ્રકારની અધમતા સ્પષ્ટ રીતે કરી અને ધર્મને નામે દુકાન માંડી, એક નૂતન પ્રકારનો સંસાર શરૂ કરી દીધો. મારી પાસે એવાં સર્વ કામો વિભાવદશાએ કરાવ્યાં. મારાં એ સર્વ કાર્યો એવાં અને એટલાં છે કે તેનું વર્ણન તમારી પાસે કરી બતાવતાં હે માડી! હું શરમાઉં છું. એવી જ રીતે

માનસિક બાબતમાં પણ મારી પાસે એવી એવી માન્યતા મનાવી છે કે તેની વાત કહેતાં હું શરમાઉં છું. ઉપર મેં જણાવ્યું છે તેમ યોગીએ મને યોગણ કરી અને જતિએ જતણી કરી-આવાં આવાં કામો કરતી હતી અને માન્યતા એમ રાખતી હતી કે જાણે સર્વ સત્ય તેમાંજ આવી રહ્યું હોય અને તે સિવાય અન્યત્ર કોઈ પણ જગોએ સત્ય હોય જ નહિ, હોવાનો સંભવ પણ છે નહિ એમ માનીને મેં કામ લીધું અને સર્વેએ મારી પાસે એ નિયમાનુસારજ કામ કરાવ્યું. હું તો દરેક મતવાળાની પાસે ગઈ ત્યાં મને નિષ્પક્ષ રાખવાને બદલે એવી મતચુસ્ત બનાવી દીધી કે જાણે હવે મારી એવી વિચિત્ર મૂર્ખતાપર હું વિચાર કરૂં છું ત્યારે મને પણ બહુ ખેદ થાય છે. વળી મારી પાસે ઉપર જણાવ્યાં તે ઉપરાંત બીજાં અનેક એવાં એવાં કામો કરાવ્યાં છે કે જેનું વર્ણન કરી બતાવતાં મને પોતાનેજ લાજ આવે છે.

હે માઈ! હું તમને કેટલી વાત કહું! મારી એટલી બધી વિચિત્ર સ્થિતિ બનેલી છે કે તે સર્વનું જો વર્ણન કરવા બેસું તો પાર આવે નહિ અને કહેતાં કહેતાં મારે પણ બહુ શરમાવું પડે. હું તમને થોડી વાત ટુંકામાં કહી દઉં છું, તમે વધારે તમારી મેળે સમજી લેશો. 'થોડું લખ્યું ઘણું કરી વાંચશો' એ વાત તમે સારી રીતે જાણો છો. હું થોડું કહું છું તે તમે સમજી જશો. ટુંકામાં વાત એ છે કે મારૂં ઘર સાજું નથી. બધી વાતનો સાર આ એક વાક્યમાં આવે છે. પુરૂષની દૃષ્ટિએ न गृहं गृहमित्याहुर्गृहिणी गृहमुच्यते ઘર એ ઘર નથી, પણ સ્ત્રી એ ઘર છે, તેમજ સ્ત્રીની દૃષ્ટિથી પુરૂષ-પતિ તેનું સર્વસ્વ હોઇ તેને તે જ ઘર છે. ઘર *સાજું રાખવું એટલે ઘરમાં યોગ્ય સંપ, સ્નેહ અને વિવેક તેમ જ પતિપત્ની ધર્મની યોગ્ય વહેંચણી અને કાર્યકરણ. હે માઈ! મારૂં ઘર સાજું નથી, મારા પતિ પોતાનો ઘર તરફનો, મારી તરફનો, પોતાની જાત તરફનો ધર્મ બરાબર સમજતા નથી અને સમજતા ન હોવાને લીધે ધર્મકાર્ય-પોતાની ફરજ બજાવતા નથી તેથી આ સર્વ ગોટાળો થયો છે. જ્યાં ઘર સાજું ન હોય ત્યાં મારે કોની પાસે

* ઘર સાજું કરવું એટલે લાજ લેવી એવો ખરાબ અર્થ પણ જાણવામાં આવ્યો છે, અત્ર તે અર્થમાં એ વાક્ય વપરાયેલ નથી.

ફરિયાદ કરવી. આપણે સમજી શકીએ છીએ તેવી હકીકત છે કે સ્ત્રી એટલે ઘર અને ઘર એટલે સંસાર. એટલે કે સંસારમાં પ્રગતિ કરવાનું કારણ સ્ત્રી છે, સીના દૃષ્ટિબિન્દુથી પુરુષ એ જ સ્થાન લે છે. હવે જેમ સંસારવ્યવહાર ચલાવવા માટે પતિ અને પત્નીએ પોતપોતાના ધર્મો યોગ્ય પ્રકારે પાળવા જોઇએ અને તે માટે ખાસ કરીને પતિએ સર્વ પ્રકારનો યોગ્ય વિચાર કરવો જોઇએ, સંયુક્ત કુટુંબ હોય તો કોઇને અન્યાય થવો ન જોઇએ, આળસુને વધારે મળે, બહુ બોલનાર કે વાંધા પાડનારને ખાસ લાભ મળે વિગેરે ગેરવ્યવસ્થા થવી ન જોઇએ એ જોવાની ફરજ કુટુંબના કર્ત્તા–મેનેજરની છે અને તેમ કરનારનું ઘર સારું કહેવાય છે, જેનું ઘર સારું ન હોય તેને ત્યાં નિરંતર કલેશ, અન્યાય અને અશાંતિ રહે છે; તે પ્રમાણે અહીં શુદ્ધચેતના કહે છે કે હે માડી! મારાં દુઃખની વાત હું શું કહું! મારૂં ઘર જ સારું નથી, મારા પતિ ઘર સંબંધી–મારા સંબંધી કદિ વિચાર જ કરતા નથી, મને મારા શુદ્ધ સ્વરૂપમાં પોતાને મંદિરે તેડતા જ નથી, ત્યાં પછી મારે બીજો કોનો વાંક કાઢવો? મોહરાજા જેવા બહાદુર યોદ્ધા સાથે લડાઈ લડવાની અને પોતાનું ઘર જ સારું નહિ, પોતાના લશ્કરમાં વ્યવસ્થા નહિ, પોતાનું બળ કેટલું છે તેનો ખ્યાલ નહિ, પોતાના લશ્કરને લડવાની સામગ્રી આપવી જોઇએ, તેઓ માટે સરસામાન તૈયાર જોઇએ–વિગેરે વિગેરે કોઈ પણ બાબતમાં જ્યાં ઠેકાણું જ મળે નહિ ત્યાં પછી મારા નાથનો વિજય કેવી રીતે થાય? માડી! હું નિષ્પક્ષ રહેવા ઘણું ઝુરૂં છું પણ ટુંકામાં તમે સમજી લેજો કે મારૂં ઘર સારું ન હોવાથી–મારા નાથની પૂર્ણ અનુકૂળતા ન હોવાથી હું તેમ કરી શકતી નથી અને એક બાજુએ ઢળી જાઉં છું.

'ઘરશું તીરથ નહિ બીજું' એ પ્રમાણે ઉપયોગી પાઠાંતર છાપેલી બુકમાં આપ્યો છે તેનો અર્થ વિચારવા યોગ્ય છે. એ પાઠ એક પણ પ્રતમાં નથી તેથી પ્રતનો પાઠ મૂળમાં રાખ્યો છે, પણ આ પાઠાંતર બહુ સુંદર છે એમ અર્થ વિચારવાથી જણાશે. આ સર્વ તીર્થીઓને વશ પડ્યા પછી મેં જે કર્યું અને મારી પાસે તેઓએ જે કરાવ્યું' તેનો હેવાલ કહેતાં મને શરમ આવે છે. તેઓ મને શું કહેતા હતા તેનો સાર તમને ટુંકામાં કહી દઉં તો એ છે કે પોતાના ઘર સિવાય

તરવાનો અન્ય માર્ગ નથી. જેનાથી તરીએ તે તીર્થ કહેવાય છે. અમારા તીર્થ સિવાય તમે બીજી કોઈ પણ જગાએથી તરી શકશો નહિ-આ તેઓના ઉપદેશનો સાર છે. પોતાના મત ઉપર હઠ કદાગ્રહ રાખી અન્ય ધર્મના શુદ્ધ સત્યાંશોને પણ સ્વીકારવા તરફ ઉપેક્ષા રહે એ પ્રમાણે સર્વ તીર્થીઓ મને ઉપદેશ દેતા હતા. પોતાના તીર્થની પણ બારીકીથી શોધ ન કરૂં તેવા હેતુથી મને કહેતા હતા કે अलौकिकास्तु ये भावा न तांस्तर्केण योजयेत् અલૌકિક ભાવોમાં તર્ક-બુદ્ધિ ચાલી શકે નહિ, તેવા ભાવોમાં તો અમે કહીએ તે સત્ય-એમ કહી પોતાને માથે પુરાવાનો બોજો રહે છે તે ઉડાવી દેતા હતા અથવા ઉડાવી દેવા પ્રયત્ન કરતા હતા. વળી કોઇક કહે છે કે हस्तिना ताड्यमानोऽपि न गच्छेज्जैनमंदिरे હાથી ઘેરીમાં ડાબી દે તે કબૂલ કરવું પણ જૈન મંદિરનો આશ્રય ન લેવો. આમાં સત્ય અંશ સમજવાની તક મળે તોપણ તેને જતી કરવાનો માર્ગ બતાવ્યો છે. દરેક તીર્થવાળાએ પોતાના વાડા બાંધી તેની આજુબાજુ એવી વાડ મજબૂત બાંધી લેવા પ્રયત્ન કર્યો છે કે તેમાંથી એક પણ પ્રાણી બહાર નીકળી વિશાળ વસુધાનો પંથ જોઈ જાણી ભોગવી શકે નહિ. અન્ય ધર્મપુસ્તક વાંચવાની ના કહેનાર, અન્ય ધર્મસ્વરૂપ સાંભળનારને અધમ પંક્તિપર મૂકનાર સત્યને પોતાની પાસે હોવાનો દાવો કરે છે, અન્યને ફાંફાં મારનારા ઠરાવે છે અને પોતેજ સત્ય સ્વરૂપ છે એમ ઉપદેશે છે અને તેના અંધ અનુયાયીવર્ગ એ વાતને સ્વીકારી પણ લે છે. આ પ્રમાણે હે માડી! મારી પાસે એવાં એવાં કામો કરાવ્યાં છે અને મને એટલી રખડપટ્ટી કરાવી છે કે તેની વાત કહેતાં મને શરમ થાય છે. અન્ય તીર્થીએ આ જીવ પાસે કેવાં કેવાં કામો કરાવ્યાં છે અને મોહરાજાએ આ જીવને અજ્ઞાનમાં રાખી કેવો રખડાવ્યો છે તેનો હેવાલ આખા ઉપમિતિભવ પ્રપંચા કથા ગ્રંથમાં શ્રીમાન્ સિદ્ધર્ષિ ગણિએ બહુ સુંદર ચિત્તાકર્ષક રીતે આપ્યો છે તે અવકાશે વાંચી વિચારવો. અત્ર ભાવ એ છે કે આવી રીતે ઘર સિવાય અન્ય તીર્થ નથી એમ કહી મને નિષ્પક્ષ રહેવા દીધી નહિ અને તેને માટે તીર્થના ઉપદેશકો ખાસ જવાબદાર છે.

आप बीती कहेतां रीसावे,
*तेहसुं जोर न चाले;
आनंदघनप्रभु† वांहडी झाले,
वाजी‡ सघली पाले. मायडी० ૮

"પોતાની ઉપર વીતેલ હકીકત વર્ણવી બતાવતાં તે પતિ (મારા ઉપર) ગુસ્સો કરે છે તેથી તેની સાથે (મારૂં) જોર ચાલતું નથી (હવે તો) આનંદઘન પરમાત્મા મારો હાથ ઝાલે તો સઘળી બાજી પળાઈ જાય, તેમાં વિજય મળે."

ભાવ-વિવિધ તીર્થ (મત) માં મને કેવો ઉપદેશ આપવામાં આવ્યો અને તેને પરિણામે મારી કેવી રખડપટ્ટી થઈ, દુર્ગતિમાં મારે કેવી રીતે ભ્રમણ કરવું પડ્યું, ત્યાં મારે કેવાં કેવાં દુઃખો સહન કરવાં પડ્યાં વિગેરે વાત જો હું તે તીર્થના ચાલકોનેઙ્ કહી બતાવું છું, જે વાત મને વીતી છે તેનો સવિસ્તર હેવાલ તેઓને સંભળાવું છું તો તેઓ મારા ઉપર રીસ કરે છે, ગુસ્સે થઈ મારા ઉપર ક્રોધ કરે છે અને મારી સાથે રૂસણું લે છે તેથી તેઓ ઉપર મારૂં કાંઈ જોર ચાલતું નથી. દુનિયામાં ઘણીવાર એવું બને છે કે સાચી વાત કરીએ તે કોઈને ગમતી નથી. સાચી વાત ગમતી નથી એટલું જ

---

* 'તેહસું'ને બદલે છાપેલી બુકમાં 'નથી' એવો પાઠ છે. અર્થ તેથી સારો થાય છે પણ તેવો પાઠ કોઈ પણ પ્રતમાં નથી

† છાપેલી બુકમાં 'આનંદઘન વડાલા બાંહડી [illegible]' એવો પાઠ છે. અર્થમાં બહુ ફેર પડતો નથી.

‡ 'તો બીજું સઘળું પાલે' એવો [illegible] છાપેલી બુકમાં છે પણ સર્વ પ્રતોમાં ઉપર લખ્યો તે પ્રમાણે છે. અર્થ માટે વિવેચન જુઓ.

૮ આપ વીતી=મારા ઉપર પડેલી વિપાકનો હેવાલ. કહેતાં=વર્ણવતાં. રીસાવે=રીસાઈ જાય, ગુસ્સે થઈ જાય. તેહસું=તેની સાથે. બાંહડી=બાહુ. [illegible] [illegible] જાય, વહન થાય.

§ અહીં આપવીતી ચેતનને કહેવાથી તે તેનાથી સાર ગ્રહણ કરતા નથી પણ હું તેમને રોષ બતાવું છું એમ ધારી ઉલટા મારી સાથે રીસાઈ જાય છે. ત્યારે તેની સાથે જોર શું ચાલે? જો તે મારા કહેવામાંથી કાંઈ સાર ગ્રહણ કરે તો ચાલે. નિષ્પક્ષતિની સમજથી તે રીસાળવા થઈ ગયા છે એટલે તેને આનંદિત [illegible] કરી શકતી નથી. આ પ્રમાણે અર્થ વધારે યોગ્ય લાગે છે. [illegible]

